# અધ્યાત્મ ઉપનિષદ

## ભાગ-૧

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવર

❀ પ્રકાશક ❀

શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ

કરમચંદ જૈન પૌષધશાળા

૧૦૬, એસ. વિ. રોડ, ઈર્લાબ્રીજ,

અંધેરી (વેસ્ટ), મુંબઈ-૫૬.

મહોપાધ્યાયશ્રી યશોવિજયજી ગણિવર વિરચિત
મુનિ યશોવિજય રચિત અધ્યાત્મવૈશારદી ટીકા+અધ્યાત્મપ્રકાશ વ્યાખ્યા વિભૂષિત

# અધ્યાત્મ ઉપનિષદ્

## ભાગ-૧

**દિવ્ય આશિષ**

સ્વ. વર્ધમાનતપોનિધિ સંઘહિતચિંતક શિબિર પ્રણેતા ન્યાયવિશારદ
આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવન ભાનુ સૂરીશ્વરજી મહારાજા**

**કૃપાદષ્ટિ**

સિદ્ધાન્તદિવાકર ગીતાર્થમૂર્ધન્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી મહારાજા**

**અધ્યાત્મ વૈશારદી ટીકા + અધ્યાત્મ પ્રકાશ વ્યાખ્યા + સંપાદનના કર્તા**

પદ્મમણિતીર્થોદ્ધારક મુનિરાજશ્રી **વિશ્વકલ્યાણ વિજયજી** મ.ના શિષ્ય
**મુનિ યશોવિજયજી**

**• પ્રકાશક •**
**શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ**
કરમચંદ જૈન પૌષધશાળા,
૧૦૬, એસ.વિ. રોડ, ઈર્લાબ્રીજ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૫૬

**• પ્રાપ્તિ સ્થાન •**
૧. **પ્રકાશક**
૨. **દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા,
જી. અમદાવાદ, પીન-૩૮૭૮૧૦.

**સંશોધક**

પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા
પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી **જયસુંદરવિજયજી** ગણિવર્ય

**નકલ - ૧૦૦૦**
**વિ.સં. ૨૦૫૪**
**મૂલ્ય રૂા.૯૦.૦૦**

**મુદ્રક**
**શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ**
૩૩, જનપથ સોસાયટી,
ઘોડાસર, અમદાવાદ-૩૮૦ ૦૫૦.
ફોન-૫૩૨૦૮૪૬

**ગ્રન્થ પરિચય** — **પૃષ્ઠ**

| | | |
|---|---|---|
| ૧ | પ્રકાશકીય નિવેદન | ૩ |
| ૨ | સંશોધનનું સંબોધન | ૫ |
| ૩ | અધ્યાત્મવૈશારદીકારની ઊર્મિ | ૭ |
| ૪ | પ્રસ્તાવના | ૧૨ |
| ૫ | વિષયમાર્ગદર્શિકા | ૨૩ |
| ૬ | અધ્યાત્મ ઉપનિષદ્-ગ્રન્થ-ભાગ-૧ | ૧ થી ૧૫૩ |

**સર્વ હક્ક શ્રમણપ્રધાન શ્વે.મૂ. તપગચ્છ જૈન સંઘને સ્વાધીન છે.**



सिद्धान्तमहोदधि वात्सल्यवारिधि सुविशालगच्छाधिपति

स्व. आचार्यदेव श्रीमद् विजय

प्रेमसूरीश्वरजी महाराजा





# પ્રકાશકીય નિવેદન

ડર્હૈં

સકળ શ્રીસંઘના કરકમલમાં 'અધ્યાત્મ ઉપનિષદ્' ગ્રન્થને સટીક અનુવાદ રજુ કરતાં અમે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ.

ન્યાયવિશારદ મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે રચેલ પ્રસ્તુત 'અધ્યાત્મ ઉપનિષદ્' ગ્રન્થરત્ન ઉપર મુનિશ્રી યશોવિજયજીએ રચેલ 'અધ્યાત્મવૈશારદી' સંસ્કૃત ટીકા તથા તેનો જ ગુર્જર અનુવાદ 'અધ્યાત્મપ્રકાશ' નો પણ પ્રસ્તુત પ્રકાશનમાં સમાવેશ કરવામાં આવેલ છે. મૂળ ગ્રન્થના ગૂઢ પદાર્થોની સરળતાપૂર્વક સમજણ, પારિભાષિક શબ્દોની વ્યાખ્યા, દૃષ્ટાન્ત, સ્વદર્શનના સિદ્ધાન્તોને અનુરૂપ ઈતર દર્શનોના વિચારોની સાક્ષીઓ દ્વારા નવ્ય ટીકામાં દર્શાવેલ તત્ત્વનિરૂપણનો સમન્વય, લોકોક્તિ અને ન્યાયની સ્પષ્ટતા વગેરે તેમ જ ૧૭૫ કરતાં પણ અધિક શાસ્ત્રોના ૧૦૦૦ કરતાં પણ વધુ શાસ્ત્રપાઠોથી 'અધ્યાત્મવૈશારદી' ટીકા વિશદ અને વ્યાપક સ્વરૂપવાળી બનેલી છે. સરળ અને માહિતીપ્રદ છતાં રહસ્યોદ્ઘાટક એવી આ અભિનવ સંસ્કૃત ટીકાને વાંચ્યા પછી વાસ્તવમાં તે અધ્યાત્મવૈશારદી છે એવું જણાયા વગર રહેશે નહિ. સંસ્કૃત ભાષાથી અજાણ વાચકો માટે 'અધ્યાત્મપ્રકાશ' ગુજરાતી અનુવાદની પણ તેઓશ્રીએ સફળતાપૂર્વકની રચના કરેલ છે.

પ્રાતઃસ્મરણીય ચારિત્રસમ્રાટ, કર્મસાહિત્યનિષ્ણાત સિદ્ધાન્તમહોદધિ સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ.સા.નું પ્રસ્તુત મંગલ અવસરે અમે આદરપૂર્વક સ્મરણ કરીએ છીએ. તેઓશ્રીના પટ્ટાલંકાર વર્ધમાનતપોનિધિ, સકલસંઘહિતચિન્તક સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાના અસીમ ઉપકાર અમારા શ્રીસંઘ ઉપર વરસી રહ્યા છે. અમારા શ્રીસંઘમાં જે કાંઈ પણ સત્પ્રવૃત્તિ થઈ છે - થઈ રહી છે તેના મૂળમાં તેઓશ્રીની કૃપાદૃષ્ટિ અને માર્ગદર્શનનો મહત્ત્વનો ફાળો છે. તેઓશ્રીના પટ્ટાલંકાર સિદ્ધાન્તદિવાકર, ગીતાર્થશિરોમણિ, પરમોપકારી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાની પાવન પ્રેરણાનું બળ અમને સદાયે પ્રાપ્ત થયું છે. બહુશ્રુત વિદ્વદ્વર્ય, તર્કશિરોમણિ, પરમપૂજ્ય આચાર્યદેવશ્રીમદ્ વિજય **જગચ્ચન્દ્ર સૂરીશ્વરજી** મ.સા. તેમજ સર્વતોમુખીપ્રતિભાસંપન્ન ભાવનાશીલ પરમપૂજ્ય પંન્યાસજી **શ્રીજયસુંદરવિજયજી** મહારાજાનું ઋણ અમો ચૂકવી શકીએ તેમ નથી. કેમ કે આ બન્ને પૂજ્યોએ સાદ્યન્ત સટીક-સાનુવાદ પ્રસ્તુત ગ્રન્થરત્નનું સૂક્ષ્મદૃષ્ટિથી ખંતપૂર્વક સંશોધન કરીને પ્રસ્તુત પ્રકાશનની અમૂલ્ય ઉપાદેયતામાં જબ્બર વધારો કરેલ છે.

પરમપૂજ્ય મુનિરાજશ્રી **વિશ્વકલ્યાણ**વિજયજી મ.સા.નું પણ અમો ખૂબ જ આદરપૂર્વક સ્મરણ કરીએ છીએ. તેઓશ્રીને અમારી ભાવભરી વંદના. તેઓશ્રીના વિદ્વાન શિષ્ય પૂજ્ય મુનિરાજશ્રી **યશોવિજયજી**નો ખૂબ ઉપકાર માનીએ છીએ. તેઓશ્રીએ પ્રસ્તુત ગ્રન્થના પ્રકાશન દ્વારા શ્રુતભક્તિનો લાભ આપ્યો છે. એટલું જ નહિ, પરંતુ અમોને સમ્યક્ શ્રુત પ્રાપ્ત થાય તે માટે પણ તેઓ પ્રયત્નશીલ રહ્યા છે. અમે એક વાતનો ઉલ્લેખ કરતાં અમારા શ્રીસંઘને ગૌરવપૂર્ણ દૃષ્ટિએ નિહાળીએ છીએ કે મૂળ ગ્રન્થ ઉપર અભિનવ સંસ્કૃત ટીકા અને ગુજરાતી વિવરણના શ્રીગણેશ અને પૂર્ણાહુતિ અમારા શ્રીસંઘના નૂતન ઉપાશ્રયમાં જ થયેલ છે. તેઓશ્રીને અમારી વિનંતિ છે કે આગળ ઉપર પણ અમારા શ્રીસંઘને આવો અમૂલ્ય લાભ આપવાની ઉદારતા કરે. તેઓશ્રી માત્ર પ્રસ્તુત ગ્રન્થના જ નહિ પરંતુ અનેક જટીલ ગ્રન્થોના જેવા કે સ્યાદ્વાદ રહસ્ય, ભાષારહસ્ય, ન્યાયાલોક, વાદમાલા વગેરે ગ્રન્થોના સફળ સંશોધક, સંપાદક, ટીકાકાર અને અનુવાદકાર રહ્યા છે. હજુ પણ શ્રુતસર્જનની ઉજ્જવળ પરંપરાને તેઓશ્રી આગળ વધારે એવી પરમાત્માને પ્રાર્થના કરીએ છીએ.

આ ગ્રન્થનું સુંદર મુદ્રણ કરી આપનાર શ્રી પાર્શ્વ કોમ્પ્યુટર્સ તથા સાક્ષાત્ કે પરોક્ષ રીતે સહાય કરનાર સહુ કોઈને અમારા હાર્દિક ધન્યવાદ.

પ્રાન્તે, પ્રસ્તુત ગ્રન્થરત્ન અધ્યાત્મસાધના માટે રાજમાર્ગ છે. આ રાજમાર્ગ ઉપર દૃઢ સ્વસ્થ પ્રયાણ કરી સહુ કોઈ વિશદ અધ્યાત્મનો પ્રકાશ પ્રાપ્ત કરે એ જ મંગળ ભાવના.

**प्रीयन्तां गुरवः**

**શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ** વતી,
**હર્ષદ મણિલાલ સંઘવી**

**તા.ક. આ પ્રકાશનનો સંપૂર્ણ આર્થિક સદ્વ્યય અમારા શ્રી સંઘની જ્ઞાનનિધિમાંથી કરવામાં આવેલ છે. તેથી ગૃહસ્થોએ એની માલિકી કરવી હોય તો પુસ્તકની કિંમત જ્ઞાનખાતાને ચૂકવવા વિનંતિ.**

## સંશોધનનું સંબોધન

આધુનિક અર્ધદગ્ધ અર્થશાસ્ત્રીઓએ આંધળા વિકાસની ધૂનમાં વિશ્વના દેશોને ત્રણ વિભાગમાં વહેંચી નાખ્યા છે.

(૧) **વિકસિત** :- જ્યાં તમામ આધુનિક સાધન-સગવડો અને આધુનિક રાક્ષસકાય યન્ત્રો કે અદ્યતન ટેકનોલોજીએ પ્રજા ઉપર જબરજસ્ત વર્ચસ્વ જમાવી દીધું છે.

(૨) **અર્ધવિકસિત અથવા વિકાસાધીન** :- જ્યાં પહેલા વિશ્વનું અનેક રીતે પેટ ભરી ભરીને ત્યાંથી યન્ત્રો અને ટેકનોલોજીની આયાત કરીને વિકાસની હરણફાળ ભરવા માટે પ્રજા થનગની રહી છે.

(૩) **પછાત** :- જ્યાં કોઈ આધુનિક કહી શકાય એવું કશું ન હોય. માણસ જાણે કે સત્તરમી સદીમાં જીવી રહ્યો હોય.

પરદેશી અર્થશાસ્ત્રીઓએ શોષણના પાયા ઉપર રચેલી આ વિકાસ અને પછાતપણાની વ્યાખ્યા આંખો મીંચીને અપનાવી લઈને આખરે ભારતદેશની પ્રજા આજે બરબાદીના આરે આવીને ઊભી રહી ગઈ છે.

જડનો વિકાસ અને ચૈતન્યનો રકાસ - આ શોષણવાદીઓની વ્યાખ્યાનું પરિણામ છે.

ચૈતન્યનો વિકાસ અને જડનો રકાસ - આ વ્યાખ્યા ભારતીય મનીષિઓની ભણાવેલી છે. તેમાં શોષણને બદલે પરસ્પર સહકાર-સહાનુભૂતિ-પ્રેમભરેલું સૌના હિતનું પોષણ છલકાતું હતું.

ભારતદેશ ક્યારે પણ પછાત હતો જ નહિ. જડ તત્ત્વોની જેલમાંથી છોડાવીને ચૈતન્યને ટોચ સુધી વિકસિત કરનારા હજારો-લાખો મહાપુરૂષો આ પુણ્યભૂમિમાં થઈ ગયા. કરૂણાના ધોધ વરસાવી ગયા. કષ્ટો વેઠીને પ્રજાને ચૈતન્યવિકાસનું અમૃતપાન કરાવી ગયા. દેશના ખૂણે ખૂણામાં અધ્યાત્મની સુગંધ અને આત્માનંદનો દિવ્ય પ્રકાશ પાથરતા ગયા.

અધ્યાત્મ એટલે જડ તત્ત્વોને કોઈ મહત્ત્વ આપવાનું નહીં, ચૈતન્યના પૂર્ણ વિકાસ માટે જેટલા અંશે ઉપયોગી હોય એટલા અંશે જડ તત્ત્વની મદદ લેવાની પણ ભૂલે ચુકે જડનું મહત્ત્વ વધારવાનું તો નહીં જ. ચૈતન્યના વિકાસને જ સર્વોચ્ચ અગ્રક્રમ આપવાનો - એનું જ મહત્ત્વ સ્થાપિત કરવાનું. આ રીતે જોઈએ તો આ ભારત દેશ સમગ્ર વિશ્વમાં વિકસિતમાં વિકસિત દેશ હતો અને આજે પણ એનું એ જ સ્થાન છે.

અધ્યાત્મનું મધુર સંગીત સકલ વિશ્વમાં વહેતુ કરનારા સુવિકસિત લેશમાત્ર પછાત નહીં એવા આ ભારત દેશમાં આજે પણ અધ્યાત્મના વિષય ઉપર પ્રકાશ પાથરતા હજારો શાસ્ત્રગ્રન્થો હયાત છે. એ બધાની અંદર મહોપાધ્યાય શ્રી યશોવિજય (૧૭/૧૮ મી સદી) મહારાજે રચેલા આ પ્રસ્તુત અધ્યોત્મોપનિષદ્ ગ્રન્થનું અનોખુ સ્થાન છે.

ઉપાધ્યાય મહર્ષિએ ૧૭મી સદીપૂર્વે રચાયેલા અગણિત અધ્યાત્મવિષયક ગ્રન્થોનું જે ગહન ચિંતન-મનન-સંવેદન કર્યું છે તેનું ઝળહળતું પ્રતિબિંબ આ ગ્રન્થમાં સ્પષ્ટ દેખાઈ આવે છે.

અધ્યાત્મ પ્રત્યે અભિમુખ બનેલા મુમુક્ષુ જીવે સૌ પહેલા તો પોતાનું શાસન અને ત્રાણ કરનારા મહર્ષિઓના અમૂલ્ય વચનોનું આકંઠ પાન કરવું જરૂરી છે, ક્યાંક શાસ્ત્રના નામે પોતે શાસ્ત્રાભાસના મૃગજળ સમાન ઝેરીમાં ઝેરી એકાન્તવાદ-કદાગ્રહ-હઠાગ્રહ-દુરાગ્રહોમાં ન તણાઈ જાય તે માટે

ઉપાધ્યાયજીએ શાસ્ત્રયોગશુદ્ધિ (પ્રથમ અધિકાર) ઉપર પ્રકાશ પાથર્યો છે.

શાસ્ત્રો ભણી ભણીને પણ કેટલાકો શસ્ત્ર તરીકે તેનો દુરૂપયોગ કરવા ન બેસી જાય તે માટે ઉપાધ્યાયજીએ જ્ઞાનયોગશુદ્ધિ બીજો અધિકાર રચ્યો છે.

જ્ઞાનોપાર્જન કરનારો ઉન્માદી-અહંકારી અને મિથ્યાભિમાનમાં રાચતો ન થઈ જાય, શુષ્કજ્ઞાનના વમળોમાં અટવાઈને નિષ્ક્રિયતા-આળસ-અનુશાસનહીનતા-ઉચ્છૃંખલ વર્ત્તનનો ભોગ ન બની જાય તે માટે ત્રીજા ક્રિયાયોગશુદ્ધિ અધિકારનું નિરૂપણ કરેલ છે. સમ્યક્જ્ઞાન અને સમ્યક્ આચારના સુમેળ દ્વારા જે પ્રાપ્ત કરવાનું છે એ સમત્વયોગનું હૃદયસ્પર્શી વિવેચન ચોથા સામ્યયોગશુદ્ધિ અધિકારમાં ગૂંથી લેવામાં આવ્યું છે.

બસો-અઢીસો શ્લોકપ્રમાણ આટલા નાનકડા ગ્રન્થની રચના પાછળ મહર્ષિ ઉપાધ્યાયજીએ કેટલુ ગહન ચિંતન મનન કર્યું હશે, કેવા કેવા સંવેદનોનો જાત અનુભવ કર્યો હશે- કેટલું વિશાળ વાંચન અને એ માટે કેટલો પરિશ્રમ કર્યો હશે- કેટલુ વિશાળ પૂર્વઋષિઓના રચેલ શાસ્ત્રગ્રન્થોનું અવગાહન કર્યું હશે- કેટલી પ્રચંડ તીક્ષ્ણ પ્રતિભા નિચોવી હશે તેની ઝાંખી માત્ર એકલા મૂળ ગ્રન્થના વાંચનથી કોઈને પણ થાય એવી શક્યતા નહીંવત્ છે. પરિશ્રમ કરનાર જ બીજાના પરિશ્રમને પારખી શકે, પીછાની શકે, મૂલ્યાંકન કરી શકે. અદ્યતન મુનિરાજ યશોવિજયજીએ ભારે પરિશ્રમ કરીને, મૂળ ગ્રન્થ ઉપર સંસ્કૃતમાં ટીકા અને ગુજરાતીમાં વિવરણ લખીને ખરેખર મૂળ ગ્રન્થના વૈભવને પ્રદર્શિત કરવામાં કોઈ જ કચાશ રાખી નથી.

ઉપાધ્યાય મહર્ષિએ આ મૂળ ગ્રન્થની રચના માટે જે કાંઈ શ્રુતસાગરનું મંથન કર્યું હશે - જે જે પ્રાચીન શાસ્ત્રોનું અવલોકન-પઠન-અવગાહન કર્યું હશે - જે જે ગ્રન્થોના આધારે પોતે અધ્યાત્મપદાર્થનું સંકલન કર્યું હશે એ બધા જ લગભગ શાસ્ત્રાધારો - શાસ્ત્રગ્રન્થો - આગમ વચનોની પૃષ્ઠભૂમિ સુધી પહોંચવામાં મુનિ યશોવિજયજીએ જબરી સફળતા મેળવી છે તે આ ગ્રન્થના અભ્યાસીને પાને પાને જાણાઈ આવ્યા વગર રહેશે નહિ. મોટા ભાગના શ્લોકોની પૃષ્ઠભૂમિ ખોળી કાઢીને પાને-પાને તેના ભવ્ય અવતરણો ટાંકીને ટીકાકારે ખરેખર ગ્રન્થની ભવ્યતામાં અત્યધિક શોભાવૃદ્ધિ કરેલ છે તે નિઃસંદેહ હકીકત છે. તેમના આ ભગીરથ પુરુષાર્થને જેટલી શ્રદ્ધાંજલિ આપીએ એટલી ઓછી છે.

અભ્યાસી મુમુક્ષુ વર્ગને પહેલા તો આ ગ્રન્થનું અધ્યયન ઘણું કઠણ લાગતું હતું - પરંતુ હવે કહી શકાય કે ગ્રન્થની ગ્રન્થિઓ ખૂલી ગઈ છે, રહસ્યો ખુલ્લા થઈ ગયા છે - અધ્યયન તદ્દન સરલ બની ગયું છે.

અધ્યાત્મપ્રેમી વર્ગ આ ગ્રન્થનું અચૂક અધ્યયન કરે, જરૂર એની કેટલીય ભ્રમણાઓ ટળી જશે, સંશયો પલાયન થશે, અમૃતનો આસ્વાદ પ્રાપ્ત થશે, કેટલીય વિટંબણાઓથી મુક્તિ પ્રાપ્ત થશે - એકાન્તવાદની કુવાસનાના પાશ છેદાઈ જવાનો મોટો ફાયદો મળશે.

સૌ કોઈ શાસ્ત્રો ભણે - જડતા ત્યજે, સમ્યક્ જ્ઞાનનો દીવો પેટાવે, અજ્ઞાનના અંધારા ઉલેચે, મંજિલ તરફ કદમ ઊઠાવે, નિષ્ક્રિયતા ત્યજે, મમત્વ ત્યજીને સમત્વને ભજે - પરમ પદ પ્રાપ્ત કરે એ શુભ કામના.

પોષ વદ-૪ — પંન્યાસ જયસુંદરવિજય ગણી

હીરસૂરી જૈન ઉપાશ્રય,
મલાડ (પૂર્વ), મુંબઈ

## અધ્યાત્મ-વૈશારદીકારની ઊર્મિ

આત્માને ઉદ્દેશીને, આત્માના પરિપૂર્ણ પાવન સ્વરૂપને ઉદ્દેશીને કે સ્વગત પરમાત્મભાવની પ્રાપ્તિને ઉદ્દેશીને જે નિર્મળ વિચાર, નિર્દોષ વાણી કે નિર્દંભ વર્તન કરવામાં આવે તે બધું ય અધ્યાત્મ છે. આવા અધ્યાત્મની સાનુબંધ પ્રાપ્તિ, સ્થિરતા, ઉત્તરોત્તર વૃદ્ધિ માટે સૂક્ષ્મ બુદ્ધિ અને શુદ્ધ બુદ્ધિ આવશ્યક છે. સ્યાદ્વાદપરિકર્મિત સૂક્ષ્મબુદ્ધિ વિના અધ્યાત્મની સ્થિરતા શક્ય નથી. સહજમલહ્રાસથી પ્રાપ્ત થનાર નિર્મળ બુદ્ધિ વિના અધ્યાત્મની પ્રાપ્તિ, વૃદ્ધિ અને શુદ્ધિ શક્ય નથી. આ ઔત્સર્ગિક શાસ્ત્રીય વ્યવસ્થા છે. ૯।। પૂર્વનો અભ્યાસ કરવા છતાં, તેને કંઠસ્થ કરવા છતાં નિર્મળ બુદ્ધિનો અભાવ હોવાથી અભવ્ય વગેરે જીવો અધ્યાત્મને વાસ્તવિક રીતે પ્રાપ્ત કરી શકતા નથી. જ્યારે નિર્મળ બુદ્ધિથી અધ્યાત્મને પ્રાપ્ત કરવા છતાં સૂક્ષ્મ બુદ્ધિ ન હોવાથી સિદ્ધર્ષિગણી જેવા પ્રકાંડ વિદ્વાન પણ અનેક વાર અસ્થિર બન્યા. સૂક્ષ્મ અને નિર્મળ બુદ્ધિના પ્રભાવે જંબુસ્વામી વગેરે સાનુબંધ અધ્યાત્મની પ્રાપ્તિ, સ્થિરતા, વૃદ્ધિ અને શુદ્ધિને વરવાનું લોકોત્તર સૌભાગ્ય પામી શક્યા.

પ્રસ્તુત ગ્રન્થ ખંડન-મંડનનો નથી. પણ અધ્યાત્મસંબંધી ચરમ રહસ્ય ઉપર વિશદ પ્રકાશ પાથરનાર છે. છતાં સૂક્ષ્મ બુદ્ધિ વિના સાનુબંધ અધ્યાત્મસ્થિરતા પ્રાયઃ શક્ય ન હોવાના કારણે જ મહોપાધ્યાયજી મહારાજે શાસ્ત્રયોગશુદ્ધિ નામના પ્રથમ પ્રકાશમાં શાસ્ત્રની કષ-છેદ-તાપ પરીક્ષાની વિસ્તૃત છણાવટ કરેલ છે, એકાંતશાસ્ત્રનું ખંડન પણ કરેલ છે. અનેકાન્તનું ખંડન કરનાર એકાંતનું નિતાંત કરુણાબુદ્ધિથી ખંડન એ અનેકાન્તનું મંડન છે. એ ખંડનનું ખંડન = મંડન. આના પરિચયથી સર્વવ્યાપી અનેકાન્તવાદ પ્રત્યેની આસ્થા અસ્થિમજ્જાવત્ બને, અનેકાન્તપરિકર્મિત સૂક્ષ્મ બુદ્ધિ પણ સુલભ બને, અનેકાન્તપ્રકાશક શ્રીજિનેશ્વર ભગવંતો પ્રત્યે બહુમાનભાવમાં ઉછાળો આવે, સમ્યગ્દર્શનના આવરણ વિલીન થાય, નિર્મળ સમ્યગ્દર્શન પ્રગટે... આવો પવિત્ર આશય એકાંતખંડનમાં નિહિત છે. જો કે દરેક સમકિતી જીવમાં દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાના પ્રભાવે અનેકાંતબોધ હોય છે જ. પરંતુ આવા પ્રકારના અભ્યાસ વિના તે અવ્યક્ત હોય છે, મંદ હોય છે. તથાવિધ અભ્યાસથી તે અનેકાંતબોધ સ્પષ્ટ થાય છે, શુદ્ધ થાય છે, બળવાન બને છે.

વાસ્તવમાં જૈનદર્શનમાં એકાન્તવાદનું-નયવાદનું નિરૂપણ પ્રવિષ્ટ જ નથી. તેથી તેના ખંડનનો સવાલ જ ઉપસ્થિત થતો નથી. પરંતુ તેવા પ્રકારના શિષ્યની બુદ્ધિને કુશળ બનાવવાના ઉદ્દેશથી સ્યાદ્વાદનો સર્વતોમુખી વિશદ પરિચય કરાવવા અનિવાર્ય સંયોગમાં આપવાદિક રીતે એકનય-દેશના પણ જૈનદર્શનમાં આવકાર્ય છે. આ વાત **સમ્મતિતર્ક** ગ્રન્થરત્નમાં શ્રીસિદ્ધસેનદિવાકર સૂરિજી મહારાજે સ્પષ્ટ રીતે જણાવેલ છે. આ હકીકતને લક્ષમાં રાખી, ઉપરોક્ત અનેકવિધ પવિત્ર આશયથી પ્રસ્તુત ગ્રન્થરત્નમાં પણ મળતું એકાંતખંડન વ્યાજબી જ છે. ધૂળમાં રહેલ હોવાના કારણે મલિન દેખાવા છતાં સોનાને સોનું કહેવું એમાં કોઈ રાગ-મમતા નથી. તથા તેજસ્વી લાગવા છતાં પિત્તળને પિત્તળ કહેવું એમાં કોઈ દ્વેષ-ધિક્કારભાવ નથી. પરંતુ તે જ સાચી મધ્યસ્થતા છે. છતાં કદાગ્રહ છોડીને, ગુણગ્રાહી સ્વભાવ અપનાવવો આ સ્યાદ્વાદનું અસલ સ્વરૂપ છે.

સેનપ્રશ્નમાં (અનુવાદ-પૃ.૩૪૯ ઉપર) જણાવેલ છે કે → ''બીજાઓને અસદ્ આગ્રહ ન હોય તો તેના માર્ગાનુસારી સાધારણ ગુણો અનુમોદવા લાયક છે, બીજાના નહિ'' આમ જે બોલે છે તે અસત્ય જ છે. કેમ કે જેઓને મિથ્યાત્વ હોય તેઓને કોઈક તો અસદ્ આગ્રહ અવશ્ય હોય જ. નહિતર તો સમકિતી કહેવાય. શાસ્ત્રમાં મિથ્યાત્વરૂપ અસદ્ગ્રહ છતાં પણ માર્ગાનુસારી ગુણો અનુમોદનીય કહ્યા છે. ←આથી પરદર્શનમાં મળતી મોક્ષલક્ષીતા, આત્મલક્ષીતા, ગુણલક્ષીતા વગેરે અંશોને ખ્યાલમાં રાખીને તેવા ગુણિયલ પરદર્શની પ્રત્યે ધિક્કારભાવ રાખવાના બદલે મીઠી નજર રાખવી એ સ્યાદ્વાદી માટે કર્તવ્યરૂપ બની જાય છે.

## સાચા જૈન બનીએ

તમામ પ્રકારના રાગ-દ્વેષ વગેરે આંતરશત્રુઓને જિતનાર જિન કહેવાય છે. તેમને, તેમના માર્ગને, તેમના વચનને અનુસરનારા જૈન કહેવાય છે. આથી રાગ-દ્વેષરહિત બનવાના માર્ગે ચાલનાર જ હકીકતમાં જૈન બની શકે. જૈનમત, જિનાગમને વિશે પણ રાગ જ્યારે [1]દૃષ્ટિરાગની ભૂમિકાએ પહોંચે, [2]રાગાંધ દયાને જન્માવે, [3]કદાગ્રહ-હઠાગ્રહ-દુરાગ્રહનું સ્વરૂપ ધારણ કરે, [4]વ્યામોહ પેદા કરે ત્યારે સાધકને મોક્ષમાર્ગે આગળ વધવું ઘણું કપરૂં બની જાય છે. તેમાંથી પરદર્શન-પરદર્શની પ્રત્યે હઠીલો દ્વેષ-દુર્ભાવ-ઘૃણા પ્રગટે છે. તેની આડ અસર રૂપે સામ્પ્રદાયિક તિરસ્કારવૃત્તિ, વાડાબંધી, પક્ષપાતી વલણ, સંપ્રદાયઝનુનતા... વગેરે વિકૃતિઓ જન્મે છે. આના અનિવાર્ય પરિણામરૂપે, સાધનાના સોહામણા શિખરે પહોંચવા ઝંખતો સાધક વિરાધનાની એવી બિહામણી ખીણમાં ગબડી પડે છે કે જેમાંથી સહીસલામત રીતે બહાર નીકળવું ભારે મુશ્કેલ-કઠણ બની જાય છે. કેમ કે પોતે જે માને છે, જે બોલે છે, જે આચરે છે તે માન્યતા વગેરે હકીકતમાં તારક જિનેશ્વર ભગવંતોને માન્ય છે કે નહિ ? પોતાની વિચારધારા વાસ્તવમાં મોક્ષમાર્ગને અનુસરનારી છે કે નહિ ? તે સમજવાની ક્ષમતા પણ તે ગુમાવી બેસે છે. તેમજ સંપ્રદાયનો સિક્કો લગાડીને તત્ત્વને સ્વીકારવાની વૃત્તિ તથા પોતાની માન્યતા, પ્રરૂપણા, આચરણા ઉપર શ્રીજિનેશ્વર ભગવંતોની છાપ બતાવવાનું જક્કી વલણ આ બે ભયંકર દોષનો પણ તે પૂરેપૂરો શિકાર બની જાય છે. તેનું માનસ એવું તો અંધિયારું અને બંધિયારૂં બને છે કે પરદર્શનના મધ્યસ્થ મહર્ષિની કોઈક સારી-સાચી વાત તો સ્વીકારવાની દૂર રહી પરંતુ સ્વદર્શનના અન્ય સમ્પ્રદાયની તટસ્થ વ્યક્તિની પણ તાત્ત્વિક વાતને સાંભળવાની-સમજવાની-સ્વીકારવાની અને તે મુજબ પોતાની માન્યતા-પ્રરૂપણા-આચરણાને સુધારવાની ભૂમિકા તે ગુમાવી બેસે છે. ભીષણ કલિકાલના વિષમ વર્તમાન વાતાવરણમાં આવી હીન-દયનીય મનોદશાનો અનેક આરાધકો ભોગ બની રહેલા છે એ અત્યન્ત

૧. શાસ્ત્રના પરમાર્થ-રહસ્યાર્થથી વિમુખ બનાવનાર દૃષ્ટિરાગ છે.
૨. વિવેકહીનતાને ખેંચી લાવનાર રાગાન્ધ દશા જાણવી.
૩. શબ્દમાત્રમાં જડતાને કદાગ્રહ પેદા કરે છે.
૪. ''અહીં જે કહ્યું છે તે જ સાચું, બીજું બધું ખોટું જ'' આવા એકાન્તવાદ તરફ ઢસડી જનાર વ્યામોહ જાણવો.

ખેદની વાત છે. જૈનદર્શનમાં વાસ્તવિક રીતે ટકી રહેવું હોય તો, સર્વતોમુખી વિનિપાતને આપનાર આવી મલિન ભૂમિકાથી કાયમ દૂર જવું એ આરાધકોનું અતિઆવશ્યક અને અંગત કર્તવ્ય બની જાય છે. [1]ગુણદુર્લભ કાળમાં જ્યાં જેટલા ગુણ જોવા મળે તે પ્રેમથી પૂજવા જેવા છે. મૈત્રીદુર્લભ કલિકાલમાં આ બાબત ઉપર દરેક આત્માર્થી આરાધકોએ ઊંડાણથી ચિંતન કરી ગુણગ્રાહી ઉદાર માનસ બનાવવું જરૂરી છે. જૈનદર્શનરાગ પણ એવો તો ન જ જોઈએ કે જે વ્યક્તિરાગ, દૃષ્ટિરાગ પેદા કરી સંપ્રદાયના ઝઘડા, વૈમનસ્ય, સંકુચિતતા, આંતરવિગ્રહ-સમ્પ્રદાયવિદ્રોહ વગેરે પેદા કરી જૈન શાસનની અપભ્રાજના કરે.

ષોડશક, ઉપદેશપદ ગ્રન્થમાં શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ તો ત્યાં સુધી કહે છે કે પરદર્શનીનું વચન જો સાચું-સારૂં હોય તો જિનવચનથી તે ભિન્ન નથી. માટે તેના ઉપર ભૂલેચૂકે પણ દ્વેષ ન કરવો.[2] પારમાર્થિક મોક્ષમાર્ગને અનુરૂપ એવા પરદર્શનગ્રન્થોના વચનો પ્રત્યે દ્વેષ કરવામાં દ્વાદશાંગીની આશાતના થઈ જાય.[3]

[4]પરદર્શનીના જિનાગમાનુસારી વચનને વિશે દ્વેષ-ઈર્ષ્યા એ જૈન માટે તો વિશેષ પ્રકારનો મહામોહ બની જાય છે. પરદર્શનમાં રહેલા ગાઢકદાગ્રહમુક્ત આત્માર્થી જીવો હકીકતમાં સર્વજ્ઞના જ ઉપાસક છે. ગંભીર અને ગુણગ્રાહી એવા સ્યાદ્વાદી એ સર્વજ્ઞના નજીકના સેવક છે.[5] જ્યારે સરળ, નમ્ર, ભદ્રિક આત્માર્થી પરદર્શનીઓ સર્વજ્ઞના દૂરના સેવક છે. આ એક અલગ વાત છે. પરંતુ આટલા માત્રથી તેવા અન્યધર્મીમાં રહેલું સર્વજ્ઞસેવકપણું હણાતું નથી. [6]મોક્ષ કોઈ ધર્મને કે સમ્પ્રદાયને બંધાયેલ નથી. [7]અંતઃકરણની નિર્મલતા, સમતા વગેરે સદ્ગુણ સાથે મોક્ષનો સીધો સંબંધ છે. આવું માનવામાં આવે તો જ 'અન્યલિંગસિદ્ધ'[8] નામનો સિદ્ધ ભગવંતનો એક પ્રકાર સંભવી શકે. માટે [9]અંતઃકરણને નિર્મળ બનાવવું એ જ મોટી જિનાજ્ઞા છે. જ્યારે મન તીવ્ર કદાગ્રહથી

---

१. जत्थ जत्तियं पासे, पूयए तं तहिं भावं- बृहत्कल्पभाष्य

२. तत्रापि च न द्वेषः कार्यो विषयस्तु यत्नतो मृग्यः ।
तस्यापि न सद्वचनं सर्वं यत्प्रवचनादन्यत् ॥१६-१३॥ षोडशक

३. तदरुचिस्तु तत्त्वतो दृष्टिवादारुचिपर्यवसायिनी । षोड. योगदीपिकावृत्ति (१६/१३)

४. जं अत्थओ अभिण्णं अण्णत्था सद्दओ वि तह चेव ।
तम्मि पओसो मोहो विसेसओ जिणमयठियाणं ॥ उपदेशपद-६९३

५. यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः । दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ॥ योगदृष्टिसमुच्चय- १०७
सर्वज्ञतत्त्वाऽभेदेन तथा सर्वज्ञवादिनः । सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ॥१०८॥

६. सेयंबरो य आसंबरो य बुद्धो य अहव अन्नो वा ।
समभावभाविअप्पा लहेइ मोक्खो न संदेहो ॥ सम्बोधप्रकरण-३

७. न श्वेताम्बरत्वे न दिगम्बरत्वे न तत्त्ववादे न च तर्कवादे ।
न नैयायिके न मीमांसके च कषायमुक्तिरेव किल मुक्तिः ॥

८. जिणअजिण-तित्थऽतित्था गिहि-अन्न-सलिंग-थी-नर-नपुंसा ।
पत्तेय-सयंबुद्धा बुद्धबोहिय इक्कणिक्का य ॥ नवतत्त्व-५५

९. आज्ञा तु निर्मलं चित्तं कर्तव्यं स्फटिकोपमम् । योगसार

મુક્ત થઈ નિર્મલ બને, તાત્ત્વિકગુણરૂચિ તીવ્ર બને ત્યારે ભગવદ્ભક્તિ ગુરૂશરણાગતિ, વિરક્તિ વગેરેના પ્રભાવથી જૈનેતર મહર્ષિના પણ નિખાલસ માનસમાં જિનાગમને-સર્વજ્ઞવચનને અનુસરનારી વિચારધારા ઉદ્ભવે છે. આથી તેઓ નિરાબાધ રીતે મોક્ષમાર્ગના યાત્રી બને છે. અધ્યાત્મમહાસાગરના તળિયે ડુબકી લગાવનાર અનુભવી ઉપાસકને જ આ તત્ત્વ સમજાય તેવું છે. બાકી બીજા તો આ વાસ્તવિકતાની વિડંબના-અવહેલના જ કરે. પરંતુ આ ગહન અને સત્ય હકીકત સુજ્ઞ આરાધકોની જાણમાં આવે, સ્પષ્ટ બને એ ઉદ્દેશથી પ્રસ્તુત 'અધ્યાત્મઉપનિષદ્' ગ્રન્થની 'અધ્યાત્મવૈશારદી' વ્યાખ્યામાં સંવાદ તરીકે ડગલે ને પગલે જૈન શાસ્ત્રોમાં પ્રદર્શિત પદાર્થો-પરમાર્થોને એકદમ અનુરૂપ એવા, પરદર્શનશાસ્ત્રોના વચનો પણ ટાંકેલા છે. અમુક તો સુસંવાદી વચનો એવા છે કે 'તે કયા શાસ્ત્રના છે ?' તેનો જો ઉલ્લેખ ન કરવામાં આવે તો 'તે જૈનશાસ્ત્રના વચનો છે કે જૈનેતર શાસ્ત્રના ?' એની કોઈ ગંધ પણ અચ્છા-અચ્છા વિદ્વાનોને ન આવી શકે. અધ્યાત્મવૈશારદીના વાચકોને આ વાત સરળતાથી સમજાય તેવી છે. [1]અધ્યાત્મના શિખરે પહોંચ્યા પછી 'આ સિદ્ધાન્ત મારો છે અને તે સિદ્ધાન્ત પારકો છે.' આવી સંકુચિતતા સહજ રીતે છૂટી જાય છે. [2]યોગ્ય દૃષ્ટિકોણનો આશરો લઈને મોક્ષસ્વરૂપ પરમપ્રયોજન તત્ત્વતઃ સમાન હોવાની અપેક્ષાએ સર્વદર્શનોમાં, સકલ ધર્મોમાં, સઘળાં ધર્મશાસ્ત્રોમાં જે સમાનતાને જુએ તે જ શાસ્ત્રજ્ઞાની બની શકે. આવા શાસ્ત્રવેત્તા અધ્યાત્મના શિખરે પહોંચે ત્યારે ત્રૈકાલિક સર્વક્ષેત્રીય પારમાર્થિક સત્યો અને સાંયોગિક સત્યોને તટસ્થપણે યથાર્થ રીતે સ્વીકારવાની વિવેકપૂર્ણ ઉદારતા પ્રગટ થાય છે. આવી ભૂમિકા આવ્યા પછી જ મોક્ષમાર્ગની યાત્રા વેગવંતી બની શકે. *અધ્યાત્મવૈશારદીના વાચકની આવી ઉત્તમ ભૂમિકા* સ્વાભાવિક રીતે તૈયાર થતી જાય એ આશયથી જૈનદર્શનના શાસ્ત્રપાઠોની સાથે જૈનેતરદર્શનના શાસ્ત્રોની હારમાળા ગૂંથી લીધેલી છે. સુજ્ઞ વાચકવર્ગ વિવેકદૃષ્ટિ રાખીને, મન તટસ્થ કરીને ગુરૂગમથી બન્ને અભિનવ વ્યાખ્યાથી યુક્ત પ્રસ્તુત ગ્રન્થનું અધ્યયન કરશે તો જ તેના ભાવો, પરમાર્થો આત્મસાત્ થઈ શકશે. તેવું કરવામાં વાચકવર્ગ સફળ બને એ જ મંગલકામના.

## ❖ ઉપકાર સંસ્મરણ ❖

પરમપૂજ્ય ચારિત્રચૂડામણિ વિશુદ્ધ બાલબ્રહ્મચારી સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર પરમપૂજ્ય સકલસંઘહિતચિંતક વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાની દિવ્યકૃપા વિના અધ્યાત્મવૈશારદી (સંસ્કૃત ટીકા) અને અધ્યાત્મપ્રકાશ (ગુજરાતી વ્યાખ્યા)ની રચના શક્ય બની ન હોત.

પરમપૂજ્ય ગીતાર્થશિરોમણિ સિદ્ધાન્તદિવાકર શાસનપ્રભાવક ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજાના મંગલ આશિષથી બન્ને અભિનવ વ્યાખ્યાથી યુક્ત પ્રસ્તુત ગ્રન્થનું પ્રકાશન ઝડપથી સાકાર બની શક્યું છે.

---

१. आत्मीयः परकीयो वा कः सिद्धान्तो विपश्चिताम् ? योगबिन्दु-५२५

२. तेन स्याद्वादमालम्ब्य सर्वदर्शनतुल्यताम् । मोक्षोद्देशोऽविशेषेण यः पश्यति स शास्त्रवित् ॥ अध्यात्मउपनिषद् १/७०

પરમપૂજ્ય શાસનપ્રભાવક ષડ્દર્શનપરિકર્મિતમતિ આચાર્યદેવશ્રી વિજય **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજ તથા સર્વતોમુખીપ્રતિભાસંપન્ન વિદ્યાગુરૂદેવ પરમપૂજ્ય પંન્યાસપ્રવર શ્રી **જયસુંદરવિજયજી** મહારાજ સાહેબે અમૂલ્ય સમય કાઢી સૂક્ષ્મબુદ્ધિથી સંસ્કૃત-ગુજરાતી બન્ને વ્યાખ્યાનું સંશોધન કરીને પ્રસ્તુત પ્રકાશનની પ્રામાણિકતામાં જબ્બર વધારો કરીને ખૂબ ઉપકાર કરેલ છે. જે કદિ પણ નહિ ભૂલાય. તે ઉપરાંત 'સંશોધનનું સંબોધન' મોકલીને પં. શ્રી **જયસુંદર વિજયજી** ગણિવરે સંશોધનમંદિર ઉપર કળશ ચઢાવેલ છે.

પરમપૂજ્ય પદ્મમણિતીર્થોદ્ધારક ભવોદધિતારક ગુરૂદેવશ્રી **વિશ્વકલ્યાણવિજયજી** મહારાજની અમીદષ્ટિ પણ પ્રસ્તુત મંગલ અવસર ઉપર ભૂલી શકાય તેમ નથી.

વિદ્વાન મુનિરાજશ્રી **ઉદયવલ્લભવિજયજી** મહારાજે પ્રસ્તુત ગ્રન્થની પ્રસ્તાવના લખી આપવાની ઉદારતા કરી છે તે પણ ચિરસ્મરણીય રહેશે.

પાર્શ્વ કોમ્પ્યુટર્સવાળા અજયભાઈ, વિમલભાઈ, તથા ચંદ્રકાન્તભાઈએ ઝડપથી પ્રસ્તુત પ્રકાશનને સર્વાંગ સુંદર બનાવવા જે મહેનત કરી છે તે પણ અનુમોદનીય છે.

**શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ મુંબઈ**ના પ્રમુખ **શ્રી હર્ષદભાઈ સંઘવી**એ અદ્ભુત સક્રિય શ્રુતપિપાસા બતાવી, તેથી ગુજરાતી અનુવાદના કાર્યને પણ વેગ મળ્યો. શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ-જ્ઞાનનિધિમાંથી પ્રસ્તુત ગ્રન્થપ્રકાશન માટે સંપૂર્ણ આર્થિક જબાવદારી લીધેલ છે તે બદલ શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ તથા તેના ટ્રસ્ટીગણને અભિનંદન. આ રીતે શાસ્ત્રીય પ્રકાશનોની ઉજળી પરંપરાને તેઓ આગળ વધારે તેવી પરમાત્માને પ્રાર્થના.

પ્રસ્તુત પ્રકાશનના ત્રણેય પ્રુફ કાળજી પૂર્વક વાંચેલા છે. તેમ જ બે વિદ્વદ્વરેણ્ય પદસ્થ સંયમીઓએ બન્ને વ્યાખ્યાસહિત સંપૂર્ણ ગ્રન્થનું સંશોધન સૂક્ષ્મ બુદ્ધિથી કરેલ છે. તેમ છતાં સંસ્કૃત-ગુજરાતી વ્યાખ્યામાં, પ્રુફ સંશોધન-સંપાદન આદિમાં છદ્મસ્થતામૂલક કોઈ ત્રુટિ મારાથી રહી ગઈ હોય તો વિદ્વદ્વર્ગ તેનું સ્વયં પરિમાર્જન કરીને વાંચે તથા તે ત્રુટિની મને જાણ કરે, જેથી દ્વિતીય આવૃતિમાં તે ક્ષતિ રહેવા ન પામે- તેવી અધિકૃત વિજ્ઞ વાચકવર્ગને વિનંતી.

પ્રાન્તે પ્રસ્તુત પ્રકાશનના માધ્યમથી આરાધક જીવો અનાદિકાલીન કુસંસ્કારો, કુમતિ, કદાગ્રહથી મુક્ત બની વહેલી તકે મુક્તિસુખના ભોક્તા બને તેવી મંગલકામના. તરણ-તારણહાર પવિત્ર નિર્દોષ શ્રી જિનાજ્ઞાથી વિપરીત કાંઈ લખાયું હોય તો તે બદલ હાર્દિક ક્ષમાયાચના.

- એજ

પોષ વદ - પંચમી **ગુરૂપાદપદ્મરેણુ મુનિ યશોવિજય**

પ્રભાસ પાટણ તીર્થ.

## प्रास्ताविकम्

પરમાત્મા મહાવીરદેવના એક સ્તવનમાં કવિ લખે છે, **'કારક ષટ્ક થયા તુજ કે આતમ તત્ત્વમાં, ધારક ગુણ સમુદાય સયલ એકત્વમાં.'** અહીં સહેજે પ્રશ્ન ઊઠે કે એક આત્મદ્રવ્યમાં છ કારકની ઘટના શી રીતે થઈ શકે ? કર્તા કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ છ કારક કહેવાય છે. ઉદાહરણ તરીકે એક વાક્ય લઈએ → 'ઓરડામાં બાળક તૃષા છિપાવવા માટલામાંથી ગ્લાસ વડે પાણી લઈને પીવે છે.'

અહીં ક્રિયા = પીવાની (પાન ક્રિયા), કર્તા = બાળક

કર્મ = પાણી, કરણ = ગ્લાસ, સંપ્રદાન (પ્રયોજન) = તૃષાશમન, અપાદાન = માટલું, અધિકરણ = ઓરડો.

આમાં એક ક્રિયા પ્રત્યે છ કારક થયા પણ છએ કારક પરસ્પર ભિન્ન છે. જ્યારે કાવ્યની ઉક્ત પંક્તિમાં તો એક જ પ્રભુના આત્મદ્રવ્યમાં કારકષટ્કની પ્રરૂપણા કરાઈ છે. તેને ઘટાવવા વાક્યપ્રયોગ કંઈક આવા પ્રકારનો કરવો પડશે - 'પ્રભુનો આત્મા, આત્માને, આત્મા વડે, આત્મા માટે, આત્મામાંથી, આત્મામાં રહીને જાણે છે.' હવે ક્રમશઃ છએ કારકોની ઘટના જોઈએ.

(i) જ્ઞાન કરનાર પ્રભુનો પોતાનો આત્મા છે, તે કર્તા કારક છે.

(ii) જાણવાની ક્રિયાનો વિષય પણ પોતાનો આત્મા, તે કર્મકારક. અહીં પ્રશ્ન થાય કે શું પ્રભુ અન્ય સર્વ આત્માઓને ન જાણે ? ન જાણે તો અહિંસાપાલન શે થાય ? પણ અહીં ખરૂં તથ્ય એ છે કે પર આત્માને પ્રભુ પોતાના આત્મા જેવો જ **'आत्मवत् सर्वभूतेषु'** જાણે છે.

**શ્રી આચારાંગ સૂત્ર**માં માટે જ તો કહ્યું, **'जं हंतुमिच्छति तं अप्पाणमेव जाणाहि'** અર્થાત્ 'જેની હિંસા કરવા તું તૈયાર થયો છે, તેને તારા જ આત્મા તરીકે દેખ.' હવે સર્વ પરજીવોમાં સ્વાત્મદર્શન થાય તો હિંસા થાય ખરી ? બીજા જીવ ઉપર પોતાના જેવી લાગણી બંધાઈ જાય પછી હિંસા શાની થાય ? પોતાની હિંસા કોઈ કરે ખરૂં ? આ કક્ષા પ્રાપ્ત થાય પછી કાંટાથી જેમ બચીને ચલાય છે તેવી જ રીતે કીડીથી પણ બચીને ચલાય છે. જાણે કે સર્વ જીવોમાં પોતાનો જ જીવ દેખાય. અંગ્રેજીમાં કો'કે જબરૂં લખ્યું છે "The otherness is Hell' પરપણું એ નરક છે. **'एगे आया'** ના સિદ્ધાન્તવચનનું જ તેમાં પ્રતિબિંબ પડે છે ને !

હવે બીજો એક પ્રશ્ન થાય કે શું પ્રભુ જડ પદાર્થોને નથી જાણતા ? અને જાણે

તો કર્મકારક તે જડ પદાર્થો બન્યા, આત્મા નહીં બને. અહીં પણ મજાની વાત છે. સર્વજ્ઞ પ્રભુ બધાં જ જડ પદાર્થોને પણ જાણે જ છે : પણ તે સ્વાત્માના જ પરપર્યાય તરીકે જાણે. એટલે તેમાં ય મૌલિક જ્ઞાન તો સ્વાત્મવિષયક જ થયું ને ! **जो एगं जाणइ सो सव्वं जाणइ, जो सव्वं जाणइ सो एगं जाणइ** નો અર્થ પણ કંઈક આવો જ થાય છે ને ! અને આત્મા આત્માને જાણ્યા વગર સુખી શી રીતે થાય ? **आत्माज्ञानभवं दुःखं, आत्मज्ञानभवं सुखं'** ની પંક્તિ કહે છે કે જાતને જાણવી એ જ જાતને સુખી કરવાનો ઉપાય છે. પછી આત્મવિષયક જ્ઞપ્તિક્રિયા આત્માર્થે જ થવાની.

(iii) પ્રભુ સ્વાત્માને શાનાથી જાણે ? આત્મા વડે જ, શાસ્ત્ર વડે નહિં. પ્રભુ તત્ત્વચિંતન કરે તેમાં 'શાસ્ત્ર આમ કહે છે' એવો શાસ્ત્રવચનપુરસ્કાર કરીને વિચારવાનું/જાણવાનું નથી. એ તો સ્વયંસ્ફુરણાથી તત્ત્વવેદન કરે છે. અલબત્ત, એ વેદન શાસ્ત્રબાહ્ય સ્વતંત્ર કલ્પનારૂપ નથી હોતું.

(iv) આ જાણવાનું પણ કયા પ્રયોજનથી ? વિદ્વત્તા મેળવવા વગેરે હેતુથી તો નહીં જ.

(v) આત્માને કયાંથી જાણે ? શાસ્ત્રમાંથી (શાસ્ત્રાધારપૂર્વક) જાણતા નથી. કિન્તુ પોતાના આત્મામાંથી જ જાણે છે. દૂધમાંથી જ ઘી પેદા થાય છે, તેમ અંતરાત્માને તપાસતા તેમાંથી જ પરમાત્મસ્વરૂપ દર્શન ઊઠે છે.

(vi) પ્રભુ આત્માને જાણવાનું કયાં રહીને કરે છે ? કોઈ ગામ/નગર/અરણ્યમાં રહીને નહીં, પણ સ્વાત્મનિષ્ઠ બનીને જાણે છે. પ્રભુ 'અમુક વન, ઉદ્યાન કે મંદિરમાં કાયોત્સર્ગે રહ્યા'ની વાતનું તાત્પર્ય એવું સમજવું કે બાહ્યસ્થાન અનુકૂળ છે કે પ્રતિકૂળ, તેવી વિચારણા વિના જ પોતાના શુદ્ધ આનંદમય સ્વરૂપનો ખ્યાલ રાખીને અર્થાત્ તેવા આત્મસ્વરૂપમાં લીન થઈને પ્રભુ તત્ત્વચિંતન (તત્ત્વતઃ આત્મચિંતન) કરે છે. માટે જ બીજા આત્માઓને પણ તેના મૂળ સ્વરૂપે સત્ ચિદ્ આનન્દમય તરીકે પૂર્ણ જુએ છે. જ્ઞાનસારની પંક્તિ કહે છે - **'सच्चिदानन्दपूर्णेन पूर्णं जगदवेक्ष्यत'** જગત્ના જીવોનું પૂર્ણ તરીકેનું દર્શન એ પોતાની આત્મનિષ્ઠતાને આભારી છે.

આ પ્રમાણે પ્રભુના એક જ આત્મદ્રવ્યમાં ષટ્કારકની ઘટના થાય છે. આવી આત્મદશા આઠમી પરાદષ્ટિમાં હોય છે. આ નિશ્ચય અધ્યાત્મની વાત થઈ. નિશ્ચયનય પોતાને આશ્રિત હોય છે અને વ્યવહારનય પરાશ્રિત હોય છે. (**स्वाश्रितो निश्चयनयः पराश्रितो व्यवहारः इति वचनात्**) વ્યવહાર અધ્યાત્મમાં પણ આત્મોદ્દેશ્યકત્વ તો જોઈશે જ. તેથી કર્તાકારક ઉપરાંત સંપ્રદાનકારકની ઘટના પણ આત્મામાં થશે. પંચાચારમાં કર્મકારકત્વ આવી શકશે. કરણ (ઈન્દ્રિય) અને ઉપકરણોમાં કરણકારકત્વ આવી

શકશે. શાસ્ત્રવચનમાં અપાદાનકારકત્વ આવી શકશે અને ઉપાશ્રય આદિ સ્થાન-વિશેષમાં અધિકરણકારકત્વ ઘટી શકશે. આ લોકપ્રચલિત વ્યાવહારિક અધ્યાત્મની વાત થઈ.

પ્રસ્તુત ગ્રન્થકારે વિધિશુદ્ધ પંચાચારને અધ્યાત્મ કહ્યું છે, તે વ્યવહારનયથી. પંચાચારની પ્રવૃત્તિ તે વ્યવહાર અધ્યાત્મ છે. અને તેનાથી ઉત્પન્ન થતાં આત્મપરિણામ તે નિશ્ચય અધ્યાત્મ છે. જેને સર્વ રીતે આધાર માનીએ તે નિશ્રા કહેવાય અને જેને અંશતઃ ટેકારૂપ માનીએ તે આલંબન કહેવાય. જેના પર ચાલીએ છીએ તે ધરતી નિશ્રારૂપ છે અને દાદરો ચઢતાં દોરડું પકડીને ચઢીએ તેમાં દોરડું આલંબન રૂપ છે. પંચાચારની પ્રવૃત્તિ તે આલંબન છે અને તેનાથી ઊભા થતા આત્મપરિણામ તે નિશ્રા છે.

સામાન્યથી પોતાની ધર્મક્રિયાને અધ્યાત્મની કક્ષામાં મૂકતાં પૂર્વે સાધક પાસે ત્રણ વસ્તુ હોવી જોઈએ. (૧) આત્મા પરથી મોહનો અધિકાર નીકળી ગયો હોય, (૨) આત્માનો ઉદ્દેશ હોય, (૩) ક્રિયાવિધિ શુદ્ધ હોય.

આતમના સિંહાસને જ્યાં સુધી મોહરાજા ગાદીનશીન હોય ત્યાં સુધી થતી ધર્મક્રિયાઓ ઘણી સુંદર દેખાવા છતાં ય અધ્યાત્મની કક્ષામાં આવી શકતી નથી. હિન્દુસ્તાન પર બ્રિટિશ સામ્રાજ્ય હતું ત્યાં સુધી દેશને સ્વતંત્ર કહી શકાતો નહોતો. પણ ગાંધીજી, સરદાર પટેલ, સુભાષ બોઝ અને ભગતસિંહ જેવા રાષ્ટ્રપુરૂષોએ ચળવળ ચલાવી અને અંતે બ્રિટિશ સામ્રાજ્યના અભેદ્ય ગણાતા કિલ્લામાં ગાબડું પડ્યું. જે ભારતના ઈતિહાસમાં એક ગરવું સીમાચિ કહેવાય. એમ અનાદિ કાળના ગાઢ મિથ્યાત્વના અંધકારમાંથી આત્માને ઉગારવાનો અનુકૂળ કાળ, પ્રયત્ન- બધું ભેગું થયું. સમજણ અને આચરણ જાણે ગાંધીજી અને સુભાષ બોઝ હતા. ચળવળ ચાલી અને નિબિડ ગણાતી ગ્રન્થિનો ભેદ થયો. આત્માના સમગ્ર ભવચક્રમાં આ એક સીમાચિ હતું. પછીનો કાળ ધર્મયૌવનકાળ કહેવાય. કાળનું પરિબળ તાત્ત્વિક ધર્મને અનુકૂળ બની ગયું. અહીં એક વાત સમજવા જેવી છે. સ્વાતંત્ર્ય પછી પણ રાષ્ટ્રની શાસનપદ્ધતિમાં પ્રજાલક્ષિતા આવે તો કામનું, તેમ ગ્રન્થિભેદ પછી પણ ધર્મમાં આત્મલક્ષિતા આવે તો જ અધ્યાત્મ કહેવાય છે.

## ❀ અધિકારી નિર્દેશની પરંપરા ❀

અધ્યાત્મનું સ્વરૂપ જણાવીને ગ્રન્થકારે અધ્યાત્મના અધિકારીનું સ્વરૂપ જણાવ્યું છે. કોઈ પણ સારી, મૂલ્યવંતી ચીજનો વિનિયોગ/પ્રાદુર્ભાવ પાત્રમાં જ થાય અને તેથી સ્વ-પર હિતની સાનુબંધ જાળવણી થતી રહે એ આની પાછળનો ઉદ્દેશ છે.

શિષ્ટપરંપરામાં અધિકારીનિર્દેશનું મહત્ત્વ કેટલું બધું હશે કે ગ્રન્થારંભમાં જણાવાતા અનુબંધ-ચતુષ્ટય સાથે (મંગલ, અભિધેય, સંબંધ, અધિકારી/પ્રયોજન) તેને લગભગ સ્થાન મળે છે.

યંત્ર હોય, તંત્રવિજ્ઞાન હો, કે મંત્રવિજ્ઞાન હોય-અધિકૃત વ્યક્તિને જ પ્રદાન થાય તો જ ફળદાયી બને. વિદ્યા હોય કે સત્તા હોય, અધિકૃત વ્યક્તિને જ પ્રદાન થાય તો જ ફલદાયી બને.

અધ્યાત્મના અધિકારીમાં ત્રણ ચીજ હોવી જરૂરી ગણાવી છે. (૧) નયોના અલગ અલગ પ્રતિપાદનથી ઉભી થતી કુવિકલ્પોની કે કદાગ્રહની નિવૃત્તિ. (૨) આત્મસ્વરૂપની અભિમુખતા (૩) સ્યાદ્વાદનો સ્પષ્ટ અને તીવ્ર પ્રકાશ. આ ત્રણ યોગ્યતા દ્વારા આત્મામાં ક્રમશઃ હેતુ, સ્વરૂપ અને અનુબંધની શુદ્ધિ જણાવાઈ છે.

ગ્રન્થકારશ્રીએ અધ્યાત્મના અધિકારીમાં મુખ્યત્વે માધ્યસ્થ્ય ગુણ હોવો જરૂરી ગણાવ્યો છે. દાર્શનિક, સાંપ્રદાયિક કે સ્નેહરાગાદિકૃત અભિનિવેશની ગેરહાજરી આત્મામાં અધ્યાત્મ માટેનો અવકાશ કરી આપે છે. અધ્યાત્મ માટે કદાગ્રહત્યાગને મહત્ત્વ આપવા પાછળનું કારણ એ છે કે 'અધ્યાત્મ' એ માત્ર તર્કનો વિષય નથી. કિન્તુ મહદંશે શ્રદ્ધાનો વિષય છે. અને શ્રદ્ધાના વિષયમાં ચાલવા માટે સરળતા જરૂરી છે. ગ્રન્થકારશ્રીએ શાસ્ત્રાજ્ઞાપૂર્વક ચાલવાનું જણાવ્યું છે. સાથે શાસ્ત્રનું લક્ષણ, સાથે શાસ્ત્રની કષ, છેદ, તાપ પરીક્ષા, પ્રસંગતઃ અનેકાન્તની નિર્દોષતા, અન્ય દર્શનોમાં પણ અનેકાન્તનો કરવો પડેલો સ્વીકાર, શ્રુત-ચિન્તા-ભાવના-રૂપ ત્રિવિધ જ્ઞાનનું સ્વરૂપ વગેરે વિષયો આ પ્રથમ શાસ્ત્રયોગશુદ્ધિ અધિકારમાં સમાવી લીધેલ છે.

## ❋ જ્ઞાનયોગશુદ્ધિ અધિકાર ❋

બીજા અધિકારમાં ગ્રન્થકારશ્રી જ્ઞાનયોગનું નિરૂપણ કરે છે. શાસ્ત્ર તો માત્ર પથદર્શક છે, રસ્તા પર આવતા સાઈનબોર્ડ જેવું. તે રસ્તા ભણી અંગુલિનિર્દેશ કરે એટલું જ. પથિકને હાથ ઝાલીને ચલાવવાનું કે તેની સાથે આગળ જવાનું કાર્ય શાસ્ત્ર કરતું નથી. તે કાર્ય જ્ઞાનયોગથી થાય છે. અધ્યાત્મ જગત્માં બહિર્જગતનો ઝીણવટ ભરેલો અભ્યાસ પણ જો આત્મદર્શન તરફ લઈ ન જાય તો તેની ખાસ કોઈ કિંમત નથી.

ઘણા સંશોધન પછી વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને અણુનું જ્ઞાન કર્યું અને જગત્ સામે ધર્યું. જ્યારે એ જ અણુના રૂપ-રસાદિનું સ્વાત્માથી પૃથગ્ભૂતરૂપે ચિંતન કરતા સાધક કેવળજ્ઞાનને વરે છે. વિજ્ઞાનમાં જ્ઞાતના ધર્મને (ગુણધર્મને) જાણવાની વાત છે જ્યારે ધર્મક્ષેત્રે અજ્ઞાતનું (આત્માનું) વિજ્ઞાન કરવાની વાત છે. પ્રસ્તુત અધિકારનો

પાંચમો શ્લોક મને ખૂબ જ ખૂબ ગમ્યો. ટૂંકા શબ્દોમાં શું મજાની વાત કરી છે ગ્રન્થકારે!

જ્ઞાન સાથે તાદાત્મ્ય = મોક્ષ : જ્ઞેય સાથે તાદાત્મ્ય = સંસાર. આગળ જતા ગ્રન્થકારશ્રી જ્ઞાન અને સુખના ભેદ, અભેદ અને ભેદાભેદની વાત નય-નયાન્તરથી જણાવે છે.

પ્રસ્તુત અધિકારના ૧૨મા શ્લોકમાં સુખ અને દુ:ખનું ટૂંકું પણ ટંકશાળી લક્ષણ જણાવ્યું છે. જેટલી પરવશતા, પરાપેક્ષા તેટલું દુ:ખ. જેટલી આત્મવશતા, સ્વાધીનતા, તેટલું સુખ. પંચસૂત્રની **'अविक्खा अणाणंदे'** અને પયન્નાની **'सावेक्खो बुड्डइ, निरवेक्खो तरइ'** ની પંક્તિનું જ પ્રતિબિંબ (અપેક્ષા અનાનંદ = દુ:ખમાં ફલિત થાય છે. અપેક્ષાવાળો ડુબે છે, નિરપેક્ષ તરી જાય છે, પડે છે.) આખા અધિકારની ઘણી પંક્તિઓ, ઘણા પદાર્થો સતત મનન કરવા જેવા છે.

સમગ્ર અધિકારમાં શુદ્ધાત્મસ્વરૂપ, આલંબન-નિરાલંબન યોગ, આત્માની ચાર દશા, જ્ઞાનીની મહાનતા, નિર્લેપતા, વિષયો પર ઉચ્ચ પ્રકાશ પથરાયો છે. આ અધિકારના વાંચનથી આત્માના નૈશ્ચયિક સ્વરૂપની ઓળખ થાય છે. શાસ્ત્રમાં બે જાતની પંક્તિઓ જોવા મળે છે :-

(૧) "હું પાપી છું, અધમ છું, વિષય-કષાયની ક્લિષ્ટ પરિણતિઓથી ગ્રસ્ત છું."

(૨) "હું શુદ્ધ છું, બુદ્ધ છું, નિરંજન-નિરાકાર છું. વીતરાગતા મારૂં પોતીકું સ્વરૂપ છે."

બન્ને ઓળખ સાચી છે. પહેલી વ્યવહારનયથી છે. બીજી નિશ્ચયનયથી.

## ❈ ક્રિયાયોગશુદ્ધિ અધિકાર ❈

ક્રિયાને છોડી દઈને કેટલાક જ્ઞાનયોગમાં આગળ વધવાની વાતો કરતા હોય છે. પણ જ્ઞાનયોગમાં ક્યાંય ક્રિયાવિકલદશા હોઈ શકે નહીં. જ્ઞાન અને ક્રિયા ઉભયનો સમન્વય થવો જોઈએ. તે વાતનું આડકતરૂં સૂચન આ અધિકારના પ્રથમ શ્લોકમાંથી જ મળે છે. જ્ઞાનયોગી પ્રારંભમાં જે તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, આવશ્યકાદિ સાધનોને ગ્રહણ કરે છે, તે બધા સાધનો આગળ જતા સિદ્ધ જ્ઞાનયોગીના જાંણે કે સ્વભાવથી લક્ષણ બની જાય છે.

અહીં પ્રશ્ન થાય કે ધર્મક્રિયા તો શરીર કરે છે અને શરીરની ક્રિયાથી શરીરને *લાભ થાય : જેમ કે વ્યાયામ-કસરતથી શરીર પુષ્ટ બને પણ તેનાથી આત્માને* લાભ કઈ રીતે થાય ? કારણ કે આત્માની ઉન્નતિ કે અવનતિ તો આત્માની પરિણતિને (એટલે ભાવને) જ આભારી છે. તો ક્રિયાની જરૂર શા માટે છે ? જરૂર એટલા માટે

છે કે આત્માની પરિણતિ બાહ્યક્રિયા સાથે બહુ જ સંકળાયેલી છે. ઉદાહરણથી આ વાત સમજવી સહેલી પડશે.

ગુરૂના સેવાકાર્યમાં કે માતાપિતાના સેવાકાર્યમાં કોઈ શિષ્ય કે પુત્ર આંખમિંચામણા કરે તો સેવાકાર્યની કાયિક ક્રિયા તેણે ન કરી : પણ વાત એટલેથી અટકતી નથી. તેના મનમાં હરામ હાડકાપણાંની સ્વાર્થની દુર્વૃત્તિ પેદા થઈ, ગુરૂજનપૂજાની શુભ પરિણતિ ગાયબ થઈ, ઉપકારની સામે જાતની સુખશીલતાને વધુ વજન આપવા જતા આંતરિક કૃતજ્ઞભાવ ઓસરી ગયો. આ બધી મલિન આત્મપરિણતિ પેદા થવામાં બહારની શારીરિક સુખશીલતાની પ્રવૃત્તિ સંકળાયેલી છે. જો બાહ્ય સેવાધર્મ બજાવે તો કૃતજ્ઞતા, પરાર્થવૃત્તિ, ગુરૂજન પૂજાની આંતરિક શુભ પરિણતિઓ પાંગરશે અને ઉત્તરોતર વિશુદ્ધ થતી જશે. તેથી શરીરની ક્રિયા સાથે આત્મપરિણતિ સંકળાયેલી છે. તે વાત સિદ્ધ થાય છે. વ્યાયામ વગેરે શારીરિક કસરતથી શરીરને લાભ થાય સાથે આત્મામાં દેહાધ્યાસની પરિણતિ શું ન પાંગરે ? અને તપ કરીને કાયાને કસવાની પ્રવૃત્તિ દ્વારા દેહમમત્વમોચન રૂપ શુભતર આત્મપરિણતિ પેદા ન થાય ? 'બાહ્ય ક્રિયા આત્મા પર કોઈ અસર ઉપજાવી ન શકે' એવી વાતો કરનારા ક્રિયા-અપલાપીઓ પોતાના વિચારોને પુસ્તકારૂઢ કઈ ગણતરીએ કરતા હશે ? તેના વાંચનથી ક્રિયાવાદીને બોધ થાય એ આશયથી જ ને ! આવી જાવ ત્યારે ! વાંચનની બાહ્ય ક્રિયા આત્મામાં બોધ ઉત્પન્ન કરી શકે છે તે વાતનો સ્વીકાર તેમને પણ કરવો જ પડે છે.

અપ્રાપ્ત ભાવોને પમાડવા માટે અને પ્રાપ્તના રક્ષણ માટે ક્રિયા (વ્યવહાર) જરૂરી છે. આ જ વાત પ્રસ્તુત અધિકારના ૧૨મા શ્લોકમાં કરી છે. ત્યાર પછીના શ્લોકોમાં ક્રિયાઅપલાપી એવા જ્ઞાનવાદીઓને ફટકારતા ગ્રન્થકારશ્રીએ માર્મિક ઉપમા આપી છે. 'ક્રિયા વગર માત્ર જ્ઞાનથી મોક્ષની વાતો કરનારાઓ મોંમા કોળિયા મૂકવાની ક્રિયા વગર તૃપ્તિને (ભાવને) પામવાની અભિલાષા રાખે છે.' જે કયારેય ફળે નહિ. જ્ઞાનયોગની ઉચ્ચકક્ષાની વાતોના ઐદમ્પર્ય સુધી પહોંચ્યા વગર જ કોઈ તેની એકાન્ત પકડમાં ન ફસાય એવો કોઈ હેતુ જ જાણે જ્ઞાનયોગ પછી તરત ક્રિયાયોગની પ્રરૂપણા પાછળ કામ કરી રહ્યો હોય તેમ લાગે છે.

## ❉ સામ્યયોગ શુદ્ધિ અધિકાર ❉

દુઃખનું મૂળ મમત્વભાવ છે. વસ્તુ/વ્યક્તિના નાશ કે વિયોગથી જ મન દુઃખી થતું નથી. કિન્તુ, મમત્વભાવ જેની પર વ્યાપ્ત થયો હોય તેવી જ વસ્તુ/વ્યક્તિના નાશથી દુઃખ છે. જો કાચનું વાસણ તુટવાથી દુઃખ થતું હોય તો શહેર આખામાં

રોજના હજારો કાચના વાસણો તુટે છે. તેથી બધાને દુ:ખ થવું જોઈએ. પણ દુ:ખ ત્યારે જ થાય છે, જ્યારે પોતાના રસોડામાં કંઈક તુટે. કારણ એટલું જ કે પોતાની વસ્તુ પર મમત્વ છે.

પોતાના ખાલી પડયા રહેલા બંગલામાં આગ લાગતા નિવૃત્ત જીવન ગાળી રહેલા શેઠને મનમાં થશે 'હાય' ! પણ ત્યાં જ કો'ક કહે કે 'શેઠ ! ચિંતા ન કરો, આ બંગલો તો તમારા દિકરાએ ફલાણાને વેંચી દીધો છે.' તરત જ શેઠના મનમાં ટાઢક વળશે 'હાશ !' ત્યાં અચાનક દીકરા પાસેથી જાણવા મળે કે બંગલાને વેંચવાની માત્ર વાત જ થયેલી. હજી બાનાખત લીધું નહોતું, તો ફરી પાછી 'હાય'ની લ્હાય ! આ 'હાય' અને 'હાશ' ના બે અંતિમો વચ્ચે ઝોલા તે જ ખાતો રહે, જે મમત્વગ્રસ્ત છે. સમતાના સાધક એવા કો'ક નમિ રાજર્ષિ તો પોતાની મિથિલાનગરી ભડકે બળવા છતાં કહેશે કે **मिहिलाए डज्झमाणीए न मे डज्झइ किंचण'** - મિથિલા બળે તેમાં મારૂં કાંઈ બળતું નથી.' જેને ઘર ઉપર મમત્વ છે તેવી વ્યક્તિ દિવાલનો રંગ ઉખડી જતાં ય ઉદ્વિગ્ન થશે અને સમતાના સાધક એવા કો'ક ખંધક મુનિ પોતાની જીવતા ખાલ ઉખેડવા આવેલા મારાઓને પણ કહી શકશે કે 'કહો તિમ રહીયે ભાયા !' યોગશાસ્ત્રના ૪થા પ્રકાશના આંતર શ્લોકમાં કલિકાલ સર્વજ્ઞએ મમતાળુ અને સમતાળુ વચ્ચેની ભેદરેખા માર્મિક રીતે સમજાવી છે:-

**ध्यायन्ननित्यतां नित्यं, मृतं पुत्रं न शोचति ।**

**नित्यताऽऽग्रहमूढस्तु कुड्यभङ्गेऽपि रोदिति ॥**

આ રીતે દુ:ખની જડ જો મમત્વમાં હોય તો સુખની જડ સમત્વમાં છે- એવું સીધું જ ફલિત થાય છે.

મોક્ષનગર તરફ ગતિ કરી રહેલા રથનું નામ છે 'સમતા'. જ્ઞાન અને ક્રિયારૂપી બે અશ્વો આ રથને જોડેલા છે. જ્ઞાન અને ક્રિયા દ્વારા મમત્વનાશ થાય છે અને તે થકી સમતા પ્રગટે છે.

પ્રસ્તુત અધિકારના બીજા શ્લોકમાં આવી જ કંઈક વાત કરી છે. પોતાના ગુણાભ્યાસમાં જે અત્યંત જાગ્રત હોય, પરકીય પ્રવૃત્તિમાં જે ગાંધીજીના ત્રણ વાંદરાનું અનુસરણ કરતો હોય (અર્થાત્ બહેરો, અંધ અને મુંગો બની જતો હોય) અને સતત ચિદાનંદ પદમાં જેનો ઉપયોગ રમમાણ હોય તેવો સાધક લોકોત્તર કોટિના સામ્યને પામે છે.

સમતાને આત્મસાત્ કરવા માટે જ તો સામાયિક છે. સમતા વિનાની અને મમત્વને પ્રસરાવતી સામાયિકને ગ્રન્થકારે માયિક (માયાવાળું) કહ્યું છે. વાસ્તવમાં આત્મગત

સમત્વભાવ એ જ શુદ્ધનયની અપેક્ષાએ સામાયિક છે.

ગ્રન્થકારશ્રીએ આ અધિકારના અને સમગ્ર ગ્રન્થના ઉપસંહારમાં પ્રકૃષ્ટ સમતાયોગને પામીને પ્રાપ્તવ્યને પામી ચૂકેલા દમદન્ત મુનિ, નમિ રાજર્ષિ, ખંધકસૂરિના શિષ્યો, મેતાર્ય મુનિ, ગજસુકુમાલ મુનિ, દઢપ્રહારિ મુનિ જેવા મહર્ષિઓના સમતાયોગની સ્તુતિ કરી છે.

**ગ્રન્થની કેટલીક હૃદયસ્પર્શી પંક્તિઓ**

**मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनःकपिः ॥ (श्लोक १/६)**

મધ્યસ્થ માણસ તેને કહેવાય, જેનું મનરૂપી વાછરડું યુક્તિ (તર્ક) રૂપી ગાયમાતાને અનુસરે. પણ કદાગ્રહીનું મન કે જે માંકડા જેવું છે તે આ યુક્તિરૂપી ગાયને પૂંછડેથી પોતાના તરફ ખેંચે છે. સાચું તે મારૂં = માધ્યસ્થ્ય. મારૂં તે સાચું = કદાગ્રહ.

**द्रष्टुर्दृगात्मता मुक्ति-र्दृश्यैकात्म्यं भवभ्रमः (श्लोक - २/५)**

જ્ઞાન સાથે તાદાત્મ્ય = મોક્ષ, જ્ઞેય સાથે તાદાત્મ્ય = સંસાર.

**सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखं ।**
**एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥ (श्लोक २/१२)**

પરાપેક્ષા/પરાધીનતા=દુ:ખ, સ્વાધીનતા=સુખ. આ સુખ-દુ:ખનું ટૂંકું ને ટંકશાળી લક્ષણ છે.

**ये पर्यायेषु निरतास्ते ह्यन्यसमयस्थिताः ।**
**आत्मस्वभावनिष्ठानां ध्रुवा स्वसमयस्थितिः ॥ (श्लोक २/२६)**

પર્યાયમાં આસક્તિ = અન્યદર્શનમાં સ્થિતિ, આત્મસ્વભાવમાં નિષ્ઠા = સ્વસમયમાં સ્થિરતા.

**लिप्यते पुद्गलस्कन्धो, न लिप्ये पुद्गलैरहम् ।**
**चित्रव्योमाञ्जनेनेव ध्यायन्निति न लिप्यते ॥ (श्लोक २/३७)**

પુદ્ગલો વડે પુદ્ગલનો સ્કન્ધ લેપાય છે. હું પુદ્ગલો વડે લેપાતો નથી. જેમ કાજળ દ્વારા ચીતરવામાં આવતું આકાશ કાજળથી લેપાતું નથી તેમ.

**स्थैर्याधानाय सिद्धस्यासिद्धस्यानयनाय च ।**
**भावस्यैव क्रिया शान्तचित्तानामुपयुज्यते ॥ (श्लोक ३/१२)**

ઉત્પન્ન થયેલા ભાવોની સ્થિરતા લાવવા માટે અને અનુત્પન્ન ભાવોને ઉત્પન્ન કરવા

માટે શાંત ચિત્તવાળા યોગીઓને ક્રિયા ઉપયોગી બને છે.

**आत्मप्रवृत्तावतिजागरुकः परप्रवृत्तौ बधिरान्धमूकः ।**

**सदा चिदानन्दपदोपयोगी लोकोत्तरं साम्यमुपैति योगी** ॥(श्लोक ४/२)

આત્માની પ્રવૃત્તિમાં અત્યંત જાગ્રત : પારકી પ્રવૃત્તિમાં અંધ-મૂંગા ને બહેરા જેવા, સદા ચિદાનંદ પદમાં ઉપયોગવાળા યોગી લોકોત્તર સમતાને પ્રાપ્ત કરે છે.

## ❖ શ્રુતરક્ષા - એક મહત્ત્વનું કર્તવ્ય ❖

જૂના કાળમાં આગમાદિ શ્રુતવારસો મૌખિક રીતે જ અપાતો. પણ કાળક્રમે ઘટતી જતી સ્મૃતિ-ધૃતિશક્તિને ધ્યાનમાં લઈને શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના વખતથી શ્રુતનું ગ્રન્થસ્થીકરણ શરૂ થયું. લહિયાઓ દ્વારા ટકાઉ તાડપત્રો ઉપર આ કાર્ય થતું.

શ્રુતલેખન એ શ્રુતભક્તિનું એક મહત્ત્વનું પાસુ બની ગયું. **'पुत्थयलिहणं'** ને શ્રાવકના કર્તવ્યરૂપે નિર્દિષ્ટ કરવામાં આવ્યું. સ્વયં શ્રી હરિભદ્રસૂરિ મ.એ સ્વરચિત શ્રી યોગદષ્ટિસમુચ્ચય ગ્રન્થમાં યોગબીજો જણાવેલા છે, જેમાં શ્રુતલેખનનો પણ સમાવેશ છે. આજે પણ ૩૦૦-૪૦૦ વર્ષો જૂની હસ્તપ્રતો (મહોપાધ્યાયજી લિખિત હસ્તપ્રતો વગેરે) મળે છે. જેસલમેર-પાટણ-ખંભાત વગેરે સ્થળોએ આના અલગ વિશાળ જ્ઞાનભંડારો છે. પછી આવ્યો યંત્રયુગ.... પ્રેસયુગ... લહિયા પાસે જેટલા સમયમાં એક પ્રત તૈયાર થાય તેના કરતા અલ્પતમ સમયમાં જ હજારો પ્રતો છપાઈને તૈયાર થઈ જાય ! અધ્યયનાર્થીઓને બધા ગ્રન્થો બધે સુલભ બની શકે. શ્રુતરક્ષાના ઉદ્દેશથી આજે કદાચ આને એક અનિવાર્ય અનિષ્ટ માની લઈએ તો પણ જર્જરિત બની ગયેલી લેખનકળાને પુનર્જીવિત કરવાની દિશામાં પણ પ્રયાસો હાથ ધરાય એ ખૂબ જરૂરી છે. કારણ કે સગવડતાવાદી વિજ્ઞાનનો એક મોટો અભિશાપ છે કે, તે ઘણી બધી કળાઓનો નાશ કરી દે છે. પ્રેસયુગ એ શ્રુતલેખન અને લહિયાઓ માટે મૃત્યુઘંટ પૂરવાર ન થાય એ જોવું એક મહત્ત્વનું કર્તવ્ય બની રહે છે. હા, હસ્તપ્રતો અને છપાયેલા ગ્રન્થોનાં આયખામાં ય ઘણું અંતર છે. હસ્તપ્રતો સૈકાઓમાં જીવે છે, જ્યારે છપાયેલા ગ્રન્થો દાયકાઓમાં ! આવરદાનો આ તફાવત પણ શ્રુતરક્ષાર્થે હસ્તલેખનને ફરી ધબકતું કરવા પ્રેરણાદાયી બની રહેશે.

## ❋ વૃત્તિ અને વૃત્તિકાર અંગે કંઈક ❋

અધ્યાત્મ ઉપનિષદ્ ગ્રન્થ ઉપર પ્રાચીન વૃત્તિ કોઈ ઉપલબ્ધ નથી. ગુજરાતીમાં કોઈ વિસ્તૃત વિવેચન પણ ઉપલબ્ધ નથી. નવનિર્મિત ટીકામાં અન્યાન્ય સંદર્ભ ગ્રન્થોના ભરપૂર શાસ્ત્રપાઠો ટાંકવામાં આવ્યા છે. આવી વૃત્તિને આપણે વૃત્તિકારની

બહુશ્રુતતા અને અદ્ભુત ધારણા શક્તિનો દસ્તાવેજી પુરાવો માનવી પડે.

કેટલાક સ્થાનોમાં વૃત્તિકારે મૂલસ્થ પંક્તિને સારા એવા ઊંડાણ સુધી ખેડી છે. જેમ કે - ગ્રન્થના પ્રારંભમાં જ અધ્યાત્મનું લક્ષણ સાતે નયોથી, ચાર નિક્ષેપથી, ચાર અનુયોગથી વગેરે અનેક રીતે કરીને જાણે કે અધ્યાત્મની થ્રી-ડાઈમેન્શનમાં જીવંત રચના આપણી સમક્ષ મૂકી દીધી છે.

વૃત્તિમાં અનેક સ્થાનોમાં પૂર્વાપર ગ્રન્થસંદર્ભોના લાગતા વિરોધનું ઉદ્ભાવન કરીને તેનો સચોટ સમન્વય/વિરોધ પરિહારની કળા જોતાં વૃત્તિકારની નયજ્ઞતા ઉપર માન ઉપજે તેવું છે. જુઓ -

- પૃ. ૧૩૨ શ્લોક ૧/૬૮ વૃત્તિમાં 'શ્રુતજ્ઞાન કદાગ્રહમુક્ત હોય છે' આવા ષોડશકના વચનનો 'શ્રુતજ્ઞાનમાં કંઈક કદાગ્રહ હોય છે' એવી પ્રસ્તુત ગ્રન્થની પંક્તિ સાથે દેખાતા વિરોધનો પરહિાર.

- પૃ. ૧૫૩, શ્લોક ૨/૨ વૃત્તિમાં - પ્રાતિભજ્ઞાનને પ્રત્યક્ષજ્ઞાન માનતા સ્યાદ્વાદરત્નાકરના વચનો પ્રાતિભને યોગજ અદષ્ટજન્યજ્ઞાન તરીકે કહેતી પ્રસ્તુત ગ્રન્થપંક્તિ સાથે લાગતા વિરોધનો પરિહાર.

- પૃ. ૩૦૭ શ્લોક ૩/૪૨ વૃત્તિમાં - અધ્યાત્મસારમાં યોગીઓને જ્ઞાન અને ક્રિયામાં ચિત્તશુદ્ધિની અપેક્ષા કાલભેદથી જણાવી છે, જ્યારે પ્રસ્તુત ગ્રન્થમાં યુગપદ્ તેની અપેક્ષા જણાવી છે. આ બે વચ્ચે જણાતા વિરોધનો પરિહાર.

આ ઉપરાંત પણ ઘણા સ્થાનોમાં મહોપાધ્યાયજીની શબ્દસંકોચ અને અર્થગાંભીર્યવાળી જાણીતી રચનાશૈલીને વૃત્તિકારે ખોલીને પદાર્થને સુગમ અને સુબોધ બનાવ્યો છે.

તીવ્ર ક્ષયોપશમ, વિશાળ વાંચન, અદ્ભુત ધારણાશક્તિ, અપૂર્વ ગુરૂકૃપા અને સખત પુરૂષાર્થ, બધા જ પરિબળો કેટલા પાવરધા હશે કે પૂ. મુનિરાજ શ્રી યશોવિજયજી મ.સા. દ્વારા પોતાના દીક્ષાજીવનના માત્ર ૧૫મા વર્ષે આ 'અધ્યાત્મવૈશારદી' વૃત્તિ પ્રગટ થઈ રહી છે. આ પૂર્વે પણ ભાષારહસ્ય, સ્યાદ્વાદ રહસ્ય, વાદમાલા, ન્યાયાલોક, ષોડશક વગેરે ગ્રન્થો પર હજારો શ્લોકો પ્રમાણ નવસર્જન તેઓ કરી ચુકયા છે. ગુજરાતી ભાવાનુવાદમાં પણ ઘણી સુંદર સ્પષ્ટતા થઈ છે. પોતાની જ વૃત્તિનો ભાવાનુવાદ કરવાનો તેઓ માટે આ પ્રથમ પ્રસંગ છે. વૃત્તિકાર અને વિવેચનકાર મહાત્મા મારા-અમારા ખાસ નિકટના વર્ષો જુના કલ્યાણમિત્ર છે એવું કહેવાથી મારી જાતને પણ ગૌરવાન્વિત થયેલી જોઉં છું. ગ્રન્થનું લખાણ જોતા જોતા ઈર્લાના કરમચંદ જૈન પૌષધશાળામાં સાથે ગાળેલું વિ.સં. ૨૦૫૧નું ચાતુર્માસ વારંવાર યાદ આવી જતું.

જ્યાં સુશ્રાવક હર્ષદભાઈ સંઘવી સાથે બેસીને મુનિશ્રી દ્વારા થતી પ્રસ્તુત ગ્રન્થરચના સ્વયં નિહાળી છે. આ ગ્રન્થની પ્રસ્તાવના લખવા આમંત્રણ આપીને તેઓએ મને કંઈક અપૂર્વ સ્વાધ્યાયની તકની ભેટ ધરી છે. અનેક વાંચક અધ્યેતાઓની આત્માનુભૂતિની પિપાસાને પેદા કરવામાં પ્રસ્તુત ગ્રન્થ મહત્ત્વનો ફાળો નોંધાવે અને મારા જેવામાં પણ અંતર્મુખતા અને આત્માનુભવની અભિલાષા કંઈક પ્રગટે તો ઘણું સારૂં.

સામર્થ્ય યોગને ખેંચી લાવે તેવા ફલાવંચક શાસ્ત્રયોગને અવલંબીને જ્ઞાન અને ક્રિયા દ્વાર પ્રકૃષ્ટ સામ્યાવસ્થાને પામીને જ્યાં પૂર્ણ સામ્યવાદ પ્રવર્તમાન છે, તેવા મોક્ષનગરનું નાગરિકત્વ આપણે સહુ જલ્દીથી મેળવી લઈએ એ જ અભિલાષા.

પરમપવિત્ર શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈ પણ લખાયું હોય તો અંતઃકરણપૂર્વક મિચ્છામિદુક્કડમ્.

મુનિ ઉદયવલ્લભવિજય

વિ.સં. ૨૦૫૩ દીપાવલી પર્વ
જવાહરનગર, ગોરેગામ (પશ્ચિમ)
મુંબઈ-૬૨.

# વિષયમાર્ગદર્શિકા


| | |
|---|---|
| ગ્રંથ મંગલ | ૧ |
| **अतिशयचतुष्कविचारः** | २ |
| ભગવાનના ચાર અતિશય | ૨ |
| व्यक्त्यपेक्षया पदस्य बलाधिकता | ३ |
| વ્યક્તિ કરતાં પદ મહાન | ૩ |
| અધ્યાત્મ માટે સ્થિરતા અને શુદ્ધિ બન્ને આવશ્યક | ૩ |
| उपनिषत्पदार्थविचारः | ४ |
| ઉપનિષત્ શબ્દની વ્યુત્પત્તિ | ૪ |
| सम्बन्धादि विमर्शः | ५ |
| વીતરાગના પ્રભાવથી ગ્રંથ રચના | ૫ |
| जिनानुग्रहस्य प्रधानहेतुत्वम् | ६ |
| અધ્યાત્મ શબ્દનો યોગાર્થ | ૬ |
| त्रिविधात्मोपदर्शनम् | ७ |
| લક્ષ્યસ્થાને પરમાત્માને ગોઠવો | ૭ |
| अध्यात्मव्याख्या | ८ |
| પંચાચારનું સૌંદર્ય માણો | ૮ |
| મોહનું આધિપત્ય જાય પછી જ અધ્યાત્મ | ૮ |
| आनन्दधनमतप्रकाशनम् | ९ |
| શુદ્ધ નિશ્ચયનયના બે પ્રકાર | ૯ |
| रूढाध्यात्मविचारः | १० |
| શબ્દના ચાર પ્રકાર | ૧૦ |
| અધ્યાત્મનો રૂઢ અર્થ | ૧૦ |
| नयव्याख्या | ११ |
| એવંભૂતનયની અપેક્ષાએ અધ્યાત્મ | ૧૧ |
| एवम्भूतनयाभिप्रायाविष्कारः | १२ |
| नैगमनयस्वरूपद्योतनम् | १३ |
| નૈગમનયનો પરિચય | ૧૩ |
| पूर्वसेवास्वरूपोपदर्शनम् | १४ |
| નૈગમનયથી અધ્યાત્મનો પરિચય | ૧૪ |
| आत्मनिरीक्षण देववन्दन जपादेरध्यात्मरूपता | १५ |
| સંગ્રહનયનું સ્વરૂપ | ૧૫ |
| निश्चयानुगृहीतसङ्ग्रहमतविचारः | १६ |
| સંગ્રહનયની દષ્ટિએ અધ્યાત્મ | ૧૬ |
| धर्माचारपुष्टनिर्मलचित्तस्याध्यात्मरूपता | १७ |
| વ્યવહારનયની વ્યાખ્યા | ૧૭ |
| અધ્યાત્મઃ વ્યવહાર નયની દષ્ટિમાં | ૧૭ |
| सद्धर्माचारस्याध्यात्मरूपता | १८ |
| ઋજૂસૂત્રનયની દષ્ટિએ અધ્યાત્મ | ૧૮ |
| चतुर्विधमध्यात्मम् | १९ |
| નિક્ષેપદષ્ટિએ અધ્યાત્મ વિચાર | ૧૯ |
| त्रिविध द्रव्यात्मविचारः | २० |
| શબ્દનયનું સ્વરૂપ | ૨૦ |
| आत्मकेन्द्रितयोगादेरध्यात्मरूपता | २१ |
| શબ્દનયના દર્પણમાં અધ્યાત્મ | ૨૧ |
| સમભિરૂઢનયનું લક્ષણ | ૨૧ |
| असङ्गानुष्ठानात्मनाध्यात्माभ्युपगमः | २२ |
| સમભિરૂઢનયથી અધ્યાત્મનું દર્શન | ૨૨ |
| ज्ञानक्रियारूपमध्यात्मम् | २३ |
| દ્રવ્યાનુયોગ-ચરણકરણાનુયોગની દષ્ટિમાં અધ્યાત્મ | ૨૩ |
| द्रव्यार्थिक-पर्यायार्थिकनयमत विमर्शः | २४ |

સામ્યયોગપ્રધાનનયથી અધ્યાત્મની ઓળખાણ ૨૪
નિશ્ચય વ્યવહારથી અધ્યાત્મ ૨૪
परब्रह्मस्वभावोऽध्यात्मम् २५
सहजकुविकल्पविलयस्यावश्यकता २६
અધ્યાત્મના અધિકારીને ઓળખીએ ૨૬
બે પ્રકારના કુવિકલ્પ છોડો ૨૬
नानाविधस्याद्वादस्वरूपद्योतनम् २७
હેતુ-સ્વરૂપ અનુબંધ શુદ્ધિ ૨૭
नैश्चयिक व्यावहारिकाध्यात्मस्वरूपस्फोरणम् २८
અધ્યાત્મ-અધ્યાત્મબીજ-અધ્યાત્મઅભ્યાસ-અધ્યાત્મઆભાસ ૨૮
अध्यात्मलाभकालविमर्शः २९
त्रिविधपक्षपातपरित्यागः ३०
માધ્યસ્થ્ય સ્વીકારીએ ૩૦
परकीयसद्वचनस्य स्वसमयानन्यत्वम् ३१
કદાગ્રહનો ત્યાગ કરીએ ૩૧
જ્ઞાનગર્ભિત વૈરાગ્યને અનુભવીએ ૩૧
कुतर्कनिदर्शनम् ३२
पञ्चविधजातिस्वरूपावेदनम् ३३
જાતિસ્વરૂપ પરિચય ૩૩
કુયુક્તિથી આગમ અબાધ્ય ૩૩
यादृच्छिकोदाहरणसौलभ्यम् ३४
અતીન્દ્રિય વિષયમાં તર્ક પાંગળો છે. ૩૪
योगिज्ञानस्याऽनपलपनीयता ३५
सम्पूर्ण दृष्टिलक्षणम् ३६
આગમ અને યુક્તિનું સંતુલન જાળવો ૩૬
आगमवादविषयस्यापि हेतुवादविषयत्वम् ३७
આગમવાદના વિષયમાં પણ યુક્તિનો પ્રવેશ ૩૭
आगमवाद हेतुवादव्यवस्थोपदर्शनम् ३८
યોગાભ્યાસને અપનાવો ૩૮
तत्त्वनिर्णयार्थमध्यात्ममुपायः ३९
હસ્તસ્પર્શ તુલ્ય શાસ્ત્રજ્ઞાન ૩૯
हस्तस्पर्शसमं शास्त्रज्ञानम् ४०
धर्मस्य सूक्ष्मबुद्धिगम्यत्वम् ४१
સમકિતીને પરિપૂર્ણ અર્થબોધ ૪૧
भौतधातकोदाहरणम् ४२
મોટા દોષને અપનાવી નાનો દોષ છોડવો તે નુકશાનકારી ૪૩
जिनाज्ञास्मरणपूर्वकप्रर्वतनस्य कल्याणावहत्वम् ४३
आज्ञापालने दोषसम्पत्तावप्याराधकता ४४
શાસ્ત્રશબ્દનો અર્થ અને ફલિતાર્થ ૪૪
मृषावादहेतूपदर्शनम् ४५
વીતરાગ એકાંતે વિશ્વસનીય ૪૫
कारणपञ्चकादागमानवगमः ४६
शास्त्रपुरस्कारे वीतरागपुरस्कारः ४७
શાસ્ત્રભક્તિ = મુક્તિદૂતી ૪૭
मुनि परिणामानपकर्षहेतुविद्योतनम् ४८
જિનવચન હૃદયસ્થ કરો ૪૮
सार्वत्रिकवीतरागादरपर्यायप्रकाशनम् ४९
સમાપત્તિનું સંવેદન ૪૯
योगिजननीदर्शनम् ५०
ધ્રુવ પદને પામીએ ૫૦
समापत्तेः ध्रुवपदत्वम् ५१

| | |
|---|---|
| પ્રશાંતવાહિતાને પારખીએ | ૫૧ |
| त्रिविधसंवृतिविद्योतनम् | ५२ |
| વિસભાગસંતતિક્ષયને અપનાવીએ | ૫૨ |
| शुद्धात्मस्वभावोपलब्धिकालप्रकाशनम् | ५३ |
| चतुर्विधचक्षुर्निरूपणम् | ५४ |
| ચક્ષુધારીના ચાર પ્રકાર | ૫૪ |
| શાસ્ત્ર એટલે સાધુની આંખ | ૫૪ |
| प्राधान्येन वैधकार्ये चर्मनेत्रानुपयोगः | ५५ |
| સુવર્ણની જેમ શાસ્ત્ર પરીક્ષા | ૫૫ |
| प्रमाणोपपन्नशास्त्रोपादेयता | ५६ |
| શાસ્ત્રની કષપરીક્ષા | ૫૬ |
| कषपरीक्षानिरूपणम् | ५७ |
| कषाऽशुद्धशास्त्रदर्शनम् | ५८ |
| કષઅશુદ્ધ શાસ્ત્રને જાણીએ | ૫૮ |
| स्थूलाहिंसा-ध्यानादेः प्राधान्येनानुपादेयता | ५९ |
| छेदपरीक्षामीमांसा | ६० |
| શાસ્ત્રની છેદ પરીક્ષા | ૬૦ |
| छेदशुद्धशास्त्रोपदर्शनम् | ६१ |
| उत्सर्गापवादविचारः | ६२ |
| ઉત્સર્ગ-અપવાદની મર્યાદા | ૬૨ |
| परदर्शनाऽसद्वचननिरूपणम् | ६३ |
| છેદશાસ્ત્રમાં નિષ્ફળ શાસ્ત્રનો પરિચય | ૬૩ |
| छेदपरीक्षामीमांसा | ६४ |
| વેદવિહિત હિંસા પણ પાપજનક છે. | ૬૪ |
| दाहोदाहरणोपदर्शनम् | ६५ |
| यज्ञादिषु भावदोषाऽप्रच्यवः | ६६ |
| जिनायतनादिसंलग्नहिंसाविचारः | ६७ |
| હિંસામાં ભાવસાપેક્ષ દોષનો વિચાર | ૬૭ |
| यज्ञादौ मनः शुद्ध्यसम्भवः | ६८ |
| શ્યેનયાગ અને અગ્નિહોત્ર સદોષ | ૬૮ |
| वेदवाक्यसङ्कोचाऽयोगः | ६९ |
| બ્રહ્મયજ્ઞનું સ્વરૂપ | ૬૯ |
| शङ्कराचार्यदिग्विजयसंवादः | ७० |
| કર્મવિધિ વેદાન્તવિધિનું અંગ નથી | ૭૦ |
| वेदान्तविधिशेषत्वविचारः | ७१ |
| हिंसाबहुलत्वात्कर्मविधेस्त्याज्यता | ७२ |
| धर्मस्य सूक्ष्मबुद्धिगम्यत्वम् | ७३ |
| परागमाऽप्रामाण्यबीजद्योतनम् | ७४ |
| નિરવદ્ય અનુષ્ઠાન ચિત્તશોધક | ૭૪ |
| निरवद्ययज्ञोपदर्शनम् | ७५ |
| શાસ્ત્રની તાપપરીક્ષા | ૭૫ |
| धर्मबिन्दुसंवादः | ७६ |
| तापाऽशुद्धौ कषच्छेदशुद्धैरकिञ्चित्करता | ७७ |
| સ્યાદ્વાદની સિદ્ધિ | ૭૭ |
| सङ्ग्रहनयद्वैविध्यम् | ७८ |
| સોમિલ પ્રશ્ન-પ્રત્યુત્તર વિચાર | ૭૮ |
| आत्मप्रदेशचयापचयविचारः | ७९ |
| सुनयस्य स्वाविवक्षितपदार्थाऽप्रतिक्षेपित्वम् | ८० |
| અનેકાંતના અવિરોધી એકાંતને ઓળખીએ | ૮૦ |
| आंशिकप्रामाण्यविचारः | ८१ |
| નય સંપૂર્ણતયા પ્રમાણ નથી | ૮૧ |
| નય અંશતઃ પ્રમાણ | ૮૧ |
| अनेकान्तविरोधे सत्येकान्तभङ्गः | ८२ |
| નયવાદ સંશયવાદ નથી | ૮૨ |
| अविरोधे सति समुच्चयः | ८३ |

| | | | |
|---|---|---|---|
| નયસમુચ્ચય = પ્રમાણ, ધર્મસમુચ્ચય = અનેકાંત | ૮૩ | અનેકાન્તવાદમાં આત્માશ્રય વગેરેનું નિરાકરણ | ૯૭ |
| દુર્નયો આપઘાતપ્રેમી છે. | ૮૩ | तत्त्ववैशारदी शास्त्रदीपिकादिषु स्याद्वादस्वीकारः | ९८ |
| अनेकान्तविरोधे सत्येकान्तभङ्गः | ८४ | એકત્ર ભેદાભેદ-અન્ય દર્શનકારોને સંમત | ૯૮ |
| અપેક્ષા ભેદથી અવિરૂદ્ધતા | ૮૪ | वस्तुस्वरूपमनेकान्तः | ९९ |
| स्याद्वादसिद्धिः | ८५ | त्रयात्मकतत्त्वविचारः | १०० |
| शाङ्करभाष्यपाकरणम् | ८६ | સર્વત ઉત્પતિ-વિનાશ-ધ્રુવતા | ૧૦૦ |
| નિત્યત્વ-અનિત્યત્વ પરસ્પર અવિરૂદ્ધ | ૮૬ | प्रकृतितत्त्वस्वरूपविमर्श | १०१ |
| स्याद्वादसिद्धिः | ८७ | સ્યાદ્વાદમાં સાંખ્યની સંમતિ | ૧૦૧ |
| સત્ત્વ-અસત્વ એકત્ર અવિરોધી | ૮૭ | एकानेकाकारज्ञानाङ्गीकारेऽनेकान्ताऽङ्गीकारः | १०२ |
| शाङ्करभाष्यपाकरणम् | ८८ | સ્યાદ્વાદમાં બૌદ્ધની સંમતિ | ૧૦૨ |
| स्याद्वादे संशयानवकाशः | ८९ | अनेकाकारकैकचित्ररूपस्वीकारे स्याद्वादस्वीकारः | १०३ |
| અવ્યાપ્યવૃત્તિ ધર્મ-સમાવેશવિચાર | ૮૯ | એકત્ર નિત્યાનિત્યત્વ ગૌતમબુદ્ધને માન્ય | ૧૦૩ |
| एकत्र व्याप्यवृत्तिनानाविरुद्धधर्मसमावेशसमर्थनम् | ९० | સાપેક્ષવાદમાં નૈયાયિક-વૈશેષિકની સંમતિ | ૧૦૩ |
| अवच्छेदकभेदेन वस्तुस्वरूपनिर्णयः | ९१ | मितिमातृप्रत्यक्षस्य मेयांशेऽप्रत्यक्षताविचारः | १०४ |
| वस्तुस्वरूपवैविध्येऽपि नियतव्यवहारः | ९२ | પ્રભાકર મિશ્રની સ્યાદ્વાદમાં સ્વીકૃતિ | ૧૦૪ |
| નયભેદથી વિભિન્ન નિર્ણય છતાં વ્યવહાર નિરાબાધ | ૯૨ | जाति व्यक्त्यात्मकवस्तुविचारः | १०५ |
| 'एगे आया' इति वाक्यविचारः | ९३ | સ્યાદ્વાદમાં કુમારિલ ભટ્ટ અને મુરારિ મિશ્રની સંમતિ | ૧૦૫ |
| सुनयविचारावसाने वस्तुस्वरूपनिर्णयः | ९४ | परदर्शनेऽपि वस्तुनः सामान्यविशेषात्मकत्वं | १०६ |
| અનેકાન્તમાં પણ અનેકાન્ત | ૯૪ | | |
| अनेकान्तव्यवस्थाप्रकरणसंवादः | ९५ | | |
| ભાસ્કરાચાર્યના પ્રલાપનું નિરાકરણ | ૯૫ | | |
| લોક વ્યવહારથી ભેદાભેદની સિદ્ધિ | ૯૫ | | |
| स्याद्वादे भेदानुविद्धाभेदसमर्थनम् | ९६ | | |
| અનેકાન્તવાદમાં આત્માશ્રય વગેરે દોષોનો આક્ષેપ | ૯૬ | | |
| *भेदाभेदस्य जात्यन्तररूपता* | ९७ | | |

| | |
|---|---|
| સ્યાદ્વાદમાં વેદાન્તીની સંમતિ | ૧૦૬ |
| શ્રીનિવાસ આચાર્ય વગેરેની સ્યાદ્વાદમાં સંમતિ | ૧૦૬ |
| स्याद्वादस्य सर्वदर्शनव्यापकत्वम् | १०७ |
| ઉપનિષદ્ વેદોમાં સ્યાદ્વાદનું પ્રતિબિંબ | ૧૦૭ |
| उपनिषत्सु स्याद्वादप्रतिबिम्बम् | १०८ |
| આત્મા અને કર્મ વાસ્તવિક છે | ૧૦૮ |
| स्याद्वादस्य सार्वपार्षदत्वम् | १०९ |
| જગત મિથ્યા નથી | ૧૦૯ |
| ઉપનિષદોમાં સાક્ષાત્ સ્યાદ્વાદનો સ્વીકાર | ૧૦૯ |
| द्वैताद्वैतस्याद्वादः | ११० |
| चार्वकपदव्युत्पत्ति | १११ |
| નાસ્તિકની ઉપેક્ષા | ૧૧૧ |
| ઉત્સર્ગથી સ્યાદ્વાદ પ્રમાણ, અપવાદથી નય પ્રમાણ | ૧૧૧ |
| औत्सर्गिकापवादिकप्रामाण्यविचारः | ११२ |
| अशुद्धवर्त्मनः शुद्धवर्त्मप्रापकत्वम् | ११३ |
| સ્વરૂપથી તાપ અશુદ્ધ શાસ્ત્ર | ૧૧૩ |
| એકાંત નિત્યવાદમાં હિંસા વગેરે અસંભવિત | ૧૧૩ |
| साङ्ख्यसम्मत हिंसाविचारः | ११४ |
| નૈયાયિકમાન્ય હિંસાની મીમાંસા | ૧૧૫ |
| अर्थसमाजसिद्धस्य कार्यतानवच्छेदकत्वात् | ११५ |
| नैयायिकनये पारिव्राज्यनैष्फल्यप्रसङ्गः | ११६ |
| બંધ-મોક્ષ સમાનાધિકરણ હોય | ૧૧૬ |
| अष्टावक्रगीतादिसंवादः | ११७ |
| એકાંત અનિત્યપક્ષમાં હિંસા અસંભવિત | ૧૧૭ |
| बौद्धनये नाशहेतोरभावः | ११८ |
| ગૌતમ બુદ્ધમાં હિંસકતાની આપત્તિ | ૧૧૮ |
| सुगतस्याहिंसोपदेशकत्वाऽसङ्गतिः | ११९ |
| બૌદ્ધમતે સંક્લેશ ભેદક ન બને | ૧૧૯ |
| लङ्कावतारसूत्रभङ्गप्रसङ्गः | १२० |
| આનન્તર્ય ભેદક ન બને | ૧૨૦ |
| सौगतनये नित्यत्वसिद्धिः | १२१ |
| અનેકાન્તવાદથી માધ્યસ્થ્યની ઉપલબ્ધિ | ૧૨૧ |
| समताया द्वैविध्यम् | १२२ |
| સ્યાદ્વાદીને સર્વ નય સમાન | ૧૨૨ |
| अनेकान्तवादे द्वितीयसमताङ्गीकारः | १२३ |
| દુર્નયો કાલ્પનિક | ૧૨૩ |
| अभिनिविष्टनयखण्डनस्य शास्त्रार्थता | १२४ |
| अष्टविधमाध्यस्थ्योपदर्शनम् | १२५ |
| દુર્નયના ખંડન-મંડનમાં મુનિને મધ્યસ્થતા | ૧૨૫ |
| હેતુ-સ્વરૂપ-અનુબંધથી મધ્યસ્થતા | ૧૨૫ |
| खण्डनाखण्डनयोः स्याद्वादिनो माध्यस्थ्यम् | १२६ |
| કદાગ્રહી ઉપર સ્યાદ્વાદીને કરૂણા | ૧૨૬ |
| सुज्ञानामज्ञप्रलापे करूणास्फुरणम् | १२७ |
| શ્રુતજ્ઞાનને ઓળખીએ | ૧૨૭ |
| श्रुतज्ञानेऽभिनिवेशविरह | १२८ |
| महावाक्यार्थविचारः | १२९ |
| ચિન્તાજ્ઞાનનું ચિંતન | ૧૨૯ |
| त्रिविधविषयविमर्शः | १३० |
| ભાવનાજ્ઞાનને પરિણમાવીએ | ૧૩૦ |

| | |
|---|---|
| भावनादृष्टमेव तत्त्वतोज्ञातम् | १३१ |
| षोडशकग्रन्थविरोधपरिहारः | १३२ |
| શ્રુતજ્ઞાનમાં આગ્રહ છે. છતાં નથી, | ૧૩૨ |
| सद्वचनाऽरुचिः दृष्टिवादारुचिजननी | १३३ |
| ચિન્તાજ્ઞાનમાં આગ્રહ છૂટી જાય છે | ૧૩૩ |
| भावनाज्ञानिनः सर्वत्र हितप्रवृत्तिः | १३४ |
| ચારિસંજીવની ન્યાય | ૧૩૪ |
| अहिंसाविचारः | १३५ |
| चारिसञ्जीवनीन्यायोपनयरहस्यद्योतनम् | १३६ |
| भावनाज्ञानानुसारिन्यायोपदर्शनम् | १३७ |
| परममाध्यस्थ्यविचारः | १३८ |
| સર્વદર્શન તુલ્યતા | ૧૩૮ |
| देवादिगोचरमाध्यस्थ्यविचारः | १३९ |
| स्याद्वादिनां शब्दमात्राग्रहानौचित्यम् | १४० |
| नानादर्शनेषु मोक्षोद्देशप्रदर्शनम् | १४१ |
| અન્ય દર્શનોમાં મોક્ષલક્ષિતાનું દર્શન | ૧૪૧ |
| सम्यग्दर्शनस्य सदङ्गीकारानुगुणत्वम् | १४२ |
| પરમદર્શનના સત્ અંશને સ્વીકારવામાં સમ્યગ્દર્શન નિરતિચાર | ૧૪૨ |
| वेदवचनप्रामाण्यविचारः | १४३ |
| अन्योन्याश्रयापाकरणम् | १४४ |
| શુષ્કવાદ-વિવાદ છોડો, ધર્મવાદ અપનાવો | ૧૪૪ |
| संसारद्वैविध्यम् | १४५ |
| શાસ્ત્ર પણ ક્યારેક સંસાર બને | ૧૪૫ |
| माध्यस्थ्योपेतशास्त्रवचनं प्रभा | १४६ |
| મધ્યસ્થતા વિના કરોડો શાસ્ત્ર નકામા | ૧૪૬ |
| तत्त्वोपलब्धौ वादानुपयोगिता | १४७ |
| વાદ-પ્રતિવાદ બિનજરૂરી | ૧૪૭ |
| मुग्धच्छात्रोदाहरणम् | १४८ |
| જિનશાસનનો સાર-ઉપશમ-વિવેક-સંવર | ૧૪૮ |
| चिलातिपुत्र निदर्शनम् | १४९ |
| अव्यक्तसमाधिविचारः | १५० |
| અવ્યક્તસમાધિ પણ વ્યક્તસમાધિ તુલ્ય | ૧૫૦ |
| अनेकान्तरूचेः समाधिजनकता | १५१ |
| धीरतादिगुणरुचिसत्त्वे यशोलाभः | १५२ |
| અનેકાન્તની સામાન્ય કે વિશેષરૂચિ આવકાર્ય | ૧૫૨ |
| प्रथमाधिकारोपसंहारः | १५३ |

॥ श्रीवीतरागाय नमः ॥

॥ ऐं नमः ॥

न्यायविशारद-न्यायाचार्य-महामहोपाध्यायश्रीयशोविजयगणिप्रणीत

# ॥ अध्यात्मोपनिषद् ॥

## अध्यात्मोपनिषत्प्रकरणे शास्त्रयोगशुद्धिनामा प्रथमोऽधिकारः

**ऐन्द्रवृन्दनतं नत्वा, वीतरागं स्वयम्भुवम् ।**
**अध्यात्मोपनिषन्नामा, ग्रन्थोऽस्माभिर्विधीयते ॥१॥**

### अध्यात्मवैशारदी (अभिनवटीका)

प्राप्ते त्रयोदशे वर्षे, नत्वा शङ्खेश्वराधिपम् ।
विरच्यते मयाऽध्यात्मवैशारदी गुणप्रदा ॥१॥

—> **ऐन्द्रवृन्दनतं** = इन्द्रसम्बन्धिसमूहनमस्कृतं **स्वयम्भुवं** = स्वतो लब्धात्मलाभं **वीतरागं** = ध्वस्तराग-द्वेष-मोहादिदोषं **नत्वा** = नमस्कार्यावधिक-स्वापकर्षबोधानुकूल-शिरोनमन-करयोजनादिव्यापारं कृत्वा <— इत्यनेन प्रधानभावमङ्गलमभिहितं विघ्नोपशान्तये, शिष्टाचारपरिपालनं च कृतं स्वशिष्टत्वरक्षायै ।

### અધ્યાત્મપ્રકાશ (ગુજરાતી વિવરણ)

સરસ્વતી માતા કૃપા કરો, દ્યો સદ્બુદ્ધિ ગુરુમહારાજ,
અધ્યાત્મઉપનિષદ્ કેરો, ભાવાનુવાદ રચું છું આજ.

**શ્લોકાર્થ** : ઈન્દ્રસંબંધી સમૂહથી નમસ્કાર કરાયેલ અને સ્વયંભૂ એવા વીતરાગને નમસ્કાર કરીને, અધ્યાત્મ ઉપનિષદ્ નામનો ગ્રંથ અમારા વડે (મહોપાધ્યાય યશોવિજયજી ગણિવર વડે) રચાય છે.

**'અધ્યાત્મવૈશારદી'** ટીકાના મંગલ શ્લોકનો અર્થઃ-દીક્ષાનું તેરમું વર્ષ પ્રાપ્ત થતાં શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરીને મારા વડે (મુનિ **યશોવિજય** વડે) **અધ્યાત્મોપનિષદ્** ગ્રંથ ઉપર **અધ્યાત્મવૈશારદી** ટીકા રચાય છે કે જે ગુણોને પ્રકૃષ્ટરૂપે આપનારી છે.

### ❊ ગ્રંથ મંગલ ❊

**ટીકાર્થ** :- ઈન્દ્રસંબંધી સમૂહથી નમસ્કાર કરાયેલ અને જેમણે સ્વયં સ્વઅસ્તિત્વને મેળવેલ છે તેમ જ જેમણે રાગ-દ્વેષ-મોહ વગેરે દોષોનો નાશ કરેલ છે તેવા વીતરાગ પ્રસ્તુતમાં નમસ્કાર્ય છે. તેમની અપેક્ષાએ પોતાનામાં અપકર્ષ રહેલો છે, એવું જણાવે તેવી મસ્તકનમન, હાથ જોડવા વગેરે સ્વરૂપ પ્રવૃત્તિ કરીને અર્થાત્ નમસ્કાર કરીને પ્રસ્તુત ગ્રંથનો આરંભ ગ્રંથકારને ઈષ્ટ છે. વીતરાગને નમસ્કાર કરવા દ્વારા વિઘ્નોની શાંતિ માટે પ્રધાન એવું ભાવ મંગલ ગ્રંથકારે કર્યું. શિષ્ટ પુરૂષો શુભ કાર્યના આરંભમાં મંગલ કરવા પૂર્વક જ પ્રવૃત્તિ કરે છે. તેથી ગ્રંથકારશ્રીએ પોતાના શિષ્ટત્વની રક્ષા માટે શિષ્ટાચારનું પાલન કરવા મંગલ કર્યું છે. 'इन्द्रवृन्दनतं'

स्वशिष्यादिहितशिक्षायै ग्रन्थाध्ययनेऽनुषङ्गतः शिष्यादीनां मङ्गलसम्पत्तये च मङ्गलं ग्रन्थनिबद्धम्। कामितपूरणसुरतरु-स्वेष्ट-सिद्ध-वाग्देवतामन्त्रस्मरणादिकृते - 'ऐन्द्रे'त्युक्तम् । अनेन च वाग्देवतां प्रति स्वकृतज्ञतादिकमाविष्कृतम् । ऐन्द्रवृन्दनतमित्यनेन भगवतः पूजातिशयः प्रकटितः, वीतरागमित्यनेनाऽपायापगमातिशयो द्योतितः, स्वयम्भुवमित्यनेन च ज्ञानातिशयः प्रकाशितः । परेषां परप्रबुद्धत्वेऽपि भगवतः स्वयंसम्बुद्धत्वेन ज्ञानातिशयभाजनत्वात् चरमभवे तीर्थङ्करादिरूपेण स्वतो भवनं सङ्गतमेव । ततश्च तीर्थङ्करस्य पार्थिवदेहरूपेण औदारिकशरीरात्मना वा परतो भवनेऽपि न क्षतिः । वचनातिशयश्च 'तद्ग्रहणे तत्सजातीयोऽपि गृह्यते' इति न्यायेन गम्यः । **केचित्तु** —> 'स्वयंभुवं' इत्यनेन वचनातिशयः प्रकटितः <— इति व्याचक्षते।

'वीतरागमि'ति पदं द्विरावर्त्य क्रमशः विवक्षाभेदेन विशेषणता-विशेष्यताक्रान्तमवगन्तव्यम् । नमस्कार्यः कीदृगित्याकाङ्क्षायां तद्विशेषणताप्रतिपादकम्, नमस्कार्यः कः ? इत्याकाङ्क्षायां च तद्विशेष्यताद्योतकम्। ततश्च न निराकाङ्क्षशाब्दबोधानुपपत्तिः । **न च** 'महावीरमि'ति पदमेवाऽध्याहार्यं विशेष्यरूपेणेति नैकत्र

---

કહેવાને બદલે "ऐन्द्रवृन्दनतं" આ રીતે પ્રસ્તુત ગ્રંથની શરૂઆત કરવાનું પ્રયોજન એ છે કે મનોવાંછિતપૂરણ સુરતરુ અને પોતાને ઈષ્ટ તેમ જ સિદ્ધ થયેલ એવા સારસ્વત મંત્રનું ગ્રંથકારશ્રીને સ્મરણ વગેરે કરવું છે. આના દ્વારા સરસ્વતી માતા પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વગેરે મહોપાધ્યાયજી મહારાજે વ્યક્ત કરી છે. સારસ્વત મંત્રનું પ્રધાન બીજ "ऐं" છે.

## ❀ ભગવાનના ચાર અતિશય ❀

પ્રથમ પદ દ્વારા ભગવાનનો પૂજાઅતિશય વ્યક્ત કરેલો છે. વીતરાગ પદ દ્વારા ભગવાનનો અપાયઅપગમ અતિશય પ્રગટ કર્યો છે. સ્વયંભૂ શબ્દથી ભગવાનનો જ્ઞાનઅતિશય પ્રકાશિત થયેલો છે. સ્વયંભૂ શબ્દનો અર્થ છે સ્વયં થવું. બીજા બધા જીવો ગુરુઉપદેશ વગેરે દ્વારા બોધ પામે છે. પરંતુ ભગવાન સ્વયંસંબુદ્ધ હોય છે. તેથી તેઓ જ્ઞાનાતિશયનું ભાજન હોય છે. માટે ચરમ ભવની અંદર તીર્થંકર વગેરે સ્વરૂપે સ્વયં જ થવું તેઓને માટે સંગત છે. તેથી પાર્થિવ દેહરૂપે કે ઔદારિક શરીરરૂપે તીર્થંકરનું અસ્તિત્વ બીજાથી (માતા, પિતા, ઔદારિક શરીરનામ કર્મ વગેરે થકી) આવે તો પણ તીર્થંકરનું સ્વયંભૂપણું હણાતું નથી. પૂજાઅતિશય વગેરેનો સજાતીય હોવાથી વચનાતિશયનું પણ અહીં ગ્રહણ કરી લેવું. તે માટે **'તદ્ગ્રહણે તત્સજાતીયોऽપિ ગૃહ્યતે.'** આવો ન્યાય પ્રચલિત છે. (દા.ત. 'દહેરાસરની સંભાળ કરવી' આ વાક્યમાં દહેરાસરને સજાતીય એવી જિનપ્રતિમા, તીર્થો વગેરેની સંભાળ પણ આવી જાય.) કોઈક વિદ્વાનો એવું કહે છે કે સ્વયંભૂ શબ્દથી વચનાતિશય સૂચિત થાય છે.

**"વીતરાગં"** એવું પદ આવૃત્તિ કરીને બે વાર ગ્રહણ કરવું. તથા ક્રમશઃ અલગ અલગ વિવક્ષાથી તે પદ વિશેષણપ્રતિપાદક અને વિશેષ્યપ્રતિપાદક છે. 'નમસ્કાર્ય કેવા છે ?' આવી આકાંક્ષા ઉપસ્થિત થાય ત્યારે તે વિશેષણનું પ્રતિપાદક છે 'નમસ્કાર્ય કોણ છે ?' એવી જિજ્ઞાસાના ઉત્તર રૂપે તે વિશેષ્યનું પ્રતિપાદક છે. તેથી —> "વીતરાગ એવું પદ તો માત્ર વિશેષણવાચક જ છે, તો નમસ્કારનો વિશેષ્યાત્મક વિષય કોણ છે ?" આવી આકાંક્ષા શાંત ન થવાના કારણે નિરાકાંક્ષ શાબ્દબોધ ઘટી નહીં શકે. <— આવી શંકાનું પણ સમાધાન થઈ જાય છે, કેમ કે અહીં વીતરાગ પદનું બે વાર ઉચ્ચારણ કરવાનું છે. એક વીતરાગપદ વિશેષણવાચક સમજવાનું અને બીજું વીતરાગપદ વિશેષ્યબોધક સમજવાનું. તેથી કોઈ અસંગતિ નહિ આવે.

**શંકા** :- પ્રસ્તુતમાં વિશેષ્યરૂપે 'મહાવીરં' આવા કોઈક પદનો અધ્યાહાર કરવો જ યોગ્ય છે, કારણ કે

विशेषणता-विशेष्यतोभयसमावेशकृतेऽवच्छेदकभेदयाश्वेति **शङ्कनीयम्,** प्रातिस्विकवीतरागव्यक्त्यपेक्षयाऽऽर्हन्त्य-प्रतिपादकस्य वीतरागपदस्य नोआगमतः सर्वभाववीतरागानुगतस्य बलाधिकत्वात् शाश्वतिकत्वेन अभ्यर्हितत्वात्, त्रैकालिकसर्वव्यक्तिसङ्ग्राहकत्वाच्च; धर्मापेक्षया धर्मस्थानकस्येव, गुणापेक्षया गुणस्थानकस्येव वा । एतेन पापापेक्षया पापस्थानकस्य बलाधिकत्वमाविष्कृतम् ।

**'अध्यात्मोपनिषन्नामा ग्रन्थोऽस्माभिः विधीयते'** इत्यनेन स्वप्रतिज्ञाऽऽवेदिता । सा च विवक्षितविषयबोधाऽर्थिनामभिमतविषयश्रवणं प्रत्यवधानफलिका । अध्येतुरनवधाने एतद्ग्रन्थोक्तपदार्थाद्यनवगमेन श्रोतुश्च साक्षात् प्रयोजनत्वेनाभिमताया अध्यात्मोपनिषदो लाभो न स्यात् । विचक्षणस्यापि श्रोतुः पदार्थाद्यवबोधे चित्तस्थैर्यस्यावश्यकता एतद्ग्रन्थोपदर्शिताध्यात्म-शास्त्रयोगशुद्ध्यादिपदार्थपरिणमने च चित्तशुद्धेरावश्यकतेति ध्येयम् ।

---

તેવું કરવાથી વીતરાગ એવા એક શબ્દને વિશેષણવાચક અને વિશેષ્યવાચક માનવા માટે વિવક્ષાભેદની (અવચ્છેદકભેદની) કલ્પના કરવાની જરૂર રહેતી નથી.

## ❀ વ્યક્તિ કરતાં પદ મહાન ❀

<u>**સમાધાન**</u> :- આવી દલીલ વાહિયાત છે, કારણ કે મહાવીર કે ઋષભદેવ વગેરે શબ્દ વ્યક્તિના પ્રતિપાદક છે. જ્યારે વીતરાગ શબ્દ પ્રસ્તુતમાં અરિહંત પદનું પ્રતિપાદક છે કે જેનો અર્થ આગમની અપેક્ષાએ સર્વે ભાવ અરિહંતોમાં અનુગત છે. પ્રાતિસ્વિક અરિહંત વ્યક્તિની અપેક્ષાએ વીતરાગ પદ = અરિહંત પદ બળવાન છે, તેમ જ શાશ્વત હોવાથી વધારે પૂજ્ય છે, તથા ત્રણે ય કાળના સર્વ અરિહંત વ્યક્તિઓનું સંગ્રાહક છે. (અહીં પદનો અર્થ શબ્દ ન કરવો પરંતુ હોદ્દો કરવો.) વૈયક્તિક ધર્મની અપેક્ષાએ ધર્મસ્થાનક બળવાન છે. વિવક્ષિત ગુણની અપેક્ષાએ ગુણસ્થાનક બળવાન છે. અરિહંત વ્યક્તિ શાશ્વત નથી પરંતુ અરિહંત પદ શાશ્વત છે. ધર્મી શાશ્વત નથી પરંતુ ધર્મસ્થાન શાશ્વત છે. (પંચ પરમેષ્ઠીના દરેક પદો શાશ્વત છે પણ તે પદ પર આરૂઢ થનાર એક નિયત વ્યક્તિ ત્યાં ત્રણેય કાળમાં હાજર હોતી નથી. માટે જ સિદ્ધચક્ર યંત્રની પૂજા કર્યા પછી પણ તીર્થંકરની પૂજા થઈ શકે, કારણ કે સિદ્ધચક્રમાં સાધુ તરીકે કોઈ વ્યક્તિની પૂજા નથી. પરંતુ સાધુ પદની પૂજા છે. માટે મહાવીર વગેરે વ્યક્તિ કરતાં અરિહંત વગેરે પદ મહાન છે-એવું સિદ્ધ થાય છે. તેથી મહાવીર વગેરેને વ્યક્તિગત નમસ્કાર કરવા કરતાં વીતરાગ પદને = અરિહંત પદને = આર્હન્ત્યને નમસ્કાર કરવો ગ્રંથકારને ઈષ્ટ હોય તેવું લાગે છે.) આનાથી સૂચિત થાય છે કે પાપની અપેક્ષાએ પાપસ્થાનક બળવાન છે. સમકિતીના જીવનમાં પ્રવૃત્તિરૂપે પાપ હોય પણ પાપસ્થાનક ન હોય. પાપસ્થાનક એટલે જેનાથી નવા નવા બીનજરૂરી પાપો કરવાનું મન થાય, જે થતાં એવા પાપોમાં આનંદ-રૂચિ લાવે, ભૂતકાળમાં થયેલા પાપોની પ્રશંસા કરાવે, પાપના અનુબંધ પડાવે. ટૂંકમાં, પાપ એટલે કાંટો અને પાપસ્થાનક એટલે બાવળિયાનું ઝાડ.

## ❀ અધ્યાત્મ માટે સ્થિરતા અને શુદ્ધિ બન્ને આવશ્યક ❀

'અધ્યાત્મોપનિષદ્ નામનો ગ્રંથ અમારા વડે રચાય છે' આવું કહેવા દ્વારા ગ્રંથકારે પોતાની પ્રતિજ્ઞા જણાવેલ છે. પ્રતિજ્ઞાનું ફળ છે વિવક્ષિત વિષયના બોધના અર્થી એવા શ્રોતાઓને વિવક્ષિત વિષયના શ્રવણ પ્રત્યે એકાગ્ર ચિત્ત કરવા. ભણનાર જો સાવધાન ન હોય તો પ્રસ્તુત ગ્રંથમાં જણાવેલ પદાર્થનો બોધ ન થવાથી શ્રોતાને સાક્ષાત્ પ્રયોજન રૂપે અભિમત એવા અધ્યાત્મોપનિષદ્નો લાભ ન થાય. હોંશિયાર એવા પણ શ્રોતાને પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થની જાણકારી માટે ચિત્તની સ્થિરતા જરૂરી છે. પ્રસ્તુત ગ્રંથમાં દર્શાવેલ

आत्मनि इति अध्यात्मम्, सप्तमीविभक्त्यर्थेऽव्ययीभावः (पाणि.२/१/६-सिद्धहेम.३/१/३९) । उपनिषत्पदस्य योगार्थ एवं —> उप = समीपं ब्रह्मणः निषीदन्ति अनयेति उपनिषद् । यद्वा उप = गुरूणां समीपं निषद्य एव याऽधीयते यथार्थरूपेणोपलभ्यते सा उपनिषद् । रूढ्यर्थस्तु गूढाऽन्तिमरहस्यभूतं शास्त्रनवनीतं = उपनिषद् । यथोक्तं **अमरकोशे** —> धर्मे रहस्युपनिषत् स्यात् <— ( ) । सदेः धातोर्विशरणगत्यवसादनार्थस्योपनिपूर्वस्य क्विप्प्रत्ययान्तस्य रूपमिदमुपनिषदिति । उपनिषच्छब्देन च व्याचिख्यासितग्रन्थप्रतिपाद्यवेद्यवस्तुविषया विद्योच्यते । 'केन पुनरर्थयोगेनोपनिषच्छब्देन विद्योच्यते' इति ? उच्यते- ये मुमुक्षवो दृष्टानुश्रविकविषयवितृष्णाः सन्तः उपनिषच्छब्दवाच्यां विद्यां उपनिषद्य = उपगम्य तन्निष्ठतया निश्चयेन शीलयन्ति तेषामविद्यादेः संसारबीजस्य विशरणात् = हिंसनात् = विनाशनात् इत्यनेनाऽर्थयोगेन विद्या उपनिषद् इत्युच्यते । पूर्वोक्तविशेषणान् वा मुमुक्षून् परं ब्रह्म गमयति इति च ब्रह्मगमयितृत्वेन योगेन ब्रह्मविद्या = उपनिषत् ।

ननु चोपनिषच्छब्देनाध्येतारो ग्रन्थमप्यभिलपन्ति 'उपनिषदमधीमहे, उपनिषदमध्यापयाम' इति च । **नैष** दोषः । अविद्यादि-संसारहेतुविशरणादेः सदिधात्वर्थस्य ग्रन्थमात्रेऽसम्भवात् विद्यायाश्च सम्भवात् ग्रन्थस्यापि

---

**અધ્યાત્મ; શાસ્ત્રયોગશુદ્ધિ વગેરે પદાર્થોને પોતાનામાં પરિણમાવવા માટે ચિત્તશુદ્ધિની આવશ્યકતા છે. આ વાત ધ્યાનમાં રાખવી.**

## ※ ઉપનિષદ્ શબ્દની વ્યુત્પત્તિ ※

**'आत्मनि इति अध्यात्मम्' આમ સાતમી વિભક્તિના અર્થમાં અવ્યયીભાવ સમાસ થયેલો છે. ઉપનિષદ્ શબ્દનો યોગાર્થ આ મુજબ છે. - ઉપ =વિશુદ્ધ બ્રહ્મ તત્ત્વની પાસે, જેના દ્વારા શ્રોતા બેસે = પહોંચે તે ઉપનિષદ્. અર્થાત્ પરમ બ્રહ્મની પાસે પહોંચવાનું સાધન તે ઉપનિષદ્. એટલે કે પરબ્રહ્મ તુલ્ય બનાવે તે ઉપનિષદ. (પ્રસ્તુતમાં અધ્યાત્મનું ઉપનિષદ્ અભિપ્રેત હોવાથી આવું અર્થઘટન અહીં કરેલું છે.) અથવા ઉપ = ગુરુની પાસે બેસીને જ જે યથાર્થ રીતે જાણી શકાય તે ઉપનિષદ્. ઉપનિષદ્ શબ્દનો રૂઢ અર્થ આ મુજબ છે.- ગૂઢ અને અંતિમ રહસ્ય સ્વરૂપ એવું શાસ્ત્રનવનીત = શાસ્ત્રોનો અર્ક = સાર. <u>કાઠકોપનિષત્</u>ના ભાષ્યમાં <u>શંકરાચાર્ય</u> એમ જણાવે છે કે —> 'उप' અને 'नि' ઉપસર્ગ યુક્ત 'सद्' ધાતુને ક્વિપ્ પ્રત્યય લાગવાથી 'ઉપનિષદ્' શબ્દ બનેલ છે. 'सद्' ધાતુનો અર્થ વિનાશ, ગતિ અને અવસાદન થાય છે. જે ગ્રન્થની વ્યાખ્યા કરવાનું અભિમત હોય તે ગ્રન્થથી પ્રતિપાદ્ય એવી વેદ્ય વસ્તુ સંબંધી વિદ્યા એ 'ઉપનિષત્' શબ્દનો અર્થ છે. 'કયા અર્થના યોગથી ઉપનિષત્ શબ્દનો અર્થ તથાવિધ વિદ્યા થાય છે ?' આ પ્રશ્નનો જવાબ એ છે કે આ લોક અને પરલોકની તૃષ્ણાથી રહિત બનેલા જે મુમુક્ષુઓ ઉપનિષદ્ શબ્દથી પ્રતિપાદ્ય વિદ્યાને પામીને તેમાં સ્થિર થઈને નિશ્ચયથી તેનું શીલન-પરિશીલન કરે છે તેઓનું અવિદ્યાસ્વરૂપ સંસારબીજ નાશ પામે છે. આમ 'ઉપનિષદ્' શબ્દમાં રહેલ 'ઉપ' અને 'नि' ઉપસર્ગયુક્ત સદ્ ધાતુનો યોગાર્થ તથાવિધ વિદ્યામાં રહેલ હોવાથી તે વિદ્યા એ ઉપનિષદ્ શબ્દ દ્વારા પ્રતિપાદ્ય છે. આ લોક અને પરલોકની તૃષ્ણાથી મુક્ત બનેલા મુમુક્ષુઓને પરબ્રહ્મ પમાડનાર ઉપનિષદ્ છે. આમ પરબ્રહ્મ તત્ત્વ પમાડનાર હોવાથી બ્રહ્મવિદ્યા પણ ઉપનિષદ્ શબ્દથી પ્રતિપાદ્ય છે.**

**જો કે ભણનારાઓ તો ઉપનિષદ્ શબ્દનો અર્થ ગ્રંથ પણ કરે છે. 'અમે ઉપનિષત્ ભણીએ છીએ.' 'અમે ઉપનિષદ્ ભણાવીએ છીએ' આવો શબ્દપ્રયોગ = વ્યવહાર થાય છે. છતાં કોઈ પણ પ્રકારનો દોષ પૂર્વોક્ત વક્તવ્યમાં સંભવતો નથી. આનું કારણ એ છે કે સંસારના હેતુભૂત અવિદ્યા-માયા વગેરે પદાર્થનો નાશ એ ઉપ + નિ + સદ્ ધાતુનો અર્થ છે અને માત્ર ગ્રન્થમાં તો તે અસંભવિત જ છે. વિદ્યામાં જ અવિદ્યાનાશકતા**

तादर्थ्येन तच्छब्दत्वोपपत्तेः, 'आयुर्वै घृतमि'त्यादिवत् । तस्माद् विद्यायां मुख्यया वृत्त्योपनिषच्छब्दो वर्तते ग्रन्थे तु भक्त्येति व्यक्तमुक्तं **शङ्कराचार्येण काठकोपनिषद्भाष्ये** । अध्यात्मगोचरगूढचरमरहस्यार्थः प्रकृते अभिधेयः प्रकृतग्रन्थश्च तदभिधायक इति अध्यात्मोपनिषदिति नाम यथार्थम् । एतावता प्रकृतग्रन्थाध्यात्मो-पनिषदोरभिधेयाभिधायकभावसम्बन्धो विभाव्य-विभावकसंसर्गो वा विद्योतितः । अयन्तु तर्कानुसारिणं प्रति । श्रद्धानुसारिणं प्रति तु गुरुपर्वपरम्परारूपसंबन्धोऽवसेयः । अर्थी समर्थो विद्वान् अधिकारीति सामर्थ्यगम्यम् । अधिकारिणः श्रोतुः साक्षात् प्रयोजनमध्यात्मोपनिषदुपलब्धिः ग्रन्थकृतश्च शिष्याद्युपकारः, परम्परया तु मुक्तिरेवोभयोः प्रयोजनम् । इत्थञ्चाभिधेय-सम्बन्धाधिकारि-प्रयोजनलक्षणानुबन्धचतुष्टयप्रतिपादनमवगन्तव्यम्, अनुबध्नन्ति = प्रवर्तयन्ति ग्रन्थार्थे श्रोतॄन् इति अनुबन्धा इति व्याख्यानुसारेण तेषां चतुर्णामनुबन्धत्वमना-विलमिति विभावनीयम् । स्वकर्तृत्वाशयजन्याहङ्कारप्रतिक्षेपाय 'वयं विदधामहे' इत्यनुक्त्वा 'अस्माभिः विधीयते' इत्युक्तम् । 'आत्मनि गुरौ चैकवचनं न प्रयुञ्जित' इति वचनात् बहुवचननिर्देशोऽकारि । अस्माभिः = महोपाध्याययशोविजयगणिवरैः विक्रमार्काष्टादशशतककालीनैः ।

(= ઉપનિષદ્ શબ્દનો અર્થ) સંભવે છે. ગ્રન્થ પણ અવિદ્યાના નાશ માટે જ હોવાથી કાર્ય-કારણભાવના ઉપચારથી ગ્રન્થને પણ ઉપનિષદ્ કહી શકાય. આયુષ્યનું કારણ હોવાથી 'ઘી આયુષ્ય છે' આવો વ્યવહાર થાય છે તેમ આ વાત સમજવી. ટુંકમાં, મુખ્ય વૃત્તિથી ઉપનિષદ્ શબ્દ વિદ્યામાં પ્રવૃત્ત થાય છે અને ગૌણ વૃત્તિથી ઉપનિષદ્ શબ્દ ગ્રન્થમાં પ્રવૃત્ત થાય છે. ←— પ્રસ્તુતમાં અધ્યાત્મવિષયક ગુપ્ત ચરમ રહસ્યાર્થ અભિધેય છે અને આ ગ્રંથ તેનો અભિધાયક છે. માટે અધ્યાત્મોપનિષદ્ એવું આ ગ્રંથનું નામ યથાર્થ = અર્થાનુસારી = ગુણનિષ્પન્ન છે. આનાથી પ્રસ્તુત ગ્રંથ અને તેના વિષયભૂત અધ્યાત્મના નિચોડ વચ્ચે અભિધેય - અભિધાયકભાવ રૂપ સંબધ = વાચ્ય-વાચકભાવ સંબંધ સૂચિત થાય છે. અથવા અધ્યાત્મઉપનિષદ્ તાત્ત્વિક રીતે વિભાવન કરવા યોગ્ય છે અને આ ગ્રન્થ તેમાં સહાયક-સાધન હોવાથી તે બન્ને વચ્ચે વિભાવ્ય-વિભાવકભાવ સંબંધ પણ કહી શકાય. આ સંબંધ તર્કાનુસારી શ્રોતાને અનુલક્ષીને સમજવો. શ્રદ્ધાનુસારી અધ્યેતા પ્રત્યે તો ગુરૂપર્વપરંપરારૂપ સંબંધ જાણવો. પ્રસ્તુત ગ્રંથનો અધિકારી તે વ્યકિત છે કે જે અધ્યાત્મના રહસ્યાર્થનો અર્થી હોય, તે મેળવવા સમર્થ હોય, તેમ જ આ કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય એવી વિદ્વત્તા તેનામાં હોય. આવા અધિકારી શ્રોતાનું સાક્ષાત્ પ્રયોજન છે અધ્યાત્મના ગૂઢાર્થની ઉપલબ્ધિ = જાણકારી અને પ્રાપ્તિ. તથા શિષ્ય વગેરે ઉપર ઉપકાર કરવો તે ગ્રંથકારનું સાક્ષાત્ પ્રયોજન છે. ગ્રંથકાર અને શ્રોતા બન્નેનું પરંપરાએ પ્રયોજન પરમ પદની પ્રાપ્તિ = મુક્તિ છે. આ રીતે અભિધેય, સંબધ, અધિકારી અને પ્રયોજન સ્વરૂપ ચાર અનુબંધોનું સ્વરૂપ જાણવું. ગ્રંથના અર્થમાં શ્રોતાને જકડી રાખે તે અનુબંધ કહેવાય. આ વ્યાખ્યા મુજબ અભિધેય વગેરે ચારે ય અનુબંધ સ્વરૂપે સિદ્ધ થાય છે.

## ✻ વીતરાગના પ્રભાવથી ગ્રંથ રચના ✻

આ ગ્રંથ વિશે પોતાના કર્તૃત્વભાવથી ઉત્પન્ન થનાર અહંકારને દૂર કરવા માટે 'અમે રચીએ છીએ' એવો કર્તરિ પ્રયોગ કરવાને બદલે 'અમારા વડે રચાય છે' એવો કર્મણિ પ્રયોગ ગ્રંથકારશ્રીએ કરેલ છે, જે તેઓમાં રહેલ નમ્રતાનું સૂચક છે. અધ્યાત્મના રહસ્યાર્થોને પચાવનારમાં અહંકાર ન હોય તે સ્વાભાવિક છે. 'પોતાને વિશે અને ગુરૂને વિશે એકવચનનો પ્રયોગ ન કરવો'. આવા શિષ્ટ વચનને અનુસરીને ગ્રંથકારશ્રીએ પોતાનો બહુવચન ગર્ભિત નિર્દેશ કરેલો છે, નહિ કે અભિમાનથી. કર્મણિ પ્રયોગથી એ પણ ધ્વનિત થાય છે કે આ

दर्शितेन कर्मप्रयोगेनेदमपि ज्ञापितं यदुत प्रकृतप्रकरणविधाने प्राधान्येन वीतरागस्यैव हेतुत्वम्, नमस्कार्यस्य सर्वोत्कृष्टशुद्धि-पुष्टि-गुण-शक्तिसम्पन्नस्याऽचिन्त्यचिन्तामणिकल्पस्य वीतरागस्य नमस्कर्तृयोग्यतानुसारेण नमस्कर्तरि शुद्धि-पुष्टि-गुण-शक्तिजनकतया प्रस्तुतप्रकरणसर्जनसम्पादनाऽसाधारणकारणत्वम् । **न च** शुद्धि-पुष्ट्यादिप्रदानं वीतरागे उपचरितमेव, ग्रन्थसमाप्तेस्तु स्वक्षयोपशमादिनैव सम्भवादिति **वाच्यम्,** भगवदनुग्रहस्यैव प्रधानहेतुत्वोपगमात्, स्वकर्मक्षयोपशमादीनां शेषहेतूनामप्रधानत्वात् । स एव परमेश्वरोऽचिन्त्यशक्तियुक्ततया परमार्थकरणैकतानतया च मोक्षमार्गप्रवृत्तेः परमो हेतुरिति (उप.प्रस्ता.१- पृ.२७) व्यक्तं **उपमितिभवप्रपञ्चायां कथायाम्** ॥१/१॥

अध्यात्मपदस्य व्युत्पत्त्यर्थमाविष्करोति - **'आत्मानमि'**ति ।

**आत्मानमधिकृत्य स्याद् यः पञ्चाचारचारिमा ।**
**शब्दयोगार्थनिपुणास्तदध्यात्मं प्रचक्षते ॥२॥**

सुविशुद्धसकलगुणारूढं परमात्मतुल्यं **आत्मानं** = स्वजीवं **अधिकृत्य** = उद्दिश्य **यः पञ्चाचारचारिमा** = ज्ञान-दर्शन-चारित्र-तपो-वीर्याचाराणां सौन्दर्यं, चारुपञ्चाचार इति यावत् **स्यात्** = अनुष्ठीयेत **तत् अध्यात्मं प्रचक्षते शब्दयोगार्थनिपुणाः** = शब्दस्य प्रकृति-प्रत्ययसम्बन्धलभ्येऽर्थे विचक्षणाः इति सण्टङ्कः । ज्ञानाचारादयस्तु सिद्धान्तप्रसिद्धा एव । यद्यपि ज्ञानाचारादिचतुष्टये उत्साहपरतास्वरूपस्य वीर्याचारस्य तदनुस्यूतत्वमेव तथापि तत्प्राधान्यद्योतनार्थं ज्ञानाचारादिपार्थक्येण तन्निर्देशः सिद्धान्तेऽभिमत इति **निशीथपीठिकाचूर्णौ** व्यक्तमेव । चारुपदस्य इमन्प्रत्यये चारिमा इति रूपं 'पृथ्वादेरिमन्' (७/१/५८) इति **सिद्धहेमशब्दानुशासन**सूत्रादवसेयम् ।

---

**ગ્રંથની રચનાનો બધો યશ વીતરાગને ફાળે જાય છે. સર્વગુણસંપન્ન, સર્વશક્તિસંપન્ન, સર્વશુદ્ધિસંપન્ન એવા વીતરાગને નમસ્કાર કરવા દ્વારા પોતાની ક્ષમતા મુજબ વીતરાગના વિશુદ્ધ ગુણ, શક્તિ વગેરે પોતાનામાં સંક્રાન્ત થાય છે અને તેના પ્રભાવથી પોતાના દ્વારા આ કૃતિનું સફળ નિર્માણ થઈ રહેલ છે. સર્વ શક્તિ, શુદ્ધિ અને પુષ્ટિનું આદ્ય ઉદ્‌ગમસ્થાન વીતરાગ પરમાત્મા જ છે. અહીં એવી શંકા થાય કે → વીતરાગમાં શુદ્ધિ, પુષ્ટિ વગેરે આપવાની શક્તિ ઔપચારિક જ છે. ગ્રંથસમાપ્તિ તો પોતાના ક્ષયોપશમ દ્વારા જ સંભવે છે ← પરંતુ આ શંકા નિરાધાર છે. કારણ કે ભગવાનનો અનુગ્રહ એ જ પ્રધાન હેતુસ્વરૂપે સ્વીકારાયેલ છે. પોતાના કર્મના ક્ષયોપશમ વગેરે ગૌણહેતુ છે. તે વીતરાગ પરમેશ્વર જ અચિંત્યશક્તિયુક્ત હોવાના કારણે ઉત્કૃષ્ટ પરમાર્થનું સંપાદન કરવામાં પ્રવણરસિક હોવાથી મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિનું પ્રધાન કારણ છે. આ વાત ઉપમિતિભવપ્રપંચા ગ્રંથનાં પ્રસ્તાવમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે. - આ ત્રિકાલ અબાધિત પરમ સત્યનો સ્વીકાર સહુ કોઈએ કરવો જ રહ્યો. અસ્માભિઃ પદથી વિક્રમની ૧૮મી સદીના અલંકાર એવા ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરશ્રીનો ઉલ્લેખ જાણવો. (૧/૧)**

**અધ્યાત્મ શબ્દના વ્યુત્પત્તિ અર્થને ગ્રંથકારશ્રી બીજા શ્લોકમાં પ્રગટ કરે છે →**

**શ્લોકાર્થ :- આત્માને ઉદ્દેશીને જે પંચાચારનું સૌંદર્ય હોય તેને શબ્દના યોગાર્થમાં વિચક્ષણ પુરૂષો અધ્યાત્મ કહે છે.**

## ❄ અધ્યાત્મ શબ્દનો યોગાર્થ ❄

**ટીકાર્થ : સુવિશુદ્ધ, સર્વ ગુણોમાં આરૂઢ એવા પરમાત્મા તુલ્ય પોતાના આત્માને ઉદ્દેશીને જ્ઞાનાચાર,**

भावार्थस्त्वेवम् त्रिविधा ह्यात्मानः बहिरात्मा, अन्तरात्मा, परमात्मा च । तत्स्वरूपञ्च —> ''विषयकषायावेशस्तत्त्वाश्रद्धा गुणेषु च द्वेषः । आत्माऽज्ञानञ्च यदा बाह्यात्मा स्यात्तदा व्यक्तः ॥ तत्त्वश्रद्धा ज्ञानं महाव्रतान्यप्रमादपरता च । मोहजयश्च यदा स्यात्तदान्तरात्मा भवेद् व्यक्तः ॥ ज्ञानं केवलसंज्ञं योगनिरोधः समग्रकर्महतिः । सिद्धिनिवासश्च यदा परमात्मा स्यात् तदा व्यक्तः ॥ (२०/२२-२३-२४) <— इत्येवं **अध्यात्मसारे** प्रोक्तम् । बहिरात्मा प्रकृते नाधिकृतः । प्राधान्येन स्वगत-परमात्मभावाऽऽविर्भावं समुद्दिश्य अन्तरात्मनो यत् चारुपञ्चाचारपरिपालनं तदध्यात्ममिति भावः ।

---

**દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું જે સૌંદર્ય આવે તેને અધ્યાત્મ કહેવાય. શબ્દના પ્રકૃતિ અને પ્રત્યયના સંબંધથી જે અર્થ મળે તેને યોગાર્થ કહેવાય છે. તેવા અર્થને જાણવામાં કુશળ એવા વિદ્વાનોના મતે અધ્યાત્મની આવી વ્યાખ્યા છે. જ્ઞાનાચાર વગેરે પાંચે આગમ પ્રસિદ્ધ છે. જો કે જ્ઞાનાચાર આદિચાર આચારોમાં ઉત્સાહ ઉમંગ હોવો તે જ વીર્યાચાર છે. અને તે છત્રીશ અવાન્તર પ્રકારોથી યુક્ત એવા જ્ઞાન આદિ મુખ્ય ચાર આચારોમાં વણાયેલ = વ્યાપીને જ રહેલો છે. તેથી જ્ઞાન આદિ ચાર આચારોથી સ્વતંત્રરૂપે વીર્યાચારની પ્રવૃત્તિ સંભવિત નથી, છતાં પણ જ્ઞાન આદિ ચાર આચારોને ચેતનવંતા, પ્રાણવંતા બનાવવાનું કાર્ય વીર્યાચાર કરે છે. ઉલ્લાસ, ઉત્સાહ, ઉમળકા વગરના જ્ઞાન આદિ આચારો મોહનીય કર્મનો ક્ષય કરવાને સમર્થ નથી. માટે જ્ઞાન આદિ ચાર આચારો કરતાં વીર્યાચારની પ્રધાનતાને સૂચવવા માટે જ્ઞાન આદિ ચાર આચારોથી સ્વતંત્રરૂપે વીર્યાચારનો નિર્દેશ આગમમાં કરેલો છે. આ વાત નિશીથ સૂત્ર પીઠિકાની ચૂર્ણિમાં સ્પષ્ટ છે. ચારુ શબ્દને 'इमन्' પ્રત્યય લાગવાથી 'चारिमा' એવું રૂપ 'पृथ्वादेरिमन्' આ સિદ્ધહેમ-શબ્દાનુશાસનસૂત્રથી જાણવું.**

## ❀ લક્ષ્ય સ્થાને પરમાત્માને ગોઠવો ❀

**भावा० આત્માની ત્રણ અવસ્થા છે. બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા. અધ્યાત્મસાર ગ્રંથમાં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે બહિર્આત્મા વગેરેનું સ્વરૂપ આ મુજબ જણાવેલું છે. (૧) વિષય-કષાયનો આવેશ, તત્ત્વની શ્રદ્ધાનો અભાવ, ગુણદ્વેષ અને આત્માનું અજ્ઞાન જ્યારે હોય ત્યારે બહિરાત્મા વ્યક્ત થાય છે. (૨) તત્ત્વશ્રદ્ધા, જ્ઞાન, મહાવ્રતો, અપ્રમત્તતા અને મોહનો જય જ્યારે થાય ત્યારે અંતરાત્મા વ્યક્ત થાય છે. (૩) કેવળજ્ઞાન, યોગનિરોધ, સર્વ કર્મોનો નાશ અને સિદ્ધશિલામાં વાસ જ્યારે થાય ત્યારે પરમાત્મા વ્યક્ત થાય. પ્રસ્તુતમાં અધ્યાત્મને વિશે બહિરાત્માનો અધિકાર નથી, તેમ જ અંતરાત્માને ઉદ્દેશીને પણ અધ્યાત્મની પ્રવૃત્તિ હોતી નથી, પરંતુ પોતાનામાં રહેલ પરમાત્મપણાના આવિર્ભાવને જ મુખ્યતયા લક્ષ્યમાં રાખીને અંતરાત્માનું જે સુંદર પંચાચારનું પરિપાલન તે અધ્યાત્મ છે. (જો લક્ષ્ય તરીકે પોતાની અંતરાત્મદશા વ્યક્ત થાય એવું રાખવામાં આવે તો પરમાત્મદશાને પ્રગટ કરવા માટેનો સાધકનો પુરૂષાર્થ મંદ થવાની સંભાવના મહદ્ અંશે રહે છે. ડોક્ટર થવાના લક્ષ્યને છોડી, માત્ર દશમું ધોરણ પાસ કરવાનું જ લક્ષ્ય હોય તો ડોક્ટર-સર્જન થવાની શક્યતા નહિવત્ રહે છે. માટે જ તો, 'સીમંધર સ્વામી પાસે આવતા ભવમાં મને દીક્ષા મળો' આવું નિયાણું કરવાનો પણ <u>દશાશ્રુતસ્કંધ</u>માં નિષેધ કર્યો છે. કારણ કે માત્ર દીક્ષા સુધીનું જ લક્ષ્ય બંધાયેલું હોય તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરવા સુધીનો પુરૂષાર્થ, તેવું નિયાણું કરનાર, કરી શકતો નથી. માટે વિકાસશીલ એવી અંતરાત્મદશાને**

ज्ञानादिगुण-तत्स्वामिषु यथायथं विधि-यतना-भक्ति-बहुमानसम्पादनप्रवणत्वे एव पञ्चाचारचारिमा सम्भवति, सत्यां शक्तौ विध्याद्यन्यतरोपेक्षणे तदसम्भव एव । यदपि **अध्यात्मसारे** —> गतमोहाधिकाराणामात्मानमधिकृत्य या । प्रवर्तते क्रिया शुद्धा तदध्यात्मं जगुर्जिनाः ॥(२/२) <— इत्युक्तं तत्रापि 'गतमोहाधिकाराणां' इत्यनेनाऽन्तरात्मनिर्देशोऽवगन्तव्यः । गतमोहाधिकारत्वञ्च '[१]क्षुद्रो [२]लाभरतिर्दीनो[३] मत्सरी[४] भयवान्[५] [६]शठः । [७]अज्ञो भवाभिनन्दी स्यात् निष्फलारम्भसङ्गतः[८] ॥' (यो. दृ. ७६/यो. बि. ८७) इति **योगदृष्टिसमुच्चय-योगबिन्दु**प्रमुखग्रन्थप्रदर्शितानां '[१]मूढा लोभपराः[२] क्रूरा[३] [४]भीरवोऽसूयकाः[५] [६]शठाः । भवाभिनन्दिनः सन्ति निष्फलारम्भकारिणः[७] ॥' (८/१९) इति च **योगसारप्राभृते अमितगतिप्रो-**

---

પ્રાપ્ત કરેલ સાધક સંપૂર્ણ વિકસિત ગુણ અવસ્થા સ્વરૂપ પરમાત્મદશાને કેન્દ્રસ્થાનમાં રાખીને સુંદર પંચાચારનું પાલન કરે તે અધ્યાત્મ છે.)

## ❖ પંચાચારનું સૌંદર્ય માણો ❖

**જ્ઞાનાદિ૦ ।** જ્ઞાનાદિ ગુણો અને તેના સ્વામીને વિશે યથાયોગ્ય વિધિ, યતના, ભક્તિ અને બહુમાનનું સંપાદન કરવામાં તત્પરતા હોય તો જ પંચાચારનું સૌંદર્ય હોય. શક્તિ હોવા છતાં વિધિ વગેરેમાંથી કોઈની પણ ઉપેક્ષા કરવામાં આવે તો પંચાચારનું સૌંદર્ય ન જ જળવાય. સ્વાધ્યાય સમયે વંદન કરીને વાચના લેવી, અકાળે ન ભણવું વગેરે જ્ઞાનાચારની વિધિ છે. ગુરૂના આસનને પગ ન લાગી જાય, પુસ્તક નીચે ન પડી જાય વગેરે જયણા જાણવી. જ્ઞાનીનો વિનય, વૈયાવચ્ચ વગેરે ભક્તિ જાણવી. જ્ઞાની પ્રત્યે પૂજ્યભાવ, આદરભાવ રાખવો તે બહુમાન જાણવું. વિધિ વગેરે ચારેય જ્ઞાનાચારની જેમ દર્શનાચાર વગેરેમાં પણ સુજ્ઞ વાચકવર્ગે સ્વયં વિચારી લેવા. ભણવાની માત્ર વિધિ અને જયણા જાળવે, પણ જ્ઞાનીની ભક્તિ, પ્રીતિમાં બેદરકાર હોય તો જ્ઞાનાચારનું જે સૌંદર્ય ખીલવું જોઈએ તે ન ખીલે. તેથી અધ્યાત્મમાં તેટલા અંશે ત્રુટિ આવે. ગુલાબના ફૂલનું સૌંદર્ય અને કેશુડાના ફૂલનું સૌંદર્ય - આ બે વચ્ચે જે તફાવત છે તેવા પ્રકારનો તફાવત વિધિ વગેરે ચારેથી યુક્ત જ્ઞાનાચાર વગેરે અને ભક્તિ, બહુમાનથી રહિત પરંતુ વિધિ અને જયણાથી યુક્ત એવા જ્ઞાનાચાર વગેરેના સૌંદર્ય વચ્ચે લાગે છે. દા.ત. ગૌતમસ્વામીએ ત્રિપદી સાંભળતી વખતે વિધિ, જયણાનું જેવું પાલન કરેલ તેવું વિધિ, જયણાનું પાલન ત્રિપદી સાંભળતી વખતે સામાન્ય જીવો કરે તો પણ ગૌતમ સ્વામી જેવો દ્વાદશાંગીનો ક્ષયોપશમ સામાન્ય જીવને થવો અશક્ય જ છે, કેમ કે ગૌતમસ્વામી પાસે પરમાત્મા પ્રત્યે જે આંતરિક બહુમાન અને ભક્તિભાવનો ઉછાળો હતો તે સામાન્ય જીવમાં સંભવિત નથી. વિધિ અને જયણા મુખ્યતયા કાયાના સ્તરે છે. જ્યારે બહુમાન અને ભક્તિભાવ કાયા અને આત્મા ઉભયના સ્તરે છે. તેથી આચારના મુખ્ય ભાવપ્રાણને લાવવાનું, ટકાવવાનું અને વધારવાનું ચાલક પરિબળ ભક્તિ અને બહુમાન છે. અને તે જ પરિબળ વિધિ અને જયણાને ખેંચી લાવે છે. પરંતુ ભક્તિ, બહુમાનના ઓઠા નીચે જે સાધક વિધિ, જયણાની શક્તિ હોવા છતાં તેનું પાલન કરતો નથી તેના પંચાચારમાં તાત્ત્વિક સૌંદર્ય નથી આવતું, તે ધ્યાનમાં રાખવું જરૂરી છે.

## ⌘ મોહનું આધિપત્ય જાય પછી જ અધ્યાત્મ ⌘

**યદ્૦ ।** **અધ્યાત્મસાર** ગ્રંથમાં શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ અધ્યાત્મનું લક્ષણ બતાવતા જે કહ્યું છે કે —> જે આત્માઓ ઉપરથી મોહનો અધિકાર ચાલી ગયેલો છે તેવા સાધકોની આત્માને ઉદ્દેશીને જે શુદ્ધ ક્રિયા પ્રવર્તે છે તેને જિનેશ્વર ભગવંતો અધ્યાત્મ કહે છે. <— ત્યાં પણ 'મોહનો અધિકાર ગયેલો છે' તેવું કહેવા દ્વારા અંતરાત્માનો જ અધિકારી તરીકે ઉલ્લેખ જાણવો. **યોગદષ્ટિ-સમુચ્ચય, યોગબિંદુ, અધ્યાત્મસાર**

क्तानां क्षुद्रता-मूढतादीनां भवाभिनन्दिदोषाणां त्यागे व्यवहारतोऽवगन्तव्यम् । निश्चयतस्तु भोगाशंसा-कीर्त्यादिस्पृहा-निदान-गारवत्रिक-विकथाचतुष्टय-शब्दादिपञ्चाभिरति-हास्यादिषट्क-भयसप्तक-मदाष्टकादिदोष-वृन्दत्यागे सति महात्मनां गतमोहाधिकारत्वमवसेयम् । **श्रीआनन्दघन**मतानुसारेण —> आत्मस्वरूपसाधिका क्रिया = अध्यात्मम् <— । एतत्सर्वमध्यात्मलक्षणं सदसत्त्व-भेदाभेदैकानेकत्व-सामान्यविशेषाभिलाप्यत्वान-भिलाप्यत्वात्मकत्व-शब्दयोगार्थाद्यनुपसर्जनभावेन पदार्थप्रकाशको यो वस्तुस्वरूपस्पर्शिशुद्धनिश्चयनयस्तन्मता-नुरोधेनाऽवगन्तव्यम् ।

**हर्षवर्धनोपाध्यायेन अध्यात्मबिन्दुवृत्तौ** —> आत्मानमधिकृत्य प्रवर्तमानः कर्तृत्व-भोक्तृत्वादिधर्मनिरा-सपुरस्सरः कश्चन विचारविशेषः शुद्धात्मस्वरूपश्रवण-मनन-निदिध्यासनरूपोऽपि लक्षणयाऽध्यात्मम् <— (१/१) इत्येवं यदुक्तं तदात्मस्पर्शि-शुद्धनिश्चयनयस्य निरुपाधिकात्मस्वरूप-तल्लाभोपाय-चित्तनैर्मल्य-धर्मप-

---

વગેરે ગ્રંથોમાં જણાવેલ છે કે —> ક્ષુદ્ર, ભૌતિક લાભનો લાલચુ, દીન, મત્સરી (= ઈર્ષ્યાળુ), નિત્ય ભયભીત, કપટી, મૂર્ખ અને નિષ્ફળ (= સાનુબંધ સારા ફળ વિનાની) પ્રવૃત્તિ કરનારો જીવ ભવાભિનંદી હોય છે <— તેમ જ <u>યોગસારપ્રાભૃત</u> ગ્રંથમાં દિગમ્બર આચાર્ય <u>અમિતગતિ</u>એ જણાવેલ છે કે —> મૂઢ, અત્યંત લોભી, ક્રૂર, ભીરૂ, અસૂયા કરનાર, કપટી અને નિષ્ફળ આરંભ કરનાર ભવાભિનંદી હોય છે. <— ભવાભિનંદી જીવોનાં પ્રસ્તુત ક્ષુદ્રતા-મૂઢતા વગેરે દોષોનો નાશ થાય ત્યારે વ્યવહારથી મોહાધિકારનો ત્યાગ જાણવો. નિશ્ચય નયથી ભોગ-આશંસા, યશ-કીર્તિ વગેરેની સ્પૃહા, નિયાણું, ઋદ્ધિ-રસ-શાતા ગારવ, ચાર વિકથા, શબ્દ આદિ પાંચ વિષયોમાં આનંદ, હાસ્ય આદિ ષટ્ક, સાત ભય, આઠ મદ વગેરે દોષોના સમૂહનો નાશ થાય ત્યારે મોહાધિકારનો ત્યાગ જાણવો. આવો મોહાધિકારનો ત્યાગ સાધુઓને સંભવે છે. પરમાત્મસ્વરૂપ પ્રગટ કરવાનું લક્ષ્ય, પંચાચાર સૌંદર્યનો પક્ષ અને મોહના આધિપત્યથી રહિત -આમ અધિકારીમાં આ ત્રણનો ત્રિવેણી સંગમ થાય ત્યારે અધ્યાત્મ નિષ્પન્ન થવાથી તે સાધક તીર્થસ્વરૂપ બને છે. પરમાત્મસ્વરૂપને પ્રગટ કરવાનું લક્ષ્ય બંધાયેલું હોવાને કારણે પંચાચારના શુદ્ધ પાલનમાં લોચાલાપસી, ગોલમાલ, ઘાલમેલ વગેરે ન સંભવે.

આનંદઘનજી મ.સા. ૧૧ મા શ્રેયાંસનાથ ભગવાનના સ્તવનમાં ખૂબ માર્મિક રીતે જણાવેલ છે કે

—> નિજ સ્વરૂપ જે કિરિયા સાધે તેહ અધ્યાતમ કહીએ રે,<br>
જે કિરિયા કરી ચઉગતિ સાધે તે ન અધ્યાતમ કહીએ રે. <—

## શુદ્ધ નિશ્ચયનયના બે પ્રકાર

અધ્યાત્મના ઉપરોક્ત સર્વ લક્ષણો વસ્તુલક્ષી શુદ્ધ નિશ્ચયનયના મતાનુસારે જાણવા.

<u>**શ્રીહર્ષવર્ધન**</u> ઉપાધ્યાયજીએ <u>**અધ્યાત્મબિંદુ**</u> ગ્રંથની પ્રથમ બત્રીશીની સ્વોપજ્ઞ ટીકામાં જણાવ્યું છે કે -—> આત્માને ઉદ્દેશીને કર્તૃત્વ-ભોક્તૃત્વ વગેરે ધર્મોના પરિહારપૂર્વક પ્રવર્તમાન કોઈક વિશિષ્ટ વિચાર કે જે શુદ્ધ આત્મસ્વરૂપના શ્રવણ-મનન અને નિદિધ્યાસનરૂપ હોય તે પણ અધ્યાત્મ છે-તેવું શબ્દની લક્ષણાવૃત્તિથી જાણવું <— આ વાત આત્મલક્ષી શુદ્ધ નિશ્ચયનયના મતને અનુસરીને કહી છે તે ધ્યાનમાં રાખવું. ઘટ, પટ વગેરે પ્રમેયને વિશે ઉદાસીન રહીને, આત્માને કેન્દ્રસ્થાને રાખીને, તેના શુદ્ધ નિરુપાધિક વાસ્તવિક સ્વરૂપને સ્પષ્ટ રીતે જણાવનાર, તેના પ્રધાન ઉપાયને દર્શાવનાર તથા ચિત્તની નિર્મળતા, ધર્મપરિણતિ, આત્માના સુંદર ગુણો, ગુણધર્મના અનુબંધ વગેરેની મુખ્યતા રાખીને શાસ્ત્રના ઐદંપર્યાર્થનું વિદ્યોતન કરનાર નય આત્મલક્ષી શુદ્ધ નિશ્ચયનય કહેવાય છે. પ્રમાણવિષયીભૂત ઘટ, પટ વગેરે પ્રમેયોનું સદસત્સ્વરૂપ, ભેદાભેદસ્વરૂપ, એકાનેકસ્વરૂપ, સામાન્ય-વિશેષાત્મકતા,

रिणति-सद्गुण-तदनुबन्धाद्यनुपसर्जनभावेन शास्त्रैदम्पर्यार्थद्योतकस्य मतमनुसृत्योक्तमिति ध्येयम् ।।१/२।।

अध्यात्मशब्दस्य रूढ्यर्थमावेदयति - **रूढ्यर्थेति** ।

**रूढ्यर्थनिपुणास्त्वाहुश्चित्तं मैत्र्यादिवासितम् ।**
**अध्यात्मं निर्मलं बाह्यव्यवहारोपबृंहितम् ।।३।।**

**रूढ्यर्थनिपुणाः** = व्युत्पत्तिराहित्य-प्रकृतिप्रत्ययसम्बन्धपराङ्मुखत्व-लोकप्रसिद्धत्वादिरूपरूढ्यर्थ-कुशलाः । अत्र प्रसङ्गात् पदप्रकारा प्रदर्श्यन्ते । तथाहि पदं चतुर्विधम् (१) यौगिकम्, (२) रूढम् (३) योगरूढम्, (४) यौगिकरूढञ्च । यत्रावयवार्थ एव बुध्यते तत् यौगिकं यथा पाचकादिपदम् । यत्रावयवशक्तिनैरपेक्ष्येण समुदायशक्तिमात्रेणार्थो बुध्यते तत् रूढं, यथा आखण्डलादिपदम् । यत्र तु समुदायशक्तिविषयेऽवयवार्थान्वयोऽप्यस्ति तत् योगरूढं, यथा पङ्कजादिपदम् । यत्रावयवार्थ-रूढ्यर्थयोः स्वातन्त्र्येण बोधस्तत् यौगिकरूढं, यथा उद्भिदादिपदम् । तत्रोद्भेदनकर्ता वृक्षादिः बुध्यते यागविशेषोऽपीत्यन्यत्र विस्तरः । **तुः** पूर्वोक्तापेक्षया विशेषद्योतनार्थः । तमेवाह **बाह्यव्यवहारोपबृंहितं** = सद्धर्माचारपरिपुष्टं **मैत्र्यादिवासितं** = मैत्री-करुणा-प्रमोद-माध्यस्थ्यभावनाभावितं **निर्मलं चित्तं अध्यात्मं आहुः** । नानाशास्त्रसन्दर्भगर्भं मैत्र्या-

**અભિલાપ્યત્વ-અનભિલાપ્યત્વસ્વરૂપ, યોગાર્થ વગેરેની મુખ્યતા રાખીને પદાર્થની વિશદ તાત્ત્વિક છણાવટ કરનાર નય વસ્તુલક્ષી શુદ્ધ નિશ્ચયનય કહેવાય છે. આ વાત વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલમાં રાખવી. (૧/૨)**

**અધ્યાત્મ શબ્દના રૂઢ અર્થને ગ્રંથકારશ્રી જણાવે છે —>**

**<u>શ્લોકાર્થ</u> :- રૂઢિ અર્થમાં નિપુણ પુરૂષો કહે છે કે બાહ્ય વ્યવહારથી પુષ્ટ થયેલું અને મૈત્રી આદિ ભાવનાઓથી વાસિત થયેલું નિર્મળ ચિત્ત એ અધ્યાત્મ છે. (૧/૩)**

## શબ્દના ચાર પ્રકાર

**<u>ટીકાર્થ</u> :- વ્યુત્પત્તિશૂન્ય, શબ્દની પ્રકૃતિ (= ધાતુ) અને પ્રત્યયના સંબંધથી નિરપેક્ષ, લોકપ્રસિદ્ધ એવા રૂઢ અર્થમાં નિપુણ વિદ્વાનો અધ્યાત્મની જે વ્યાખ્યા કરે છે તે હવે પ્રસ્તુત થાય છે. પરંતુ તે પહેલાં પ્રાસંગિક રૂપે શબ્દના ચાર પ્રકારોને જાણી લઈએ.**

**(૧) <u>યૌગિક પદ</u> :- જે શબ્દનો અવયવાર્થ = પ્રકૃતિ-પ્રત્યયના સંબંધથી લભ્ય અર્થ એ જ પદાર્થરૂપે જણાય તે યૌગિક શબ્દ. દા.ત. 'પાચક' (= રસોઈયો) શબ્દ. (૨) <u>રૂઢ પદ</u> :- જે શબ્દની અવયવશક્તિથી નિરપેક્ષ થઈ અર્થાત્ પ્રકૃતિ-પ્રત્યયસંબંધથી લભ્ય અર્થની ઉપેક્ષા કરી સમુદાયશક્તિથી જ લોકપ્રસિદ્ધિ, શબ્દકોષ વગેરે દ્વારા લભ્ય અર્થનો પદાર્થરૂપે બોધ થાય તે રૂઢ પદ. દા.ત. 'आखंडल' (= ઈન્દ્ર). (૩) <u>યોગરૂઢ પદ</u> :- જે શબ્દની સમુદાયશક્તિથી ઉપસ્થિત થયેલ અર્થમાં અવયવાર્થનો અન્વય થાય તે યોગરૂઢ પદ જાણવું. દા.ત. પંકજ (= કમળ). (૪) <u>યૌગિકરૂઢ</u> :- જે શબ્દના અવયવાર્થ અને રૂઢ અર્થ બન્નેનું સ્વતંત્ર રીતે ભાન થાય તે યૌગિકરૂઢ પદ કહેવાય. દા.ત. ઉદ્ભિદ્ (યૌગિક અર્થ વૃક્ષ વગેરે અને રૂઢ અર્થ એક પ્રકારનો યજ્ઞ.) આ વાતનો વિસ્તાર અન્ય ગ્રન્થમાં જાણવો. મૂળ ગાથામાં રહેલ 'તુ' શબ્દ પૂર્વે જણાવેલ અર્થની અપેક્ષાએ વિશેષ અર્થને જણાવવા પ્રયોજાયેલ છે. તે આ રીતે.**

## અધ્યાત્મનો રૂઢ અર્થ

**સદ્ધર્મના આચારથી બળવાન બનેલું તથા મૈત્રી, કરૂણા, પ્રમોદ અને માધ્યસ્થ્ય ભાવનાથી ભાવિત થયેલું એવું નિર્મળ ચિત્ત તે અધ્યાત્મ. <— આ અધ્યાત્મ શબ્દનો રૂઢ અર્થ થયો. (૧) મૈત્રી એટલે બીજાના હિતની**

दिस्वरूपञ्चाऽस्मत्कृत-**कल्याणकन्दल्य**भिधान-षोडशकटीकातोऽवसेयम् ।

यदपि **धर्मबिन्दौ** —> वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् । मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्त्यते ॥ (१/३) <— इत्युक्तम्, यच्च **धर्मसङ्ग्रहे श्रीमानविजय**वाचकेन —> वचनादविरुद्धाद् यदनुष्ठानं यथोदितम् । मैत्र्यादिभावसंमिश्रं तद्धर्म इति कीर्त्त्यते ॥३॥ <— इति गदितं तदपि रूढ्यर्थतोऽध्यात्मलक्षणमेवावगन्तव्यम् ॥१/३॥

प्रकृते नयव्यवस्थां द्योतयति —> '**एवमि**'ति ।

**एवम्भूतनये ज्ञेयः, प्रथमोऽर्थोऽत्र कोविदैः ।**
**यथायथं द्वितीयोऽर्थो, व्यवहारर्जुसूत्रयोः ॥४॥**

**एवम्भूतनये** इत्यत्र सप्तम्यर्थः प्रतिपाद्यत्वं, यथा 'शास्त्रे विषयः' इत्यत्र 'शास्त्रप्रतिपाद्यो विषय' इति शाब्दबोधस्तथा प्रकृते एवम्भूतनयप्रतिपाद्य 'आत्मानमधिकृत्य स्यात् यः पञ्चाचारचारिमा' इति द्वितीयकारिकापूर्वार्द्धप्रदर्शितः **प्रथमोऽर्थः अत्र** = अध्यात्मनिरूपणे **कोविदैः** = प्राज्ञैः **ज्ञेयः** । नयलक्षणं तु **नयरहस्ये** —> प्रकृतवस्त्वंशग्राही तदितरांशाऽप्रतिक्षेपी अध्यवसायविशेषो नयः <— (पृ.४) इत्युक्तम् । व्यञ्जनार्थविशे-

---

કલ્યાણની વિચારણા, (૨) કરૂણા એટલે દુઃખીઓના દુઃખને દૂર કરવાની ઈચ્છા. (૩) પ્રમોદ એટલે ગુણીજનો, તેના ગુણો અને તેના આચારોને જોઈને હૈયામાં ઉત્પન્ન થતો હરખ. (૪) માધ્યસ્થ્યભાવના એટલે અસાધ્ય કક્ષાના દોષવાળા જીવો પ્રત્યે કરૂણાસભર ઉપેક્ષા. મૈત્રી આદિ ચાર ભાવનાઓનું અનેક શાસ્ત્રસંદર્ભોથી ગર્ભિત નિરૂપણ અમારા વડે રચાયેલી ષોડશક ગ્રંથની કલ્યાણકંદલી ટીકામાંથી વિસ્તારરૂચિવાળા જીવો જાણી શકે છે.

<u>ધર્મબિંદુ</u> ગ્રંથમાં શ્રી <u>હરિભદ્રસૂરિજી</u>એ જે કહ્યું છે કે —> અવિરૂદ્ધ એવા જિનવચનને આશ્રયીને મૈત્રી આદિ ભાવથી સંયુક્ત જે યથોદિત અનુષ્ઠાન થાય તે ધર્મ કહેવાય છે. <— તેમ જ <u>ધર્મસંગ્રહ</u> ગ્રંથમાં ઉપાધ્યાય શ્રી <u>માનવિજયજી</u> મહારાજાએ જે કહ્યું છે કે —> અવિરૂદ્ધ એવા જિનવચનને અવલંબીને, મૈત્રી આદિ ભાવોથી યુક્ત એવું જે યથોક્ત અનુષ્ઠાન થાય તે ધર્મ કહેવાય છે. <— આ બન્ને વચનો પણ રૂઢ અર્થથી અધ્યાત્મના લક્ષણને સૂચવે છે-એમ જાણવું. (૧/૩)

પ્રસ્તુતમાં અધ્યાત્મસંબંધી નયવ્યવસ્થાને ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- પ્રથમ અર્થ (= બીજી ગાથાના પૂર્વાર્ધનો અર્થ) એવંભૂત નયની અપેક્ષાએ પ્રસ્તુત અધ્યાત્મ નિરૂપણમાં જાણવો. તથા બીજો (=ત્રીજી ગાથાનો) અર્થ યથાયોગ્ય રીતે વ્યવહારનય અને ઋજુસૂત્રનયની અપેક્ષાએ જાણવો. (૧/૪)

<u>**ટીકાર્થ**</u> :- एवंभूतनये' પદમાં રહેલ સાતમી વિભક્તિનો અર્થ છે પ્રતિપાદ્યતા. જેમ કે 'शास्त्रे विषयः' = 'શાસ્ત્રપ્રતિપાદ્ય વિષય' આવો શાબ્દબોધ થાય છે. તેમ પ્રસ્તુતમાં એવંભૂતનયથી પ્રતિપાદ્ય = નિરૂપિત 'આત્માને ઉદ્દેશીને જે સુંદર પંચાચારનું પાલન' આ બીજી કારિકામાં બતાવેલો પ્રથમ અર્થ પ્રસ્તુત અધ્યાત્મનિરૂપણમાં પ્રાજ્ઞ પુરૂષોએ જાણવો. નયનું લક્ષણ <u>નયરહસ્ય</u> ગ્રંથમાં આ મુજબ છે.- પ્રસ્તુત વસ્તુના એક અંશને ગ્રહણ કરે, તથા તે અંશથી ભિન્ન અંશોનો નિષેધ ન કરે તેવો વિશેષ પ્રકારનો અધ્યવસાય નય કહેવાય છે.

## ❀ એવંભૂતનયની અપેક્ષાએ અધ્યાત્મ ❀

<u>નયરહસ્ય</u> ગ્રંથમાં એવંભૂત નયનું લક્ષણ આ મુજબ છે : શબ્દમાં અર્થકૃત વિશેષતા અને અર્થમાં શબ્દકૃત

षान्वेषणपरोऽध्यवसायविशेष एवम्भूतः (नयरहस्य-पृ.१८३) । तदुक्तं **अनुयोगद्वारसूत्रे** → वंजण-अत्थ-तदुभयं एवंभूओ विसेसेइ ← (अनु.१५२) । **विशेषावश्यकभाष्ये**ऽपि → एवं जह सद्दत्थो संतो भूओ तदन्नहाऽभूओ । तेणेवंभूयनओ सद्दत्थपरो विसेसेणं ॥२२५१॥ वंजणमत्थेणत्थं च वंजणेणोभयं विसेसेइ । जह घडसद्दं चेट्ठावया तहा तं पि तेणेव ॥२२५२॥ ← इत्युक्तम् । 'व्यञ्जनार्थयोरेवम्भूत इति' **तत्त्वार्थभाष्यम्** । → तत्त्वश्च पदानां व्युत्पत्त्यर्थान्वयनियतार्थबोधकत्वाभ्युपगन्तृत्वम् ← इति **नयरहस्ये** (पृ.१८३) व्यक्तम् । → एवम्भूतनयः क्रियार्थवचनः ←(११/३१) इति **सिद्धिविनिश्चये** । ततश्च प्रकृते आत्मानमधिकृत्य चारुपञ्चाचारपालनं यदा यत्र वर्तते तदैव तत्रैवैवम्भूतनयेनाऽध्यात्मं वर्तते, न तु अन्यदा अन्यत्र वा, अध्यात्मशब्दव्युत्पत्तिनिमित्तशून्यत्वात्, घटादिवत् । **न चा**तीतमनागतं वा तथाविधपञ्चाचारपालनमङ्गीकृत्याऽध्यात्मव्यवहारोऽनाविल इति **वाच्यम्,** तयोर्विनष्टानुत्पन्नतया शशविषा-

---

**વિશેષતા - આ બન્નેની અપેક્ષા જે અધ્યવસાયમાં રહેલી હોય તેવા પ્રકારનો અધ્યવસાય એવંભૂતનય કહેવાય છે. <u>અનુયોગદ્વાર</u> સૂત્રમાં જણાવેલ છે કે શબ્દ, અર્થ અને તદ્ઉભયને એવંભૂત નય વિશેષિત કરે છે. દા.ત. 'ઘટ' શબ્દ તે જ છે કે જે પાણી લાવવાના સમયે સ્ત્રીના મસ્તક પર રહેલા વિશિષ્ટ ચેષ્ટાવાળો (= પાણી લાવતો) ઘડો જણાવે. આ રીતે એવંભૂતનય વિશિષ્ટ ક્રિયા દ્વારા શબ્દને નિયંત્રિત કરે છે, તેમજ વિશિષ્ટ ચેષ્ટાવાળા ઘડાને પણ શબ્દ દ્વારા નિયંત્રિત કરે છે, અર્થાત્ સ્ત્રીના મસ્તક ઉપર રહીને પાણી લાવતો પદાર્થ તે ઘટ શબ્દનો જ અર્થ છે નહીં કે કુટ, કલશ, કુંભ વગેરે શબ્દોનો. <u>વિશેષાવશ્યકભાષ્ય</u>માં પણ જણાવેલ છે કે 'શબ્દ દ્વારા અર્થમાં જે ક્રિયાનું પ્રતિપાદન થતું હોય તે ક્રિયાયુક્ત પદાર્થ જ તે શબ્દનો વાસ્તવિક અર્થ છે, પરંતુ પદાર્થ જ્યારે શબ્દપ્રતિપાદિત ક્રિયાથી રહિત હોય ત્યારે તે કાલ્પનિક છે, મિથ્યા છે, અસત્ છે. અર્થાત્ તે શબ્દનો વાચ્યાર્થ નથી. આ રીતે એવંભૂત નય શબ્દના અર્થમાં ક્રિયાનો વિશેષ પ્રકારે આગ્રહ રાખે છે. તેથી પાણી લાવવાને બદલે ઘરના ખૂણામાં રહેલો ઘડો તે ઘડો નથી. આ રીતે એવંભૂત નય શબ્દને અર્થ દ્વારા નિયંત્રિત કરે છે અને અર્થને પણ શબ્દ દ્વારા નિયંત્રિત કરે છે, ઘટ શબ્દને પાણી લાવવાની ક્રિયા દ્વારા અને પાણી લાવવાની ક્રિયાને ઘટ શબ્દ દ્વારા વિશેષિત કરે છે.' <u>તત્ત્વાર્થભાષ્ય</u>માં પણ જણાવેલ છે કે 'શબ્દ અને અર્થને એવંભૂત નય નિયંત્રિત કરે છે. અર્થાત્ જે શબ્દ જે પદાર્થમાં પોતાના વ્યુત્પત્તિ અર્થ સ્વરૂપ ક્રિયાનો નિયમા અન્વય = વર્તમાનકાલીન સંબંધ હોય તેને જ જણાવે તે શબ્દને એવંભૂત નય સ્વીકારે છે.' <u>સિદ્ધિવિનિશ્ચય</u>માં પણ આ જ અર્થ જણાવેલ છે. તેથી પ્રસ્તુતની અંદર આત્માને આશ્રયીને સુંદર પંચાચારનું પાલન જ્યાં જ્યારે હોય ત્યારે જ અને ત્યાં જ અધ્યાત્મ હોય છે, નહીં કે અન્યત્ર કે અન્યદા, કારણ કે આત્મકેન્દ્રિત સુંદર પંચાચારના પાલનરૂપ અધ્યાત્મ શબ્દનો વ્યુત્પત્તિ અર્થ અન્યદા કે અન્યત્ર નથી, ઘટ વગેરેની જેમ. મતલબ કે આત્મકેન્દ્રિત સુંદર પંચાચારનું પાલન ઘડામાં ન હોવાથી ત્યાં અધ્યાત્મનો સ્વીકાર થઈ શકતો નથી. તેમ જ જીવમાં જ્યારે આત્મકેન્દ્રિત સુંદર પંચાચારનું પાલન ન હોય ત્યારે તેમાં અધ્યાત્મનો સ્વીકાર ન થઈ શકે.**

<u>**શંકા**</u> :- ઘડામાં તો ક્યારેય પણ પંચાચાર પાલન સંભવિત નથી, પરંતુ અમુક જીવમાં ભૂતકાલીન કે ભવિષ્યકાલીન આત્મકેન્દ્રિત સુંદર પંચાચાર પાલન સંભવી શકે છે. તેથી તેની અપેક્ષાએ તેવા જીવોમાં અધ્યાત્મનો સ્વીકાર કરવો વ્યાજબી છે.

<u>**સમાધાન**</u> :- આ વાત એવંભૂતનયને માન્ય નથી. આનું કારણ એ છે કે ભૂતકાલીન પંચાચાર પાલન નષ્ટ થયેલું છે તથા ભવિષ્યકાલીન પંચાચાર પાલન તો વર્તમાનમાં અનુત્પન્ન છે. તેથી સાંપ્રત કાળમાં તે બન્ને (= અતીત

णतुल्यत्वात् । तथापि तद्द्वारेण शब्दप्रवर्तने सर्वत्र तथाव्यवहारप्रसङ्गात्, विशेषाभावात् ।

किञ्चातीत-वर्त्स्यत्तथाविधाविकलपञ्चाचारपालनाऽपेक्षया साम्प्रतं तथाविधपञ्चाचारपालनंविकलेष्वपि अध्यात्माभ्युपगमे सिद्धेष्वचरमावर्तकालीनमुक्तिगामिभव्येषु चाध्यात्मव्यवहारः साम्प्रतः स्यात्, विशेषाभावात्। तस्माद् यत्र क्षणे व्युत्पत्तिनिमित्तमविकलमस्ति तस्मिन्नेव क्षणे सोऽर्थस्तच्छब्दवाच्यः । व्युत्पत्तिनिमित्तक्रि-याऽऽविष्टं वस्तु एव सत्, अन्यथाऽवस्त्वेवेत्येतन्मतमिति ध्येयम् ।

साम्प्रतं नैगमादिनयेनाऽध्यात्मं प्रस्तूयते । तत्रादौ नैगमनयस्वरूपमुच्यते । तदुक्तं **नयरहस्ये** —> निगमेषु भवोऽध्यवसायविशेषो नैगमः । तद्भवत्वञ्च लोकप्रसिद्धार्थोपगन्तृत्वम् । लोकप्रसिद्धिश्च सामान्यविशेषा-द्युभयोपगमेन निर्वहति <— (पृ.७४) । निश्चयेन गम्यन्ते प्रयुज्यन्ते शब्दा यत्र स निगम इति व्युत्पत्त्या निगमपदं लोकं जनपदं वा प्रतिपादयति । यद्वा निगमेषु = लोकार्थस्वरूपजीवादिगोचरानेकबोधेषु भवः कुशलो वाऽयमिति नैगमः । यद्वा बहुविधाभ्युपगमपरत्वान्नैकमार्गः = नैगमः । स च क्रमविशुद्धभेदः। तथाहि आद्यभेदोऽस्य निर्विकल्पकमहासत्ताख्यकेवलसामान्यवादित्वात् सर्वाविशुद्धः । गोत्वादिसामान्य-विशेषवादी तु द्वितीयभेदो विशुद्धाविशुद्धः । विशेषवादी तृतीयभेदः सर्वविशुद्धः । प्रस्थकाद्युदाहरणानुसारेणाऽपि क्रमविशुद्धिर्भावनीया । तदुक्तं **विशेषावश्यकभाष्ये** - 'णेगाइं माणाइं सामन्नोभयविसेसजाणाइं । जं तेहिं मिणइ तो णेगमो णओ णेगमाणो त्ति ॥२१८६॥ लोगत्थनिबोहा वा निगमा तेसु कुसलो भवो वाऽयं।

---

અને અનાગત ક્રિયા) સસલાના શિંગડાની જેમ અસત્ છે. અસત્ (= અવિદ્યમાન) ક્રિયાને આશ્રયીને પણ વર્તમાનમાં તથાવિધ ક્રિયાશૂન્ય અર્થમાં તે ક્રિયાના સૂચક શબ્દનો પ્રયોગ સ્વીકારવામાં આવે તો સર્વત્ર જડ, ચેતન વગેરેમાં અધ્યાત્મ શબ્દનો પ્રયોગ કરવાની આપત્તિ આવશે. કારણ કે ક્રિયા બધામાં સમાન રૂપે અસત્ = અવિદ્યમાન છે.

વળી, અસત્ ક્રિયાની અપેક્ષાએ શબ્દપ્રયોગ સ્વીકારવામાં આવે તો સિદ્ધ ભગવંતોમાં પણ અધ્યાત્મનો વ્યવહાર થવાની આપત્તિ આવશે. કારણ કે તેઓમાં ભૂતકાળમાં આત્મકેન્દ્રિત સંપૂર્ણ પંચાચાર પાલન હતું જ. તથા અચરમાવર્તકાલીન ભવ્ય (મોક્ષગામી) જીવોમાં પણ અધ્યાત્મનો શબ્દપ્રયોગ કરવાની આપત્તિ આવશે. કારણ કે ભવિષ્યકાળમાં તેઓમાં તેવું પંચાચાર પાલન આવવાનું જ છે. (૧) નિંદ્રાધીન એવા વચનાનુષ્ઠાનની કક્ષાએ રહેલા યોગીઓ, (૨) સિદ્ધ ભગવંતોમાં અને (૩) અચરમાવર્તકાલીન ભવ્ય (મોક્ષમાં જનારા) જીવોમાં વર્તમાન કાળે પંચાચાર સૌંદર્ય ગેરહાજર છે. તેથી ત્રણેયમાં અધ્યાત્મનો વ્યવહાર એવંભૂત નયના મતે ન થઈ શકે.

<u>નિષ્કર્ષ</u> :- જ્યાં જે સમયે જે શબ્દની વ્યુત્પત્તિનિમિત્તભૂત ક્રિયા સંપૂર્ણ હાજર હોય ત્યાં જ ત્યારે જ તેના વાચક શબ્દનો પ્રયોગ થાય અને તે અર્થ તે શબ્દનો વાચ્ય બને. એટલે કે વ્યુત્પત્તિનિમિત્ત ક્રિયાથી વિશિષ્ટ વસ્તુ જ પારમાર્થિક છે બાકી તે અસત્ જ છે. તેથી જ્યાં જે સમયે આત્મકેન્દ્રિત સંપૂર્ણ પંચાચાર સૌંદર્ય હોય ત્યારે જ ત્યાં જ પારમાર્થિક અધ્યાત્મ રહેલું છે. આવું એવંભૂત નયનું વક્તવ્ય ધ્યાનમાં રાખવું.

## ❀ નૈગમ નયનો પરિચય ❀

सां० । હવે નૈગમ વગેરે નય દ્વારા અધ્યાત્મની વિચારણા પ્રસ્તુત થાય છે. તેમાં સૌપ્રથમ નૈગમ નયનું સ્વરૂપ જણાવાય છે. <u>નયરહસ્ય</u> ગ્રંથમાં ગ્રંથકારશ્રીએ જણાવેલું છે કે નિગમમાં ઉત્પન્ન થયેલો એવો અધ્યવસાયવિશેષ તે નૈગમ. નિશ્ચિત રીતે તે તે અર્થોમાં શબ્દનો પ્રયોગ જ્યાં થાય તેને નિગમ કહેવાય છે. આવી નિગમ શબ્દની

अहवा जं नेगगमोऽणेगपहो णेगमो तेणं ॥२१८७॥ सो कमविसुद्धभेओ लोगपसिद्धिवसओऽणुगंतव्वो' (२१८८)। नैगमनयमतेन गुरुदेवादिपूजनादिरूपपूर्वसेवादिकमप्यध्यात्मम् । पूर्वसेवास्वरूपञ्च **योगबिन्दौ** —> पूर्वसेवा तु तन्त्रज्ञैर्गुरुदेवादिपूजनम् । सदाचारस्तपो मुक्त्यद्वेषश्चेह प्रकीर्त्तिता ॥१०९॥ <— इत्युक्तम् । सदाचारस्तु लोकापवादभीरुत्व-दीनाभ्युद्धरणादर-कृतज्ञता-सुदाक्षिण्यादिरूपः **योगबिन्दू**पदर्शित (१२६-१३०) एकोनविंशतिविधो विज्ञेयः । यथा मगधदेशप्रसिद्धकाष्ठघटित-धान्यमानविशेषलक्षणप्रस्थकार्थं वनगमन-दारुच्छेदन-तक्षणोत्किरण-लेखन-प्रस्थकपर्यायाविर्भावेषु यथोत्तरशुद्धा नैगमभेदाः प्रवर्तन्ते तथा पूर्वसेवा-शास्त्रलेखनादियोगबीजोपादान-सद्योगावञ्चकादीच्छायोगेच्छादियम-प्रीत्यादिसदनुष्ठान-पञ्चाचारसौन्दर्याविर्भावेषु यथायथं यथोत्तरशुद्धानां नैगमभेदानामध्यात्माभ्युपगमोऽनाविल एवेति विभावनीयम् ।

---

**વ્યાખ્યા મુજબ લોક અથવા દેશ = નિગમ એમ જાણવું. તેથી લોકપ્રસિદ્ધ અર્થને સ્વીકારનાર નૈગમ નય જાણવો. સામાન્ય-વિશેષ ઉભય સ્વરૂપે અર્થને સ્વીકારવાથી લોકપ્રસિદ્ધિનો નિર્વાહ થઈ શકે છે. અથવા લોકપ્રસિદ્ધ અર્થ સ્વરૂપ જીવ વગેરે અનેક તત્ત્વસંબંધી બોધથી ઉત્પન્ન થનાર કે તેમાં કુશળ તે નૈગમ નય જાણવો. અથવા પદાર્થ સંબંધી અનેક પ્રકારના મંતવ્યોમાં તત્પર એવો નૈગમ નય જાણવો. આવો નૈગમ નય અશુદ્ધ, મિશ્ર અને શુદ્ધ એમ ત્રણ પ્રકારે જાણવો. દા.ત. ગાયને ઉદ્દેશીને આ શું છે ? એવા પ્રશ્નના જવાબમાં 'આ સત્ વસ્તુ છે' એવો જે શબ્દપ્રયોગ તે અશુદ્ધ નૈગમ નય જાણવો. અને 'આ પશુ છે' આવો જવાબ મિશ્ર (વિશુદ્ધ, અવિશુદ્ધ) નૈગમ નય જાણવો. અને 'આ ગીરની, દૂધાળી, લાલ ગાય છે' આ જવાબ શુદ્ધ (સર્વ વિશુદ્ધ) નૈગમ નય કહેવાય. <u>વિશેષાવશ્યકભાષ્ય</u>ની પંક્તિ દ્વારા આવો અર્થ ફલિત થાય છે.**

## ❀ નૈગમનયથી અધ્યાત્મનો પરિચય ❀

**નૈ૦ । નૈગમ નયના મતે ગુરૂદેવાદિપૂજન વગેરે સ્વરૂપ પૂર્વસેવા વગેરે પણ અધ્યાત્મ છે. <u>યોગબિંદુ</u> ગ્રંથમાં પૂર્વસેવાનું સ્વરૂપ આ મુજબ જણાવ્યું છે. 'ગુરૂદેવાદિપૂજન, સદાચાર, તપ અને મોક્ષનો અદ્વેષ, પ્રસ્તુતમાં શાસ્ત્રમર્મજ્ઞો વડે પૂર્વસેવા કહેવાય છે.' સદાચાર તો લોકનિંદાભીરૂતા, ગરીબોના ઉદ્ધારમાં આદર, કૃતજ્ઞતા, દાક્ષિણ્ય વગેરે ૧૯ પ્રકારે યોગબિંદુમાં જણાવેલ છે.**

**લાકડાનું બનેલું, મગધ દેશમાં પ્રસિદ્ધ અનાજ માપવાનું એક સાધન પ્રસ્થક કહેવાય છે. તે બનાવવા લાકડું લેવા માટે કોઈ સુથાર જંગલમાં જતો હોય તે સમયે તેને જો પૂછવામાં આવે કે 'તમે શું કરો છો?' તેના જવાબમાં તે કહે છે કે 'પ્રસ્થક લેવા માટે જાઉં છું.' જો કે તે પ્રસ્થકયોગ્ય લાકડું લેવા જાય છે. છતાં જવાબ આપે છે કે 'હું પ્રસ્થક લેવા જાઉં છું.' અહીં જંગલમાં રહેલ લાકડું પ્રસ્થક સ્વરૂપ નથી, છતાં ભવિષ્યકાલીન પ્રસ્થક પર્યાયનો આરોપ કરીને તે ઉપરોક્ત જવાબ આપે છે. લાકડામાં પ્રસ્થકનો ઉપચાર કરવો તે નૈગમ નયનો અભિપ્રાય છે. તે જ રીતે પ્રસ્થક બનાવવા માટે લાકડું કાપવું, છોલવું, લાકડામાં વચ્ચે ખાડો પાડવો, તેને સરખું કરવું, બહારનો આકાર વ્યવસ્થિત આપવો, તેમાં ધાન્ય ભરવું વગેરે દરેક અવસ્થામાં નૈગમ નય તેને પ્રસ્થક તરીકે સ્વીકારે છે. ઉપરોક્ત અલગ અલગ અવસ્થામાં પ્રસ્થક પર્યાયનો સ્વીકાર કરનારા નૈગમ નયના વિશેષ ભેદો ઉત્તરોત્તર શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમ છે - એમ શાસ્ત્રમાં જણાવેલ છે. તે જ રીતે પ્રસ્તુતમાં પૂર્વસેવા, શાસ્ત્રલેખન આદિ યોગબીજનું ગ્રહણ, સદ્યોગાવંચક વગેરે યોગ, ઈચ્છાયોગ વગેરે યોગ, ઈચ્છાયમ વગેરે યમ, પ્રીતિ અનુષ્ઠાન વગેરે અનુષ્ઠાન, પંચાચાર પાલનનો આવિર્ભાવ.... આ બધી અલગ અલગ અવસ્થાઓમાં અધ્યાત્મનો સ્વીકાર કરનાર નૈગમ નયના પ્રકારો યથાયોગ્ય રીતે ઉત્તરોત્તર વિશુદ્ધ છે. અને આ બધી અવસ્થાઓમાં અધ્યાત્મનો સ્વીકાર નૈગમ નય કરે છે**

नैगमनयमाश्रित्य स्वौचित्यालोचनादिकमप्यध्यात्ममवगन्तव्यम् । तदुक्तं **योगबिन्दौ** —> [१]स्वौचित्यालोचनं सम्यक् ततो [२]धर्मप्रवर्तनम् । [३]आत्मसम्प्रेक्षणञ्चैव तदेतदपरे जगुः ॥३८९॥ <— इति । एतत् = अध्यात्मम्, कुशलाशयत्वात् । तदुक्तं तत्रैव —> सर्वमेवेदमध्यात्मं, कुशलाशयभावतः । औचित्याद्यत्र नियमाल्लक्षणं यत्पुरोदितम् ॥३९६॥ <— इति । देववन्दनादिकमप्यध्यात्ममेव । तदुक्तं **योगबिन्दौ** '[१]देवादिवन्दनं सम्यक्, [२]प्रतिक्रमणमेव च । [३]मैत्र्यादिचिन्तनञ्चैतत्, सत्त्वादिष्वपरे विदुः ॥३९७॥ <— इति । 'एतत्' = अध्यात्मम्, अन्वर्थयोगादिति गम्यते । तदुक्तं तत्रैव —> एवं विचित्रमध्यात्ममेतदन्वर्थयोगतः । आत्मन्यधीति-संवृत्तेर्ज्ञेयमध्यात्मचिन्तकैः ॥४०४॥ <— इति । जपोऽप्यध्यात्मम् । तदुक्तं **योगबिन्दौ** —> आदिकर्मकमाश्रित्य जपो ह्यध्यात्ममुच्यते । देवतानुग्रहाङ्गत्वादतोऽयमभिधीयते ॥३८१॥ <— इति । इत्थं नानाविधमध्यात्मं मार्गानुसार्यादिकमाश्रित्य स्थूलताप्रेक्षणप्रवीणेन नैगमनयेन स्वसमयाऽविरोधेनाङ्गीक्रियते ।

सामान्यरूपतया सर्ववस्तूनां संग्रहणं = सङ्ग्रहः । अथवा सामान्यरूपतया सर्वं गृह्णातीति सङ्ग्रहः । यद्वा सर्वेऽपि सामान्यभेदाः सङ्गृह्यन्तेऽनेनेति सङ्ग्रहः । सङ्गृहीत-पिण्डितार्थप्रतिपादकं वचनं सङ्ग्रहनय

---

તેમ કહેવું, ઉપરોક્ત પ્રસ્થક દૃષ્ટાંતના આધારે અમને યોગ્ય જણાય છે.

તેમ જ પોતાની ભૂમિકાને અનુરૂપ ઔચિત્યની વિચારણા વગેરે પણ નૈગમ નયને આશ્રયી અધ્યાત્મ સ્વરૂપ જાણવા. <u>યોગબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> (૧) યથાવસ્થિત રૂપે પોતાના માટે શું કરવું ઉચિત છે? તેવી વિચારણા, (૨) પછી અનુષ્ઠાન સ્વરૂપ ધર્મમાં પ્રવૃત્તિ કરવી, (૩) અને સમ્યક્ રીતે આત્મનિરીક્ષણ કરવું. આ ત્રણ વસ્તુને શાસ્ત્રકારો અધ્યાત્મ કહે છે. આ બધું જ અધ્યાત્મ હોવાનું કારણ એ છે કે તેમાં પ્રશસ્ત અધ્યવસાય વિદ્યમાન છે. કેમ કે ઔચિત્યથી વ્રતસંપન્નતા અહીં નિયમા હોય છે. <— તથા દેવવંદન વગેરે પણ અધ્યાત્મ જ છે. <u>યોગબિંદુ</u>માં જણાવેલ છે કે —> (૧) સમ્યક્ પ્રકારે પોતાના ઈષ્ટદેવ વગેરેને નમસ્કાર, સ્તવન વગેરે કરવા, (૨) પ્રતિક્રમણ (પાપનો પસ્તાવો, પ્રાયશ્ચિત્ત વગેરે) અને (૩) જીવો વગેરે વિશે મૈત્રી આદિ ભાવનાનું ચિંતન કરવું. આને અન્યશાસ્ત્રકારો અધ્યાત્મ કહે છે. કારણ કે તેમાં 'અધ્યાત્મ' શબ્દનો પ્રયોગ સાર્થક છે. આત્માને આશ્રયીને સંગત રીતે વર્તવું, આ અધ્યાત્મમાં વિદ્યમાન છે. આવું અધ્યાત્મચિંતક પુરૂષોએ જાણવું. <— જપ પણ અધ્યાત્મ છે. —> આદિધાર્મિક પુરુષને જપ જ અધ્યાત્મ કહેવાય છે. કારણ કે અધ્યાત્મને અનુકૂળ એવી દેવપ્રસન્નતાનું જાપ એ નિમિત્ત છે <— એમ <u>યોગબિંદુ</u>માં જણાવેલ છે. આમ સ્થૂલતાને જોવામાં-સ્વીકારવામાં નિપુણ એવા નૈગમ નય દ્વારા માર્ગાનુસારી વગેરેને આશ્રયીને, પોતાના સિદ્ધાન્તને વિરોધ ન આવે તે રીતે અનેક પ્રકારનું અધ્યાત્મ સ્વીકારાય છે. પ્રસ્થક દૃષ્ટાન્ત અને વસતિ ઉદાહરણને ખ્યાલમાં રાખીને નૈગમ નયના મતે અધ્યાત્મનું સ્વરૂપ ગુરૂગમથી સમજવા માટે વિજ્ઞ વાચકવર્ગે ખ્યાલ રાખવો.

## ❋ સંગ્રહ નયનું સ્વરૂપ ❋

**सामा०** । સામાન્ય રૂપે સર્વ વસ્તુઓનું સમ્યક્ રીતે ગ્રહણ કરવું તે સંગ્રહ અથવા સામાન્યરૂપે બધી વસ્તુનું ગ્રહણ થઈ જાય તે સંગ્રહ. અથવા સામાન્યના દરેક અંશનો સંગ્રહ કરે તે સંગ્રહ. સંગ્રહ નયનું વચન સંગૃહીત પિંડિત અર્થનું પ્રતિપાદક હોય છે. સામાન્ય અભિમુખ બોધ દ્વારા જ્ઞાત અર્થ = સંગૃહીતાર્થ. વિવક્ષિત એક જાતિનો ઉલ્લેખ કરીને પ્રતિપાદન કરવાને ઈચ્છાયેલ અર્થ = પિંડિતાર્થ. અથવા સંગૃહીત = મહાસામાન્ય અને પિંડિત = અવાન્તર સામાન્ય. આ રીતે <u>વિશેષાવશ્યકભાષ્ય</u>માં જણાવેલ છે. <u>તત્ત્વાર્થભાષ્ય</u> મુજબ વસ્તુઓના સર્વાંશ અને એકદેશનો સંગ્રહ કરે તે સંગ્રહ નય, આવું જણાવેલ છે. મતલબ કે વસ્તુનું સામાન્ય સ્વરૂપ

इत्यर्थ । यथोक्तं **विशेषावश्यकभाष्ये** –> 'संगहणं संगिण्हइ संगिज्झंते व तेण जं भेया । तो संगहो त्ति संगहियपिंडियत्थं वओ जस्स ॥२२०३॥' <— इति । अत्र सङ्गृहीतं = सामान्याभिमुखग्रहणगृहीतं पिण्डितञ्च विवक्षितैकजात्युपरागेण प्रतिपिपादयिषितमित्यर्थः । सङ्गृहीतं = महासामान्यं, पिण्डितं तु सामान्यविशेष इति वाऽर्थः । 'अर्थानां सर्वैकदेशसङ्ग्रहणं = सङ्ग्रह' इति (१/३५) **तत्त्वार्थभाष्यम्** । अत्र 'सर्वं = सामान्यं, एकदेशश्च विशेषः, तयोस्सङ्ग्रहणं = सामान्यैकशेषस्वीकार इत्यर्थः <— (पृ. ११८) इति व्यक्तं **नयरहस्ये** । ततश्च आत्मन्येव भूयो भूयः क्लिष्टचित्तवृत्तिनिरोधपूर्वमेकाग्रचित्तव्यापारात् साम्यमवलम्ब्य यच्चारुपञ्चाचारपालनं तत् अध्यात्ममिति भावना-ध्यान-समताद्यनुविद्धमध्यात्मसामान्यमभ्युपगच्छति सङ्ग्रहनयः। यथा साधु-साध्वी-श्रावक-श्राविकाणां सङ्ग्रहाय 'जैनसङ्घ' इति प्रयोगः क्रियते तथा भावना-ध्यान-समतादीनां सङ्ग्रहाय 'अध्यात्ममि'ति पदप्रयोगोऽनाविलः । यथा सङ्ग्रहनयाभिप्रायेण 'सर्वं खलु सत्' इत्यभ्युपगमेऽपि जन्म-विगम-ध्रौव्यालिङ्गितत्वेन केवलं घटमुद्दिश्याऽपि 'अयं सन्' इति प्रयोगात् केवले घटे सत्त्वं न निवर्तते तथाऽवस्थाविशेषेऽभिव्यक्तरूपेण ध्यानादियोगविरहेऽपि भावनादौ सति अध्यात्मं न निवर्तते, अध्यात्मपदप्रयोगबीजस्य आत्मोद्देश्यकत्वस्य सत्त्वादिति । यद्वाऽपुनर्बन्धकाद्ययोगिगुणस्थानपर्यवसाना

---

**અને વસ્તુનું આંશિક વિશેષ સ્વરૂપ આ બન્નેનો સંગ્રહ કરવો એટલે કે સામાન્ય માત્ર રૂપે શેષ વસ્તુનો સ્વીકાર કરવો. આશય એ છે કે સામાન્ય અંશમાં જ વિશેષ અંશ ભળી જાય છે. તો શા માટે વિશેષનો સ્વતંત્ર રીતે સ્વીકાર કરવો ? આવા અભિપ્રાયથી સંગ્રહનય સામાન્યમાત્રનો ગ્રાહક છે. આવો અભિપ્રાય નયરહસ્ય ગ્રંથના આધારે સ્પષ્ટ થાય છે.**

## ▯ સંગ્રહ નયની દૃષ્ટિએ અધ્યાત્મ ▯

**ઉપરોક્ત રીતે વસ્તુના વિશેષ અંશનો અલગ અલગ સ્વીકાર કરવાને બદલે તે બધા વિશેષ અંશોને સામાન્યરૂપે ભેગા કરવાનો દૃષ્ટિકોણ અપનાવવાના કારણે પ્રસ્તુતમાં સંગ્રહનય અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા વૃત્તિસંક્ષય વગેરેનો ભિન્ન ભિન્નરૂપે સ્વીકાર કરવાના બદલે તે બધામાં વણાયેલ (= અનુગત, વ્યાપક) વસ્તુને અધ્યાત્મરૂપે સ્વીકારશે. તેથી આત્મામાં જ (= આત્માને ઉદ્દેશીને) વારંવાર ક્લિષ્ટ એવી ચિત્તવૃત્તિઓના નિરોધપૂર્વક એકાગ્ર ચિત્તના વ્યાપારથી સમતાને અવલંબીને જે સુંદર પંચાચારનું પાલન તે અધ્યાત્મ. જેમ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચારેયનો સંગ્રહ કરવા માટે જૈન સંઘ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. તેમ ભાવના, ધ્યાન, સમતા વગેરેનો અધ્યાત્મરૂપે સંગ્રહ કરવા માટે ઉપરોક્ત રીતે અધ્યાત્મની વ્યાખ્યા સંગ્રહ નયને માન્ય છે. અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે જેમ સંગ્રહનયના મતે 'બધું સત્ છે' આવું સ્વીકારવામાં આવે છે છતાં પણ ભૂતલમાં રહેલા ઘડાને ઉદ્દેશીને પ્રશ્ન કરવામાં આવે કે 'આ શું છે ?' તો સંગ્રહનયવાદી કહેશે કે 'આ સત્ છે.' કેમ કે એકલા ઘડામાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તત્વ રહેલું છે. અને તે જ 'સત્' પદ પ્રવૃત્તિનું નિમિત્ત છે. આથી એકલા ઘડામાં પણ સત્ત્વ સંગ્રહનયમતે સિદ્ધ થાય છે. બરાબર આ જ રીતે કેવળ ભાવના વગેરે પણ અધ્યાત્મસ્વરૂપ બની શકે છે. કેમ કે ચિત્તવૃત્તિનિરોધ, ધ્યાન, સમતા વગેરેના સમૂહને અધ્યાત્મ કહેવાનું બીજ છે - તે બધામાં રહેલું આત્મકેન્દ્રિતપણું. તેથી અવસ્થા વિશેષમાં ધ્યાન (પઠન, પાઠન સમયે), સમતા (વિષ્ણુકુમારમાં) વગેરે અંશોનો પ્રગટ રીતે અભાવ જણાય તો પણ ત્યાં ભાવનાયોગવાળા જીવમાં અધ્યાત્મનો અભાવ છે એમ ન કહેવાય. આવું સંગ્રહ નયનું મંતવ્ય છે.**

**અથવા અપુનર્બંધક અવસ્થાથી માંડીને અયોગી ગુણસ્થાનક સુધીની તે તે અવસ્થાની અપેક્ષાએ શુદ્ધ ક્રિયા**

तत्तदवस्थापेक्षया शुद्धा क्रियाऽध्यात्ममिति सङ्ग्रहनयेनावगन्तव्यम् । सङ्ग्रहनयाभिप्रायेणैव **अध्यात्मसारे** —> अपुनर्बन्धकाद्यावद् गुणस्थानं चतुर्दशम् । क्रमशुद्धिमती तावत्क्रियाऽध्यात्ममयी मता ॥ <— (२/४) इत्युक्तमिति भावनीयम् ।

साम्प्रतमवसरप्राप्तमुच्यते - **व्यवहारर्जुसूत्रयोः** = व्यवहारनयर्जुसूत्रनयप्रतिपाद्यः **यथायथं** = यथायोग्यं 'बाह्यव्यवहारोपबृंहितं मैत्र्यादिवासितं निर्मलं चित्तं अध्यात्मं' इति तृतीयकारिकोक्तो **द्वितीयः अर्थो ज्ञेयः**। सङ्ग्रहनयगोचरीकृतानर्थान् विधाय, न तु निषिध्य यः परामर्शविशेषः तानेव विभजते स व्यवहारनयः। यथोक्तं **सर्वार्थसिद्धौ** —> सङ्ग्रहनयाक्षिप्तानामर्थानां विधिपूर्वकमवहरणं = व्यवहारः <— (१/३३)। तदुक्तं **तत्त्वार्थश्लोकवार्तिकेऽपि** —> सङ्ग्रहेण गृहीतानामर्थानां विधिपूर्वकः । व्यवहारो विभागः स्याद् व्यवहारो नयः स्मृतः ॥ <— (१/३५ पृ.२७१) इति । **तत्त्वार्थस्वोपज्ञभाष्ये** तु 'लौकिकसम उपचारप्रायो विस्तृतार्थो व्यवहारः' (त.भा.१/३५) इत्युक्तम् । —> लोकव्यवहारौपयिकोऽध्यवसायविशेषो व्यवहारः <— (पृ.१२५) इति **नयरहस्ये** प्रोक्तम् । ततश्च बाह्यव्यवहारोपबृंहितं = सद्धर्मव्यापारपरिपुष्टं निर्मलं चित्तं अध्यात्ममिति व्यवहारनयाभिप्रायः फलितः । व्युत्पत्तिनिमित्तप्रधाने एवम्भूतनये विशेषणत्वेनाऽभिमतायाः

---

અધ્યાત્મ છે - આ પ્રમાણે સંગ્રહ નયના મતે જાણવું. સંગ્રહ નયના અભિપ્રાયથી જ અધ્યાત્મસાર ગ્રન્થમાં પ્રસ્તુત ગ્રન્થકારશ્રીએ જણાવેલ છે કે —> અપુનર્બંધકથી માંડીને ૧૪મા ગુણસ્થાનક સુધી ક્રમિક બળવાન શુદ્ધિવાળી ક્રિયા અધ્યાત્મમય મનાયેલ છે <— આ વાતનું વિજ્ઞ વાચકવર્ગે વિભાવન કરવું.

## ❊ વ્યવહાર નયની વ્યાખ્યા ❊

હવે અવસર સંગતિથી પ્રાપ્ત (હવે અવશ્ય કહેવા યોગ્ય) અર્થ કહેવાય છે —> બાહ્ય વ્યવહારથી પુષ્ટ થયેલ, મૈત્રી આદિથી વાસિત નિર્મળ ચિત્ત અધ્યાત્મ છે. <— આમ ત્રીજી કારિકામાં જણાવેલ અધ્યાત્મ શબ્દનો બીજો અર્થ વ્યવહાર નય અને ઋજુસૂત્ર નયથી પ્રતિપાદ્ય જાણવો. શ્લોકના ઉત્તરાર્ધનો આ સામાન્ય અર્થ જાણવો. તેનો વિશેષ વિચારવિમર્શ કરતાં પૂર્વે વ્યવહાર નયની વ્યાખ્યા કરવામાં આવે છે. તત્ત્વાર્થસૂત્રની સર્વાર્થસિદ્ધિ ટીકા અને તત્ત્વાર્થશ્લોકવાર્તિક મુજબ —> સંગ્રહનયે જે અર્થોને પોતાના વિષય બનાવેલા છે તેનું વિધાન કરીને, નહિ કે નિષેધ કરીને, જે વિશિષ્ટ પરામર્શ તે અર્થોનો યથાવસ્થિત રીતે વિભાગ કરે છે તે વ્યવહાર નય કહેવાય છે. અર્થાત્ સંગ્રહ નયના વિષયને વિભક્ત કરનાર વિશિષ્ટ અધ્યવસાય તે વ્યવહાર નય કહેવાય છે. તત્ત્વાર્થસૂત્રના ભાષ્યમાં ઉમાસ્વાતિ મહારાજાએ તો એમ જણાવ્યું છે કે —> લૌકિકઅભિપ્રાય સમાન, ઉપચારબહુલ, વિસ્તૃત અર્થ વિષયક વ્યવહાર નય છે. નયરહસ્ય ગ્રંથ મુજબ જે અધ્યવસાયવિશેષ લોકોના વ્યવહારમાં ઉપાયભૂત છે તે વ્યવહાર નય છે.

## ❊ અધ્યાત્મ : વ્યવહાર નયની દૃષ્ટિમાં ❊

વ્યવહાર નયની ઉપરોક્ત બહુવિધ વ્યાખ્યાઓને નજર સમક્ષ રાખતાં —> બાહ્ય વ્યવહારથી પુષ્ટ થયેલ અર્થાત્ સદ્ધર્મ વ્યાપારથી બળવાન બનેલ નિર્મળ ચિત્ત = અધ્યાત્મ. <— આવો વ્યવહાર નયનો અભિપ્રાય ફલિત થાય છે. અહીં એ પણ ખ્યાલમાં રહે કે પૂર્વોક્ત એવંભૂત નય વ્યુત્પત્તિનિમિત્તપ્રધાન હોવાથી તેના મતે ક્રિયા એ પદાર્થનું વિશેષણ છે. અર્થાત્ શબ્દથી જણાતી ક્રિયા શબ્દપ્રયોગ કરતી વખતે અર્થમાં હોવી અનિવાર્ય છે. જ્યારે પ્રસ્તુત વ્યવહારનય રૂઢિ વગેરેમાં સાધારણ એવા પદપ્રવૃત્તિનિમિત્તને પ્રધાન કરે છે. માટે તેના મતે ક્રિયા એ પદાર્થનું ઉપલક્ષણ છે. અર્થાત્ શબ્દથી જણાતી ક્રિયા શબ્દપ્રયોગ કરતી વખતે પદાર્થમાં હોવી અનિવાર્ય

क्रियायाः रूढ्यादिसाधारण-पदप्रवृत्तिनिमित्तप्रधाने व्यवहारनये उपलक्षणत्वात् चित्तनैर्मल्यमेव सद्धर्मव्यापार-परिचायितं अध्यात्ममिति भावनयानुगृहीत-व्यवहारनयः ।

यद्वा निर्मलमिति विशेषणेनाऽपुनर्बन्धकाद्यवस्थाप्राप्या शुद्धिः प्रदर्शिता । ततश्चाऽपुनर्बन्धकादिकृत-सद्धर्मव्यापारपरिपुष्टं चित्तमध्यात्ममिति व्यवहारनयमतम् । सद्धर्माचारलक्षणैव शुद्धिरिति व्यवहारनयाभ्युपगमः। अपुनर्बन्धकादिकृतत्वादिनाऽपि सद्धर्मव्यापारपरिपुष्टे चित्तेऽपेक्षिता शुद्धिरनाविलैव व्यवहारनये । ततश्चाऽ-पुनर्बन्धकादिकृतः सद्धर्मव्यापार एवाऽध्यात्ममिति स्वतन्त्रव्यवहारनयमतम् । एतन्नयमनुसृत्यैव **योगसारे**ऽपि "मूर्त्तो धर्मः सदाचारः सदाचारोऽक्षयो निधिः। दृढं धैर्यं सदाचारः सदाचारः परं यशः ॥" (५/१४) इत्युक्तम् ।

यत्तु **सिद्धसेनदिवाकरसूरिभिः द्वात्रिंशिकाप्रकरणे** —> शुद्धिः आचारलक्षणं <— (१७/२३) इत्युक्तं, तत्तु निश्चयनयापेक्षया बोध्यमिति न काचित् क्षतिः प्रकृते समायातेत्यवधेयम् ।

ऋजुसूत्रनयस्तु द्रव्यं सदप्युपसर्जनीकृत्य क्षणध्वंसिनः पर्यायानेव प्रधानतया दर्शयति । तदुक्तं **वादिदेवसूरिभिः प्रमाणनयतत्त्वालोकसूत्रे** —> ऋजु = वर्तमानक्षणस्थायि पर्यायमात्रं प्राधान्यतः सूत्रयन्न-*भिप्रायः ऋजुसूत्रः* <—(७/२५) । ***अनुयोगद्वारसूत्रे****ऽपि* —> *पच्चुप्पन्नगाही उज्जुसुओ णयविही मुणेयव्वो* <—(४) इत्युक्तम् । —> सूत्रपातवत् ऋजुसूत्रः <—(१/३३) इति **तत्त्वार्थराजवार्तिककारः** । वर्तमान-

---

નથી. પરંતુ ક્યારેક (=ભૂતકાળમાં) ક્રિયા ત્યાં રહેલી હોય તો ચાલે. માટે સદ્ધર્મ વ્યવહારથી ઓળખાયેલી ચિત્તની નિર્મળતા એ જ અધ્યાત્મ છે. આ પ્રમાણે ભાવનયથી અનુગૃહીત વ્યવહાર નયનું મંતવ્ય છે.

यद्वा निर्मलं० । વિચાર કરવામાં આવે તો 'निर्मलं' એવું જે ચિત્તનું = આત્માનું વિશેષણ લગાડવામાં આવેલ છે તેનાથી અપુનર્બંધક વગેરે અવસ્થાથી પ્રાપ્ય એવી શુદ્ધિ આત્મામાં જણાવેલી છે. માટે અપુનર્બંધક વગેરેથી થયેલ સદ્ધર્મ વ્યાપારથી પુષ્ટ એવું ચિત્ત અધ્યાત્મ છે. કારણ કે વ્યવહાર નયના મતે સદ્ધર્મનો આચાર એ જ શુદ્ધિ છે. પરંતુ અભવ્ય વગેરેના બાહ્ય સદ્ધર્મ આચાર પ્રસ્તુતમાં શુદ્ધિરૂપે અભિમત નથી. તેથી અપુનર્બંધક વગેરે દ્વારા કરાયેલ સદ્ધર્મ આચારથી પુષ્ટ થયેલ ચિત્તમાં જે શુદ્ધિ, વ્યવહાર નયથી અપેક્ષિત છે તે શુદ્ધિ સદ્ધર્મ વ્યાપારમાં રહેલ અપુનર્બંધકાદિકર્તૃકત્વથી નિરાબાધ રીતે પ્રાપ્ય છે. માટે અપુનર્બંધક આદિએ કરેલો સદ્ધર્મ વ્યાપાર એ જ અધ્યાત્મ છે. એવો કેવલ (=સ્વતંત્ર) વ્યવહાર નયનો મત છે.

આ વ્યવહાર નયને આશ્રયીને જ યોગસાર ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> સદાચાર એ સાક્ષાત્ ધર્મ છે, સદાચાર એ અક્ષયનિધિ છે, સદાચાર એ દૃઢ ધૈર્ય છે, સદાચાર એ શ્રેષ્ઠ યશ છે. <—

यत्तु० । જો કે **સિદ્ધસેનદિવાકરસૂરિ** મહારાજાએ **બત્રીશબત્રીશી** ગ્રંથમાં જે જણાવ્યું છે કે —> આચારનું લક્ષણ શુદ્ધિ છે. <— તે નિશ્ચય નયની અપેક્ષાએ જાણવું. તેથી 'સદ્ધર્માચાર = શુદ્ધિ' એવા વ્યવહાર નયના નિરૂપણમાં કોઈ ક્ષતિ આવતી નથી. તે ખ્યાલમાં રાખવું.

## ❀ ઋજુસૂત્ર નયની દૃષ્ટિએ અધ્યાત્મ ❀

વિદ્યમાન એવા દ્રવ્યને ગૌણ કરીને ક્ષણિક વર્તમાનકાલીન એવા પર્યાયને જ પ્રધાન રૂપે બતાવનાર અભિપ્રાય તે ઋજુસૂત્ર નય છે. **પ્રમાણનયતત્ત્વાલોક** ગ્રંથમાં વાદિદેવસૂરિ મહારાજાએ આ જ વાત જણાવી છે. 'વર્તમાનકાલીન વસ્તુને ગ્રહણ કરનાર નયવાક્ય ઋજુ સૂત્ર જાણવું' આ પ્રમાણે **અનુયોગદ્વાર** સૂત્રમાં જણાવેલ છે. **તત્ત્વાર્થરાજવાર્તિક**માં **અકલંક** આચાર્ય એમ જણાવે છે કે 'હારમાં રહેલા મોતીના દાણામાં પરોવવામાં આવતો

मात्मीयं प्रत्येकमेव च वस्तु सत्, अतीतमनागतं परकीयञ्चाऽसदिति ऋजुसूत्रनयमतम् । तदुक्तं **विशेषावश्यकभाष्ये** 'पच्चुप्पन्नं संपयमुप्पन्नं जं च जस्स पत्तेयं । तं रुजु तदेव तस्स त्थि उ वक्कमन्नं ति जमसंतं ॥२२२३॥' इति । ततश्च प्रकृते मैत्र्यादिवासितं निर्मलं वर्तमानकालीनं आत्मीयं चित्तक्षणं = विज्ञानक्षणमेवाऽध्यात्मं ब्रूते ऋजुसूत्रनयः। निरुक्तं भावाध्यात्मं विमुच्याऽपरमतीतमनागतं परकीयं सन्तानात्मकं च भावाध्यात्मं तथा नाम-स्थापना-द्रव्याध्यात्मलक्षणं वस्तु न सत्, अर्थक्रियाहेतुत्वविरहादिति ऋजुसूत्रनयाभिप्रायः। ऋजुसूत्रानुपातिभिः बौद्धैरपि मैत्र्यादिनां ब्रह्मविहारत्वेन स्वीकृतत्वात्तद्वासितचित्तक्षणस्वरूपाध्यात्मप्रतिपादनं सङ्गच्छत एव ऋजुसूत्रनये । तदुक्तं **अनुरुद्धाचार्येण अभिधम्मत्थसङ्गहे** —> मेत्ता करुणा मुदिता, उपेक्खा चेति इमा चतस्सो । अप्पमञ्ञायो नाम, ब्रह्मविहारा ति पि वुच्चन्ति ॥ <— इति ।

अथ प्रसङ्गात् निक्षेपतः चतुर्विधमध्यात्ममुपदर्श्यते । तथाहि नामाध्यात्मं, स्थापनाध्यात्मं, द्रव्याध्यात्मं, भावाध्यात्मञ्च । 'अध्यात्मं' इति पदं नामाध्यात्मं, यद्वा कस्यचित् 'अध्यात्मं' इति नाम निश्चितं तत् नामाध्यात्मम् । चित्रादौ प्रतिमादौ वा इत्वरकालिकी यावत्कालीना वाऽध्यात्मस्थापना स्थापनाध्यात्मम् । द्रव्याध्यात्मं तु द्विधा आगमतो नोआगमतश्च । अध्यात्मस्वरूपज्ञोऽधुना त्वनुपयुक्त आगमतो द्रव्याध्यात्मम्।

---

દોરો જેમ સીધો-સરળ જાય તેમ ભૂતકાલીન કે ભવિષ્યકાલીન વસ્તુની ચર્ચા કર્યા વિના માત્ર વર્તમાનકાલીન વસ્તુને સીધે સીધી રીતે જે નય સ્વીકારે તે ઋજુસૂત્ર છે.' ઋજુસૂત્રનયના મતે વર્તમાનકાલીન સ્વકીય પ્રત્યેક પર્યાય જ ઋજુ = સત્ છે. તેમ જ ભૂતકાલીન, ભવિષ્યકાલીન, પરકીય પર્યાયો વક્ર = અસત્ છે. એમ <u>વિશેષાવશ્યકભાષ્ય</u>માં જણાવેલ છે. તેથી પ્રસ્તુતમાં મૈત્રી આદિથી વાસિત થયેલ નિર્મલ વર્તમાનકાલીન સ્વકીય ચિત્ત ક્ષણ = વિજ્ઞાન ક્ષણ એ જ અધ્યાત્મ છે. આમ ઋજુસૂત્ર નય જણાવે છે. ઉપરોક્ત ભાવ-અધ્યાત્મ છોડીને બીજું ભૂતકાલીન, ભવિષ્યકાલીન, પરકીય સમૂહાત્મક એવું ભાવ અધ્યાત્મ તેમ જ નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ અને દ્રવ્ય અધ્યાત્મ સ્વરૂપ પર્યાય પારમાર્થિક નથી એવો ઋજૂસૂત્ર નયનો અભિપ્રાય છે. કારણ કે વર્તમાનકાલીન સ્વકીય ભાવ અધ્યાત્મ પર્યાયને છોડીને, ઉપરોક્ત દર્શાવેલા ભૂતકાલીન આદિ અધ્યાત્મ પર્યાયોથી અધ્યાત્મનું પ્રયોજન સરતું નથી. ઋજૂસૂત્ર નયને અનુસરનારા બૌદ્ધ વિદ્વાનોએ પણ મૈત્રી વગેરે ભાવનાઓને બ્રહ્મવિહાર સ્વરૂપે સ્વીકારેલ હોવાથી તેનાથી વાસિત ચિત્તક્ષણને અધ્યાત્મ કહેવું ઋજૂસૂત્ર નયના મતે સંગત છે. <u>અનુરૂદ્ધ</u> નામના બૌદ્ધ આચાર્યએ <u>અભિધમ્મત્થસંગ્રહ</u> નામના ગ્રંથમાં જણાવેલ છે કે—> મૈત્રી, કરૂણા, મુદિતા અને ઉપેક્ષા આ ચાર ભાવના અપ્રમાદ કહેવાય છે. તેને બ્રહ્મવિહાર પણ કહે છે.<—

## ❀ નિક્ષેપ દૃષ્ટિએ અધ્યાત્મ વિચાર ❀

પ્રાસંગિક રીતે અહીં નિક્ષેપ દૃષ્ટિએ ચાર પ્રકારનું અધ્યાત્મ જણાવાય છે. તે આ મુજબ - (૧) નામ અધ્યાત્મ (૨) સ્થાપના અધ્યાત્મ, (૩) દ્રવ્ય અધ્યાત્મ અને (૪) ભાવ અધ્યાત્મ. (૧) અધ્યાત્મ એવો શબ્દ અથવા કોઈનું નામ 'અધ્યાત્મ' એવું પાડેલું હોય તો તે નામઅધ્યાત્મ કહેવાશે. (૨) જે ચિત્ર વગેરેમાં અથવા જે પ્રતિમા વગેરેમાં અમુક સમય માટે કે કાયમ માટે અધ્યાત્મનો આરોપ કરવો તે સ્થાપના અધ્યાત્મ કહેવાય. (૩) દ્રવ્ય અધ્યાત્મ બે પ્રકારે છે, આગમથી અને નોઆગમથી. અધ્યાત્મના સ્વરૂપને જાણતો હોય, પણ વર્તમાનમાં અનુપયુક્ત (= ઉપયોગશૂન્ય) હોય તો તે વ્યક્તિ આગમથી (જ્ઞાનની દૃષ્ટિએ) દ્રવ્ય અધ્યાત્મ છે. નોઆગમથી (આંશિક = ભૂતકાલીન કે ભવિષ્યકાલીન જ્ઞાનની અપેક્ષાએ) દ્રવ્ય અધ્યાત્મના ત્રણ ભેદ છે. A. જ્ઞ શરીર B. ભવ્ય શરીર અને C. તદ્વ્યતિરિક્ત. પહેલાં અધ્યાત્મનું સ્વરૂપ જાણીને પાછળથી મૃત્યુ પામેલ વ્યક્તિનું મડદું = નોઆગમથી જ્ઞશરીર સ્વરૂપ દ્રવ્ય અધ્યાત્મ

नोआगमतो द्रव्याध्यात्मं ज्ञशरीर-भव्यशरीर-तद्व्यतिरिक्तभेदात् त्रिधा । यः प्राक् अध्यात्ममुपलभ्य पश्चात् मृतः तच्छरीरं नोआगमतो ज्ञशरीरलक्षणं द्रव्याध्यात्मम् । योऽनागतकालेऽध्यात्ममुपलप्स्यते तच्छरीरमधुना नोआगमतो भव्यशरीरलक्षणं द्रव्याध्यात्मम् । नोआगमतो यद् भावाध्यात्मं वक्ष्यमाणं तदुपादानकारणं नोआ-गमतः तद्व्यतिरिक्तं द्रव्याध्यात्ममुच्यते । तच्च त्रिधा- एकभविकं, बद्धायुष्कं, अभिमुखनामगोत्रश्च । भावा-ध्यात्मश्च द्विधा, आगमतो नोआगमतश्च । योऽध्यात्मं जानाति उपयुक्तश्च स आगमतो भावाध्यात्मम् । उपयोगश्च प्रकृते मुख्यतया तात्त्विकाध्यात्मगोचरः तत्संवेदनात्मको रोमोद्भेदादिकारी बोध्यः ।

बाह्यसद्धर्मव्यापारपरिपुष्टं निर्मलं चित्तं, यद्वा वर्तमानमात्मीयं च यत् मैत्र्यादिवासितं निर्मलं विज्ञानं, यद्वा आत्मानमधिकृत्य यच्चारुपञ्चाचारपालनं स नोआगमतो भावाध्यात्ममुच्यत इति यथायथं नानानयानुसारेण योज्यम् । भावाध्यात्मपक्षे निर्बन्धः कार्यः, न तु नाम-स्थापना-द्रव्याध्यात्मपक्षे इति ध्येयम् ।

साम्प्रतं शब्दनयविचारः । विशेषिततर ऋजुसूत्राभिमतार्थग्राही अध्यवसायविशेषः शब्दनयः । अर्थक्रिया-

છે. જે વ્યક્તિ ભવિષ્યમાં અધ્યાત્મને જાણશે તેનું શરીર વર્તમાન કાળમાં નોઆગમથી ભવ્ય શરીર દ્રવ્ય અધ્યાત્મ કહેવાય. નોઆગમથી આગળ ઉપર જે ભાવ અધ્યાત્મ કહેવાશે તેનું જે ઉપાદાન કારણ હોય તે નોઆગમથી તદ્વ્યતિરિક્ત દ્રવ્ય અધ્યાત્મ કહેવાય. વળી, તેના ત્રણ ભેદ છે. (X) એકભવિક, (Y) બદ્ધઆયુષ્ક અને (Z) અભિમુખ નામગોત્ર. વચ્ચેના એક ભવને છોડીને પછીના ભવમાં અધ્યાત્મભાવને પામનાર હોય તે નોઆગમથી તદ્વ્યતિરિક્ત એકભવિક દ્રવ્ય અધ્યાત્મ કહેવાય. જેમ કે છેલ્લેથી ત્રીજા ભવમાં તીર્થંકર વગેરે. જે વ્યક્તિ આવતા ભવમાં ભાવ અધ્યાત્મને પામવાનો છે અને તે આવતા ભવનું આયુષ્ય બંધાઈ ગયેલું હોય તો તે વ્યક્તિ નોઆગમથી તદ્વ્યતિરિક્ત બદ્ધઆયુષ્ક દ્રવ્ય અધ્યાત્મ કહેવાય. ઉપરોક્ત બદ્ધાયુષ્ક વ્યક્તિ જ પોતાના જીવનના છેડે પરલોક ભણી પ્રયાણ કરવાની તૈયારીમાં હોય ત્યારે તે નોઆગમથી તદ્વ્યતિરિક્ત અભિમુખ-નામગોત્ર સ્વરૂપ દ્રવ્ય અધ્યાત્મ કહેવાય.

(૪) ભાવ અધ્યાત્મ બે પ્રકારે છે. આગમથી અને નોઆગમથી. જે અધ્યાત્મના તાત્ત્વિક સ્વરૂપને જાણતો હોય અને તેના ઉપયોગમાં વર્તમાનકાળે હોય તે વ્યક્તિ આગમથી (જ્ઞાનની અપેક્ષાએ) ભાવ અધ્યાત્મ કહેવાય. તે ઉપયોગ મુખ્યતયા એવો લેવો કે જે તાત્ત્વિક અધ્યાત્મની સંવેદના કરાવવા દ્વારા વિષય-કષાય-વાસનાને તોડનાર હોય. કામાંધ યુવાન વ્યક્તિને સુંદર યુવતિના દર્શનથી જેવી ઝણઝણાટી થાય તેવી જ કોઈક અધ્યાત્મસંબંધી ખેંચાણવાળી અનુભૂતિ અહીં ઉપયોગરૂપે જાણવી. (અ) બાહ્ય સદ્ધર્મ આચારથી પરિપુષ્ટ એવું નિર્મળ ચિત્ત અથવા (બ) વર્તમાનકાલીન સ્વકીય મૈત્રી આદિથી વાસિત એવી નિર્મળ વિજ્ઞાનક્ષણ અથવા (ક) આત્મકેન્દ્રિત જે સુંદર પંચાચાર પાલન - આ ત્રણેય ક્રમશઃ વ્યવહાર, ઋજુસૂત્ર અને એવંભૂત નયની અપેક્ષાએ નોઆગમથી ભાવ અધ્યાત્મ કહેવાય. આ રીતે યથાયોગ્ય અલગ અલગ નયની અપેક્ષા મુજબ યોજના કરવી. ઉપરોક્ત ભાવ અધ્યાત્મ પક્ષમાં જ આસ્થા રાખવી જરૂરી છે નહીં કે નામ-સ્થાપના-દ્રવ્ય અધ્યાત્મ પક્ષમાં, -આ વાત ધ્યાનમાં રાખવી. માટે તો આનંદઘનજી મહારાજે ૧૧મા ભગવાનના સ્તવનમાં જણાવેલ છે કે ->

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ દ્રવ્ય અધ્યાતમ છંડો રે,
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે તો તેહશું રઢ મંડો રે.

## ❀ શબ્દ નયનું સ્વરૂપ ❀

હવે શબ્દ નયનો વિચાર પ્રસ્તુત થાય છે. ઋજુસૂત્ર નયને અભિમત અર્થને વિશેષ રીતે ગ્રહણ કરે તેવો વિશિષ્ટ અધ્યવસાય તે શબ્દનય. પૂર્વોક્ત ઋજૂસૂત્ર નય અર્થક્રિયાશૂન્ય પરંતુ જલાહરણ આદિ અર્થક્રિયામાં સમર્થ

शून्यमपि अर्थक्रियासमर्थं संस्थानविशेषाद्यात्मकं भावघटं स्वीकुर्वतः ऋजुसूत्रनयादस्य विशेषः अर्थक्रियाकारि-भावघटाभ्युपगमाद्यपेक्षया बोध्यः (नयरहस्य-पृ.१५६)। नानापर्यायवाचकशब्दानामर्थैक्यस्वीकारेऽपि सङ्ख्या-काल-कारक-लिङ्ग-पुरुषभेदादर्थभेदाभ्युपगमेनाप्यस्य ऋजुसूत्रनयाद् विशेषोऽनाविल एव (स्या०मञ्जरी०गा०२८ पृ.३८१)।

योगादिपर्यायशब्दवाच्यमात्मकेन्द्रितक्रियाऽवञ्चकयोग-शास्त्रयोग-वचोऽनुष्ठान-स्थैर्ययम-सिद्धि-विनियोग - वचनानुसारितत्त्वचिन्तन-ध्यान-पञ्चाचारपालनादिकमध्यात्मं ब्रूते शब्दनयः अध्यात्मशब्दवाच्यार्थक्रियासमर्थत्वात्। यदपि **योगबिन्दौ** —> औचित्याद् वृत्तयुक्तस्य वचनात्तत्त्वचिन्तनम्। मैत्र्यादिसारमत्यन्तमध्यात्मं तद्विदो विदुः ॥३५८॥ <— इत्यध्यात्मस्वरूपमावेदितं तदपि शब्दनयानुसारेण बोध्यम्। **अध्यात्मतत्त्वालोके** - —> शुद्धात्मतत्त्वं प्रविधाय लक्ष्यममूढदृष्ट्या क्रियते यदेव। अध्यात्ममाहुर्मुनिपुङ्गवास्तद् चिह्नं प्रबुद्धात्मन एतदस्ति ॥(१/१७) इति **न्यायविजयेन** यदुक्तं तदपि शब्दनयानुसारेण बोध्यम्।

**એવા આકારવિશેષ સ્વરૂપ ભાવ ઘટને સ્વીકારે છે. જ્યારે શબ્દનય અર્થક્રિયા કરનાર એવા જ ભાવ ઘટને સ્વીકારે છે. આ રીતે ૠજૂસૂત્ર નયની અપેક્ષાએ શબ્દનયની વિશેષતા છે. ૠજુસૂત્ર નયની જેમ પર્યાયવાચી અનેક શબ્દના એક જ અર્થને શબ્દ નય પણ સ્વીકારે છે. પરંતુ સંખ્યા, કાળ, કારક, લિંગ અને પુરૂષ (પ્રથમ, દ્વિતીય, તૃતીય પુરૂષ) ના ભેદથી અર્થભેદનો સ્વીકાર ૠજુસૂત્ર નય નથી કરતો. જ્યારે શબ્દ નય કરે છે. આવું સ્યાદ્વાદમંજરી વગેરે ગ્રંથના આધારે જણાય છે. (અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે જે પદાર્થ અર્થક્રિયા કરતો હોય તેને જ શબ્દનય અને પૂર્વોક્ત એવંભૂતનય પારમાર્થિક વસ્તુરૂપે સ્વીકારે છે. પરંતુ એક જ અર્થના પ્રતિપાદક અનેક પર્યાય શબ્દોથી જણાતી અનેક ક્રિયાઓમાંથી કોઈ પણ એક ક્રિયા વિવક્ષિત પદાર્થમાં વિદ્યમાન હોય ત્યારે તે પદાર્થને તે તમામ પર્યાય શબ્દના અભિધેયરૂપે શબ્દનય સ્વીકારે છે. જ્યારે એવંભૂત નયના મતે વિવક્ષિત પદાર્થમાં રહેલી ક્રિયા જે શબ્દથી જણાતી હોય તે જ શબ્દના અભિધેયરૂપે તે ક્રિયાયુક્ત અર્થ પારમાર્થિક બનશે.)**

## શબ્દનયના દર્પણમાં અધ્યાત્મ

**યોગ વગેરે પર્યાય શબ્દથી વાચ્ય એવા આત્મકેન્દ્રિત ક્રિયાઅવંચક યોગ, શાસ્ત્રયોગ, વચનઅનુષ્ઠાન, સ્થૈર્યયમ, સિદ્ધિ-વિનિયોગ આશય, આગમાનુસારી તત્ત્વચિંતન, ધ્યાન, વિધિ-જયણા વગેરેથી યુક્ત પંચાચારનું પાલન આદિ અધ્યાત્મ છે- એવું શબ્દનયનું મંતવ્ય છે. આનું કારણ એ છે કે તેવા ક્રિયાવંચક યોગ, શાસ્ત્રયોગ વગેરે બધા જ 'અધ્યાત્મ' પદથી વાચ્ય એવી અર્થક્રિયા કરવા માટે સમર્થ છે. યોગબિંદુ ગ્રંથમાં જે જણાવ્યું છે કે —> ઉચિત રીતે વ્રતસંપન્ન વ્યક્તિનું અત્યંત મૈત્રી આદિ પ્રધાન આગમાનુસારી તત્ત્વચિંતન અધ્યાત્મ છે તેમ તેના જાણકારો કહે છે. <— તે પણ શબ્દ નયના અનુસારે અધ્યાત્મનું લક્ષણ જાણવું. તથા ન્યાયવિજયજી મહારાજે અધ્યાત્મતત્ત્વાલોક ગ્રંથમાં જણાવેલ છે કે —> શુદ્ધ આત્મતત્ત્વને લક્ષ્ય કરીને અમૂઢ દૃષ્ટિથી જે કાંઈ કરાય તેને મહામુનિઓ અધ્યાત્મ કહે છે. તે પ્રબુદ્ધ આત્માનું ચિહ્ન છે. <— આ પણ શબ્દ નયના આધારે અધ્યાત્મનું લક્ષણ જાણવું.**

## સમભિરૂઢનયનું લક્ષણ

**પર્યાય શબ્દોના અલગ અલગ ભેદ પાડનાર અધ્યવસાયવિશેષ સમભિરૂઢ નય કહેવાય છે. અર્થાત્ જે શબ્દનો પ્રયોગ થાય તે શબ્દથી વાચ્યરૂપે તે અર્થનો સ્વીકાર કરે પરંતુ પર્યાયશબ્દથી નહીં. એટલે કે ઘટ શબ્દનો વાચ્યાર્થ**

समभिरूढस्तु पर्यायशब्दानां प्रविभक्तमेवार्थमभिमन्यते (स्या.मञ्जरी. पृ.३८१) । तदुक्तं **विशेषावश्यक-महाभाष्ये** - 'जं जं सण्णं भासई तं तं चिय समभिरोहए जम्हा । सण्णंतरत्थविमुहो तओ तओ समभिरूढो त्ति ॥२२३६॥' इति । तदुक्तं **नयरहस्ये**ऽपि —> असङ्क्रमगवेषणपरोऽध्यवसायविशेषः समभिरूढः <— (पृ.१७५) । संज्ञान्तरसङ्क्रमणे चाऽवस्तु एव । तदुक्तं **आवश्यकनिर्युक्तौ** —> वत्थूओ संकमणं होइ अवत्थू णए समभिरूढे <— ( ) । 'सत्सु अर्थेष्वसङ्क्रमः समभिरूढः' (१/३५) इति **तत्त्वार्थ-भाष्यम्** । तत्त्वञ्च संज्ञाभेदनियतार्थभेदाभ्युपगन्तृत्वमिति न नैगमादिष्वतिव्याप्तिः । समभिरूढनयमतेन प्रकृते-ऽध्यात्म-भावना-ध्यानादिशब्दभेदेऽर्थभेदाङ्गीकारेऽपि शुद्धात्मानमधिकृत्याऽनुभूतपञ्चाचारसौन्दर्ये योगिपुरुषे तादृशपञ्चाचारसौन्दर्यानुभवशक्तिसद्भावं यावत् स्वाध्याय-शासनप्रभावना-भिक्षाटन-विहारादिकाले इव निद्राद्य-वस्थायामपि असङ्गानुष्ठानाद्यात्मना अध्यात्माभ्युपगमोऽविरुद्ध एव । अत एव देशोनपूर्वकोटिसंवत्सरं यावत् मुनीनां षष्ठ-सप्तमगुणस्थानवर्तित्वं सङ्गच्छते इति भावनीयं तत्त्वमेतदागमदत्तदृष्टिभिः । एवम्भूतनयमतप्रकाशनं तु प्रागेवाकारि ।

ऋजुसूत्रनयैवम्भूतनयसम्मताध्यात्मप्रकाशनेन शब्दसमभिरूढनयसम्मताध्यात्मस्वरूपस्य सुज्ञेयत्वान्न तन्मतप्रकाशनं ग्रन्थकृताऽकारि । अस्य च ग्रन्थस्याऽध्यात्मगोचरोपनिषत्प्रतिपादकत्वात् उपचारबहुल-

---

**અને કુંભ શબ્દનો વાચ્યાર્થ એક છે - તેમ ન સ્વીકારે. કારણ કે પર્યાયવાચી શબ્દોના પણ પ્રવૃત્તિનિમિત્ત અલગ અલગ હોય છે. તેથી અન્ય સંજ્ઞા પ્રત્યે નિરપેક્ષ થવામાં તત્પર એવો સમભિરૂઢ નય જાણવો. એટલે વિદ્યમાન એવા અર્થમાં પણ શબ્દાન્તરનો સંક્રમ માનવો તેને ઈષ્ટ નથી. જો કે નૈગમ વગેરે નય પણ જડ, ચેતન વગેરે શબ્દના ભેદથી અર્થભેદ માને જ છે પરંતુ સમભિરૂઢ નય તો શબ્દભેદે નિયમા અર્થભેદ માને છે. તેથી જીવ, આત્મા, પ્રાણી વગેરે શબ્દના અર્થ એક જ છે એમ નૈગમ આદિ પાંચે ય નય માનશે, પરંતુ સમભિરૂઢ નય તો તે દરેક શબ્દના પણ અલગ અલગ જ અર્થ સ્વીકારશે. આવું સ્પષ્ટીકરણ સ્યાદ્વાદમંજરી, વિશેષાવશ્યક ભાષ્ય, નયરહસ્ય, આવશ્યકનિર્યુક્તિ અને તત્ત્વાર્થભાષ્ય વગેરે ગ્રંથના અવલોકનથી ફલિત થાય છે.**

## ❋ સમભિરૂઢ નયથી અધ્યાત્મનું દર્શન ❋

**પ્રસ્તુતમાં સમભિરૂઢ નયના મતે અધ્યાત્મ, ભાવના, ધ્યાન આદિ શબ્દના ભેદથી અર્થનો ભેદ રહેલો છે. છતાં પણ જે યોગી પુરૂષે શુદ્ધ આત્મદશાને કેન્દ્રમાં રાખીને પંચાચાર સૌંદર્યનો યથાર્થ અનુભવ કરેલો છે તે યોગી તેવા પ્રકારની ક્ષમતા જ્યાં સુધી ન ગુમાવે ત્યાં સુધી સ્વાધ્યાય, શાસનપ્રભાવના, ભિક્ષાટન, વિહાર વગેરે કાળની જેમ નિદ્રા વગેરે અવસ્થામાં પણ તે યોગીમાં અસંગ અનુષ્ઠાન સ્વરૂપે અધ્યાત્મનો સ્વીકાર કરવામાં કોઈ દોષ સમભિરૂઢ મતે નથી. માટે જ દેશોન પૂર્વક્રોડ (એક પૂર્વ = ૭૦૫૬૦ અબજ વર્ષ) વર્ષ સુધી છઠ્ઠે - સાતમે ગુણઠાણે મહાત્માઓ રહે છે એ હકીકત સંગત થઈ શકે છે. એમ આગમમાં દષ્ટિ રાખીને આ તત્ત્વની ભાવના કરવી. એવંભૂત નયના મતને તો પૂર્વે (પૃ.૧૧) જ બતાવી ગયેલ છે.**

**ऋजु० । જો કે મૂળ ગ્રંથમાં ઉપાધ્યાયજી મહારાજાએ વ્યવહાર નય, ઋજુસૂત્ર નય અને એવંભૂત નયથી અધ્યાત્મનું પ્રકાશન કરેલ છે. તેના દ્વારા શબ્દ નય અને સમભિરૂઢનયને સંમત અધ્યાત્મનું સ્વરૂપ જાણવું સરળ હોવાથી શબ્દ નય અને સમભિરૂઢ નયનું અધ્યાત્મસંબંધી નિરૂપણ ગ્રંથકારશ્રીએ કર્યું નથી તેમ જણાય છે. તેમ જ પ્રસ્તુત ગ્રંથ અધ્યાત્મ સંબંધી રહસ્યાત્મક સારભૂત અર્કનો પ્રતિપાદક હોવાથી નૈગમ નય અને સંગ્રહ**

सामान्यादिग्राहकयोः नैगमसङ्ग्रहनययोः अध्यात्मसंबन्धि मतं ग्रन्थकृता न प्रकाशितमत्रेति न न्यूनतादोष उद्भावनीयः । अस्माभिस्तु शिष्यबुद्धिवैशद्यार्थं तन्मतप्रकाशनमकारि ।

प्रमाणाऽपेक्षयाऽध्यात्मं सम्यग्ज्ञानक्रियोभयात्मकमवगन्तव्यम् । तदुक्तं **अध्यात्मसारे** —> ज्ञान-क्रियारूपमध्यात्मं व्यवतिष्ठते <— (२/२९) इति ।

उत्पाद-व्यय-ध्रौव्यानुविद्धत्वेन पदार्थस्य प्रज्ञापके द्रव्यानुयोगे तु औदयिकादिभावसम्पन्नसंसारितया विलीयमानं परमात्मभावेन व्यज्यमानं द्रव्यत्वेनानुगतं विशुद्धमात्मद्रव्यमेवाऽध्यात्ममिति विशुद्धद्रव्यार्थिकनयः। बहिरात्मभावविगमेनाऽऽत्मत्वेनानुगते द्रव्ये परमात्मभावाविर्भावोऽध्यात्ममिति विशुद्धपर्यायार्थिकनयः । सहजमलसम्पन्नभवाभिनन्दितया निवर्तमानं अपुनर्बन्धकत्वादिनाऽभिव्यज्यमानं द्रव्यत्वेनानुगतं विशुद्ध्यमान-मात्मद्रव्यमेवाऽध्यात्ममिति अविशुद्धद्रव्यार्थिकनयः। तथाविधोत्कृष्टसङ्क्लेशोपहितभोगित्वं विनाश्य आत्मत्वे-नानुगते आत्मद्रव्ये योगिभावाभिव्यक्तिरध्यात्ममिति अविशुद्धपर्यायार्थिकनयः ।

---

નયના મતે અધ્યાત્મસંબંધી નિરૂપણ ગ્રંથકારશ્રીએ કર્યું નથી. કારણ કે નૈગમ નય પૂર્વે જણાવ્યા મુજબ ઉપચારબહુલ છે. સંગ્રહ નય સામાન્ય આદિનો ગ્રાહક છે. માટે નૈગમ વગેરે ચાર નયથી અધ્યાત્મનું નિરૂપણ ગ્રંથકારશ્રીએ કર્યું નથી. તેથી મૂળગ્રંથમાં અધૂરાશ છે - તેવા દોષોનું ઉદ્ભાવન ન કરવું. છતાં વાચકોની વિશદ જાણકારી માટે નૈગમ આદિ નયોથી અમે અધ્યાત્મનું નિરૂપણ કર્યું છે. પ્રમાણની અપેક્ષાએ સમ્યગ્જ્ઞાન-ક્રિયા ઉભયાત્મક અધ્યાત્મ જાણવું. **અધ્યાત્મસાર** ગ્રંથમાં કહેલ છે કે —> જ્ઞાન-ક્રિયા સ્વરૂપ અધ્યાત્મ રહેલું છે. <—

## દ્રવ્યાનુયોગ - ચરણકરણાનુયોગની દૃષ્ટિમાં અધ્યાત્મ

પરસ્પરાનુવિદ્ધ ઉત્પત્તિ, નાશ અને સ્થૈર્ય વગેરેને કેન્દ્રમાં રાખી પદાર્થનું નિરૂપણ કરનાર દ્રવ્યાનુયોગ છે. ગુણ-પર્યાયને ગૌણ કરી દ્રવ્યનું મુખ્યતયા નિરૂપણ કરનાર દ્રવ્યાર્થિક નય જાણવો. દ્રવ્યને ગૌણ કરી ગુણ-પર્યાયનું પ્રતિપાદન કરનાર અભિપ્રાય પર્યાયાર્થિક નય કહેવાય. વસ્તુની ઉપરની દશાને ધ્યાનમાં રાખી પદાર્થનું નિરૂપણ કરે તે વિશુદ્ધ નય અને નીચેની અવસ્થાને ધ્યાનમાં રાખી વસ્તુનું નિરૂપણ કરે તે અવિશુદ્ધ નય. આ વ્યાખ્યાઓ ખ્યાલમાં રાખી નીચેનું નિરૂપણ સમજવું. ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યથી અનુવિદ્ધ રૂપે પદાર્થને જણાવનાર દ્રવ્યાનુયોગના ચાર મત નીચે મુજબ છે.

(૧) ઔદયિક વગેરે ભાવોથી નિષ્પન્ન સંસારી દશાથી નિવૃત્ત થતું અને પરમાત્મભાવથી અભિવ્યક્ત થતું અને દ્રવ્યત્વરૂપે અનુગત એવું વિશુદ્ધ આત્મદ્રવ્ય તે જ અધ્યાત્મ છે.- આવું વિશુદ્ધ દ્રવ્યાર્થિક નયનું મંતવ્ય છે.

(૨) વિશુદ્ધ પર્યાયાર્થિક નયના મતે —> બહિરાત્મદશાનો નાશ કરી, આત્મત્વરૂપે અનુગત જીવ દ્રવ્યમાં પરમાત્મભાવનો આવિર્ભાવ = અધ્યાત્મ. <—

(૩) અશુદ્ધ દ્રવ્યાર્થિક નયનો અભિપ્રાય એ છે કે સહજ મલથી પ્રાપ્ત ભવાભિનંદી દશાથી નિવૃત્ત થતું, અપુનર્બંધક વગેરે અવસ્થાથી અભિવ્યક્ત થતું અને દ્રવ્યપણાથી અનુગત એવું વિશુદ્ધ થઈ રહેલું આત્મદ્રવ્ય જ અધ્યાત્મ છે.

(૪) અશુદ્ધ પર્યાયાર્થિક નય એમ જણાવે છે કે —>તેવા પ્રકારના ઉત્કૃષ્ટ સંક્લેશથી ઉત્પન્ન થયેલ ભોગીપણાનો નાશ કરીને આત્મત્વેન અનુગત આત્મદ્રવ્યમાં યોગીદશાની અભિવ્યક્તિ = અધ્યાત્મ.<—

ચારિત્ર, ચારિત્રાચાર, ચારિત્રના મૂળ ગુણ-ઉત્તર ગુણ વગેરે ઉપર ચરણકરણાનુયોગ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે.

चारित्राचार-मूलोत्तरगुणादिकमनुपसर्जनीकृत्य पदार्थप्रकाशके चरणकरणानुयोगे तु अयतनादिसम्पन्नाऽसंयतत्वपरिहारपूर्वं यथाख्यातचरित्रित्वेनाऽभिव्यज्यमानं विशुद्धमात्मद्रव्यमेवाऽध्यात्ममिति विशुद्धद्रव्यार्थिकनयः। प्रमादनिष्पन्नाऽसंयतत्वं विनाश्य आत्मनि यथाख्यातचारित्रप्रादुर्भावोऽध्यात्ममिति विशुद्धपर्यायार्थिकनयः । असदाचारसम्पन्नभोगितया निवर्तमानं सदाचारित्वेन चाभिव्यज्यमानं विशुद्ध्यभिमुखमात्मद्रव्यमेवाध्यात्ममिति अविशुद्धद्रव्यार्थिकनयः । असदाचारनिष्पन्नाऽधर्मिताविगमेन आत्मनि सद्धर्मिभावाविर्भावोऽध्यात्ममिति अविशुद्धपर्यायार्थिकनयः ।

साम्ययोगप्रधाननयमते तु सर्वजीवानुविद्धं स्वात्मानमधिकृत्य सत्त्वादिषु मैत्र्याद्यनुभवमग्नता = अध्यात्मम्। तत्फलञ्च क्लेशसंक्षयः । इदमेवाभिप्रेत्य **योगसारे** —> सर्वभूताविनाभूतं स्वं पश्यन् सर्वदा मुनिः। मैत्र्याद्यमृतसंमग्नः क्व क्लेशांशमपि स्पृशेत् ॥(३/२४) <— इति प्रोक्तम् ।

—> स्वाश्रितो निश्चयः, पराश्रितो व्यवहारः <— (गा.१५८) इति **नियमसारवृत्ति**वचनं मनसिकृत्य —> ''विशुद्धे स्वात्मन्येव बद्धवृत्तिः = अध्यात्मं इति निश्चयः, विधि-यतनादिपरिकलितः सद्धर्माचारोऽ-

---

ચારિત્ર, ચારિત્રાચાર, ચારિત્રના મૂલગુણ અને ઉત્તરગુણને કેન્દ્રમાં રાખીને આત્મા, અધ્યાત્મ વગેરે પદાર્થનું નિરૂપણ કરનાર ચરણકરણાનુયોગની પરિધિમાં રહીને શુદ્ધ-અશુદ્ધ એવા દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયના અભિપ્રાયનો વિચાર કરવામાં આવે તો ચાર મત બતાવી શકાય તેમ છે. તે આ મુજબ.

(૧) પ્રધાન વિશુદ્ધ દ્રવ્યાર્થિક નય એમ કહે છે કે અયતના વગેરેથી સંપન્ન અસંયતપણાના પરિહારપૂર્વક યથાખ્યાતચારિત્રી સ્વરૂપે અભિવ્યક્ત થતું વિશુદ્ધ આત્મદ્રવ્ય એ જ અધ્યાત્મ છે.

(૨) વિશુદ્ધ પર્યાયાર્થિક નયના મતે —> પ્રમાદ વગેરેથી ઉત્પન્ન થયેલ અસંયતપણાનો નાશ કરી, આત્મદ્રવ્યમાં યથાખ્યાત ચારિત્રનો પ્રાદુર્ભાવ એ જ અધ્યાત્મ છે.

(૩) અશુદ્ધ દ્રવ્યાર્થિક નય એમ જણાવે છે કે —> અસદાચારથી સંપન્ન એવી ભોગીદશાથી નિવૃત્ત થતું અને સદાચારીરૂપે અભિવ્યક્ત થતું તેમ જ વિશુદ્ધિને અભિમુખ એવું આત્મદ્રવ્ય એ જ અધ્યાત્મ છે.

(૫) અશુદ્ધ પર્યાયાર્થિક નયનો અભિપ્રાય એ છે કે —> અસદાચારથી ઉત્પન્ન થયેલ અધર્મીપણાનો નાશ કરી આત્મામાં સદ્ધર્મિપણાને પ્રગટ કરવું તે અધ્યાત્મ છે. <— આ નિરૂપણ એક દિગ્દર્શનમાત્ર છે. ગ્રન્થવિસ્તારના ભયથી અમે વિસ્તૃત વિશ્લેષણ કરતા નથી.

## ❀ સામ્યયોગપ્રધાન નયથી અધ્યાત્મની ઓળખાણ ❀

સામ્યયોગપ્રધાન નયના મતે 'સર્વ જીવોમાં અનુસ્યૂત એવા પોતાના આત્માને ધ્યાનમાં રાખી જીવ વગેરેના વિશે મૈત્રી વગેરે ભાવનાઓના અનુભવમાં આવતી મગ્નતા = અધ્યાત્મ. 'आत्मवत् सर्वभूतेषु' આ ઉક્તિને ધ્યાનમાં રાખી પરપીડાનો પરિહાર, પરકલ્યાણ ભાવના વગેરેમાં ડૂબવું તે અધ્યાત્મ છે એવું ફલિત થાય છે. તેનું ફળ ક્લેશનો આત્યંતિક ક્ષય છે. આ જ અભિપ્રાયથી યોગસાર ગ્રંથમાં જણાવેલ છે કે —> સર્વ જીવોમાં અનુસ્યૂત એવા પોતાના આત્માને સર્વદા જોતા મહાત્મા મૈત્રી વગેરે ભાવનાના અમૃતમાં અત્યંત મગ્ન થયેલા હોય છે. તેથી તેમને આંશિક પણ ક્લેશ કેવી રીતે સ્પર્શે ? <—

## ❀ નિશ્ચય - વ્યવહારથી અધ્યાત્મ ❀

स्वा० । —> નિશ્ચય નય પોતાને આશ્રિત હોય છે અને વ્યવહાર નય પરને આશ્રિત હોય છે. <— આ પ્રમાણે નિયમસાર ગ્રંથની ટીકાના વચનને ધ્યાનમાં રાખીને —> વિશુદ્ધ એવા પોતાના આત્મામાં જ ચિત્તવૃત્તિ

ध्यात्ममिति व्यवहारः'' <— इत्यप्यवसेयम् । —> अभिन्नकर्तृकर्मादिगोचरो निश्चयः <— (७१) इति **देवनन्दिकृतध्यानस्तव**वचनं, ''अभिन्नकर्तृ-कर्मादिविषयो निश्चयो नयः । व्यवहारनयो भिन्नकर्तृ-कर्मादिगोचरः'' ॥२९॥ इति **तत्त्वानुशासन**वचनञ्च मनसिकृत्य —> आत्माऽऽत्मानमात्मनाऽऽत्मने आत्मनः आत्मनि उपलभते तदध्यात्मं निश्चयतः, आत्मानमधिकृत्य मनोवाक्काययोगैः यः सद्धर्माचारः तद् अध्यात्मं व्यवहारतः <—इत्यप्यवधेयम् । नयविचारस्त्वतीव गूढो गम्भीरश्च । अस्माकं मतिस्तु स्वल्पा तथापि स्वक्षयोपशमानुसारेण विभावनेन काचित् बालक्रिडाऽस्माभिः प्रदर्शिता । प्राज्ञैस्त्वत्राऽन्यथाऽप्यागमानुसारेण विभावने न काचित् क्षतिः ।

**नयावबोधो न च तादृगस्ति मतिर्न वा काचिदुदाररूपा ।**
**तथापि न्यायप्रियतावशेन यत्नस्तदभ्यासकृते ममाऽयम् ॥१॥**

**भगवद्गीतायां** —> अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते <— (८/३) इत्युक्तम् । जीवे शिवांशाविर्भावोऽध्यात्ममित्यन्ये ।

निरुक्तनानाविधाऽध्यात्मानुपलम्भेनैव भवाटवीभ्रमणमनुपरतप्रवाहमवगन्तव्यम् । तदुक्तं **न्यायविजयेन अध्यात्मतत्त्वालोके** —> अध्यात्ममार्गाश्रयणं विनाऽयमात्मा भवेऽभ्राम्यदनन्तकालम् । रागादिदोषैकवशीभवन्तो निर्यान्ति नापायमहाटवीतः ॥(६/२१) <— इति ॥१/४॥

---

**કરવી = અધ્યાત્મ. આવો નિશ્ચયનો અભિપ્રાય છે. જ્યારે વ્યવહાર નયના મતે વિધિ-યતના વગેરેથી યુક્ત સદ્ધર્મ આચરણ = અધ્યાત્મ. <— આ રીતે પણ અધ્યાત્મનું સ્વરૂપ જાણવું. દિગમ્બર દેવનંદી આચાર્યએ બનાવેલ ધ્યાનસ્તવ ગ્રંથ અને દિગમ્બર નાગસેન આચાર્યએ રચેલ તત્ત્વાનુશાસન ગ્રંથમાં જણાવેલ છે કે —> નિશ્ચય નયનો વિષય અભિન્ન એવા કર્તા, કર્મ વગેરે છે અને વ્યવહાર નયનો વિષય પરસ્પર ભિન્ન એવા કર્તા, કર્મ વગેરે છે. <— આ વાતને અનુસરીને એમ કહી શકાય કે —> આત્મા આત્મા વડે, આત્મા માટે, આત્મામાંથી, આત્મામાં આત્માને પ્રાપ્ત કરે તે અધ્યાત્મ. એવો નિશ્ચય નયનો મત છે. તેમ જ વ્યવહારનય મુજબ : આત્માને આશ્રયીને મન, વચન, કાય યોગ વડે જે સદ્ધર્માચાર થાય તે અધ્યાત્મ <— આ પણ વાત ખ્યાલમાં રાખવી. નય વિચાર તો અત્યન્ત ગૂઢ અને ગંભીર છે. અમારી બુદ્ધિ તો અલ્પ છે. છતાં પણ અમારા ક્ષયોપશમ મુજબ અધ્યાત્મસંબંધી નયવિચારણામાં અમે થોડી બાલક્રીડા દર્શાવેલ છે. પ્રાજ્ઞ પુરુષો અન્ય રીતે પણ આગમાનુસારે પ્રસ્તુત વિચારણા કરે તો તેમાં કોઈ ક્ષતિ નથી. અમને નયનો બોધ તથાવિધ સુક્ષ્મ નથી. એવી ઉત્કૃષ્ટ બુદ્ધિ પણ નથી. છતાં નય પ્રિય હોવાના લીધે નયાભ્યાસ કરવા માટે મારો આ પ્રસ્તુત પ્રયત્ન છે.**

**અધ્યાત્મની વ્યાખ્યા કરતા ભગવદ્ગીતામાં જણાવેલ છે કે —> અવિનાશી પરબ્રહ્મનો સ્વભાવ એ અધ્યાત્મ કહેવાય છે.<— આ વાતને સ્પષ્ટ કરતા અન્ય વિદ્વાનો એમ કહે છે કે —> જીવમાં રહેલ જે શિવનો અંશ = પરમાત્માનો અંશ = ઈશ્વરીય તત્ત્વ છે તેનો આવિર્ભાવ તે અધ્યાત્મ છે. <—**

**निरु० । ઉપરોક્ત અનેક પ્રકારના અધ્યાત્મની પ્રાપ્તિ નહીં થવાથી જ જીવોનું અનાદિ કાળથી વણથંભ્યું ભવાટવી ભ્રમણ ચાલુ છે એમ જાણવું. ન્યાયવિજયજી મહારાજે પણ અધ્યાત્મતત્ત્વાલોકમાં જણાવેલ છે કે —> અધ્યાત્મ માર્ગનો આશ્રય કર્યા વિના આ આત્મા અનંતકાળ સંસારમાં ભટક્યો. ખરેખર રાગાદિ દોષને પરાધીન બનેલા જીવો દુ:ખ અને દોષરૂપી મહા જંગલમાંથી બહાર નીકળી શકતા નથી.<—(૧/૪)**

अध्यात्माधिकारिणमावेदयति - '**गलन्ने**'ति ।

**गलन्नयकृतभ्रान्तिर्यः स्याद्विश्रान्तिसम्मुखः ।**
**स्याद्वादविशदालोकः स एवाध्यात्मभाजनम् ।।५।।**

**यः** = अनिर्दिष्टनामा, अनेनाऽध्यात्माधिकारिणः प्रतिनियतसम्प्रदायाऽप्रतिबद्धत्वमावेदितम् । इत्थमेवान्य-लिङ्गसिद्धादिभेदोपपत्तेः । **गलन्नयकृतभ्रान्तिः** = क्षीयमाणदुर्नयजन्याऽऽभिसंस्कारिककुविकल्पः **विश्रान्ति-सम्मुखः** = अनादिभवभ्रमणश्रान्ततया सहजकुविकल्पपरिहारपूर्वं निस्तरङ्गात्मद्रव्याभिमुखः **स्याद्वादविशदा-लोकः** = अनेकान्तवादप्राप्तस्पष्टविमलबोधः **स एव अध्यात्मभाजनं** = निरुक्ताध्यात्माधिकारी **स्यात्** = भवेत् । अयमाशयः द्वये खल्वमी कुविकल्पाः प्राणिनां भवन्ति । तद्यथा आभिसंस्कारिकाः सहजाश्च । दुर्नयप्रयुक्त-कुशास्त्रश्रवणमननादिजनिताः यदुत ''अण्डसमुद्भूतमेतत्त्रिभुवनं, महेश्वरनिर्मितं, ब्रह्मादिकृतं, ब्रह्मविवर्तस्वरूपं प्रकृतिविकारात्मकं, क्षणविनश्वरं, विज्ञानमात्रं, शून्यरूपं वा'' इत्यादयः । तथाऽन्ये गुण-दोषविचारपराङ्मुखाः सुखाभिलाष-दुःखद्वेषपरायणाः कुचेष्टा-भाषा-विचारसम्पादकाः सहजाः कुविकल्पा इति **उपमितिभवप्रपञ्चा**(पृ.७६)ऽनुसारेण प्रतीयते । यदा सुगुरुसम्पर्क-सुनय-श्रवण-मननादिप्रभावात् दुर्नयकृत-

---

## અધ્યાત્મના અધિકારીને ઓળખીએ

અધ્યાત્મના અધિકારીને ગ્રંથકારશ્રી જણાવે છે :

**શ્લોકાર્થ** :- નય દ્વારા ઉત્પન્ન થયેલી જેની ભ્રાંતિ દૂર થઈ રહી છે અને જે વિશ્રાંતિ સન્મુખ થયેલો છે તેમ જ જેને સ્યાદ્વાદનો નિર્મળ પ્રકાશ પથરાયેલો છે તે જ વ્યક્તિ અધ્યાત્મનું ભાજન થાય છે.(૧/૫)

**ટીકાર્થ** :- મૂળ ગાથામાં 'યઃ' શબ્દનો ઉલ્લેખ કરેલો છે, નહીં કે અમુક સાંપ્રદાયિક વ્યક્તિના નામનો. જેમ કે જૈન કે તપગચ્છવાળો, કે અંચળગચ્છવાળો વગેરે. આનાથી જણાય છે કે અધ્યાત્મનો અધિકારી અમુક સંપ્રદાયનો જ હોય તેવો નિયમ નથી. આવું માનવામાં આવે તો જ અન્ય ધર્મના લિંગથી પણ મોક્ષમાં ગયેલ સિદ્ધ પરમાત્માનું આગમમાં આવતું નિરૂપણ સંગત થઈ શકે. અધ્યાત્મના અધિકારી બનવા માટે એટલું જ જરૂરી છે કે દુર્નયથી ઉત્પન્ન થયેલ આભિસંસ્કારિક કુવિકલ્પો મંદ પડવા જોઈએ. તેમ જ અનાદિકાલીન ભવભ્રમણના થાકથી સહજ કુવિકલ્પને છોડવાપૂર્વક જીવ નિસ્તરંગ આત્મદ્રવ્યને સન્મુખ થવો જોઈએ. તેમજ સ્યાદ્વાદ દ્વારા તેને સ્પષ્ટ વિમળ બોધ થવો જોઈએ. આ ત્રણ વિશેષણવાળી વ્યક્તિ જ પૂર્વોક્ત અધ્યાત્મનો અધિકારી બની શકે.

## બે પ્રકારના કુવિકલ્પ છોડો

**अयमा०** । આશય એ છે કે જીવને બે પ્રકારના કુવિકલ્પ હોય છે. (૧) આભિસંસ્કારિક કુવિકલ્પ અને (૨) સહજ કુવિકલ્પ. મિથ્યા નયથી પ્રયુક્ત કુશાસ્ત્રના શ્રવણ, મનન વગેરેથી ઉત્પન્ન થયેલા કુવિકલ્પો આભિસંસ્કારિક કહેવાય છે. જેમ કે —> આ જગત ઈંડામાંથી ઉત્પન્ન થયેલ છે (પુરાણ), ઈશ્વર દ્વારા રચાયેલ છે (ન્યાય-વૈશેષિક દર્શન), બ્રહ્મા વગેરે દ્વારા રચાયેલ છે (વૈષ્ણવ - શૈવ, ભાગવત દર્શન વગેરે) બ્રહ્મ તત્ત્વના વિવર્તરૂપ છે (વેદાંત દર્શન), પ્રકૃતિના વિકારાત્મક છે. (સાંખ્ય દર્શન), ક્ષણિક છે (વૈભાષિક વગેરે બૌદ્ધ), જ્ઞાન માત્ર સ્વરૂપ છે (યોગાચાર-બૌદ્ધ), શૂન્ય સ્વરૂપ છે. (માધ્યમિક બૌદ્ધ) <— જગતને વિશે આવી બધી ભ્રમણાઓ આભિસંસ્કારિક કુવિકલ્પ કહેવાય છે. તથા સહજ કુવિકલ્પ તેને કહેવાય કે જે ગુણ-દોષની વિચારણાથી પરાઙ્મુખ હોય, સુખની આસક્તિ અને દુઃખના દ્વેષમાં તત્પર હોય, કુચેષ્ટા, ખરાબ વાણી અને ખોટા વિચારોને લાવે. - આવું <u>ઉપમિતિભવપ્રપંચાકથા</u> ગ્રંથના અનુસારે જણાય છે. જ્યારે સદ્ગુરૂનો સમાગમ, સુનયના શ્રવણ-

प्रथमकुविकल्पात्मको भ्रमः कदाग्रहश्च निवर्तते सहजमलह्रास-मिथ्यात्वमोहक्षयोपशम-तथाभव्यत्वपरिपाकादिना सहजकुविकल्पपरित्यागपूर्वं भवभ्रमणश्रमापनोदाय निस्तरङ्ग-विशुद्धात्मद्रव्याभिमुख्यं प्रवर्तते तदा [1]षड्जीवनिकायश्रद्धा-[2]नवतत्त्वश्रद्धा-[3]परिणामिकर्तृभोक्तृजीवश्रद्धान-[4]नित्यानित्यसदसदभिलाप्यानभिलाप्यसामान्यविशेषोभयात्मकवस्तुमात्राभ्युपगम[5]-यथावस्थितनिक्षेपनयानुगृहीतसप्तभङ्ग्यात्मकप्रमाणस्वरूपविभज्यवादविद्योतितविमलविबोधः अध्यात्माधिकारी स्यात् ।

अध्यात्मप्राप्तये सहजकुविकल्पनिवृत्तिः प्राधान्येनाऽपेक्ष्यते, तत्सत्त्वे अध्यात्मस्थैर्याय आत्मविश्रान्तिसन्मुखता आभिसंस्कारिककुविकल्पविलयश्च मुख्यतयाऽऽवश्यकः । सानुबन्धाध्यात्मकृते चानेकान्तवाद-सापेक्षवाद-विभज्यवाद-दृष्टिवादाऽपरनामस्याद्वादसम्पादितविमलालोकोऽनिवार्यः । इत्थं यथाक्रममध्यात्माधिकारिणि हेतु-स्वरूपानुबन्धशुद्धिराविष्कृता । प्रथमभावेनाध्यात्माभ्युदयस्य सहजकुविकल्पविलयाधीनत्वादेव **योगसारे** —> निःसङ्गो निर्ममः शान्तो निरीहः संयमे रतः । यदा योगी भवेदन्तस्तत्त्वमुद्भासते तदा ॥

**મનન વગેરેના પ્રભાવથી, દુર્નયથી ઉત્પન્ન થયેલ પ્રથમ આભિસંસ્કારિક કુવિકલ્પ સ્વરૂપ ભ્રમ અને કદાગ્રહ દૂર થાય છે. તેમ જ સહજ મલનો હ્રાસ, મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ, તથાભવ્યત્વનો પરિપાક વગેરે દ્વારા સહજ કુવિકલ્પના પરિત્યાગપૂર્વક ભવભ્રમણના થાકને દૂર કરવા માટે નિસ્તરંગ વિશુદ્ધ આત્મદ્રવ્યની અભિમુખતા પ્રવર્તે છે ત્યારે સ્યાદ્વાદથી પ્રાપ્ત વિમલ બોધવાળો જીવ અધ્યાત્મનો અધિકારી થાય છે. અલગ અલગ નયની તેમજ જીવની અલગ અલગ અવસ્થાઓની અપેક્ષાએ સ્યાદ્વાદના અનેક સ્વરૂપ છે. જેમ કે A ષડ્જીવનિકાયની શ્રદ્ધા, B. નવતત્ત્વની શ્રદ્ધા, C. પરિણામી, કર્મના કર્તા તેમ જ કર્મના ભોક્તા એવા જીવની શ્રદ્ધા, D. દરેક વસ્તુઓ નિત્યાનિત્ય, સત્ અસત્, અભિલાપ્ય-અનભિલાપ્ય, સામાન્ય-વિશેષ ઉભયાત્મક છે એવો સ્વીકાર E. યથાવસ્થિત નિક્ષેપાઓ અને નયોથી ગર્ભિત સપ્તભઙ્ગી સ્વરૂપ પ્રમાણજ્ઞાન... આવા સ્યાદ્વાદના અનેક સ્વરૂપ છે. સ્યાદ્વાદના અનેક નામો પ્રચલિત છે. જેમ કે અનેકાંતવાદ, સાપેક્ષવાદ, વિભજ્યવાદ, દૃષ્ટિવાદ. (દરેક સમકિતી જીવમાં દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા અર્થાત્ દૃષ્ટિવાદનો = સ્યાદ્વાદનો ક્ષયોપશમ(બોધ) હોય છે. દંડકટીકા વગેરેમાં આ પદાર્થ સ્પષ્ટ છે. તેથી ષડ્જીવનિકાય શ્રદ્ધા કે નવતત્ત્વની શ્રદ્ધા વગેરે સમકિતના સ્વરૂપમાં પણ સ્યાદ્વાદનો અનુવેધ અમુક ગ્રંથોમાં મળે છે.)**

## ❀ હેતુ-સ્વરૂપ-અનુબંધ શુદ્ધિ ❀

**અધ્યા૦ । અધ્યાત્મની પ્રાપ્તિ માટે મુખ્યતયા સહજ કુવિકલ્પની નિવૃત્તિ અપેક્ષિત છે. સહજ કુવિકલ્પની નિવૃત્તિ થાય ત્યારે અધ્યાત્મની સ્થિરતા માટે આભિસંસ્કારિક કુવિકલ્પની નિવૃત્તિ અને આત્મવિશ્રાંતિની સન્મુખતા આવશ્યક છે. તથા અધ્યાત્મને સાનુબંધ બનાવવા માટે સ્યાદ્વાદથી ઉપલબ્ધ સ્પષ્ટ પ્રકાશ જરૂરી છે. આ રીતે અધ્યાત્મના અધિકારીમાં સહજ કુવિકલ્પની નિવૃત્તિ દ્વારા હેતુશુદ્ધિ, આત્મસ્વરૂપની સન્મુખતા દ્વારા સ્વરૂપ શુદ્ધિ અને સ્યાદ્વાદના સ્પષ્ટ સૂક્ષ્મ પ્રકાશ દ્વારા અનુબંધ શુદ્ધિ જણાવાયેલ છે. સૌ પ્રથમ અધ્યાત્મનો ઉદય એ સહજ કુવિકલ્પની નિવૃત્તિને આધીન છે. માટે જ યોગસાર ગ્રંથમાં —> જ્યારે યોગી સંગરહિત, મમતારહિત, તૃષ્ણારહિત, શાંત તેમજ સંયમમાં રક્ત બને છે ત્યારે આંતરિક તત્ત્વ = વિશુદ્ધ આત્મરત્ન સ્ફુરાયમાન થાય છે. <— આવું જણાવેલ છે. આત્મસન્મુખતાથી પ્રાપ્ત થયેલ અધ્યાત્મની સ્થિરતા માટે આભિસંસ્કારિક કુવિકલ્પનો અભાવ જરૂરી છે. - આ વાત તો સિદ્ધર્ષિગણી વગેરેના દૃષ્ટાંતથી પ્રસિદ્ધ છે. તથા અધ્યાત્મના પ્રવાહને નિરંતર આગળ વધારનાર એવા વિશુદ્ધ વિજ્ઞાનને અનેકાંતવાદ પ્રવાહિત કરે છે. આ વાત આગમમાં પ્રસિદ્ધ જ છે. ખેતરમાં પાણી પહોંચાડતી જળપૂર્ણ નીક = અધ્યાત્મ, નીકમાં પાણી પુરું પાડનાર હવાડો = વિશુદ્ધ**

<—(३/२९) इत्युक्तम् । आत्मशुद्धिसन्मुखतालब्धाध्यात्मस्थैर्यायाऽऽभिसंस्कारिककुविकल्पोच्छेदस्याऽऽवश्यकता तु **सिद्धर्षिगणि**प्रभृतिदृष्टान्तेन प्रसिद्धैव । भगवतोऽनेकान्तवादस्याध्यात्मप्रवाहाऽविच्छेदकारिविशुद्धविज्ञानप्रवाहकत्वन्तु सिद्धान्तसिद्धमेव । निरुक्तत्रितयवति याऽध्यात्मयोग्यता साऽध्यात्मफलपर्यन्तं स्वावारककर्मक्षयोपशमवृद्धिरूपाऽवगन्तव्या । तदुक्तं **ललितविस्तरायां श्रीहरिभद्रसूरिभिः** —> योग्यता चाऽऽफलप्राप्तेः तथाक्षयोपशमवृद्धिः, लोकोत्तरभावामृतास्वादरूपा, वैमुख्यकारिणी विषयविषाभिलाषस्य । न चेयमपुनर्बन्धकमन्तरेणेति भावनीयम् <— (ल.वि.पं.पृ.४९) । प्रकृते अध्यात्मफलं च पापक्षयादिः । तदुक्तं **योगबिन्दौ** —> अतः पापक्षयः सत्त्वं शीलं ज्ञानं च शाश्वतम् । तथानुभवसंसिद्धममृतं ह्यद एव तु ॥३५९॥ <— इति ।

शुद्धनिश्चयनयेन —> सर्वचारित्रिण एवाऽध्यात्मयोगः, तस्यैव भवदुर्गलङ्घनषष्ठगुणस्थानावाप्तेः, तत्र लोकसंज्ञाविरहात् । देशचारित्रिणस्त्वध्यात्मयोगबीजम् <— । व्यवहारनयानुगृहीतनिश्चयनयेन तु देशचारित्रिणोऽपि अध्यात्मयोगः, अपुनर्बन्धक-सम्यग्दृशोस्त्वध्यात्मयोगबीजम् । व्यवहारनयस्तु अध्यात्मयोगबीजमप्युपचारेणाऽध्यात्मलक्षणयोगमेवेच्छतीति व्यवहारनयेनाऽपुनर्बन्धक-मार्गाभिमुख-मार्गपतित-सम्यग्दृष्टि-देश-सर्व-चारित्रिणां सर्वेषामेवाऽध्यात्मयोगः तात्त्विक एव । तदुक्तं **योगबिन्दौ** —> अपुनर्बन्धकस्याऽयं व्यवहारेण तात्त्विकः । अध्यात्म-भावनारूपो निश्चयेनोत्तरस्य तु ॥३६९॥ <— इति । —> अयं = योगः व्यवहारेण = कारणे कार्यत्वोपचारेण, 'तात्त्विकः' कारणस्यापि कथञ्चित्कार्यत्वात् । निश्चयेन = निश्चयनयमतेन

---

**વિજ્ઞાન અને હવાડામાં ભરપૂર પાણી પુરું પાડનાર પાતાળકૂવો = સ્યાદ્વાદ. ઉપરોક્ત ત્રણેય વસ્તુ જેની પાસે હાજર છે તે સાધકમાં રહેલી અધ્યાત્મની યોગ્યતા તે પોતાના આવારક કર્મના ક્ષયોપશમની વૃદ્ધિ સ્વરૂપ જાણવી, કે જે અધ્યાત્મના ફળ પર્યન્ત ટકે છે. <u>લલિતવિસ્તરા</u> ગ્રંથમાં શ્રી <u>હરિભદ્રસૂરિ</u> મહારાજાએ જણાવેલ છે કે —> ફળપ્રાપ્તિ સુધીની તથાવિધ ક્ષયોપશમવૃદ્ધિ તે યોગ્યતા છે કે જે લોકોત્તર ભાવ અમૃતના આસ્વાદ સ્વરૂપ છે, તેમ જ વિષયરૂપી ઝેરની ઈચ્છાને દૂર કરનાર છે. આવી યોગ્યતા અપુનર્બંધક વિના નથી હોતી. આ વાતને હૃદયમાં ભાવિત કરવી. <—**

**પ્રસ્તુતમાં અધ્યાત્મનું ફળ પાપક્ષય વગેરે છે. <u>યોગબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> અધ્યાત્મથી જ્ઞાનાવરણ વગેરે ક્લિષ્ટ કર્મોનો ક્ષય, વીર્યોલ્લાસ, શીલ અને શાશ્વત જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ વાત સ્વાનુભવ સિદ્ધ છે. આ અધ્યાત્મ એ જ અમૃત છે. <—**

## અધ્યાત્મ-અધ્યાત્મબીજ-અધ્યાત્મઅભ્યાસ- અધ્યાત્મઆભાસ

**શુદ્ધ૦ । શુદ્ધ નિશ્ચય નયના મતે —> સર્વવિરતિ ધારીને જ અધ્યાત્મ યોગ છે. કારણ કે તેમણે જ સંસારની કિલ્લાબંધીને ઓળંગવા માટે છઠ્ઠા ગુણસ્થાનકની પ્રાપ્તિ કરેલ છે. છઠ્ઠા ગુણસ્થાનકમાં લોકસંજ્ઞા હોતી નથી. દેશવિરતિધરને તો અધ્યાત્મયોગનું બીજ જ હોય છે. <—**

**વ્યવહાર નયથી અનુગૃહીત એવા નિશ્ચય નયથી તો દેશવિરતિધરને પણ અધ્યાત્મ યોગ હોય છે. જ્યારે અપુનર્બંધક અને સમકિતીને અધ્યાત્મ યોગનું બીજ હોય છે.**

**વ્યવહાર નય તો અધ્યાત્મયોગના બીજને પણ ઉપચારથી અધ્યાત્મ સ્વરૂપ યોગ જ માને છે. માટે વ્યવહાર નયથી અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, સમકિતી, શ્રાવક અને સાધુ આ બધાયને અધ્યાત્મયોગ તાત્ત્વિક જ હોય છે. <u>યોગબિંદુ</u>માં કહેલ છે કે —> કારણમાં કાર્યપણાનો ઉપચાર કરવા સ્વરૂપ વ્યવહારથી અપુનર્બંધકને અધ્યાત્મ અને ભાવનાસ્વરૂપ તાત્ત્વિક યોગ હોય છે, કેમ કે કારણ પણ કથંચિત્ કાર્ય સ્વરૂપ છે. ઉપચારનો**

उपचारपरिहाररूपेण 'उत्तरस्य तु' = चारित्रिण एव <— इति तद्व्याख्यालेशः ।

सकृद्बन्धकादीनां त्वशुद्ध-परिणामत्वान्निश्चयतो व्यवहारतश्च नाऽध्यात्मयोगः किन्त्वध्यात्मयोगाभ्यासमात्रमेव । तदुक्तं **योगबिन्दौ** —> सकृदावर्तनादीनामतात्त्विक उदाहृतः । प्रत्यपायफलप्रायस्तथावेषादिमात्रतः ॥३७०॥ <— इति ।

केषाञ्चिन्मते सकृद्बन्धकादीनां मार्गविषयकोहापोहविरहेण भवस्वरूपाऽनिर्णायकानाभोगसङ्गतः पूर्वसेवारूपोऽध्यात्मयोगोऽविरुद्धः पौनःपुन्येन तीव्रसङ्क्लेशाऽयोगादिति **योगबिन्द्वनुसारेण** प्रतीयते (गा.१८२)। अभव्यभवाभिनन्दिनान्तु अध्यात्मयोगाभास एव, अत्यन्ताऽयोग्यतया अचरमावर्तकालवर्तितया चाभ्युदयलोकपङ्क्तिमात्रफलत्वात् तद्धर्माचारस्य । अत एव **योगबिन्दौ** —> तस्मादचरमावर्तेष्वध्यात्मं नैव युज्यते <— (९३) इत्युक्तम् । —> 'तस्मात्' = लोकपङ्क्तिमात्रफलाया धर्मक्रियाया अधर्मत्वात् <— इति तद्व्याख्यालेशः। **चरमावर्तविंशिकायामपि श्रीहरिभद्रसूरिभिः** —> अचरिमपरियट्टेसुं कालो भवबालकालमो भणिओ । चरिमो उ धम्मजुव्वणकालो तह चित्तभेउत्ति ॥ <— (विं.विं.४/१९) इत्युक्तम् ॥१/५॥

---

ત્યાગ કરનાર નિશ્ચય નયના મતથી તો અધ્યાત્મ-ભાવનાસ્વરૂપ યોગ ચારિત્રીને જ હોય છે. <—

સકૃત્બંધક વગેરે જીવો તો અશુદ્ધ પરિણામવાળા હોવાથી નિશ્ચય અને વ્યવહાર નયથી તેઓને અધ્યાત્મયોગ હોતો નથી. પરંતુ કેવળ અધ્યાત્મ યોગનો અભ્યાસ (અવારનવાર ઉચિત ધર્મપ્રવૃત્તિ) જ હોય છે. <u>યોગબિંદુ</u>માં જણાવેલ છે કે —> સકૃત્બંધક વગેરેને તો તેવા પ્રકારના ભાવ અધ્યાત્મયોગીને યોગ્ય વેષ, ભાષા, પ્રવૃત્તિ વગેરે સ્વરૂપ અતાત્ત્વિક અધ્યાત્મ-ભાવનાયોગ હોય છે. જે પ્રાયઃ અનર્થકારી હોય છે. (સાયકલ ચલાવવાનો અભ્યાસ કરનાર જેમ ક્યારેક પડે છે પ્રાયઃ તેવો અનર્થ પ્રસ્તુતમાં જાણવો.)

केषा० । કોઈક યોગાચાર્યના મતે તો —> સકૃત્બંધક વગેરે જીવોને અધ્યાત્મયોગ માનવામાં વિરોધ નથી. કારણ કે તેઓને વારંવાર તથાવિધ તીવ્ર સંક્લેશ થવાનો નથી, કે જે સંક્લેશ મોહનીય કર્મની ૭૦ કોટાકોટિ કાળપ્રમાણ સ્થિતિ અનેક વાર બંધાવે. પરંતુ તેવા જીવોને મોક્ષમાર્ગવિષયક યથાર્થ ઉહાપોહ ન હોવાથી સંસાર સ્વરૂપનો નિર્ણય ન કરાવનાર એવો અનાભોગ = અનુપયોગ હોય છે. માટે તેઓમાં પૂર્વસેવા સ્વરૂપ જ અધ્યાત્મયોગ મનાય, નહિ કે ઊંચી કક્ષાનો. <— આવું <u>યોગબિંદુ</u> ગ્રંથના આધારે જણાય છે.

અભવ્ય અને ભવાભિનંદી જીવોને તો કેવળ અધ્યાત્મયોગનો આભાસ જ હોય છે, કારણ કે અભવ્ય જીવો તો અધ્યાત્મની પ્રાપ્તિ માટે અત્યંત અયોગ્ય જ છે, તેમ જ ભવાભિનંદી જીવો અચરમાવર્તકાળવર્તી છે. આથી તેવા જીવો ક્યારેક ધર્માચરણ કરે તો પણ તેનું ફળ પરલોકની અપેક્ષાએ સ્વર્ગ અને ઈહલોકની અપેક્ષાએ લોકપ્રસિદ્ધિ- યશકીર્તિ વગેરે જ હોય છે અને તેઓને ધર્મ કરવા પાછળ આવા પ્રકારના ફળની પ્રાપ્તિનો જ ઉદ્દેશ હોય છે. માટે જ <u>યોગબિંદુ</u> ગ્રંથમાં કહેલું છે કે —> અચરમાવર્ત કાળમાં અધ્યાત્મ ન જ ઘટી શકે. કારણ કે અચરમાવર્તકાલીન જીવોની ધર્મપ્રવૃત્તિનું ફળ માત્ર લોકપંક્તિ જ છે. જે ધર્મક્રિયાનું ફળ માત્ર લોકપંક્તિ જ હોય તે ધર્મક્રિયા અધર્મસ્વરૂપ છે. <— <u>ચરમાવર્તવિંશિકા</u> (વિંશતિવિંશિકા ગ્રંથની ચોથી વિંશિકા) ગ્રંથમાં પણ <u>શ્રીહરિભદ્રસૂરિ</u> મહારાજાએ કહેલ છે કે —> અચરમ પુદ્ગલપરાવર્તનો કાળ ભવબાલકાલીન (ધર્મને અયોગ્ય) છે. તથા ચરમાવર્તકાળ ધર્મની યુવાનીનો કાળ છે. તેના ચિત્ર-વિચિત્ર અનેક પ્રકારો છે. <— (૧/૫)

પાંચમા શ્લોકમાં અધ્યાત્મના અધિકારીમાં નયની ભ્રમણાઓ દૂર થાય છે -એવું જણાવ્યું. તે જ હકીકતને

'गलन्नयकृतभ्रान्तिः' (१/५) इति यदुक्तं तदेवाऽन्वय-व्यतिरेकतो विशदयति **'मन'**इति ।

**मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनःकपिः ॥६॥**

**मध्यस्थस्य** = दार्शनिक-साम्प्रदायिक-स्नेहरागादिकृतपक्षपातरहितस्य **मनोवत्सः** = चेतस्तर्णकः **युक्तिगवीं** = प्रमाणाङ्गभूतसत्तर्कलक्षणां मातरं गावमेव **अनुधावति** = तदन्यपरिहारेण अनुसरति, आभिसंस्कारिककुविकल्पात्मकस्य मनोविभ्रमस्य कदाग्रहस्य च त्यागात् गुणग्रहणरसिकतयाऽर्थतथात्वनिबन्धन-प्रामाण्यप्रेक्षणप्रवीणत्वाच्च । इत्थमेव प्रेक्षावतां माध्यस्थ्योपपत्तेः । तदुक्तं **योगबिन्दौ श्रीहरिभद्रसूरिभिः** —> आत्मीयः परकीयो वा कः सिद्धान्तो विपश्चिताम् । दृष्टेष्टाऽबाधितो यस्तु युक्तस्तस्य परिग्रहः ॥५२५॥ <— इति । **लोकतत्त्वनिर्णये**ऽपि —> पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥३८॥ <— इत्युक्तम् । यथोक्तं **श्रीसिद्धसेनदिवाकरसूरिभिरपि** —> न केवलं श्राद्धतयैव नूयसे गुणज्ञपूज्योऽसि यतोऽयमादरः <—( ) । **अयोगव्यवच्छेदद्वात्रिंशिकायां श्रीहेमचन्द्रसूरि-**

---

અન્વય-વ્યતિરેક (હાજરી-ગેરહાજરી) દ્વારા છઠ્ઠી ગાથામાં ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

**<u>શ્લોકાર્થ</u> :-** મધ્યસ્થ વ્યક્તિનું મનરૂપ વાછરડું યુક્તિસ્વરૂપ ગાય માતાની પાછળ દોડે છે. પરંતુ તુચ્છઆગ્રહગ્રસ્ત મનરૂપી માંકડુ તેને પૂંછડેથી ખેંચે છે. <u>(૧/૬)</u>

## ❀ માધ્યસ્થ્ય સ્વીકારીએ ❀

**<u>ટીકાર્થ</u>** :- મધ્યસ્થ માણસ પક્ષપાત વગરનો હોય છે. સામાન્યથી ત્રણ પ્રકારે પક્ષપાત સંભવે છે. (૧) દાર્શનિક પક્કડને કારણે. 'મારો જ ધર્મ સાચો, બીજાનો ધર્મ ખોટો જ' આવો કદાગ્રહ. (૨) સાંપ્રદાયિક આગ્રહને લીધે. 'મારા જ સંપ્રદાયની આચરણા સાચી અને બીજા સંપ્રદાયની આચરણા ખોટી જ.' આવી જડતા (૩) સ્નેહરાગ વગેરેને કારણે પક્ષપાત થવો. આ ત્રણે પ્રકારના પક્ષપાતથી રહિત એવી મધ્યસ્થ વ્યક્તિના મનને ગ્રંથકારશ્રીએ વાછરડાની ઉપમા આપેલી છે. જેમ વાછરડું બીજી ગાય કે ભેંશ-પાડા વગેરેને છોડીને પોતાની માતાની પાછળ જ દોડે છે તેમ મધ્યસ્થ વ્યક્તિનું મન કુતર્ક, કદાગ્રહ, દુર્નય વગેરેને છોડીને પ્રમાણઘટક સત્તર્કને જ અનુસરે છે. કારણ કે તેણે આભિસંસ્કારિક કુવિકલ્પ સ્વરૂપ ચિત્તભ્રમ અને કદાગ્રહનો ત્યાગ કરેલ છે. તેમજ ગુણને પારખવાનો રસ હોવાને લીધે અર્થતથાત્વનિમિત્તક = અર્થાનુસારિતામૂલક પ્રામાણ્યને પારખવામાં પ્રવીણ છે. આ રીતે જ પ્રાજ્ઞ પુરૂષોમાં માધ્યસ્થ્ય ઘટી શકે. <u>યોગબિંદુ</u> ગ્રંથમાં શ્રી <u>હરિભદ્રસૂરિ</u> મહારાજાએ જણાવેલ છે કે —> કયો સિદ્ધાંત વિદ્વાનોને આત્મીય કે પરકીય હોય ? અર્થાત્ સિદ્ધાંતમાં પોતાનાપણાનો કે પારકાપણાનો ભેદ ન હોય. જે સિદ્ધાંત પ્રત્યક્ષ, અનુમાન, યુક્તિ વગેરેથી બાધિત ન હોય તેનો જ સ્વીકાર કરવો રહ્યો. <— શ્રી <u>હરિભદ્રસૂરિજી</u>એ <u>લોકતત્ત્વનિર્ણય</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> મહાવીર સ્વામી ઉપર મને પક્ષપાત નથી અને સાંખ્યદર્શનના પ્રવર્તક કપિલ વગેરે ઉપર મને દ્વેષ નથી. મહાવીર અને કપિલ વગેરેમાંથી જેનું વચન યુક્તિસંગત હોય તેને સ્વીકારવું. <— <u>સિદ્ધસેન દિવાકરસૂરિજી</u>એ પણ <u>દ્વાત્રિંશતુદ્વાત્રિંશિકા</u> પ્રકરણમાં જણાવેલ છે કે —> કેવળ શ્રદ્ધાથી જ, હે વીતરાગ ! તમારી સ્તુતિ કરતો નથી. પરંતુ તમે ગુણને પરખનારા છો અને સ્વયં ગુણસમૃદ્ધ હોવાથી પૂજ્ય છો. માટે આ આદર રાખીએ છીએ. <— આવી જ કોઈક વાતને જણાવતા <u>શ્રીહેમચંદ્રસૂરિ</u> મહારાજાએ પણ <u>અયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકામાં</u> કહ્યું છે કે —> હે મહાવીર! તમારા ઉપરનો પક્ષપાત અંધશ્રદ્ધાથી જ નથી અને બીજાઓ ઉપર માત્ર દ્વેષના લીધે ઉપેક્ષાભાવ નથી.

भिरप्युक्तं —> न श्रद्धयैव त्वयि पक्षपातो, न द्वेषमात्रादरुचिः परेषु । यथावदाप्तत्वपरीक्षया तु त्वामेव वीर ! प्रभुमाश्रिताः स्म ॥२९॥ <— इति । ततश्च माध्यस्थ्यपरतयैव प्राज्ञैः सद्युक्तिरनुगन्तव्या, न तु 'मदीयागमएव समीचीनः, नैव परकीयः' इत्येवं दुराग्रहः कार्यः, सर्वस्याऽपि सद्वचनस्य परसमयेऽपि स्वसमयाऽनन्यत्वादिति व्यक्तं **योगदीपिकायाम्** (षोडशक ४/११ वृत्ति) ।

तदुक्तं **योगसारप्राभृते** दिगम्बरेणाऽ**मितगति**नाऽपि —> न कुत्राप्याग्रहस्तत्त्वे विधातव्यो मुमुक्षुभिः। निर्वाणं साध्यते यस्मात् समस्ताऽऽग्रहवर्जितैः ॥ <— (९/३४) इति । परैरपि माध्यस्थ्यं कक्षीक्रियत एव । तदुक्तं **विष्णुपुराणे** —> युक्तिमद्वचनं ग्राह्यं मयाऽन्यैश्च भवद्विधैः <— (३/१८२०) ।

**तुच्छाग्रहमनःकपिः** = दार्शनिकादिक्लिष्टकदाग्रहग्रस्तमनोमर्कटः **तां** = युक्तिगवीं **पुच्छेन** = दुर्नयोद्भावितदोषलेशेन **आकर्षति** = स्वकदाग्रहोत्थापितोन्मार्गं नयति जमाल्यादिवत् । यदुक्तं —> आग्रही बत निनीषति युक्तिं तत्र यत्र मतिरस्य निविष्टा । पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् ॥ <— (  ) इति ।

ततश्च यथाविषयं नयेषु माध्यस्थ्यपरतया भाव्यम्, अन्यथा ज्ञानगर्भितवैराग्यक्षतिप्रसङ्गात् । तदुक्तं **अध्यात्मसारे** —> नयेषु स्वार्थसत्येषु मोघेषु परचालने । माध्यस्थ्यं यदि नाऽऽयातं न तदा ज्ञानगर्भता ॥

---

પરંતુ વાસ્તવમાં તમે આપ્તપુરૂષ છો એવી પરીક્ષા કરીને તમને જ પ્રભુ તરીકે સ્વીકાર્યા છે. <— માટે પ્રાજ્ઞ પુરૂષોએ મધ્યસ્થતામાં તત્પર રહીને સુંદર યુક્તિને અનુસરવું જોઈએ. પરંતુ 'મારા જ ધર્મ-સંપ્રદાયના શાસ્ત્રો સાચા છે, બીજાના નહીં જ,' આવો કદાગ્રહ બુદ્ધિશાળીએ ન કરવો. કારણ કે પરદર્શનમાં પણ જે યથાર્થ વચનો છે, તે બધા જ વચનો જિનાગમથી અભિન્ન છે. આ વાત <u>ષોડશક</u> ગ્રંથની ન્યાયવિશારદકૃત <u>યોગદીપિકા</u> વ્યાખ્યામાં સ્પષ્ટ છે. <u>યોગસારપ્રાભૃત</u> ગ્રંથમાં દિગમ્બર આચાર્ય <u>અમિતગતિ</u>એ પણ જણાવેલ છે કે —> મુમુક્ષુઓએ કોઈ પણ ભાવમાં આગ્રહ ન કરવો. કારણ કે સમસ્ત કદાગ્રહોને છોડનાર વ્યક્તિ જ મોક્ષને સાધે છે. <— અન્યદર્શનકારો પણ મધ્યસ્થતાને સ્વીકારે જ છે. જેમ કે <u>વિષ્ણુપુરાણ</u>માં જણાવેલ છે કે —> મારે અને આપણા જેવા બીજા બધાએ યુક્તિસંગત વચનને જ ગ્રહણ કરવું. <—

## ❀ કદાગ્રહનો ત્યાગ કરીએ ❀

तुच्छा० । જેમ વાંદરો ગાયને પૂંછડેથી ખેંચે છે તેમ પૂર્વોક્ત દાર્શનિક વગેરે ક્લિષ્ટ કદાગ્રહથી પીડિત મન દુર્નયથી પ્રગટ કરેલ આંશિક દોષ વડે સુયુક્તિને, પોતાના કદાગ્રહથી ઉપજાવેલા ઉન્માર્ગમાં ઢસડી જાય છે. આના ઉદાહરણ રૂપે <u>જમાલિ</u> વગેરે આગમમાં પ્રસિદ્ધ જ છે. અન્યત્ર પણ જણાવેલ છે કે —> આગ્રહી માણસ યુક્તિને ત્યાં લઈ જવાને ઈચ્છે છે કે જ્યાં તેની બુદ્ધિ બેઠેલી છે. પક્ષપાતરહિત વ્યક્તિની બુદ્ધિ તો ત્યાં પહોંચે છે કે જ્યાં પ્રામાણિક યુક્તિ રહેલી છે. <—

## ❀ જ્ઞાનગર્ભિત વૈરાગ્યને અનુભવીએ ❀

ततश्च० । ઉપરોક્ત વિચારોથી ફલિત થાય છે કે —> કદાગ્રહ રાખવો એ ઉચિત નથી. જેમ કોર્ટમાં વકીલોની દલીલોને વિશે ન્યાયાધીશ કદાગ્રહના બદલે માધ્યસ્થ્ય દાખવે છે અને યથાર્થ નિર્ણય કરે છે તેમ પ્રાજ્ઞ વ્યક્તિએ નયોને વિશે કદાગ્રહ રાખવાને બદલે કમ સે કમ તેવી મધ્યસ્થતા કેળવવી જોઈએ અને તે મુજબ અર્થનિર્ણય કરવો જોઈએ. નયોને વિશે જો પક્કડ રાખવામાં આવે તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નાશ પામે છે. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> પોતાના અર્થને વિશે દરેક નયો સત્ય છે અને પરનયની વિચારણા થકી નયો

<— (६/३८) इति । माध्यस्थ्यमेव समतादिना पदेनोपदर्श्यते । तदुक्तं **तत्त्वानुशासने नागसेनेन** - —> माध्यस्थ्यं समतोपेक्षा वैराग्यं साम्यमस्पृहा । वैतृष्ण्यं परमा शान्तिरित्येकोऽर्थोऽभिधीयते ॥<— (४/ ५०) ॥१/६॥

प्रमाणानुग्राहकयुक्तीनामुपादेयत्वेऽपि जातियुक्तीनामेकान्तेन हेयत्वमावेदयति '**अनर्थाये**'ति ।

**अनर्थायैव नार्थाय, जातिप्रायाश्च युक्तयः ।**
**हस्ती हन्तीति वचने, प्राप्ताप्राप्तविकल्पवत् ॥७॥**

**जातिप्रायाः** = प्रतीतिफलबाधितत्वात् दूषणप्रायाः कुतर्करूपाश्च **युक्तयः अनर्थायैव** = बलवदनिष्टानुबन्धित्वेनैहिक-पारलौकिकप्रत्यवायायैव सच्चित्तनाशायैव वा **स्युः, न अर्थाय** = समुचितफलसम्पत्तये । एतदेव निदर्शनद्वारेणाह - **'हस्ती हन्ती'ति** मेण्ठस्य **वचने प्राप्ताप्राप्तविकल्पवत्** । यदुक्तं **योगदृष्टिसमुच्चयवृत्तौ श्रीहरिभद्रसूरिभिः** —> कश्चिन्नैयायिकश्छात्रः कुतश्चिदागच्छन् अवशीभूतमत्तहस्त्यारूढेन केनचिदुक्तः - 'भोः ! भोः ! त्वरितमपसर' 'हस्ती व्यापादयति' इति च । तथाऽपरिणतन्यायशास्त्र आह 'रे रे बठर ! किमेवं युक्तिबाह्यं प्रलपसि ? तथाहि - किमयं प्राप्तं व्यापादयति किं वाऽप्राप्तमिति ?

---

**મિથ્યા છે. તેથી નયોને વિશે મધ્યસ્થતા ન આવી હોય તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નથી તેમ જાણવું. <— સમતા વગેરે શબ્દો દ્વારા પણ મધ્યસ્થતા જણાવાય છે. <u>તત્ત્વાનુશાસન</u> ગ્રંથમાં <u>નાગસેન</u> આચાર્યએ કહ્યું છે કે - —> માધ્યસ્થ્ય, સમતા, ઉપેક્ષા, વૈરાગ્ય, સામ્ય, અસ્પૃહા, વૈતૃષ્ણ્ય અને પરમ શાંતિ આ બધા શબ્દો એક જ અર્થને જણાવે છે. <— ઉપરોક્ત બધી બાબતોનો સાર એ છે કે સાચું તે જ મારૂં = મધ્યસ્થતા. મારૂં તે જ સાચું = કદાગ્રહ. મારી વાડીમાં ઉગે તે જ ગુલાબ અને બીજા ઠેકાણે ઉગે તે ધતુરો. આવી નાદીરશાહી જૈનશાસનને માન્ય નથી. પોતાના ગુલાબને ઉદ્દેશીને 'આ ગુલાબ જ છે' આવો સત્યપક્ષપાત = સત્યનિષ્ઠા મધ્યસ્થ વ્યક્તિ પાસે હોઈ શકે પરંતુ 'આ જ ગુલાબ' આવો સત્યાગ્રહ (?) તો મધ્યસ્થને ન જ સંભવે. <u>(૧/૬)</u>**

**પ્રમાણઅનુગ્રાહક યુક્તિઓ ઉપાદેય હોવા છતાં પણ જાતિયુક્તિઓ એકાન્તે હેય છે- એવું જણાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે.**

**<u>શ્લોકાર્થ</u> :- કુયુક્તિઓ જાતિપ્રાયઃ છે. તે અનર્થ માટે જ થાય છે, અર્થ (=સારા કાર્ય) માટે નહિ. જેમ કે 'હાથી મારે છે' આવા વચનમાં પ્રાપ્ત-અપ્રાપ્ત વિકલ્પ. <u>(૧/૭)</u>**

**<u>ટીકાર્થ</u> :- કુતર્ક સ્વરૂપ યુક્તિઓ વાસ્તવમાં અનુભવ અને ફળથી બાધિત હોવાને કારણે જાતિસમાન = દૂષણ સમાન છે. તે બળવાન અનિષ્ટને લાવનાર હોવાથી આ લોક અને પરલોકના નુકશાન માટે જ છે અથવા તો પોતાની સદ્‌બુદ્ધિના કે સરળતાના નાશ માટે જ છે. પરંતુ ઉચિત ફળની પ્રાપ્તિ માટે નથી જ થતી. આ જ વસ્તુને ગ્રંથકારશ્રી દૃષ્ટાંત દ્વારા જણાવે છે કે 'હાથી મારે છે' એવા મહાવતના વચનમાં પ્રાપ્ત - અપ્રાપ્ત વિકલ્પ કુયુક્તિ જેવા છે. આ દૃષ્ટાન્તની સ્પષ્ટ સમજણ <u>યોગદૃષ્ટિસમુચ્ચય</u> ગ્રંથની ટીકામાં શ્રી <u>હરિભદ્રસૂરિજી</u>એ આ મુજબ આપેલ છે - —> કોઈક નૈયાયિક (= તાર્કિક) વિદ્યાર્થી ક્યાંકથી આવતો હતો. તે વખતે મહાવતના કાબુની બહાર ગયેલ એવા મત્ત હાથી ઉપર બેઠેલા કોઈ મહાવતે તે વિદ્યાર્થીને બૂમ પાડી કે 'ઓ ઓ જલ્દી ભાગ. હાથી મારે છે.' પરંતુ તે વિદ્યાર્થીને તર્કશાસ્ત્ર પરિણત ન થયેલ હોવાથી તે દલીલ કરે છે કે 'ઓ ડફોળ ! શા માટે આવો યુક્તિબાહ્ય પ્રલાપ કરે છે ? બોલ, આ હાથી જેણે સ્પર્શ કરેલો હોય તેને મારે, કે જેણે સ્પર્શ કરેલો નથી તેને મારે? પ્રથમ વિકલ્પમાં તો તને જ હાથી મારશે, કારણ કે હાથી તને સ્પર્શેલો છે. બીજા વિકલ્પમાં આખા જગતને હાથી મારશે-તેવું માનવાની**

आद्यपक्षे भवत एव व्यापत्तिप्रसङ्गः, प्राप्तिभावात् । द्वितीये त्रिभुवनस्य, अप्राप्त्यविशेषादि'त्येवं यावदाह तावद्धस्तिना गृहीतः । स कथमपि मेण्ठेन मोचित इति <—(यो.दृ.स.९१ वृ.) । तथा तथाविधकुविकल्पकारी तत्तद्दर्शनस्थः कुतर्कहस्तिना गृह्यतेऽनर्थे निपात्यते, सुगुरुप्रभृतिमेण्ठेनैव कथमपि मोच्यते, यदि तत्समर्पितः स्यादिति ध्येयम् । तदुक्तं **वाक्यपदीये भर्तृहरिणाऽपि** —> हस्तस्पर्शादिवान्धेन विषमे पथि धावता । अनुमानप्रधानेन विनिपातो न दुर्लभः ॥ <— (१/४२) इति **ज्ञानसारेऽपि** —> अदृष्टार्थेऽनुधावन्तः शास्त्रदीपं विना जडाः । प्राप्नुवन्ति परं खेदं प्रस्खलन्तः पदे पदे ॥ <— (२४/५) इत्युक्तम् ।

—> असदुत्तरं = जातिः <— इति **एके** । **अन्ये** तु —> स्वव्याघातकमुत्तरं = जातिः <— इति । **अपरे** च —> स्वप्रतिबन्धकमुत्तरं = जातिः <— इति । 'सिद्धमपि दूषणाऽसमर्थमुत्तरं = जातिः' इति **इतरे** । **केचित्तु** —> छलादिभिन्नदूषणासमर्थमुत्तरं = जातिः <— इत्याहुः । नैयायिकनये तु साधर्म्यप्रत्यवस्थानादिरूपेण चतुर्विंशतिभेदभिन्ना जातिरिति ध्येयम् ।

---

**આપત્તિ આવશે, કેમ કે દુનિયાના બીજા બધા માણસોમાં હાથીને નહિ સ્પર્શવાપણું સમાન છે.' તે વિદ્યાર્થી આવી દલીલ જ્યાં સુધી કરે છે ત્યાં તો હાથીએ તેને પકડી લીધો. પછી મહાવતે તેને માંડ માંડ છોડાવ્યો. <—તે રીતે અલગ અલગ ધર્મમાં રહેલ, તેવા પ્રકારના કુવિકલ્પને કરનારો માણસ કુતર્કરૂપી હાથી દ્વારા પકડાઈ જાય છે અને અનર્થમાં પડે છે. છતાં જો તે સુગુરૂને સમર્પિત હોય તો સદ્ગુરૂ વગેરે સ્વરૂપ મહાવત દ્વારા માંડ માંડ કુતર્કરૂપી હાથીથી મુક્ત થાય છે. આ વાત ધ્યાનમાં રાખવી. મતલબ કે ગુરૂસમર્પણ અને આગમશ્રદ્ધા કેન્દ્રસ્થાનમાં ગોઠવાયેલ ન હોય તો કુતર્ક દ્વારા કદાગ્રહી વ્યક્તિ અધ્યાત્મતત્ત્વ ગુમાવે છે. નિહ્નવો એમાં સાક્ષી છે. <u>ભર્તૃહરિ</u>એ પણ <u>વાક્યપદીય</u> ગ્રંથમાં કહેલું છે કે —>આંધળો માણસ ખાડા ટેકરાવાળા રસ્તા ઉપર હાથના સ્પર્શથી રસ્તાનું જ્ઞાન કરીને દોડે તો તેનો વિનાશ મુશ્કેલ નથી તેમ આગમને કેન્દ્રસ્થાનમાં રાખવાને બદલે માત્ર અનુમાન-તર્કને મુખ્ય કરીને, અનેક કુકર્મ-કુમતોથી છવાયેલ વિષમ અધ્યાત્મ માર્ગમાં દોડી રહેલ વ્યક્તિનો વિનાશ દુર્લભ નથી. <— <u>જ્ઞાનસાર</u> ગ્રંથમાં મહોપાધ્યાયજી મહારાજાએ પણ જણાવેલ છે કે —>અપરિચિત પદાર્થસ્વરૂપ-માર્ગમાં શાસ્ત્રરૂપી દીપક વિના દોડતા જડ માણસો ડગલે ને પગલે સ્ખલના પામવાને લીધે અત્યંત ખેદને પામે છે. <—**

## ❀ જાતિ સ્વરૂપ પરિચય ❀

**असदु० । (૧) ખોટો જવાબ = જાતિ. (૨) પોતાનો વ્યાઘાત કરનાર જવાબ = જાતિ. (૩) પોતાનો પ્રતિબંધક (પોતાને જ બોલતા અટકાવી દે તેવો) જવાબ = જાતિ. (૪) દૃષ્ટાંતમાં પ્રસિદ્ધ હોવા છતાં પણ પ્રસ્તુત બાબતમાં દૂષણ બતાવવામાં અસમર્થ એવો જવાબ = જાતિ. (૫) છલ વગેરેથી ભિન્ન દોષોદ્ભાવન કરવામાં અસમર્થ એવો જવાબ = જાતિ. આ રીતે દાર્શનિક જગતમાં જાતિને વિશે અનેક મતો પ્રવર્તે છે. સરળ ભાષામાં કહી શકાય કે ખોટી રીતે કોઈની વાતમાં દોષ કાઢવો = જાતિ. દોષ હોય અને તેમાં તે દોષ બતાવવો તે પાણીમાંથી પોરા (અમુક જંતુ) કાઢવા બરોબર છે. અને વાસ્તવમાં ન હોવા છતાં કાલ્પનિક દોષ બતાવવા તે દૂધમાંથી પોરા કાઢવા બરોબર છે, કેમ કે દૂધમાં પોરા પેદા જ થતાં નથી. આ વાત પ્રસ્તુતમાં જાતિરૂપે અભિમત છે. નૈયાયિક મતે સાધર્મ્ય પ્રત્યવસ્થાન વગેરે ૨૪ જાતિઓ પ્રસિદ્ધ છે. આ વાત ધ્યાનમાં રાખવી.**

## ❀ કુયુક્તિથી આગમ અબાધ્ય ❀

**एता० । ઉપરોક્ત વિચારણાથી આ ફલિત થાય છે કે જાતિસમાન કુતર્કસ્વરૂપ યુક્તિઓ ત્યાજ્ય છે. આ**

एतावता जातिप्रायाः कुतर्करूपा युक्तयः त्याज्या इत्यावेदितम् । एनमर्थमधिकृत्य **योगदृष्टिसमुच्चये** 'अविद्यासङ्गताः प्रायो विकल्पाः सर्व एव यत् । तद्योजनात्मकश्चैष कुतर्कः किमनेन तत् ॥९०॥ जातिप्रायश्च सर्वोऽयं प्रतीतिफलबाधितः । 'हस्ती व्यापादयती' त्युक्तौ, प्राप्ताऽप्राप्तविकल्पवत् ॥९१॥ दृष्टान्तमात्रं सर्वत्र यदेवं सुलभं क्षितौ । एतत्प्रधानस्तत्केन स्वनीत्याऽपोद्यते ह्ययम् ॥९२॥' इत्याद्युक्तम् । इत्थञ्चार्षवचनस्य युक्त्यबाध्यत्वमाविष्कृतम् । तदुक्तं **भर्तृहरिणा वाक्यपदीये** —> अतीन्द्रियानसंवेद्यान् पश्यन्त्यार्षेण चक्षुषा । ये भावान् वचनं तेषां नानुमानेन बाध्यते ॥ <— (१/३८) ॥१/७॥

युक्तिमात्रेणातीन्द्रियार्थाऽसिद्धिप्रदर्शनार्थं **योगदृष्टिसमुच्चयगत** (गा.१४६) कारिकामावेदयति - **ज्ञायेरन्निति** ।

**ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।**
**कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात्तेषु निश्चयः ॥८॥**

**योगदृष्टिसमुच्चयवृत्तौ** एतत्कारिकाव्याख्यानं —> **ज्ञायेरन् हेतुवादेन** = अनुमानवादेन **पदार्था यद्यतीन्द्रियाः** सर्वज्ञादयः, **कालेन एतावता प्राज्ञैः** = तार्किकैः **कृतः स्यात् तेषु निश्चयः** = अवगमः <— (का.१४६ वृ. ) इत्येवं वर्तते । न चोत्तरोत्तरबलवत्तर्कसंपन्नैरपि तदनुपलम्भादेव सर्वज्ञादिप्रतिक्षेपो युक्तः, अन्धकल्पानां छद्मस्थानां ज्ञानात्तदनुपलम्भेऽपि योगिज्ञानगम्यत्वादेव तस्य । तदुक्तं **योगदृष्टिसमुच्चये**

---

અર્થને આશ્રયીને યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથમાં જણાવેલ છે કે —> પ્રાયઃ સર્વ વિકલ્પો અવિદ્યાયુક્ત હોય છે. અને કુતર્ક તો તેવા જ પ્રકારના વિકલ્પોની યોજના સ્વરૂપ છે. તેથી તેવા કુતર્કથી સર્યું. સર્વ કુતર્કો જાતિસમાન છે. પ્રતીતિ અને ફળ - આ બન્ને દ્વારા કુતર્ક બાધિત થાય છે. જેમ કે ઉપર જણાવી ગયા તે મુજબ 'હાથી મારે છે' એવા વચનને વિશે પ્રાપ્ત-અપ્રાપ્ત વિકલ્પ. દુનિયામાં દૃષ્ટાંત માત્ર તો સર્વત્ર સુલભ છે. તેથી તેવા બાધિતદૃષ્ટાંતપ્રધાન કુતર્કનો કઈ રીતે પોતાના સિદ્ધાંત દ્વારા કોઈ વ્યક્તિ પ્રતિકાર કરી શકે? અર્થાત્ બ્રહ્મા પણ કરી શકે નહિ. <— આ રીતે આર્ષ વચન વાસ્તવિક યુક્તિથી બાધિત ન થઈ શકે એમ જણાવાયું. ભર્તૃહરિએ પણ વાક્યપદીય ગ્રંથમાં જણાવેલું છે કે —> અતીન્દ્રિય હોવાના કારણે અસંવેદ્ય ભાવોને જે યોગીઓ આર્ષ = યોગ ચક્ષુથી દેખે છે તેઓનું વચન અનુમાન-તર્ક દ્વારા બાધિત થઈ શકે નહિ. <— (૧/૭)

યુક્તિ માત્રથી અતીન્દ્રિય પદાર્થોની સિદ્ધિ ન થઈ શકે-એવું જણાવવા માટે યોગદૃષ્ટિસમુચ્ચયની કારિકાને જણાવે છે.

**શ્લોકાર્થ** :- જો હેતુવાદથી જ અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન થઈ શકતું હોત તો આટલા કાળ સુધીમાં પંડિતોએ તેનો નિર્ણય કરી લીધેલો હોત. (૧/૮)

**ટીકાર્થ** :- —> અનુમાન-તર્કપ્રધાન હેતુવાદથી જો સર્વજ્ઞ વગેરે અતીન્દ્રિય પદાર્થોને જાણી શકાતા હોત તો અત્યાર સુધીના દીર્ઘ કાળમાં તાર્કિક પુરૂષોએ અતીન્દ્રિય પદાર્થો વિશે નિર્ણય કરી લીધેલો હોત. <— યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રંથની ટીકામાં આ ગાથાની આ પ્રમાણે વ્યાખ્યા ઉપલબ્ધ થાય છે.

### ❈ અતીન્દ્રિય વિષયમાં તર્ક પાંગળો છે ❈

**શંકા** :- ઉત્તરોત્તર બળવાન તર્ક જેઓની પાસે હતા તેવા વિદ્વાનોને પણ સર્વજ્ઞ વગેરે અતીન્દ્રિય પદાર્થો જણાયા નથી જ. તેથી સર્વજ્ઞ વગેરેનો સ્વીકાર ન કરવો તે યુક્ત છે.

—> अतीन्द्रियार्थसिद्ध्यर्थं यथालोचितकारिणाम् । प्रयासः शुष्कतर्कस्य न चासौ गोचरः क्वचित् ॥९८॥ गोचरस्त्वागमस्यैव ततस्तदुपलब्धितः । चन्द्रसूर्योपरागादिसंवाद्यागमदर्शनात् ॥९९॥ निशानाथप्रतिक्षेपो यथाऽन्धानामसङ्गतः । तद्भेदपरिकल्पश्च तथैवाऽर्वाग्दृशामयम् ॥१४०॥ निश्चयोऽतीन्द्रियार्थस्य योगिज्ञानादृते न च । अतोऽत्रान्धकल्पानां विवादेन न किञ्चन ॥१४३॥ <—इति । 'तद्भेदपरिकल्पश्च' = निशानाथभेदपरिकल्पश्च, 'अयं'=सर्वज्ञप्रतिक्षेपः। अतीन्द्रियपदार्थानामागमवादविषयत्वात्तर्केण तत्प्रतिपादने तदवगमप्रयत्ने वा क्लेशमात्रमेव, युक्तिमात्रनिर्भरे त्वर्थव्यवस्थानुपपत्तिः । इदमेवाभिप्रेत्य **भर्तृहरिणा**ऽपि **वाक्यपदीये -->** यत्नेनानुमितोऽप्यर्थः कुशलैरनुमातृभिः । अभियुक्ततरैरन्यैरन्यथैवोपपाद्यते ॥ <— (काण्ड-१/का.३४) न चागमादृते धर्मस्तर्केण व्यवतिष्ठते । ऋषीणामपि यज्ज्ञानं तदप्यागमपूर्वकम् ॥ <— (१/३०) इति।

प्रकृते धर्ममार्गे तु विशेषत आगमप्रमाणमुपादेयं, न तु युक्तिपरतयैव भाव्यम् । तदुक्तं —> जम्हा न धम्ममग्गे मोत्तूणं आगमं इह पमाणं । विज्जइ छउमत्थाणं तम्हा तत्थेव जइयव्वं ॥ <— ( ) इति ।

न चैकान्तेन सर्वत्राऽऽगमेनैवाऽर्थसिद्धिपरतयापि भाव्यम्, हेतुवादगोचरार्थानामागममात्रात्प्रतिपादने

---

**<u>સમાધાન</u>** :- ગમે તેટલા તાર્કિક મીમાંસાવાળા વિચક્ષણ પુરૂષો પણ છદ્મસ્થ (જ્ઞાનાવરણ કર્મના ઉદયવાળા) હોવાના કારણે અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય કરવા માટે જન્માંધ પુરૂષ જેવા છે. તેથી તેઓને સર્વજ્ઞ વગેરેનો નિર્ણય ન થવા છતાં પણ સર્વજ્ઞ વગેરે પદાર્થો વાસ્તવિક જ છે. કારણ કે યોગી પુરૂષોના જ્ઞાનથી સર્વજ્ઞ વગેરે જણાયેલ જ છે. **<u>યોગદષ્ટિસમુચ્ચય</u>**માં જણાવેલ છે કે —>અતીન્દ્રિય પદાર્થોની સિદ્ધિ માટે બુદ્ધિશાળીઓનો પ્રયત્ન અનુચિત છે. કેમ કે અતીન્દ્રિય પદાર્થ શુષ્ક તર્કનો ક્યારેય વિષય બનતા નથી. અતીન્દ્રિય પદાર્થ આગમનો જ વિષય છે. કેમ કે આગમથી જ તેના અસ્તિત્વનો નિર્ણય થાય છે. ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ વગેરેના સંવાદી નિરૂપણ કરનારા આગમો દેખાય છે. જેમ ચંદ્રનો અપલાપ કરવો કે બાંડી આંખે બે ચન્દ્ર જોઈને ચંદ્રમાં સજાતીયભેદની કલ્પના કરવી તે આંધળા, બાંડા માણસો માટે અનુચિત છે તે રીતે છદ્મસ્થ જીવોએ સર્વજ્ઞનો અપલાપ કરવો કે સર્વજ્ઞ જુદા જુદા હોવાની કલ્પના કરવી અયુક્ત છે. કારણ કે અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય યોગીજ્ઞાન વિના થઈ શકતો નથી. તેથી સર્વજ્ઞને જાણવા માટે અંધ જેવા છદ્મસ્થ જીવોમાં સર્વજ્ઞસંબંધી વિવાદથી સર્યું. <— અતીન્દ્રિય પદાર્થો આગમવાદનો વિષય હોવાથી તર્ક દ્વારા તેનું પ્રતિપાદન કરવામાં કે તે જાણવાનો પ્રયત્ન કરવામાં માત્ર ક્લેશ જ સાંપડે છે. વિશેષ કોઈ ફળ નથી. વળી, યુક્તિ માત્રનો જ વિશ્વાસ કરવામાં આવે તો અર્થવ્યવસ્થા ઘટી નહિ શકે. આ જ વાતને ખ્યાલમાં રાખીને ભર્તૃહરિએ પણ **<u>વાક્યપદીય</u>** ગ્રંથમાં જણાવ્યું છે કે —> હોંશિયાર એવા તાર્કિકોએ પ્રયત્નપૂર્વક જે અર્થનો નિર્ણય કરેલો હોય તે પદાર્થોની વધારે બુદ્ધિશાળી અન્ય તાર્કિકો અન્ય રૂપે સિદ્ધિ કરે છે. આગમ વિના તર્કથી ધર્મની વ્યવસ્થા થઈ ન શકે. મહર્ષિઓને પણ ધર્મ વગેરે અતીન્દ્રિય પદાર્થ વિષયક જે કાંઈ જ્ઞાન છે તે પણ આગમપૂર્વક = આગમમૂલક જ છે. <— પ્રસ્તુતમાં ધર્મમાર્ગને વિશે તો વિશેષ પ્રકારે આગમ પ્રમાણ સ્વીકારવા યોગ્ય છે. ધર્મમાર્ગમાં કેવળ યુક્તિના ભરોસે બેસવા જેવું નથી. જણાવેલ છે કે —> અહીં ધર્મમાર્ગમાં આગમને છોડીને છદ્મસ્થ જીવો માટે અન્ય કોઈ પ્રમાણ નથી. માટે આગમમાં જ ઉદ્યમ કરવો. <— પરંતુ સર્વત્ર એકાંતે હેતુને હડસેલીને આગમથી જ અર્થની સિદ્ધિ કરવામાં તત્પર ન રહેવું. કારણ કે હેતુવાદના વિષયભૂત અર્થોનું કેવળ આગમથી જ પ્રતિપાદન કરવામાં શ્રોતાઓને આગમમાં જ અવિશ્વાસ થવાથી આગમની વિડંબના થવાની આપત્તિ આવશે. <u>(૧/૮)</u>

श्रोतॄणामप्रत्ययात् सिद्धान्तविडम्बनापत्तेः ॥१/८॥

ननु भवदुक्तरीत्या सर्वत्र केवलागमपरतया न भाव्यम्, न वा युक्त्येकपरायणतया, तर्हि परिपूर्णार्थावगमः कथं स्यात् ? इत्याशङ्कायामाह - **'आगम'** इत्यादि ।

**आगमश्चोपपत्तिश्च, सम्पूर्णं दृष्टिलक्षणम् ।**
**अतीन्द्रियाणामर्थानां, सद्भावप्रतिपत्तये ॥९॥**

**अतीन्द्रियाणां अर्थानां** सर्वज्ञ-प्रकृति-धर्माधर्मादिलक्षणानां **सद्भावप्रतिपत्तये** = सत्ता-स्वरूपयोः निश्चयाय **आगमश्च** = आगमत्वेन प्रसिद्धाः स्वपरदर्शनसम्बन्धिनो ग्रन्थाः **उपपत्तिश्च** = प्रत्यक्षानुमानादि-प्रमाणानि च **सम्पूर्णं दृष्टिलक्षणं** = यथावस्थितार्थपरिच्छेदलक्षणदृष्टिसाधनम् । केवलमागमेनैवातीन्द्रियार्थ-प्रतिपत्तौ तु मध्यस्थस्य अतीन्द्रियार्थनिर्णयः कदापि न स्यात्, नानादर्शनागमानामेकत्रैव धर्मिणि मिथोविरुद्ध-नानाधर्मप्रतिपादकत्वात् परपरिकल्पितस्य अनादिसर्वज्ञस्य जगत्कर्तुरीश्वरस्य कर्तृत्व-भोक्तृत्वादिधर्मोपेतप्रकृत्या-देश्चाभ्युपगमस्य प्रामाण्यमापद्येत । ततश्च तत्स्वरूपविनिश्चयाय प्रत्यक्षानुमानयुक्त्यादीनामावश्यकता । तथाहि परतीर्थिकागमेभ्योऽपि सिद्धे सर्वज्ञे युक्त्या अघटमानकं अनादित्वं परित्यज्यते, परागमादपि प्रसिद्धे ईश्वरे युक्त्या असमीचीनं जगत्कर्तृत्वमपनीयते साङ्ख्यागमात् सिद्धे च प्रकृतितत्त्वे सद्युक्त्याऽसङ्गतं कर्तृत्व-भोक्तृत्व-ज्ञातृत्व-बद्धत्व-मुक्तत्वादिकं दूरीक्रियते क्रमशश्च साद्यनन्तत्व-परिणामित्वादिरूपेण सर्वज्ञः, सर्वज्ञत्वादिरूपेण ईश्वरः पौद्गलिकत्वाकर्तृत्वादिरूपेण च कर्मप्रकृतिनाम्ना प्रकृतिः स्वीक्रियत एव सदागम-सुयुक्ति-

—> આપે જણાવેલ રીતે સર્વત્ર માત્ર આગમને જ આગળ કરવાનો નિષેધ થાય છે અને યુક્તિ માત્રના ભરોસે પણ બેસી રહેવા જેવું નથી તો પછી પરિપૂર્ણ અર્થનિશ્ચય કઈ રીતે થઈ શકશે ? <— આવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે

**શ્લોકાર્થ** :- અતીન્દ્રિય પદાર્થોના અસ્તિત્વના નિર્ણય માટે આગમ અને ઉપપત્તિ પરિપૂર્ણ દૃષ્ટિલક્ષણ છે. મતલબ કે આગમ અને ઉપપત્તિ રૂપ બે આંખ દ્વારા જ અતીન્દ્રિય પદાર્થોનો પરિપૂર્ણ બોધ થઈ શકે છે.

## આગમ અને યુક્તિનું સંતુલન જાળવો

**ટીકાર્થ** :- સર્વજ્ઞ, પ્રકૃતિ (કર્મપ્રકૃતિ), ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે અતીન્દ્રિય પદાર્થોના અસ્તિત્વ અને વિશેષ સ્વરૂપના નિર્મલ બોધ માટે આગમ રૂપે પ્રસિદ્ધ સ્વ-પર દર્શનના ગ્રંથો અને પ્રત્યક્ષ, અનુમાન વગેરે ઉપપત્તિ -આ બે મળીને દૃષ્ટિને પૂર્ણ બનાવે છે. માત્ર આગમથી જ અતીન્દ્રિય પદાર્થોનો સ્વીકાર કરવામાં આવે તો મધ્યસ્થ વ્યક્તિને અતીન્દ્રિય પદાર્થનો નિશ્ચય ક્યારેય પણ થઈ શકશે નહિ. કારણ કે અનેક દર્શનના અલગ અલગ આગમો એક જ વસ્તુને વિશે પરસ્પર વિરૂદ્ધ એવા અનેક ધર્મોનું પ્રતિપાદન કરે છે. અને આ પરિસ્થિતિમાં સુયુક્તિની સહાય વિના કયા આગમને પ્રમાણરૂપે સ્વીકારવું ? તેનો નિર્ણય મધ્યસ્થ પુરૂષ નહિ કરી શકે. તેમ જ અન્ય દર્શનીઓએ કલ્પેલા અનાદિ એવા સર્વજ્ઞ, જગત્કર્તા એવા ઈશ્વર અને કર્તા-ભોક્તા વગેરે સ્વરૂપે પ્રકૃતિ વગેરે તત્ત્વોના સ્વીકારને પ્રામાણિક માનવાની આપત્તિ આવશે. માટે તેના સ્વરૂપના યથાર્થ નિર્ણય માટે પ્રત્યક્ષ, અનુમાન, યુક્તિ વગેરેની આવશ્યકતા છે. તે આ રીતે : પરદર્શનીય આગમોથી પણ પ્રસિદ્ધ એવા સર્વજ્ઞમાં યુક્તિથી નહિ ઘટતું અનાદિપણું છોડી દેવાય છે. પરઆગમથી પ્રસિદ્ધ એવા ઈશ્વરમાં યુક્તિથી અસંગત જણાતું જગત્કર્તૃત્વ દૂર કરાય છે અને સાંખ્યદર્શનના આગમથી સિદ્ધ પ્રકૃતિ

लक्षणविमलदृष्टिद्वयसम्पन्नैः स्याद्वादिभिः ।

**ननु** सर्वज्ञादीनामतीन्द्रियपदार्थानामागमवादविषयत्वात्तत्र युक्तिप्रचारानवकाश एवेति अतीन्द्रियार्थ-निर्णयसामग्र्यां युक्तिप्रवेशोऽनुचित इति चेत् ? **न,** तत्सत्ताविनिश्चयायाऽऽगमस्याऽपेक्षितत्वेऽपि 'आगमप्रति-पादितस्य तेषां स्वरूपस्य समीचीनत्वं न वा ?' इति तु विज्ञातुं सद्युक्त्युदाहरणादिभिः बाहुल्येन शक्यत एव । य आगमोपलब्धोऽर्थः कथमपि युक्त्यादिभिः न संवदति किन्तु प्रत्यक्षादिभिः विसंवदत्येव केवलं स नोपादेयः प्राज्ञैः । इदमेवाभिप्रेत्य **लोकतत्त्वनिर्णये** —> यच्चिन्त्यमानं न ददाति युक्तिं प्रत्यक्षतो नाप्यनु-मानतश्च । तद् बुद्धिमान् को नु भजेत लोके गोशृङ्गतः क्षीरसमुद्भवो न ॥१६॥ आगमेन च युक्त्या च योऽर्थः समभिगम्यते । परीक्ष्य हेमवद् ग्राह्यः पक्षपाताऽऽग्रहेण किम् ॥१८॥ <— इत्युक्तम् । **योग-वाशिष्ठे**ऽपीदमेवाभिप्रेत्य —> अपि पौरुषमादेयं शास्त्रं चेद् युक्तिबोधकम् । अन्यत्त्वार्षमपि त्याज्यं, भाव्यं न्यायैकसेविना ॥ ( ) <—इत्युक्तम् । न चैवमागमवादादिव्यवस्थाऽनुपपत्तिरिति शङ्कनीयम्, अतीन्द्रियेन्द्रि-यग्राह्ययोः पदार्थयोः आद्यनिश्चयापेक्षयैव पार्थक्येणागमवाद-हेतुवादयोः व्यवस्थाया अभिमतत्वात् । यदुक्तं

---

તત્ત્વમાં સુયુક્તિથી નહિ ઘટતા કર્તૃત્વ, ભોક્તૃત્વ, જ્ઞાતૃત્વ, બદ્ધત્વ, મુક્તત્વ વગેરે ગુણ ધર્મોનો અસ્વીકાર થઈ શકે છે. અને ક્રમશઃ સાદિ-અનંત પરિણામીરૂપે સર્વજ્ઞ, તેમ જ જગત્કર્તારૂપે નહિ પરંતુ સર્વજ્ઞરૂપે ઈશ્વર તથા પૌદ્ગલિકત્વ, અકર્તૃત્વ આદિ રૂપે કર્મપ્રકૃતિ નામે પ્રકૃતિતત્ત્વ વગેરેનો સ્વીકાર સ્યાદ્વાદી દ્વારા થાય જ છે. કારણ કે સ્યાદ્વાદી પાસે સત્ આગમ અને ઠોસ યુક્તિ સ્વરૂપ બે નિર્મળ આંખ રહેલી છે.

## ❀ આગમવાદના વિષયમાં પણ યુક્તિનો પ્રવેશ ❀

નનુ૦ । —> સર્વજ્ઞ વગેરે અતીન્દ્રિય પદાર્થો તો આગમવાદનો વિષય છે. તેથી ત્યાં યુક્તિની પ્રવૃત્તિ થવાનો સવાલ જ રહેલો નથી. માટે અતીન્દ્રિય અર્થના યથાર્થ નિશ્ચયની સામગ્રીમાં યુક્તિનો પ્રવેશ કરવાની જરૂર નથી. <— આવી શંકા વ્યાજબી નથી. કારણ કે અતીન્દ્રિય પદાર્થના અસ્તિત્વના નિશ્ચય માટે આગમની અપેક્ષા હોવા છતાં પણ 'અતીન્દ્રિય પદાર્થનું આગમમાં બતાવેલું સ્વરૂપ યોગ્ય છે કે નહિ ?' આવો વિશેષ બોધ કરવા પ્રાયઃ કરીને સુયુક્તિ, ઉદાહરણ વગેરે સમર્થ છે જ. આગમમાં બતાવેલા જે અર્થોનો યુક્તિ વગેરે સાથે લેશ પણ સંવાદ ન આવે, પણ પ્રત્યક્ષ વગેરે પ્રમાણો સાથે માત્ર વિરોધ જ મળે, તેવા પદાર્થ કોઈક શાસ્ત્રથી નિરૂપિત હોવા છતાં પ્રાજ્ઞ પુરૂષોએ તેનો સ્વીકાર ન કરાય. આ જ અભિપ્રાયથી શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ લોકતત્ત્વનિર્ણય ગ્રંથમાં જણાવેલ છે કે —> જે પદાર્થને વિચારતાં પ્રત્યક્ષ કે અનુમાનથી કોઈ યુક્તિ ન મળતી હોય તેવા પદાર્થને દુનિયામાં કયો બુદ્ધિમાન સ્વીકારે ? જેમ કે ગાયના શિંગડામાંથી ક્યારેય દૂધ નીકળવાનો સંભવ નથી. તેથી તેને બુદ્ધિમાન ન સ્વીકારે. આગમ અને યુક્તિથી પરીક્ષા કરીને જે અર્થ સમ્યગ્ રીતે જણાય તે જ અર્થ ગ્રહણ કરવો જોઈએ. જેમ સુવર્ણ પરીક્ષા કરીને ગ્રાહ્ય બને તેમ અધ્યાત્મને ઉપયોગી આગમોક્ત અતીન્દ્રિય પદાર્થો યુક્તિથી કસોટી કરીને ગ્રાહ્ય બને. આગમ કે યુક્તિમાંથી કોઈ એક જ પ્રત્યે પક્ષપાતી વલણ = આગ્રહ રાખવાથી સર્યું. <— તેમ જ યોગવાશિષ્ઠ ગ્રંથમાં આ જ અભિપ્રાયથી જણાવેલ છે કે —> પુરુષે બનાવેલ શાસ્ત્ર પણ ગ્રહણ કરવું, જો તે યુક્તિથી સંગત થતું હોય તો. યુક્તિબાધિત એવું આર્ષવચન પણ ત્યાજ્ય છે. તેથી બુદ્ધિશાળીઓએ આગમ અને યુક્તિ એમ બન્નેથી સંગત એવો ન્યાયયુક્ત જ અર્થ અપનાવવો. <— આવું માનવામાં આગમવાદ વગેરે વ્યવસ્થાની અસંગતિને કોઈ અવકાશ રહેતો નથી. કારણ કે અતીન્દ્રિય અને ઈન્દ્રિયગ્રાહ્ય પદાર્થોના પ્રાથમિક નિશ્ચયની અપેક્ષાએ જ આગમવાદ અને હેતુવાદ

**स्याद्वादकल्पलतायां** —> यद्यपि अतीन्द्रियार्थे पूर्वमागमस्य प्रमाणान्तरानधिगतवस्तुप्रतिपादकत्वेनाऽहेतुवादत्वं तथापि अग्रे तदुपजीव्यप्रमाणप्रवृत्तौ हेतुवादत्वेऽपि न व्यवस्थानुपपत्तिः, आद्यदशापेक्षयैव व्यवस्थाभिधानात् <— (स्तबक-२/२३ वृ. ) । **एतेन** —> जो हेउवायपक्खम्मि हेउओ आगमे य आगमिओ । सो ससमयपन्नवगो सिद्धंतविराहओ अन्नो ॥ <— (३/४५) इति **सम्मतितर्क**वचनमपि व्याख्यातम् । न ह्येतत् आगमसिद्धान्तपरिकर्मितविशदबुद्ध्युपलब्धसद्युक्तिभिरागमवादविषयवैशद्यार्थमागमपुरस्सरं तन्निरूपणमपाकरोति । एवमेव यथेच्छं युक्त्यादिभिरतीन्द्रियार्थप्रतिपादनं नाभिमतम्, तथा सति ज्ञानगर्भितवैराग्यमपि प्रच्यवेत् । इदमेवाभिसन्धाय **अध्यात्मसारे** —> आज्ञयाऽऽगमिकार्थानां यौक्तिकानाञ्च युक्तितः । न स्थाने योजकत्वं चेन्न तदा ज्ञानगर्भता ॥ <— (६/३८) इत्युक्तम् ।

उपपत्तिपदेन ध्यानयोगाभ्यासोऽपि ग्राह्यः, तस्यापि परिपूर्णाऽतीन्द्रियार्थोपलब्धिकारणत्वात्, तदुक्तं **पतञ्जलिना** —> आगमेनानुमानेन ध्याना(योगा)भ्यासरसेन च । त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते तत्त्वमुत्तमम् ॥ <— (योगदृष्टि स.१०१ योगबिंदु-४१२) । **तत्त्ववैशारदीकारवाचस्पतिमिश्र**मतानुसारेण —> आगमपदेन

એમ ભિન્ન ભિન્ન વ્યવસ્થા અપેક્ષિત છે. **શાસ્ત્રવાર્તાસમુચ્ચય** ગ્રંથની **સ્યાદ્વાદકલ્પલતા** ટીકામાં ન્યાયવિશારદજીએ જણાવેલ છે કે —> જો કે આગમભિન્ન પ્રમાણના અવિષયભૂત એવા પદાર્થનું પ્રતિપાદન સૌ પ્રથમ આગમ દ્વારા જ શક્ય હોવાથી અતીન્દ્રિય વિષય હેતુવાદનો વિષય નથી. છતાં પણ ત્યાર બાદ આગમને અનુસરતા પ્રત્યક્ષ, અનુમાન, તર્ક વગેરે પ્રમાણની પ્રવૃત્તિ શક્ય હોવાથી અતીન્દ્રિય પદાર્થ હેતુવાદના ક્ષેત્રમાં આવી જાય છે. આવું હોવા છતાં પણ હેતુવાદ અને આગમવાદની શાસ્ત્રીય વ્યવસ્થાનો ભંગ થતો નથી. કારણ કે તે તે પદાર્થોના પ્રાથમિક બોધની અપેક્ષાએ જ તે વ્યવસ્થા જણાવેલ છે. <— આથી **સંમતિતર્ક** ગ્રંથમાં **શ્રીસિદ્ધસેનદિવાકર** સૂરિ મહારાજે જે જણાવેલ છે કે —> જે વ્યક્તિ હેતુવાદપક્ષમાં હેતુથી અને આગમિક પદાર્થોનું આગમથી પ્રરૂપણ કરે છે તે જ સ્વસમયની = જિનાગમની પ્રરૂપક છે. એ સિવાય અન્ય રીતે પ્રરૂપણા કરનાર વ્યક્તિઓ સિદ્ધાંતની વિરાધક છે. <— તેની પણ વ્યાખ્યા થઈ જાય છે. આગમ સિદ્ધાંતથી પરિકર્મિત થયેલ વિમલ બુદ્ધિ દ્વારા જણાયેલી યથાર્થ યુક્તિઓથી આગમવાદના વિષયની સ્પષ્ટતા માટે આગમને આગળ કરીને (તેવી સુયુક્તિઓ દ્વારા) અતીન્દ્રિય પદાર્થના નિરૂપણનો નિષેધ કરવો તે સિદ્ધસેનસૂરિ મહારાજને અભિમત નથી. ગમે તેમ સ્વચ્છંદ રીતે યુક્તિ વગેરે દ્વારા અતીન્દ્રિય પદાર્થની પ્રરૂપણા ન કરવી એ જ તેઓશ્રીને અભિમત છે. કારણ કે તેવું કરવામાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય નાશ પામે છે. આ જ વાતનું અનુસંધાન કરતા **અધ્યાત્મસાર** ગ્રંથમાં જણાવેલ છે કે —> આગમિક અર્થોનું આગમ દ્વારા અને યુક્તિગમ્ય અર્થોનું યુક્તિથી યથાવસ્થિત રીતે નિરૂપણ કરવામાં ન આવે તો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ન રહે. <—

## યોગાભ્યાસને અપનાવો

उपपत्ति० । અતીન્દ્રિય પદાર્થના યથાર્થ નિર્ણયની સામગ્રીમાં પ્રત્યક્ષ, અનુમાન, યુક્તિ વગેરેનો સમાવેશ કરવા ગ્રંથકારશ્રીએ જે 'उपपत्ति' શબ્દ પ્રયોજેલ છે તે શબ્દથી ધ્યાન-યોગાભ્યાસનું પણ ગ્રહણ સમજી લેવું. કારણ કે તે પણ પરિપૂર્ણ રીતે અતીન્દ્રિય પદાર્થની ઉપલબ્ધિની સામગ્રીમાં પ્રવિષ્ટ એક કારણ છે. **શ્રીપતંજલિ મહર્ષિ**એ જણાવેલ છે કે —> આગમથી, અનુમાનથી અને ધ્યાનઅભ્યાસના રસથી પોતાની પ્રજ્ઞાને પરિકર્મિત કરતા પ્રાજ્ઞ પુરૂષો ઉત્તમ તત્ત્વને પામે છે. <— **યોગસૂત્રના વ્યાસભાષ્ય** ઉપર **તત્ત્વવૈશારદી** ટીકા કરનાર **વાચસ્પતિ મિશ્ર**ના મત મુજબ ઉપરોક્ત પાતંજલશ્લોકમાં આગમ પદથી શ્રવણ, અનુમાન શબ્દથી મનન

श्रवणं, अनुमानपदेन मननं, ध्यानाभ्यासरसपदेन च निदिध्यासनमुक्तम्, ध्याने अभ्यासः पौनःपुन्येनानुष्ठानं, तस्मिन् रसः = आदरः इत्यर्थात् ←(योगसूत्र १/४८ टीका. पृ.१२६) । → रसः = श्रुतानुमान-प्रज्ञाविलक्षण ऋतंभराख्यो विशेषविषयः ←(१९/१०) इति **योगविवेकद्वात्रिंशिकावृत्तौ** प्रकृतग्रन्थकार आह । → प्रज्ञां = बुद्धिं ←(४१२) इति **योगबिन्दुवृत्तिकारः** । → परेषामसमाख्येयमभ्यासादेव जायते । मणिरूप्यादिविज्ञानं तद्विदां नानुमानिकम् ॥ ←(१/३५) इत्येवं **वाक्यपदीये** ब्रुवता **भर्तृहरिणा**ऽपि अतीन्द्रियार्थविनिश्चयाय ध्यानयोगाभ्यासस्याऽऽवश्यकता प्रदर्शितेति । तदुक्तं **योगबिन्दौ** अपि → अध्यात्ममत्र परम उपायः परिकीर्त्तितः । गतौ सन्मार्गगमनं यथैव ह्यप्रमादिनः ॥६५८॥ ← इत्युक्तमिति भावनीयं तत्त्वमेतद्विमुक्तकदाग्रहैः ॥१/९॥

परिशुद्धयोगाभ्यासं विना केवलज्ञानानुपलम्भात् न केवलं युक्तिभिः आगमैर्वाऽतीन्द्रियार्थगोचरपरिपूर्ण-दर्शनं सम्भवतीति विधिविशुद्धयोगाभ्यासोऽप्यादरणीय एवेति चेतसिकृत्याऽऽह - **'अन्तरे'**ति ।

**अन्तरा केवलज्ञानं छद्मस्थाः खल्वचक्षुषः ।**
**हस्तस्पर्शसमं शास्त्रज्ञानं तद्व्यवहारकृत् ॥१०॥**

અને ધ્યાનાભ્યાસરસ શબ્દથી નિદિધ્યાસન જણાવાયેલ છે. કારણ કે ધ્યાનમાં વારંવાર પ્રવૃત્તિ કરવા રૂપ અભ્યાસમાં રસ = આદર કેળવવો, એવો તેનો અર્થ છે. ઉપાધ્યાયજી મહારાજાએ દ્વાત્રિંશત્દ્વાત્રિંશિકા ગ્રંથની ૧૯ મી યોગવિવેક બત્રીશીમાં ઉપરોક્ત પાતંજલ શ્લોકની વ્યાખ્યા કરતાં જણાવેલ છે કે → શ્રુત, અનુમાન અને પ્રજ્ઞાથી વિલક્ષણ ઋતંભરા પ્રજ્ઞા નામનો વિશેષવિષયક રસ તે 'રસ' પદથી અભિમત છે. ← યોગસૂત્રની ભાવાગણેશવૃત્તિમાં જણાવેલ છે કે 'સત્યને ધારણ કરનાર આત્મસાક્ષાત્કાર સ્વરૂપ પ્રજ્ઞા = ઋતંભરા, કે જે અધ્યાત્મની કૃપાથી જ મળે છે.' યોગબિંદુટીકાકારના મતે ઉપરોક્ત પાતંજલ શ્લોકમાં જણાવેલ 'પ્રજ્ઞા' પદનો અર્થ બુદ્ધિ છે. વાક્યપદીય ગ્રંથમાં ભર્તૃહરિએ પણ → બીજાઓને શબ્દ દ્વારા જણાવી ન શકાય તેવું (અનિર્વચનીય) જ્ઞાન અભ્યાસથી ઉત્પન્ન થાય છે. મણિ-રૂપ્ય વગેરેનું વિશિષ્ટ જ્ઞાન તેઓના જાણકાર માટે અનુમાનસ્વરૂપ નથી. ← આવું કહેવા દ્વારા અતીન્દ્રિય પદાર્થોના નિશ્ચય માટે ધ્યાનયોગની આવશ્યકતા જણાવેલ છે. યોગબિંદુ ગ્રંથમાં પણ જણાવેલ છે કે → જેમ અપ્રમત્ત વ્યક્તિને અભિમત સ્થાનમાં પહોંચવા માટે સન્માર્ગે ચાલવું એ પરમ ઉપાય છે તે રીતે તત્ત્વના નિશ્ચય માટે અધ્યાત્મ એ શ્રેષ્ઠ ઉપાય કહેવાયેલો છે. ← આ તત્ત્વ કદાગ્રહને છોડીને શાંત ચિત્તે ભાવિત કરવું. (૧/૯)

પરિશુદ્ધ યોગાભ્યાસ વિના કેવળજ્ઞાનની પ્રાપ્તિ શક્ય નથી. તેમ જ કેવલ યુક્તિ દ્વારા કે કેવલ આગમ દ્વારા અતીન્દ્રિય અર્થ સંબંધી પરિપૂર્ણ નિશ્ચય પણ સંભવી શકતો નથી. માટે વિધિવિશુદ્ધ યોગાભ્યાસ પણ આદરવા યોગ્ય જ છે - આ વાતને મનમાં રાખીને ગ્રંથકારશ્રી જણાવે છે કે →

**શ્લોકાર્થ** :- કેવલજ્ઞાન વિના છદ્મસ્થ જીવો અતીન્દ્રિય પદાર્થના વિષયમાં અંધ છે. અતીન્દ્રિય પદાર્થનું શાસ્ત્રથી થતું જ્ઞાન એ જન્માંધ વ્યક્તિને હાથના સ્પર્શથી થતા રૂપવિષયક જ્ઞાન જેવું છે. શાસ્ત્રજ્ઞાન અતીન્દ્રિય પદાર્થો વિશે વ્યવહાર કરાવી શકે છે. (૧/૧૦)

### હસ્તસ્પર્શતુલ્ય શાસ્ત્રજ્ઞાન

**ટીકાર્થ** :- સર્વદ્રવ્ય-પર્યાય વિષયક અવ્યવહિત સ્પષ્ટ સાક્ષાત્કાર સ્વરૂપ કેવળજ્ઞાન વિના જ્ઞાનાવરણથી પીડિત

निश्चयतः **केवलज्ञानं** = सर्वद्रव्यपर्यायगोचराऽव्यवहितस्पष्टसाक्षात्कारं **अन्तरा** = विना **छद्मस्थाः** = ज्ञानावरणाद्युपद्रुताः नराः **अचक्षुषःखलु** = चक्षुरिन्द्रियसत्त्वेऽपि स्पष्टपरिपूर्णबोधलक्षणचक्षूरहिता एव। छद्मस्थपदस्य हेतुगर्भितत्वेन प्रकृते प्रयोग एवं दृष्टव्यः —> केवलज्ञानशून्या नराः पूर्णज्ञाननयनशून्या एव, ज्ञानावरणाद्युपद्रुतत्वात् । घट-पटादिसाक्षात्कारापेक्षया चक्षुर्भृतत्वेऽपि अतीन्द्रियार्थगोचरसुस्पष्टबोधराहित्याऽपेक्षया चक्षुर्विकलत्वमेव छद्मस्थानाम् । न चाऽऽगमादेवातीन्द्रियार्थोपलम्भेनातीन्द्रियार्थव्यवहारदर्शनात् नान्धत्वोक्तिः छद्मस्थेषु सङ्गच्छत इति शङ्कनीयम्, यतः जात्यन्धानां **हस्तस्पर्शसमं** = हस्तस्पर्शेन वस्तूपलम्भतुल्यं **शास्त्रज्ञानं** अतीन्द्रियार्थगोचरं वर्तते । न चैवं सति शास्त्रमप्यतीन्द्रियार्थनिर्णयकृतेऽनुपादेयमेव स्यादिति शङ्कनीयम्, यतः शास्त्रादेव केनाऽपि प्रकारेणातीन्द्रियार्थनिर्णयात् तादृशं शास्त्रज्ञानं छद्मस्थानां **तद्व्यवहार-कृत्** = अतीन्द्रियार्थगोचरशब्दप्रयोगकारि तु स्यादेव, चन्द्रग्रहणादिवत् । यथा शास्त्रात् सर्वविशेषानिश्चयेऽपि चन्द्रोपरागः केनापि विशेषेण निश्चीयते व्यवह्रियते च यथार्थं तथाऽन्योऽप्यतीन्द्रियार्थः छद्मस्थेन । इदमेवा-भिप्रेत्योक्तं **श्रीहरिभद्रसूरिभिः योगबिन्दौ** —> अस्थानं रूपमन्धस्य यथा सन्निश्चयं प्रति । तथैवातीन्द्रियं वस्तु छद्मस्थस्यापि तत्त्वतः ॥३१५॥ हस्तस्पर्शसमं शास्त्रं तत एव कथञ्चन । अत्र तन्निश्चयोऽपि स्यात् तथाचन्द्रोपरागवत् ॥३१६॥ <— इति ।

**છદ્મસ્થ મનુષ્યો આંખ હોવા છતાં પણ નિશ્ચયનયથી સ્પષ્ટ પરિપૂર્ણ બોધ સ્વરૂપ ચક્ષુથી રહિત જ છે. મૂળ ગાથામાં 'છદ્મસ્થ' પદ હેતુગર્ભિત હોવાથી પ્રસ્તુતમાં અનુમાન પ્રયોગ આ પ્રમાણે કરી શકાય : કેવળજ્ઞાનશૂન્ય મનુષ્યો પૂર્ણ જ્ઞાન સ્વરૂપ ચક્ષુથી રહિત જ છે. કારણ કે તેઓ જ્ઞાનાવરણ વગેરે કર્મથી પીડિત છે. ઘટ, પટ વગેરે પદાર્થના સાક્ષાત્કારની અપેક્ષાએ મનુષ્યો આંખવાળા હોવા છતાં પણ અતીન્દ્રિય અર્થ સંબંધી સુસ્પષ્ટ બોધ ન હોવાની અપેક્ષાએ છદ્મસ્થ જીવો ચક્ષુથી રહિત જ છે.**

**શંકા** :- આગમથી અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન થવાથી છદ્મસ્થ જીવો પણ તેનો વ્યવહાર કરતા દેખાય *છે. તેથી છદ્મસ્થ જીવોને અંધ કહેવા તે વ્યાજબી નથી.*

**સમાધાન** :- ઉપરોક્ત શંકા વ્યાજબી નથી. કારણ કે જન્માંધને હાથના સ્પર્શથી વસ્તુનું જે જ્ઞાન થાય છે તેના જેવું શાસ્ત્ર દ્વારા અતીન્દ્રિય પદાર્થનું છદ્મસ્થ જીવોને જ્ઞાન થાય છે. છતાં પણ અતીન્દ્રિય પદાર્થના નિર્ણય માટે શાસ્ત્ર અગ્રાહ્ય બનવાની આપત્તિને અવકાશ નથી. કેમ કે શાસ્ત્રથી કોઈ પણ (સામાન્ય કે વિશેષ) પ્રકારે અતીન્દ્રિય અર્થનો નિશ્ચય થાય છે અને તથાવિધ શાસ્ત્રબોધ છદ્મસ્થ જીવોને અતીન્દ્રિય પદાર્થ સંબંધી વ્યવહાર માટે ઉપયોગી થાય જ છે. ચંદ્રગ્રહણ વગેરેની જેમ આ વાત સમજવી. જેમ શાસ્ત્રથી સર્વ વિશેષ ધર્મોનો નિશ્ચય ન થવા છતાં પણ કોઈક વિશેષ ધર્મથી ચંદ્રગ્રહણનો નિશ્ચય અને તેવો વ્યવહાર યથાર્થ રીતે થાય છે તેમ છદ્મસ્થ જીવને અતીન્દ્રિય પદાર્થના સર્વ વિશેષ ધર્મોનો નિશ્ચય ન થવા છતાં પણ, શાસ્ત્ર દ્વારા તેના કોઈ વિશેષ ધર્મનો નિશ્ચય થવાથી, તેનો તે પ્રકારે તે છદ્મસ્થ જીવ વ્યવહાર કરી શકે છે. *આ જ અભિપ્રાયથી શ્રી હરિભદ્રસૂરિ* મહારાજાએ **યોગબિંદુ** ગ્રંથમાં જણાવેલ છે કે —> જેમ સમ્યગ્ નિશ્ચય કરવાની અપેક્ષાએ અંધ વ્યક્તિ માટે રૂપ તે વિષય નથી. તે જ રીતે સમ્યગ્ નિશ્ચય કરવા માટે છદ્મસ્થ જીવ માટે પણ અતીન્દ્રિય પદાર્થ વાસ્તવમાં વિષય નથી. શાસ્ત્રથી જે બોધ થાય તે અંધ વ્યક્તિને હાથના સ્પર્શથી થતા બોધ જેવો છે. છતાં શાસ્ત્રથી જ કોઈક રીતે અતીન્દ્રિય પદાર્થનો નિર્ણય થાય છે, જેમ કે ચંદ્રગ્રહણનું તથાવિધ જ્ઞાન. <—

सम्यग्दृशस्त्वनेकान्तागमश्रद्धया व्यवहारनयेन सम्पूर्णं दृष्टिलक्षणमभ्युपगतम् । केवलज्ञानिनि स्वाश्रयत्वसम्बन्धेनेव तत्परतन्त्रे सम्यग्दृशि स्वाश्रयपरतन्त्रत्वसम्बन्धेनातीन्द्रियार्थगोचरपूर्णज्ञानमव्याहतमेव । सम्यग्दृशि चैतादृशं ज्ञानं मोक्षौपयिकमेवेति नातिप्रसङ्गः । तदुक्तं **अध्यात्मसारे** —> अन्तरा केवलज्ञानं प्रतिव्यक्तिर्न यद्यपि । क्वापि ग्रहणमेकांशद्वारं चातिप्रसक्तिमत् ॥ अनेकान्तागमश्रद्धा तथाऽप्यस्खलिता सदा । सम्यग्दृशस्तयैव स्यात् सम्पूर्णार्थविवेचनम् ॥ (६/३१-३२) <— इति । इदमेवाभिप्रेत्य —> जो एगं जाणइ सो सव्वं जाणइ । जो सव्वं जाणइ सो एगं जाणइ <— ( ) इति **आचाराङ्ग**सूत्रमपि व्यवस्थितम् । ततोऽतीन्द्रियार्थादौ कुग्रहो दुराग्रह एव । तदुक्तं **अध्यात्मसारे** —> तदेकान्तेन यः कश्चित् विरक्तस्यापि कुग्रहः । शास्त्रार्थबाधनात्सोऽयं जैनाभासस्य पापकृत् ॥ (६/३४) <— इति । ततश्चातत्त्वाभिनिवेशं परित्यज्य गाम्भीर्येण सूक्ष्मबुद्ध्या शास्त्रैदम्पर्यार्थग्रहणपरतया सर्वत्र स्याद्वादिना भाव्यमित्युपदेशः, अन्यथा धर्मव्याघातप्रसङ्गात् । तदुक्तं **श्रीहरिभद्रसूरिभिः अष्टकप्रकरणे** —> सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिर्नरैः । अन्यथा धर्मबुद्ध्यैव तद्विघातः प्रसज्यते ॥ <— (२१/१) इति दृढतरमवधेयम् ॥१/१०॥

## ❀ વ્યવહાર નયથી સમકિતીને પરિપૂર્ણ અર્થબોધ ❀

**सम्यग्०** । વ્યવહાર નયના મતે તો સમકિતી જીવને અનેકાન્તશાસ્ત્રની શ્રદ્ધા હોવાથી સંપૂર્ણ બોધસામગ્રી માનવામાં આવી છે. કારણ કે અતીન્દ્રિય વસ્તુ વિશેના સંપૂર્ણ જ્ઞાનવાળા કેવલજ્ઞાનીને તે પરતંત્ર છે. જેમ કેવલજ્ઞાનીમાં સ્વાશ્રયત્વ સંબંધથી અતીન્દ્રિય અર્થનું પરિપૂર્ણ જ્ઞાન રહેલું છે તેમ સમકિતીમાં સ્વાશ્રયપારતંત્ર્ય સંબંધથી તે જ જ્ઞાન રહેલું છે. આવું જ્ઞાન સમકિતીને મોક્ષમાં ઉપાયભૂત છે. માટે અભવ્ય વગેરે કે જડ પદાર્થમાં ગમે તે સંબંધથી કેવલજ્ઞાનીના જ્ઞાનને રાખવાનો કે તેવો વ્યવહાર કરવાની આપત્તિ નહિ આવે. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં આવા જ કોઈક આશયથી જણાવેલું છે કે —> જો કે કેવલજ્ઞાન વિના પ્રત્યેક દ્રવ્ય-ગુણ-પર્યાયનું સંપૂર્ણ જ્ઞાન થતું નથી અને અમુક ધર્મને આગળ કરીને થતા કોઈક વસ્તુના જ્ઞાનને પરિપૂર્ણ અર્થબોધમાં નિયામક માનવામાં આવે તો અવ્યવસ્થા સર્જાશે. કારણ કે ઘુણાક્ષરન્યાયથી મિથ્યાત્વીમાં પણ કોઈક વસ્તુના એકાદ અંશનું યથાર્થ જ્ઞાન તો હોય જ છે. (તો સમસ્યા એ આવશે કે કેવલજ્ઞાની સિવાય કોઈ પણ છદ્મસ્થ જીવમાં પરિપૂર્ણ બોધ નહિ માની શકાય, પરંતુ આવું નથી. આનું કારણ એ છે કે આવું હોવા) છતાં પણ સમકિતીમાં સદા માટે અસ્ખલિત એવી અનેકાંતશાસ્ત્રની શ્રદ્ધા રહેલી હોય છે. તેના દ્વારા જ સમકિતીને સંપૂર્ણ અર્થબોધ માનવામાં આવે છે. <— આવા જ અભિપ્રાયથી <u>આચારાંગ</u> સૂત્રમાં પણ એવી વ્યવસ્થા જણાવી છે કે —> જે એક પદાર્થને યથાવસ્થિતરૂપે જાણે છે. (સ્વીકારે છે.) યોગ્ય રીતે બધા જ પદાર્થને જાણે છે અને જે વ્યક્તિ બધા પદાર્થોને વ્યવસ્થિત રીતે જાણે છે તે વ્યક્તિ એક પદાર્થને વાસ્તવિક રીતે જાણે છે. <— માટે અતીન્દ્રિય પદાર્થમાં કદાગ્રહ એ દુરાગ્રહ જ છે. <u>અધ્યાત્મસાર</u>માં જણાવ્યું છે કે —> વૈરાગી જીવને પણ એકાંતવાદથી કોઈ કદાગ્રહ થાય તો તે કદાગ્રહ શાસ્ત્રાર્થનો બાધક હોવાથી પાપબંધકારક છે અને તે વ્યક્તિ હકીકતમાં જૈન નહિ, પરંતુ જૈનાભાસ છે. <— માટે અતત્ત્વના અભિનિવેશને સર્વથા છોડીને, ગંભીરતાથી, સૂક્ષ્મ બુદ્ધિ વડે સર્વત્ર શાસ્ત્રના ઐદંપર્યાર્થને શોધવામાં સ્યાદ્વાદીએ તત્પર રહેવું જોઈએ. આવો ઉપદેશ સૂચિત થાય છે. બાકી તો ધર્મનો વ્યાઘાત થવાની આપત્તિ આવે. શ્રી <u>હરિભદ્રસૂરિ</u> મહારાજાએ <u>અષ્ટકપ્રકરણ</u>માં જણાવેલ છે કે —> ધર્માર્થી માણસોએ હંમેશા સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મને જાણવો જોઈએ. બાકી તો ધર્મબુદ્ધિથી જ ધર્મનો વ્યાઘાત થવાનો પ્રસંગ આવશે. <— આ વાત દઢતાપૂર્વક ચિત્તમાં સ્થિર રાખવી. <u>(૧/૧૦)</u>

'૧૦ મી ગાથામાં જણાવ્યા મુજબ જો શાસ્ત્રથી થતો બોધ એ હસ્તસ્પર્શથી થતા વસ્તુના બોધ જેવો

ननु शास्त्रज्ञानस्य हस्तस्पर्शसमत्वे तु तन्नैरपेक्ष्येणैव सर्वत्र वर्तितव्यमित्याशङ्कायामाह 'शुद्धे'ति ।

**[१]शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्य नो हितम् ।**
**भौतहन्तुर्यथा तस्य, पादस्पर्शनिषेधनम् ॥११॥**

**शास्त्राज्ञानिरपेक्षस्य** = सर्वज्ञप्रणीतागमाज्ञानानपेक्षस्य यतेः **शुद्धोञ्छाद्यपि** द्वाचत्वारिंशद्दोषविप्रमुक्तान्न-पान-वस्त्र-पात्र-भेषज-वसत्यादिसेवनमपि **नो** = नैव **हितं** = स्वहितकारि, अल्पगुणस्य जिनवचनोपेक्षालक्षणेन महादोषेणोपहतत्वात् । दृष्टान्तमाह - **यथा तस्य** प्रसिद्धस्य **भौतहन्तुः** = भौतानां भस्मवृत्तीनां घातकस्य **पादस्पर्शनिषेधनं** = चरणारविन्दसङ्घटनरूपस्य पादस्पर्शस्य निषेधनं हन्तव्यान् भौतान्प्रतीत्येति । तथाहि कस्यचित् शबरस्य कुतोऽपि प्रस्तावात् 'तपोधनानां पादेन स्पर्शनं महतेऽनर्थाय सम्पद्यते' इति श्रुतधर्मशास्त्रस्य कदाचिन्मयूरपिच्छैः प्रयोजनमजायत । यदाऽसौ निपुणमन्यत्रान्वेषमाणो मयूरपिच्छानि न लेभे तदा श्रुतमनेन यथा भौतसाधुसमीपे तानि सन्ति । ययाचिरे च तानि तेभ्यः परं न किञ्चिल्लेभे । ततोऽसौ शस्त्रव्यापारपूर्वकं तान्निगृह्य जग्राह तानि, पादेन स्पर्शं च परिहृतवान् । यथाऽस्य पादस्पर्शपरिहारो गुणोऽपि शस्त्रव्यापारोपहतत्वान्न गुणः किन्तु दोष एव । एवं जिनागमनिरपेक्षस्य भिक्षादिदोषपरिहारो गुणोऽपि

---

હોય તો શાસ્ત્રનિરપેક્ષ રીતે સર્વત્ર પ્રવૃત્તિ કરવી જોઈએ.' આવી શંકાનું સમાધાન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —

**<u>શ્લોકાર્થ</u> :-** શાસ્ત્રની આજ્ઞાથી નિરપેક્ષ એવા સાધુને નિર્દોષ ગોચરી-પાણી વગેરે પણ હિતકારી નથી. જેમ કે ભૌત ઋષિઓને મારનાર ભીલને માટે તે ઋષિને પગથી અડવાનો નિષેધ હિતકારી નથી. (૧/૧૧)

## ❦ મોટા દોષને અપનાવી નાનો દોષ છોડવો તે નુકશાનકારી ❦

**<u>ટીકાર્થ</u> :-** સર્વજ્ઞનિરૂપિત આગમની આજ્ઞાથી નિરપેક્ષ એવા સાધુને ૪૨ દોષથી રહિત ગોચરી-પાણી, વસ્ત્ર, પાત્ર, ઔષધ, વસતિ (મકાન) વગેરેનું સેવન પણ હિતકારી બનતું નથી જ. કારણ કે પિંડની નિર્દોષતારૂપ નાનકડો ગુણ એ જિનવચનની ઉપેક્ષારૂપ મોટા દોષથી હણાયેલ છે. ગ્રંથકારશ્રી આના દૃષ્ટાંતમાં જણાવે છે કે શરીરે ભસ્મ લગાડી જીવન જીવનાર ઋષિઓનો ઘાત કરનાર પ્રસિદ્ધ ભીલે તે હણવાને અભિપ્રેત ઋષિઓને પગથી અડવાનો કરેલ નિષેધ. આ દૃષ્ટાંતની સ્પષ્ટતા <u>યોગબિંદુ</u> ગ્રંથની ટીકામાં આ પ્રમાણે છે. કોઈક ભીલે અમુક પ્રસંગે એવું ધર્મશાસ્ત્ર સાંભળેલું કે 'તપસ્વી ઋષિઓને પગ લગાડવો તે મોટા અનર્થ માટે થાય છે.' તે ભીલને ક્યારેક મોરના પિંછાની જરૂર પડી. તે ભીલે અન્ય ઠેકાણે ઘણી તપાસ કરી પણ મોરના પિંછા મળ્યા નહિ. ત્યારે તેણે સાંભળ્યું કે ભૌતસંન્યાસી પાસે મોરના પિંછાઓ છે. તેણે સંન્યાસીઓ પાસે મોરના પિંછાઓની માંગણી કરી. પરંતુ તેને એક પણ મોરપિંછ ન મળ્યું. પછી તેણે શસ્ત્રનો ઉપયોગ કરવાપૂર્વક તે સંન્યાસીઓનો નિગ્રહ કરી, તે પિંછાઓ ગ્રહણ કર્યા. પણ તે સંન્યાસીઓને પગ ન લાગી જાય તેની પૂરેપૂરી કાળજી રાખી. જેમ સંન્યાસીઓને પગ ન લગાડવાનો ગુણ પણ શસ્ત્રપ્રયોગ સ્વરૂપ મોટા દોષથી હણાઈ જવાને કારણે તે ભીલને માટે તે ગુણસ્વરૂપ નહિ પરંતુ દોષસ્વરૂપ જ બને છે તેમ જિનાગમથી નિરપેક્ષ સાધુ ગોચરી વગેરેના દોષનો ત્યાગ કરે તો તે સ્વરૂપથી = બાહ્ય દેખાવ માત્રથી ગુણ હોવા છતાં

---

१. एतद्गाथानुसारिणी कारिका **ज्ञानसारे** —> शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञानिरपेक्षस्य नो हितम्। भौतहन्तुर्यथा तस्य पादस्पर्शनिवारणम् ॥ (२४/६) इत्येवमुपलभ्यते ।

जिनाज्ञानैरपेक्ष्येणोपहतत्वान्न फलतः गुणः किन्तु दोष एव । तदुक्तं **योगबिन्दौ** –> सच्चेष्टितमपि स्तोकं गुरुदोषवतो न तत् । भौतहन्तुर्यथाऽन्यत्र पादस्पर्शनिषेधनम् ॥१४८॥ न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियाऽपि हि । अन्धप्रेक्षाक्रियातुल्या, कर्मदोषादसत्फला ॥२२६॥ यस्य त्वनादरः शास्त्रे तस्य श्रद्धादयो गुणाः । उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ॥२२८॥ <– इति । एतस्मिन् = शास्त्रे स्वेच्छामात्रप्रवृत्तत्वात् शुभोऽपि पङ्काविलजलस्थानीयः परिणामो न कुशलानुबन्धी । तदुक्तं **उपदेशरहस्ये** –> परिणामो वि अ णियमा आणाबज्झो ण सुंदरो भणिओ <– (५) इति । **सम्बोधप्रकरणे**ऽपि –> आणाइ तवो आणाइ संजमो तह य दाणमाणाए । आणारहिओ धम्मो पलालपूलव्व पडिहाइ ॥३२॥ <– इत्युक्तम् । जिणाणाए कुणंताणं नूणं निव्वाणकारणं । सुंदरं पि सबुद्धिए सव्वं भवनिबंधणं ॥ <– (   ) इति । युक्तश्चैतद्, न हि यो यद्वचननिरपेक्षः प्रवर्तते स तत्र बहुमानवान् भवति, यथा कापिलादिः सुगतादौ । ततश्च जिनबहुमानपरिणामाक्षेपकजिनाज्ञास्मरणपूर्वमेव सर्वत्र मुमुक्षुभिः प्रवर्तितव्यम् । तदुक्तं **श्रावकधर्मविधौ** –> धम्मो आणाए पडिबद्धो <– (३) । इत्थमेव वचनाराधनाद् धर्मनिष्पत्तिः । तदुक्तं **षोडशके**- 'वचनाराधनया खलु धर्मस्तद्बाधया त्वधर्म इति । इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ॥' (२/१२) इति । **पञ्चाशके**ऽपि –> आराहणाए तीए पुण्णं, पावं विराहणाए उ । एयं धम्मरहस्सं, विण्णेयं बुद्धिमंतेहिं ॥

**પણ જિનાજ્ઞાથી નિરપેક્ષતા સ્વરૂપ મોટા દોષથી હણાવાને કારણે ફલતઃ ગુણ નથી, પરંતુ દોષ જ છે. યોગબિંદુ ગ્રંથમાં આ જ વાતને જણાવતા કહેલ છે કે –> મોટા દોષનું સેવન કરનાર વ્યક્તિની નાનકડી સુંદર ચેષ્ટા વાસ્તવમાં સુંદર ચેષ્ટા નથી. જેમ કે ભૌતઋષિને હણનારે સંન્યાસીને પગથી અડકવાનો કરેલો નિષેધ. મતલબ એ છે કે જે વ્યક્તિને શાસ્ત્ર ઉપર ભક્તિ નથી તેની ધર્મક્રિયા પણ તથાવિધ મોહના ઉદયના કારણે આંધળા માણસની જોવાની ક્રિયાની જેમ નિષ્ફળ છે. જે વ્યકિતને શાસ્ત્ર ઉપર આદર નથી તેના શ્રદ્ધા વગેરે ગુણો, ઉન્મત્ત માણસના ગુણ જેવા હોવાથી, વિવેકીને પ્રશંસનીય નથી. <– આશય એ છે કે સ્વેચ્છા માત્રથી પ્રવૃત્ત થનાર શુભ એવો પરિણામ પણ કુશલાનુબન્ધી નથી. તે પરિણામ કાદવથી મિશ્રિત થયેલ પાણી જેવો છે. આ જ વાતને જણાવતા ઉપદેશરહસ્ય ગ્રંથમાં કહેલ છે કે –> પરિણામ પણ જો જિનાજ્ઞાથી બાહ્ય હોય તો સુંદર કહેવાતો નથી. <– સંબોધપ્રકરણમાં પણ કહેલ છે કે –> આજ્ઞાથી તપ, આજ્ઞાનુસારે સંયમ અને આજ્ઞા મુજબ દાન દેવું. આજ્ઞા વિનાનો ધર્મ એ ઘાસના પૂળા જેવો લાગે છે. <– "જિનાજ્ઞા મુજબ કરાતું બધું જ કાર્ય મોક્ષનું કારણ છે. અને સ્વચ્છંદ મતિથી કરાયેલ દરેક સારું પણ કાર્ય સંસારનું કારણ બને છે." આ રીતે કહેવાયેલ વાત યોગ્ય પણ છે. કારણ કે જે માણસ જેના વચનથી નિરપેક્ષપણે એટલે કે તેને અવગણીને પ્રવૃત્તિ કરે તેને તે વ્યક્તિમાં બહુમાન હોઈ શકતું નથી. જેમ કે કપિલ મુનિએ પ્રવર્તાવેલ એવા સાંખ્યદર્શનના અનુયાયીઓને ગૌતમબુદ્ધ વગેરેમાં બહુમાન હોતું નથી. માટે તેઓ પોતાની પ્રવૃત્તિમાં બુદ્ધના વચનની અવગણના જ કરતા હોય છે. તેથી મુમુક્ષુઓએ ભગવાન ઉપર બહુમાન પરિણામ આવે તે રીતે જિનાજ્ઞાના સ્મરણપૂર્વક જ સર્વત્ર પ્રવૃત્તિ કરવી જોઈએ. કારણ કે શ્રાવકધર્મવિધિ ગ્રંથમાં શ્રીહરિભદ્રસૂરિજીએ કહેલ છે કે –> ધર્મ જિનાજ્ઞાને બંધાયેલો છે. <– આ રીતે જ જિનવચનની આરાધના કરવાથી ધર્મ નિષ્પન્ન થાય છે. ષોડશક ગ્રંથમાં જણાવેલ છે કે –> જિનવચનની આરાધનાથી જ ધર્મ થાય છે. અને જિનવચનને ઉવેખવાથી અધર્મ ઉત્પન્ન થાય છે. આ જ ધર્મનું રહસ્ય છે. અને આ જ ધર્મનું સર્વસ્વ છે. <– પંચાશકજી ગ્રંથમાં પણ જણાવેલ છે કે –> જિનાજ્ઞાની આરાધનાથી પુણ્ય પ્રાપ્ત થાય**

<— (७/३) इत्युक्तम् । **उपदेशपदे**ऽपि —> आणाणुगयं जं तं चेव बुहेण सेवियव्वं तु <— (९१०) इत्युक्तम् । आज्ञापालने दोषसम्पत्तावपि आराधकतैव तदपालने च कदाचित् लाभे सत्यपि विराधकतैवेति व्यक्तं **निशीथभाष्ये** (गा.४१६०/४१७०)। अत एव **पञ्चाशके**ऽपि —> समइपवित्ती सव्वा आणाबज्झत्ति भवफला चेव । तित्थयरुद्देसेण वि न तत्तओ सा तदुद्देसा ॥ <— (८/१३) इत्युक्तम् । ततश्च शास्त्रापेक्षणं सर्वत्रैव कर्तव्यमित्युपदेशः ॥१/११॥

शास्त्रव्युत्पत्त्यर्थप्रदर्शनपूर्वं तत्फलितार्थमाविष्करोति - '**शासनादि**'ति ।

**[१]शासनात्त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते ।**
**वचनं वीतरागस्य, तच्च नान्यस्य कस्यचित् ॥१२॥**

**शासनात्** = हितोपदेशात् **त्राणशक्तेश्च** = जीवरक्षणसामर्थ्याच्च **शास्त्रं** इति **बुधैः** = प्राज्ञैः **निरुच्यते** = व्युत्पाद्यते । तदुक्तं **प्रशमरतौ** - 'यस्माद् राग-द्वेषोद्धतचित्तान् समनुशास्ति सद्धर्मे । सन्त्रायते च दुःखाच्छास्त्रमिति निरुच्यते सद्भिः' ॥१८७॥ <—इति । तदुक्तं **योगबिन्दौ** अपि —> मलिनस्य यथाऽत्यन्तं

છે અને વિરાધનાથી પાપ થાય છે. આ ધર્મરહસ્ય બુદ્ધિશાળી પુરૂષોએ જાણવું <— <u>ઉપદેશપદ</u> ગ્રંથમાં <u>શ્રીહરિભદ્રસૂરિજી</u>એ કહેલ છે કે —> જે આજ્ઞાયુક્ત હોય તેને જ પંડિતોએ સ્વીકારવું જોઈએ. <— જિનાજ્ઞાનું યોગ્ય રીતે પાલન કરવામાં કદાચ દોષ લાગે તો પણ તે આજ્ઞાપાલક આરાધક જ છે. અને જો આજ્ઞાનું પાલન ન કરવામાં ક્યારેક લાભ થઈ જાય તો પણ આજ્ઞાપાલન નહિ કરનાર ગુન્હેગાર જ છે. આ વાત <u>નિશીથભાષ્યમાં</u> સ્પષ્ટ છે. આના ઉદાહરણ રૂપે ક્રમશઃ વિષ્ણુકુમાર અને સ્કંધક આચાર્ય (જેમના ૫૦૦ શિષ્ય ઘાણીમાં પીલાવા છતાં મોક્ષમાં ગયા.) લઈ શકાય. માટે તો <u>પંચાશક</u> ગ્રંથમાં પણ જણાવ્યું છે કે —> સ્વચ્છંદ મતિથી થનારી સર્વ પ્રવૃત્તિઓ જિનાજ્ઞા બાહ્ય હોવાથી સંસારમાં રખડાવનાર છે. કદાચ ભગવાનને ઉદ્દેશીને તે પ્રવૃત્તિ થતી હોય તો પણ વાસ્તવમાં તે પ્રવૃત્તિ ભગવાનને ઉદ્દેશીને હોતી નથી. <— માટે બધી જ પ્રવૃત્તિઓમાં શાસ્ત્રને આધીન રહેવું જોઈએ. - આવો ઉપદેશ અહીં ફલિત થાય છે. <u>(૧/૧૧)</u>

'**શાસ્ત્ર**' શબ્દની વ્યુત્પત્તિથી પ્રાપ્ત થનારા અર્થને દર્શાવવા પૂર્વક તેના ફલિતાર્થને ગ્રંથકારશ્રી ૧૨ મી ગાથામાં પ્રગટ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- 'હિતોપદેશ કરે અને રક્ષણ કરવાનું સામર્થ્ય ધરાવે.' તે પંડિતો વડે શાસ્ત્ર કહેવાય છે. તે શાસ્ત્ર વીતરાગનું વચન છે, નહિ કે કોઈ અન્ય વ્યક્તિનું વચન. <u>(૧/૧૨)</u>

## ❀ શાસ્ત્ર શબ્દનો અર્થ અને ફલિતાર્થ ❀

<u>**ટીકાર્થ**</u> :- 'શાસ્ત્ર' શબ્દ શાસ્ અને ત્રૈ ધાતુથી બનેલો છે. 'શાસ્' ધાતુનો અર્થ છે શાસન કરવું. અર્થાત્ હિતોપદેશ કરવો. 'ત્રૈ' ધાતુનો અર્થ છે રક્ષણ કરવું. 'શાસ્ત્ર' શબ્દ ગુણનિષ્પન્ન હોવાના કારણે શબ્દની વ્યુત્પત્તિથી પ્રાપ્ત થનાર અર્થ તેમાં હોવો જરૂરી છે. માટે જે હિતોપદેશ કરવા દ્વારા જીવોનું રક્ષણ કરવાનું સામર્થ્ય ધરાવે તેને પંડિતો શાસ્ત્ર કહે છે. <u>પ્રશમરતિ</u> ગ્રંથમાં વાચકવર્ય <u>ઉમાસ્વાતિ</u> મહારાજાએ પણ જણાવેલ છે કે - —> રાગ-દ્વેષથી ઉદ્ધત મનવાળા જીવોનું સદ્ધર્મમાં અનુશાસન કરે છે અર્થાત્ તેઓની ઉદ્ધતાઈને કાબુમાં લાવીને ધર્મમાં પ્રેરે છે અને તેઓને દુઃખથી રક્ષણ આપે છે માટે શાસ્ત્ર કહેવાય. આ રીતે પ્રાજ્ઞ પુરૂષો 'શાસ્ત્ર' શબ્દની

१. इयं कारिका **ज्ञानसारप्रकरणे** (२४/३) वर्तते ।

जलं वस्त्रस्य शोधनम् । अन्तःकरणरत्नस्य तथा शास्त्रं विदुर्बुधाः ।।२२९।। <— इति । **तत्तु** निरुक्तं शास्त्रं **वीतरागस्य वचनम्** । तदुक्तं **प्रशमरतौ** एव —> शासनसामर्थ्येन तु सन्त्राणबलेन चानवद्येन । युक्तं यत् तच्छास्त्रं तच्चैतत् सर्वविद्वचनम् ।।१८८।। <— इति । **षोडशकेऽपि** —> मौनीन्द्रं चैतदिह परमम् <— (२/१३) इत्युक्तम् । मुनीन्द्रोक्तत्वेनाऽबाधितप्रामाण्यं चैतत् वचनं इह अन्यप्रमाणानुपजीविप्रामाण्यमित्यर्थः । **कस्यचित् अन्यस्य** रागिणो वचनं **न** = नैव, रागादेरनृतकारणत्वात् । अन्येषां छद्मस्थमहर्षीणां वचनं शास्त्रस्वरूपं सदपि नान्यप्रमाणानुपजीविप्रामाण्यमिति न प्रकृते विरोध इति ध्येयम् ।।१/१२।।

ननु वीतरागवचनमेव कुतोऽन्यानुपजीविप्रामाण्यालङ्कृतम् ? इत्याह - **'वीतराग'** इति ।

**वीतरागोऽनृतं नैव ब्रूयात्तद्धेत्वभावतः ।**
**यस्तद्वाक्येष्वनाश्वासस्तन्महामोहविजृम्भितम् ।।१३।।**

**वीतरागः** = क्षीणरागः **अनृतं** वचनं **नैव ब्रूयात्, तद्धेत्वभावतः** = असत्यभाषणकारणानां राग-द्वेष-मोहानां अत्यन्तं विनाशात् । यथोक्तं **उमास्वातिवाचकैः** —> रागाद्वा द्वेषाद्वा मोहाद्वा वाक्यमुच्यते

---

વ્યુત્પત્તિ કરે છે. <— **યોગબિંદુ** ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> જેમ અત્યંત મલિન વસ્ત્રને પાણી શુદ્ધ કરે છે તેમ ચિત્તરત્નને શાસ્ત્ર શુદ્ધ કરે છે. તેમ વિદ્વાનો જાણે છે. <— પોતાના વ્યુત્પત્તિઅર્થવાળું શાસ્ત્ર તો વીતરાગનું વચન જ હોય છે. **પ્રશમરતિ** ગ્રંથમાં જ જણાવ્યું છે કે —> નિર્દોષ એવા હિતોપદેશના સામર્થ્ય અને રક્ષણના બળથી જે યુક્ત હોય તે શાસ્ત્ર છે અને તે સર્વજ્ઞનું વચન છે. <— **ષોડશક** ગ્રંથમાં પણ કહેલું છે કે —> સર્વજ્ઞનું વચન જ અહીં પ્રધાન છે. સર્વજ્ઞ દ્વારા કથિત હોવાને કારણે તેનું પ્રામાણ્ય અબાધિત છે. તેમ જ સર્વજ્ઞનું વચન સ્વતંત્ર રૂપે પ્રમાણ છે. પોતાના પ્રામાણ્યની પ્રતિષ્ઠા માટે તેને અન્ય કોઈ પ્રમાણનો આશરો લેવો પડતો નથી. <— અન્ય કોઈ રાગી પુરુષનું વચન શાસ્ત્ર નથી. કારણ કે રાગ વગેરે મૃષાવાદના કારણ છે. અન્ય છદ્મસ્થ મહર્ષિઓના વચન શાસ્ત્ર સ્વરૂપ હોવા છતાં પણ તે પોતાના પ્રામાણ્યના યોગક્ષેમ માટે અન્ય પ્રમાણની અપેક્ષા રાખે છે, નહિ કે તે સ્વતંત્ર રૂપે પ્રમાણ-શાસ્ત્ર બને છે. જ્યારે સર્વજ્ઞનું વચન તો સ્વતંત્રરૂપે પ્રમાણ-શાસ્ત્ર છે. કહેવાનો ભાવ એ છે કે ગણધરોએ રચેલ દ્વાદશાંગી પણ તેને પ્રમાણભૂત તરીકે સ્વીકારવાની તીર્થંકરની અનુજ્ઞા હોવાથી પ્રમાણ તરીકે સ્વીકારાય છે. તેથી પ્રામાણિક એવા જિનવચનને સાપેક્ષ એવું પ્રામાણ્ય ધરાવવાના લીધે દ્વાદશાંગી પણ પરમ = સ્વતંત્રરૂપે પ્રમાણ નથી. જ્યારે જિનવચનને પોતાનું પ્રામાણ્ય સાબિત કરવા કોઈના વચનની મહોર લગાવવાની આવશ્યકતા નથી. તેથી ત્રૈકાલિક સર્વ અતીન્દ્રિય વસ્તુને પણ સાક્ષાત્ જોનારા શ્રીવીતરાગ ભગવંતનું વચન જ પરમ પ્રમાણ કહી શકાય. માટે પૂર્વોક્ત વાતનો વિરોધ નહિ આવે, આ વાત ધ્યાનમાં રાખવી. **(૧/૧૨)**

'વીતરાગનું વચન જ શા માટે સ્વતંત્ર રીતે પ્રમાણ છે ?' આવી શંકાનું નિવારણ કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —>

**શ્લોકાર્થ** :- વીતરાગ ક્યારેય પણ અસત્ય બોલે જ નહિ. કારણ કે તેમનામાં અસત્યના કારણોનો સર્વથા અભાવ છે. તેથી તેમના વચનો ઉપર જે અવિશ્વાસ થવો તે મહામોહનો વિલાસ છે. **(૧/૧૩)**

## ❀ વીતરાગ એકાંતે વિશ્વસનીય ❀

**ટીકાર્થ** :- જેમનો રાગ નાશ પામી ગયો છે તે વ્યક્તિ જૂઠું ન જ બોલે, કારણ કે અસત્ય બોલવાના કારણ તરીકે પ્રસિદ્ધ એવા રાગ-દ્વેષ અને મોહનો તેમણે સર્વથા નાશ કરેલ છે. **ઉમાસ્વાતિ** મહારાજાએ

ह्यनृतम् । यस्य तु नैते दोषाः तस्यानृतकारणं किं स्यात् ॥ <— ( ) इति । **भाषारहस्ये**ऽपि —> रागेण व दोसेण व मोहेण व भासई मुसं भासं <— (५३) इत्युक्तम् । यद्यपि अन्यत्र क्रोध-लोभ-भय-हास्यानां मृषावादकारणत्वमुक्तं तथापि तेषां रागादित्रितयेऽन्तर्भावान्न दोषः । यद्वाऽस्तु व्यवहारतोऽतिरिक्तत्वं क्रोधादीनाम्, तथापि द्वेष-मोह-क्रोध-लोभ-भय-हास्यादीनां रागव्याप्यत्वात् रागनिवृत्तौ सत्यां तन्निवृत्तिरप्यनाविला सिध्यति । ततश्च वीतरागो मृषा न भाषत इति सिद्धम् । न हि सामग्रीवैकल्ये कार्यं सम्भवति । तदुक्तं —> वीतरागा हि सर्वज्ञा मिथ्या न ब्रुवते क्वचित् । यस्मात्तस्माद्वचस्तेषां तथ्यं भूतार्थदर्शनम् ॥ ( ) <—इति । अन्यत्रापि —> आगमो ह्याप्तवचनमाप्तं दोषक्षयाद् विदुः । वीतरागोऽनृतं वाक्यं न ब्रूयात् हेत्वसम्भवात् ॥ <— ( ) इत्युक्तम् । अत एव **तद्वाक्येषु** = वीतरागवचनेषु यः **अनाश्वासः** = सन्देह-विपर्ययादिलक्षणोऽविश्वासः **तत् महामोहविजृम्भितम्,** तत्र विरोधाऽसङ्गत्यादिदर्शनस्य श्रोतृगतदोषप्रयुक्तत्वात् । न हि स्थाणोरयमपराधो यदेनमन्धो न पश्यति । स्वदोषवशात् तत्र सन्देहाद्युदयेऽपि तदनाश्वासो नैव कार्यः ।

तदुक्तं **ध्यानशतके** —> कत्थ य मइदुब्बल्लेण तव्विहाऽऽयरियविरहओ वावि । नेयगहणत्तणेण य नाणावरणोदएणं च ॥४७॥ हेऊदाहरणाऽसंभवे अ सइ सुट्ठु जं न बुज्झेज्जा । सव्वन्नुमयमवितहं तहावि तं चिंतए मइमं ॥४८॥ अणुवकयपराणुग्गहपरायणा जं जिणा जगप्पवरा । जियरागदोसमोहा य नन्नहावाइणो

**પણ જણાવેલ છે કે —> રાગ, દ્વેષ કે મોહથી (= અજ્ઞાનથી) જૂઠાં વાક્યો બોલાય છે. જેમાં આ ત્રણ દોષ નથી તેને જૂઠું બોલવાનું પ્રયોજન શું હોય ? અર્થાત્ ન હોય. <— <u>ભાષારહસ્ય</u> ગ્રંથમાં પણ મૃષાવાદના ઉપરોક્ત ત્રણ કારણો જ બતાવ્યા છે. જો કે ક્રોધ, લોભ, ભય અને હાસ્ય - આ ચાર મૃષાવાદના કારણો છે એવું અન્યત્ર જણાવેલ છે, છતાં તેઓનો રાગાદિ ત્રણમાં સમાવેશ થવાથી કોઈ ક્ષતિ નથી. અથવા વ્યવહારથી ભલે ક્રોધ વગેરે સ્વતંત્ર હોય, છતાં પણ દ્વેષ, મોહ, ક્રોધ, લોભ, ભય, હાસ્ય વગેરે રાગના વ્યાપ્ય (= અવિનાભાવી) છે. અર્થાત્ રાગને વ્યાપીને રહેનારા છે. તેથી રાગ રવાના થાય તો દ્વેષ, મોહ, ક્રોધ વગેરે રવાના થઈ જ જાય. માટે વીતરાગ જૂઠું ન બોલે તે સિદ્ધ થાય છે. સામગ્રી (રાગાદિ) વિના કાર્ય (અસત્યભાષણ) ની નિષ્પત્તિ ન થાય. અન્યત્ર પણ જણાવેલું છે કે —> વીતરાગ સર્વજ્ઞ ભગવંતો ક્યારેય પણ અસત્ય બોલતા નથી. માટે તેઓનું વચન તથ્ય- વાસ્તવિક અર્થનું પ્રકાશન કરનારૂં હોય છે. <— તથા —> ક્ષીણદોષવાળા આપ્ત પુરૂષનું વચન એ જ આગમ છે. અને વીતરાગ એવા આપ્ત પુરૂષ જૂઠું ન જ બોલે, કારણ કે અસત્ય ભાષણનું કોઈ કારણ તેમની પાસે નથી. <— આમ પણ અન્યત્ર જણાવેલ છે. માટે વીતરાગના વચનોમાં શંકા-વિપર્યાસ વગેરે સ્વરૂપ અવિશ્વાસ રાખવો તે મહામૂઢતાનો પ્રસાર છે. વીતરાગના વચનોમાં વિરોધ, અસંગતિ વગેરે દેખાવાનું કારણ શ્રોતાના દોષો છે. ખરેખર આંધળો માણસ ઠૂંઠાને ન દેખવાથી તેની સાથે અથડાઈ જાય તેમાં ઠૂંઠાનો વાંક નથી. પોતાના દોષના કારણે વીતરાગના વચનમાં સંદેહ વગેરે થાય તો પણ તેમાં અવિશ્વાસ ન જ કરવો. <u>ધ્યાનશતક</u> ગ્રંથમાં <u>જિનભદ્રગણિ</u> ક્ષમાશ્રમણે જણાવેલ છે કે —> ક્યાંક પોતાની બુદ્ધિની મંદતાને કારણે, ક્યાંક બહુશ્રુત આચાર્યના અભાવના કારણે, તો ક્યાંક શાસ્ત્રીય જ્ઞેય પદાર્થની ગહનતાને કારણે તેમ જ જ્ઞાનાવરણીયના ઉદયથી, હેતુ-ઉદાહરણના અસંભવથી સારી રીતે સર્વજ્ઞના વચનનો બોધ ન થાય તેવું સંભવે, છતાં પણ 'સર્વજ્ઞનો મત સત્ય જ છે' આ પ્રમાણે બુદ્ધિશાળીએ વિચારવું. કારણ કે પોતાના**

तेणं ॥४९॥ <— इति । ततश्च सर्वज्ञाभिप्रायान्वेषणे एव सर्वादरेण यतितव्यम्, तत्सामर्थ्यविरहे च तच्छ्रद्धानपरतया भाव्यम् । तदुक्तं **आचाराङ्गे** —> तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं <— (५/५/१६२) । न त्वेवमेव तत्प्रतिक्षेपो युज्यते । इदमेवाभिप्रेत्य **योगदृष्टिसमुच्चये** —> तदभिप्रायमज्ञात्वा न ततोऽर्वाग्दृशां सताम् । युज्यते तत्प्रतिक्षेपो महानर्थकरः परः ॥१३९॥ <— इत्युक्तम् । ततश्च वीतरागवचनमविसंवाद्येवेत्यवधेयम् ॥१/१३॥

शास्त्रपुरस्कारस्य वीतरागपुरस्काराऽऽक्षेपकत्वमावेदयति - **'शास्त्रे'** इति ।

**शास्त्रे पुरस्कृते तस्माद्वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन्नियमात् सर्वसिद्धयः ॥१४॥**

**तस्मात्** = 'वीतरागवचनमविसंवाद्येवे'ति श्रद्धानात् **शास्त्रे** = वीतरागोक्तवचने **पुरस्कृते** = सर्वत्रानुष्ठानादौ आद्रीयमाणे सति स्मृतिद्वारा तत्त्वतः **वीतरागः पुरस्कृतः** = आदृतः । तदुक्तं **सम्बोधसप्ततिप्रकरणे श्रीरत्नशेखरसूरिभिः** —> आगमं आयरंतेण अत्तणो हियकंखिणा । तित्थनाहो सयंबुद्धो सव्वे ते बहुमन्निया ॥ <— (३५) इति । अत एव शास्त्रभक्तिर्मुक्तिदूती, तदुक्तं **योगबिन्दौ** —> शास्त्रे भक्तिर्जगद्वन्द्यैर्मुक्तेर्दूती परोदिता <— (२३०) । **तस्मिन्** नियमेन अविसंवादिवचनवक्तरि वीतरागे **पुरस्कृते** = आदृते **पुनः नियमात्** = निश्चयेन **सर्वसिद्धयः** सम्पद्यन्ते, क्लिष्टकर्मविगमात् । तदुक्तं **धर्मबिन्दौ** —> हृदि

ઉપર ઉપકાર ન કરનાર જીવો ઉપર પણ અનુગ્રહ કરવામાં તત્પર અને રાગ, દ્વેષ, મોહને જિતનારા એવા લોકોત્તમ તીર્થંકર ભગવંતો ક્યારેય ખોટું ન જ બોલે. <— માટે સર્વજ્ઞના અભિપ્રાયને મેળવવામાં જ સંપૂર્ણ આદરથી પ્રયત્ન કરવો. અને તેવું સામર્થ્ય ન હોય તો સર્વજ્ઞના વચનમાં જ શ્રદ્ધા કરવામાં તત્પર રહેવું. <u>આચારાંગ</u> શાસ્ત્રમાં પણ જણાવેલ છે કે —> તે જ સત્ય અને નિઃશંક છે કે જે જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલ છે. <— પરંતુ જિનવચનનો એમ ને એમ અપલાપ કરવો તે યોગ્ય નથી. આ જ અભિપ્રાયથી <u>યોગદષ્ટિસમુચ્ચય</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> સર્વજ્ઞના અભિપ્રાયને જાણ્યા વિના તેનો અપલાપ કરવો તે છદ્મસ્થ જીવો માટે યોગ્ય નથી. કારણ કે તે ભયંકર મોટા અનર્થને કરનારો છે. <— માટે વીતરાગનું વચન અવિસંવાદી જ છે એવું જ દૃઢ કરવું. <u>**(૧/૧૩)**</u>

## ❀ શાસ્ત્રભક્તિ = મુક્તિદૂતી ❀

'શાસ્ત્રને આગળ કરવા દ્વારા વીતરાગ આગળ કરાય છે' તે વાત જણાવતા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે —>

<u>**શ્લોકાર્થ**</u> :- શાસ્ત્રને આગળ કરવાથી વીતરાગ આગળ કરાય છે. અને વીતરાગ આગળ થાય ત્યારે અવશ્ય સર્વ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. (૧/૧૪)

<u>**ટીકાર્થ**</u> :- 'વીતરાગનું વચન અવિસંવાદી જ હોય છે.' આવી શ્રદ્ધાથી વીતરાગના વચનને = શાસ્ત્રને સર્વ અનુષ્ઠાન વગેરેમાં આદરવામાં આવે તો સ્મૃતિ દ્વારા વાસ્તવમાં વીતરાગ જ આગળ કરાયેલા જાણવા. માટે તો <u>સંબોધ સપ્તતિ</u> પ્રકરણમાં <u>શ્રીરત્નશેખરસૂરિજી</u>એ કહ્યું છે કે —> આત્માના હિતની કામના કરનાર આગમને આદરે તો સ્વયંસંબુદ્ધ સર્વ તીર્થંકરોનું બહુમાન થયેલું જાણવું. <— માટે શાસ્ત્રની ભક્તિ એ મુક્તિની દૂતી છે. <u>યોગબિંદુ</u> ગ્રંથમાં —> શાસ્ત્ર પ્રત્યેની ભક્તિ મુક્તિરૂપી કન્યાની શ્રેષ્ઠ દૂતી છે. આવું તીર્થંકર ભગવાને જણાવેલ છે. <— આ વાત સ્પષ્ટ છે. વળી, નિયમા સંવાદી વચન બોલનાર વીતરાગનો

स्थिते च भगवति क्लिष्टकर्मविगमः, जलानलवदनयोर्विरोधात् <— (६/४८-४९) इति । तदुक्तं **षोडशकेऽपि** —> अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति । हृदयस्थिते च तस्मिन् नियमात्सर्वार्थसंसिद्धिः ॥ <— (२/१४) इति ।

ततश्च यथा जिनवचनं हृदयस्थं स्यात् तथा प्रयतितव्यम्, न तु केवलं तत् लेखन-मुद्रणादिना पुस्तकादिरूपेण ग्रन्थस्थं, श्रवणद्वारा श्रोत्रस्थं, पठन-पाठन-पुनरावर्तनादिना कण्ठस्थं वा स्यादित्येतावतैव कृतकृत्यत्वमात्मनोऽवगन्तव्यमिति ध्येयम् । इत्थमेव चारित्रपरिणामस्थैर्योपपत्तेः । तदुक्तं **ऐन्द्रस्तुतिचतुर्विंशतिकावृत्तौ** —> त्यक्तसंसाराणामपि परिणामानपकर्षस्य हृदयस्थितभगवन्माहात्म्याधीनत्वात् <— (८/१) । अन्येषामपि सम्मतं भावगर्भस्य भगवत्स्मरणस्य अचिन्त्यशक्तिमत्त्वेन विशिष्टफलदायित्वम् । तदुक्तं 'अष्टषष्टिषु तीर्थेषु यात्रायां यत्फलं भवेत् । श्रीआदिनाथदेवस्य स्मरणेनापि तद्भवेत्' ॥( ) इति । **धर्मबिन्दौ** अपि —> महागुणत्वात् वचनोपयोगस्य, तत्र ह्यचिन्त्यचिन्तामणिकल्पस्य भगवतो बहुमानगर्भं स्मरणमिति । भगवतैवमुक्तमिति आराधनायोगादिति । एवञ्च प्रायो भगवत एव चेतसि समवस्थानमिति <— (ध.बिं.६/

આદર થાય ત્યારે નિયમા સર્વ સિદ્ધિઓ સંપન્ન થાય છે. કારણ કે તેનાથી ક્લિષ્ટ કર્મ દૂર થાય છે. <u>ધર્મબિંદુ</u> ગ્રંથમાં <u>શ્રીહરિભદ્રસૂરિ</u>જીએ જણાવેલ છે કે —> હૃદયમાં પરમાત્મા બિરાજમાન થાય ત્યારે ક્લિષ્ટ કર્મનો નાશ થાય છે. કારણ કે જેમ પાણી અને અગ્નિ વચ્ચે વિરોધ છે, તેમ ભગવાનની ઉપસ્થિતિ અને ક્લિષ્ટ કર્મની હાજરી એ બન્ને વચ્ચે વિરોધ છે. <— તેમ જ <u>ષોડશક</u> ગ્રંથમાં પણ કહ્યું છે કે —> ભગવાનનું વચન હૃદયમાં સ્થિર થયું હોય તો જ મુનિઓમાં ઈન્દ્રસમાન પરમાત્મા પરમાર્થથી હૃદયમાં સ્થિર થાય છે અને પરમાત્મા જ્યારે હૃદયમાં પધારે છે ત્યારે અવશ્ય સર્વ પ્રયોજનો સમ્યક્ રીતે સિદ્ધ થાય છે. <—

## ❀ જિનવચન હૃદયસ્થ કરો ❀

**ततश्च०** । ઉપરોક્ત વિચારોથી ફલિત થાય છે કે જે પ્રકારે જિનવચન હૃદયસ્થ થાય તે રીતે પ્રયત્ન કરવો. જિનવચન લેખન, મુદ્રણ વગેરે દ્વારા પુસ્તક કે પ્રતાકાર રૂપે કેવળ ગ્રંથસ્થ બને અથવા સાંભળવા દ્વારા માત્ર કર્ણસ્થ બને કે પઠન-પાઠન, પુનરાવર્તન દ્વારા જિનવચન ફક્ત કંઠસ્થ બની જાય તેટલા માત્રથી જ પોતાની જાતને કૃતકૃત્ય માની લેવાની ભૂલ ન કરવી. આ વાત ખાસ ધ્યાનમાં રાખવી. આદરપૂર્વક ભગવાન હૃદયસ્થ બને તો જ ચારિત્રના પરિણામની સ્થિરતા સંભવી શકે. દેશોન (= ૮ વર્ષ ઓછા) ક્રોડ પૂર્વ (૧ પૂર્વ = ૭૦૫૬૦ અબજ વર્ષ) વર્ષ સુધી મહામુનિઓ છઠ્ઠેથી સાતમે અને સાતમેથી છઠ્ઠે ગુણસ્થાનકે આવ-જાવ કરે છે અર્થાત્ સંયમના અધ્યવસાયસ્થાનોને આટલા દીર્ઘ કાળ સુધી ટકાવી રાખે છે, અને નીચે નથી ઉતરી પડતા. આ વાસ્તવિક આશ્ચર્યકારક સુખદ ઘટના મહામુનિઓના હૃદયમાં પ્રતિષ્ઠિત થયેલ પરમાત્માના પ્રભાવને આધીન છે, આભારી છે. આ વાત <u>ઐન્દ્રસ્તુતિચતુર્વિંશિકાની</u> ટીકામાં ઉપાધ્યાય યશોવિજય મહારાજાએ જણાવેલ છે. અન્ય દર્શનકારોને પણ એટલું તો જરૂર સંમત છે કે ભાવગર્ભિત રીતે પરમાત્માનું સ્મરણ અચિંત્ય શક્તિથી સંપન્ન હોવાના કારણે વિશિષ્ટ ફળદાયી છે. માટે તો અન્ય દર્શનકારોએ કહેલું છે કે —> અડસઠ તીર્થોમાં યાત્રા કરવાથી જે ફળ પ્રાપ્ત થાય તે ફળ શ્રીઆદિનાથ ભગવાનના સ્મરણથી પણ થાય છે. <—

<u>ધર્મબિંદુ</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> જિનવચનનો ઉપયોગ મહાગુણકારી છે. કારણ કે વચનના ઉપયોગમાં અચિંત્ય-ચિંતામણિ સમાન ભગવાનનું બહુમાનગર્ભિત સ્મરણ રહેલું છે. 'મારા ભગવાને આમ કહ્યું છે. માટે હું આ કરું' આ રીતે સ્મરણ કરવા પૂર્વક સર્વ અનુષ્ઠાનોને કરવાથી આરાધનાયોગ પ્રાપ્ત થાય

४०-४३) ॥१/१४॥

वीतरागपुरस्कारमेवाऽनेकरूपैः वर्णयति - **'एनमि'**ति ।

**एनं केचित् समापत्तिं, वदन्त्यन्ये ध्रुवं पदम् ।**
**प्रशान्तवाहितामन्ये, विसभागक्षयं परे ॥१५॥**

**एनं** = बहुमानगर्भ-शास्त्रपुरस्काराऽविनाभावि-वीतरागपुरस्कारं **केचित्** = **पातञ्जल**योगदर्शनानुयायिनः **समापत्तिं** = समतापत्तिं = तुल्यतापत्तिं **वदन्ति,** भगवत्स्वरूपोपयुक्तस्य तदुपयोगानन्यवृत्तेः परमार्थतः तद्रूपत्वात् । **अत एव** भगवत्स्वरूपोपयुक्तस्य तदानीमागमतो भावनिक्षेपेन भगवत्ता **अनुयोगद्वारसूत्रा**द्यनुसारेण तत्र सम्पद्यते । तदुक्तं **पतञ्जलिना योगसूत्रे** —> क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृ-ग्रहण-ग्राह्येषु तत्स्थ-तदञ्जनता = समापत्तिः <— (१/४१) **योगसूत्रभाष्यकारस्तु** —> अभिजातमणिकल्पस्य चेतसो ग्रहीतृ-ग्रहण-ग्राह्येषु = पुरुषेन्द्रिय-भूतेषु या तत्स्थ-तदञ्जनता = तेषु स्थितस्य तदाकारतापत्तिः समापत्तिरित्युच्यते <— इत्याचष्टे । **राजमार्तण्डकारस्तु** —> समापत्तिः = तद्रूपः परिणामो भवतीत्यर्थः <— (यो.सू.१/४१ वृत्ति. पृ.४७) इत्याह । —> समापत्तिरिति च साक्षात्कारपरिभाषा <— (१/४१ पृ.४७)

---

છે. આ રીતે મનમાં પ્રાયઃ ભગવાન જ સદા કાળ પ્રતિષ્ઠિત થાય છે <— આનાથી ફલિત થાય છે કે સર્વત્ર બહુમાનગર્ભિત જિનવચનની સ્મૃતિ મનને પ્રભુમય બનાવે છે. (૧/૧૪)

વીતરાગને આગળ કરવાની વાતને અનેક રૂપે ગ્રંથકારશ્રી વર્ણવે છે.

**શ્લોકાર્થ** :- આ અર્થને કેટલાક સમાપત્તિ કહે છે. અન્ય કેટલાક ધ્રુવ પદ કહે છે. અમુક લોકો પ્રશાંતવાહિતા કહે છે અને અમુક ઈતર લોકો વિસભાગક્ષય કહે છે. (૧/૧૫)

## ❀ સમાપત્તિનું સંવેદન ❀

**ટીકાર્થ** :- બહુમાનગર્ભિત શાસ્ત્રને આગળ કરવાની ક્રિયાને વ્યાપીને રહેલ પરમાત્માના પુરસ્કારને પાતંજલ યોગદર્શનના અનુયાયીઓ સમાપત્તિ કહે છે. સમાપત્તિ = સમાન સ્વરૂપની પ્રાપ્તિ. અર્થાત્ તુલ્યતાની પ્રાપ્તિ. (૧) સમાપત્તિ, (૨) સમરસાપત્તિ. (૩) સમતાપત્તિ, (૪) તુલ્યતાપત્તિ (૫) સમરસીભાવ - આ બધા પર્યાયવાચી શબ્દો છે. ભગવાનના સ્વરૂપમાં ઉપયોગયુક્ત જીવ ભગવાનના સ્વરૂપ સિવાય અન્યત્ર ક્યાંય જ્ઞાનસ્વરૂપે ન રહેવાથી વાસ્તવમાં ભગવાન સ્વરૂપ જ બની જાય છે. તેથી જ અનુયોગદ્વાર સૂત્રમાં બતાવેલ નિક્ષેપ વ્યવસ્થા અનુસારે તે જીવ આગમથી ભાવ અરિહંત બને છે. પતંજલિ મહર્ષિએ યોગસૂત્રમાં જણાવેલ છે કે —> જેનો મલ ક્ષીણ થઈ ગયો છે તેવા શ્રેષ્ઠ સ્ફટિક મણિની જેમ ગ્રાહ્ય-ગ્રહણ અને ગ્રાહકમાં તત્સ્થ તદંજનતા = સમાપત્તિ. <--આ સૂત્રનો અર્થ સ્પષ્ટ કરતા વ્યાસ મહર્ષિએ યોગસૂત્રભાષ્યમાં જણાવેલ છે કે —> પૃથ્વી વગેરે પંચભૂતસ્વરૂપ ગ્રાહ્ય પદાર્થ, પાંચ ઈન્દ્રિય સ્વરૂપ ગ્રહણ પદાર્થ અને પુરૂષ = આત્મા સ્વરૂપ ગ્રાહક પદાર્થને વિશે રહેલ, નિર્મળ શ્રેષ્ઠ મણિ સમાન મનને તેવા આકારની પ્રાપ્તિ થવી = સમાપત્તિ <— આશય એ છે કે જેમ નિર્મળ સ્ફટિકની બાજુમાં લાલ ગુલાબ હોય તો સ્ફટિક લાલ બને છે તેમ પરમાત્મામાં મનને એકાગ્રતાપૂર્વક સ્થિર કરવાથી પુરુષ પરમાત્મમય બને છે, તેને પ્રસ્તુતમાં સમાપત્તિ કહેવી અભિમત છે. યોગસૂત્રની રાજમાર્તંડ ટીકાના રચયિતા ભોજ રાજર્ષિ એમ જણાવે છે કે —> સમાપત્તિ = તત્સ્વરૂપ પરિણામ. <— ભાવાગણેશવૃત્તિકાર અને નાગોજી ભટ્ટના મતે —> સમાપત્તિ એ સાક્ષાત્કારની પરિભાષા છે.

इति **भावागणेशवृत्ति**कारः । **नागोजीभट्ट**स्याऽप्ययमेव पन्थाः । न च परोक्तत्वादियं समापत्तिर्नोपादेयेति शङ्कनीयम्, परोक्तत्वमात्रात् सद्वचनप्रतिक्षेपस्य ध्यान्ध्यसूचकत्वात् । सम्मता चेयमस्माकमपि, तत एवाभेदोपासनोपपत्तेः । तदुक्तं **अध्यात्मसारे** —> समापत्तिरिह व्यक्तमात्मनः परमात्मनि । अभेदोपासनारूपस्ततः श्रेष्ठतरो ह्ययम् ॥ <—(१५/५९) इति । **ज्ञानसारे**ऽपि —> ध्यातान्तरात्मा ध्येयस्तु परमात्मा प्रकीर्त्तितः । ध्यानञ्चैकाग्र्यसंवित्तिः समापत्तिस्तदेकता ॥ <—(३०/२) इत्युक्तम् । **योगदृष्टिसमुच्चयवृत्तौ** —> समापत्तिः = ध्यानतः स्पर्शना <—(६४) इत्युक्तम् । ततश्च सर्वत्र पुरस्क्रियमाणाऽगमसम्बन्धोद्बोधितसंस्कारजनितभगवद्हृदयस्थता प्रकृते समापत्तिर्ज्ञेया । सा च 'मयि तद्रूपं', 'स एवाहमि'त्यादिध्यानोल्लिख्यमानवैज्ञानिकसम्बन्धविशेषप्रेरिता । इयञ्च योगिमातेति गीयते । तदुक्तं **षोडशके** —> चिन्तामणिः परोऽसौ, तेनेयं भवति समरसापत्तिः । सैवेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता ॥ (२/१५) <— इति । असौ = भगवान् । यथा चैतत्तत्त्वं तथा विभावितमेवास्माभिः [१]**कल्याणकन्दल्या**मित्यधिकं ततोऽवसेयम् ।

**<— 'પરદર્શનકારોએ બતાવેલ હોવાથી આ સમાપત્તિ સ્વીકાર્ય નથી'- એવી શંકા ન કરવી. કેમ કે પરદર્શનકારોએ કહેલું હોવા માત્રથી તેઓના સારા વચનનો અપલાપ કરવો તે બુદ્ધિની અંધતાનું સૂચક છે. સમાપત્તિ પદાર્થ આપણને - જૈનોને પણ માન્ય છે. કારણ કે સમાપત્તિથી જ પરમાત્માની અભેદ ઉપાસના સંભવી શકે છે. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ જણાવેલ છે કે —> પરમાત્મામાં સ્પષ્ટ રીતે આત્માના અભેદની ઉપાસના સ્વરૂપ સમાપત્તિ છે. તેથી આ સમાપત્તિ અત્યંત શ્રેષ્ઠ યોગ છે.<— <u>જ્ઞાનસાર</u> પ્રકરણમાં પણ જણાવેલ છે કે —> ધ્યાતા = અન્તરાત્મા, ધ્યેય = પરમાત્મા અને ધ્યાન = એકાગ્રતાનું સંવેદન. આ ત્રણેય એકરૂપ બને તે સમાપત્તિ જાણવી. <— <u>યોગદૃષ્ટિસમુચ્ચય</u>ની સ્વોપજ્ઞ ટીકામાં શ્રીહરિભદ્રસૂરિજીએ જણાવેલ છે કે —> સમાપત્તિ = ધ્યાનથી સ્પર્શના. <— તેનો આશય એ છે કે ધ્યાનના માધ્યમથી પરમાત્માના સ્વરૂપનું સંવેદન કરવું = સમાપત્તિ. માટે પ્રસ્તુતમાં ૧૪ મા શ્લોકનું અનુસંધાન કરીને એમ કહી શકાય કે સર્વત્ર (= મન, વચન, કાયાની સર્વ પ્રવૃત્તિમાં) આદરપૂર્વક આગળ કરાતા આગમ વચનના સંબંધથી પ્રબુદ્ધ સંસ્કારથી નિષ્પન્ન થયેલી ભગવાનની હૃદયસ્થતા (= મનોગતતા) = સમાપત્તિ. તે સમાપત્તિ 'મારામાં ભગવાનનું સ્વરૂપ છે', 'હું પરમાત્મસ્વરૂપ છું,' ઈત્યાદિ ધ્યાનથી જણાતા ભગવાનનો પોતાનામાં જે વૈજ્ઞાનિક સંબંધવિશેષ હોય છે તેના વડે સાકાર બનતી હોય છે. અર્થાત્ 'ભગવાન મારામાં રહ્યા છે' અને 'હું ભગવાન સ્વરૂપ છું' તેવું જણાવાપણું. આવું ભાન એકાદવાર નહિ પણ અનેક વાર, સતત આદરપૂર્વક થાય ત્યારે તે પ્રસ્તુત વૈજ્ઞાનિકસંબંધવિશેષ સ્વરૂપ બને છે. દાર્શનિક પરિભાષા મુજબ એમ કહી શકાય કે - વૈજ્ઞાનિક સંબન્ધ એટલે એકજ્ઞાનીયવિષયતાસ્વરૂપ વિજ્ઞાનકૃત સમ્બન્ધ. જ્યારે પોતાના ધ્યાનમાં ધ્યાતા અને ધ્યેય બન્ને અભેદરૂપે ભાસે ત્યારે એ અભેદભાવ (બાહ્યમાં મહાવીર સ્વામી આદિ ધ્યેય સાથે ધ્યાતાને વાસ્તવિક તાદાત્મ્ય = અભેદ ન હોવા છતાં) વિજ્ઞાનપ્રેરિત હોય છે. તેથી તેને ધ્યાતા-ધ્યેય વચ્ચેના વૈજ્ઞાનિક સમ્બન્ધરૂપે ઓળખાવાય છે. જેને ભગવત્ સમાપત્તિ તરીકે અહીં બતાવેલ છે. આ સમાપત્તિ યોગીમાતા તરીકે ઓળખાય છે. માટે તો <u>ષોડશક</u> ગ્રંથમાં શ્રીહરિભદ્રસૂરિજીએ જણાવેલ છે કે —> ભગવાન શ્રેષ્ઠ ચિંતામણિ રત્ન છે. તેનાથી જ આ સમરસાપત્તિ થાય છે. તે સમરસાપત્તિ જ યોગીમાતા કહેવાયેલ છે કે જે મોક્ષફલદાયી છે. <— જે રીતે આ તત્ત્વ ષોડશકકારને અભિમત છે, તે રીતે તે ગ્રંથની [૧]<u>કલ્યાણકંદલી</u> નામની ટીકામાં તેનું સ્પષ્ટીકરણ અમે કરેલું જ છે. તેથી જિજ્ઞાસુએ અધિક ત્યાંથી જાણી લેવું.**

१. दृश्यतां-दिव्यदर्शनट्रस्टप्रकाशिते कल्याणकन्दली-रतिदायिनीव्याख्यालङ्कृते षोडशकप्रकरणे पृ.४५

**एनं** बहुमानगर्भवचनोपयोगाविनाभाविवीतरागपुरस्कारं **अन्ये** = महाव्रतिका **ध्रुवं पदं** = आशयस्थानं **वदन्ति,** क्लेशकर्मादिविमुक्तपरमात्मगोचरस्य चित्तस्य लब्धात्मलाभस्य निरवधिस्थितिरूपत्वात् । स्पष्टमेव स्वस्य वीतरागभावस्य सत्तातोऽनाद्यनन्ततयाऽभिव्यक्तिदशायाञ्च साद्यनन्ततया ध्वंसाप्रतियोगित्वम् । ततश्च दीर्घकाल-नैरन्तर्य-सत्काराऽऽसेवितभगवद्हृदयस्थताया अविचलितसमवस्थानेन अविनाश्याशयस्थानत्वमपि निराबाधम् । ध्रुवं परमात्मानमालम्बनीकृत्य यत् प्राप्तव्यं ध्रुवपदं तत्साधिका योपर्युक्तयोगप्रक्रिया तत् ध्रुवपदमिति भावः ।

**अन्ये** = **साङ्ख्याः एनं** बहुमानोपेतजिनवचनसंस्मरणाऽऽक्षिप्तवीतरागोपयोगं **प्रशान्तवाहितां** = विशुद्धचित्तसंस्कारात्मिकां **वदन्ति** ।

'सेयं भवजलधिनौः प्रशान्तवाहिता' (ललितविस्तरा-पृ.११६) इति साङ्ख्यैः गीयते ।

युक्तञ्चैतत्, चेतसि भगवदवस्थानस्य श्रद्धा-वीर्य-स्मृति-समाधि-प्रज्ञावृद्धिद्वारा विशुद्धसंस्काराक्षेपकत्वात् । इत्थञ्च —> प्रशान्तः = रागादिक्षय-क्षयोपशमोपशमवान् वहति = वर्तते, तच्छीलश्च यः स तथा तद्भावस्तत्ता <— (पृ.११७) इति **ललितविस्तरापञ्जिका**कारवचनमपि सङ्गच्छते । **सुगमार्थकल्पनावृत्तिकारयोगदीपिकाकारयोर्मते** —> प्रशान्तवाहिता चित्तसंस्काररूपा <— (षोडशक-१०/१) इति विज्ञेयम् । **सद्-**

## ❧ ધ્રુવ પદને પામીએ ❧

બહુમાનગર્ભિત જિનવચનના ઉપયોગને વ્યાપીને રહેલ વીતરાગ ભગવંતના પુરસ્કારને <u>**મહાવ્રતિક**</u> લોકો ધ્રુવપદ = અવિનાશી આશયસ્થાન કહે છે. કારણ કે ક્લેશ, કર્મ વગેરેથી વિમુક્ત એવા પરમાત્માને પોતાનો વિષય બનાવનાર અભિવ્યક્ત ચિત્ત ખરેખર સ્થાયી સ્થાન = હોદ્દા સ્વરૂપ છે. સ્પષ્ટ જ છે કે પોતાનો વીતરાગભાવ સત્તાની = અસ્તિત્વની અપેક્ષાએ અનાદિ અનંત છે. અને એક વાર પ્રગટ થયા પછી ક્યારેય નાશ ન થવાને લીધે અભિવ્યક્તિની અપેક્ષાએ સાદિ અનંત છે. તેથી તે ધ્વંસસંબંધી = વિનશ્વર નથી. દીર્ઘ કાલ સુધી નિરંતર આદરપૂર્વક સેવાયેલ ભગવાનની હૃદયસ્થતા એ અવિનાશી આશયસ્થાન સ્વરૂપ જ છે. કારણ કે અવિચલિત રીતે તે ચિત્તમાં રહે છે. ધ્રુવ એવા પરમાત્માનું આલંબન લઈને જે ધ્રુવ પદ મેળવવાનું છે તેની સાધક એવી જ ઉપર જણાવેલી યોગપ્રક્રિયા તે ધ્રુવપદ છે- એવો અહીં આશય છે.

## ❖ પ્રશાંતવાહિતાને પારખીએ ❖

अन्ये० । બહુમાનયુક્ત જિનવચનના સમ્યગ્સ્મરણથી ખેંચાઈને આવેલ વીતરાગ પરમાત્માના ઉપયોગને સાંખ્ય દર્શનના અનુયાયીઓ વિશુદ્ધ ચિત્તસંસ્કાર સ્વરૂપ પ્રશાંતવાહિતા કહે છે. <u>**લલિતવિસ્તરા**</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> 'આ પ્રશાંતવાહિતા તો સંસાર સ્વરૂપ સાગરને તરવાની નૌકા છે.' એવું સાંખ્ય વિદ્વાનો કહે છે. <— આ વાત વ્યાજબી છે. કારણ કે ચિત્તની અંદર ભગવાનની હાજરી એ શ્રદ્ધા, શક્તિ, સ્મૃતિ, સમાધિ, પ્રજ્ઞાની વૃદ્ધિ કરવા દ્વારા વિશુદ્ધ સંસ્કાર ખેંચી લાવે છે. તેથી —> રાગ વગેરેના ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમવાળો સાધક પ્રશાંત કહેવાય છે. તે રીતે જ વર્તવાનો જેનો સ્વભાવ છે તે પ્રશાંતવાહી કહેવાય. તેવી દશા = પ્રશાંતવાહિતા. <— આવું <u>**લલિતવિસ્તરા**</u> ગ્રંથની પંજિકાના કર્તા <u>**શ્રીમુનિચંદ્રસૂરિજી**</u> મહારાજનું વચન પણ સંગત થાય છે. ષોડશક ગ્રંથની <u>**સુગમાર્થકલ્પના**</u> નામની ટીકાના કર્તા શ્રીયશોભદ્રસૂરિ મહારાજા અને તે જ ગ્રંથની <u>**યોગદીપિકા**</u> ટીકાના કર્તા પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ —> પ્રશાંતવાહિતા = ચિત્ત સંસ્કાર <— આવું જણાવેલ છે. તેનો મતલબ એ છે કે મનના વિશુદ્ધ સંસ્કાર = પ્રશાંતવાહિતા. <u>**સદ્દૃષ્ટિબત્રીશી**</u>ની ટીકામાં પ્રસ્તુત

**दृष्टिद्वात्रिंशिकावृत्तौ** तु एतद्ग्रन्थकृता —> प्रशान्तवाहिता = परिहृतविक्षेपतया सदृशप्रवाहपरिणामिता <— (द्वा.द्वा.२४/२३ वृ.) इत्युक्तम् ।

**वाचस्पतिमिश्रस्तु तत्त्ववैशारद्यां** —> व्युत्थानसंस्कारमलरहितनिरोधसंस्कारपरम्परामात्रवाहिता = प्रशान्तवाहिता <— (यो.सू.३/१० त.वै.पृ.२८८) इत्याचष्टे । निरोधावस्थचित्तस्य —> प्रशान्तवाहिता = निश्चलनिरोधधारया वहनं <—(यो.वा.पृ.२८८) इति **योगवार्तिककारो विज्ञानभिक्षुः । राजमार्तण्डकार-मते** —> परिहृतविक्षेपतया सदृशपरिणामप्रवाहः = प्रशान्तवाहिता <—(रा.मा.पृ. १२३) । **भावागणेशवृत्तौ** तु —> प्रशान्तवाहिता = निश्चलप्रवाहः <— इति प्रोक्तम् । **नागोजीभट्टवृत्तौ** च —> प्रशान्तवाहिता = व्युत्थानसंस्काररहितचिरकालवाहिता <— इत्युक्तम् । —> 'श्रुत्वा स्पृष्ट्वा च दृष्ट्वा च भुक्त्वा घ्रात्वा शुभाशुभम् । न हृष्यति ग्लायति च यः स शान्त इति कथ्यते' ॥ (४/३२) इति **महोपनिषद्**वचनात् हर्षशोकादितरङ्गरहिता एकाग्रचित्तवृत्तिधारा = प्रशान्तवाहिता <—इत्यपि वदन्ति । चित्तवृत्तिनिरोधजन्यसंस्का-रात्प्रशान्तवाहिता प्रभवतीति **पातञ्जलाः** वदन्ति ।

**परे** = बौद्धाः **एनं** सार्वत्रिक-निरन्तर-परमात्मोपयोगप्रवाहं **विसभागक्षयं** = संवृतिसन्तानपरिक्षयं **वदन्ति** । अयं भावः बौद्धमते संवृतिः त्रिधा । तथाहि (१) लोकसंवृतिः मरीचिकादिषु जलादिभ्रान्ति-रूपा । (२) तत्त्वसंवृतिः सत्यनीलादिप्रतीतिरूपा (३) अभिसमयसंवृतिः योगिप्रतिपत्तिरूपा नामजात्या-

---

ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> વિક્ષેપનો પરિહાર કરીને સમાન આકારના પ્રવાહનું પરિણમન = પ્રશાંતવાહિતા. <— ઉપરોક્ત બધી વ્યાખ્યાઓનું તાત્પર્ય સમાન જ છે. એ ખ્યાલમાં રાખવું.

વાચ૦ । યોગસૂત્રભાષ્યની <u>તત્ત્વવૈશારદી</u> ટીકામાં <u>વાચસ્પતિમિશ્ર</u>એ જણાવેલ છે કે —> વ્યુત્થાન દશાના (બહિર્મુખ અવસ્થાના) સંસ્કારરૂપી મેલથી રહિત અને ચિત્તવૃત્તિનિરોધના સંસ્કારોની પરંપરાને જ કેવળ વહન કરવી = પ્રશાંતવાહિતા. <— યોગસૂત્રભાષ્ય ઉપર <u>યોગવાર્તિકના</u> કર્તા <u>વિજ્ઞાનભિક્ષુ</u>એ જણાવેલ છે કે —> પ્રશાંતવાહિતા = નિશ્ચલ એવી વૃત્તિનિરોધની ધારાથી ચિત્તને વહન કરવું. <—યોગસૂત્રની <u>રાજમાર્તણ્ડ</u> ટીકામાં <u>ભોજદેવ</u> કહે છે કે —> વિક્ષેપનો પરિહાર કરવા પૂર્વક સમાન પરિણામનો પ્રવાહ = પ્રશાંતવાહિતા <—યોગસૂત્રની <u>ભાવાગણેશ</u> ટીકામાં —> પ્રશાંતવાહિતા = નિશ્ચલ પ્રવાહ <— એમ જણાવેલ છે. યોગસૂત્રની <u>નાગોજીભટ્ટ</u> વૃત્તિમાં જણાવેલ છે કે —> વ્યુત્થાન સંસ્કારથી રહિત એવા ચિત્તને લાંબા સમય સુધી વહન કરવું = પ્રશાંતવાહિતા. <— તથા <u>'મહોપનિષદ્</u>ના —> સારી કે ખરાબ વસ્તુને સાંભળીને, સ્પર્શ કરીને, જોઈને, ખાઈને, સુંઘીને જે સાધક આનંદ પામતો નથી કે ગ્લાન થતો નથી તે શાંત કહેવાય. <— આવા વચનને આશ્રયીને હર્ષ, શોક વગેરે તરંગોથી રહિત એકાગ્ર ચિત્તવૃત્તિ ધારા = પ્રશાંતવાહિતા.' આવું પણ અમુક વિદ્વાનો કહે છે. ચિત્તવૃત્તિનિરોધથી ઉત્પન્ન થનાર સંસ્કારથી પ્રશાંતવાહિતા ઉત્પન્ન થાય છે. આવું પાતંજલ યોગદર્શનના અનુયાયીઓ કહે છે.

## ❀ વિસભાગસંતતિક્ષયને અપનાવીએ ❀

परे० । સાર્વત્રિક નિરંતર પરમાત્મવિષયક ઉપયોગના પ્રવાહને બૌદ્ધ વિદ્વાનો વિસભાગક્ષય કહે છે. વિસભાગક્ષયનો મતલબ છે સંવૃતિના સંતાનનો ક્ષય. ક્ષણ પરંપરાના સમૂહને સંતાન કે સંતતિ કહેવાય છે. બૌદ્ધ મતે સંવૃતિ ત્રણ પ્રકારે છે. તે આ મુજબ. (૧) લોકસંવૃતિ. ઝાંઝવાના નીરમાં = મૃગજળમાં પાણીની ભ્રાન્તિ વગેરે

द्युल्लेखानुविद्धा अतीन्द्रियादिगोचरा । एषा त्रिप्रकाराऽपि संवृतिसन्ततिः उपप्लुतसन्ततिरप्युच्यते । संहृतसकल-विकल्पावस्थायां रागादिक्लेशविनिर्मुक्त-विशुद्धविज्ञानक्षणलक्षण-परमात्मगोचरा शब्दाकृति-जात्याद्यननुविद्धा निर्विकल्पाध्यक्षसन्ततिरेव प्रकृते बौद्धानां विसभागक्षयपदेनाऽभिमता, कार्ये कारणोपचारात् । तत्त्वतस्तु विसभागसन्ततिपरिक्षयानन्तरोत्तरक्षणे निरुपप्लवचित्तसन्ततिरुपजायते तथापि विसभागक्षयपदेन मा भूत् कस्यचित् प्रकृते 'अहमि'त्याकारक-सुषुप्तिकालीनालयविज्ञानपूर्वकालीनस्य घट-पटादिज्ञानरूपप्रवृत्तिविज्ञान-लक्षणविसभागचित्तक्षयस्य बोध इति कृत्वा निरुक्तपरमात्मगोचरनिर्विकल्पाध्यक्षसन्ततिः विसभागक्षयपदेनो-पदर्शितेति न काचिदनुपपत्तिः । एतदवस्थायामेव शुद्धस्वभावोपलब्धिः सम्भवति । तदुक्तं **अध्यात्मसारे** —> अनुपप्लवसाम्राज्ये, विसभागपरिक्षये । आत्मा शुद्धस्वभावानां जननाय प्रवर्तते ॥ <— (१८/८२) इति । इदञ्च ऋजुसूत्रनयमतेनोक्तमिति विभावनीयम् ।

**शैवास्तु** एनं शिववर्त्म इति वदन्ति । असङ्गानुष्ठानापेक्षया प्रकृते समापत्त्यादिसंज्ञा विज्ञेया । इदमेवा-भिप्रेत्य **योगदृष्टिसमुच्चये** —> प्रशान्तवाहितासंज्ञं विसभागपरिक्षयः । शिववर्त्म ध्रुवाध्वेति योगिभिर्गीयते

---

અનેક ભ્રમણાઓ લોકસંવૃતિ કહેવાય છે. (૨) તત્ત્વસંવૃતિ. સત્ય એવા નીલ, પીત વગેરે પદાર્થોની પ્રતીતિ એ તત્ત્વસંવૃતિ કહેવાય છે. (૩) અભિસમય સંવૃતિ. અતીન્દ્રિય, વ્યવહિત વગેરે પદાર્થવિષયક નામ, જાતિ વગેરેના ઉલ્લેખથી યુક્ત એવી યોગીપ્રતિપત્તિ એ અભિસમયસંવૃતિ કહેવાય છે. આ ત્રણેય પ્રકારની સંવૃતિની સંતતિ એ ઉપપ્લુત સંતતિ પણ કહેવાય છે. જે અવસ્થામાં સઘળાએ વિકલ્પો વિલીન થઈ ગયા હોય છે તે અવસ્થામાં રાગાદિ ક્લેશથી રહિત વિશુદ્ધ વિજ્ઞાનક્ષણ સ્વરૂપ પરમાત્મવિષયક શબ્દ, આકૃતિ, જાતિ વગેરેથી પણ રહિત નિર્વિકલ્પક પ્રત્યક્ષની સંતતિ એ જ પ્રસ્તુતમાં બૌદ્ધ વિદ્વાનોને 'વિસભાગક્ષય' શબ્દથી અભિમત છે. ઉપરોક્ત પરમાત્મવિષયક નિર્વિકલ્પક પ્રત્યક્ષ રૂપ કાર્યમાં કારણનો ઉપચાર કરીને તેને વિસભાગક્ષય રૂપે અહીં જણાવેલ છે. પરમાત્મગોચર નિર્વિકલ્પક પ્રત્યક્ષ = કાર્ય અને વિસભાગક્ષય = કારણ. વાસ્તવમાં વિસભાગ સંતતિના સંપૂર્ણ ક્ષય પછીની જ ક્ષણે નિરુપપ્લવ ચિત્તસંતતિ ઉત્પન્ન થાય છે. (કે જે પ્રસ્તુત પરમાત્મસાક્ષાત્કાર સ્વરૂપ છે.) છતાં પણ તેને વિસભાગક્ષય કહેવાની પાછળનો આશય એ છે કે બૌદ્ધમતે ઘટ, પટ વગેરેનું જ્ઞાન પ્રવૃત્તિવિજ્ઞાન કહેવાય છે કે જે વિસભાગચિત્તક્ષણ સ્વરૂપ છે. નિદ્રાકાલીન 'હું' એવું જે જ્ઞાન તે આલયવિજ્ઞાન કહેવાય છે. સુષુપ્તિકાલીન આલયવિજ્ઞાનની પૂર્વક્ષણે જે પ્રવૃત્તિવિજ્ઞાન સ્વરૂપ વિસભાગ ચિત્તનો નાશ થાય છે તેનો કોઈને પ્રસ્તુતમાં વિસભાગક્ષય શબ્દથી બોધ ન થઈ જાય તે માટે ઉપરોક્ત પરમાત્મવિષયક નિર્વિકલ્પક સાક્ષાત્કારનું સંતાન પ્રસ્તુતમાં 'વિસભાગક્ષય' પદથી જણાવેલ છે. તેથી કોઈ અનુપપત્તિ રહેતી નથી. આ અવસ્થામાં જ શુદ્ધ સ્વભાવની ઉપલબ્ધિ સંભવે છે. માટે તો અધ્યાત્મસાર ગ્રંથમાં જણાવેલ છે કે -—> વિસભાગસંતાનનો ક્ષય થયા પછી અનુપપ્લવ ચિત્તસંતાનનું સામ્રાજ્ય ફેલાય ત્યારે આત્મા શુદ્ધ સ્વભાવની ઉત્પત્તિ માટે પ્રવૃત્તિ કરે છે. <— આ વાત ઋજુસૂત્ર નયના મતથી જણાવેલ છે તે ખ્યાલમાં રાખવું.

શૈવદર્શનના અનુયાયીઓ પરમાત્માના પુરસ્કારને શિવવર્ત્મ (= મોક્ષમાર્ગ) કહે છે. પ્રસ્તુતમાં સમાપત્તિ વગેરે પાંચેય સંજ્ઞા અસંગ અનુષ્ઠાનની અપેક્ષાએ જાણવી. આ જ અભિપ્રાયથી યોગદષ્ટિસમુચ્ચય ગ્રંથમાં જણાવેલ છે કે —> અસંગ અનુષ્ઠાન પ્રશાંતવાહિતા નામથી યોગીઓ દ્વારા જણાવાય છે. વિસભાગપરિક્ષય, શિવવર્ત્મ, ધ્રુવઅધ્વા (= ધ્રુવપદ) આ પણ તેના જ પર્યાયવાચી શબ્દો છે. <— આનાથી ફલિત થાય છે કે પ્રીતિ, ભક્તિ, અને વચન અનુષ્ઠાનની કક્ષામાં રહીને ધર્મક્રિયામાં વીતરાગને આગળ કરવા તે પ્રસ્તુતમાં

ह्यदः ।।१७६।। <— इत्युक्तम् । 'अदः' = असङ्गानुष्ठानमिति न प्रीति-भक्त्याद्यनुष्ठानकालीनो वीतरागपुरस्कारः प्रकृते समा-पत्ति-प्रशान्तवाहितादिपदेनाभिमत इति ध्येयम् ।।१/१५।।

शास्त्रमेव योगिनां चक्षुरित्याह - '**चर्मे**'ति ।

**चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः ।**
**सर्वतश्चक्षुषः सिद्धा, योगिनः शास्त्रचक्षुषः ।।१६।।**[1]

**चर्मचक्षुर्भृतः** = औदारिकेन्द्रियवर्गणाजन्यनयनवन्तः प्रायः **सर्वे** = नरास्तिर्यञ्चश्च । तेषां हि चक्षुः चक्षुरवग्रहादिसाधारणमतिज्ञानप्रत्यक्षत्वव्याप्यचाक्षुषत्वावच्छिन्नकारणताशालितया महत्त्वोद्भूतरूपादिमद्योग्यदेशा-वस्थितद्रव्यादिगोचरं चाक्षुषमुत्पादयति, न तु सूक्ष्मद्रव्यादिगोचरम् । **देवाः** उपलक्षणात् नारकाश्च **अवधिचक्षुषः** उपलक्षणात् विभङ्गचक्षुषश्च, यथाक्रमं सम्यग्दृष्टयो मिथ्यादृष्टयश्चावगन्तव्याः । 'रूपिष्ववधेः' (१/२८) इति **तत्त्वार्थसूत्र**वचनात् रूपिणां सूक्ष्मद्रव्याणां ग्राहकत्वेऽपि अरूपिद्रव्यादिग्राहकत्वमवधेरपोद्यते । **सर्वतः चक्षुषः** = सर्वद्रव्यगुणपर्यायगोचराव्यवहितस्पष्टसाक्षात्कारलक्षणकेवलज्ञानचक्षुर्धराः **सिद्धाः**, उपलक्षणात् सयोग्ययो-गिकेवलिनश्च विज्ञेयाः ।

**योगिनः** = साधवस्तु **शास्त्रचक्षुषः** = शास्त्रैकचक्षुषः । शास्त्रेणैव सर्वज्ञेय-हेयोपादेयानि वस्तूनि साधवः विजानन्ति पुरःस्थितानीव । तदुक्तं **ज्ञानसारे** —> पुरःस्थितानिवोर्ध्वाऽधस्तिर्यग्लोकविवर्तिनः ।

સમાપત્તિ, પ્રશાંતવાહિતા વગેરે શબ્દથી અભિપ્રેત નથી. (૧/૧૫)

'શાસ્ત્ર એ જ યોગીની આંખ છે' એવું જણાવતા ગ્રંથકારશ્રી કહે છે કે -

**શ્લોકાર્થ** :- બધા (મનુષ્ય-પશુ) ચામડાની આંખવાળા છે. દેવતાઓ અવધિજ્ઞાન રૂપી આંખવાળા છે. સિદ્ધ ભગવંતો સર્વતોમુખી કેવલજ્ઞાન ઉપયોગરૂપી ચક્ષુવાળા છે. જ્યારે યોગીપુરૂષો શાસ્ત્રરૂપી ચક્ષુવાળા છે. (૧/૧૬)

## ❋ ચક્ષુધારીના ચાર પ્રકાર ❋

ઔદારિક ઈન્દ્રિયવર્ગણા જન્ય આંખવાળા પ્રાયઃ બધા મનુષ્યો અને તિર્યંચો હોય છે. આ બધા જીવોની આંખ ઉદ્ભૂતરૂપવાળા અને યોગ્ય દેશમાં રહેલ મોટા દ્રવ્યનું ચાક્ષુષ પ્રત્યક્ષ ઉત્પન્ન કરે છે. કારણ કે આંખના અવગ્રહ, ઈહા વગેરેથી અનુગત મતિજ્ઞાન પ્રત્યક્ષના અવાન્તર ભેદરૂપ ચાક્ષુષ પ્રત્યક્ષનું કારણ આંખ પોતે છે. માટે સૂક્ષ્મ દ્રવ્ય વગેરેનું પ્રત્યક્ષ ચર્મચક્ષુ દ્વારા ન થઈ શકે. દેવો અને નારકો સમકિતી હોય તો અવધિજ્ઞાનવાળા તેમ જ મિથ્યાત્વી હોય તો વિભંગજ્ઞાનવાળા જાણવા. તત્ત્વાર્થસૂત્ર મુજબ અવધિજ્ઞાન રૂપી દ્રવ્યનું ગ્રાહક હોવાથી રૂપી એવા સૂક્ષ્મ દ્રવ્યનું બોધક હોવા છતાં પણ અરૂપી દ્રવ્ય વગેરેનું પ્રત્યક્ષ કરાવવામાં અવધિજ્ઞાન અસમર્થ હોય છે એ સૂચિત થાય છે. સયોગી કેવળી, અયોગી કેવળી અને સિદ્ધ પરમાત્માઓ ત્રૈકાલિક સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાય સંબંધી સાક્ષાત્ સ્પષ્ટ પ્રત્યક્ષજ્ઞાન સ્વરૂપ કેવળજ્ઞાનરૂપી ચક્ષુવાળા હોય છે.

## ❋ શાસ્ત્ર એટલે સાધુની આંખ ❋

યોગિ૰ । સાધુ મહાત્માઓની આંખ તો માત્ર શાસ્ત્ર જ હોય છે. કારણ કે શાસ્ત્ર દ્વારા જ સર્વ જ્ઞેય, હેય અને ઉપાદેય વસ્તુને સાધુ ભગવંતો સામે રહેલા પદાર્થની જેમ સ્પષ્ટ રીતે જાણે છે. માટે તો જ્ઞાનસાર

१. एतदनुसारिणी कारिका ज्ञानसारे एवं वर्तते —> चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः । सर्वतश्चक्षुषः सिद्धाः, साधवः शास्त्रचक्षुषः ।। (२४/१)

सर्वान् भावानवेक्षन्ते ज्ञानिनः शास्त्रचक्षुषा ॥ <— (२४/२) इति । अत एव शास्त्रस्याऽऽलोकतादिकमपि सङ्गच्छते । तदुक्तं **योगबिन्दौ** —> लोके मोहान्धकारेऽस्मिन् शास्त्राऽऽलोकः प्रवर्तकः ॥ पापामयौषधं शास्त्रं, शास्त्रं पुण्यनिबन्धनम् । चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ॥ <— (२२४/२२५) इति ।

वस्तुतस्तु चर्मचक्षुष्मन्तः चक्षुष्मन्त एव न भवन्ति, तत्त्वतो हेयोपादेयाद्यर्थाऽदर्शकत्वात् । तदुक्तं —> चक्षुष्मन्तस्त एवेह ये श्रुतज्ञानचक्षुषा । सम्यक् सदैव पश्यन्ति, भावान् हेयेतरान्नराः ॥ ( ) <—इति । ततश्च चर्मचक्षुःसत्त्वेऽपि न विधि-निषेधसाध्ये कार्ये प्राधान्येन तदुपयोगो योगिनामिति भावनीयम् ॥१/१६॥

ननु शास्त्राणि लोके मिथोविरुद्धानि नानाविधानि बौद्ध-साङ्ख्य-नैयायिकादिसम्बन्धीनि उपलभ्यन्ते। ततः कीदृशं तदुपादेयमित्याशङ्कायामाह - **'परी'**ति ।

**परीक्षन्ते कषच्छेदतापैः स्वर्णं यथा जनाः ।**
**शास्त्रेऽपि वर्णिकाशुद्धिं, परीक्षन्तां तथा बुधाः ॥१७॥**

सुवर्णमात्रसाम्येन तथाविधलोकेष्वविचारेणैव शुद्धाऽशुद्धरूपस्य सुवर्णस्य प्रवृत्तौ **यथा** शुद्धकाञ्चनार्थिनः **जनाः कषच्छेद-तापैः स्वर्णं परीक्षन्ते** = कुर्वन्ति परीक्षां 'टच' इति भाषायाम् । **तथा** = तेनैव प्रकारेण

---

ગ્રંથમાં જણાવેલ છે કે —> જ્ઞાની પુરૂષો શાસ્ત્રરૂપી આંખ દ્વારા ઊર્ધ્વલોક, અધોલોક અને મધ્યલોકમાં રહેલા સર્વ ભાવોને સામે રહેલા પદાર્થની જેમ જુએ છે. <— માટે જ 'શાસ્ત્ર એ આલોક = પ્રકાશ છે.' આવી ઉક્તિઓ પણ સંગત થાય છે. <u>યોગબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> મોહના અંધકારથી ઘેરાયેલ આ લોકમાં શાસ્ત્રનો પ્રકાશ યથાવસ્થિત પ્રવૃત્તિ કરાવનાર છે. પાપરૂપી રોગના નાશ માટે શાસ્ત્ર એ પરમ ઔષધ છે. શાસ્ત્ર એ પુણ્યનું કારણ છે. શાસ્ત્ર સર્વગામી = સર્વતોમુખી ચક્ષુ છે. અને શાસ્ત્ર જ સર્વ પ્રયોજનની નિષ્પત્તિનું સાધન છે. <— વાસ્તવમાં તો ચર્મચક્ષુવાળા જીવો આંખવાળા જ ન કહેવાય. કારણ કે ચામડાની આંખ તાત્ત્વિક રીતે ત્યાજ્ય, ગ્રાહ્ય વગેરે પદાર્થનું જ્ઞાન કરાવવામાં અસમર્થ છે. તેથી કહ્યું છે કે —> આંખવાળા મનુષ્ય તેઓને જ જાણવા કે જેઓ અહીં શ્રુતજ્ઞાન રૂપી ચક્ષુ દ્વારા સદા માટે હેય, ઉપાદેય ભાવોને સમ્યગ્ રીતે જાણે છે. <— કહેવાનો ભાવ એ છે કે યોગીઓને ચર્મચક્ષુ હોવા છતાં પણ વિધિ-નિષેધથી સાધ્ય એવા કાર્યમાં મુખ્યતયા ચર્મચક્ષુનો ઉપયોગ હોતો નથી. આ વાતથી આત્માને ભાવિત કરવો. <u>(૧/૧૬)</u>

અહીં એવી શંકા થાય કે —> લોકની અંદર બૌદ્ધ, સાંખ્ય, નૈયાયિક વગેરે સંબંધી અનેક પ્રકારના પરસ્પર વિરુદ્ધ શાસ્ત્રો ઉપલબ્ધ થાય છે. તેથી કેવું શાસ્ત્ર સ્વીકારવું જોઈએ ? એનો નિર્ણય નથી થઈ શકતો. <— તો આવી શંકાનું સમાધાન કરતા ઉપાધ્યાયજી મહારાજા જણાવે છે કે

**<u>શ્લોકાર્થ</u> :-** જેમ લોકો કષ, છેદ અને તાપ વડે સુવર્ણની પરીક્ષા કરે છે તેમ વિદ્વાન પુરૂષોએ શાસ્ત્રને વિશે પણ વર્ણિકાશુદ્ધિની પરીક્ષા કરવી જોઈએ. <u>(૧/૧૭)</u>

## સુવર્ણની જેમ શાસ્ત્રની પરીક્ષા

**<u>ટીકાર્થ</u> :-** કેવળ ચમકતા પીળા વર્ણની સમાનતાના કારણે તથાવિધ લોકોમાં નિર્વિચારીપણાથી જ શુદ્ધની જેમ અશુદ્ધ સોનાની ક્રય-વિક્રય આદિ પ્રવૃત્તિ થતી હોય ત્યારે શુદ્ધ કાંચનના અર્થી લોકો જેમ કષ (કસોટી પથ્થર ઉપર ઘસવું), છેદ (છેદ કરીને તપાસવું), તાપ (ધાતુને ઓગાળીને તપાસવી) વડે સોનાની પરીક્ષા

**बुधाः** = तात्त्विकपरीक्षणक्षमाः सच्छास्त्रार्थिनः **शास्त्रेऽपि वर्णिकाशुद्धिं** = प्ररूपणाविशुद्धिं **परीक्षन्ताम्**। एतेन परीक्षणाऽक्षमानामागमानामशुद्धत्वमावेदितम् । यदुच्यते परैः —> पुराणं मानवो धर्मः साङ्गो वेदश्चिकित्सितम् । आज्ञासिद्धानि चत्वारि, न हन्तव्यानि हेतुभिः ॥ ( ) <— इति तत्र स्याद्वादिभिः —> अस्ति वक्तव्यता काचित्तेनेदं न विचार्यते । निर्दोषं काञ्चनं सच्चेत् ? परीक्षाया बिभेति किम् ॥ ( ) <— इत्युच्यते । प्रत्यक्षादिबाधितागमात्पारलौकिकेऽ-दृष्टार्थे प्रवर्तने तु प्रेक्षावत्ता विशीर्येत । तदुक्तं **योगबिन्दौ** —> दृष्टबाधैव यत्रास्ति ततोऽदृष्टप्रवर्तनम् । असच्छ्रद्धाभिभूतानां केवलं ध्यान्ध्यसूचकम् ॥२४॥ प्रत्यक्षेणानुमानेन यदुक्तोऽर्थो न बाध्यते । दृष्टोऽदृष्टेऽपि युक्ता स्यात् प्रवृत्तिस्तत एव तु ॥२५॥ अतोऽन्यथाप्रवृत्तौ तु स्यात् साधुत्वाद्यनिश्चितम् । वस्तुतत्त्वस्य हन्तैवं सर्वमेवाऽसमञ्जसम् ॥२६॥ <— इति । इदमेवोक्तमन्यत्र —> निकषच्छेदतापेभ्यः सुवर्णमिव पण्डितैः। परीक्ष्य भिक्षवो ग्राह्यं, मद्वचो न तु गौरवात् ॥ <— ( ) ॥१/१७॥

शास्त्रस्वर्णस्य कषपरीक्षामवतारयति - **'विधय'** इति ।

**विधयः प्रतिषेधाश्च, भूयांसो यत्र वर्णिताः ।**
**एकाधिकारा दृश्यन्ते, कषशुद्धिं वदन्ति ताम् ॥१८॥**

**यत्र** शास्त्रसुवर्णे **वर्णिताः भूयांसः** = नानाविधाः सुपुष्कला **विधयः** = कर्तव्यार्थोपदेशप्रतिपादकानि

---

કરે છે. તે જ રીતે તાત્ત્વિક પરીક્ષાને કરવામાં સમર્થ એવા પંડિતોએ શાસ્ત્રમાં પણ વર્ણિકાશુદ્ધિની પરીક્ષા કરવી જોઈએ. આનાથી ફલિત થાય છે કે પરીક્ષામાં ઉત્તીર્ણ થવામાં અસમર્થ શાસ્ત્રો અશુદ્ધ હોય છે. પરદર્શનકારો જે કહે છે કે —> પુરાણ, મનુએ બતાવેલો ધર્મ, અંગસહિત વેદશાસ્ત્ર અને ચિકિત્સાશાસ્ત્ર આ ચાર આજ્ઞાસિદ્ધ છે. માટે હેતુઓ દ્વારા તેનું ખંડન ન કરવું. <— તેને વિશે સ્યાદ્વાદીઓ એમ જણાવે છે કે —> કંઈક કહેવા યોગ્ય હોવું જોઈએ, તેટલા માટે તેના વિશે વિચાર-મીમાંસા નથી કરી. બાકી તો સોનું શુદ્ધ હોય તો પરીક્ષાથી ડરે શા માટે ? <— પ્રત્યક્ષ વગેરે પ્રમાણથી જે શાસ્ત્ર બાધિત હોય તે શાસ્ત્ર દ્વારા અતીન્દ્રિય એવા પરલોક સંબંધી કાર્યોમાં પ્રવૃત્તિ કરવામાં આવે તો બુદ્ધિમત્તા નાશ પામી જાય. માટે જ <u>યોગબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> જે શાસ્ત્રમાં પ્રત્યક્ષ પ્રમાણથી જ બાધ દેખાય છતાં તેવા શાસ્ત્રથી પરલોકસંબંધી કાર્યમાં પ્રવૃત્તિ કરવી તે તો અંધશ્રદ્ધાથી હારી ગયેલા જીવોની બુદ્ધિની અન્ધતાનું જ માત્ર સૂચક છે. <— જે શાસ્ત્રથી પ્રદર્શિત સ્વસંવેદનશીલ એવો આત્મા વગેરે પદાર્થ, પ્રત્યક્ષ અને અનુમાન પ્રમાણથી બાધિત થતો નથી, તેવા શાસ્ત્રથી જ પારલૌકિક કાર્યમાં પ્રવૃત્તિ થવી ઉચિત છે. બાકી ગમે તે વચનોથી, ધર્માર્થી માણસ સારા કે ખોટાનો નિશ્ચય કર્યા વિના, પ્રવૃત્તિ કરે તો આત્મા વગેરે સર્વ તત્ત્વોની વ્યવસ્થા અસંબદ્ધ બની જશે. <— માટે જ અન્યત્ર જણાવેલ છે કે —> હે સાધુઓ કષ, છેદ અને તાપ પરીક્ષાથી જેમ સુવર્ણની પરીક્ષા થાય છે તેમ મારૂં વચન પરીક્ષા કરીને સ્વીકારવું, નહીં કે મારા પરના બહુમાન માત્રથી. <— <u>(૧/૧૭)</u>

શાસ્ત્રસ્વરૂપ સુવર્ણની કષ પરીક્ષા ૧૮ મા શ્લોકમાં ગ્રંથકારશ્રી રજુ કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- એક અધિકારવાળા અનેક વિધાનો અને નિષેધો જે શાસ્ત્રમાં વર્ણન કરાયેલા જણાય, તેને કષશુદ્ધિ કહેવાય છે. <u>(૧/૧૮)</u>

## ❀ શાસ્ત્રની કષપરીક્ષા ❀

<u>**ટીકાર્થ**</u> :- શાસ્ત્રરૂપી સુવર્ણમાં અનેક પ્રકારના, ઘણા બધા કર્તવ્ય અર્થના ઉપદેશને જણાવનારા વિધિવાક્યો

वाक्यानि **प्रतिषेधाश्च** = अकर्तव्यार्थहेयत्वप्रतिपादकानि वाक्यानि च **एकाधिकाराः** = मिथोऽविरुद्धमधिकार-माश्रित्य प्रवृत्ताः **दृश्यन्ते** = उपलभ्यन्ते **तां कषशुद्धिं** विद्वांसो **वदन्ति** । यथा संयममधिकृत्य समित्यादि-विधानं हिंसादिनिषेधनञ्च । तदुक्तं **धर्मबिन्दौ** —> विधि-प्रतिषेधौ कषः <— (२/३५) —> **कषः** = सुवर्णपरीक्षायामिव कषपट्टके रेखा <— इति तद्वृत्तिलेशः । तदुक्तं **पञ्चवस्तुके**ऽपि —> सुहुमो असेस-विसओ सावज्जे जत्थ अत्थि पडिसेहो । रागाइविअडणसहं झाणाइ अ एस कससुद्धो ॥१०६८॥ सूक्ष्मः = करणवत् कारणानुमोदनादिः, अशेषविषयकः = पृथिवीजलानलानिलवनस्पत्यादिगोचरः **सावद्ये** हिंसादौ यत्र प्रतिषेधः । ततश्च 'न हिंस्यात् सर्वभूतानि' इत्यत्र तादृशनिषेधकरणे एव कषशुद्धिर्ज्ञेयेति ध्येयम् ॥१/१८॥

उदाहरणेन कषपरीक्षां विशदयति - **'सिद्धान्तेषु'** इति ।

**सिद्धान्तेषु यथा ध्यानाध्ययनादिविधिव्रजाः ।**
**हिंसादीनां निषेधाश्च भूयांसो मोक्षगोचराः ॥१९॥**

**यथा सिद्धान्तेषु** = आगमेषु **मोक्षगोचराः** = साक्षात् परम्परया वा मोक्षोद्देश्यकाः **ध्यानाध्ययना-दिविधिव्रजा हिंसादीनां** पापस्थानानां पापत्वेन सकललोकसम्मतानां **निषेधाश्च भूयांसः** = सुपुष्कलाः। —> निच्चं सज्जाय-ज्झाणपरेण होयव्वं <— (उद्दे.११-सूत्र-८५-भा.३ पृ.२७८) इति **निशीथचूर्णि**वचनं, —> सज्झाय-संजम-तवे वेआवच्चे अ झाणजोगे अ । जो रमइ, नो रमइ असंजमम्मि सो वच्चइ सिद्धिं

---

**અને અકર્તવ્ય અર્થના નિષેધને જણાવનારા પ્રતિષેધવાક્યો એક જ = પરસ્પર અવિરુદ્ધ અધિકારને (= ઉદ્દેશને) આશ્રયીને પ્રવૃત્ત થયેલા ઉપલબ્ધ થાય તેને પંડિતો કષશુદ્ધિ કહે છે. જેમ કે સંયમને ઉદ્દેશીને સમિતિ, ગુપ્તિ વગેરેનું વિધાન અને હિંસા વગેરેનો નિષેધ. <u>ધર્મબિંદુ</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> જેમ સુવર્ણની પરીક્ષામાં કસોટીના પથ્થર ઉપર લીસોટો પાડવામાં આવે છે તે કષ કહેવાય છે, તેમ શાસ્ત્રની પરીક્ષામાં વિધિ અને નિષેધ કષ કહેવાય છે. <u>પંચવસ્તુક</u> ગ્રંથમાં શ્રી <u>હરિભદ્રસૂરિજી</u> જણાવે છે કે —> જે શાસ્ત્રમાં સાવદ્ય કાર્યને વિશે સૂક્ષ્મ અને સંપૂર્ણવિષયક પ્રતિષેધ હોય છે તથા રાગાદિનો નાશ કરવા માટે સમર્થ એવા ધ્યાન વગેરેનું વિધાન હોય છે તે શાસ્ત્ર કષશુદ્ધ કહેવાય છે. <— સૂક્ષ્મનો મતલબ છે કે કરણની જેમ કરાવવું અને અનુમોદન કરવું વગેરેનો પ્રતિષેધમાં સમાવેશ અને સંપૂર્ણ વિષયક એટલે સાવદ્ય કાર્યને સંપૂર્ણ રીતે આવરી લે તેવો પ્રતિષેધ. જેમ કે સર્વ જીવોની હિંસા ન કરવી - આવું નિષેધવાક્ય. માત્ર ગાય, ભેંશ અથવા તો કીડી-મંકોડા વગેરેનો નહિ પરંતુ પૃથ્વી, પાણી વગેરે એકેન્દ્રિય જીવોનો પણ વધ કરવો નહિ, કરાવવો નહિ, અનુમોદવો નહિ. આ બાબતનો તેમાં સમાવેશ હોય તો જ તે આગમ-શાસ્ત્ર કષશુદ્ધ કહેવાય. તેથી 'કોઈ પણ જીવને ન મારવા' આવા શાસ્ત્રવાક્યથી ઉપર જણાવ્યા પ્રમાણેનો નિષેધ થાય તો જ તે કષશુદ્ધ જાણી શકાય. આ વાત બરાબર ખ્યાલમાં રાખવી. <u>(૧/૧૮)</u>**

ઉદાહરણ દ્વારા ગ્રંથકારશ્રી કષ પરીક્ષાને સ્પષ્ટ કરે છે.

**<u>શ્લોકાર્થ</u> :- જેમ કે આગમ ગ્રંથોમાં મોક્ષલક્ષી ધ્યાન, અધ્યયન વગેરે વિધિઓના સમૂહો અને હિંસા વગેરેના નિષેધો છે. <u>(૧/૧૯)</u>**

**<u>ટીકાર્થ</u> :- જેમ કે જૈન આગમ શાસ્ત્રોમાં સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષને ઉદ્દેશીને ધ્યાન, અધ્યયન વગેરે વિધાનોના સમૂહો અને સર્વ લોકોને પાપ રૂપે સંમત એવા હિંસા વગેરે પાપસ્થાનોના નિષેધવાક્યો પુષ્કળ ઉપલબ્ધ થાય છે. માટે જૈનાગમ કષશુદ્ધ કહેવાય. એની સાક્ષી તરીકે —> સદા સ્વાધ્યાય અને ધ્યાનમાં તત્પર**

॥३६६॥ <— इति **दशवैकालिकनिर्युक्ति**वचनमत्रोदाहरणम् । तदुक्तं **पञ्चवस्तुके**ऽपि **श्रीहरिभद्रसूरिभिः** —> जह मण-वय-काएहिं परस्स पीडा दढं न कायव्वा । झाएअव्वं च सया रागाइविवक्खजालं तु ॥१०६९॥ पाणिवहाईयाणं पावट्ठाणाण जो उ पडिसेहो । झाणज्झयणाईणं जो य विही एस धम्मकसो ॥१०२१॥ <— इत्युक्तम् ॥१/१९॥

कषशुद्धिव्यतिरेकमाविष्करोति —> **'अर्थे'**ति ।

**अर्थकामविमिश्रं यद्, यच्च क्लृप्तकथाविलम् ।**
**आनुषङ्गिकमोक्षार्थं, यन्न तत् कषशुद्धिमत् ॥२०॥**

**यत्** अनिर्दिष्टाभिधानं शास्त्रं **अर्थ-कामविमिश्रं** = अर्थकथा-कामकथाभ्यामिश्रितं **तत् न कषशुद्धिमत्** । यथा —> धर्मस्य मूलं अर्थः, अर्थस्य मूलं राज्यं (२-३) इति **चाणक्यसूत्राणि** अर्थविमिश्रत्वान्न कषशुद्धियुक्तानि । —> सङ्गीतकेन देवस्य प्रीती रावणवाद्यतः । तत्प्रीत्यर्थमतो यत्नः, तत्र कार्यो विशेषतः ॥ ( ) <— इत्यादि कामकथायुक्तत्वान्न कषशुद्धिमत् । **यच्च क्लृप्तकथाऽऽविलं** = काल्पनिककथानकमलिनं **तन्न कषशुद्धिमत्** । यथा —> को नाम स्वयंभूः पुरुषः ? इति । तेनाऽङ्गुलीमथ्यमानात् सलिलमभवत् । सलिलात् फेनमभवत् । फेनाद्बुद्बुदमभवत् । बुद्बुदादण्डमभवत् । अण्डात् ब्रह्माऽभवत् । ब्रह्मणो वायुरभवत् <— इत्यादिप्ररूपणात् **गायत्रीरहस्योपनिषत्** । —> ऋष्यशृङ्गो मृग्याः, कौशिकः कुशात्,

---

રહેવું. <— એવું **નિશીથચૂર્ણિનું** વચન. તથા —> જે સ્વાધ્યાય, સંયમ, તપ, વૈયાવચ્ચ અને ધ્યાનયોગમાં રમે (= રહે) છે, તથા અસંયમમાં રમતો (= રહેતો) નથી તે મોક્ષમાં જાય છે. <— આવું **દશવૈકાલિક નિર્યુક્તિનું** વચન ઉદાહરણ છે. **પંચવસ્તુ** ગ્રંથમાં જણાવેલ છે કે —> જેમ કે મન, વચન, કાયાથી બીજાને લેશ પણ પીડા ન કરવી તથા રાગાદિના પ્રતિપક્ષના સમૂહનું ધ્યાન ધરવું. પ્રાણીવધ વગેરે પાપસ્થાનોનો જે પ્રતિષેધ અને ધ્યાન, અધ્યયન વગેરેનું જે વિધાન, તે ધર્મની = ધર્મશાસ્ત્રની કષશુદ્ધિ જાણવી. <— **(૧/૧૯)**

કષશુદ્ધિના અભાવને ગ્રંથકારશ્રી ૨૦ મી ગાથામાં પ્રગટ કરે છે.

**શ્લોકાર્થ** :- જે શાસ્ત્ર અર્થકથા = ધનકથા અને કામકથાથી યુક્ત હોય, કાલ્પનિક કથાઓથી મલિન હોય અને ગૌણરૂપે મોક્ષની વાતો કરે તે શાસ્ત્ર કષશુદ્ધિવાળું ન કહેવાય. **(૧/૨૦)**

## કષઅશુદ્ધ શાસ્ત્રને જાણીએ

**ટીકાર્થ** :- મૂળ ગાથામાં ''यत्'' શબ્દથી ગ્રંથકારશ્રીએ શાસ્ત્રનો સામાન્ય રૂપે નિર્દેશ કરેલો છે. જે શાસ્ત્ર અર્થકથા અને કામકથાથી મિશ્ર હોય તે કષશુદ્ધિવાળું ન કહેવાય. જેમ કે —> ધર્મનું મૂળ કારણ અર્થ (= ધન) છે. અને ધનનું મૂળ કારણ રાજ્ય છે. <— આવા **ચાણક્યસૂત્રો** અર્થકથાથી મિશ્ર હોવાને કારણે કષશુદ્ધ ન કહેવાય. —> સંગીત દ્વારા દેવ પ્રસન્ન થાય છે. રાવણના વાજિંત્રથી દેવ ખુશ થયેલા. માટે દેવની પ્રસન્નતા માટે વિશેષ પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ. <—ઈત્યાદિ શાસ્ત્રો કામકથાથી વ્યાપ્ત હોવાને કારણે કષશુદ્ધિવાળા નથી. તેમ જ જે શાસ્ત્ર કાલ્પનિક કથાઓથી મલિન હોય તે કષશુદ્ધ ન કહેવાય. જેમ કે —> સ્વયંભૂ પુરૂષ કોણ છે ? આ પ્રશ્નનો જવાબ એ છે કે સ્વયંભૂ પુરૂષ તેને જાણવો કે જેની આંગળીનું મંથન થવાથી પાણી ઉત્પન્ન થયું, પાણીમાંથી ફીણ ઉત્પન્ન થયું, ફીણમાંથી પરપોટા પેદા થયા, પરપોટામાંથી ઈંડું ઉત્પન્ન થયું અને

जाम्बूको जम्बूकात्, वाल्मीको वल्मीकात्, व्यासः कैवर्तकन्यकायां, शशपृष्ठात् गौतमः, वशिष्ठ उर्वश्यां, अगस्त्यः कलशे जातः <— इत्यादिप्ररूपणात् **वज्रसूचिकोपनिषदो न कषशुद्धिमत्त्वम्** ।

**यत्** शास्त्रं **आनुषङ्गिकमोक्षार्थं** = गौणतया मोक्षं मोक्षसाधनं च प्ररूपयति मुख्यतया तु स्वर्गादिकं तत्साधनं वा प्रतिपादयति **तन्न कषशुद्धिमत्** । यथा —> अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः <— इति **तैत्तिरीयसंहिता** । —> अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गो नैव च नैव च <— इति **देवीभागवतम्** ।

उपलक्षणात् 'यत् शास्त्रं हिंसादिविधायकं तन्न कषशुद्धिमत्' इत्यपि दृष्टव्यम् । यथा —> अन्यधर्मस्थिताः सत्त्वा असुरा इव विष्णुना । उच्छेदनीयास्तेषां हि वधे दोषो न विद्यते ॥ <—( ) इत्यादिशास्त्राणि ।

तथा मोक्षोद्देशान्यपि रागादिक्षयाऽसमर्थविधानपराणि विधिवाक्यानि हिंसादीनां च स्थूलाऽव्यापकनिषेधपराणि वाक्यानि यत्र तदपि न कषशुद्धिमत् । यथा ध्याने 'ॐकारो ध्यातव्यः' इत्यादि, तदुक्तं —> ब्रह्मोकारोऽत्र विज्ञेयः, अकारो विष्णुरुच्यते । महेश्वरो मकारस्तु त्रयमेकत्र तत्त्वतः ॥ <— ( ) इति । न चायं ध्यानविधिः रागादिक्षयाय प्रभवति, सुचिरं तथाध्यानसम्पन्नेऽपि [1]सौभर्यादौ रागादीनां तथैवावस्थितत्वोपलम्भात् । एवं —> प्राणी प्राणिज्ञानं घातकचित्तं च तद्गता चेष्टा । प्राणैश्च विप्रयोगः पञ्चभि-

ઈંડામાંથી બ્રહ્માજીનો જન્મ થયો, બ્રહ્મામાંથી વાયુની ઉત્પત્તિ થઈ. <— આવી કાલ્પનિક પ્રરૂપણા કરવાથી <u>ગાયત્રીરહસ્ય</u> ઉપનિષદ્ કષશુદ્ધિવાળું ન કહેવાય. તથા —> હરણીના પેટમાંથી ઋષ્યશૃઙ્ગ ઋષિ ઉત્પન્ન થયા, ઘાસમાંથી કૌશિક ઋષિ ઉત્પન્ન થયા, શિયાળમાંથી જામ્બુક ઋષિ, કીડીના રાફડામાંથી વાલ્મિક ઋષિ, માછીમારની કન્યામાં વ્યાસ ઋષિ ઉત્પન્ન થયા. સસલાની પીઠમાંથી ગૌતમ મહર્ષિ ઉત્પન્ન થયા. ઉર્વશી નામની અપ્સરાના પુત્ર વશિષ્ઠ ઋષિ હતા. કળશમાંથી અગત્સ્ય ઋષિનો જન્મ થયો. <— આવી પ્રરૂપણા કરવાના કારણે <u>વજ્રસૂચિકાઉપનિષદ્</u> કષશુદ્ધ ન કહેવાય.

જે શાસ્ત્ર મોક્ષ અને મોક્ષના ઉપાયની ગૌણ રૂપે વાત કરે અને મુખ્ય રૂપે તો સ્વર્ગ વગેરે કે તેના સાધનોની પ્રરૂપણા કરે, તે કષશુદ્ધ ન કહેવાય. જેમ કે —> સ્વર્ગની ઈચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો. <— આવું <u>તૈત્તિરીયસંહિતા</u> શાસ્ત્ર, તેમ જ —> પુત્રરહિતની પરલોકમાં ગતિ = સદ્ગતિ નથી. સ્વર્ગ તો નહીં જ. <— આવું <u>દેવીભાગવત</u> શાસ્ત્ર કષશુદ્ધિવાળું ન કહેવાય.

उपल० । ઉપલક્ષણથી એમ પણ ગણી શકાય કે જે શાસ્ત્ર હિંસા વગેરેનું વિધાન કરે તે શાસ્ત્ર કષશુદ્ધ ન કહેવાય. દા.ત. —> જેમ વિષ્ણુએ અસુરોનો ઉચ્છેદ કર્યો તેમ અન્ય ધર્મમાં રહેલા જીવોનો ઉચ્છેદ કરવો જોઈએ. કારણ કે તેઓના વધમાં કોઈ દોષ નથી. <— ઈત્યાદિ શાસ્ત્ર કષશુદ્ધ ન કહેવાય. (૧) તથા મોક્ષના ઉદ્દેશથી થયેલા પણ એવા વિધિવાક્યો કે જે રાગાદિના નાશ માટે અસમર્થ વાતોનું વિધાન કરવામાં તત્પર હોય અને (૨) હિંસા વગેરેનો સ્થૂલ અને સર્વવ્યાપી ન હોય તેવો નિષેધ કરનારા વાક્યો જે શાસ્ત્રમાં હોય તે પણ કષશુદ્ધ ન કહેવાય. જેમ કે (૧) "ધ્યાનમાં 'ૐ'કારનું ધ્યાન કરવું" વગેરે. ઈતર લોકોના ગ્રંથમાં જણાવેલ છે કે —> अ + उ + म् = ॐ. અહીં अ શબ્દથી વિષ્ણુ, उ શબ્દથી બ્રહ્મા, અને म् શબ્દથી મહેશ્વર જાણવા કે જે વાસ્તવમાં એકત્ર ૐકારમાં રહેલ છે. <— આવી અક્ષર ધ્યાનવિધિ રાગાદિના નાશ માટે સમર્થ નથી. કારણ કે લાંબા સમય સુધી તેવા પ્રકારનું ધ્યાન કરનાર સૌભરી[1] વગેરે સંન્યાસીઓમાં રાગ વગેરે પહેલાના જેવા જ પુષ્ટ રહેલા જણાય છે. (૨) તેમ જ —> જીવ, જીવનું જ્ઞાન, જીવને મારવાની

૧. એકાંતમાં શાંતિપૂર્વક લાંબા સમય સુધી ધ્યાન ધરવા માટે સરોવરના તળિયે પ્રાણાયમપૂર્વક ૐ કાર વગેરેનું નાસાગ્રે દૃષ્ટિ કેન્દ્રિત કરી ધ્યાન ધરતા સૌભરી ઋષિ, ક્રિડા કરતા મત્સ્ય યુગલને જોઈ કામાતુર થવાને લીધે, ધ્યાનભ્રષ્ટ થયા.

रापद्यते हिंसा ॥ <— ( ) एतादृशस्थूलहिंसां प्रदर्श्य तन्निषेधपरं शास्त्रं न कषशुद्धिमत्, अज्ञानात् चित्तात् वा जायमानाया हिंसाया अस्वीकारात् । तदुक्तं **पञ्चवस्तुके** —> थूलो ण सव्वविसओ सावज्जे जत्थ होइ पडिसेहो । रागाइविअडणसहं न य झाणाईवि तयसुद्धो ॥१०७०॥ <—इति । तदशुद्धः = कषाऽशुद्धः ॥१/२०॥

शास्त्रसुवर्णस्य छेदपरीक्षामवसरसङ्गत्या प्रकाशयति - **'विधीना'**मिति ।

**विधीनां च निषेधानां, योगक्षेमकरी क्रिया ।**
**वर्ण्यते यत्र सर्वत्र, तच्छास्त्रं छेदशुद्धिमत् ॥२१॥**

**यत्र** शास्त्रे **सर्वत्र** सर्वांशेषु **विधीनां निषेधानाञ्च योग-क्षेमकरी** = सम्भव-निर्वाहकरी **क्रिया** भिक्षाटनादिरूपा **वर्ण्यते** = निरूप्यते **तच्छास्त्रं छेदशुद्धिमत्** । तदुक्तं **धर्मबिन्दौ** —> तत्सम्भव-पालनाचेष्टोक्तिश्छेदः <—(२/३६) । तद्वृत्तिश्चैवम् —> तयोः विधिप्रतिषेधयोः अनाविर्भूतयोः सम्भवः = प्रादुर्भावः, प्रादुर्भूतयोश्च पालना च रक्षारूपा । ततः तत्सम्भव-पालनार्थं या चेष्टा भिक्षाटनादिबाह्यक्रियारूपा, तस्या उक्तिः = छेदः । यथा कषशुद्धावप्यान्तरामशुद्धिमाशङ्कमानाः सौवर्णिकाः छेदमाद्रियन्ते तथा कषशुद्धावपि धर्मस्य छेदमपेक्षन्ते । स च छेदो विशुद्धबाह्यचेष्टारूपः । विशुद्धा च चेष्टा सा यत्राऽसन्तौ अपि विधि-प्रतिषेधौ अबाधितरूपौ स्वात्मानं लभेते, लब्धात्मानौ चातीचारलक्षणापचारविरहितौ उत्तरोत्तरां वृद्धिमनुभवतः ।

બુદ્ધિ, જીવને મારવાના ઉદ્દેશથી થતી ચેષ્ટા અને વધ્ય જીવનો પ્રાણથી વિયોગ આ પાંચ ભેગા થાય તો જ હિંસા કહેવાય. <— આવી સ્થૂળ હિંસાનું નિરૂપણ કરી તેનો નિષેધ કરનારૂં શાસ્ત્ર કષશુદ્ધિવાળું ન કહેવાય. કેમ કે અજ્ઞાનથી થતી હિંસા, કે મનથી થતી હિંસામાં તેઓ હિંસા માનતા નથી. પંચવસ્તુક ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> જે શાસ્ત્રોમાં સંપૂર્ણપણે આવરી લીધા વિના સ્થૂલ નિષેધ કરેલો હોય તેમ જ રાગાદિનો નાશ કરવામાં અસમર્થ એવા ધ્યાન વગેરેનું વિધાન કરેલું હોય તે કષશુદ્ધ ન હોય. <— **(૧/૨૦)**

શાસ્ત્રરૂપી સુવર્ણની છેદ પરીક્ષાને બતાવવાનો હવે અવસર આવ્યો છે. તેથી તેને ગ્રંથકારશ્રી અવસર સંગતિ દ્વારા દર્શાવે છે.

**શ્લોકાર્થ** :- જે શાસ્ત્રમાં સર્વ ઠેકાણે પૂર્વોક્ત વિધિ અને નિષેધનો યોગ-ક્ષેમ કરનારી ક્રિયા જણાવાય તે શાસ્ત્ર છેદશુદ્ધિવાળું જાણવું. **(૧/૨૧)**

## ❀ શાસ્ત્રની છેદ પરીક્ષા ❀

**ટીકાર્થ** :- જે શાસ્ત્રમાં સર્વ સ્થાનોમાં વિધિ અને નિષેધનો યોગક્ષેમ = સંભવ અને નિર્વાહ કરનારી ભિક્ષાટન વગેરે ક્રિયાનું વર્ણન થાય તે શાસ્ત્ર છેદશુદ્ધિવાળું કહેવાય. અર્થાત્ સિદ્ધાંત રૂપે (Theory) જણાવેલ વિધિ-નિષેધ અનુષ્ઠાનમાં (Practical) પ્રતિબિંબિત થાય અને આગળ પ્રવાહિત થાય તેવી ક્રિયા બતાવનાર શાસ્ત્ર છેદશુદ્ધિવાળું કહેવાય. ધર્મબિંદુ ગ્રંથમાં જણાવેલ છે કે —> શાસ્ત્રમાં બતાવેલા છતાં આચરણમાં ન વણાએલા એવા વિધિ-પ્રતિષેધને આચારમાં વણવા = સમાવવા તથા આચારમાં પ્રવિષ્ટ વિધિ-પ્રતિષેધને ટકાવવા - આ બે કાર્યમાં સમર્થ એવા ભિક્ષાટન આદિ અનુષ્ઠાનને બતાવનાર શાસ્ત્ર છેદશુદ્ધિવાળું કહેવાય છે. જેમ કષપરીક્ષામાં ઉત્તીર્ણ થવા છતાં સોનાની અંદર રહેલ આંતરિક અશુદ્ધિની શંકા કરતા સુવર્ણકારો છેદ પરીક્ષાને આચરે છે તેમ શ્રુતધર્મ = શાસ્ત્ર કષશુદ્ધિ પરીક્ષામાં શુદ્ધ થયેલ હોવા છતાં પંડિતો છેદ પરીક્ષાની અપેક્ષા રાખે છે. તે છેદપરીક્ષા વિશુદ્ધ બાહ્ય ચેષ્ટાસ્વરૂપ છે. અને વિશુદ્ધ ચેષ્ટા તે કહેવાય કે જે આચારમાં નહિ

सा यत्र धर्मे चेष्टा सप्रपञ्चा प्रोच्यते स धर्मश्छेदशुद्ध <— इति (पृ.३८)। धर्मः = श्रुतधर्मः = शास्त्रमिति नाऽसङ्गतिरिति ध्येयम् । **पञ्चवस्तुके**ऽपि —> बज्झाणुट्ठाणेणं जेण न बाहिज्जई तयं नियमा । संभवइ अ परिशुद्धं सो पुण धम्मम्मि छेउत्ति ॥१०२२॥ <— इति । 'तयं'त्ति विधि-प्रतिषेधद्वयम् । शिष्टं स्पष्टम् ॥१/२१॥

छेदपरीक्षामुदाहरणेन विशदयति - **'कायिके'**ति ।

**कायिकाद्यपि कुर्वीत गुप्तश्च समितो मुनिः ।**
**कृत्ये ज्यायसि किं वाच्यमित्युक्तं समये यथा ॥२२॥**

**यथा समये** = आगमे **उक्तम्** —> **मुनिः** = वाचंयमः **कायिकादि** = लघुशङ्कानिवारणादि **अपि समितः** = ईर्यासमित्याद्युपयुक्तः **गुप्तश्च** = मनोगुप्त्याद्युपेतश्च **कुर्वीत, ज्यायसि** = महत्तरे **कृत्ये** = कर्तव्ये **किं वाच्यम्** ? कायिका-भिक्षाटनादिकं स्वाध्याय-सद्धर्मोपदेशादिकं वा सर्वमेवानुष्ठानं पञ्चसु समितिषु तिसृषु च गुप्तिषु अप्रमत्तेन सतैव यतिना सदा कर्तव्यमित्यर्थः । इत्थं हि सदनुष्ठानेन विधि-प्रतिषेधद्वितयं न बाध्यते किन्तु नियमेन वृद्धिमेव नीयते । इदञ्च बाह्यानुष्ठानं प्रति विधिमुखेनोक्तम् । उपलक्षणात् निषेधमुखेनापि तद् विज्ञेयं यथा प्रमादजनका वसत्यादयो वर्जनीयाः, मधुकरवृत्त्या स्वात्मा पालनीय एव, न त्वकाले त्याज्यः । तदुक्तं **पञ्चवस्तुके** —> सइ अप्पमत्तयाए संजमजोगेसु विविहभेएसु । जा धम्मिअस्स वित्ती एअं बज्झं अणुट्ठाणं ॥१०७२। एएण न बाहिज्जइ, संभवइ अ तं दुगंपि निअमेण। एअवयणेण सुद्धो जो सो छेएण सुद्धो त्ति ॥१०७३॥ जह पंचसु समिईसुं तीसु अ गुत्तीसु अप्पमत्तेणं।

વણાયેલા વિધિ-પ્રતિષેધને અબાધિત રૂપે યોગ્ય સ્થાન આપે અને સ્થાન મેળવેલા વિધિ-પ્રતિષેધને અતિચાર રૂપી દોષથી રહિત કરી, ઉત્તરોત્તર વૃદ્ધિંગત કરે. આવી ચેષ્ટા જે શાસ્ત્રમાં વિસ્તારપૂર્વક કહેવાયેલી હોય તે શાસ્ત્ર છેદશુદ્ધિવાળું કહેવાય. <— પંચવસ્તુ ગ્રંથમાં પણ આ જ વાતને જણાવતા કહેલ છે કે —> કર્તવ્ય એવા બાહ્ય અનુષ્ઠાન વડે વિધિ-પ્રતિષેધ નિયમા બાધિત ન થાય અને નિરતિચારરૂપે સંભવી શકે, તેવા બાહ્ય અનુષ્ઠાનને બતાવનારા શાસ્ત્રો છેદશુદ્ધ કહેવાય.<— **(૧/૨૧)**

ગ્રંથકારશ્રી છેદપરીક્ષાને ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરે છે.

**શ્લોકાર્થ** :- શાસ્ત્રમાં કહ્યું છે કે મુનિ કાયિકી આદિ (સ્થંડિલ, માત્રુ વિસર્જન આદિ) ક્રિયા પણ સમિતિ અને ગુપ્તિમાં ઉપયુક્ત રહીને કરે તો પછી મોટા કાર્યોમાં તો શું કહેવું ? અર્થાત્ સાધુએ પ્રત્યેક કાર્યમાં ઉપયોગવાળા જ રહેવું જોઈએ. **(૧/૨૨)**

**ટીકાર્થ** :- જેમ કે આગમમાં જણાવેલ છે —> મુનિએ લઘુશંકાનું નિવારણ વગેરે નાના-લઘુ કાર્યો પણ ઈર્યાસમિતિ વગેરેમાં તથા મનોગુપ્તિ વગેરેમાં ઉપયુક્ત થઈને કરવા જોઈએ, તો પછી મોટા કાર્યોમાં તો શું કહેવું ? <— અર્થાત્ લઘુશંકાનિવારણ, ભિક્ષાટન વગેરે સંયમ યોગના કાર્યો હોય કે સ્વાધ્યાય, ધર્મદેશના વગેરે મોટા કાર્યો હોય. આ દરેક અનુષ્ઠાનને સદા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં અપ્રમત્ત રહીને જ સાધુએ કરવા જોઈએ. આ રીતે બાહ્ય સદ્અનુષ્ઠાન સ્વરૂપ સાધુની પ્રવૃત્તિથી વિધિ-પ્રતિષેધ બાધિત થતા નથી. પરંતુ નિયમા મજબૂત જ થાય છે. છેદ પરીક્ષામાં આ વાત બાહ્ય અનુષ્ઠાનને આશ્રયીને વિધિમુખે જણાવી. ઉપલક્ષણથી નિષેધમુખે પણ શાસ્ત્રની છેદશુદ્ધિ જાણવી. જેમ કે —> પ્રમાદને ઉત્પન્ન કરનાર ઉપાશ્રય વગેરેને સાધુએ

सव्वं चिअ कायव्वं जइणा सइ काइगाईवि ॥।१०७४॥ जे खलु पमायजणगा वसहाई ते वि वज्जणिज्जाउ। महुअरवित्तीअ तहा पालेअव्वो अ अप्पाणो ॥१०७५॥ <— इति । भावितार्थमेव प्रायः ॥१/२२॥

तत्रोत्सर्गापवादयोर्भिन्नाधिकारत्वे छेदशुद्धिविरहमावेदयति - **'अन्ये'**ति ।

**अन्यार्थं किञ्चिदुत्सृष्टं, यत्रान्यार्थमपोद्य(ह्य) ते ।**
**दुर्विधिप्रतिषेधं तद्, न शास्त्रं छेदशुद्धिमत् ॥२३॥**

**यत्र** शास्त्रे **अन्यार्थं** = यत् प्रयोजनमुद्दिश्य **उत्सृष्टं** = उत्सर्गतया प्रकाशितं **किञ्चित्** विधेयादि **अन्यार्थं** = औत्सर्गिकविधिनिषेधप्रयोजनेतरप्रयोजनमवलम्ब्य **अपोद्यते** = अपवादविषयीक्रियते । **तत् दुर्विधिप्रतिषेधं** = भिन्नाधिकारविधि-निषेधगुम्फितं हेतुगर्भितमिदं विशेषणं **शास्त्रं** = शास्त्रत्वेनाभिमतं **न** = नैव **छेदशुद्धिमत्** । —> नोत्सृष्टमन्यार्थमपोद्यते च <—(का.११) इति **अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकां**-शनिरूपणावसरे उत्सर्गापवादमर्यादा ह्येवं **स्याद्वादमञ्जर्यां श्रीमल्लिषेणसूरिभिः** प्रोक्ता —> अन्यस्मै कार्याय प्रयुक्तं उत्सर्गवाक्यं अन्यार्थप्रयुक्तेन वाक्येन नापोद्यते = नापवादगोचरीक्रियते । यमेवार्थमाश्रित्य शास्त्रेषूत्सर्गः

---

છોડી દેવા. માધુકરી વૃત્તિથી પોતાના આત્માનું - દેહનું પાલન કરવું જ જોઈએ, અકાળે અનશન વગેરે દ્વારા દેહત્યાગ ન કરવો <— આવા જ પ્રકારના ભાવને <u>પંચવસ્તુ</u> ગ્રંથમાં <u>શ્રીહરિભદ્રસૂરિજી</u>એ સ્પષ્ટ કરેલ છે. **<u>(૧/૨૨)</u>**

**શાસ્ત્રમાં જણાવેલ ઉત્સર્ગ અને અપવાદ અલગ અલગ ઉદ્દેશથી હોય તો તે છેદશુદ્ધ ન કહેવાય. આ વાતને ગ્રંથકારશ્રી ૨૩મી ગાથામાં જણાવે છે.**

**<u>શ્લોકાર્થ</u> :- જે શાસ્ત્રમાં અન્ય ઉદ્દેશથી ઔત્સર્ગિક કથન અને તેનાથી ભિન્ન અન્ય ઉદ્દેશથી આપવાદિક કથન હોય તે શાસ્ત્ર છેદશુદ્ધિવાળું નથી. કારણ કે તેમાં રહેલા વિધિનિષેધ (= ઉત્સર્ગ-અપવાદ) દોષગ્રસ્ત છે.(૧/૨૩)**

## ઉત્સર્ગ - અપવાદની મર્યાદા

**<u>ટીકાર્થ</u> :-** જે શાસ્ત્રમાં જે પ્રયોજનને ઉદ્દેશીને ઉત્સર્ગ રૂપે જે કોઈ કર્તવ્ય વગેરે બતાવેલા હોય તે ઔત્સર્ગિક વિધિ-નિષેધના પ્રયોજનથી ભિન્ન પ્રયોજનને આશ્રયીને કર્તવ્ય વગેરેને અપવાદનો વિષય બનાવવામાં આવે તે શાસ્ત્રરૂપે અભિમત ગ્રંથ છેદશુદ્ધિવાળો ન જ કહેવાય. કારણ કે તે વિધિ-નિષેધ ભિન્ન અધિકારથી ગર્ભિત છે. <u>અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં</u> <u>શ્રીહેમચંદ્રસૂરિજી</u> મહારાજાએ જણાવેલ છે કે —> અન્ય ઉદ્દેશથી ઔત્સર્ગિક અનુષ્ઠાન અન્ય ઉદ્દેશથી અપવાદનો વિષય ન બને. <— અર્થાત્ ઉત્સર્ગ અને અપવાદના ઉદ્દેશ અલગ અલગ હોય એવું ન બને. આ અંશનું સ્પષ્ટીકરણ કરતાં <u>શ્રીમલ્લિષેણસૂરિ</u> મહારાજાએ <u>સ્યાદ્વાદમંજરી</u> ટીકામાં ઉત્સર્ગ અને અપવાદની મર્યાદા આ મુજબ જણાવેલી છે. —> અન્ય પ્રયોજન માટે પ્રયુક્ત ઔત્સર્ગિક વાક્ય, અન્ય પ્રયોજન માટે પ્રયુક્ત વાક્યથી અપવાદનો વિષય ન બને. (અર્થાત્ ઉત્સર્ગના પ્રયોજનથી ભિન્ન પ્રયોજનને કેન્દ્રમાં રાખીને જે વાક્ય પ્રવૃત્ત થાય તે વાક્ય તે ઉત્સર્ગની અપેક્ષાએ અપવાદ વચન ન કહેવાય. માટે તે વચન તે ઉત્સર્ગનો બાધ ન કરી શકે.) શાસ્ત્રમાં જે પ્રયોજન માટે ઉત્સર્ગનું વિધાન હોય તે જ પ્રયોજનને ઉદ્દેશીને અપવાદનું વિધાન હોય છે. કેમ કે ઊંચનીચપણાના વ્યવહારની જેમ ઉત્સર્ગ અને અપવાદ એકબીજાને સાપેક્ષ રહીને એક જ પ્રયોજનને સાધે છે. (તેથી ભિન્નવિષયક ઉત્સર્ગને ભિન્નવિષયક અપવાદ બાધિત ન

प्रवर्तते तमेवार्थमाश्रित्यापवादोऽपि प्रवर्तते, तयोर्निम्नोन्नतादिव्यवहारवत् परस्परसापेक्षत्वेनैकार्थसाधनविषयत्वात्। यथा जैनानां संयमपरिपालनार्थं नवकोटिविशुद्धाहारग्रहणमुत्सर्गः। तथाविधद्रव्यक्षेत्रकालभावापत्सु च निपतितस्य गत्यन्तराभावे पञ्चकादियतनयाऽनेषणीयादिग्रहणमपवादः। सोऽपि च संयमपरिपालनार्थमेव <— (गा. ११/१७६)। युक्तश्चैतत्, एवमेव तयोः सामान्य-विशेषविषयत्वं सङ्गच्छेत। तदुक्तं **दर्शनशुद्धिप्रकरणे** —> सामान्योक्तो विधिरुत्सर्गः, विशेषोक्तो विधिरपवादः <—। **उपदेशपदवृत्ति**कारस्याऽप्ययमेवाभिप्रायः। ततश्चोत्सर्गापवादयोः भिन्नोद्देशेन प्रवृत्तौ तु सामान्य-विशेषविधिरूपतैव नोपपद्येत।

परतीर्थिकागमेषु त्वन्यार्थ उत्सर्गोऽन्यार्थश्चापवादः। तथाहि —> न हिंस्यात् सर्वभूतानि <— (छा. उप.८) इति **छान्दोग्योपनिषदु**क्त उत्सर्गो दुर्गतिनिषेधार्थः, —> महोक्षं वा महाजं वा श्रोत्रियायोपकल्पयेत् <— (या. स्मृ. आचाराध्यायः १०९) इति **याज्ञवल्क्यस्मृति**दर्शितोऽपवादस्तु अतिथिप्रीत्यर्थः, —> द्वौ मासौ मत्स्यमांसेन, त्रीन् मासान् हारिणेन तु। औरभ्रेणाथ चतुरः शाकुनेनेह पञ्च तु ॥ (३/२६८) इति **मनुस्मृति**प्रदर्शितोऽपवादश्च पितृप्रीत्यर्थः। इत्थञ्च विधि-निषेधयोर्भिन्नार्थकत्वे न काचिद् व्यवस्था तत्र

---

કરી શકે. એટલે કે ઉત્સર્ગ વિધિ માટે ભિન્નવિષયક વિધિ એ અપવાદવિધિ બની ન શકે.) જેમ જૈન સાધુઓએ સંયમના પાલન માટે નવકોટિ (હનન, પચન, ક્રયણ (ખરીદી) - કરવું, કરાવવું, અનુમોદવું) થી વિશુદ્ધ આહારને ગ્રહણ કરવો એ ઉત્સર્ગ છે. કેમ કે રાંધવું, ખરીદવું વગેરે એક પણ કોટિથી જો આહાર અશુદ્ધ હોય તો ભાવહિંસાદિનો સંભવ છે. અને તેનાથી સંયમને અતિચાર વગેરે લાગે. પરંતુ તેવા પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ સ્વરૂપ આપત્તિઓ આવે અને બીજા કોઈ ઉપાય ન હોય તો પંચક આદિ (છેદસૂત્રમાં પ્રાયશ્ચિત્તોને માટે સંજ્ઞાઓ કરી છે તેમાં આ સૌથી ઓછા પ્રાયશ્ચિત્તની સંજ્ઞા છે.) યતનાથી અનેષણીય આદિ ગ્રહણ કરવું એ અપવાદ છે. અર્થાત્ બને એટલો સંયમને ઓછો દોષ લગાડે, ઓછામાં ઓછા પ્રાયશ્ચિત્તનું કારણ બને તેવા અશુદ્ધ આહાર આદિને કટોકટીની અવસ્થામાં સંયમપાલનને ઉદ્દેશીને યતનાથી ગ્રહણ કરવા તે અપવાદ છે. આ અપવાદ માર્ગ પણ સંયમની રક્ષાના હેતુથી જ છે, કે જે દીર્ઘ સંયમજીવનનું કારણ બને છે. <— આ વાત વ્યાજબી જ છે. કારણ કે ઉત્સર્ગ અને અપવાદ આ બન્નેને એક જ વિષયને ઉદ્દેશીને માનવામાં આવે તો જ તે બન્નેમાં ક્રમશઃ સામાન્ય-વિશેષવિષયકત્વ સંભવી શકે. <u>દર્શનશુદ્ધિપ્રકરણમાં</u> જણાવેલ છે કે —> સામાન્યરૂપે કહેલ વિધિ-વિધાન = ઉત્સર્ગ, અને વિશેષરૂપે જણાવેલ વિધિ-વિધાન = અપવાદ <— <u>ઉપદેશપદ</u>ની ટીકા રચનારા <u>શ્રીમુનિચંદ્રસૂરિજી</u>નો પણ આ જ અભિપ્રાય છે. તેથી જો ઉત્સર્ગ અને અપવાદ અલગ અલગ પ્રયોજન ઉદ્દેશીને પ્રવૃત્ત થાય તો ઉત્સર્ગમાં સામાન્યવિધિરૂપતા અને અપવાદમાં વિશેષવિધિરૂપતા જ સંગત નહીં થઈ શકે.

## ❈ છેદપરીક્ષામાં નિષ્ફળ શાસ્ત્રનો પરિચય ❈

परती०। અન્યદર્શનીઓના શાસ્ત્રમાં તો ઉત્સર્ગનું પ્રયોજન અલગ અને અપવાદનું પ્રયોજન અલગ હોય છે. જુઓ —> કોઈ પણ જીવને મારવો નહિ. <— આ <u>છાન્દોગ્ય</u> ઉપનિષદ્‌ના ઉત્સર્ગવચનનું પ્રયોજન દુર્ગતિનું નિવારણ છે. —> અભ્યાગત શ્રોત્રીય (વેદપાઠી) બ્રાહ્મણને મોટો બળદ કે મોટો બકરો અર્પણ કરવો જોઈએ. <—આવા <u>યાજ્ઞવલ્ક્યસ્મૃતિ</u>માં બતાવેલ અપવાદનું પ્રયોજન અતિથિની પ્રીતિ છે. તેમ જ —> સ્વર્ગસ્થ પૂર્વજાને માછલીના માંસથી બે મહિના સુધી, હરણના માંસથી ત્રણ મહિના સુધી, ઘેટાના માંસથી ચાર મહિના સુધી અને પક્ષીના માંસથી પાંચ મહિના સુધી તૃપ્તિ થાય છે.<— આવા <u>મનુસ્મૃતિ</u>ના આપવાદિક વચનનું પ્રયોજન છે પૂર્વજોની પ્રીતિ. આ રીતે વિધિ અને નિષેધનું ( ઉત્સર્ગ-અપવાદનું) પ્રયોજન અલગ અલગ હોવાથી કોઈ પણ

सङ्गच्छते । एवं 'नानृतं ब्रूयात्' इत्येवं परपीडापरिहारार्थं उत्सर्गः, —> 'ब्राह्मणार्थेऽनृतं ब्रूयात्' <— इति **आपस्तम्भसूत्रोक्तः**, —> स्त्रीषु नर्मविवाहे च वृत्त्यर्थे प्राणसङ्कटे । गो-ब्राह्मणार्थे हिंसायां नानृतं स्याज्जुगुप्सितम् । (८/१९/४३) इति **भागवतोक्तः**, —> न नर्मयुक्तं वचनं हिनस्ति न स्त्रीषु राजन्न विवाहकाले ॥ प्राणात्यये सर्वधनापहारे पञ्चानृतान्याहुरपातकानि ॥ <— (आदिपर्व-८२/१६) इति **महाभारतोक्तः**, —> उद्वाहकाले रतिसम्प्रयोगे प्राणात्यये धनापहारे । विप्रस्य चार्थे ह्यनृतं वदेयुः पञ्चानृतान्याहुरपातकानि॥ (१६/३५-महाभारत कर्णपर्व ६९/३३) इति **वशिष्ठधर्मसूत्रो**क्तश्चापवादो ब्राह्मण-विवाह-सम्भोगाद्यर्थः । अत्रापि दुर्विधिप्रतिषेधरूपता स्पष्टैव । कियन्ति च तानि दुर्वचनानि विवेच्यन्ते ? ततश्चैतानि परशास्त्राणि छेदशुद्धिशून्यानीति फलितम् ॥१/२३॥

ननु योऽयं 'न हिंस्यात् सर्वभूतानि' इत्यादिना हिंसानिषेधः स औत्सर्गिकः, वेद-स्मृत्यादिविहिता हिंसा तु मन्त्रादिविधिसंस्कारात् निर्दोषैवेत्याशङ्कायामाह - **'निषिद्धे'**ति ।

**निषिद्धस्य विधानेऽपि हिंसादेर्भूतिकामिभिः ।**
**दाहस्यैव न सद्वैद्यैर्याति प्रकृतिदुष्टता ॥२४॥**

'न हिंस्यात् सर्वभूतानि' इत्यादिना **निषिद्धस्य हिंसादेः** —> श्वेतं वायव्यमजमालभेत भूतिकामः

---

**શાસ્ત્રીય વ્યવસ્થા ત્યાં સંગત થતી નથી. તથા —> 'અસત્ય વચન બોલવું ન જોઈએ.' <— આ ઉત્સર્ગવચનનું પ્રયોજન છે પરપીડાનો પરીહાર જ્યારે —> બ્રાહ્મણને માટે અસ્તય બોલવું. <— આવા <u>આપસ્તંભસૂત્ર</u>માં** જણાવેલ અપવાદનું પ્રયોજન બ્રાહ્મણની પ્રીતિ છે. તેમ જ <u>ભાગવત</u>માં પણ જણાવેલ છે કે —> સ્રીઓને વિશે ક્રીડાના સમયે અને લગ્નસમયે તથા આજીવિકાના માટે, પ્રાણ સંકટમાં આવી પડે ત્યારે, હિંસા વખતે ગાય અને બ્રાહ્મણ માટે જુઠું બોલવામાં આવે તો તે નિન્દિત નથી. <— તે વચન તથા —> વિવાહના પ્રસંગે, સ્ત્રી સાથે ક્રીડા વખતે, પ્રાણના નાશ વખતે, ધનના અપહરણ વખતે અને બ્રાહ્મણને માટે - આ પાંચ વખતે વચનો અસત્ય હોય તો પણ પાપ લાગતું નથી. <—આ રીતે <u>મહાભારત</u> અને <u>વશિષ્ઠધર્મસૂત્ર</u>માં જણાવેલ અપવાદનું પ્રયોજન વિવાહ, કામક્રીડા વગેરે છે. અહીં પણ સત્ય સંબંધી ઉત્સર્ગ-અપવાદમાં પ્રયોજન ભિન્ન હોવાથી દોષયુક્તતા સ્પષ્ટ જ છે. પરકીય શાસ્ત્રોમાં રહેલા આવા દોષવાળા કેટલા વચનો બતાવી શકાય ? તેથી આવા પ્રકારના પરકીય શાસ્ત્રો છેદશુદ્ધિ વિનાના છે- એવું ફલિત થાય છે. <u>(૧/૨૩)</u>

<u>શંકા</u> :- 'કોઈ પણ જીવની હિંસા ન કરવી' ઈત્યાદિ વચનોથી હિંસાનો જે નિષેધ થાય છે - તે ઔત્સર્ગિક છે. જ્યારે 'વેદ, સ્મૃતિ વગેરેથી વિહિત હિંસા તો વૈદિક મંત્ર વગેરે સંબંધી વિધિના સંસ્કારથી નિર્દોષ જ છે. માટે આવી આપવાદિક હિંસાનું વિધાન કરનાર વેદ વગેરે શાસ્ત્ર છેદશુદ્ધિવાળા જ કહેવાય. <— આ શંકાનું સમાધાન આપતા ગ્રંથકારશ્રી ૨૪ મી ગાથામાં જણાવે છે કે -

<u>શ્લોકાર્થ</u> :- નિષિદ્ધ એવી હિંસા વગેરેનું વિધાન, ઐશ્વર્ય વગેરેની ઈચ્છાવાળા જીવોની અપેક્ષાએ કરવામાં આવે તો પણ તેની સ્વાભાવિક દોષગ્રસ્તતા દૂર થતી નથી. નિષિદ્ધ એવા દાહ (= ડામ દેવો) નું ઉત્તમ વૈદ્ય વડે વિધાન કરવામાં આવે તો પણ દાહના બળતરા, પીડા, તાપ વગેરે દોષ દૂર થતા નથી.<u>(૧/૨૪)</u>

## ❀ વેદવિહિત હિંસા પણ પાપજનક છે ❀

<u>ટીકાર્થ</u> :- 'દરેક જીવની હિંસા ન કરવી.' આ રીતે <u>છાન્દોગ્ય</u> ઉપનિષદ્માં હિંસાનો નિષેધ કરવામાં

<— इति **शतपथब्राह्मणग्रन्थे भूतिकामिभिः** कर्तव्यतया विधानेऽपि सामान्यतो निषिद्धस्य **दाहस्य** इव **सद्वैद्यैः** = भिषग्वर्यैः सेव्यतया विधानेऽपि **प्रकृतिदुष्टता** = साहिजकसदोषता **न** = नैव **याति** ।

यथा 'दाहो न कार्यः' इति वैद्यक-निषेधवाक्यनिषिद्धतया दाहमात्रस्यैव अनिष्टसाधनत्वसिद्धेः 'व्याधिनिवृत्त्यर्थं दाहः कार्यः' इत्येवं व्याधिनिवृत्त्युद्देशेन दाहविधानेऽपि दाहतः तापलक्षणो दोषस्तु भवत्येव, स्वभावस्य त्यक्तुमशक्यत्वात् । तथा 'न हिंस्यात् सर्वभूतानि' इत्यनेन राग-द्वेष-मोह-तृष्णादिनिबन्धनहिंसात्वावच्छिन्नस्यानिष्टसाधनत्वसिद्धेः भूत्याद्युद्देशेन क्रत्वङ्गहिंसाविधानेऽपि हिंसासकाशात् पापलक्षणो दोषस्तु स्यात्, तृष्णामूलकहिंसात्वेनैवाऽधर्मजनकत्वात् । भूत्यादिलक्षणं फलं भवतु मा वेत्यन्यदेतत् ।

**एतेन** —> यज्ञार्थं पशवः सृष्टाः स्वयमेव स्वयंभुवा । यज्ञोऽस्य भूत्यै सर्वस्य तस्माद् यज्ञे वधोऽवधः ॥ <— (   ) इति **मनुस्मृति**वचनं **निराकृतम्** । तदुक्तं **शास्त्रवार्तासमुच्चये** —> 'न हिंस्यादिह भूतानि' हिंसनं दोषकृन्मतम् । दाहवत् वैद्यके स्पष्टमुत्सर्गप्रतिषेधतः ॥ ततो व्याधिनिवृत्त्यर्थं दाहः कार्यस्तु नोदिते । न ततोऽपि न दोषः स्यात् फलोद्देशेन नोदनात् ॥ एवं तत्फलभावेऽपि नोदनातोऽपि सर्वथा ।

---

આવ્યો છે. તેથી —> ભૂતિની = ઐશ્વર્યની ઈચ્છાવાળાએ વાયુદેવતાને માટે શ્વેત બકરાથી યજ્ઞ કરવો જોઈએ. <— આ રીતે <u>શતપથબ્રાહ્મણ</u> ગ્રંથમાં આબાદીની કામનાવાળા જીવો માટે હિંસાનું વિધાન કરવામાં આવે તો પણ હિંસાની દોષપ્રકૃતિ રવાના નથી. સામાન્યથી નિષિદ્ધ એવો દાહ અમુક રોગમાં શ્રેષ્ઠ વૈદ્યો વડે સેવન કરવા રૂપે વિહિત થવા છતાં પણ તેનો બળતરા આપવાનો દોષ સ્વભાવ દૂર થતો નથી. આશય એ છે કે જેમ 'દાહ ન કરવો.' આવા વૈદ્યક શાસ્ત્રોના નિષેધ વાક્યથી નિષિદ્ધ હોવાના લીધે સર્વ પ્રકારના દાહમાં અનિષ્ટસાધનતા સિદ્ધ થાય છે. તેથી જ 'વ્યાધિની નિવૃત્તિ માટે દાહ કરવો' આ રીતે વ્યાધિનિવારણના ઉદ્દેશથી દાહનું વિધાન કરવામાં આવે તો પણ દાહથી તાપ, બળતરા વગેરે દોષ તો થાય જ છે. માટે અહીં એમ કહી ન શકાય કે ''દાહ રોગનિવારણરૂપ ફળવિશેષના ઉદ્દેશ્યથી શાસ્ત્રવિહિત હોવાના કારણે સામાન્યતઃ નિષિદ્ધ હોવા છતાં પણ તેનાથી દોષ થતો નથી.'' તે જ રીતે 'न हिंस्यात् सर्वभूतानि' આ વેદ વાક્યથી સર્વ પ્રકારની હિંસામાં અનિષ્ટજનકતા સિદ્ધ થાય છે. ભલે પછી તે રાગ, દ્વેષ, મોહ, તૃષ્ણા વગેરે કોઈ પણ નિમિત્તથી કરવામાં આવે. માટે આબાદી વગેરેના ઉદ્દેશથી યજ્ઞના અંગભૂત હિંસાનું વિધાન કરવા છતાં પણ હિંસાથી પાપસ્વરૂપ દોષ થશે જ. કારણ કે ઐશ્વર્યની પ્રાપ્તિ માટે વિહિત હોવાથી ઐશ્વર્યની તૃષ્ણા એ યાજ્ઞિક હિંસાનું મૂળ છે. તેથી બીજી હિંસાની જેમ તૃષ્ણામૂલક હિંસાથી પણ પાપબંધ થવો ન્યાયપ્રાપ્ત છે. ઐશ્વર્ય વગેરે સ્વરૂપ ફળ મળે કે ન મળે એ વસ્તુ અલગ છે.

एतेन० । —> યજ્ઞ માટે સ્વયંભૂ પુરૂષે સ્વયં જ પશુઓનું સર્જન કર્યું છે અને યજ્ઞ આ બધાની સમૃદ્ધિ માટે છે. તેથી યજ્ઞમાં થતી હિંસા એ હિંસા નથી <— આવું <u>મનુસ્મૃતિ</u>નું વચન ઉપરોક્ત વિચારવિમર્શથી જર્જરિત થઈ જાય છે. <u>શાસ્ત્રવાર્તાસમુચ્ચય</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> ''કોઈ પણ જીવની હિંસા ન કરવી.'' આવા વેદવાક્યથી 'હિંસા દોષકારી છે.' એવું અભિમત છે. આ વાત બરાબર તે પ્રકારે માની શકાય છે. જેમ કે ચિકિત્સા શાસ્ત્રમાં 'દાહ ન કરવો.' આવા ઔત્સર્ગિક નિષેધવાક્યથી સર્વ પ્રકારના દાહ દોષકારક તરીકે અભિપ્રેત છે. તેથી ''રોગના નિવારણ માટે દાહ કરવો.'' આ રીતે વ્યાધિના પ્રતિકાર રૂપી ફળને ઉદ્દેશીને થનાર દાહથી દોષ ન થાય એવું નથી, એ જ રીતે ઐશ્વર્યરૂપી ફળને ઉદ્દેશીને યજ્ઞના અંગસ્વરૂપ હિંસાના વિધાયક વાક્યથી થનારી હિંસાથી ભલે ઐશ્વર્યરૂપી ફલ પ્રાપ્ત થાય તો પણ ઔત્સર્ગિક દોષ અવશ્ય

ध्रुवमौत्सर्गिको दोषो जायते फलनोदनात् ॥ <— (स्त./गा.४६/४७/४८) इति ।

युक्तश्चैतत् । न हि यन्निमित्तत्वेन यत् प्रसिद्धं तत् फलान्तरार्थित्वेन विधीयमानमौत्सर्गिकं दोषं न निर्वर्त्तयति; यथाऽऽयुर्वेदप्रसिद्धं दाहादिकं रुगपगमार्थितया विधीयमानं स्वनिमित्तं दुःखम् । क्लिष्टकर्मसम्बन्धहेतुतया च मखविधानादन्यत्र हिंसादिकं शास्त्रे प्रसिद्धमिति सप्ततन्तावपि तद् विधीयमानं काम्यमानफलसद्भावेऽपि तत्कर्मनिमित्तं तद् भवत्येव । न च हिंसातः स्वर्गादिसुखप्राप्तावसुखनिर्वर्त्तकक्लिष्टकर्महेतुताऽसङ्गता; नरेश्वराराधननिमित्तब्राह्मणादिवधनिर्वर्त्तितादृष्टनिमित्तो न भवति तर्हि स्वर्गादिप्राप्तिरप्यध्वरविहितहिंसानिर्वर्त्तिता न भवतीति समानम् <— (सं.त. ५/६० - पृ. २९८) इति व्यक्तं **सम्मतितर्कवृत्तौ** । ततश्च वेदविहितत्वहेतुना वैध-हिंसादेर्निर्दोषता नैव सङ्गतिमङ्गतीति भावः ॥१/२४॥

दृष्टान्त-दार्ष्टान्तिकयोः वैधर्म्यमाशङ्क्य प्रतिक्षिपति - **'हिंसे'**ति ।

**हिंसा भावकृतो दोषो, दाहस्तु न तथेति चेत् ।**
**भूत्यर्थं तद्विधानेऽपि, भावदोषः कथं गतः ? ॥२५॥**

---

થશે જ. <— આ વાત ખરેખર યુક્તિસંગત જ છે. આનું કારણ એ છે કે જે અનુષ્ઠાન જેના ઉત્પાદક હેતુ તરીકે પ્રસિદ્ધ હોય તે જો બીજા કોઈ ફળની કામનાથી કરવામાં આવે તો પણ તેનું જે પ્રસિદ્ધ ઔત્સર્ગિક દોષરૂપ ફળ છે (જેના ઉત્પાદક તરીકે આ અનુષ્ઠાન પ્રસિદ્ધ છે) તેને ઉત્પન્ન ન કરે એવું નથી. અર્થાત્ કરે જ. દા.ત. બળતરાની પીડાના ઉત્પાદક તરીકે દાહ પ્રસિદ્ધ છે. તેથી આયુર્વેદ શાસ્ત્રમાં સામાન્યથી દાહ કરવાનો નિષેધ છે. છતાં પણ કોઈ વિશેષ પ્રકારની બિમારીને દૂર કરવા માટે આયુર્વેદમાં દાહનું વિધાન પણ કરવામાં આવેલ છે. પરંતુ તેનો મતલબ એ નથી કે આયુર્વેદવિહિત હોવાના કારણે દાહ બળતરાની પીડા ઉત્પન્ન ન કરે. બરાબર આ જ રીતે યજ્ઞવિધાયક વાક્યોથી ભિન્ન વેદવાક્યો દ્વારા હિંસાનો નિષેધ એટલા માટે કરવામાં આવેલ છે કે હિંસા એ ક્લિષ્ટ કર્મબંધનો હેતુ છે આથી જો સપ્તતન્તુ વગેરે વેદવિહિત અનુષ્ઠાનોમાં હિંસા કરવાથી કદાચ ઈષ્ટ ફળની સિદ્ધિ થાય તો પણ ક્લિષ્ટ કર્મબંધ તો થયા વગર રહેશે જ નહિ.

જો એમ કહેવામાં આવે કે —> વેદવિહિત હિંસામાં વેદવાક્યોથી સ્વર્ગાદિપ્રાપ્તિસ્વરૂપ ફળ પ્રસિદ્ધ છે. તેથી તેમાં ક્લિષ્ટકર્મબંધની કારણતા માનવી યોગ્ય નથી <— તો આ દલીલ વાહિયાત છે. આનું કારણ એ છે કે કોઈ માણસ રાજાને પ્રસન્ન કરવા માટે રાજાના શત્રુ એવા બ્રાહ્મણની હિંસા કરે તો ખુશ થયેલ રાજા તે માણસને ગામ વગેરેની ભેટ આપે છે. અહીં બ્રાહ્મણહત્યાથી સંપત્તિ વગેરે સુખની પ્રાપ્તિ થઈ એનો મતલબ એ નથી કે બ્રાહ્મણહત્યા ક્લિષ્ટકર્મબંધ ન કરાવે. જો એમ કહેવામાં આવે કે —> બ્રાહ્મણહત્યાથી ગામ વગેરે સંપત્તિનો લાભ હત્યાજનિત કર્મમૂલક નથી. માટે ત્યાં ક્લિષ્ટ કર્મબંધ થઈ શકે છે. પરંતુ યજ્ઞ વગેરેમાં થનાર હિંસાથી તો સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ હિંસાજનિત કર્મમૂલક હોય છે. માટે યજ્ઞસ્થલીય હિંસાથી ક્લિષ્ટકર્મબંધ નહિ થાય <— તો આ તર્ક પણ બોગસ છે. કેમ કે અહીં પણ કહી શકાય છે કે યજ્ઞસ્થલીય હિંસાથી સ્વર્ગાદિ ફળની પ્રાપ્તિ પણ વેદવિહિત યજ્ઞહિંસાજનિત કર્મમૂલક નથી (પરંતુ કોઈક દેવતા વગેરેની પ્રસન્નતા વગેરેથી જ થઈ શકે છે) માટે વેદવિહિત યજ્ઞહિંસાથી ક્લિષ્ટકર્મબંધ દુર્નિવાર છે. આ પ્રમાણે શ્રી **અભયદેવસૂરિજી** મહારાજે **સમ્મતિતર્કવૃત્તિ**માં જણાવેલ છે. તેથી વેદવિહિતત્વ હેતુ દ્વારા યજ્ઞસ્થલીય હિંસા વગેરેમાં નિર્દોષતા સંગત નથી. આવો ગ્રંથકારશ્રીનો આશય છે. **(૧/૨૪)**

દષ્ટાંત અને દાર્ષ્ટાન્તિકમાં વૈધર્મ્યની શંકા કરી તેનું નિરાકરણ ગ્રંથકારશ્રી કરે છે.

**શ્લોકાર્થ** :- (શંકા) 'હિંસા ભાવસાપેક્ષ દોષ છે જ્યારે દાહ તો ભાવનિરપેક્ષ દોષ છે.' આ શંકાનું સમાધાન

अथ **हिंसा भावकृतो दोषः,** क्लिष्टपरिणामतः करणे एव हिंसा दूषणमित्यर्थः । **दाहस्तु न तथा** = क्लिष्टभावं विनाऽपि दोष एव, बाह्यदोषत्वात् । न ह्यशुभपरिणामादेव दाहः तापजनकः, शुभपरिणामात्तु नेति समस्ति । इत्थञ्च दाहस्य भावनिरपेक्षदूषणत्वेऽपि हिंसाया भावसापेक्षदूषणत्वात् वैदिकहिंसा निर्दोषैवेति चेत् ?

अत्रोच्यते —> **भूत्यर्थं** = भौतिकभोगैश्वर्यादिप्राप्तिकृते **तद्विधानेऽपि** = वेदविहित-पशुहिंसाकरणेऽपि मनोऽशुद्धिलक्षणो **भावदोषः** कथं **गतः** ? स्वर्गादिप्राप्त्यर्थं तांस्तान् देवानुद्दिश्य प्रातिस्विकरूपेण कर्तनकदर्थनया कान्दिशीकान् कृपणपञ्चेन्द्रियान् शौनिकाधिकं मारयतां कृत्स्नसुकृतव्ययेन दुर्गतिमेवानुकूलयतां दुर्लभः शुभ-परिणामः । स्याद्वादिनां श्रावकाणां तु अनन्योपायत्वेन बहुतरासत्प्रवृत्तिविनिवृत्तिप्रधान-विधिविशुद्धयतनया अत्यन्तापकृष्टचैतन्यानां पृथिव्यादिजीवानां जिनायतनादौ वधेऽपि स्वल्पपुण्यव्ययेनापरिमितपुण्यप्राप्तिप्रवणः पावनपरिणामः जिनभक्ति-सम्यक्त्वनिर्मलतादिहेतुः निराबाध एव । —> अनेकानि सहस्राणि कुमारब्रह्मचा-रिणाम् । दिवं गतानि विप्राणामकृत्वा कुलसन्ततिम् ॥ <— इति **आपस्तम्भसूत्र**वचनात् ब्रह्मचर्यपालनात्

---

**એ છે કે ઐશ્વર્ય માટે હિંસાનું વિધાન કરવા છતાં પણ તેમાં ભાવ દોષ કેમ દૂર થાય ? (૧/૨૫)**

## હિંસામાં ભાવસાપેક્ષ દોષનો વિચાર

**<u>ટીકાર્થ</u>** :- અહીં વૈદિક લોકો તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે —> હિંસા એ ભાવસાપેક્ષ દોષ છે. અર્થાત્ ક્લિષ્ટ પરિણામથી હિંસા કરવામાં આવે તો જ એ દોષરૂપ છે. જ્યારે દાહ તેવો નથી. મતલબ કે ક્લિષ્ટ ભાવ વિના પણ એ દોષ જ છે. કારણ કે દાહ એ તો બાહ્ય દોષ છે. ક્લિષ્ટ પરિણામથી જ થતો દાહ એ તાપ, બળતરા, ઉત્પન્ન કરે અને શુભ પરિણામથી થતો દાહ બળતરાને ન કરે એવું નથી. આ રીતે દાહ એ ભાવનિરપેક્ષ દૂષણ હોવા છતાં પણ હિંસા એ ભાવસાપેક્ષ દૂષણ હોવાથી વૈદિક હિંસા એ નિર્દોષ જ છે. <—

अत्रो० । પરંતુ આ દલીલ વાહિયાત છે, કારણ કે ભૌતિક ભોગ, ઐશ્વર્ય વગેરેની પ્રાપ્તિ માટે વેદવિહિત પશુહિંસા કરવામાં પણ મનની અશુદ્ધિ સ્વરૂપ ભાવ દોષ કેવી રીતે ચાલ્યો જાય ? કારણ કે સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ માટે તે તે દેવોને ઉદ્દેશીને વ્યક્તિગત રૂપે સ્પષ્ટ ચૈતન્યવાળા રાંક પંચેન્દ્રિય જીવોને કસાઈ કરતાં પણ વધારે ક્રૂર રીતે યાજ્ઞિકો મારતા હોય છે તે વખતે તે જીવો કપાવાની કદર્થનાને સ્પષ્ટ અનુભવે છે, અને 'કઈ દિશામાં ભાગી જાઉં ?' એવી ઈચ્છાથી ચારે બાજુ જોતાં હોય છે. આ રીતે બેબાકળા થયેલા પશુઓને મારીને કઠોર અને નઠોર બનેલા યાજ્ઞિકો પોતાના તમામ સુકૃતના ખર્ચે દુર્ગતિને જ ઉત્પન્ન કરી રહેલા હોવાથી તેમને શુભ પરિણામ હોવો અત્યંત દુર્લભ છે.

स्याद् ० । અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે જિનાયતન આદિ કાર્યમાં સ્યાદ્વાદી શ્રાવકો દ્વારા જે જીવહિંસા થતી હોય છે તે (૧) પ્રાયઃ અત્યંત અસ્પષ્ટ ચૈતન્યવાળા પૃથ્વી વગેરે એકેન્દ્રિય જીવોની થાય છે. (૨) વળી, અનેક મહાઆરંભની પ્રવૃત્તિથી નિવૃત્તિ મેળવવાના ઉદ્દેશથી ત્યાં ઓછામાં ઓછી હિંસા થાય તે માટે વિધિવિશુદ્ધ યતનાનું પાલન, સાવધાની હોય છે. (૩) વળી, સંસારી ગૃહસ્થને સર્વથા અહિંસક એવા અન્ય ઉપાયોનો અભાવ હોવાથી જ એટલી હિંસા સેવવી પડે છે. (૪) વળી, આ જે અનિવાર્ય હિંસા થતી હોય છે તેમાં શ્રાવકને ભૌતિક સુખ સમૃદ્ધિને મેળવવાનો ઉદ્દેશ નથી હોતો, પરંતુ જિનભક્તિ, સમ્યક્ત્વનિર્મળતા, વિરતિપ્રાપ્તિ અને મુક્તિ વગેરે જ ઉદ્દેશ્ય હોય છે. તેથી તે હિંસા તૃષ્ણામૂલક નથી. આ ચાર હેતુના કારણે ત્યાં અલ્પ પુણ્યનો વ્યય થાય છે. અને અપરિમિત પુણ્યની પ્રાપ્તિ થાય જ છે. આમ વૈદિક હિંસા અને જિનાયતનસંબંધી થતી હિંસામાં આકાશ-પાતાળનું અંતર રહેલું છે.

વળી, <u>આપસ્તંભસૂત્ર</u>માં જણાવેલ છે કે —> કુમારપણાથી જ બ્રહ્મચારી એવા હજારો બ્રાહ્મણો કુલસંતતિને = પુત્રોને ઉત્પન્ન કર્યા વિના જ દેવલોકને પામ્યા છે. <— આનાથી ફલિત થાય છે કે બ્રહ્મચર્યના

स्वर्गप्राप्तिसम्भवेऽपि एवं दम-दया-पवित्रसुवर्णादिप्रदानमात्रेण च पुण्योपार्जनसम्भवेऽपि तत्सर्वं परित्यज्य कृपणपशुगणमारणोद्यमो वैदिकानां केवलं निर्घृणत्वमेव व्यनक्ति । वेदोक्तविधिपालनरूपः परपरिकल्पितः शुभभावस्तु निरुक्तक्लिष्टपरिणामेन दूरोत्सारित एव । ततो यज्ञादिना स्वर्गादिलाभोऽपि निराकृतो मन्तव्यः, अत्यन्तदुष्टकारणप्रभवस्य सुगत्यादिलक्षणसत्कार्यहेतुत्वात् ॥१/२५॥

वेदविहितत्वहेतुना कर्तव्यता-निर्दोषताङ्गीकारेऽन्यत्रातिप्रसङ्गमापादयति - 'वेदे'ति ।

**वेदोक्तत्वान्मनःशुद्ध्या, कर्मयज्ञोऽपि योगिनः ।**
**ब्रह्मयज्ञ इतीच्छन्तः, श्येनयागं त्यजन्ति किम् ? ॥२६॥**

'अहरहःजुहुयात्' इत्यादिरूपेण **वेदोक्तत्वात्** = वेदविहितत्वात् **मनःशुद्ध्या** = चेतोविशुद्ध्या क्रियमाणः यज्ञादिरूपः **कर्मयज्ञोऽपि ब्रह्मयज्ञ** एव **इति** = एवंप्रकारेण **इच्छन्तः योगिनः** 'श्येनेनाभिचरन् यजेत्' इत्यनेन विहितं **श्येनयागं** शत्रुवधानुकूल-पापव्यापाररूपाभिचारफलं नरकादिदुर्गतिप्रापकं किं त्यजन्ति, वेदोक्तत्वस्य तत्रापि सत्त्वात् 'वेदविहितमहं कुर्वे' इति मनःशुद्धिस्तु श्येनयागेऽपि सम्भवत्येव । एतेन —> विधयः(कर्मविधयः) एवान्तःकरणशुद्धिद्वारा तच्छेषतां (=वेदान्तविधिशेषतां) भजन्ते <— (श्लो.४ पृ. ८१) इति **सिद्धान्तबिन्दु**कृतो वेदान्तिनो **मधुसूदनस्य** वचनं **निरस्तम्**, तत्त्वतः कर्मविधेरन्तःकरण-

પાલન દ્વારા દેવલોકની પ્રાપ્તિ સંભવિત છે, તેમ જ ઈન્દ્રિયદમન, દયા, પવિત્ર સુવર્ણ વગેરેનું દાન કરવા માત્રથી પણ વૈદિક મત અનુસારે પુણ્યોપાર્જન સંભવે છે. છતાં પણ એ બધા ઉપાયોને છોડી, સ્વર્ગ વગેરેની પ્રાપ્તિના ઉદ્દેશથી બિચારા પશુઓના સમૂહને મારવાનો પ્રયાસ કરવો તે ખરેખર વૈદિક લોકોની કેવલ નિર્ઘૃણતાને જ સૂચવે છે. વેદોક્ત વિધિના પાલનસ્વરૂપ શુભ ભાવને યાજ્ઞિકોએ યજ્ઞીય હિંસામાં માનેલો છે. પરંતુ ઉપરોક્ત ક્લિષ્ટ પરિણામથી તે શુભ ભાવ પણ દૂર જ થઈ જાય છે.

માટે યજ્ઞ દ્વારા સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ પણ થઈ શકતી નથી તેવું માનવું. કારણ કે સદ્ગતિ પ્રાપ્તિ સ્વરૂપ સત્ ફળ પ્રત્યે અત્યંત દુષ્ટ હિંસાપ્રચુર યજ્ઞ કારણ બની ન શકે. (૧/૨૫)

વેદવિહિત હોવાના કારણે યજ્ઞસ્થલીય હિંસા એ કર્તવ્ય બને, નિર્દોષ બને- તેવું સ્વીકારતા વૈદિક વિદ્વાનોને અન્ય સ્થળે આપત્તિ આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે ->

<u>શ્લોકાર્થ</u> :- વેદવિહિત હોવાથી ચિત્તશુદ્ધિ દ્વારા કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞ બને છે.- આ પ્રમાણે ઈચ્છતા યોગીઓ શ્યેન યજ્ઞને કેમ છોડી દે છે ? (૧/૨૬)

## ❀ શ્યેનયાગ અને અગ્નિહોત્ર સદોષ ❀

<u>ટીકાર્થ</u> :- 'પ્રતિદિન યજ્ઞ કરવો જોઈએ,' ઈત્યાદિરૂપે યજ્ઞ એ વેદવિહિત છે. 'વેદવિહિત હોવાના કારણે હું યજ્ઞ કરૂં છું.' - આવા પ્રકારની ચિત્તવિશુદ્ધિથી થતો યજ્ઞ એ કર્મયજ્ઞ હોવા છતાં પણ બ્રહ્મયજ્ઞ જ છે. - આવું સ્વીકારતા યોગીઓ શ્યેન યજ્ઞને શા માટે છોડે છે ? કારણ કે વેદવિહિતત્વ તો શ્યેનયજ્ઞમાં પણ રહેલ હોવાથી 'વેદવિહિત યજ્ઞ હું કરૂં છું.' આવા પ્રકારની મનઃશુદ્ધિ શ્યેનયજ્ઞમાં પણ સંભવી જ શકે છે. આમ હોવાથી —> કર્મવિધિ = ક્રિયાકાંડના પ્રતિપાદક વેદવચનો જ અંતઃકરણ શુદ્ધિ દ્વારા વેદાન્તવિધિવાક્યોનું અંગ બને છે. <— આવું <u>સિદ્ધાન્તબિંદુ</u> ગ્રંથના રચયિતા વેદાન્તી <u>મધુસૂદન સરસ્વતી</u>એ જે જણાવેલ છે તે નિરસ્ત થઈ જાય છે. કારણ કે વાસ્તવમાં હિંસાપ્રચુર ક્રિયાકાંડને બતાવનાર વેદવચનો દ્વારા મનઃશુદ્ધિ અસંભવિત છે. બાકી તો શ્યેનયજ્ઞ અને અન્ય યજ્ઞમાં મનશુદ્ધિ સમાન હોવાથી આ બન્ને યજ્ઞમાં સમાન પ્રવૃત્તિ આવશે. અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે શ્યેનયજ્ઞનું ફળ અભિચાર છે. શત્રુવધને અનુકૂળ પાપવ્યાપાર એ અભિચાર પદાર્થ છે. માટે

शुद्ध्यसम्भवात्, अन्यथा श्येनेतरयागयोः तुल्यवत् प्रवृत्त्यापत्तिर्दुर्वारा । तदुक्तं **अध्यात्मसारे** —> नो चेदित्थं भवेच्छुद्धिर्गोहिंसादेरपि स्फुटा । श्येनाद्वा वेदविहिताद् विशेषानुपलक्षणात् ॥ <— (१५/३०) इति । **न च** श्येनादेस्त्वभिचारस्य साक्षादेव निषेधात्, प्रायश्चित्तोपदेशाच्चानर्थहेतुत्वावगमान्न तत्र शिष्टानां प्रवृत्तिरिति **वाच्यम्,** अग्निहोत्रादियज्ञीयहिंसायामपि सामान्यनिषेधानुरोधेनाऽनर्थहेतुत्वावश्यकत्वात्, तत्प्रायश्चित्तबोधकवेदकल्पनाया अप्यावश्यकत्वात् । सामान्यनिषेधपरकवेदवाक्यसङ्कोचे शक्यार्थत्यागेन वेदे लक्षणाश्रयणस्यातिजघन्यत्वादित्यधिकं **स्याद्वादकल्पलतायामनुसन्धेयम्** (स्त.२/गा. ४८-पृ. ५३) ।

ननु ब्रह्मयज्ञ इति किमुच्यते ? उच्यते, सद्गृहस्थस्य परं कर्म वीतरागपूजादिकं ब्रह्मयज्ञ उच्यते, योगिनस्तु शमसंवेदनात्मकं ज्ञानमेव ब्रह्मयज्ञ उच्यते, योगारूढत्वात् । तदुक्तं **ज्ञानसारे** —> ब्रह्मयज्ञं परं कर्म, गृहस्थस्याऽधिकारिणः । पूजादि वीतरागस्य, ज्ञानमेव तु योगिनः ॥ <— (२८/४) इति । योगिनोऽपि योगारम्भदशायां निरवद्यभिक्षाटनादिकं परं कर्म ब्रह्मयज्ञ एव । तदुक्तं **भगवद्गीतायां** —> आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते । योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥ <— (६/३) इति । न चेदमस्माकमनभिमतमिति शङ्कनीयम्, अस्याः कारिकायाः प्रस्तुतप्रकरणकारैणैव **अध्यात्मसारे** स्वसंमतत्वेन

---

શ્યેનયજ્ઞ નરકાદિ દુર્ગતિનો સંપાદક છે. આ કારણે શત્રુહત્યાને ઉદ્દેશીને વેદમાં બતાવેલ શ્યેનયજ્ઞ શિષ્ટ પુરૂષો કરતા નથી. <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> અજ્ઞાનીઓનું કર્મ ચિત્તશોધક નથી હોતું - જો આવું ન માનવામાં આવે તો ગોહત્યા વગેરેથી પણ સ્પષ્ટ રીતે મનની શુદ્ધિ થવાની આપત્તિ આવશે. અથવા તો વેદવિહિત એવા શ્યેનયજ્ઞથી પણ ચિત્તની શુદ્ધિ થવાની આપત્તિ આવશે. કારણ કે અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞ અને શ્યેનયજ્ઞ વચ્ચે કોઈ ભેદ દેખાતો નથી. <—અહીં એવી દલીલ થાય કે —> શ્યેન વગેરે યજ્ઞના ફળસ્વરૂપ અભિચારનો (= હિંસાનો) તો સાક્ષાત્ નિષેધ કરેલો છે. અને તેના માટે પ્રાપશ્ચિત્તનું વેદમાં વિધાન મળે છે. આ બે કારણે શ્યેન યજ્ઞમાં અનર્થસાધનતાનો નિશ્ચય થવાથી શિષ્ટ પુરૂષોની તેમાં પ્રવૃત્તિ થતી નથી. <— તો તેનું નિરાકરણ સરળ છે. તે આ મુજબ- અગ્નિહોત્ર યજ્ઞ વગેરેમાં અંગભૂત હિંસા પણ 'न हिंस्यात् सर्वभूतानि' આવા સર્વ પ્રકારની હિંસાના નિષેધ કરનાર વેદવાક્યનો વિષય બનવાથી તેમાં અનર્થહેતુતા માનવી જરૂરી છે. અને આ જ કારણે તેના માટે પણ પ્રાયશ્ચિત્તબોધક વેદની કલ્પના આવશ્યક છે. યજ્ઞસ્થલીય હિંસાના વિધાનને લીધે હિંસાસામાન્યના (= હિંસામાત્રના) નિષેધવાક્યમાં સંકોચ કરવો તે ઉચિત નથી. કારણ કે તેવું કરવા માટે હિંસાસામાન્ય વિષયક નિષેધવચનનો અર્થ એવો કરવો પડશે કે ''યજ્ઞસ્થલીય પશુઓથી ભિન્ન પ્રાણીઓની હિંસા ન કરવી.'' અને આ અર્થની પ્રાપ્તિ માટે સામાન્ય નિષેધવાક્યમાં રહેલ 'ભૂત' શબ્દના શક્યાર્થનો ત્યાગ કરીને 'યજ્ઞીયપશુભિન્નભૂત' માં તેની લક્ષણા કરવી પડશે અને લક્ષણા એ જઘન્યવૃત્તિ છે. તેથી વેદ જેવા તમારા મહનીય વાઙ્મયમાં જઘન્યવૃત્તિનું આલંબન એવું ઉચિત નથી.

## ❊ બ્રહ્મયજ્ઞનું સ્વરૂપ ❊

બ્રહ્મયજ્ઞનું સ્વરૂપ શું છે ? એવી જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે કહી શકાય કે વીતરાગની પૂજા વગેરે શ્રેષ્ઠ કર્મ તે ગૃહસ્થ માટે બ્રહ્મયજ્ઞ કહેવાય છે અને યોગીઓ માટે શમસંવેદન જ્ઞાન એ જ બ્રહ્મયજ્ઞ છે. <u>જ્ઞાનસાર</u> ગ્રંથમાં પણ આ જ વાત જણાવેલ છે. યોગીઓને પણ યોગારંભદશામાં (પ્રાથમિક સાધનાદશામાં) નિરવદ્ય ભિક્ષાટન વગેરે કર્મ = ક્રિયા બ્રહ્મયજ્ઞ જ છે. <u>ભગવદ્ગીતા</u>માં જણાવેલ છે કે —> યોગમાં પ્રવેશ કરવા ઈચ્છતા મુનિ માટે કર્મ = ક્રિયાયોગ એ સાધન કહેવાય અને યોગમાં આરૂઢ થયા બાદ તેને માટે શમ = શમભાવનું સંવેદન એ જ સાધન કહેવાય છે. <— ભગવદ્ગીતાની આ વાત આપણને માન્ય નથી એવી શંકા ન કરવી. કારણ કે

समुद्धृतत्वात् (अ.सार. १५/२२) । अत एवोक्तं **ज्ञानसारे**ऽपि —> आरुरुक्षुर्मुनिर्योगं श्रयेद् बाह्यक्रियामपि । योगरूढः शमादेव शुद्ध्यत्यन्तर्गतक्रियः ॥<— (६/३) इति भावनीयम् ॥१/२६॥

कर्मविधेः वेदान्तविधिशेषत्वमपाकरोति - '**वेदान्ते**'ति ।

**वेदान्तविधिशेषत्वमतः कर्मविधेर्हतम् ।**
**भिन्नात्मदर्शकाः शेषा वेदान्ता एव कर्मणः ॥२७॥**

**अतः** = हिंसाबहुलयज्ञादेः वेदोक्तत्वेऽप्यतिसावद्यतया मनोमालिन्यकारित्वात् 'अग्निषोमीयं पशुमालभेत' (६/१३) इत्यादेः **ऐतरेयाऽऽरण्यका**दिप्रतिपादितस्य **कर्मविधेः** = क्रियाकाण्डविधानस्य **वेदान्तविधिशेषत्वं** = वेदोपनिषदुक्ताध्यात्मिकविधिवाक्याऽङ्गत्वं **हतं** = पराकृतम्, स्वर्गाद्युद्देश्यककर्मकाण्डभिन्नज्ञानकाण्डगतत्वात् 'तत्त्वमसी'त्यादिवाक्यानाम् । अत एव **शङ्कराचार्यदिग्विजये विद्यारण्यस्वामिना** —> क्रत्वङ्गयूपादिकमर्यमादिदेवात्मना वाक्यगणः प्रशंसन् । शेषः क्रियाकाण्डगतो यदि स्यात् काण्डान्तरस्थोऽपि भवेत् कथं सः ? ॥ (८/८१) <— इत्युक्तम् ।

મૂળગ્રંથકારશ્રીએ જ <u>અધ્યાતમસાર</u> ગ્રંથના ૧૫મા યોગઅધિકારમાં ભગવદ્ગીતાનો શ્લોક ઉદ્ધૃત કરેલ છે. **<u>અધ્યાત્મસાર</u>**માં ગીતાનો ઉપરોક્ત શ્લોક પૂર્વપક્ષ તરીકે નહીં, પરંતુ પોતાની વાતની પુષ્ટિ કરનાર સાક્ષી પાઠ તરીકે લીધેલ છે. તેથી **<u>જ્ઞાનસાર</u>**માં પણ કહેલું છે કે —> યોગમાં પ્રવેશ કરવાની ઈચ્છાવાળા મુનિ બાહ્ય ક્રિયાનો પણ આશ્રય કરે અને યોગમાં આરૂઢ થયેલ મુનિ તો આંતરિક ક્રિયાવાળા હોવાથી શમભાવથી જ શુદ્ધ થાય છે. <— આ રીતે બ્રહ્મયજ્ઞના સ્વરૂપથી આત્માને ભાવિત કરવો. **<u>(૧/૨૬)</u>**

કર્મવિધાન વેદાન્તવિધાનનું અંગ નથી - એવું જણાવતા ગ્રંથકારશ્રી કહે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- આથી કર્મવિધાનને વેદાંતવિધાનનું અંગ માનવું ખંડિત જાય છે. કારણ કે કર્મવિધિ સિવાયના, (દેહ, ઈન્દ્રિય, મન વગેરેથી) ભિન્ન એવા આત્માનું દર્શન કરાવનારા વેદાન્ત વાક્યો એ પોતાના અંગભૂત છે. **<u>(૧/૨૭)</u>**

## ❀ કર્મવિધિ વેદાન્તવિધિનું અંગ નથી ❀

**<u>ટીકાર્થ</u>** :- —> 'अग्निषोमीयं पशुमालभेत' અર્થાત્ 'અગ્નિ અને સોમ યજ્ઞ સંબંધી પશુનો વધ કરવો' આ રીતે **<u>ઐતરેયઆરણ્યક</u>** વગેરે ગ્રંથમાં બતાવેલ કર્મવિધિ (= ક્રિયાકાંડવિધાન) એ વેદાન્તવિધિ = વેદ ઉપનિષદ્માં જણાવેલ આધ્યાત્મિક વિધિવાક્યોનું શેષ = અંગ છે. <— આવું વૈદિકોનું કથન પૂર્વોક્ત હેતુથી ખંડિત થઈ જાય છે. કારણ કે પૂર્વે (૨૩ મા શ્લોકમાં) જણાવ્યા મુજબ ઔત્સર્ગિક વિધિવાક્યના ઉદ્દેશથી ભિન્ન ઉદ્દેશથી પ્રવૃત્ત થયેલ વાક્ય અપવાદ વાક્ય ન બની શકે. અર્થાત્ સામાન્યવિધિ સ્વરૂપ ઉત્સર્ગ વાક્યની અપેક્ષાએ તે વિશેષવિધિસ્વરૂપ અપવાદ વાક્ય ન બની શકે. આશય એ છે કે પ્રસ્તુતમાં સ્વર્ગલક્ષી ક્રિયાકાંડપ્રતિપાદક વાક્યો એ મોક્ષ ઉદ્દેશ્યક 'तत्त्वमसि' વગેરે ઔત્સર્ગિક વેદાન્ત વાક્યોના વિશેષ વિધાન રૂપે બની ન શકે. કેમ કે ક્રિયાકાંડ વિધાનનું ઉદ્દેશ્ય સ્વર્ગ વગેરે ભૌતિક લાભ છે અને જ્ઞાનકાંડસ્વરૂપ વેદાન્તવાક્યોનું ઉદ્દેશ્ય મોક્ષ છે. જ્ઞાનકાંડ અને ક્રિયાકાંડના ઉદ્દેશ તદ્દન વિલક્ષણ હોવાથી ક્રિયાકાંડના વિધાનો ક્યારેય પણ જ્ઞાનકાંડના અંગભૂત બની ન શકે. માટે જ ક્રિયાકાંડવાદી મીમાંસકમુર્ધન્ય મંડનમિશ્રની સાથે વાદ કરતાં જ્ઞાનકાંડવાદી આદ્ય શંકરાચાર્યએ જે કહ્યું તેનો ઉલ્લેખ **<u>વિદ્યારણ્યસ્વામી</u>**એ **<u>શંકરાચાર્યદિગ્વિજય</u>** ગ્રંથમાં આ પ્રમાણે કરેલ છે કે ''યજ્ઞના ખીલા, પાષાણ આદિ અંગોને બતાવનાર 'आदित्यो यूपः; यजमानः प्रस्तरः' 'ખીલો સૂર્ય છે તથા પાષાણ યજમાન છે' ઈત્યાદિ વાક્યો કર્મકાંડમાં જ રહેલ છે. તેથી તે વાક્યોને વિધિવાક્યોનાં અંગરૂપ ગણવા હોય તો ગણી શકાય. પરંતુ 'तत्त्वमसि' આદિ

यद्वा निरवद्यश्रवण-मनन-निदिध्यासनादिविधायकवेदान्तवाक्यशेषत्वं क्रियाकाण्डविधेः न सम्भवति, मनोमालिन्यकार्यत्यन्तसावद्ययज्ञादिविधायकत्वात् । —> वेदान्तो नामोपनिषत्प्रमाणं <— (३) इति **वेदान्तसारकृत् सदानन्दः** । —> शेषत्वं = परेषामुपयोगरूपाऽर्थप्राप्तिः <— इत्यन्ये ।

ग्रन्थकृत् कर्मविधिगतस्य वेदान्तविधिशेषत्वस्य हतत्वमेव स्पष्टयति - यतः **कर्मणो भिन्नात्मदर्शकाः** = स्वर्गोद्देश्यकयज्ञादिकर्मविधेः भिन्ना आत्मदर्शका **वेदान्ताः शेषाः** = वेदान्तविध्यङ्गभूताः । अयं भावः यथा 'इन्द्रमुपासीत' इति विधिवाक्यस्य शेषतया 'इन्द्रः सहस्राक्षः' इति सिद्धार्थवाक्यं प्रमाणभूतमित्यङ्गीक्रियते मीमांसकैः तथा 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' (२/४/५) इति **बृहदारण्यकोपनिष**ल्लक्षणवेदान्तविधिवाक्यस्याऽङ्गतया 'नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः' (२/२३) इति **भगवद्गीता**वचनं, 'न जायते म्रियते वा विपश्चित् ! नायं कुतश्चिन्न बभूव कश्चित् । अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे' ॥ (१/२/१८) इति **कठोपनिषदा**दिवचनं च प्रमाणभूतमित्यभ्युपगन्तुमर्हति, न तु यज्ञादिविधिवाक्यम् ।

यद्वा - **कर्मणः** = कर्मविधेः सकाशात् **शेषाः** = अवशिष्टाः = कर्मविधिभिन्नाः सकला **वेदान्ताः**

---

વાક્યો તો કર્મકાંડથી જુદા જ્ઞાનકાંડમાં જ રહેલ હોવાથી તેઓને વિધિવાક્યોનાં અંગરૂપે કેવી રીતે માની શકાય ? <— માટે યજ્ઞીયહિંસાદર્શક વેદવાક્યો કયારેય વેદાન્તવાક્યોનું અંગ ન બને.

અથવા એમ પણ કહી શકાય કે 'તત્ત્વમસિ' વગેરે વેદાન્તવાક્ય તો નિરવદ્ય = નિર્દોષ એવા આત્મશ્રવણ-મનન-નિદિધ્યાસન વગેરેના વિધાયક છે, મનની શુદ્ધિને કરનાર છે. તેવા વેદાન્ત વાક્યોના અંગ તરીકે ક્રિયાકાંડના યજ્ઞાદિવિધાયક એવા વિધિવાક્ય કેવી રીતે સંભવે ? કેમ કે હિંસાપ્રચુર યજ્ઞ વગેરે તો અત્યંત સાવદ્ય હોવાના કારણે મનને શુદ્ધ કરનાર નહિ, પણ મલિન કરનારા છે. અહીં ખ્યાલમાં રહે કે વેદાન્તસાર ગ્રંથમાં સદાનંદ નામના વિદ્વાને ઉપનિષદ્ પ્રમાણને વેદાન્ત કરીકે જણાવેલ છે. 'શેષત્વ' પદનો અર્થ અન્ય વિદ્વાનો 'બીજાને ઉપયોગરૂપ અર્થની પ્રાપ્તિ' આવો કરે છે.

કર્મવિધિ વેદાન્તવિધિનું અંગ બને છે - આ વાતના નિરાકરણને ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરતા જણાવે છે કે સ્વર્ગઉદ્દેશ્યક યજ્ઞાદિકર્મવિધિથી ભિન્ન એવા આત્મદર્શક વેદાન્ત વાક્યો એ જ વેદાન્તવિધિ વિધાનના અંગભૂત છે. કહેવાનો મતલબ એ છે કે જેમ '**इन्द्रमुपासीत**' (= ઈન્દ્રની ઉપાસના કરવી) આ વિધિવાક્ય છે. કોઈને શંકા થાય કે ઈન્દ્ર કોણ ? તેનો જવાબમાં '**इन्द्रः सहस्राक्षः**' (= જેને હજાર આંખ છે તે ઈન્દ્ર) આમ શાસ્ત્રમાં જણાવેલું છે. આ વાક્યને મીમાંસક વિદ્વાનો સિદ્ધાર્થ વાક્ય = પ્રસિદ્ધ અર્થનું અનુવાદ કરનારૂં વાક્ય કહે છે. સિદ્ધાર્થ વાક્ય સ્વતંત્ર રૂપે પ્રમાણ નથી, પરંતુ વિધિવાક્યના અંગરૂપે પ્રમાણ છે. આવું મીમાંસકો માને છે. બરાબર આ જ રીતે '**आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्यः ।**' આવા બૃહદ્આરણ્યક ઉપનિષદ્ સ્વરૂપ વેદાન્ત વિધિવાક્યના અંગરૂપે 'આ આત્માને શસ્ત્રો છેદતા નથી અને અગ્નિ બાળતો નથી' આવું ભગવદ્ગીતાનું વચન તથા ''હે વિદ્વાન ! આ આત્મા ઉત્પન્ન પણ થતો નથી. અથવા મૃત્યુ પણ પામતો નથી. ક્યાંયથી પણ કોઈ આત્મા થયો નથી. ઉત્પત્તિરહિત, નિત્ય અને શાશ્વત એવો આ આત્મા ઘણો પ્રાચીન છે કે જે શરીર હણાવા છતાં પણ હણાતો નથી.'' આવું કઠોપનિષદ્નું વચન વગેરે સ્વીકાવું યોગ્ય છે, નહિ કે ક્રિયાકાંડ વગેરેના પ્રતિપાદક વિધિવાક્ય.

અથવા એમ પણ કહી શકાય કે કર્મવિધિ સિવાયના અવશિષ્ટ એટલે કે ક્રિયાકાંડ વિધાનોથી ભિન્ન બધા વેદાન્તો દેહ, ઈન્દ્રિય, મન, સ્વર્ગ વગેરેથી ભિન્ન એવા આત્મતત્ત્વના પ્રાધાન્યને દર્શાવે છે. તેથી દેહ, ઈન્દ્રિય અને મનને

**भिन्नात्मदर्शकाः** = कर्मविधिप्राप्यदेहेन्द्रियमनःस्वर्गादिभिन्नात्मतत्त्वप्रदर्शकाः । ततश्च देहेन्द्रियमनःप्रह्लादकारिस्वर्गादिसाधकस्य कर्मविधेः वेदान्तविधिशेषत्वं न सङ्गच्छते तथा वेदान्तवाक्यजन्यज्ञानात् साक्षादेव परमानन्दप्राप्तिः निःशेषदुःखनिवृत्तिश्च पुरुषार्थो लभ्यत इति वेदान्तविधिवाक्यानां न स्वर्गादिफलककर्मविधिशेषत्वसम्भावना । तथाहि —> क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे <— (मु.२/२/८ यो.शि.५/४५-अ.४/३१) इति **मुण्डकोपनिषद्-योगशिखोपनिषदन्नपूर्णोपनिषद्**-वचनं, —> तमेव विदित्वा अतिमृत्युमेति नान्यः विद्यते पन्था अयनाय <— (६/१५) इति **श्वेताश्वतरोपनिषद्वचनं,** —> तरति शोकमात्मवित् <— (७/१/६) इति **छान्दोग्योपनिषद्**वचनं, —> ज्ञानाग्निःसर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन! <— (४/३७) इति **भगवद्गीता**वचनमित्यादयः प्रकृते शेषा वेदान्ता उच्यन्ते । न च तद्विध्यङ्गता अग्निहोत्रादिकर्मविधीनां सम्भवति, तत्र ज्ञानस्यैवोपादेयतया प्रदर्शनात्। प्रत्युत —> मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति <— (४/५/१९) इति **बृहदारण्यकोपनिषदि** आत्मभिन्न-स्वर्गादिप्राधान्यदर्शिनां निन्दाश्रवणात् तदुपायभूतानां कर्मणां त्याज्यत्वमेवाभिव्यज्यते । —> न कर्मणा न प्रजया न धनेन, त्यागेनैके अमृतत्वमानशुः <— (१/३) इति **कैवल्योपनिषदि** अपि यज्ञकर्मानुपादेयता सूचिता । तदुक्तं **सुबालोपनिषदि** अपि —> न वेदैर्न तपोभिरुग्रैर्न सांख्यैर्न योगैर्नाश्रमैर्नान्यैरात्मानमुपलभते (९) **मार्कण्डेयपुराणे**ऽपि -

---

**આનંદ આપનાર સ્વર્ગ વગેરેને સાધનાર એવા કર્મકાંડ વિધાનો કયારેય પણ વેદાન્તના અંગ = ઘટક બની ન શકે. તથા વેદાન્તવાક્યજન્ય બોધ દ્વારા સાક્ષાત્ જ પરમાનંદની પ્રાપ્તિ અને સર્વદુઃખનિવૃત્તિસ્વરૂપ પુરૂષાર્થ પ્રાપ્ત થાય છે. માટે વેદાન્ત વાક્યો સ્વર્ગ આદિ ફળને આપનાર ક્રિયાકાંડના વિધિવાક્યોના અંગરૂપે બનવાની સંભાવના નથી. ટુંકમાં વેદાન્ત વિધિવાક્યો અને કર્મવિધિવાક્યો - આ બન્ને સ્વતંત્ર = ભિન્ન ભિન્ન વિષયના પ્રતિપાદક છે - તેથી તેઓ એકબીજાના અંગ બને નહિ. તે આ રીતે <u>મુણ્ડક</u> ઉપનિષદ્‌માં જણાવેલ છે કે —> તે શ્રેષ્ઠ તત્ત્વનું દર્શન થાય ત્યારે દૃષ્ટા એવા જીવના કર્મો ક્ષય પામે છે> — <u>યોગશિખા</u> ઉપનિષદ્ અને <u>અન્નપૂર્ણા</u> ઉપનિષદ્‌માં આ જ વાત કરેલી છે. <u>શ્વેતાશ્વતર</u> ઉપનિષદ્‌માં જણાવેલ છે કે —> તે પરમ તત્ત્વને જાણીને મૃત્યુનું અતિક્રમણ થાય છે. અમર થવા માટે બીજો કોઈ માર્ગ નથી. <— તથા —> આત્માને જાણનાર શોકમુક્ત બને છે. <— આવું <u>છાન્દોગ્ય</u> ઉપનિષદ્‌નું વચન, તેમજ <u>ભગવદ્‌ગીતા</u>નું —> હે અર્જુન ! જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મને ભસ્મસાત્ કરે છે. <— આવું વચન વગેરે વચનો એ જ કર્મવિધિભિન્ન વેદાન્ત એટલે કે પ્રસ્તુતમાં શેષ વેદાન્તરૂપે અભિમત છે. અગ્નિહોત્ર વગેરે કર્મકાંડનું વિધાન કરનારા વેદ વચન ઉપરોક્ત બધા વેદાન્ત વિધિવાક્યોના અંગરૂપે બની શકતા નથી. કારણ કે વેદાન્ત વિધિવાક્યમાં જ્ઞાન જ ઉપાદેયરૂપે બતાવેલ છે. તે હમણાં જ આપણે ઉપર જોઈ ગયા. ઊલટું —> મૃત્યુ કરતાં વધુ દુઃખદાયી અવસ્થાને તે પ્રાપ્ત કરે છે જે અહીં આત્મા સિવાયની અન્ય વસ્તુને પ્રધાનરૂપે જુએ છે. <— આ રીતે <u>બૃહદ્‌આરણ્યક</u> ઉપનિષદ્‌માં આત્માથી ભિન્ન સ્વર્ગ આદિ અનેકવિધ ભૌતિક પદાર્થને પ્રધાનરૂપે જોનારા જીવોની નિંદા સંભળાય છે. તેથી સ્વર્ગ વગેરેના ઉપાયભૂત યજ્ઞાદિ ક્રિયાકાંડો ત્યાજ્ય છે - એવું વ્યક્ત થાય છે. —> યજ્ઞાદિસ્વરૂપ ક્રિયાકાંડ, કુલસંતતિ કે ધન વગેરેથી નહિ, પણ ત્યાગથી જ અમુક લોકો અમરપણાને પામ્યા. <— આ રીતે <u>કૈવલ્ય</u> ઉપનિષદ્‌માં પણ યજ્ઞ વગેરે ક્રિયાકાંડ અકર્તવ્યરૂપે સૂચિત કરેલ છે. <u>સુબાલ</u> ઉપનિષદ્‌માં પણ જણાવેલ છે કે —> ન વેદો વડે, નહિ કે યજ્ઞો વડે, નહિ કે ઉગ્ર તપશ્ચર્યાઓ વડે, ન તો સાંખ્યો દ્વારા, ન તો યોગદર્શનના અનુયાયી વડે, ન તો ચારે પ્રકારના આશ્રમને સ્વીકારનારાઓ વડે કે ન તો બીજા વડે આત્મા પ્રાપ્ત થાય છે <— આના દ્વારા પણ મોક્ષના ઉદ્દેશથી આત્મદર્શન કરાવવામાં યજ્ઞ વગેરેની**

—> तस्माद्यास्याम्यहं तात ! दृष्ट्वेमं दुःखसन्निधिम्। त्रयीधर्ममधर्माढ्यं किंपाकफलसन्निभम् ॥ (१०/३१) इति श्रवणात् हिंसाबहुलकर्मणां त्याज्यतैव स्पष्टमाभाति । —> सर्वाणि भूतानि सुखे रमन्ते, सर्वाणि दुःखेषु तथोद्विजन्ति । तेषां भयोत्पादनजातखेदः कुर्यान्न कर्माणि हि जातखेदः ॥ <— (२४५/२५) इति **मोक्षधर्म**वचनादपि वैधहिंसादेः परिहार्यताऽपरिहार्या। **उत्तरमीमांसा**यामपि —> अन्धे तमसि मज्जामः पशुभिर्ये यजामहे । हिंसा नाम भवेद्धर्मो न भूतो न भविष्यति ॥ <— इत्युक्तेः श्येनादाविव ज्योतिष्टोमादौ दुष्टत्वमनपायमेव । तदुक्तं-**पञ्चतन्त्रे**ऽपि —> वृक्षान् छित्त्वा पशून् हत्वा, कृत्वा रुधिरकर्दमम्। यद्येवं गम्यते स्वर्गे, नरके केन गम्यते ? ॥ <— (३/१०७) इति ।

**यत्तु याज्ञवल्क्यस्मृतौ** —> देवान् पितॄन् समभ्यर्च्य खादन् मांसं न दोषभाक् <— (१७९) इत्युक्तं **तत्तु** —> न मांसमश्नीयात् <— (१/१९) इति **तैत्तिरीयब्राह्मण**वचनादेव स्वीकर्तुं न युज्यते । **मनुस्मृतौ** अपि —> मां स भक्षयिताऽमुत्र यस्य मांसमिहाद्म्यहम् । एतन्मांसस्य मांसत्वं प्रवदन्ति मनीषिणः ॥ <— (५/५५) इत्युक्त्या मांसभक्षणं निषिद्धमेव । **पद्मपुराणे**ऽपि —> न वेदैर्न च दानैर्न च तपोभिर्न चाध्वरैः । कथञ्चित् स्वर्गतिं यान्ति पुरुषाः प्राणिहिंसकाः ॥ <—(१/१/३१/२६) इत्येवं यज्ञीयहिंसानिषेधः सूचितः । **व्यासेना**ऽपि **महाभारते** —> प्राणिघातात्तु यो धर्ममीहते मूढमानसः । स वाञ्छति सुधावृष्टिं, कृष्णाऽहिमुखकोटरात् ॥ <— (शान्तिपर्वणि) इत्युक्तम् । दुष्टमग्निष्टोमादि कर्म अधिकारिणाऽपि दोषाऽ-

---

અકિંચિત્કરતા ફલિત થાય છે. **માર્કણ્ડેય** પુરાણમાં પણ —> અધર્મથી ભરેલ, કિંપાકફળસમાન, દુઃખના ઢગલા જેવા આ વેદ ધર્મને જોઈને હે પિતાજી ! હું જાઉં છું <—આ રીતે મહર્ષિ પિતા પ્રત્યેનું પુત્રવચન સાંભળવા મળવાથી હિંસાપ્રચુર યજ્ઞાદિ કાર્યો છોડવા યોગ્ય જ છે- આવું સ્પષ્ટ જણાય છે. —> સર્વ જીવો સુખમાં આનંદ પામે છે અને દુઃખમાં ઉદ્વેગ પામે છે. તેથી તેવા જીવોને ભય ઉત્પન્ન કરાવવાના લીધે જેને ખેદ ઉભો થયો છે એવો શ્રેષ્ઠ બ્રાહ્મણ યજ્ઞાદિ કાર્ય ન કરે. <— આ પ્રમાણે **મોક્ષધર્મ** ગ્રંથના વચનથી પણ વૈદિક હિંસાની પરિહાર્યતા નિરાબાધ છે. **ઉત્તરમીમાંસા**માં પણ જણાવેલ છે કે —> ગાઢ અંધકારમાં આપણે ડૂબીએ છીએ. કારણ કે આપણે પશુઓ દ્વારા યજ્ઞ કરીએ છીએ. હિંસા ખરેખર ધર્મ થયેલ નથી. તે ધર્મરૂપ થવાની શક્યતા નથી. <— આનાથી પણ ફલિત થાય છે કે શ્યેન વગેરે યજ્ઞની જેમ જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞો પણ અવશ્યમેવ દોષયુક્ત જ છે. **પંચતંત્ર** ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> વૃક્ષને કાપીને, પશુને મારીને, લોહીના ખાબોચિયા કરીને જો આ રીતે સ્વર્ગમાં જવાતું હોય તો નરકમાં કોણ જશે ? <—

यत्तु ० । **યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ**માં જે કહ્યું છે કે —> દેવોને અને પિતરોને (= પૂર્વજોને) આપીને માંસને ખાનાર દોષનું ભાજન બનતો નથી. <—તે વચન સ્વીકારવું યોગ્ય નથી. કારણ કે **તૈત્તિરીય બ્રાહ્મણ** ગ્રંથમાં જણાવેલ છે કે —> માંસ ખાવું ન જોઈએ <— **મનુસ્મૃતિ** ગ્રંથમાં પણ —> જેનું માંસ હું અહીં ખાઉં છું તે મને આવતા ભવમાં ખાશે. આ માંસમાં રહેલુ માંસપણું છે- એવું વિદ્વાનો જણાવે છે. 'मां' = મને અને 'स' = તે (આવતા ભવમાં ખાશે.) <—આવું કહેવા દ્વારા માંસભક્ષણનો નિષેધ જ કરેલો છે. **પદ્મપુરાણ**માં પણ —> જીવોની હિંસા કરનારા પુરૂષો વેદ, દાન, તપ કે યાજ્ઞિકો દ્વારા કોઈ પણ રીતે સ્વર્ગમાં પ્રવેશ મેળવતો નથી જ. <— આ પ્રમાણે યજ્ઞસ્થલીય હિંસાનો નિષેધ સૂચવેલો છે **વ્યાસ** મહર્ષિએ પણ **મહાભારતમાં શાંતિપર્વ**માં જણાવેલ છે કે —> મૂઢ મનવાળો જે માણસ પ્રાણીઘાતથી ધર્મને ઈચ્છે છે તે કાળોતરા નાગના મોઢામાંથી અમૃતવૃષ્ટિની ઈચ્છા રાખે છે. <—તેથી દોષગ્રસ્ત એવા અગ્નિષ્ટોમ વગેરે યજ્ઞકાંડો અધિકારી વ્યક્તિએ

सहिष्णुना त्याज्यमेव तत्त्वदर्शिभिः, —> देवोपहारव्याजेन यज्ञव्याजेन येऽथवा । घ्नन्ति जन्तून् गतघृणा घोरां ते यान्ति दुर्गतिम् ॥ <— ( ) इत्युक्तत्वात् वैदिकहिंसायाः कुत्सितत्वं प्रसिद्धमेव । इत्थं कर्मवादिपूर्वमीमांसाग्रन्थानां छेदशुद्धिवैकल्यं मनसिकृत्य **श्रीहेमचन्द्रसूरिभिः अयोगव्यवच्छेदद्वात्रिंशिकायां** —> हिंसादिसंसक्तपथोपदेशादसर्वविन्मूलतया प्रवृत्तेः । नृशंसदुर्बुद्धिपरिग्रहाच्च, ब्रूमस्त्वदन्यागममप्रमाणम् ॥१०॥<— इत्युक्तम् । न च कर्मकाण्डविधेर्हिंसाप्रेरकतयाऽप्रमाणत्वेऽपि वेदान्तवाक्यानामतथात्वात्प्रमाणत्वमेवेति मुग्धता कार्या, एकान्तज्ञानमार्गप्ररूपकत्वेन प्रमादिनामुन्मादजनकतयाऽनुपादेयत्वादिति विभावनीयं विज्ञैः ॥१/२७॥

ननु 'वेदोक्तत्वमवलम्ब्यापि यदि चित्तशुद्धिः न स्यात्, तर्हि किं तत्कारणम्' ? किं परतीर्थिकवचनात्कथमपि तत्कारणं नैवोपलभ्यते ? इत्याशङ्कायामाह - **'कर्मे'**ति ।

**कर्मणां निरवद्यानां चित्तशोधकता परम् ।**
**साङ्ख्याचार्या अपीच्छन्तीत्यास्तामेषोऽत्र विस्तरः ॥२८॥**

परं इति विशेषद्योतकं पदम् । तमेवाह —> **निरवद्यानां** = पापशून्यानां **कर्मणां** = विहितक्रियाणां **चित्तशोधकतां** = मनोविशुद्धिकारणत्वं **साङ्ख्याऽऽचार्या अपि,** किमुत वयमित्यपिशब्दार्थः, **इच्छन्ति**।

---

પણ છોડવા જ જોઈએ, જો તે દોષનો ભાર ઉઠાવવા ન માંગતા હોય તો. તત્ત્વદર્શીઓએ પણ —> દેવપૂજાના બહાને અથવા યજ્ઞના બહાનાથી જેઓ નિર્દય થઈને પશુઓને હણે છે તેઓ અતિરૌદ્ર ગતિને પામે છે. <— આવું કહેલું હોવાથી વૈદિક હિંસા જુગુપ્સિત છે. આ વાત સુપ્રસિદ્ધ જ છે. આમ કર્મકાંડ વાદી પૂર્વમીમાંસા ગ્રંથમાં છેદશુદ્ધિના અભાવને મનમાં રાખીને <u>શ્રીહેમચંદ્રસૂરિજીએ અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> હે પરમાત્મા ! આપના આગમો સિવાયના બાકીના બધા જ આગમોને અપ્રમાણ કહીએ છીએ. કારણ કે તે આગમોમાં હિંસા વગેરેથી ખદબદતા માર્ગનો ઉપદેશ રહેલો છે. વળી, એ આગમો અસર્વજ્ઞના બનાવેલા છે. તથા નિર્દય અને દુષ્ટ બુદ્ધિવાળા લોકોએ (પોતાને ખૂબ અનુકૂળ હોવાથી) તે આગમોનો સ્વીકાર કર્યો છે. <—"કર્મકાંડના વિધાયક વેદવાક્યો હિંસાપ્રેરક હોવાથી અપ્રમાણભૂત ભલે હોય પણ વેદાન્ત વાક્યો તેવા ન હોવાથી તેને પ્રમાણ માનવામાં વાંધો નથી" એવી મુગ્ધતા પણ રાખવા જેવી નથી. આનું કારણ એ છે કે એકાન્ત જ્ઞાનમાર્ગપ્રરૂપક હોવાથી તે હરામહાડકાના લોકો માટે ઉન્માદજનક છે. તેથી તે અનુપાદેય છે. આ બધી વાતોનું પ્રાજ્ઞ પુરૂષોએ શાંતિથી ચિંતવન કરવું. <u>(૧/૨૭)</u>

—> વેદવિહિતત્વનું આલંબન કર્યા પછી જો ચિત્તશુદ્ધિ ન થાય તો કઈ ક્રિયાથી શુદ્ધિ થાય ? શું પરતીર્થિકના વચનોથી ચિત્તશુદ્ધિનું કારણ જરા પણ નથી જ જણાતું ? <— આ શંકાનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે કે —>

<u>શ્લોકાર્થ</u> :- પરંતુ હિંસાદિ દોષથી રહિત અનુષ્ઠાનોને સાંખ્યાચાર્યો પણ ચિત્તની વિશુદ્ધિ કરનારા માને છે. માટે અહીં ઉપરની વાતોનો વિસ્તાર રહેવા દેવો. <u>(૧/૨૮)</u>

## ❋ નિરવધ અનુષ્ઠાન ચિત્તશોધક ❋

<u>ટીકાર્થ</u> :- મૂળ ગાથામાં રહેલ 'परं' એવું પદ વિશેષ અર્થનું દ્યોતક છે. 'હિંસાબહુલ યજ્ઞ ચિત્તશુદ્ધિકારક છે' આવા પૂર્વોક્ત મીમાંસકમતની અપેક્ષાએ અહીં એ વિશેષતા રહેલી છે કે પાપરહિત એવી વિહિત ક્રિયાઓને ચિત્ત શુદ્ધિના કારણરૂપે સાંખ્ય આચાર્ય પણ સ્વીકારે છે તો અમારી તો શું વાત કરવી ? અર્થાત્ નિરવદ્ય વિહિત ક્રિયા ચિત્તશુદ્ધિ કરે છે - આવું અમને પણ માન્ય જ છે. ગાયત્રી જાપ વગેરે દ્વારા ય ચિત્તશુદ્ધિ

गायत्रीजपादिनैव मनःशुद्धिसम्भवे हिंसाबहुलानुष्ठानस्यानभिप्रेतत्वात् सांख्यानाम् । तदुक्तं **मनुस्मृतौ** अपि —> जपेनैव तु संसिध्येत् ब्राह्मणो नात्र संशयः । कुर्यादन्यद् न वा कुर्याद् मैत्रो ब्राह्मण उच्यते ।। <— (  ) इति । तथापि अग्निहोत्रकरणाभिलाषा चेत् ? निरवद्यः स कर्तव्यः । तत्स्वरूपं तु **व्यासेन महाभारते शान्तिपर्वणि** —> ज्ञानपालिपरिक्षिप्ते ब्रह्मचर्यदयाम्भसि । स्नात्वातिविमले तीर्थे पापपङ्कापहारिणि ।। ध्यानाग्नौ जीवकुण्डस्थे दममारुतदीपिते । असत्कर्मसमित्क्षेपैरग्निहोत्रं कुरूत्तमम् । कषायपशुभिर्दुष्टैर्धर्मकामार्थ-नाशकैः । शममन्त्रहुतैर्यज्ञं विधेहि विहितं बुधैः ।। <— ( ) इत्यादिना प्रोक्तम् । ततो मनोविशुद्धिः सुलभैव ।

अन्यान्यपि निरवद्यानि कर्माणि इत्थं ज्ञेयानि । तदुक्तं **तैत्तिरीयोपनिषदि** —> स्वाध्याय-प्रवचनाभ्यां न प्रमदितव्यम् <— (१/११/१) । **विष्णुपुराणे**ऽपि —> ब्रह्मचर्यमहिंसां च सत्याऽस्तेयाऽपरिग्रहान् । सेवेत योगी निष्कामो योग्यतां स्वमनो नयन् ।। स्वाध्याय-शौच-सन्तोषतपांसि नियतात्मवान । कुर्वीत ब्रह्मणि तथा परस्मिन् प्रवणं मनः ।। एते यमाः सनियमाः पञ्च पञ्च प्रकीर्त्तिताः । विशिष्टफलदाः काम्या निष्कामानां विमुक्तिदाः ।। <— (६/७३६-७३७-७३८) इत्युक्तम् ।।१/२८।।

अवसरप्राप्तां शास्त्रस्वर्णस्य तापपरीक्षामवतारयति - **'यत्रे'**ति ।

**यत्र सर्वनयालम्बिविचारप्रबलाग्निना ।**
**तात्पर्यश्यामिका न स्यात्, तच्छास्त्रं तापशुद्धिमत् ।।२९।।**

---

સંભવિત હોવાથી હિંસાપ્રચુર અનુષ્ઠાનો સાંખ્યોને અભિમત નથી. **મનુસ્મૃતિમાં** પણ જણાવેલ છે કે —> જાપ દ્વારા જ બ્રાહ્મણ સિદ્ધ થઈ શકે છે. એમાં કોઈ સંશય નથી. બીજું કાંઈ કરે કે ન કરે છતાં તે મૈત્ર બ્રાહ્મણ કહેવાય છે. <— છતાં પણ અગ્નિહોત્ર યજ્ઞ કરવાની ઈચ્છા હોય તો નિરવદ્ય અગ્નિહોત્ર યજ્ઞ કરવો. તેનું સ્વરૂપ **વ્યાસ** મહર્ષિએ **મહાભારત**માં શાંતિપર્વમાં આ મુજબ જણાવેલ છે. —> જ્ઞાનરૂપી પાળથી બંધાયેલ, બ્રહ્મચર્ય અને દયા રૂપી પાણીવાળા, પાપરૂપી કાદવને દૂર કરનારા એવા અત્યંત નિર્મળ તીર્થમાં સ્નાન કરીને જીવસ્વરૂપ કુંડમાં ઈન્દ્રિય દમન રૂપી પવન દ્વારા પ્રદીપ્ત થયેલ ધ્યાનરૂપી અગ્નિમાં ખરાબ કર્મ સ્વરૂપ ઈંધનને નાંખવા દ્વારા ઉત્તમ એવા અગ્નિહોત્ર યજ્ઞને કરવો. ધર્મ, અર્થ અને કામ પુરૂષાર્થના નાશક એવા દુષ્ટ ક્રોધ વગેરે કષાય સ્વરૂપ પશુઓની સમતા સ્વરૂપ મંત્ર દ્વારા આહુતિ આપીને યજ્ઞને કરવો. કેમ કે પંડિતોએ પણ આવો જ યજ્ઞ કરેલો છે. <— આવા નિરવદ્ય યજ્ઞ દ્વારા મનની નિર્મળતા સુલભ જ છે બીજા પણ નિરવદ્ય કર્મ આ પ્રમાણે જાણવા. જેમ કે **તૈત્તિરીય** ઉપનિષદ્માં જણાવેલ છે કે —> સ્વાધ્યાય અને પ્રવચનથી ભ્રષ્ટ ન થવું <— **વિષ્ણુપુરાણ**માં પણ —> બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય, અચૌર્ય, અપરિગ્રહને નિષ્કામ ભાવનાવાળા યોગીઓએ સેવવા જોઈએ. કેમ કે તેનાથી પોતાનું મન યોગ્યતાને પામે છે. આત્મા ઉપર અંકુશ રાખનાર વ્યક્તિએ સ્વાધ્યાય, શૌચ, સંતોષ, તપ અને પરબ્રહ્મમાં મનને તત્પર કરવું જોઈએ. અહીં જણાવેલ બ્રહ્મચર્ય વગેરે પાંચ યમ અને સ્વાધ્યાય વગેરે પાંચ નિયમ કામનાસહિત કરવામાં આવે તો વિશિષ્ટ ભૌતિક ફળને આપનારા છે અને નિષ્કામ વ્યક્તિને મોક્ષ આપનારા છે. <— આમ જણાવેલ છે. **(૧/૨૮)**

અવસરપ્રાપ્ત થયેલી શાસ્ત્રરૂપ સુવર્ણની તાપ પરીક્ષાને ગ્રંથકારશ્રી રજુ કરે છે.

**શ્લોકાર્થ** :- જે શાસ્ત્રમાં સર્વ નયનું આલંબન કરનાર વિચાર સ્વરૂપ પ્રબલ અગ્નિ વડે તાત્પર્યની મલિનતા ન થાય તે શાસ્ત્ર તાપશુદ્ધિવાળું કહેવાય. (૧/૨૯)

**यत्र शास्त्रे सर्वनयालम्बिविचारप्रबलाग्निना** = सकलसुनयमूलकोहापोहलक्षणेन बलवता वह्निना **तात्पर्यश्यामिका** = विधि-प्रतिषेध-तद्योगक्षेमकारिक्रियानिबन्धनभाववादैदम्पर्यार्थाऽसङ्गतिः **न** = नैव **स्यात् तच्छास्त्रं तापशुद्धिमत्** = तापशुद्धत्वेनाभिमतम् । तदुक्तं **धर्मबिन्दौ** 'उभयनिबन्धनभाववादः = तापः' (२/३७) । उभयोः = कषच्छेदयोः अनन्तरमेवोक्तरूपयोः निबन्धनं = परिणामिरूपं कारणं यो भावः जीवादिलक्षणः तस्य वादः = प्ररूपणा, किमित्याह तापः अत्र श्रुतधर्मपरीक्षावसरे । इदमुक्तं भवति - —> यत्र शास्त्रे द्रव्यरूपतयाऽप्रच्युतानुत्पन्नः पर्यायात्मकतया च प्रतिक्षणमपरापरस्वभावास्कन्दनेनाऽनित्यस्वभावो जीवादिरवस्थाप्यते स्यात् तत्र तापशुद्धिः, यतः परिणामिन्येवात्मादौ तथाविधाशुद्धपर्यायनिरोधेन ध्यानाध्ययनाद्यपरशुद्धपर्यायप्रादुर्भावादुक्तलक्षणः कषः बाह्यचेष्टाशुद्धिलक्षणश्च छेद उपपद्यते, नान्यथेति <— (पृ.३८) इति **मुनिचन्द्रसूरि**कृत-तद्व्याख्या । कषच्छेदशुद्धिसम्भवेऽपि तापशुद्धिविरहे शुद्धिवैकल्यमेव शास्त्रसुवर्णस्य, कूटसुवर्णवत् । तापशुद्धौ सत्यामेव कषच्छेदशुद्धिसाफल्यम् । तथैव कर्मनिर्जरया ध्यानाध्ययनादिविधिः फलवान् नूतनकर्मनिरोधेन हिंसादिनिषेधः सफलः विधि-प्रतिषेधयोः योग-क्षेमाभ्याञ्च शास्त्रोक्तक्रिया फलवती । न चापरिणामिन्यात्मादौ कष-च्छेदौ स्वकार्यं कर्तुं प्रभविष्णू स्यातामिति तापशुद्धावेव तयोः सफलत्वम् । इदमेवाभिप्रेत्य **धर्मबिन्दौ** —> तद्भावेऽपि तापाभावेऽभावः । तच्छुद्धौ हि तत्साफल्यम् <— (२/४०-४१) इत्युक्तम् । जीवादिभाववादशुद्धिस्तु बन्ध-मोक्षोपपत्तित एव । इदमेवाभिप्रेत्य **पञ्चवस्तुके** —>

## ❋ શાસ્ત્રની તાપ પરીક્ષા ❋

**<u>ટીકાર્થ</u> :- જે શાસ્ત્રમાં સર્વ સુનયને આશ્રયીને થનાર ઊહાપોહ (= અન્વયવ્યતિરેકમુખી વિચાર) સ્વરૂપ પ્રબલ અગ્નિ દ્વારા પૂર્વોક્ત (૧૮-૧૯ શ્લોક) વિધિપ્રતિષેધ અને તેના યોગક્ષેમને કરનારી પૂર્વોક્ત (૨૧-૨૨ શ્લોક) ક્રિયાના કારણ સ્વરૂપ જીવ આદિ ભાવવાદનું ઐદંપર્ય અસંગત ન જ થાય તે શાસ્ત્ર તાપશુદ્ધ રૂપે અભિમત છે. <u>ધર્મબિંદુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> પૂર્વોક્ત કષ અને છેદ પરીક્ષાના પરિણામી કારણસ્વરૂપ જીવાદિ ભાવની પ્રરૂપણા એ શાસ્ત્રની તાપ પરીક્ષા છે. <— આનો વિશેષ અર્થ કરતા <u>શ્રીમુનિચંદ્રસૂરિજી</u>એ જણાવેલ છે કે —> કહેવાનો આશય એ છે કે જે શાસ્ત્રમાં દ્રવ્યરૂપે ઉત્પત્તિ તથા વિનાશથી રહિત અને પર્યાયરૂપે પ્રતિસમય અલગ અલગ સ્વભાવને પામવા દ્વારા અનિત્ય સ્વભાવવાળા જીવ આદિ તત્ત્વની વ્યવસ્થા બતાવાય છે તે શાસ્ત્રમાં તાપશુદ્ધિ હોય છે. કારણ કે પરિણામી એવા જ આત્મા વગેરેમાં તથાવિધ અશુદ્ધ પર્યાયને દૂર કરી ધ્યાન, અધ્યયન વગેરે સ્વરૂપ અન્ય શુદ્ધ પર્યાય પ્રગટ થવાથી પૂર્વોક્ત કષ અને બાહ્ય ક્રિયાની શુદ્ધિ સ્વરૂપ છેદ સંભવી શકે છે આત્માને અપરિણામી માનવામાં આવે તો કષ, છેદ અસંભવિત બને. <— અહીં એ પણ ખ્યાલમાં રાખવાનું છે કે શાસ્ત્રરૂપી સુવર્ણમાં કષશુદ્ધિ અને છેદશુદ્ધિની સંગતિ થવા છતાં પણ તાપશુદ્ધિ ન હોય તો તે નકલી સોનાની જેમ અશુદ્ધ જાણવું. તાપશુદ્ધિ હોય તો જ કષશુદ્ધિ સફળ બને. તે આ રીતે -ધ્યાન, અધ્યયન વગેરે વિધિનું ફળ કર્મનિર્જરા છે. નવા કર્મ આવતા બંધ થવા તે હિંસા વગેરેના નિષેધનું ફળ છે. આ વિધિપ્રતિષેધનો (કષનો) યોગક્ષેમ કરવો તે શાસ્ત્રવિહિત ક્રિયાનું (છેદનું) ફળ છે. પરંતુ જો આત્માને અપરિણામી (= એકાંત નિત્ય અથવા એકાંત ક્ષણિક) માનવામાં આવે તો કષ અને છેદ સફળ (= સાર્થક) બની ન શકે. <u>ધર્મબિંદુ</u> ગ્રંથમાં પણ આ જ વાત જણાવેલ છે. જીવાદિ ભાવવાદની શુદ્ધિ તો બંધ-મોક્ષની સંગતિ દ્વારા જ થઈ શકે. આ જ અભિપ્રાયથી <u>પંચવસ્તુ</u> ગ્રંથમાં જણાવેલ છે કે**

जीवाइभाववाओ दिट्ठेट्ठाहिं णो खलु विरुद्धो । बंधाइसाहगो तह एत्थ इमो होइ तावोत्ति ॥१०८०॥ एएण जो विसुद्धो जो खलु तावेण होइ सुद्धोत्ति । एएण वा असुद्धो सेसेहिवि तारिसो नेओ ॥१०८१॥ <— इत्युक्तम् । ततश्च विदुषा शास्त्रस्वर्णस्य तापशुद्धावेव प्राधान्येन यतितव्यमित्युपदेशः ॥१/२९॥

सर्वनयावलम्बनेन तापविशुद्धिमुदाहरणपूर्वं कारिकायुग्मेन विशदयति - **'यथे'**ति ।

**यथाऽऽह सोमिलप्रश्ने, जिनः स्याद्वादसिद्धये ।**
**द्रव्यार्थादहमेकोऽस्मि, दृग्ज्ञानार्थादुभावपि ॥३०॥**

यथा —> 'एगे भवं ? दुवे भवं ? अक्खए भवं ? अव्वए भवं ? अवट्ठिए भवं ? अणेगभूयभावभविए भवं ? <— (व्या.प्र.श. १८ उद्दे. १० - सूत्र ६४८) इत्येवं **व्याख्याप्रज्ञप्ति**प्रदर्शिते **सोमिलप्रश्ने** सति महावीरो **जिनः** = जिनेश्वर —> सोमिल ! एगे वि अहं जाव अणेगभूयभावभविए वि अहं <— इत्येवमुवाच । पुनः —> से केणट्ठेणं भंते ! एवं वुच्चइ - जाव 'भविए वि अहं' ? <— इत्येवं सोमिलाभिधानेन ब्राह्मणेन प्रश्निते सति परमेश्वरः **स्याद्वादसिद्धये** = निखिलदोषागोचराऽनेकान्तवादप्रसिद्धये एकत्रापि धर्मभेदोपरागेणैकत्व-द्वित्वयोरविरोधमभिप्रेत्य —> सोमिला ! दव्वट्ठयाए एगे अहं, णाणदंसणट्ठयाए दुविहे

---

**—> પ્રત્યક્ષ અને અનુમાન = દૃષ્ટ પ્રમાણથી તથા આગમ = ઈષ્ટ પ્રમાણથી જીવાદિ ભાવની પ્રરૂપણા વિરૂદ્ધ ન હોય તેમ જ આત્માના બંધ (સંસાર) અને મોક્ષની સિદ્ધિ શાસ્ત્ર કરે તો તે શાસ્ત્રની તાપપરીક્ષા જાણવી. આ તાપથી જે શુદ્ધ હોય તે જ શાસ્ત્ર વિશુદ્ધ કહેવાય. તાપ પરીક્ષામાં અશુદ્ધ હોય તે કષ અને છેદથી પણ તત્ત્વથી અશુદ્ધ જાણવું. <— તેથી વિદ્વાને શાસ્ત્ર રૂપી સોનાની તાપશુદ્ધિમાં જ પ્રધાન રૂપે પ્રયત્ન કરવો - આવો ઉપદેશ પ્રાપ્ત થાય છે. (૧/૨૯)**

**સર્વ નયના આલંબનથી તાપવિશુદ્ધિને ઉદાહરણપૂર્વક ગ્રંથકારશ્રી બે શ્લોક દ્વારા સ્પષ્ટ કરે છે.**

**શ્લોકાર્થ :- જેમ કે સોમિલનો પ્રશ્ન થયો ત્યારે સ્યાદ્વાદની સિદ્ધિ માટે જિનેશ્વરે કહ્યું કે ''દ્રવ્યની દૃષ્ટિએ હું એક છું, અને દર્શન-જ્ઞાનની અપેક્ષાએ હું ઉભયરૂપ છું. આત્મપ્રદેશના વિચારથી હું અક્ષય અને અવિનાશી છું અને પર્યાયાર્થિક નયને આલંબીને હું અનેક ભૂત-ભાવી પર્યાય સ્વરૂપ છું.'' (૧/૩૦-૩૧)**

## ❋ સ્યાદ્વાદની સિદ્ધિ ❋

**ટીકાર્થ :- જેમ કે '' હે ભગવાન ! શું આપ એક છો ? આપ બે છો ? આપ અક્ષય છો ? આપ અવ્યય છો ? આપ અવસ્થિત છો ? આપ અનેક ભૂત-ભાવી પર્યાયમય છો ?' આ પ્રમાણે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (= ભગવતી સૂત્ર) ગ્રંથમાં જણાવેલ સોમિલ બ્રાહ્મણનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે મહાવીરસ્વામી ભગવાને —> હે સોમિલ ! હું એક પણ છું, હું બે (=દ્વિવિધ)પણ છું, અક્ષય પણ છું, અવ્યય પણ છું, અવસ્થિત પણ છું અને અનેક અતીત-અનાગત પર્યાય સ્વરૂપ પણ છું. <— આ પ્રમાણે જવાબ આપ્યો. તે સાંભળીને સોમિલ બ્રાહ્મણે ફરીથી પ્રશ્ન કર્યો કે —> હે ભગવાન ! આપ કઈ અપેક્ષાએ એમ કહો છો કે ''હું એક પણ છું, અનેક પણ છું... ઈત્યાદિ.'' <— આ રીતે સોમિલ બ્રાહ્મણ દ્વારા ફરીથી પ્રશ્ન થયો ત્યારે સર્વ દોષથી રહિત એવા અનેકાન્તવાદની પ્રસિદ્ધિ માટે 'એક ધર્મીમાં પણ ભિન્ન ભિન્ન ધર્મની અપેક્ષાએ એકત્વ, દ્વિત્વો વિરોધ નથી' એવા અભિપ્રાયથી પરમાત્માએ જણાવ્યું કે —> હે સોમિલ ! દ્રવ્યાર્થિક નયથી હું એક છું. જ્ઞાન-દર્શનની અપેક્ષાએ હું દ્વિવિધ છું. પ્રદેશાર્થની અપેક્ષાએ હું અક્ષય પણ છું, અવ્યય પણ છું, અવસ્થિત**

अहं, पएसट्ठयाए अक्खए वि अहं, अव्वए वि अहं, अवट्ठिए वि अहं, उवयोगट्ठयाए अणेगभूयभावभविए वि अहं । से तेणट्ठेणं जाव... भविए वि अहं <— इत्येवं प्रोक्तवान् । एतदेव ग्रन्थकारः प्रदर्शयति- **अहं द्रव्यार्थात्** = अखण्डद्रव्यार्थिकनयमवलम्ब्य **एकः** = एकत्वसङ्ख्योपेतः **अस्मि**, स्वात्मकजीवद्रव्यस्याऽखण्डस्यैकत्वात् । युक्तश्चैतत् । न हि परमात्मनि प्रदेशार्थतया एकत्वमस्ति, तदवयवभूतानां जीवप्रदेशानामनेकत्वात् । ततश्चात्मप्रदेशविवक्षयानेकात्मकेऽपि परमेश्वरे स्वात्मद्रव्यापेक्षयैकत्वमनाविलमेव । स्याद्वादाङ्गभूतसुनयापेक्षया स्वस्मिन्नेकत्वमुपदर्श्य स्याद्वादघटकसुनयान्तराभिप्रायेण द्वितीयपर्यनुयोगमधिकृत्य प्रभुः प्रत्युत्तरयति - **दृग्ज्ञानार्थाद्** = स्वाविष्वग्भूतदर्शन-ज्ञानद्वयापेक्षया **उभौ** = द्वौ अपि अहम् । युक्तश्चैतत्, कश्चित्स्वभावमाश्रित्यैकत्वसङ्ख्योपेतस्यापि पदार्थस्य स्वभावान्तरद्वयापेक्षया द्वित्वमपि न विरुध्यते । इत्थञ्च सम्यक्स्याद्वादसाम्राज्यमनाविलमाविष्कृतम् । —> तत्र सङ्ग्रहनयाभिप्रायेण प्रथममुत्तरं द्वितीयञ्च व्यवहारनयाभिप्रायेण <— (पृ.९५) इति व्यक्तं **वादमालायाम्** । प्रकृते लोकव्यवहारौपयिको व्यवहारनयो नाभिमतः किन्तु सङ्ग्रहनयगोचरीकृतार्थविभाजकोऽध्यवसायविशेषलक्षण एवेति तु ध्येयम् ॥१/३०॥

**अक्षयश्चाव्ययश्चास्मि, प्रदेशार्थविचारतः ।**
**अनेकभूतभावात्मा, पर्यायार्थपरिग्रहात् ॥३१॥**

---

પણ છું, અને ઉપયોગની અપેક્ષાએ અનેક ભૂત-ભાવી ભાવ સ્વરૂપ છું. આ અપેક્ષાએ મેં કહ્યુ કે "હું એક પણ છું. અનેક પણ છું...ઈત્યાદિ" <—

## ❋ સોમિલ પ્રશ્ન - પ્રત્યુત્તર વિચાર ❋

ઉપરોક્ત બાબતોને જ જણાવતા ગ્રંથકારશ્રી કહે છે કે ' હું અખંડ નયને આશ્રયીને એકત્વ સંખ્યાથી યુક્ત છું, કારણ કે સ્વાત્મક અખંડ જીવ દ્રવ્ય એક જ છે.' દ્રવ્યાર્થની અપેક્ષાએ આ વાત બરોબર જ છે. આનું કારણ એ છે કે પરમાત્મામાં આત્મપ્રદેશની અપેક્ષાએ એકત્વ સંખ્યા નથી રહેલી, કેમ કે આત્માના અવયવ સ્વરૂપ જીવપ્રદેશો અનેક છે. તેથી આત્મપ્રદેશની વિવક્ષાથી અનેકસ્વરૂપ એવા પણ પરમેશ્વરમાં સ્વાત્મક દ્રવ્યની અપેક્ષાએ એકત્વ સંખ્યા નિરાબાધ જ છે. સ્યાદ્વાદના અંગસ્વરૂપ સુનયની અપેક્ષાએ પોતાનામાં એકત્વ બતાવીને સ્યાદ્વાદના ઘટક અન્ય સુનયની અપેક્ષાએ બીજા પ્રશ્નને આશ્રયીને પરમાત્મા જવાબ આપતાં કહે છે કે —> મારાથી અલગ રૂપે બતાવી ન શકાય (= કથંચિત્ અભિન્ન = અવિષ્વગ્ભૂત = અપૃથગ્ભૂત) એવા દર્શન અને જ્ઞાન - આ બેની અપેક્ષાએ હું દ્વિવિધ છું. <— આ વાત બરોબર છે. કેમ કે કોઈ સ્વભાવની અપેક્ષાએ એકત્વ સંખ્યાવાળી વસ્તુમાં અન્ય બે સ્વભાવની અપેક્ષાએ દ્વિત્વ સંખ્યા પણ વિરૂદ્ધ નથી. આમ સમ્યક્ રીતે સ્યાદ્વાદનું સામ્રાજ્ય નિર્દોષ છે- એવું ફલિત થાય છે. આ બન્ને જવાબને લક્ષમાં રાખીને વાદમાલા ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ —> સોમિલ વક્તવ્યમાં સંગ્રહ નયના અભિપ્રાયથી પ્રથમ ઉત્તર અને વ્યવહાર નયના અભિપ્રાયથી બીજો જવાબ જાણવો. <— આમ કહેલ છે. પ્રસ્તુતમાં લોકવ્યવહારમાં ઉપાયભૂત વ્યવહાર નય અભિમત નથી, પરંતુ સંગ્રહ નયના વિષયભૂત અર્થમાં વિભાજન કરે એવો અધ્યવસાયવિશેષ સ્વરૂપ વ્યવહાર નય અભિમત છે, એ વાત ધ્યાનમાં રાખવી. (૧/30)

એક જ ધર્મીમાં અપેક્ષાભેદથી એકત્વ અને અનેકત્વના સમાવેશને બતાવવા દ્વારા વિભજ્યવાદને = સ્યાદ્વાદને પ્રગટ કરીને એક જ ધર્મીમાં વિવક્ષાભેદથી નિત્યત્વ અને અનિત્યત્વના સમાવેશનું સમર્થન કરતા પ્રભુના પ્રત્યુત્તરને

एकत्रापेक्षाभेदेनैकत्वानेकत्वसमावेशोपदर्शनद्वारा विभज्यवादमाविष्कृत्यैकत्रैव विवक्षाभेदेन नित्यत्वानित्यत्वसमावेशं समर्थयति - **प्रदेशार्थविचारतः** = अक्षयाव्ययाऽसङ्ख्येयप्रदेशविवक्षातः अहं **अक्षयः** = ध्वंसाऽप्रतियोगी **अव्ययश्च** = आंशिकेनाऽपि व्ययेन शून्यः **अस्मि,** आत्मप्रदेशानां क्षयाभावात् कतिपयानामपि तेषां व्ययाभावात् । आत्मनः स्वप्रदेशेभ्योऽपृथग्भूतत्वादक्षयत्वमव्ययत्वञ्चोपपत्तिमत् । इत्थञ्च हस्तिकुन्थुप्रभृतिदेहधारणे आत्मनः देहापेक्षया चयापचयधर्मवत्त्वेऽपि स्वप्रदेशापेक्षया चयापचयधर्मविरहो विद्योतितः। न हि हस्तिदेहाङ्गीकारे आत्मप्रदेशा वर्धन्ते कुन्थुशरीरस्वीकारे वात्मप्रदेशाः क्षीयन्ते, तेषामन्यूनानतिरिक्तकृत्स्नलोकाकाशप्रदेशसङ्ख्यापरिमितत्वादित्यधिकमस्मत्कृतायां **जयलता**भिधानायां **स्याद्वादरहस्यटीका**कायामवगन्तव्यम् ।

'अनेकभूतभावभविको भवान् ?' इति सोमिलप्रश्नमुद्दिश्य **'पर्यायार्थपरिग्रहात्** = विविधविषयकोपयोगमपेक्ष्य **अनेकभूतभावात्मा** = विविधविनष्टपर्यायस्वरूप उपलक्षणात् नानाविधवर्तमानपर्यायात्मकोऽनेकविधभविष्यत्पर्यायलक्षणोऽहमस्मि' इत्येवमुवाच वर्धमानस्वामी । युक्तञ्चैतत्, अतीतानागतवर्तमानकालीनानेकविषयकोपयोगानामात्मनः कथञ्चिदभिन्नत्वात्, उपयोगपर्यायानामनित्यत्वाच्च, तदपेक्षयाऽऽत्मनोऽनित्यत्वमप्यनाविलमेवेति स्याद्वादसिद्धिः परमेश्वरेण प्रदर्शिता व्याख्या**प्रज्ञप्तौ** ॥१/३१॥

नन्वेवमेकत्र नयापेक्षयैकान्तस्थापने अनेकान्तो विगच्छेत् अनेकान्तरूपतास्थापने चैकान्तो विलीयेतेत्यनेकान्तासिद्धिरेव ? इत्याशङ्कायामाह - **'द्वयोः'** इति ।

ગ્રંથકારશ્રી જણાવે છે કે —> અક્ષય, અવિનાશી, અસંખ્ય એવા આત્મપ્રદેશની વિવક્ષાથી હું જેનો ક્યારેય પણ નાશ ન થાય તેવો (ધ્વંસાપ્રતિયોગી) અક્ષય છું અને આંશિક પણ વ્યયથી રહિત છું, કેમ કે આત્મપ્રદેશોનો ક્યારેય પણ નાશ થતો નથી. તેમ જ તેમાંથી એક પણ આત્મપ્રદેશનો કયારેય ઘટાડો પણ નથી થતો. આત્મપ્રદેશોથી આત્મા અપૃથગ્ભૂત હોવાથી આત્મપ્રદેશની અપેક્ષાએ આત્મામાં અક્ષયપણું અને અવ્યયપણું યુક્તિસંગત છે. આમ હાથી,કુંથવા વગેરેના શરીર ધારણ કરતી વખતે દેહના કદની અપેક્ષાએ ચયાપચય થવા છતાં પણ આત્મપ્રદેશોની અપેક્ષાએ ચય-અપચય-વૃદ્ધિ-હાનિ) નો અભાવ સૂચિત થાય છે. હાથીનું શરીર ધારણ કરવા છતાં પણ આત્મપ્રદેશો વધતા નથી તેમજ કુંથવાનું શરીર સ્વીકારતા છતાં પણ આત્મપ્રદેશો ઘટતાં નથી, કારણ કે સંપૂર્ણ લોકાકાશના પ્રદેશની સંખ્યા જેટલાં જ પ્રત્યેક આત્માના પ્રદેશો છે, તેનાથી ઓછા કે વધારે નહિ. આ વિષયનો વધુ વિસ્તાર સ્યાદ્વાદરહસ્ય ગ્રંથની અમે બનાવેલી જયલતા ટીકામાં (ઉજ્ઞે ભાગ) જાણવો. "હે ભગવાન ! શું આપ અનેક અતીત-અનાગત પર્યાયાત્મક છો ?" આવા સોમિલ બ્રાહ્મણના પ્રશ્નને ઉદ્દેશીને ભગવાને જવાબ આપ્યો કે "વિવિધવિષયક ઉપયોગ સ્વરૂપ પર્યાયનયની અપેક્ષાએ હું વિવિધ વિનષ્ટપર્યાય સ્વરૂપ છું" ઉપલક્ષણથી અનેક પ્રકારના વર્તમાન અને ભાવી પર્યાયસ્વરૂપ છું. આ વાત યોગ્ય જ છે. કારણ કે અતીત, અનાગત, વર્તમાનકાલીન વિવિધવિષયક અનેક ઉપયોગો આત્માથી કથંચિત્ અભિન્ન છે. તેથી પર્યાયની અપેક્ષાએ અનિત્યતા આત્મા સ્વીકારવામાં કોઈ વાંધો નથી. આ રીતે સ્યાદ્વાદની સિદ્ધિ ભગવતીસૂત્રમાં બતાવેલ છે. **(૧/૩૧)**

અહીં પ્રશ્ન થાય કે 'પૂર્વોક્ત રીતે નયની અપેક્ષા દ્વારા એક વસ્તુમાં એકાંતની સ્થાપના કરવામાં આવશે તો અનેકાંત દૂર થઈ જશે. અને અનેકાંત સ્વરૂપની સ્થાપના કરવામાં આવશે તો એકાંત દૂર થઈ જશે,' તેથી અનેકાંતની સિદ્ધિ નહિ થાય.' તો તેના સમાધાન માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે —>

**द्वयोरेकत्वबुद्ध्यापि, यथा द्वित्वं न गच्छति ।**
**नयैकान्तधियाप्येवमनेकान्तो न गच्छति ॥३२॥**

**यथा द्वयोः** वस्तुनोः 'अयमेकः अयञ्चैकः' इत्येवं **एकत्वबुद्ध्याऽपि द्वित्वं** = अपेक्षाबुद्ध्या जनिता व्यङ्ग्या वा द्वित्वसङ्ख्या **न** = नैव **गच्छति** = निवर्तते किन्तु तिष्ठत्येव, तादृशैकत्वबुद्ध्याः तदविरोधित्वात्। **एवं** = एतत्प्रकारेणैव अनन्तधर्मात्मके वस्तुनि **नयैकान्तधियाऽपि** = एकान्तगोचरसुनयमत्याऽपि प्रमाणसम्पादितः सुनिश्चितः **अनेकान्तः** = निमित्तभेदसापेक्षानेकधर्मात्मकतालक्षणः स्याद्वादः **न गच्छति** = नैवापैति, आपेक्षिकैकान्तगोचरनयधियः सुनिश्चितानेकधर्मापेक्षया लब्धात्मलाभं अनेकधर्मात्मकतालक्षणमनेकान्तं प्रत्यविरोधित्वात् । न ह्येकत्रापेक्षाभेदमृतेऽसमाविशतोरपेक्षाभेदावगाहिधीसत्त्वेऽसमावेशः सम्मतःशिष्टानामिति एकनयविषयत्वस्यैकत्र धर्मिणि सत्त्वेऽपि तदैव नयान्तराभिमतविषयस्य तत्र सत्त्वमबाधितमिति कृत्वा सुनयेन कदापि नयान्तरविषयप्रतिक्षेपो न क्रियते। इदमेवाभिसन्धाय **सिद्धिविनिश्चये** —> द्रव्यार्थिकस्य पर्यायाः सन्त्येवात्राविवक्षिताः । पर्यायार्थिकस्यापि हि सद् द्रव्यं परमार्थतः ॥ <— (१०/५) इत्युक्तमिति ध्येयम् ॥१/३२॥

ननु नयैकान्तधियाऽनेकान्ताऽविगमाऽभ्युपगमे वस्तुनि नयैकान्तः प्रमाणमुतस्विन्न ? इत्याशङ्कायामाह

**શ્લોકાર્થ** :- જેમ બે વસ્તુમાં એકત્વબુદ્ધિ દ્વારા પણ દ્વિત્વ સંખ્યા દૂર થતી નથી તેમ નયની એકાંતબુદ્ધિ દ્વારા પણ વસ્તુનો અનેકાંત દૂર થતો નથી. **(૧/૩૨)**

## ❋ અનેકાંતના અવિરોધી એકાંતને ઓળખીએ ❋

**ટીકાર્થ** :- જે બે વસ્તુમાં 'આ એક અને આ એક' આ પ્રમાણે એકત્વબુદ્ધિ દ્વારા પણ અપેક્ષાબુદ્ધિ દ્વારા ઉત્પન્ન થયેલી કે અભિવ્યક્ત થયેલી દ્વિત્વ સંખ્યા નાશ પામતી નથી, પરંતુ રહે જ છે, કારણ કે તેવી એકત્વબુદ્ધિ દ્વિત્વ સંખ્યાની વિરોધી નથી. આ જ રીતે અનંતધર્માત્મક વસ્તુમાં એકાંતવિષયક સુનય બુદ્ધિથી પણ પ્રમાણસંપાદિત સુનિશ્ચિત નિમિત્તભેદને સાપેક્ષ અનેકધર્માત્મકતા સ્વરૂપ સ્યાદ્વાદ દૂર થતો નથી, કારણ કે સુનિશ્ચિત એવી અનેક અપેક્ષા દ્વારા પ્રતિષ્ઠિત થનાર અનેકધર્માત્મકતા સ્વરૂપ અનેકાંત પ્રત્યે અપેક્ષિત એકાંતવિષયક નયબુદ્ધિ વિરોધી નથી. એક ધર્મીમાં અપેક્ષાભેદ વિના સમાવેશ નહિ પામતા બે ધર્મોનો, અપેક્ષાભેદ અવગાહી બુદ્ધિ હોય ત્યારે, એક ધર્મીમાં સમાવેશ ન જ થાય- એવું શિષ્ટ પુરૂષોને સંમત નથી. પરંતુ સમાવેશ માન્ય જ છે. એક ધર્મીમાં એક નયનો વિષય રહેવા છતાં પણ તે જ સમયે અન્ય નયનો વિષય ત્યાં અબાધિત રીતે રહેલો છે. માટે જ અન્ય નયના વિષયનો અપલાપ સુનય કદાપિ કરતો નથી. આ વાતને ધ્યાનમાં રાખીને જ **સિદ્ધિવિનિશ્ચય** ગ્રંથમાં જણાવ્યું છે કે —> દ્રવ્યાર્થિક નયના મતે ધર્મીમાં અવિવક્ષિત એવા પર્યાયો રહેલા જ છે તેમ જ પર્યાયાર્થિક નયના મતે પણ પરમાર્થથી અવિવક્ષિત દ્રવ્ય વાસ્તવિક જ છે. <— આ વાત ધ્યાનમાં રાખવી. **(૧/૩૨)**

"નયની એકાંતબુદ્ધિ દ્વારા પણ વસ્તુમાં અનેકાન્ત દૂર થતો નથી. - આવું સ્વીકારવામાં આવે તો વસ્તુમાં નયએકાંતની બુદ્ધિ પ્રમાણ છે કે નહિ ?" આવી શંકાનું નિવારણ કરવા માટે ગ્રંથકારશ્રી ૩૩મા શ્લોકમાં જણાવે છે કે —>

- 'सामे'ति ।

**सामग्र्येण न मानं स्याद्, द्वयोरेकत्वधीर्यथा ।**
**तथा वस्तुनि वस्त्वंश-बुद्धिर्ज्ञेया नयात्मिका ॥३३॥**

**यथा द्वयोः** घट-पटयोः **एकत्वधीः** = एकत्वसङ्ख्यावगाहिबुद्धिः **सामग्र्येण** = सम्पूर्णतया **मानं** = प्रमाणं **न** = नैव **स्यात्, तथा** = तेनैव प्रकारेण वस्तुनि **नयात्मिका** = अभिमतवस्तुधर्मालम्बनात्मिका **वस्त्वंशबुद्धिः** = वस्त्वंशरूपतावगाहिनी धीः **सामग्र्येण** = समग्रतया **ज्ञेया** स्याद्वादमर्मज्ञैः । न हि वस्तुनि वस्त्वंशरूपतैवाऽस्ति, किन्तु वस्तुरूपताऽपि ॥१/३३॥

तर्हि नयवादस्य स्वसमये उपादेयता कथं स्यात् ? इत्याशङ्कायामाह - 'एके'ति ।

**एकदेशेन चैकत्व-धीर्द्वयोः स्याद्यथा प्रमा ।**
**तथा वस्तुनि वस्त्वंश-बुद्धिर्ज्ञेया नयात्मिका ॥३४॥**

**द्वयोश्च** = घट-पटयोर्हि **एकत्वधीः** = एकत्वसङ्ख्यावगाहिबुद्धिः **यथा एकदेशेन** = अंशतः **प्रमा** भ्रमानात्मिकैव **स्यात्** = भवेत्, न हि 'घट-पटयोरेकत्वं नास्ती'ति कक्षीकरोति कश्चित् विपश्चित् । **तथा** = तेनैव प्रकारेण **वस्तुनि नयात्मिका** = सुनयलक्षणा **वस्त्वंशबुद्धिः** = वस्त्वंशरूपताधीः **एकदेशेन**

---

__શ્લોકાર્થ__ :- જેમ બે વસ્તુમાં એકત્વની બુદ્ધિ સામસ્ત્યેન = સમગ્રતયા પ્રમાણ નથી તેમ વસ્તુમાં વસ્તુઅંશરૂપતાની નયાત્મક બુદ્ધિ સમગ્રતયા પ્રમાણ નથી. __(૧/૩૩)__

## ❀ સંપૂર્ણતયા પ્રમાણ નય નથી ❀

__ટીકાર્થ__ :- જેમ ઘટ અને પટમાં એકત્વસંખ્યાવિષયક બુદ્ધિ સમગ્રતયા પ્રમાણ નથી જ, તે જ રીતે વસ્તુમાં વસ્તુઅંશપણાની નયાત્મક બુદ્ધિને સ્યાદ્વાદના મર્મને જાણનારા પુરૂષોએ સંપૂર્ણપણે પ્રમાણ ન જાણવી. કારણ કે વસ્તુમાં વસ્તુઅંશરૂપતા જ છે એવું નથી પરંતુ વસ્તુરૂપતા પણ છે. __(૧/૩૩)__

"જો સંપૂર્ણતયા પ્રમાણ તરીકે નયાત્મક બુદ્ધિ માન્ય નથી તો પછી જૈન દર્શનમાં નયવાદ કઈ રીતે સ્વીકાર્ય બનશે ?" આવી શંકાનુ સમાધાન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે →

__શ્લોકાર્થ__ :- જેમ બે વસ્તુમાં એકત્વ બુદ્ધિ એકદેશની અપેક્ષાએ યથાર્થ છે તેમ વસ્તુની અંદર વસ્તુઅંશપણાની નયાત્મક બુદ્ધિ એકદેશથી યથાર્થ જાણવી. __(૧/૩૪)__

## ❀ નય અંશતઃ પ્રમાણ ❀

__ટીકાર્થ__ :- બે વસ્તુમાં એટલે કે ઘટમાં અને પટમાં એકત્વ સંખ્યાવિષયક બુદ્ધિ જેમ અંશતઃ પ્રમાત્મક જ છે. કેમ કે ઘટ-પટમાં એકત્વ સંખ્યા નથી રહેતી - એવું કોઈ પણ વિદ્વાન સ્વીકારતા નથી. બરાબર તે જ રીતે વસ્તુમાં વસ્તુઅંશરૂપતાઅવગાહી સુનયાત્મક બુદ્ધિ પ્રાજ્ઞ પુરૂષોએ અભિપ્રેત અંશની અપેક્ષાએ પ્રમાત્મક જ જાણવી. સુનયના અભિપ્રાયથી જ **તત્ત્વાર્થ શ્લોકવાર્તિકમાં વિદ્યાનંદસ્વામીએ** જણાવેલ છે કે → આ વસ્તુ પણ નથી અને અવસ્તુ પણ નથી પરંતુ એકદેશની અપેક્ષાએ વસ્તુઅંશ કહેવાય છે. જેમ કે સમુદ્રના અમુક ભાગને ઉદ્દેશીને સમુદ્ર અંશ કહેવાય, નહિ કે સમુદ્ર અથવા સમુદ્રભિન્ન. ← આ વાત બરાબર છે, કારણ કે વસ્તુમાં તે તે અંશની અપેક્ષાએ વસ્તુઅંશપણું નથી - એવું નથી, અર્થાત્ છે જ. જો વસ્તુના પ્રત્યેક અંશમાં વસ્તુઅંશરૂપતા ન માનવામાં આવે તો વસ્તુમાં સમગ્રતયા વસ્તુત્વ જ સંભવી નહિ શકે. કારણ કે પ્રત્યેકમાં અંશરૂપે ન રહેનારો ધર્મ સમુદાયમાં રહી ન શકે. - આવો નિયમ શિષ્ટ પુરૂષોને માન્ય છે.

= अभिमतांशापेक्षया **प्रमा** = भ्रमानात्मिकैव **ज्ञेया** प्राज्ञैः । तदुक्तं सुनयाभिप्रायेणैव **तत्त्वार्थश्लोकवार्त्तिके** —> नायं वस्तु न चाऽवस्तु वस्त्वंशः कथ्यते यतः । नासमुद्रः समुद्रो वा समुद्रांशो यथोच्यते ॥ <— (१/६) इति। युक्तश्चैतत्, न हि वस्तुनि तत्तदंशावच्छेदेन वस्त्वंशरूपता नास्ति, अन्यथा समग्रतया वस्तुनि वस्तुत्वमेव न स्यात्, प्रत्येकमंशतोऽसतः समुदायवृत्तित्वाऽयोगात् । इत्थञ्च 'नियनियवयणिज्जसच्चा' (सं.त. ) इति **सम्मतितर्क**वचनमपि सङ्गच्छते ॥१/३४॥

निष्कर्षमाह - **'इत्थमि'**ति ।

**इत्थं च संशयत्वं यद् नयानां भाषते परः ।**
**तदपास्तं द्वयालम्बः प्रत्येकं न नयेषु यत् ॥३५॥**

**इत्थञ्च** = 'समीचीननिमित्तोपदर्शनद्वारा सर्वेषां नयानां प्रमात्वमेवे'ति स्थिते च —> **परः** = स्याद्वादानभिज्ञः परदर्शनी **यद् नयानां** = नानासुनयगुम्फितस्य स्याद्वादस्य **संशयत्वं भाषते** = आक्षिपति <-- तद् **अपास्तं** = निराकृतं मन्तव्यम्, **यत्** = यस्मात् कारणात् **प्रत्येकं नयेषु न द्वयालम्बः** = मिथोविरुद्ध-धर्मद्वयग्राहिता स्वीक्रियते स्याद्वादिभिः। —> **एतेन** स्याद्वादः = संशयवादः <— इति **शङ्कराचार्य**प्रभृतीनां वचनं प्रतिक्षिप्तम् । न हि स्याद्वादघटकेषु नयेषु प्रत्येकं निमित्तद्वितयसापेक्षविरुद्धधर्मयुगलावगाहनमस्माभि-रङ्गीक्रियतेऽनेकान्तवादिभिः, येन नयबुद्धिषु संशयो लब्धात्मलाभः स्यात् । निरवच्छिन्नविरुद्धधर्मद्वयप्रकारक-

આ રીતે —> પોતાના અભિપ્રેત વિષયની અપેક્ષાએ સર્વ નયો સત્ય છે. <— આવું <u>સંમતિતર્ક</u> ગ્રંથનું વચન પણ સંગત થાય છે. <u>(૧/૩૪)</u>

ઉપરોક્ત ૩૩ અને ૩૪ શ્લોકના વિચાર વિમર્શના નિષ્કર્ષને જણાવતા ગ્રંથકારશ્રી કહે છે કે —>

<u>શ્લોકાર્થ</u> :- પરદર્શનીઓ નયોમાં સંશયપણાનો જે આક્ષેપ કરે છે તે આ રીતે નિરાકૃત થઈ જાય છે, કારણ કે પ્રત્યેક નયોમાં બે વિરોધી ધર્મનું અવલંબન રહેલ નથી. <u>(૧/૩૫)</u>

## ❀ નયવાદ સંશયવાદ નથી ❀

<u>ટીકાર્થ</u> :- સ્યાદ્વાદના મર્મને નહિ જાણનાર પરદર્શનીઓ નય વાક્યોમાં અર્થાત્ અનેક સુનયોથી ગર્ભિત સ્યાદ્વાદમાં સંશયાત્મકતાનો જે આક્ષેપ કરે છે તે નિરાકૃત જાણવો. કેમ કે અમે પૂર્વે જણાવી જ ગયેલા છીએ કે સમ્યક્ નિમિત્ત બતાવવા દ્વારા બધા નયો યથાર્થ જ છે. અમે સ્યાદ્વાદીઓ પ્રત્યેક નયોમાં પરસ્પર વિરૂદ્ધ બે ધર્મનું અવલંબંન કરતા નથી. માટે —> સ્યાદ્વાદ એ સંશયવાદ છે <— આવો <u>શંકરાચાર્ય</u> વગેરેનો આક્ષેપ નિરસ્ત થયેલ જાણવો. કારણ કે જૈનમતમાં, સ્યાદ્વાદાત્મક (સુનયાત્મક) જ્ઞાન પ્રત્યેક વસ્તુમાં બે વિરોધી ધર્મનું અવગાહન કરતું હોવા છતાં કોઈ એક જ અપેક્ષાએ (અવચ્છેદકવિધયા) બે વિરોધી ધર્મનું અવગાહન (કે પ્રતિપાદન) કરતું નથી. પરંતુ ભિન્ન ભિન્ન અપેક્ષા (અવચ્છેદક) થી એક ધર્મીમાં બે વિરોધી ધર્મોનું અવગાહન કરે છે. તેથી તે સંશયાત્મક નથી. સંશય તો અલગ અપેક્ષા બતાવ્યા વિના અથવા એક જ અપેક્ષાએ એક ધર્મીમાં બે વિરુદ્ધ ધર્મનું અવગાહન કરે છે. સ્યાદ્વાદમાં આવું હોતું નથી. દા.ત. આત્મદ્રવ્યની અપેક્ષાએ આત્મા નિત્ય છે અને મનુષ્યપણાની અપેક્ષાએ આત્મા અનિત્ય છે- આ રીતે સર્વ નયો પોતાના વ્યક્તિગત યોગ્ય નિમિત્તને આગળ કરીને જ પ્રવૃત્તિ કરે છે. તેથી 'નયબુદ્ધિ સંશયાત્મક છે' એવું માનવાને અવકાશ નથી રહેતો. આત્મામાં નિત્યત્વ અને અનિત્યત્વ છે - આવું પ્રતિપાદન કોઈ પણ એક નય નથી કરતો જેને કારણે સંશય થઈ શકે. આ વાતને દઢતાપૂર્વક વિચારવી. <u>(૧/૩૫)</u>

અહીં એવી શંકા થઈ શકે છે કે —> વસ્તુના અંશને ગ્રહણ કરનાર પ્રત્યેક નયો પરસ્પર બે વિરૂદ્ધ ધર્મનો

मवच्छेदकभेदानालिङ्गितविरुद्धधर्मद्वितयप्रकारकं वा समानविशेष्यकं ज्ञानं संशय उच्यते । अवच्छेदकभेदावच्छिन्न-विरुद्धधर्मद्वयप्रकारकं समानविशेष्यकं ज्ञानं हि नानासुनयात्मकं स्याद्वादसंज्ञकम् । प्रातिस्विकमेव समीचीननिमित्तं पुरस्कृत्यैव सर्वेषां सुनयानां प्रवर्त्तनान्न संशयास्पदत्वं तेषामिति दृढतरमवधेयम् ॥१/३५॥

ननु वस्त्वंशग्राहकैर्नयैः प्रत्येकं मिथोविरुद्धधर्मद्वयानाश्रयणेऽपि सामस्त्येन वस्तुग्राहकस्य स्याद्वादिसम्मतस्य प्रमाणस्य तु परस्परविरुद्धधर्मद्वयावलम्बित्वात् संशयत्वमपरिहार्यमेवेत्याशङ्कायामाह - **'सामे'**ति ।

**सामग्र्येण द्वयालम्बेऽप्यविरोधे समुच्चयः ।**
**विरोधे दुर्नयव्राताः, स्वशस्त्रेण स्वयं हताः ॥३६॥**

एकत्रैव वस्तुनि **सामग्र्येण** = सामस्त्येन **द्वयालम्बेऽपि** = अन्योन्यविरुद्धधर्मद्वयाश्रयणेऽपि समुचितापेक्षाभेदप्रदर्शनेन **अविरोधे** = विरोधपरिहारे सति नयानां **समुच्चयः** प्रमाणलक्षणः धर्माणां च **समुच्चयः** अनेकान्तलक्षणः न प्रतिक्षेप्तुं युज्यते । तथाहि 'घटरूपेण मृद्द्रव्यं नष्टं, मृद्रूपेण न नष्टमि'ति स्वरसवाहिसार्वलौकिकप्रतीत्या घटपर्यायापेक्षयाऽनित्यस्य सतो मृद्द्रव्यस्य मृत्त्वेन नित्यत्वसिद्धौ द्रव्यार्थ-पर्यायार्थनयसमुच्चयलक्षणेन प्रमाणेन सामस्त्येन घटे नित्यानित्योभयात्मकतालक्षणः नित्यत्वानित्यत्वधर्म-समुच्चयोऽबाधित एव, इत्थञ्च समुचितनयसमुच्चयलक्षणप्रमाणपुरस्कारेण स्याद्वादसाम्राज्ये विरोधलेशोऽपि नास्तीत्येकत्रैकदा सन्निमित्तापेक्षया नानानयसमुच्चयो विविधधर्मसमुच्चयश्च निर्मलनयनद्वितयवच्चकास्ते ।

---

આશ્રય ન કરવા છતાં પણ (અર્થાત્ એક નયમાં નિત્યત્વ, અનિત્યત્વ સ્વરૂપ બે વિરોધી ધર્મનું અવગાહન માન્ય નથી છતાં પણ) સંપૂર્ણરૂપે વસ્તુને ગ્રહણ કરનાર અને સ્યાદ્વાદીને સંમત એવું પ્રમાણ તો પરસ્પર વિરોધી બે ધર્મોનો એક વસ્તુમાં સ્વીકાર કરે જ છે.તેથી તે પ્રમાણ સંશયાત્મક હોવાની આપત્તિ તો અપરિહાર્ય જ છે <— આનું સમાધાન કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —>

<u>શ્લોકાર્થ</u> :- એક ધર્મીમાં સમગ્રતયા બે ધર્મનું આલંબન લેવા છતાં પણ જો વિરોધ ન આવે તો તેનો સંગ્રહ થઈ શકે છે. વિરોધ કરવાના કારણે તો દુર્નયસમૂહો પોતાના જ શસ્ત્રથી પોતે હણાયેલા છે.<u>(૧/૩૬)</u>

## ✡ નયસમુચ્ચય = પ્રમાણ; ધર્મસમુચ્ચય = અનેકાંત ✡

<u>ટીકાર્થ</u> :- એક જ વસ્તુમાં સમગ્રતયા અન્યોન્ય વિરૂદ્ધ ધર્મનો આશ્રય કરવા છતાં પણ યોગ્ય અપેક્ષાભેદ બતાવવા દ્વારા વિરોધનો પરિહાર થાય તો નયોના સમુચ્ચય સ્વરૂપ પ્રમાણ અને ધર્મોના સમુચ્ચય (=સંગ્રહ) સ્વરૂપ અનેકાંતનો અપલાપ કરવો યોગ્ય નથી. તે આ રીતે —> 'ઘટરૂપે માટીનો નાશ થયો, પણ માટીરૂપે તેનો નાશ થયો નથી.' આમ સ્વરસવાહી સાર્વલૌકિક પ્રતીતિ દ્વારા ઘટપર્યાયની અપેક્ષાએ અનિત્ય એવા મૃદ્દ્રવ્યમાં મૃત્ત્વરૂપે નિત્યત્વ સિદ્ધ થાય છે. તેથી દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નયના સમુચ્ચય સ્વરૂપ પ્રમાણ દ્વારા ઘટમાં સમગ્રતયા નિત્યાનિત્યઉભયાત્મકતા સ્વરૂપ નિત્યત્વ-અનિત્યત્વ ધર્મનો સમુચ્ચય અબાધિત જ છે. આ રીતે યોગ્ય રીતે નયોના સમુચ્ચય કરવા સ્વરૂપ પ્રમાણને આગળ કરવાથી સ્યાદ્વાદના સામ્રાજ્યમાં લેશ પણ વિરોધ રહેલો નથી. માટે એક જ ધર્મીમાં એક જ સમયે યોગ્ય નિમિત્તની અપેક્ષાએ અનેક નયોનો સમુચ્ચય અને વિવિધ ધર્મોનો સમુચ્ચય આ બન્ને, માણસની બે નિર્મળ આંખની જેમ શોભે છે.

## દુર્નયો આપઘાતપ્રેમી છે

सर्वत्र० । સર્વત્ર નિરાબાધ રીતે પથરાયેલ એવા સ્યાદ્વાદના ઘટક અલગ અલગ નયના અભિપ્રાયોમાં દૂષણનો આરોપ કરવા દ્વારા પર નયને અભિપ્રેત ધર્મનો તિરસ્કાર કરવા સ્વરૂપ વિરોધ ઉપસ્થિત થાય ત્યારે નયાભાસના સમૂહો સ્યાદ્વાદના ઘટક એવા અન્ય નયના અભિપ્રાયમાં દૂષણના ઉદ્ભાવનરૂપ સ્વશસ્ત્ર દ્વારા સ્વયં જ હણાયેલ

सर्वत्राऽप्रतिहतप्रसरस्याद्वादघटकतत्तन्नयाभिप्रायदूषणाक्षेपतः परनयाभिप्रेतधर्मतिरस्कारलक्षणे **विरोधे** तु **दुर्नयव्राताः** = नयाभाससमूहाः स्याद्वादघटकीभूतान्यनयाभिप्रायदूषणोद्भावनलक्षणेन **स्वशस्त्रेण स्वयं हताः** = स्वाभिप्रेतार्थस्याप्युच्छेदकाः, सर्वसुनयसमुच्चयस्वरूपप्रमाणसाधितेऽनन्तधर्मात्मके वस्तुनि स्वानभिमतांशापक्षेपे तद्व्याप्यानां स्वधर्माणामपि निवृत्तेः, वस्तुनोऽर्थक्रियाकारित्वाद्यनुपपत्तेश्च । न हि द्रव्यार्थिकनयेन वस्तुनि स्वानभिप्रेताऽनित्यत्वस्यापलापकरणे एकान्तनित्यत्वेन तत्सम्मतस्य वस्तुनोऽर्थक्रियाकारित्वं सम्भवति, अर्थक्रियाकरणाऽकरणकालावच्छेदेन विभिन्नक्रियासमयावच्छेदेन च स्वभावभेदादेकान्तनित्यत्वक्षतेः । एवमेव पर्यायार्थिकनयेन वस्तुनि स्वानभिप्रेतनित्यत्वप्रतिक्षेपकरणे कार्त्स्न्येन क्षणभङ्गुरतयाऽभिमतस्य वस्तुनोऽप्यर्थक्रियाकारित्वं न घटोकोटिमाटीकते, प्रथमक्षणे स्वभूतावेव व्यग्रत्वात्तदनन्तरञ्चाऽसत्त्वादिति सुष्ठूक्तं 'दुर्नयव्राताः स्वशस्त्रेण स्वयं हताः' इति ॥१/३६॥

स्याद्वादे विरोधमाशङ्क्य परिहरति - **'कथमि'**ति ।

## कथं विप्रतिषिद्धानां, न विरोधः समुच्चये ? ।

છે. અર્થાત્ દુર્નયો પોતાના અભિપ્રેત અર્થનો પણ ઉચ્છેદ કરનારા છે. કારણ કે સર્વ સુનયોના સમુચ્ચય સ્વરૂપ પ્રમાણ દ્વારા સિદ્ધ થયેલ અનંતધર્માત્મક વસ્તુમાં પોતાને અનભિમત અંશનો અપલાપ કરવામાં આવે તો પરનયને અભિપ્રેત એવા ધર્મને વ્યાપીને રહેલ પોતાના અભિપ્રેત ધર્મો પણ ઉચ્છેદ પામે છે. તેમ જ પરનયને અભિપ્રેત ધર્મનો અપલાપ કરવામાં આવે તો વસ્તુમાં અર્થક્રિયાકારિત્વ વગેરે પણ સંભવી ન શકે. તે આ રીતે - દ્રવ્યાર્થિક નય વસ્તુમાં પોતાને અનભિપ્રેત એવા અનિત્ય ધર્મનો તિરસ્કાર કરે તો એકાંતનિત્યરૂપે દ્રવ્યાર્થિક નયને સંમત એવી વસ્તુમાં અર્થક્રિયાકારિત્વ સંભવી ન શકે. કેમ કે તે નિત્ય પદાર્થમાં વિવક્ષિત ક્રિયા કરવાના સમયે જે સ્વભાવ છે તેના કરતાં ભિન્ન સ્વભાવ, વિવક્ષિત ક્રિયા ન કરવાના સમયે માનવો જ પડે, નહીં તો તે સમયે પણ વિવક્ષિત ક્રિયા ચાલુ રહેવાની આપત્તિ આવે. આ રીતે સ્વભાવભેદ થવાને કારણે એકાંતનિત્યત્વ હણાઈ જાય છે. તેમ જ વિભિન્ન પ્રકારની ક્રિયાને એક જ નિત્ય વસ્તુ એક સ્વભાવથી કરી ન શકે. તેથી વિભિન્ન ક્રિયા કરવાની અપેક્ષાએ પણ વસ્તુમાં સ્વભાવભેદ માનવો જરૂરી છે. જે સ્વભાવથી વ્યક્તિ ભોજન કરે તે સ્વભાવથી ભણવાનું પણ કામ કરે તેવું માની ન શકાય. નહીં તો ખાઉધરો, મૂર્ખ માણસ પણ ઘણું ભણી શકે. આ જ રીતે પર્યાયાર્થિક નય પણ વસ્તુમાં પોતાને અનભિમત એવા નિત્યત્વ ધર્મનો અસ્વીકાર કરે તો સંપૂર્ણપણે ક્ષણિકરૂપે સ્વને અભિમત વસ્તુમાં પણ અર્થક્રિયાકારિત્વ સંભવી ન શકે. કારણ કે એકાંત ક્ષણિક વસ્તુ પ્રથમ સમયે પોતાની ઉત્પત્તિમાં જ વ્યગ્ર છે અને તેથી તે સમયે કોઈ પણ અર્થક્રિયા = કાર્ય કરી ન શકે, તેમ જ પોતે ક્ષણિક હોવાથી બીજા સમયે નષ્ટ થવાની છે. તેથી બીજા સમયે પણ અર્થક્રિયા કરી ન શકે. આમ અન્ય નયને માન્ય એવા ધર્મનો વસ્તુમાં અસ્વીકાર કરી ન શકાય, ભલે તે ધર્મ પોતાને માન્ય ન હોય. માટે જ ગ્રંથકારશ્રીએ ઉત્તરાર્ધમાં "દુર્નય સમૂહો સ્વશસ્ત્રથી જ સ્વયં હણાયેલા છે" આવી બહુ સુંદર વાત કરી છે. (૧/૩૬)

સ્યાદ્વાદમાં વિરોધની આશંકા કરી તેનો પરિહાર ગ્રંથકારશ્રી કરે છે.

**શ્લોકાર્થ** :- પરસ્પર વિરુદ્ધ ગુણધર્મોનો એકત્ર સમાવેશ કરવામાં વિરોધ કેમ ન આવે ? આ પ્રશ્નનો જવાબ એ છે કે વિભિન્ન અપેક્ષાનું = અવચ્છેદકભેદનું આલંબન કરવાથી તે તે ગુણધર્મોમાં વિરોધ જ ક્યાં રહે છે ? અર્થાત્ અપેક્ષાભેદ વિરોધને હટાવે છે. (૧/૩૭)

## ❖ અપેક્ષાભેદથી અવિરુદ્ધતા ❖

**ટીકાર્થ** :- અહીં એવી શંકા થઈ શકે છે —> પરસ્પર વિરુદ્ધ નિત્યત્વ-અનિત્યત્વ આદિ ધર્મોનો એક વસ્તુમાં

**अपेक्षाभेदतो हन्त, कैव विप्रतिषिद्धता ॥३७॥**

ननु **विप्रतिषिद्धानां** = मिथोविरुद्धनित्यत्वाऽनित्यत्वादिधर्माणां एकत्र वस्तुनि **समुच्चये** = समावेशे **कथं न विरोधः** ? वस्तुनो नित्यत्वेऽनित्यत्वं न स्यात्, अनित्यत्वे वा नित्यत्वं न स्यात्, तयोः सहानवस्थानादिति चेत् ? उत्तरपक्षयति- **'हन्त !'** इति शोचनार्थेऽवगन्तव्यम्, तदुक्तं **हलायुधकोशे** —> शोचने सम्प्रहर्षे च हन्तशब्दः प्रयुज्यते <— (५/८७६) । एकत्रैव वस्तुनि **अपेक्षाभेदतः** = अपेक्षाभेदमवलम्ब्य नित्यत्वाऽनित्यत्वादिसमुच्चये **विप्रतिषिद्धता** = विरोधिता **एव का** ? अपेक्षाभेदोपदर्शनेन विरोधस्य परिहारादिति भावः । परे त्ववच्छेदकभेदमनवबुध्यैव विरोधभयेन पदे पदे प्रस्खलन्ति । तदुक्तं **श्रीहेमचन्द्रसूरि**भिः **अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायां** - उपाधिभेदोपहितं विरुद्धं नार्थेष्वसत्त्वं सदवाच्यते च । इत्यप्रबुध्यैव विरोधभीता जडास्तदेकान्तहताः पतन्ति ॥२४॥ 'उपाधयः = अवच्छेदकाः = अंश-प्रकाराः तेषां भेदः = नानात्वं, तेन उपहितं = अर्पितं असत्त्वं सदर्थेषु न विरुद्धम्' इत्येवं **श्रीमल्लिषेणसूरि**व्याख्यालेशः । **एतेन** —> न ह्येकस्मिन् धर्मिणि युगपत्सदसत्त्वादिविरुद्धधर्मसमावेशः सम्भवति, शीतोष्णवदिति <— (ब्र.सू.शां.भा. २/२/३३-पृ. ७४७) इति **ब्रह्मसूत्रशाङ्करभाष्य**वचनं **निरस्तम्**, अवच्छेदकभेदेन तदविरोधात्, एकस्मिन्नेव धूपघटिकादौ देशभेदेन शीतोष्णस्पर्शोपलम्भाच्च ॥१/३७॥

अपेक्षाभेददर्शनप्रयुक्तं विरोधपरिहारं निदर्शनेन विशदयति - **'भिन्ने'**ति ।

---

સમાવેશ કરવામાં આવે તો વિરોધ કેમ ન આવે ? જો વસ્તુમાં નિત્યત્વ હોય તો અનિત્યત્વ ન રહી શકે. અને જો અનિત્યત્વ હોય તો નિત્યત્વ ન રહી શકે. કેમ કે નિત્યત્વ અને અનિત્યત્વ એક અધિકરણમાં સાથે રહેતા નથી. <— આ શંકા તદ્દન વાહીયાત છે. આ જણાવવા માટે 'हन्त' શબ્દનો પ્રયોગ કર્યો છે. <u>હલાયુધકોશ</u> મુજબ 'हन्त' શબ્દનો પ્રયોગ શોક તેમ જ હર્ષ અર્થમાં થાય છે. પ્રસ્તુતમાં શોક અર્થમાં 'हन्त' શબ્દનો પ્રયોગ થયેલ છે. કેમ કે એક જ વસ્તુમાં અપેક્ષાભેદને આશ્રયીને નિત્યત્વ-અનિત્યત્વ વગેરે ધર્મોનો સમાવેશ કરવામાં વિરોધ જ ક્યાં રહેલો છે ? કહેવાનો ભાવ એ છે કે અપેક્ષાભેદ બતાવવા દ્વારા વિરોધનો પરિહાર થઈ જાય છે. અન્ય દાર્શનિકો આ વાત જાણતા નથી. માટે તેઓ અપેક્ષાભેદને જાણ્યા વિના જ, વિરોધના ભયથી ડગલે અને પગલે સ્ખલના પામે છે. આ વાતને જણાવતા <u>શ્રીહેમચંદ્રસૂરિજી</u>એ <u>અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા</u>માં જણાવેલ છે કે —> સત્ પદાર્થોમાં ઉપાધિભેદથી અર્પિત (=વિવક્ષિત) એવું સત્ત્વ-અસત્ત્વ અને વાચ્યતા-અવાચ્યતા પરસ્પર વિરૂદ્ધ નથી. આવું જાણ્યા વિના જ વિરોધથી ભયભીત થયેલા અને એકાંતવાદથી હણાયેલા જડ લોકો ડગલે અને પગલે ગબડે છે. <— અહીં મૂળ ગાથામાં રહેલ 'ઉપાધિ' શબ્દનો અર્થ અવચ્છેદક, અંશ-પ્રકાર છે આવું <u>શ્રીમલ્લિષેણસૂરિજીએ</u> તેની વ્યાખ્યામાં જણાવેલ છે.

—> એક ધર્મમાં એક સાથે સત્ત્વ, અસત્ત્વ વગેરે વિરોધી ધર્મોનો સમાવેશ ન સંભવી શકે. આ વાત બરાબર તે રીતે સંગત થાય છે જેમ કે એક ધર્મીમાં એક સાથે ઠંડી અને ગરમીનો સમાવેશ થતો નથી. <— આ પ્રમાણે બ્રહ્મસૂત્રના <u>શાંકરભાષ્ય</u>માં જે જણાવેલ છે તે વાત નિરસ્ત થઈ જાય છે. કારણ કે અવચ્છેદકભેદ દ્વારા સત્ત્વ-અસત્ત્વ વગેરેમાં વિરોધ રહેતો જ નથી. વળી દૃષ્ટાંત પણ અનુરૂપ નથી. કેમ કે ધૂપદાનીમાં પકડવાના સ્થાનમાં શીત સ્પર્શ હોય છે જ્યારે સળગતો ધૂપ મૂકવાની જગ્યામાં ઉષ્ણ સ્પર્શ હોય છે. મતલબ કે એક જ ધૂપદાનીમાં દેશભેદથી ઠંડી અને ગરમી ઉપલબ્ધ થાય છે. <u>(૧/૩૭)</u>

અપેક્ષાભેદ બતાવવા દ્વારા પ્રાપ્ત થયેલ વિરોધપરિહારને દૃષ્ટાંત દ્વારા ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

**भिन्नापेक्षा यथैकत्र, पितृपुत्रादिकल्पना ।**
**नित्यानित्याद्यनेकान्तस्तथैव न विरोत्स्यते ॥३८॥**

**यथा एकत्र** रामादौ **भिन्नापेक्षा** लवण-दशरथाद्यपेक्षिता **पितृ-पुत्रादिकल्पना** = पितृत्व-पुत्रत्वादिधीः न विरुद्धा । न ह्येकत्र कात्स्न्र्येन निरपेक्षमेव पितृत्वम्, अन्यथा सर्वेषामपि स पितैव स्यात् । तदुक्तं **सम्मतितर्के** —> पिउ-पुत्त-णत्तु-भव्वय-भाऊणं एगपुरिससंबंधो । ण य सो एगस्स पिय त्ति सेसयाणं पिया होइ ॥ <— (३/१७) इति । ततश्च सापेक्षमेव पितृत्वादिकमवसेयम् । **तथैव एकत्रैव** वस्तुनि **नित्यानित्याद्यने कान्तो न विरोत्स्यते** । अयमाशयः 'रामः पिता' इति धीरवच्छेदकानवगाहित्वे 'रामः पुत्रः' इति धियं विरुणद्धि किन्तु 'रामो लवणस्य पिता' इति धीः 'रामो दशरथस्य पुत्रः' इति धियं न प्रतिबध्नाति, अपेक्षाभेदपुरस्कारेण विरोधपरिहारात् । न हि 'दशरथनिरूपितपुत्रत्ववान् रामो लवणनिरूपितापितृत्ववान्' इत्यत्र विरोधं प्रतियन्ति प्रेक्षावन्तः । तेनैव प्रकारेण 'आत्मा नित्यः' इति धीरवच्छेदकोदासीनतया 'आत्मा अनित्यः' इति बुद्धिमवरुणद्धि परं 'द्रव्यत्वात्मत्वादिना आत्मा नित्यः' इति मतिः 'मनुष्यत्वबालत्वादिनाऽऽत्माऽनित्य' इति प्रेक्षां न विघटयति,अवच्छदेकभेदावगाहितयैकत्र नित्यत्वाऽनित्यत्वविरोधनिराकरणात् ।

**<u>શ્લોકાર્થ</u> :- જેમ એક જ વ્યક્તિમાં પિતૃત્વ, પુત્રત્વ આદિની બુદ્ધિ ભિન્ન અપેક્ષાએ થાય છે. છતાં વિરોધ નથી તે જ રીતે એક જ વસ્તુમાં નિત્યત્વ-અનિત્યત્વ વગેરે અનેકાંતનો વિરોધ થશે નહિ. <u>(૧/૩૮)</u>**

## ✧ નિત્યત્વ-અનિત્યત્વ પરસ્પર અવિરુદ્ધ ✧

**<u>ટીકાર્થ</u> :- જેમ એક જ રામચંદ્રજીમાં લવ-કુશ, દશરથ વગેરેની અપેક્ષાએ પિતૃત્વ, પુત્રત્વ વગેરે બુદ્ધિ વિરુદ્ધ નથી તે જ રીતે એક જ વસ્તુમાં નિત્યત્વ-અનિત્યત્વ વગેરેના સમાવેશ સ્વરૂપ અનેકાંતનો વિરોધ નહિ આવે. આવું કહેવા પાછળ ગ્રંથકારશ્રીનો આશય એ છે કે 'રામ પિતા છે' - એવી બુદ્ધિ અવચ્છેદક અવગાહી ન હોવાના અવસરે તે બુદ્ધિ 'રામ પુત્ર છે' એવી બુદ્ધિનો વિરોધ કરે છે, પરંતુ 'રામ લવકુશના પિતા છે' એવી બુદ્ધિ 'રામ દશરથના પુત્ર છે' એવી બુદ્ધિનો વિરોધ કરતી નથી. કેમ કે અપેક્ષાભેદને આગળ કરવા દ્વારા વિરોધ દૂર થઈ જાય છે. દશરથનિરૂપિત પુત્રત્વયુક્ત રામચંદ્રજી લવકુશ-નિરૂપિત પિતૃત્વવાળા છે - આવો સ્વીકાર કરવામાં વિદ્વાનોને વિરોધ ભાસતો નથી.**

**દશરથમાં રામસાપેક્ષ પિતૃત્વ સ્વીકારવાના બદલે નિરપેક્ષ પિતૃત્વ સ્વીકારવામાં આવે તો દશરથ રાજા રામની જેમ બધાના પિતા બની જવાની આપત્તિ આવશે. <u>સમ્મતિતર્ક</u> ગ્રંથમાં <u>શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી</u>એ જણાવેલ છે કે —> એક જ પુરૂષને પિતા, પુત્ર, નાતિયો, ભાણિયો, ભાઈની સાથે સંબંધ હોવા છતાં તે પુરૂષ એક વ્યક્તિનો પિતા થવા માત્રથી બીજા બધાનો બાપ થતો નથી. <— આથી પિતૃત્વ વગેરે ધર્મ પુત્રત્વ આદિ ધર્મને સાપેક્ષ જ માનવા જોઈએ.**

**તે જ રીતે 'આત્મા નિત્ય છે' આવી બુદ્ધિ અવચ્છેદકઅનવગાહી હોવાના અવસરે 'આત્મા અનિત્ય છે' એવી બુદ્ધિનો વિરોધ કરે છે. પરંતુ 'દ્રવ્યત્વ, આત્મત્વ વગેરે રૂપે આત્મા નિત્ય છે' આવી બુદ્ધિ 'મનુષ્યત્વ, બાલત્વ વગેરે રૂપે આત્મા અનિત્ય છે' એવી બુદ્ધિનો વિરોધ કરતી નથી, કારણ કે તે બુદ્ધિ ભિન્નાવચ્છેદકઅવગાહી હોવાના કારણે એકત્ર નિત્યત્વ, અનિત્યત્વના વિરોધને દૂર કરે છે. દ્રવ્યત્વઅવચ્છિન્ન ધ્વંસની પ્રતિયોગિતાથી રહિત એવો આત્મા મનુષ્યત્વ આદિ ધર્મથી અવચ્છિન્ન એવી ધ્વંસીય પ્રતિયોગિતાવાળો છે - અહીં વિદ્વાનો**

न हि 'द्रव्यत्वाद्यवच्छिन्नध्वंसप्रतियोगिताशून्य आत्मा मनुष्यत्वाद्यवच्छिन्नध्वंसप्रतियोगितावान्' इत्यत्र विरोधलेशमपि मन्यन्ते मनीषिणः । एतादृशनित्यानित्यात्माद्यभ्युपगमे एव प्रागुक्तविधिप्रतिषेध-तद्योगक्षेमकारिक्रिया-प्रतिपादनं सङ्गच्छेत । आत्मन एकान्तनित्यत्वे ध्यानाध्ययनादिविधेर्हिंसादिप्रतिषेधस्य तद्योगक्षेमकारि-समितिगुप्त्यादिक्रियाणाञ्चाऽकिञ्चित्करत्वमेव स्यात् । न हि कूटस्थनित्ये आत्मनि ध्यानादिसाध्य-निर्जरा-संवर-पुण्यानुबन्धिपुण्यबन्धादिः सम्भवति । आत्मन एकान्तक्षणिकत्वेऽपि निष्फलतैव ध्यानादेः, क्षणानन्तरमात्मन एवासत्त्वात्, सन्तानस्य च काल्पनिकत्वात् । आत्मन एकान्तनित्यत्वे एकान्तक्षणिकत्वे वा कृतनाशाऽकृताभ्यागमदोषयोरपरिहार्यत्वादात्मनो नित्यानित्यत्वमेवाभ्युपगम्यतेऽनेकान्तवादिभिः । अर्थव्यवस्थाऽपि एकान्तवादतो निवर्तमानाऽनेकान्तवादे एव विश्राम्यति । इत्थञ्च सर्वत्र नित्यानित्यत्वादिसिद्धौ तत्र नित्यत्वैकान्तग्रहो हि महामोहविलासः । इदमेवाभिप्रेत्य —> आदीपमाव्योमसमस्वभावं स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु । तन्नित्यमेवैकमनित्यमन्यदिति त्वदाज्ञाद्विषतां प्रलापाः ॥५॥ <— इत्येवं **अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायामुक्तम्** ।

'नित्यानित्याद्यनेकान्तः' इत्यत्र 'आदि'पदेन सत्त्वासत्त्वादिग्रहणं कर्तव्यम् । सर्वं हि स्वद्रव्य-क्षेत्र-काल-भावापेक्षया सत् परद्रव्य-क्षेत्र-काल-भावापेक्षया चासदिति सापेक्षमेव सत्त्वासत्त्वपरिज्ञानम् । 'घटो हि मार्त्तत्व-पूर्वदेशीयत्व-वर्तमानकालीनत्व-नवत्व-चाक्षुषत्वादिना सन् तार्णत्वापरदेशीयत्वातीतकालीनत्वपुराण-त्वघ्राणजप्रतिपत्तिविषयत्वादिना चाऽसन्नि'ति सर्वैरेवाऽविगानेन प्रतीयते । एतेन —> जीवादिषु पदार्थेषु

---

લેશ પણ વિરોધ માનતા નથી. આવા પ્રકારના નિત્યાનિત્ય આત્મા વગેરેનો સ્વીકાર કરવામાં આવે તો જ પૂર્વોક્ત (શ્લોક ૧૮-૨૨) વિધિપ્રતિષેધ અને તેનું યોગક્ષેમ કરનાર ક્રિયાનું પ્રતિપાદન સંગત બને. આત્માને જો એકાંત નિત્ય માનવામાં આવે તો ધ્યાન, સ્વાધ્યાય વગેરેનું વિધાન, હિંસા વગેરેનો નિષેધ, અને તેનો યોગક્ષેમ કરનાર સમિતિ-ગુપ્તિ વગેરે ક્રિયાઓ નિરર્થક જ બનશે. કેમ કે એકાંત નિત્ય આત્મામાં ધ્યાન વગેરે દ્વારા નિર્જરા, સંવર, પુણ્યાનુબંધી પુણ્યનો બંધ વગેરે સંભવતા નથી. તેમ જ જો આત્માને એકાંત ક્ષણિક માનવામાં આવે તો પણ ધ્યાન વગેરે નિષ્ફળ જ બનશે. કારણ કે બીજી ક્ષણે આત્મા પોતે જ રહેતો નથી તો ધ્યાન વગેરેનું ફળ કોને પ્રાપ્ત થાય ? ક્ષણિકવાદીઓને સંમત ક્ષણસમૂહ સ્વરૂપ સંતાન કાલ્પનિક હોવાથી તેમાં ધ્યાન આદિના ફળની પ્રાપ્તિની કલ્પના યોગ્ય નથી. તેથી આત્માને એકાંત નિત્ય માનવામાં આવે કે એકાંત ક્ષણિક માનવામાં આવે, કૃતનાશ અને અકૃતઆગમ દોષ અપરિહાર્ય છે. કૃતનાશનો અર્થ છે - થયેલી ક્રિયા નિષ્ફળ જવી અને અકૃતઆગમનો મતલબ છે - પોતે ન કરેલી ક્રિયાના ફળની પ્રાપ્તિ થવી. આથી સ્યાદ્વાદીઓ નિત્યાનિત્ય સ્વરૂપ જ આત્માને સ્વીકારે છે. વસ્તુવ્યવસ્થા પણ એકાંતવાદથી વિમુખ થઈ અનેકાંતવાદમાં જ ઠરીઠામ થાય છે. આ રીતે સર્વત્ર નિત્યાનિત્યપણું સિદ્ધ થવા છતાં પણ પદાર્થમાં એકાંત નિત્યતા કે એકાંત અનિત્યતાનો આગ્રહ રાખવો તે ખરેખર મહામોહનો વિલાસ છે. આ જ અભિપ્રાયથી <u>અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા</u>માં જણાવેલ છે કે —> દીવાથી માંડીને આકાશ સુધીની દરેક વસ્તુ સ્યાદ્વાદની મર્યાદાની ઉલ્લંઘન નહિ કરતી સમાન સ્વભાવવાળી = નિત્યાનિત્ય ઉભયાત્મક છે. છતાં પણ 'હે વીતરાગ ! તમારી આજ્ઞાનો દ્વેષ કરતા અન્ય દર્શનકારો 'આકાશ એકાંતે નિત્ય છે, દીવો એકાંતે અનિત્ય જ છે' આવો પ્રલાપ કરે છે. <—

## ❄ સત્ત્વ-અસત્ત્વ એકત્ર અવિરોધી ❄

एकस्मिन् धर्मिणि सत्त्वासत्त्वयोर्विरुद्धयोरसम्भवात् सत्त्वे चैकस्मिन् धर्मेऽसत्त्वस्य धर्मान्तरस्याऽसम्भवात्, असत्त्वे चैवं सत्त्वस्याऽसम्भवात् असङ्गतमिदमार्हतं मतम् <— (२/२/६ - पृ. १३) इति **ब्रह्मसूत्रशाङ्करभाष्य**वचनं निराकृतम्, अन्यथा स्वद्रव्यादिनेव परद्रव्यादिनाऽपि सत्त्वस्वीकारापातात् । तदुक्तं **विमलदासेन सप्तभङ्गीतरङ्गिण्यां** —> न खलु वस्तुनः सर्वथा भाव एव स्वरूपं, स्वरूपेणेव पररूपेणाऽपि सत्त्वप्रसङ्गात् । नाप्यभाव एव, पररूपेणेव स्वरूपेणाऽप्यसत्त्वप्रसङ्गात् <— (स. त. पृ. ८३) । अधिकं तु मत्कृत**मोक्षरत्ना**भिधानायां **भाषारहस्यविवरणवृत्तौ** (पृ. १०८) दृष्टव्यम् । इत्थञ्च स्याद्वादस्य सर्वव्यापकत्वमभ्युपगन्तव्यमत्यादरेणेति सोपस्कारं व्याख्येयम् ॥१/३८॥

कारिकायुग्मेन वस्तुस्वरूपस्याऽनिर्णयमाशंक्य परिहरति - **'व्यापक'** इति ।

**व्यापके सत्यनेकान्ते, स्वरूपपररूपयोः ।**
**आनेकान्त्यान्न कुत्रापि, निर्णीतिरिति चेन्मतिः ॥३९॥**

---

**नित्यानित्य०** । મૂળ ગાથામાં રહેલ 'નિત્યાનિત્યાદ્યનેકાંત' પદમાં રહેલ આદિ શબ્દથી સત્ત્વ, અસત્ત્વ વગેરેનું ગ્રહણ કરી લેવું. કારણ કે "સર્વ વસ્તુ સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ સત્ છે. અને પરદ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અસત્ છે" આમ સાપેક્ષપણે જ વસ્તુમાં સત્ત્વ અને અસત્ત્વનું જ્ઞાન થાય છે. પૂર્વ દેશમાં ઉત્પન્ન થયેલ વર્તમાનકાલીન નવા માટીના ઘડામાં "આ ઘડો મૃદ્દ્રવ્યજન્યત્વ-પૂર્વદેશીયત્વ-વર્તમાનકાલીનત્વ, નવીનત્વ, ચાક્ષુષત્વ વગેરેની અપેક્ષાએ સત્ છે. અને તૃણજન્યત્વ, પશ્ચિમદેશીયત્વ, અતીતકાલીનત્વ, પુરાણત્વ, ઘ્રાણજન્યપ્રતીતિવિષયત્વની અપેક્ષાએ અસત્ છે." આ પ્રમાણે બધા જ લોકોને નિર્વિવાદરૂપે ભાન થાય છે. ઘ્રાણેન્દ્રિય દ્રવ્યગ્રાહક ન હોવાથી ઘડામાં ઘ્રાણજપ્રતીતિવિષયતા ન રહે.

**एतेन०** । <u>બ્રહ્મસૂત્રભાષ્ય</u>માં <u>શંકરાચાર્ય</u>એ જણાવેલ છે કે —> જીવાદિ પદાર્થોને વિશે એક જ ધર્મીમાં સત્ત્વ અને અસત્ત્વ એવા બે વિરૂદ્ધ ધર્મનો સમાવેશ સંભવિત નથી. જો એક ધર્મીમાં સત્ત્વ ધર્મનો સ્વીકાર કરવામાં આવે તો અસત્ત્વ નહિ સંભવે અને અસત્ત્વ ધર્મનો સ્વીકાર કરવામાં આવે તો સત્ત્વ ધર્મ નહિ સંભવે. માટે અરિહંત ભગવાનનો મત અસંગત છે. <— પરંતુ ઉપરોક્ત રીતે તેનું ખંડન થઈ જાય છે. કેમ કે વસ્તુમાં જો એકાંત સત્ત્વ ધર્મ સ્વીકારવામાં આવે તો સ્વદ્રવ્ય વગેરેની જેમ પરદ્રવ્યની અપેક્ષાએ પણ સત્ત્વ = સત્તા = વિદ્યમાનતા માનવાની આપત્તિ આવશે. <u>સપ્તભંગીતરંગિણી</u> ગ્રંથમાં <u>વિમલદાસજી</u>એ પણ જણાવેલ છે કે —> ખરેખર, એકાંતે ભાવ (= સત્તા) એ જ વસ્તુનું સ્વરૂપ નથી. કારણ કે તેવું માનવામાં આવે તો વસ્તુમાં સ્વરૂપની અપેક્ષાએ સત્ત્વ છે તેમ પરરૂપની અપેક્ષાએ પણ સત્ત્વ માનવાની આપત્તિ આવશે. તેમ જ એકાંતે અભાવ = અસત્ત્વ પણ વસ્તુનું સ્વરૂપ નથી. કારણ કે તેવું માનવામાં આવે તો પરરૂપની અપેક્ષાએ વસ્તુમાં જેમ અસત્ત્વ છે તેમ સ્વરૂપની અપેક્ષાએ પણ તેમાં અસત્ત્વ માનવાની આપત્તિ આવશે. <— આ વસ્તુનો વધારે વિસ્તાર ભાષારહસ્યની અમે બનાવેલ <u>મોક્ષરત્ના</u> ટીકામાં જોઈ લેવો. "આમ સ્યાદ્વાદની સર્વવ્યાપકતા અત્યંત આદરપૂર્વક સ્વીકારવી."- એવી ઐદંપર્યયુક્ત વ્યાખ્યા સમજવી. <u>(૧/૩૮)</u>

બે શ્લોકથી 'સ્યાદ્વાદમાં વસ્તુસ્વરૂપનો નિર્ણય નહિ થઈ શકે' એવી શંકા બતાવીને તેનો પરિહાર ગ્રંથકારશ્રી કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- "સ્વરૂપ અને પરરૂપની અપેક્ષાએ અનેકાંતને સર્વવ્યાપી સ્વીકારવામાં આવે તો અનેકાંત દ્વારા ક્યાંય પણ નિર્ણય નહિ થઈ શકે." - આવી જો પરદર્શનીઓની બુદ્ધિ હોય તો (આનો ઉત્તરપક્ષ ૪૦મી ગાથામાં છે.) <u>(૧/૩૯)</u>

ननु एवं **स्वरूप-पररूपयोः** = स्वरूपावच्छेदेन पररूपावच्छेदेन च सत्त्वासत्त्वाद्यनेकधर्मविशिष्ट-वस्तुविद्योतनप्रवणे **अनेकान्ते व्यापके** = सर्ववस्तुव्यापिनि स्वीक्रियमाणे सति **आनेकान्त्यात्** = अनेकान्त-स्वभावमाश्रित्य **कुत्रापि** = कस्मिंश्चिदपि वस्तुनि सत्त्वादिविषयिणी **निर्णीतिः** = निश्चितिः = निश्चयः कस्यापि कदापि **न** स्यात्, संशयसामग्रीसत्त्वेन निश्चयसामग्रीविरहात् । तथाहि एकस्मिन् ज्ञानात्मके धर्मिणि तद्धर्माभावप्रकारकत्वे सति तद्धर्मप्रकारकज्ञानत्वं संशयत्वम् । निश्चयत्वन्तु एकस्मिन् धर्मिणि तद्धर्माभा-वाऽप्रकारकत्वे सति तद्धर्मप्रकारकज्ञानत्वरूपम् । अनेकान्तावलम्बने तु सत्त्व-तदभावलक्षणविरुद्धकोटिद्वयोपस्थिते संशयोत्पत्तिरेव स्यात्, न तु निश्चयोदयः । न ह्येकत्र सत्त्वनिर्णयकृते स्याद्वादिनोऽसत्त्वपराङ्मुखाः स्युः स्वप्नेऽपीति प्रातिस्विकवस्तुस्वरूपनिश्चयशून्यता स्याद्वादे दूषणमिति परवादिनां मतिः चेत् ? ॥१/३९॥

उत्तरपक्षयति - '**अव्ये**'ति ।

**अव्याप्यवृत्तिधर्माणां, यथावच्छेदकाश्रया ।**
**नापि ततः परावृत्तिस्तत् किं नात्र तथेक्ष्यते ? ॥४०॥**

**यथा** = येन प्रकारेण **अव्याप्यवृत्तिधर्माणां** संयोगतदभावादीनां **अवच्छेदकाश्रया** = अवच्छेदकभे-दावलम्बिनी निर्णीतिः नैयायिकैः स्वीक्रियते तथैवेदमभ्युपगम्यताम् । अयमाशयः नैयायिकनये कपिसंयोगादीनां

**ટીકાર્થ** :- → જો પૂર્વોક્ત રીતે સ્વરૂપની અપેક્ષાએ સત્ત્વ અને પરરૂપની અપેક્ષાએ અસત્ત્વ વગેરે અનેક ધર્મથી વિશિષ્ટ વસ્તુનું પ્રકાશન કરવામાં નિપુણ એવા અનેકાંતને સર્વ વસ્તુઓમાં વ્યાપકરૂપે સ્વીકારવામાં આવે તો અનેકાંત સ્વભાવને આશ્રયીને કોઈ પણ વસ્તુમાં સત્ત્વઆદિવિષયક નિશ્ચય કોઈને પણ ક્યારેય પણ નહીં થાય, કારણ કે ત્યાં સંશયની સામગ્રી હાજર હોવાથી નિશ્ચયની સામગ્રીનો અભાવ છે. તે આ મુજબ- એક ધર્મીમાં એક ધર્મના સદ્ભાવ અને અસદ્ભાવ-બન્નેનું અવગાહન કરનાર જ્ઞાન સંશય કહેવાય છે. જ્યારે નિશ્ચયનું સ્વરૂપ છે એક ધર્મીમાં વિવક્ષિત ધર્મના અભાવનું ભાન ન થવાપૂર્વક વિવક્ષિત ધર્મનું ભાન થવું. અનેકાંતનો આશ્રય કરવામાં આવે તો સત્ત્વ અને અસત્ત્વ = સત્ત્વઅભાવ - આમ બે વિરુદ્ધ કોટિની = પક્ષની ઉપસ્થિતિ થવાથી સંશયની જ ઉત્પત્તિ થશે, નહિ કે નિશ્ચયની. એક ધર્મીમાં સત્ત્વ ધર્મનો નિર્ણય કરવા માટે સ્વપ્નમાં પણ સ્યાદ્વાદીઓ અસત્ત્વ ધર્મથી વિમુખ થતા નથી. માટે વસ્તુના વૈયક્તિક સ્વરૂપનો નિશ્ચય ન થવો - એ સ્યાદ્વાદનું દૂષણ છે. ← આ પ્રમાણે પરવાદીઓની બુદ્ધિ હોય તો- (૧/૩૯)

તેનો જવાબ આપતા ગ્રંથકારશ્રી જણાવે છે કે →

**શ્લોકાર્થ** :- જે રીતે અવચ્છેદકભેદને આશ્રયીને અવ્યાપ્યવૃત્તિ ધર્મોનો એકત્ર નિર્ણય થઈ શકે છે તેમ જ અવચ્છેદકભેદનો આશ્રય કરવાથી વસ્તુસ્વરૂપનું પરાવર્તન થતું નથી. તેમ અનેકાંતવાદમાં તેવા પ્રકારે પરવાદીઓ કેમ વિચારતા નથી ? (૧/૪૦)

## ❦ અવ્યાપ્યવૃત્તિ ધર્મ-સમાવેશ વિચાર ❦

**ટીકાર્થ** :- જે રીતે સંયોગ, સંયોગાભાવ વગેરે અવ્યાપ્યવૃત્તિ ધર્મોનો અવચ્છેદકભેદનો (અંશભેદનો) આશ્રય કરીને એકત્ર તે ધર્મોનો નિર્ણય નૈયાયિકો સ્વીકારે છે તે જ રીતે સત્ત્વ-અસત્ત્વનો પણ એકત્ર સમાવેશ સ્વીકારવો જોઈએ. કહેવાનો આશય એ છે કે નૈયાયિક મતે કપિસંયોગ વગેરે ધર્મો પોતાના અભાવના અધિકરણમાં રહેવાને લીધે, નૈયાયિકમતે અવ્યાપ્યવૃત્તિ છે. મતલબ કે કપિસંયોગ, કપિસંયોગાભાવ આ બે વિરુદ્ધ ધર્મ એક જ ઝાડમાં રહે છે. તેથી તે બન્ને અવ્યાપ્યવૃત્તિ કહેવાય છે. અવ્યાપ્યવૃત્તિતાનો અર્થ છે વસ્તુના અમુક પ્રદેશમાં રહેવું, કોઈ

धर्माणां स्वाभावसमानाधिकरणत्वादव्याप्यवृत्तिताऽङ्गीक्रियते । अव्याप्यवृत्तित्वं हि प्रदेशवृत्तित्वं, एकदेशवृत्तित्वं, सावच्छिन्नवृत्तित्वं, निरवच्छिन्नवृत्तिकान्यत्वं, स्वसमानाधिकरणाभावप्रतियोगित्वं, स्वात्यन्ताभावसमानाधिकरणत्वं, स्वाधिकरणनिष्ठात्यन्ताभावप्रतियोगित्वं, स्वाधिकरणवृत्त्यत्यन्ताभावप्रतियोगितावच्छेदकधर्मवत्त्वं, तदधिकरणक्षणावच्छेदेन तत्समानाधिकरणात्यन्ताभावप्रतियोगित्वं वेत्यन्यदेतत् । निरुक्ताऽव्याप्यवृत्तित्वालिङ्गितो हि कपिसंयोगः तदभावश्चैकस्मिन्नेव वृक्षे नैयायिकैरङ्गीक्रियते, शाखावच्छेदेन कपिसंयोगसत्त्वेऽपि मूलावच्छेदेन तदभावात् । तथापि 'वृक्षः कपिसंयोगी न वा ?' इत्यादिरूपो वृक्षस्वरूपानिर्णयो नैवाभ्युपगम्यते, अवच्छेदकभेदपुरस्कारेण संशयसामग्रीविरहात् । न हि 'शाखावच्छिन्नकपिसंयोगवान् वृक्षः मूलावच्छिन्नकपिसंयोगाभाववान्' इत्यत्र संशयावकाशः, येन वृक्षस्वरूपगोचरनिर्णयोदयो न स्यात् । **तथा** = तेनैव प्रकारेण **अत्र** = अनेकान्तवादे स्वरूप-पररूपाद्यवच्छेदकभेदावगाहनेन तत्तदवच्छेदेन घटादावेकत्र सत्त्वाऽसत्त्वादिनिर्णयोऽपि निराबाधः **इति किं न** ईक्ष्यते नैयायिकैः कदाग्रहविमुक्तैः ? । न हि 'स्वद्रव्य-क्षेत्राद्यवच्छिन्नसत्त्ववान् घटः परद्रव्यक्षेत्राद्यवच्छिन्नसत्त्वाभाववान्' इत्यत्र सन्देहसम्भवः, येन घटादिस्वरूपगोचरनिर्णयोदयो न स्यात् । संशयस्तु यत्र यदवच्छेदेन यद्धर्मभानं तत्रैव तदवच्छेदेनैव तद्धर्माभावोपस्थितावेव सम्भवेत् । प्रकृते च नैवमस्ति । अत एव निर्णयोदयोऽपि सुलभः । न ह्येकत्र यदवच्छेदेन यद्धर्मबोधो जायते स तत्र तदन्यावच्छेदेन तद्धर्माभावधियं प्रतिबध्नाति, विरोधविरहात् । **न चा**ऽव्याप्यवृत्तितया कपिसंयोगादीनामवच्छेदकभेदेनैकत्र समावेशसम्भवेऽपि सत्त्वादीनां व्याप्यवृत्तितया नावच्छेदकभेदाश्रयणेनैकत्र समावेशस्सम्भवतीति

---

**એક ભાગમાં રહેવું, સાવચ્છિન્ન = મર્યાદિત રૂપે રહેવું, નિરવચ્છિન્ન રૂપે ન રહેવું, પોતાના આશ્રયમાં પોતાનો અભાવ પણ રહેવો. એટલે કે પોતાના અભાવના અધિકરણમાં પોતે રહેવું, જે સમયે પોતે જે વસ્તુમાં રહે તે જ સમયે પોતાનો અભાવ પણ તે વસ્તુમાં રહેવો, ઈત્યાદિ. (અધ્યાત્મ સંબંધી ચરમ રહસ્યાર્થનો આ ગ્રન્થ પ્રતિપાદક છે. આથી નવ્ય ન્યાયની ગૂઢ પરિભાષાથી ગર્ભિત પ્રસ્તુત અવ્યાપ્યવૃત્તિત્વ પદાર્થનું અમે અહીં વિસ્તારથી પ્રતિપાદન કરેલ નથી. પ્રસ્તુતમાં અધિકજિજ્ઞાસુ વાચકવર્ગ વ્યધિકરણ જાગદીશી, તત્ત્વચિંતામણિ-પ્રત્યક્ષખંડ-માથુરીવૃત્તિ, સ્યાદ્વાદરહસ્ય-મધ્યમવૃત્તિ આદિ ગ્રન્થોનું અવલોકન કરી શકે છે.) નૈયાયિક વિદ્વાનો પ્રસ્તુત અવ્યાપ્યવૃત્તિતાયુક્ત એવો કપિસંયોગ અને તેનો અભાવ એક જ વૃક્ષમાં સ્વીકારે છે; કારણ કે વૃક્ષમાં શાખાની અપેક્ષા એ કપિસંયોગ હોવા છતાં પણ મૂળની અપેક્ષાએ કપિસંયોગનો અભાવ રહે છે. છતાં પણ "વૃક્ષના સ્વરૂપનો નિર્ણય નથી થતો" - આવું તો નૈયાયિકો પણ નથી સ્વીકારતા. કારણ કે શાખા અને મૂળ - આમ અવચ્છેદકભેદને આગળ કરવાથી સંશયની સામગ્રી ત્યાં રહેતી નથી. "શાખાઅવચ્છિન્ન કપિસંયોગવાળું વૃક્ષ મૂળઅવચ્છિન્ન કપિસંયોગાભાવવાળું છે." - એવું સ્વીકારવામાં સંશયને અવકાશ નથી રહેતો, જેના કારણે વૃક્ષના સ્વરૂપ સંબંધી નિર્ણય ન થઈ શકે. તે જ રીતે અનેકાંતવાદમાં પણ સ્વરૂપ-પરરૂપ વગેરે અવચ્છેદકભેદનું અવગાહન કરીને એક જ ઘટમાં સત્ત્વ, અસત્ત્વ વગેરેનો નિર્ણય નિરાબાધ છે. - આવું નૈયાયિક લોકો આગ્રહમુક્ત થઈને કેમ વિચારતા નથી ? કારણ કે "સ્વ દ્રવ્ય, ક્ષેત્ર વગેરેથી નિયંત્રિત સત્ત્વ ધર્મવાળો ઘટ પરદ્રવ્ય, ક્ષેત્ર વગેરેથી નિયંત્રિત અસત્ત્વ ધર્મવાળો છે." - આવું સ્વીકારવામાં સંદેહનો સંભવ નથી કે જેના કારણે ઘટ વગેરેના સ્વરૂપનો નિર્ણય ન થઈ શકે. અહીં ધ્યાનમાં રાખવા જેવી વાત એ છે કે જે ધર્મીમાં જે અપેક્ષાએ જે ધર્મનું ભાન થતું હોય તે જ ધર્મીમાં તે જ અપેક્ષાએ તે જ ધર્મના અભાવનું અવગાહન કરવામાં આવે તો જ સંશય સંભવિત છે. પ્રસ્તુતમાં તેવું નથી. માટે જ અનેકાંતવાદમાં નિર્ણય પણ સુલભ છે. એક ધર્મીમાં જે અપેક્ષાએ જે ધર્મનો બોધ થયેલો હોય તે બોધ તે જ ધર્મીમાં અન્ય અપેક્ષાએ તે જ ધર્મના અભાવના બોધને અટકાવતો નથી, કારણ કે તે બન્ને બુદ્ધિના આકાર વિભિન્ન હોવાથી તે બે વચ્ચે વિરોધ નથી.**

**वाच्यम्**, पितृत्व-पुत्रत्वादिविभिन्नधर्माणां व्याप्यवृत्तित्वेऽप्यपेक्षाभेदेनैकत्र समावेश इव सत्त्वासत्त्वादीनामप्यपेक्षा-भेदेनैकत्र समावेशोऽव्याहत एव ।

**ततः** = अवच्छेदकभेदावलम्बनात् **परावृत्तिः** = वस्तुस्वरूपपरिवर्तनं **नापि** = नैवाऽस्ति । **एतेन** —> तत्तदवच्छेदकभेदपुरस्कारे वस्तुस्वरूपपरावृत्तेः नियतार्थस्वरूपनिर्णयोऽनेकान्तवादे दुर्घट <— इत्यपि **निराकृतम्** । न ह्यवच्छेदकभेदावलम्बनेन वस्तुस्वरूपं परावर्तते किन्तु परस्परानुविद्धानन्तधर्मात्मके वस्तुनि तत्तद्धर्मगोचरबोधविशेषः सञ्जायते । यथा एकमेव धर्मिणमुद्दिश्य 'वृक्ष' इत्युक्ते वृक्षसामान्यबोधः, 'शाखायां वृक्षः कपिसंयोगी मूलावच्छेदेन च तदभाववानि'त्यवच्छेदकभेदप्रदर्शनपूर्वमुक्ते तु वृक्षस्वरूपविशेषावगम इत्ये-वाङ्गीक्रियते न तु वृक्षस्वरूपपरिवर्तनम् । तथैवैकमेव धर्मिणमुद्दिश्य 'घट' इत्युक्ते घटसामान्यबोधः 'स्वरूपेण घटः सन् पररूपेण चासन्' इत्यवच्छेदकभेदपुरस्सरमुक्ते तु घटीयस्वरूपविशेषविबोधोदयः स्याद्वादिभिः स्वी-क्रियते न तु घटस्वरूपपरावर्तनमिति नाऽनिर्णयापत्तिरिति **किं न ईक्ष्यते** = विमृश्यते **अत्र** = अनेकान्त-वादे नैयायिकैः ? इत्थञ्चानेकान्तवादेऽपि निर्णयस्य सौलभ्यमिति स्थितम् ॥१/४०॥

**आनैगमान्त्यभेदं तत् परावृत्तावपि स्फुटम् ।**
**अभिप्रेताश्रयेणैव निर्णयो व्यवहारकः ॥४१॥**

---

અહીં તેવી શંકા ન કરવી કે "કપિસંયોગ વગેરે ગુણધર્મો તો અવ્યાપ્યવૃત્તિ છે. તે કારણે અવચ્છેદકભેદ દ્વારા એક વસ્તુમાં તેઓનો સમાવેશ વ્યાજબી છે. પરંતુ સત્ત્વ, અસત્ત્વ વગેરે ધર્મો વ્યાપ્યવૃત્તિ હોવાના કારણે અવચ્છેદકભેદના આશ્રયથી એક વસ્તુમાં તેઓનો સમાવેશ સંભવતો નથી." આ શંકાનું સમાધાન એ છે કે પિતૃત્વ, પુત્રત્વ વગેરે વિભિન્ન ગુણધર્મો વ્યાપ્યવૃત્તિ હોવા છતાં પણ અપેક્ષા ભેદથી એક ધર્મીમાં રહે છે તેમ સત્ત્વ, અસત્ત્વ વગેરે ગુણધર્મોનો પણ અપેક્ષાભેદથી એક વસ્તુમાં સમાવેશ નિરાબાધ જ છે.

ततः । વળી, અહીં એ પણ ખ્યાલમાં રાખવું કે અવચ્છેદકભેદનો આશ્રય કરવાથી વસ્તુનું સ્વરૂપ બદલાતું નથી જ. માટે —> અલગ અલગ અવચ્છેદકનો આશ્રય કરવામાં આવે તો વસ્તુનું સ્વરૂપ બદલાઈ જવાથી વસ્તુના નિયત સ્વરૂપનો નિર્ણય મુશ્કેલ થશે. <— આવી શંકાનું પણ નિરાકરણ થઈ જાય છે. આનું કારણ એ છે કે અવચ્છેદકભેદનો આશ્રય કરવાથી વસ્તુનું સ્વરૂપ બદલાતું નથી પરંતુ પરસ્પરઅનુવિદ્ધ અનંતધર્માત્મક વસ્તુમાં તે તે ધર્મવિષયક વિશેષબોધ તેના દ્વારા ઉત્પન્ન થાય છે. જેમ કે એક જ વૃક્ષસ્વરૂપ વસ્તુને ઉદ્દેશીને "વૃક્ષ" એમ કહેવામાં આવે તો વૃક્ષ સામાન્યનો બોધ થાય છે. "શાખામાં વૃક્ષ કપિસંયોગી છે અને મૂળાવચ્છેદેન કપિસંયોગશૂન્ય છે" આ રીતે અવચ્છેદકભેદ બતાવવા પૂર્વક કહેવામાં આવે તો વૃક્ષના વિશેષસ્વરૂપનો બોધ થાય છે, નહિ કે વૃક્ષના સ્વરૂપનું પરિવર્તન. આ વાતને સર્વ લોકો નિર્વિવાદરૂપે સ્વીકારે છે. બરાબર તે જ રીતે એક જ વસ્તુને ઉદ્દેશીને "ઘટ" કહેવામાં આવે તો ઘટ સામાન્યનો બોધ થાય છે તથા "ઘટ સ્વરૂપથી સત્ છે અને પરરૂપથી અસત્ છે." આ રીતે ભિન્ન અવચ્છેદકને આગળ કરીને કહેવામાં આવે તો ઘટના વિશેષ સ્વરૂપનો બોધ થાય છે; નહિ કે ઘટના સ્વરૂપનું પરિવર્તન-એમ અમે સ્યાદ્વાદી સ્વીકારીએ છીએ. તેથી ઘટના સ્વરૂપને વિશે નિર્ણય ન થઈ શકવાની આપત્તિ નહિ આવે. આવું અનેકાન્તવાદમાં નૈયાયિકો કેમ વિચારતા નથી ? આ રીતે અનેકાન્તવાદમાં પણ નિર્ણય સુલભ છે - એવું નક્કી થાય છે. (૧/૪૦)

અહીં શંકા થાય કે "અલગ અલગ અવચ્છેદકનું આલંબન કરવાથી વસ્તુનું સ્વરૂપ ભલે ન બદલાય છતાં પણ નૈગમ વગેરે નયોના અભિપ્રાયો બદલાવાથી વસ્તુસ્વરૂપવિષયક બુદ્ધિ તો સ્પષ્ટ રીતે બદલાય છે. તેથી

ननु मास्त्ववच्छेदकभेदालम्बने वस्तुस्वरूपपरिवर्तनं तथापि नैगमादिनयमतभेदेन वस्तुस्वरूपधीपरावृत्तिः स्फुटैवेति वस्तुगोचरव्यवहारप्रयोजकनिर्णय-लोकव्यवहारयोरसङ्गतिरेवानेकान्तवादे इत्याशङ्कायामाह - **'आ-नैगमे'**ति ।

**आनैगमान्त्यभेदं** = नैगमनयादारभ्य एवम्भूतनयपर्यन्तं **परावृत्तौ अपि** = प्रतिनयं प्रतिनियतवस्तु-स्वरूपधीपरिवर्तने सत्यपि **तत्** = वस्तुस्वरूपं **स्फुटं** = स्पष्टमेव । नयभेदेन वस्तुस्वरूपधीपरावर्तनमेवमवसेयम् —> नैगमनयमतेन परस्पराऽसम्पृक्तौ सामान्य-विशेषोवेव वस्तुसन्तौ, सङ्ग्रहनयेन सामान्यमेव सत्, व्यवहा-रनयेन लोकव्यवहारपथावतीर्णं कियत्कालस्थायि जलाहरणाद्यर्थक्रियानिर्वर्तनक्षमं स्थूलघटादिकमेव वस्तु सत् । ऋजुसूत्रनयाभिप्रायेण वर्तमानक्षणमात्रस्थायि स्वकीयमर्थक्रियानिर्वर्तनक्षममेव घटादिपर्यायमात्रं परमार्थसत् । शब्दनयतात्पर्येणाऽर्थक्रियाकारिणो वस्तुनो नानापर्यायशब्दवाच्यार्थाभेदापेक्षया सत्त्वे सत्यपि काल-कारक-सङ्ख्यालिङ्ग-पुरुषभेदप्रयुक्तभेदानभ्युपगमेऽसत्त्वम् । समभिरूढनयादेशेनाऽर्थक्रियाकारिण्यपि पर्यायशब्दभेदप्र-युक्तभेदानङ्गीकारेऽसत्त्वमेव । एवम्भूतनयैदम्पर्येण तु न केवलमर्थक्रियासमर्थेऽपि व्युत्पत्त्यर्थविरहेऽसत्त्वम्, अपि तु पर्यायशब्दान्तरार्थक्रियाविष्टेऽपि विवक्षितशब्दव्युत्पत्त्यर्थविरहदशायां विवक्षितशब्दवाच्यत्वेनासत्त्वमेव । इत्थञ्च नयमतभेदेन वस्तुस्वरूपधीः परावर्तते, तथापि स्फुटमेव वस्तुस्वरूपमिति न काचिद् बाधा स्याद्वादिसदसि,

---

વસ્તુસંબંધી વ્યવહારનો પ્રયોજક નિર્ણય અને લોકવ્યવહાર (શબ્દપ્રયોગ તેમ જ સફળ પ્રવૃત્તિ) - આ બન્ને અનેકાન્તવાદમાં અસંગત જ બનશે.'' તો તેના સમાધાન માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે —>

<u>**શ્લોકાર્થ**</u> :-નૈગમ નયથી માંડીને છેલ્લા એવંભૂત નય સુધી વસ્તુસ્વરૂપવિષયક બુદ્ધિ બદલાવા છતાં વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ જ છે. અભિપ્રેત અંશને આશ્રયીને થતો નિર્ણય વ્યવહારને કરાવનારો છે. <u>(૧/૪૧)</u>

## ✦ નયભેદથી વિભિન્ન નિર્ણય છતાં વ્યવહાર નિરાબાધ ✦

<u>**ટીકાર્થ**</u> :- નૈગમ નયથી માંડીને એવંભૂત નય સુધી નયના દર્પણમાં પ્રતિનિયત એવા વસ્તુસ્વરૂપની બુદ્ધિ બદલાવા છતાં પણ વસ્તુનું સ્વરૂપ સ્પષ્ટ જ છે. સૌપ્રથમ નયભેદથી વસ્તુસ્વરૂપનો બોધ બદલાય છે આ વાતને સમજી લઈએ. (૧) નૈગમ નયના મતથી પરસ્પર ન સંકળાયેલા એવા સામાન્ય અને વિશેષ જ પારમાર્થિક વસ્તુ છે. (૨) સંગ્રહ નયથી સામાન્ય જ સત્ છે.(૩) વ્યવહાર નયથી લોકવ્યવહારના માર્ગમાં આવેલ કેટલાક સમય સુધી રહેનાર, જલાહરણ વગેરે અર્થક્રિયા ઉત્પન્ન કરવામાં સમર્થ, સ્થૂળ ઘટ વગેરે જ પરમાર્થ સત્ છે. (૪) ઋજુસૂત્ર નયના અભિપ્રાયથી માત્ર વર્તનમાનક્ષણસ્થાયી, સ્વકીય અર્થક્રિયાને ઉત્પન્ન કરવામાં સમર્થ કેવલ ઘટાદિ પર્યાય જ પારમાર્થિક છે. (૫) શબ્દનયના તાત્પર્યથી અર્થક્રિયાને કરનાર વસ્તુ અનેક પર્યાય શબ્દથી વાચ્ય એવા અર્થના અભેદની અપેક્ષાએ પરમાર્થ સત્ હોવા છતાં પણ કાળ, કારક, સખ્યા, લિઙ્ગ, પુરૂષના ભેદથી પ્રયુક્ત વસ્તુભેદ સ્વીકારવામાં ન આવે તો અસત્ છે. (૬) સમભિરૂઢ નયના આદેશથી અર્થક્રિયા કરનાર વસ્તુમાં પણ પર્યાયશબ્દના ભેદથી પ્રયુક્ત ભેદ સ્વીકારવામાં ન આવે તો વસ્તુ અસત્ જ છે. (૭) એવંભૂત નયના ઐદંપર્યથી અર્થક્રિયામાં સમર્થ એવી પણ વસ્તુમાં વ્યુત્પત્તિઅર્થનો અભાવ હોય તો જ માત્ર તે અસત્ નથી, પરંતુ અન્ય પર્યાય શબ્દની વાચ્ય ક્રિયાથી યુક્ત હોવા છતાં પણ વિવક્ષિત શબ્દના વ્યુત્પત્તિઅર્થનો અભાવ હોય તો તેવી દશામાં વિવક્ષિત શબ્દના વાચ્યરૂપે તે વસ્તુ અસત્ જ છે. અષ્ટ પ્રાતિહાર્યથી પૂજાતી વખતે અરિહંત પરમાત્મા અરિહંત શબ્દના વાચ્યરૂપે સત્ હોવા છતાં પણ તે સમયે જો તીર્થસ્થાપના કરી રહેલા

वस्तुनोऽनन्तधर्मात्मकतया विविधस्वरूपालिङ्गितत्वान्नयभेदेन नानाप्रतीत्युपपत्तेः । न चैवं सति केन नयेनार्थस्वरूपनिर्णयः ? कथं वा व्यवहारः स्यात् ? इति शङ्कनीयम्, यतः **अभिप्रेताश्रयेणैव** = अभिमतसमुचितांशावलम्बनेनैव जायमानो **निर्णयः व्यवहारकः** = तथाविधव्यवहारकारी । यथाऽऽदिनाथसमवसरणे तीर्थङ्करजीवजिज्ञासवे भरतचक्रवर्तिने वृषभदेवेन नैगमनयमवलम्ब्य मरिचिनिर्देशोऽकारि। हिंसादिग्रस्तजीवानुद्दिश्य सङ्ग्रहनयेन प्रवृत्तम् 'एगे आया' (स्था. १/१/१०) इति **स्थानाङ्गसूत्रं** 'आत्मवत्सर्वभूतेषु वर्तितव्यमि'ति व्यवहारकारि । बद्धतीर्थङ्करकर्मणि चरमशरीरिणि जाते व्यवहारनयतः तीर्थङ्करत्वं विनिश्चित्येन्द्रादीनां जिनजन्ममहोत्सवादिप्रवृत्तिरित्यादि यथायथमवसेयम् । ततश्च संशयोऽप्यनवकाशः तत्तन्नयानुविद्धप्रमाणतः वस्तुनः परस्परविरुद्धानन्तधर्मात्मकत्वेऽपि क्षयोपशमविशेषाधीनात्मलाभेनाऽपेक्षाविशेषेण प्रतिनियतधर्मपरिच्छेदाभ्युपगमात् । अनभिमतायोग्यांशाश्रयणेन जायमानो वस्तुस्वरूपनिर्णयः तद्व्यवहारो वा नौचित्यमश्नुतीति तु ध्येयम् । तदुक्तं **न्यायखण्डखाद्ये** - 'न ह्येकत्र नानाविरुद्धधर्मप्रतिपादकः स्याद्वादः, किन्त्वपेक्षाभेदेन तदविरोधद्योतकस्यात्पदसमभिव्याहृतवाक्यविशेष' (पृ.४२८) इति ॥१/४१॥

ननु भवद्भिरनेकान्तवादे एकान्तवादोऽभ्युपगम्यते न वा ? आद्यपक्षे एकान्तवादप्रवेशापातः । द्वितीयपक्षे

---

ન હોય - તો તીર્થંકર શબ્દના વાચ્યરૂપે અસત્ જ છે. આવો એવંભૂત નયનો અભિપ્રાય છે. આ રીતે અલગ અલગ નયના મતથી વસ્તુસ્વરૂપવિષયક બોધ સ્પષ્ટ રીતે બદલાય છે. છતાં પણ વસ્તુનું સ્વીકૃત સ્વરૂપ સ્પષ્ટ જ છે. માટે સ્યાદ્વાદીની સભામાં કોઈ પણ ક્ષતિ આવતી નથી, કારણ કે વસ્તુ અનન્તધર્માત્મક હોવાના લીધે વિવિધ સ્વરૂપોથી યુક્ત હોવાથી અલગ અલગ નયથી અનેકવિધ પ્રતીતિ સંભવી શકે છે. "છતાં પણ કયા નયથી અર્થસ્વરૂપનો નિર્ણય કરવો તથા વ્યવહાર પણ કેવી રીતે કરવો. ? " - આવી શંકા ન કરવી. કારણ કે વસ્તુના અભિપ્રેત અને યોગ્ય એવા અંશનું અવલંબન કરીને જ ઉત્પન્ન થનારો નિર્ણય તથાવિધ વ્યવહારને કરનારો છે. જેમ કે (૧) આદિનાથ ભગવાનના સમવસરણમાં "હે ભગવાન ! આ ૧૨ પર્ષદામાં કોઈ તીર્થંકરનો જીવ છે ખરો ?" - આવી જિજ્ઞાસા કરનાર ભરત ચક્રવર્તીને ઋષભદેવ ભગવાને નૈગમ નયનો આશ્રય કરીને "તારો પુત્ર મરિચિ તીર્થંકરનો જીવ છે" - આવો નિર્દેશ કર્યો. (૨) હિંસા વગેરેમાં ડૂબેલા જીવને ઉદ્દેશીને સંગ્રહ નયને આશ્રયીને પ્રવૃત્ત થયેલ 'एगे आया' આવું <u>સ્થાનાંગસૂત્ર</u> आत्मवत् सर्वभूतेषु वर्त्तितव्यम् - આવો અભ્રાન્ત વ્યવહાર કરાવનાર છે. (૩) છેલ્લા ભવમાં જન્મેલા તીર્થંકરનામકર્મવાળા જીવમાં વ્યવહારનયથી તીર્થંકરપણાનો નિશ્ચય કરીને ઈંદ્ર વગેરેની જિનજન્મમહોત્વ વગેરે સ્વરૂપ સફળ પ્રવૃત્તિ પ્રસિદ્ધ છે આ રીતે અલગ અલગ નયથી થતો યથાયોગ્ય નિરાબાધ અમોઘ વ્યવહાર જાણી લેવો.

આમ વસ્તુના સ્વરૂપને વિશે સંશય થવાને અવકાશ રહેતો નથી. કારણ કે અલગ અલગ નયોથી ગર્ભિત એવા પ્રમાણને અવલંબીને વસ્તુ પરસ્પરવિરૂદ્ધ અનંતધર્માત્મક હોવા છતાં પણ વિશેષ પ્રકારના ક્ષયોપશમથી પ્રાપ્ત થનાર વિશેષ અપેક્ષા દ્વારા વસ્તુના પ્રતિનિયત ધર્મનો નિશ્ચય સ્વીકારવામાં આવે છે. વસ્તુના અનભિમત, અયોગ્ય એવા અંશને આશ્રયીને થતો વસ્તુસ્વરૂપવિષયક નિર્ણય કે વ્યવહાર ઉચિત નથી જ. <u>ન્યાયખંડખાદ્યમાં</u> પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ જણાવ્યું છે કે —> એક જ વસ્તુમાં અનેક વિરૂદ્ધ ધર્મને બતાવનાર વાક્ય એ કાંઈ સ્યાદ્વાદ નથી, પરંતુ વિશેષ પ્રકારની અપેક્ષા દ્વારા વિલક્ષણ ધર્મોમાં રહેલા અવિરોધને જણાવનાર એવા 'સ્યાત્' પદથી ગર્ભિત વિશેષ પ્રકારનું વાક્ય એ જ સ્યાદ્વાદ છે. <— આ વાત ધ્યાનમાં રાખવી. <u>(૧/૪૧)</u>

च वस्तुस्वरूपविश्रान्तिर्दुर्लभेति द्विपक्षी राक्षसी न परिहार्येत्याशङ्कायामाह - **'अनेकान्त'** इति ।

**अनेकान्तेऽप्यनेकान्तादनिष्ठैवमपाकृता ।**
**नयसूक्ष्मेक्षिकाप्रान्ते विश्रान्तेः सुलभत्वतः ॥४२॥**

**एवं** = अभिमतसमुचितांशावलम्बनप्रयुक्तार्थनिर्णयस्य सद्व्यवहारकारितया **अनेकान्तेऽपि** अभ्युपगम्यमानात् **अनेकान्तात् अनिष्ठा** = वस्तुस्वरूपाऽविश्रान्तिः **अपाकृता** = निराकृता, अनेकान्तस्य सम्यगेकान्ताविनाभावित्वात् । तदुक्तं **सम्मतितर्कटीकायां** —> अनेकान्तस्यापि स्यात्कारलांछनैकान्तगर्भस्यानेकान्तस्वभावत्वात् <— (काण्ड-२-का.१-पृ. ५५२) । **समन्तभद्राचार्ये**णापि **स्वयम्भूस्तोत्रे** 'अनेकान्तेऽप्यनेकान्तः प्रमाण-नयसाधनः । अनेकान्तः प्रमाणात्ते तदेकान्तोऽर्पितान्नयात्' ॥ (बृहत्स्वयं. स्तो. १०३) इत्युक्तम् । **कार्त्तिकेयानुप्रेक्षा**यामपि —> जं वत्थु अणेयंतं, एयंतं तं पि होदि सविवेक्खं । सुयणाणेण णएहि य निरवेक्खं दीसदे णेव ॥२६१॥ <— इत्युक्तम् । ततश्च प्रतिनियतवस्तुस्वरूपनिर्णयकृते सुनयमीमांसा आरभ्या, **नयसूक्ष्मेक्षिकाप्रान्ते** = सुनयसम्बन्धिसूक्ष्मविचारविमर्शपर्यवसाने **विश्रान्तेः** = असाधारणा-

---

અહીં પ્રશ્ન એ થાય છે કે "જૈન લોકો અનેકાન્તવાદમાં એકાન્તવાદ સ્વીકારે છે કે નહિ ? જો અનેકાન્તવાદમાં એકાન્તવાદનો સ્વીકાર કરવામાં આવે તો જૈનોને એકાન્તવાદમાં પ્રવેશ થવાની આપત્તિ આવશે, અને જો અનેકાન્તવાદમાં એકાન્તવાદ સ્વીકારવામાં ન આવે તો વસ્તુસ્વરૂપની વિશ્રાંતિ=નિર્ણય દુર્લભ બનશે. આ રીતે ઉભયપક્ષી રાક્ષસી અનેકાન્તવાદનો પીછો છોડતી નથી."- આનો જવાબ આપતા ગ્રંથકારશ્રી કહે છે કે -

**શ્લોકાર્થ** :- આ રીતે અનેકાન્તમાં પણ અનેકાન્ત હોવાથી અનિષ્ઠા = અનિર્ણય દૂર થાય છે. કારણ કે નયની સૂક્ષ્મ વિચારણાઓને છેડે વિશ્રાન્તિ = નિર્ણય સુલભ છે. (૧/૪૨)

## ✡ અનેકાન્તમાં પણ અનેકાન્ત ✡

**ટીકાર્થ** :- અભિપ્રેત, યોગ્ય એવા વસ્તુઅંશના અવલંબનથી થયેલ નિર્ણય વ્યવહાર કરાવનાર હોવાથી અનેકાન્તમાં પણ સ્વીકારાતા અનેકાન્તને આશ્રયીને વસ્તુસ્વરૂપની અવિશ્રાંતિ = અનિર્ણય નિરાકૃત થઈ જાય છે. આનું કારણ એ છે કે અનેકાન્ત સ્વયં સમ્યગ્ એકાન્તને વ્યાપીને રહેલો છે. સંમતિતર્ક ગ્રંથની ટીકામાં શ્રીઅભયદેવસૂરિ મહારાજાએ જણાવેલ છે કે —> 'સ્યાત્' શબ્દથી યુક્ત એવા એકાંતથી ગર્ભિત એવો અનેકાન્ત પણ અનેકાન્ત સ્વભાવવાળો છે. <—સમન્તભદ્ર આચાર્ય પણ સ્વયંભૂસ્તોત્રમાં જણાવે છે કે —> અનેકાન્ત પણ પ્રમાણ અને નય દ્વારા સિદ્ધ થનાર અનેકાન્ત છે, હે વીતરાગ ! તમારો અનેકાન્ત પ્રમાણની અપેક્ષાએ છે અને અર્પિત = વિવક્ષિત એવા નયની અપેક્ષાએ એકાન્ત સ્વરૂપ છે. <—કાર્તિકેયઅનુપ્રેક્ષામાં પણ જણાવેલ છે કે —> જે વસ્તુ અનેકાન્ત સ્વરૂપ છે તે પણ સાપેક્ષ રીતે એકાંત સ્વરૂપ છે. શ્રુતજ્ઞાન = પ્રમાણને સાપેક્ષ વસ્તુ અનેકાન્ત સ્વરૂપ છે; પરંતુ નિરપેક્ષ તો કોઈ પણ વસ્તુ દેખાતી જ નથી. <— તેથી વસ્તુના પ્રતિનિયત સ્વરૂપના નિર્ણય માટે સુનયની મીમાંસા શરૂ કરવી જોઈએ. સુનયસંબંધી સૂક્ષ્મ વિચાર વિમર્શને છેડે અસાધારણ આકારરૂપે વિવક્ષિત વસ્તુના સ્વરૂપનો ચરમ નિર્ણય સુલભ છે. તેથી 'વસ્તુસ્વરૂપનો ચરમ નિર્ણય નહીં થાય' - એવો જે આક્ષેપ પૂર્વે કરેલો તેનું નિરાકરણ થઈ જાય છે. સમ્મતિતર્ક ગ્રન્થમાં જણાવેલ છે કે —> ભજના(અનેકાન્ત)માં પણ ભજના સમજવી. જેમ સર્વ દ્રવ્યોમાં ભજના પ્રવર્તે છે તેમ ભજનાનિયમ = અનેકાન્તમાં એકાંત પણ આગમને વિરોધ ન આવે તેમ સંભવે. <—અનેકાન્તવ્યવસ્થા પ્રકરણમાં પણ પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> અનેકાન્ત પણ અનેકાન્તસ્વરૂપ છે. - એવું અમને ઈષ્ટ છે. માટે નયની અપેક્ષાએ એકાન્ત *અને પ્રમાણની અપેક્ષાએ અનેકાન્ત - આ રીતે અનેકાન્ત જાણાવવો. તે આ રીતે નિત્યત્વ-અનિત્યત્વ આદિ*

कारेण विवक्षितवस्तुस्वरूपगोचरचरमनिर्णीतेः **सुलभत्वतः** प्रागाक्षिप्ता वस्तुस्वरूपाऽनिष्ठा अपाकृता । तदुक्तं **सम्मतितर्के** - 'भयणा वि हु भइयव्वा जह भयणा भयइ सव्वदव्वाइं । एवं भयणाणियमो वि होइ समयाविरोहेण' ॥(३/२७) । तदुक्तं **अनेकान्तव्यवस्थाप्रकरणेऽपि** —> अनेकान्तोऽप्यनेकान्त इतीष्टमस्माकमिति नयप्रमाणापेक्षया एकान्तश्चानेकान्तश्चेत्येवमसौ ज्ञापनीयः । तथाहि नित्यानित्यादिशबलैकस्वरूपे वस्तुनि नित्यत्वाऽनित्यत्वाद्येकतरधर्मावच्छेदकावच्छेदेनैकतरधर्मात्मकत्वम्, उभयावच्छेदेन वोभयात्मकत्वमिति <— (पृ.८३) ।

एतेन —> सर्वमनेकान्तमिति निश्चीयते न वा ? यदि निश्चीयते तर्हि एकान्तप्रसक्तिः । यदि न निश्चीयते तर्हि निश्चयस्याऽप्यनिश्चयरूपत्वेन निश्चयरूपत्वं न सम्भवेत् । अत एतादृशः शास्त्रप्रणेता तीर्थङ्कर उन्मत्ततुल्यः <— इति वदन्नुन्मत्तो **भास्करभाष्यकारो भास्कराचार्यो** बहिष्कार्यः, अनेकान्तानुविद्धैकान्तरूपादेवानेकान्ताद् व्यवस्थोपपत्तेः । तदुक्तं **सम्मतितर्के** —> जेण विणा लोगस्सवि ववहारो सव्वहा न निव्वडइ । तस्स भुवणेक्कगुरुणो णमो अणेगंतवायस्स ॥३/६८॥ <— इति ।

ततश्च सापेक्षमेवार्थक्रियाकारि सर्वमिति स्थितम् । **कार्त्तिकेयानुप्रेक्षा**यामपि —> जं वत्थु अणेयंतं तं चिय कज्जं करेदि णियमेण <— (२२५) इत्युक्तम् ।

युक्तञ्चैतत्, लोकव्यवहारस्याऽपि स्याद्वादसमर्थकत्वात् । तथाहि - 'नील-घटयोरभेद' इति प्रयोगो

---

વિલક્ષણ ધર્મોથી અનુવિદ્ધ એકસ્વભાવવાળી વસ્તુમાં નિત્યત્વ ધર્મના નિયામકની અપેક્ષાએ વસ્તુમાં નિત્યાત્મકતા છે. અનિત્યત્વ ધર્મના નિયામકની અપેક્ષાએ અનિત્યપણું છે. અથવા તો નિત્યત્વ-અનિત્યત્વ - આ બન્ને ધર્મના નિયામકની અપેક્ષાએ વસ્તુમાં નિત્યાનિત્ય ઉભયાત્મકતા છે. <—

## ❊ ભાસ્કરાચાર્યના પ્રલાપનું નિરાકરણ ❊

**एतेन** ०। —> બધી વસ્તુ અનેકાન્ત છે - એવો નિશ્ચય થાય છે કે નહિ ? જો એવો નિશ્ચય થઈ શકતો હોય તો એકાન્તવાદની આપત્તિ આવશે. જો એવો નિશ્ચય ન થઈ શકતો હોય તો નિશ્ચય પણ અનિશ્ચયરૂપતા પામવાથી તેમાં નિશ્ચયપણું જ નહિ સંભવે. તેથી આવા શાસ્ત્રપ્રણેતા તીર્થંકર ઉન્મત્તતુલ્ય છે. <— આવું બોલતા ઉન્મત્ત બનેલા ભાસ્કરભાષ્યકાર ભાસ્કરાચાર્યનો બહિષ્કાર કરવો જોઈએ. કારણ કે અનેકાન્તથી અનુવિદ્ધ એકાંત સ્વરૂપ એવા જ અનેકાંત દ્વારા વ્યવસ્થા સંગત થાય છે. સંમતિતર્ક ગ્રંથમાં શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી મહારાજાએ જણાવેલ છે કે —> જેના વિના લોકોના વ્યવહારનો પણ સર્વથા નિર્વાહ થઈ શકતો નથી તે જગદ્ગુરૂ અનેકાંતવાદને અમારા નમસ્કાર થાઓ. <— તેથી સર્વ વસ્તુ સાપેક્ષ રહીને જ અર્થક્રિયા કરે છે - એવું નિશ્ચિત થાય છે. કાર્તિકેય અનુપ્રેક્ષામાં કુમારસ્વામીએ પણ કહ્યું છે કે —> જે વસ્તુ અનેકાન્ત સ્વરૂપ છે તે જ નિયમા કાર્ય કરે છે. <—

## ❊ લોક વ્યવહારથી ભેદાભેદની સિદ્ધિ ❊

**युक्तं च** ० । ઉપરોક્ત વાત યુક્તિસંગત છે. કારણ કે લોકવ્યવહાર પણ સ્યાદ્વાદનું સમર્થન કરે છે. તે આ રીતે : જો ધર્મ-ધર્મીનો ભેદાભેદ સ્વીકારવામાં ન આવે તો 'नीलघटयोः अभेदः' આવો પ્રયોગ સંભવી નહીં શકે. કારણ કે ''સહોચ્ચારણ કરવામાં આવે તો 'च' શબ્દના અર્થમાં દ્વંદ્વ સમાસ થાય'' આ પ્રમાણે સિદ્ધહેમશબ્દાનુશાસન દ્વારા 'च' શબ્દના અર્થમાં દ્વંદ્વ સમાસનું વિધાન થાય છે. તથા 'च' શબ્દનો અર્થ

धर्म-धर्मिणोर्भेदाभेदाभ्युपगमं विना नोपपद्यते, —> चार्थे द्वन्द्वः सहोक्तौ <— (३/१/११७) इति **सिद्धहेमशब्दानुशासनेन** चार्थे द्वन्द्वविधानात् भेदस्य चार्थत्वात् (स्या.क.लता.स्त. ७/३३-पृ. २९४)। तयोरेकान्तेनाऽभेदे द्वन्द्वानुपपत्तिः, एकान्तभेदे चाभेदोक्त्यनुपपत्तिः । समानविभक्तिकत्वलक्षणात् सामानाधिकरण्यादपि तयोर्भेदाभेदसिद्धिः । तथाहि नील-घटयोरेकान्तभेदे 'नीलो घटः' इतिवत् 'पटो घट' इत्यपि प्रयोगः प्रामाणिकः स्यात् । तयोरेकान्ताभेदे तु 'नीलो घटः' इतिवत् 'घटो घट' इत्यपि प्रयुज्येत प्रेक्षावद्भिरिति भेदानुविद्धाभेदलक्षणोऽनेकान्तो वादसदसि विजयतेतराम् ।।१/४२।।

स्याद्वादस्य निर्दोषतामावेदयति - **'आत्मे'**ति ।

**आत्माश्रयादयोऽप्यत्र, सावकाशा न कर्हिचित् ।**
**ते हि प्रमाणसिद्धार्थात्, प्रकृत्यैव पराङ्मुखाः ।।४३।।**

—> 'अनद्यतने र्हि <— (७/२/१०२) इति **सिद्धहेमशब्दानुशासनात् कर्हिचित्** = कदाचनाऽपि **अत्र** = अनेकान्तवादे **आत्माश्रयादयोऽपि** दोषाः **न सावकाशाः** = लब्धावकाशाः ।

---

ભેદ જ છે. તેથી નીલ અને ઘટ - આ બે પદાર્થનો એકાંતે અભેદ માનવામાં આવે તો ઉપરોક્ત દ્વન્દ્વ સમાસની સંગતિ નહિ થાય અને જો તે બન્ને વચ્ચે એકાંત ભેદ માનવામાં આવે તો ઉપરોક્ત વાક્યના ઉત્તરાર્ધમાં રહેલો **'अभेद'** શબ્દ અસંગત થઈ જશે. પરંતુ ઉપરોક્ત શબ્દપ્રયોગ પ્રસિદ્ધ છે. તેથી તે બન્ને નીલ અને ઘટ પદાર્થમાં દ્વંદ્વ સમાસ દ્વારા ભેદની સિદ્ધિ અને ઉપરોક્ત વાક્યમાં રહેલ **'अभेद'** શબ્દ દ્વારા તે બન્ને પદાર્થમાં અભેદની સિદ્ધિ નિરાબાધ છે. વળી, સામાનાધિકરણ્ય દ્વારા પણ તે બન્ને પદાર્થમાં ભેદાભેદની સિદ્ધિ થાય છે. જે શબ્દની વિભક્તિ એકસરખી હોય તે શબ્દો વચ્ચે પરસ્પર સામાનાધિકરણ્ય માનવામાં આવે છે. આ વ્યાકરણની પરિભાષા છે. દાખલા તરીક નીલ અને ઘટ બે પદાર્થ વચ્ચે એકાંતે ભેદ માનવામાં આવે તો ''नीलो घटः'' આવા શબ્દપ્રયોગની જેમ ''पटो घटः'' આવા પ્રયોગને પ્રામાણિક માનવાની આપત્તિ આવશે. કારણ કે પટ અને ઘટ વચ્ચે એકાંતે ભેદ પરવાદીને માન્ય જ છે. તથા તે બન્નેનો એકાંતે અભેદ માનવામાં આવે તો ''नीलो घटः'' આવા શબ્દપ્રયોગની જેમ ''घटो घटः'' આ રીતે પણ શબ્દપ્રયોગ બુદ્ધિમાન લોકો કરશે. કારણ કે ઘડામાં પોતાનો અભેદ સર્વમાન્ય જ છે. પરંતુ ''पटो घटः'' કે ''घटो घटः'' આવા શબ્દપ્રયોગો શિષ્ટ પુરૂષોને માન્ય નથી. પણ ''नीलो घटः'' આવો શબ્દપ્રયોગ જ સર્વમાન્ય છે કે જે તે બે પદાર્થ વચ્ચે ભેદાભેદને સિદ્ધ કરે છે. આથી ભેદઅનુવિદ્ધ અભેદ સ્વરૂપ અનેકાન્તવાદ સભામાં અત્યંત વિજયને પામે છે. **(૧/૪૨)**

સ્યાદ્વાદની નિર્દોષતાને ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- અનેકાન્તવાદમાં આત્માશ્રય વગેરે દોષો પણ ક્યારેય સ્થાન પામતા નથી. કારણ કે તે દોષો સ્વભાવતઃ પ્રમાણસિદ્ધ વસ્તુથી પરાઙ્મુખ બનેલા છે. **(૧/૪૩)**

## ❀ અનેકાન્તવાદમાં આત્માશ્રય વગેરે દોષોનો આક્ષેપ ❀

**ટીકાર્થ** :- ''अनद्यतने र्हि'' આવા **સિદ્ધહેમશબ્દાનુશાસનથી** અદ્યતન કાળ સિવાયના કાળ માટે 'र्हि' પ્રત્યય લાગવાથી બનેલા 'कर्हिचित्' શબ્દનો અર્થ 'ક્યારેય પણ' - એવો છે. પ્રસ્તુતમાં અર્થ એ થશે કે - ક્યારેય પણ અનેકાન્તવાદમાં આત્માશ્રય વગેરે દોષોને અવકાશ રહેતો નથી. પરવાદીઓ સ્યાદ્વાદના વાસ્તવિક સ્વરૂપને જાણ્યા વિના જ સ્યાદ્વાદમાં દોષપરંપરાઓનો આક્ષેપ કરે છે. તે આ રીતે : (૧) ધર્મીથી ધર્મનો ભેદ અને અભેદ રહેવા માટે જો પોતાની અપેક્ષા રાખે તો આત્માશ્રય દોષ આવશે. કહેવાનો આશય એ છે કે ધર્મનો ભેદાભેદ સ્વાત્મક સંબંધથી રહે છે - એવું સિદ્ધ કરવા માટે પોતાની જ અપેક્ષા રહે છે. હજુ સુધી ધર્મીમાં ધર્મનો ભેદાભેદ

परे हि स्याद्वादस्वरूपमनवबुध्यैव दूषणपरम्परामाविर्भावयन्ति । तथाहि एकत्र धर्मिणि भेदाभेदयोः वृत्तित्वे स्वापेक्षायामात्माश्रयप्रसङ्गः, भिन्नाभ्यां स्वभावाभ्यां भेदाभेदस्वभावयोः भेदाभेदस्वभावाभ्याञ्च तयोरेकत्र वृत्तित्वेऽन्योन्याश्रयापातः, स्वापेक्षितापेक्षितापेक्षायां चक्रकदूषणम्, भिन्नाभ्यां स्वभावाभ्यां तदङ्गीकारे तयोरपि तत्र वृत्तौ स्वभावभेदापेक्षा, तयोरपि तत्र वृत्तावन्यस्वभावविशेषापेक्षा इत्येवं स्वभावभेदवगेषणायामनवस्थेत्यादिदोषोद्भावनप्रकारो हि प्रबलमिथ्यात्वविषोद्गारः । यतः **ते हि** आत्माश्रयान्योन्याश्रयादिदोषाः **प्रकृत्या** = स्वभावेन **एव प्रमाणसिद्धार्थात्** = समुचितनयप्रमाणोपयोगेनाऽन्योन्यव्याप्ततया प्रसिद्धात् मिथःसंवलित-भेदाभेदाद्यर्थात् **पराङ्मुखाः** = विमुखाः । न हि वयं गुञ्जापुञ्जे रक्तत्व-श्यामत्वे इवैकत्र वस्तुनि विशकलितौ भेदाभेदावभ्युपगच्छामः येनोपर्युक्तदोषावकाशः स्यात् । अस्माभिरनेकान्तवादिभिस्तु दाडिमे स्निग्धत्वव्यतिमिश्रि-तोष्णत्वमिवैकत्र धर्मिणि भेदानुविद्धाभेद एवाङ्गीक्रियते । न च 'प्रत्येकं ये भवेयुर्दोषा द्वयोर्भावे कथं न ते ?' इत्याशङ्कनीयम्, गुडनागरभेषजे माधुर्य-कटुकत्वयोः परस्परानुवेधनिमित्तस्योभयदोषनिवर्तकत्वस्यैवैकत्र

---

**સિદ્ધ ન થયેલ હોવાથી 'ભેદાભેદાત્મક સંબંધથી ધર્મનો ભેદાભેદ ધર્મીમાં રહે છે.' - તેવું સ્વીકારી ન શકાય (૨) ધર્મીમાં ધર્મનો ભેદ અને અભેદ રહેલો છે એની સિદ્ધિ કરવા માટે 'A અને B નામના ભિન્ન સ્વભાવ દ્વારા ધર્મીમાં ધર્મનો ભેદાભેદ રહે છે, અને ભેદાભેદ સ્વભાવ દ્વારા A અને B તે ધર્મીમાં રહે છે' - આવું માનવામાં અન્યોન્યાશ્રય દોષની આપત્તિ આવે છે. (૩) જો ધર્મીમાં ધર્મના ભેદાભેદ સ્વભાવને રહેવા માટે A અને B નામના સંબંધની કલ્પના તથા A અને B ને તે ધર્મીમાં રહેવા માટે C અને D નામના સંબધની કલ્પના અને C તથા D સંબંધને રહેવા માટે પ્રથમ ભેદાભેદ સ્વભાવની અપેક્ષા રહે છે એવું માનવામાં આવે તો ચક્રક દોષ આવે છે. (૪) જો ધર્મીમાં ધર્મના ભેદાભેદને રહેવા માટે A અને B ની અપેક્ષા; A અને B ને રહેવા માટે C-D ની અપેક્ષા; C-D ને રહેવા માટે E-F ની અપેક્ષા, આ રીતે આગળ આગળ નવા નવા સ્વતંત્ર સંબંધોની કલ્પના કરવામાં આવે તો અનવસ્થા (=અપ્રામાણિક અનંત પદાર્થ કલ્પના પ્રસંગ) દોષ આવશે. અહીં એક વાત ધ્યાનમાં રાખવી કે જે સ્વભાવ અથવા તો ધર્મ ધર્મીમાં રહેતો હોય તે જ અન્ય કોઈને તે જ ધર્મીમાં રહેવા માટે સંબંધનું કામ કરી શકે. માટે ઉપરોકત રીતે અનેક સંબંધની ગવેષણા કરવી જરૂરી બની જશે. આ પ્રમાણે સ્યાદ્વાદમાં દોષોદ્ભાવન કરવું તે પ્રબલ મિથ્યાત્વરૂપી વિષનો ઓડકાર છે.**

## ❀ અનેકાન્તવાદમાં આત્માશ્રય વગેરે દોષોનું નિરાકરણ ❀

**यतः । ઉપરોક્ત આક્ષેપ બરોબર ન હોવાનું કારણ એ છે કે યોગ્ય નય અને પ્રમાણના ઉપયોગથી અન્યોન્ય વ્યાપ્તરૂપે પ્રસિદ્ધ એવા પરસ્પર સંવલિત ભેદાભેદ વગેરે પદાર્થથી આત્માશ્રય, અન્યોન્યાશ્રય વગેરે દોષો સ્વભાવથી જ વિમુખ છે. અમે સ્યાદ્વાદી ચણોઠીમાં લાલાશ અને કાળાશ ગુણધર્મ જેમ પરસ્પર છૂટાછવાયા છે તે રીતે એક વસ્તુમાં છૂટાછવાયા ભેદાભેદને સ્વીકારતા નથી, કે જેના કારણે ઉપરોક્ત દોષો સંભવી શકે. જેમ દાડમમાં સ્નિગ્ધત્વથી મિશ્રિત એવી ઉષ્ણતા રહેલી છે. રૂપ અને રસ પણ જેમ સાથે રહે છે તેમ એક જ વસ્તુમાં ભેદથી અનુવિદ્ધ એવો જ અભેદ, અમે અનેકાન્તવાદીઓ સ્વીકારીએ છીએ. તેથી ઉપરોકત દોષોનો અવકાશ રહેતો નથી. ''ધર્મીમાં ધર્મના ભેદ અને અભેદ-પ્રત્યેકને સ્વતંત્ર રીતે માનવામાં જે દોષો આવે છે તે દોષો, તે બન્નેને ધર્મીમાં માનવામાં કેમ ન સંભવે ?''- આવી શંકા અસ્થાને છે. કારણ કે એકલા ગોળમાં મધુરતાને કારણે કફકારકતા રૂપ દોષ રહેલ છે અને એકલી સૂંઠમાં તીખાશને કારણે પિત્તકારકતા દોષ રહેલ છે. પરંતુ ગોળ અને સૂંઠને પરસ્પર ચોળીને તેની ગોળી બનાવવામાં આવે તો તે ઔષધરૂપ બની જાય છે અને તેમાં મીઠાશ અને તીખાશ બન્ને પરસ્પર મિશ્રિત-અનુવિદ્ધ થવાના કારણે કફકારિતા અને પિત્તકારિતા - ઉભય દોષ નિવૃત્ત થાય છે. બરાબર આ જ રીતે**

धर्मिणि भेदाभेदयोः मिथोऽनुवेधनिमित्तस्यात्माश्रयादिदोषनिवर्तकत्वस्यानपलपनीयत्वात्, तथैव तदुपलब्धेः। एकान्तभेदादिकन्तु नैवोपलभ्यते । तदुक्तं **शास्त्रवार्तासमुच्चये** —> जात्यन्तरात्मके चास्मिन्नानवस्थादिदूषणम् । नियतत्वात् विविक्तस्य भेदादेश्चाप्यसम्भवात् । (७/३८) नाभेदो भेदरहितो भेदो वाऽभेदवर्जितः। केवलोऽस्ति यतस्तेन कुतस्तत्र विकल्पनम् ॥ <— (७/३९) इति ।

तदुक्तं विमुक्ताग्रहेण **वाचस्पतिमिश्रे**णाऽपि **तत्त्ववैशारद्यां** —> अनुभव एव हि धर्मिणो धर्मादीनां भेदाऽभेदौ व्यवस्थापयति । न ह्यैकान्तिकेऽभेदे धर्मादीनां धर्मिरूपवद् धर्मादित्वम् । नाप्यैकान्तिके भेदे गवाश्ववद् धर्मादित्वम् । स चानुभवोऽनैकान्तिकत्वमवस्थापयन्नपि धर्मादिषूपजनाऽऽयधर्मकेषु अपि धर्मिणमेकमनुगमयन् धर्मांश्च परस्परतो व्यावर्तयन् प्रत्यात्ममनुभूयते इति । तदनुसारिणो वयं न तमतिवर्त्त्य स्वेच्छया व्यवस्थापयितुमीश्महे <— ( ) । केन हि शक्यतेऽनेकान्तवादः प्रतिक्षेप्तुम् ? **पार्थसारमिश्रे**णापि **शास्त्रदीपिकायां** —> वयं तु भिन्नाभिन्नत्वम् । न हि तन्तुभ्यः शिरःपाण्यादिभ्यो वाऽवयवेभ्यो निष्कृष्टः पटो देवदत्तो वा प्रतीयते किन्तु (तन्तु)पाण्यादयोऽवयवा एव पटाद्यात्मना प्रतीयन्ते । विद्यते च देवदत्ते 'अस्य

---

એક વસ્તુમાં ધર્મના સ્વતંત્ર ભેદ અને અભેદ માનવામાં જે દોષ આવે છે તે દોષ ભેદ અને અભેદને પરસ્પર અનુવિદ્ધ માનવાને કારણે નિવૃત્ત થઈ જાય છે - આ વાતનો અપલાપ કરી શકાય તેમ નથી, કારણ કે પદાર્થ (=ભેદાભેદ) તે જ રીતે ઉપલબ્ધ થાય છે. એકાંત ભેદ કે એકાંત અભેદ વસ્તુમાં ઉપલબ્ધ થતાં જ નથી. શાસ્ત્રવાર્તાસમુચ્ચયમાં શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ જણાવેલ છે કે —> જાત્યન્તર સ્વરૂપ = અન્યોન્યઅનુવિદ્ધ એવા ભેદાભેદને માનવામાં અનવસ્થા વગેરે દોષ નહીં આવે, કારણ કે ભેદાભેદાત્મક પદાર્થનું એક વસ્તુમાં રહેવું તે સ્વભાવથી જ નિયત છે. ભેદથી સ્વતંત્ર એવો અભેદ કે અભેદથી સ્વતંત્ર એવો ભેદ તો અસંભવિત જ છે. ભેદ વિનાનો અભેદ કે અભેદ વિનાનો કેવળ ભેદ છે જ નહીં. તેથી કેવળ ભેદમાં કે કેવળ અભેદમાં દોષ વગેરેનું આપાદાન કરવું કેવી રીતે સંભવી શકે ?, કેમ કે તે દોષનો આશ્રય જ અસિદ્ધ છે. <—

## એકત્ર ભેદાભેદ - અન્યદર્શનકારોને સંમત

तदुक्तं० । તત્ત્વવૈશારદી ગ્રંથમાં વાચસ્પતિમિશ્ર પણ આગ્રહ છોડીને જણાવે છે કે —> અનુભવ જ ધર્મીથી ધર્મ વગેરેના ભેદાભેદની વ્યવસ્થા કરે છે, કારણ કે ધર્મીથી ધર્મ વગેરેનો એકાંતે અભેદ માનવામાં આવે તો ધર્મીના સ્વરૂપની જેમ ધર્મ વગેરે પણ ધર્મી સ્વરૂપ બની જશે અર્થાત્ ધર્મ વગેરે ધર્મપણું ગુમાવશે. મતલબ કે ધર્મી જ રહેશે, ધર્મ નહીં. તથા ધર્મીથી ધર્મ વગેરેનો એકાંતે ભેદ માનવામાં આવે તો પણ ધર્મ વગેરે ધર્મપણાને ગુમાવશે. જેમ ગાય અને ઘોડા વચ્ચે એકાંતે ભેદ હોવાથી તે બન્ને વચ્ચે ધર્મ-ધર્મીભાવ માનવામાં આવતો નથી, તેમ ગુણ અને ગુણી વચ્ચે એકાંતે ભેદ માનવામાં આવે તો તે બન્ને વચ્ચે ધર્મ-ધર્મી ભાવ ઘટી ન શકે. આમ અનુભવ, ધર્મ અને ધર્મી વચ્ચે એકાંત ભેદ કે એકાંત અભેદને દૂર કરવા છતાં પણ ઉત્પત્તિ, વિનાશ સ્વભાવવાળા ધર્મ વગેરેમાં પણ એક ધર્મીને અનુગત કરે છે અને ધર્મોને એકબીજાથી ભિન્ન બતાવે છે. આવો અનુભવ દરેક લોકો કરે છે. (જેમ કે સોનાની બંગડી તોડી સોનાનો હાર બનાવવામાં આવે ત્યારે બંગડી પર્યાય-અવસ્થા-ગુણધર્મ નાશ પામે છે અને હાર-ગુણધર્મની ઉત્પત્તિ થાય છે. છતાં તે બન્ને અવસ્થામાં સુવર્ણ અનુગત છે, તથા બંગડી અને હાર-આ બે અવસ્થા પરસ્પર ભિન્ન છે. અને બંગડી તેમ જ હાર સાથે સોનાનો ભેદાભેદ છે. આવો લોકોનો અનુભવ છે.) અનુભવને અનુસરનારા અમે (=વાચસ્પતિ

हस्तः शिरः' इत्यादिः कियानपि भेदावभास इत्युपपन्नमुभयात्मकत्वम् <— (पृ.४१२) इति प्रतिपादितम्।

**विद्यारण्येनापि ब्रह्मानन्दे** —> स घटो नो मृदो भिन्नः, वियोगे सत्यनीक्षणात् । नाप्यभिन्नः, पुरा पिण्डदशायामनवेक्षणात् ॥ <— (ब्रह्मा. अद्वैतानन्दप्रकरणे पृ.३५) इति प्रत्यपादि ।

**सुदर्शनेनापि शास्त्रदीपिकां** व्याख्यानतया —> यत्र हि मधुरमिदं द्रव्यमित्येवं द्रव्यस्य मधुरत्वेन रूपेण निरूपणं क्रियते तत्र रूप-रसयोः परस्परं भेदात् मधुरत्वेन निरूप्यमाणस्य द्रव्यस्यापि रूपादिभ्यो भेदोऽवभासते । यत्र चाभ्यर्हमिदं (द्रव्यमि'त्येव) द्रव्यत्वेनैव रूपेण निरूपणं क्रियते तत्र रूपादिभ्यो-ऽभेदोऽप्यवभासते, केनाऽपि गुणेन सामानाधिकरण्याभावादित्यर्थः । एवमेवावयवावयविनोरपि भेदाभेदाविति <— (शा.दी.सु.वृ.पृ.३९५) प्रणिगदितम् ।

अवयवावयवि-सामान्यविशेष-धर्मधर्मिप्रभृतिस्थले स्याद्वादिभिः नृसिंहत्वस्थानीयो जात्यन्तररूपो भेदा-नुविद्धाभेदोऽङ्गीक्रियते । सम्मतश्चेदं परेषामपि । तदुक्तं **वाचस्पतिमिश्रेणैव तत्त्ववैशारद्यां** —> नैकान्ततः परमाणुभ्यो भिन्नो घटादिरभिन्नो वा । भिन्नत्वे गवाश्ववद् धर्म-धर्मिभावानुपपत्तेः । अभिन्नत्वे धर्मिरूपवत्तदनु-पपत्तेः । तस्मात् कथञ्चिद्भिन्नः कथञ्चिदभिन्नश्चास्थेयः । तथा च सर्वमुपपद्यते <— (यो.सू.वि.पा.सू.४३ त.वै.पृ. )

---

**મિશ્ર) અનુભવનું ઉલ્લંઘન કરીને સ્વેચ્છાથી વસ્તુની વ્યવસ્થા કરવા માટે સમર્થ નથી. <— ખરેખર, અનેકાંતવાદનો પ્રતિક્ષેપ કોણ કરી શકે ?**

<u>**શાસ્ત્રદીપિકા**</u> ગ્રંથમાં <u>**પાર્થસાર મિશ્ર**</u> પણ જણાવે છે કે —> અમે તો અવયવ-અવયવી વચ્ચે ભિન્નાભિન્નત્વ માનીએ છીએ. કારણ કે તંતુ સ્વરૂપ અવયવથી છૂટા પડેલા પટની ઉપલબ્ધિ થતી નથી કે માથું, હાથ વગેરે અવયવથી અલગ પડેલા દેવદત્તની પ્રતીતિ થતી નથી. પરંતુ તંતુ વગેરે અવયવો જ પટ સ્વરૂપે ભાસે છે અને હાથ, પગ વગેરે અવયવો જ દેવદત્ત રૂપે જણાય છે. દેવદત્તમાં ''આનો હાથ, પગ'' વગેરે કેટલીક ભેદપ્રતીતિ વિદ્યમાન છે. માટે વસ્તુમાં ભેદાભેદ ઉભયાત્મક સંગત છે. <—

<u>**બ્રહ્માનંદ**</u> ગ્રંથમાં અદ્વૈતાનંદ પ્રકરણમાં <u>**વિદ્યારણ્યસ્વામી**</u>એ પણ કહ્યું છે કે —> તે ઘડો માટીથી ભિન્ન નથી, કારણ કે માટીનો વિયોગ હોય ત્યારે ઘડો દેખાતો નથી. તેમ જ તે ઘડો માટીથી અભિન્ન પણ નથી, કારણ કે પૂર્વે પિંડ અવસ્થામાં ઘડો દેખાતો નથી. <—

<u>**શાસ્ત્રદીપિકા**</u>ની વ્યાખ્યા કરતા <u>**સુદર્શનાચાર્ય**</u> પણ કહે છે કે —> જે સ્થળે ''આ દ્રવ્ય મધુર છે'' આ રીતે મધુરત્વરૂપે દ્રવ્યનું નિરૂપણ થાય છે ત્યાં રૂપ અને રસનો ભેદ હોવાથી મધુર રૂપે જણાતા દ્રવ્યનો પણ રૂપ વગેરેથી ભેદ ભાસે છે. અને જ્યાં ''આ દ્રવ્ય છે'' આ રીતે દ્રવ્યત્વરૂપે દ્રવ્યનું નિરૂપણ થાય ત્યાં દ્રવ્યનો રૂપ વગેરેથી અભેદ પણ ભાસે છે. કારણ કે ઉપરોક્ત પ્રતીતિમાં કોઈ પણ ગુણ સાથે દ્રવ્યત્વનું સામાનાધિકરણ્ય જણાતું નથી. આ જ રીતે અવયવ-અવયવીનો પણ ભેદાભેદ રહેલો છે. <—

અવયવ-અવયવી, સામાન્ય-વિશેષ, ધર્મ-ધર્મી વગેરે સ્થળે સ્યાદ્વાદીઓ નૃસિંહત્વની જેમ જાત્યન્તર સ્વરૂપ ભેદથી અનુવિદ્ધ એવો અભેદ સ્વીકારે છે. આ વાત અન્યદર્શનકારોને પણ માન્ય છે. <u>**વાચસ્પતિ મિશ્ર**</u>એ જ <u>**તત્ત્વવૈશારદી**</u> ગ્રંથમાં બતાવેલ છે કે —> પરમાણુઓથી પટ વગેર એકાંતે ભિન્ન નથી કે એકાંતે અભિન્ન નથી. જો પરમાણુ કરતાં ઘટ એકાંતે ભિન્ન હોય તો જેમ ગાય અને ઘોડામાં ધર્મ-ધર્મીભાવ નથી તેમ અવયવ-

—> वस्तुरूपं ह्यनेकान्तः प्रमाणनयसाधितम् । अज्ञात्वा दूषणं तस्य निजबुद्धिविडम्बनम् ॥ <— इति विभावनीयम् ॥१/४३॥

लोकव्यवहारेण स्याद्वादं साधयति —> 'उत्पन्नमि'ति ।

**उत्पन्नं दधिभावेन, नष्टं दुग्धतया पयः ।**
**गोरसत्वात् स्थिरं जानन्, स्याद्वादद्विड् जनोऽपि कः ॥४४॥**

**दधिभावेन** = दधित्वेन **उत्पन्नं** = प्रथमक्षणसम्बन्धप्रतियोगि, **दुग्धतया नष्टं** = दुग्धत्वावच्छिन्नध्वंसप्रतियोगिताऽऽलिङ्गितं **पयः** = क्षीरं **गोरसत्वात्** = गोरसत्वमपेक्ष्य **स्थिरं** = ध्वंसाऽप्रतियोगि उत्पादाप्रतियोगि च इति **जानन् जनोऽपि कः स्याद्वादद्विट्** = अनेकान्तवादद्वेषी स्यात् ? नैवेत्यर्थः। गोरसे स्थायिनि पूर्वदुग्धपरिणामविनाशोत्तरदधिपरिणामोत्पादौ प्रत्यक्षप्रमाणसिद्धत्वान्न विरुद्धाविति द्रव्यपर्यायोभयात्मकत्वात् वस्तूत्पाद-व्यय-ध्रौव्यात्मकं सिध्यति । तदुक्तं **शास्त्रवार्तासमुच्चये** 'पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः । अगोरसव्रतो नोभे तस्मात्तत्त्वं त्रयात्मकम्' ॥ (स्त. ७/गा.३) इति । **न च** दुग्धदध्नोरेकान्तेन भेद एवेति तस्योत्पाद-व्ययौ युक्तौ, ध्रौव्यन्तु गोरसत्वसामान्यस्यैव, न तु गोरसस्येति

---

**અવયવીમાં પણ ધર્મ-ધર્મી ભાવની સંગતિ થઈ નહીં શકે. તથા તેમની વચ્ચે એકાંતે અભેદ માનવામાં આવે તો ધર્મી અને ધર્મીના સ્વરૂપ વચ્ચે ધર્મ-ધર્મીભાવ નથી તેમ અવયવ-અવયવી વચ્ચે ધર્મ-ધર્મીભાવ સંગત નહીં બને. આમ અવયવો અને અવયવી વચ્ચે એકાંતે ભેદ કે એકાંતે અભેદ માનવામાં ધર્મધર્મીભાવ - આધારઆધેયભાવની અસંગતિ હોવાથી તે બન્ને વચ્ચે કથંચિત્ ભેદ અને કથંચિત્ અભેદ સ્વીકારવો પડશે. તો જ બધું સંભવી શકશે. <— ખરેખર, પ્રમાણ અને નય દ્વારા સિદ્ધ થયેલ વસ્તુનું સ્વરૂપ જ અનેકાંતાત્મક છે. તેને જાણ્યા વિના તેમાં દોષોદ્ભાવન કરવું તે પોતાની બુદ્ધિની વિડંબના છે. આ પ્રમાણે વિભાવન કરવું. (૧/૪૩)**

**ગ્રંથકારશ્રી લોકવ્યવહાર દ્વારા સ્યાદ્વાદને સિદ્ધ કરે છે.**

**શ્લોકાર્થ :- દહીં રૂપે ઉત્પન્ન થયેલ અને દૂધ રૂપે નાશ પામેલ, તથા ગોરસ રૂપે સ્થાયી એવું દૂધ છે - આ પ્રમાણે જાણતો સામાન્ય માણસ પણ કોણ એવો છે કે જે સ્યાદ્વાદનો દ્વેષ કરે ? (૧/૪૪)**

## ❀ સર્વત્ર ઉત્પત્તિ-વિનાશ-ધ્રુવતા ❀

**ટીકાર્થ :- ઉત્પત્તિનો અર્થ છે પ્રથમ ક્ષણનો સંબંધ થવો. દહીંરૂપે આવી ઉત્પત્તિને ભજનાર એવું દૂધ દૂધરૂપે નષ્ટ થાય છે. આ વાતને નવ્ય નયની ભાષામાં એમ લખી શકાય કે દૂધમાં રહેનારી ધ્વંસની પ્રતિયોગિતા દુગ્ધત્વ ધર્મથી અવચ્છિન્ન છે. અર્થાત્ નાશસંબંધિતા દૂધરૂપે નિયંત્રિત છે. છતાં પણ આવું દૂધ ગોરસ રૂપે સ્થિર છે. મતલબ કે દૂધ પોતે ગોરસ રૂપે નથી નાશ પામતું કે નથી ઉત્પન્ન થતું, પરંતુ સ્થાયી રહે છે. આમ એક જ દ્રવ્ય દહીંપણાથી ઉત્પન્ન થાય છે, દૂધરૂપે નાશ પામે છે અને ગોરસરૂપે અવસ્થિત રહે છે - આવું જાણતો સામાન્ય માણસ પણ એવો કોણ હોય જે અનેકાંતવાદનો દ્વેષ કરે ? અર્થાત્ તેવો માણસ કોઈ ન હોય. સ્થાયી એવા ગોરસમાં પૂર્વકાલીન દૂધ પરિણામનો નાશ, અને ઉત્તરકાલીન દહીંપણાની ઉત્પત્તિ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ હોવાના કારણે વિરૂદ્ધ નથી. આમ વસ્તુ, દ્રવ્યપર્યાય ઉભયાત્મક હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ થાય છે. શાસ્ત્રવાર્તાસમુચ્ચય ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> જેને માત્ર દૂધ પીવાનો નિયમ છે તે માણસ દહીં ખાતો નથી અને જેને દહીં વાપરવાનો નિયમ છે તે દૂધ પીતો નથી. જ્યારે**

**वाच्यम्**, 'इदमेव गोरसं दुग्धभावेन नष्टम्, दधिभावेन चोत्पन्नमि'त्येकस्यैवैकदोत्पाद-व्ययाधारत्वलक्षणध्रौव्यभागितया प्रत्यभिज्ञायमानस्य पराकर्तुमशक्यत्वादित्यधिकं **स्याद्वादकल्पलतायाम्** ॥१/४४॥

अथानेकान्तवादप्रामाणिकतां कापिलमतेनाऽपि **श्रीहेमचन्द्रसूरीश्वरो**क्त्यनुवादेन संवादयति —> '**इच्छन्नि**'ति ।

**इच्छन्, प्रधानं सत्त्वाद्यैर्विरुद्धैर्गुम्फितं गुणैः ।**
**साङ्ख्यःसङ्ख्यावतां मुख्यो नानेकान्तं प्रतिक्षिपेत् ॥४५॥**

**सत्त्वाद्यैः** = सत्त्वरजस्तमोभिः **विरुद्धैः** = प्रीत्यप्रीतिविषादात्मकतया लाघवोपष्टम्भगौरवधर्मतया च विलक्षणस्वभावैः **गुणैः गुम्फितं** = तत्साम्यावस्थात्वमापन्नं **प्रधानं** = प्रकृतितत्त्वं **इच्छन्** = अङ्गीकुर्वन् **संख्यावतां** परीक्षकाणां **मुख्यः साङ्ख्यः अनेकान्तं न** = नैव **प्रतिक्षिपेत्** । यद्यनेकान्तं प्रतिक्षिपेत् तदा न सङ्ख्यावतां मुख्यः, तत्प्रतिक्षेपे स्वाभिमतप्रधानतत्त्वस्यैव विलयेन कथं न स्वाधिरूढशाखाच्छेदनकौशल-

---

ગોરસ ન વાપરવાના નિયમવાળો માણસ નથી દૂધ વાપરતો કે નથી દહીં વાપરતો. માટે વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સિદ્ધ થાય છે. <—

ન ચ૦ । નૈયાયિક દ્વારા અહીં એવી શંકા થાય છે કે —> દૂધ અને દહીંમાં એકાંતે ભેદ જ છે. તેથી દહીંની ઉત્પત્તિ અને દૂધનો નાશ માનવો યોગ્ય છે. પરંતુ ધ્રૌવ્ય તો ગૌરસત્વ જાતિમાં જ રહેલું છે; નહીં કે ગોરસ દ્રવ્યમાં <— પરંતુ આ શંકા બરોબર નથી. કારણ કે "આ જ ગોરસ દ્રવ્ય દૂધ રૂપે નાશ પામ્યું અને દહીં રૂપે ઉત્પન્ન થયું." - આ પ્રમાણે સર્વ લોકોને પ્રત્યભિજ્ઞા = પૂર્વોત્તરકાલીન એક જ દ્રવ્યની અનુસંધાનાત્મક પ્રતીતિ થાય છે. તેનાથી એક જ ગોરસ દ્રવ્યમાં એક જ સમયે ઉત્પત્તિ અને નાશના આધાર પરિણામ સ્વરૂપ ધ્રૌવ્ય સિદ્ધ થાય છે. આનો અપલાપ કરવો અશકય છે. આ વાતનો અધિક વિસ્તાર **સ્યાદ્વાદકલ્પલતા**માં જાણવો. **(૧/૪૪)**

હવે અનેકાંતવાદની પ્રામાણિકતા કાપિલમત = સાંખ્યદર્શન દ્વારા પણ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજાની ઉક્તિના અનુવાદરૂપે સંવાદિત કરતા ગ્રંથકારશ્રી ફરમાવે છે કે —>

**શ્લોકાર્થ** :- સત્ત્વ, રજસ અને તમસ્ આ ત્રણ વિરોધી ગુણોથી ગૂંથાયેલ પ્રધાન = પ્રકૃતિ તત્ત્વને સ્વીકારનાર, તેમ જ બુદ્ધિશાળીમાં મુખ્ય એવો સાંખ્ય અનેકાંતવાદનો પ્રતિક્ષેપ કરી ન શકે. **(૧/૪૫)**

## ❁ સ્યાદ્વાદમાં સાંખ્યની સંમતિ ❁

**ટીકાર્થ** :- સત્ત્વ ગુણ પ્રીતિસ્વરૂપ અને લઘુ છે. રજસ્ ગુણ અપ્રીતિ સ્વરૂપ છે તથા નિષ્ક્રિય એવા સત્ત્વ અને તમોગુણને તેમના કાર્યમાં ટેકો આપનાર છે, તથા તમોગુણ વિષાદાત્મક અને ભારે છે. આમ ત્રણેય ગુણો પરસ્પર વિલક્ષણ સ્વભાવવાળા છે. તે ત્રણેયની સામ્ય અવસ્થાને પામેલ એવું પ્રધાન = પ્રકૃતિ તત્ત્વ છે. આ પ્રમાણે પરીક્ષકોમાં મુખ્ય એવા સાંખ્ય વિદ્વાનો સ્વીકારે છે. તેથી સાંખ્ય વિદ્વાનો સ્યાદ્વાદનો તિરસ્કાર કરી ન શકે. જો તેઓ સ્યાદ્વાદનો વિરોધ કરે તો બુદ્ધિશાળીઓમાં મુખ્ય નહીં બની શકે. કારણ કે સ્યાદ્વાદનો અપલાપ કરવામાં તેમને માન્ય એવું પ્રધાન = પ્રકૃત્તિ તત્ત્વ જ ઉચ્છેદ પામશે. પરસ્પર વિરોધી ધર્મથી બનેલ પ્રકૃતિ તત્ત્વનો અંગીકાર કરવો અને અનેકાંતવાદનો વિરોધ કરવો તે તો પોતે જે ડાળી ઉપર બેસેલ છે તે જ ડાળીને કાપવાની નિપુણતાને પામવા જેવું થશે. આ વાત **સ્યાદ્વાદરહસ્ય** ગ્રંથમાં સ્પષ્ટ છે. જો વધારે

मासादयेदिति व्यक्तं **स्याद्वादरहस्ये** । अधिकन्त्वस्मत्कृत**जयलता**भिधानायाः तट्टीकाया अवसेयम् ॥१/४५॥

अथानेकान्तवादे तथागतसम्मतिमाविष्करोति –> **'विज्ञाने'**ति ।

**विज्ञानस्यैकमाकारं, नानाकारकरम्बितम् ।**
**इच्छंस्तथागतः प्राज्ञो, नानेकान्तं प्रतिक्षिपेत् ॥४६॥**

**विज्ञानस्य** = संविदः **एकं आकारं** = स्वरूपं **नानाकारकरम्बितं** = चित्रपटाद्यनेकाकारमिश्रितं **इच्छन्** = अभ्युपगच्छन् **तथागतः** = बौद्धो **नानेकान्तं प्रतिक्षिपेत्** = निराकुर्यात्, तस्यानेकान्तवादनिराकरणं न बलवदनिष्टाननुबन्धीत्यर्थः । यदि प्रतिक्षिपेत् तदा **प्राऽज्ञः** = प्रकर्षेण अज्ञः = भ्रान्त एव । यदि तु **प्राज्ञः** = पण्डितः = अभ्रान्तः इति यावत्, तदा न प्रतिक्षिपेदेव । स हि परमाणौ मानाभावात् तत्सिद्ध्यधीनस्थूलावयवित्वस्याऽप्यसिद्धेः प्रतिभासत्वान्यथानुपपत्त्या विषयं विनाऽपि वासनामात्रेण धियां विशेषाच्च ज्ञानाद्वैतमेव स्वीकुरुते । तच्च ज्ञानं ग्राहकतयैकस्वभावमपि ग्राह्यतयाऽनेकीभवतः स्वांशान् गृह्णदनेकमपीति कथं न तस्याऽनेकान्तवादिकक्षापञ्जरे प्रवेशः ? इति व्यक्तं **स्याद्वादरहस्ये** । यथा चैतत्तत्त्वं

---

જાણવાની જિજ્ઞાસા હોય તો તે ગ્રંથની અમે રચેલ <u>જયલતા</u> ટીકાનું અવલોકન કરવું. **<u>(૧/૪૫)</u>**

અનેકાન્તવાદમાં બૌદ્ધ વિદ્વાનોની સંમતિને ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- જ્ઞાનનો એક જ આકાર અનેક આકારોથી મિશ્ર થયેલો છે - એવું ઈચ્છતા બૌદ્ધ વિદ્વાન અનેકાંતવાદનો અપલાપ કરી શકે નહિ. **<u>(૧/૪૬)</u>**

## ✡ સ્યાદ્વાદમાં બૌદ્ધની અનુમતિ ✡

**<u>ટીકાર્થ</u>** :- કાબરચિતરા પટનું જે જ્ઞાન થાય છે તે જ્ઞાનનું સ્વરૂપ એક જ છે.પરંતુ વિવિધ વર્ણના ઉલ્લેખવાળા અનેક આકારથી તે મિશ્ર થયેલ છે. આવું બૌદ્ધ વિદ્વાન સ્વીકારે છે. તેથી તે અનેકાન્તવાદનો નિષેધ ન કરી શકે. જો તે અનેકાંતવાદનો અપલાપ કરે તો તે તેના માટે બળવાન અનિષ્ટને લાવનાર બની જાય. અર્થાત્ ''જ્ઞાનનો એક આકાર અનેક આકારથી મિશ્રિત છે'' તેવું તે સ્વીકારી નહીં શકે. છતાં પણ જો તે અનેકાંતવાદનો વિરોધ કરે તો તેને અત્યંત અજ્ઞ = ભ્રાન્ત જ જાણવો. જો તે પ્રાજ્ઞ = પંડિત = અભ્રાન્ત હશે તો સ્યાદ્વાદનો વિરોધ નહીં જ કરે. બૌદ્ધ અનુયાયીઓનું એમ કહેવું છે કે પરમાણુનો સ્વીકાર કરી ન શકાય, કારણ કે પરમાણુને સ્વીકારવામાં પ્રત્યક્ષ કે અનુમાન પ્રમાણનો સહકાર મળતો નથી. સ્થૂળ ઘટ વગેરે અવયવીની સિદ્ધિ પરમાણુની સિદ્ધિને આધીન છે. તે કારણે, પરમાણુ અસિદ્ધ હોવાથી સ્થૂળ ઘટ-પટ વગેરે અસિદ્ધ જ બની જશે. છતાં પણ બાહ્ય વિષય વિના જ્ઞાનની અસિદ્ધિ થવાની આપત્તિ નહિ આવે. કારણ કે નીલ-પીતાદિપ્રકારક પ્રતિભાસ પ્રસિદ્ધ છે. તેની અન્યથાઅનુપપત્તિ હોવાથી જ્ઞાનને સ્વીકારવું જરૂરી બની જાય છે. બાહ્ય વિષય વિના પણ વિતથ વાસના માત્રથી જ્ઞાનમાં વિશેષતા આવી શકે છે. અર્થાત્ અનાદિકાલીન મિથ્યા સંસ્કારથી નીલ જ્ઞાન અને પીત જ્ઞાનનો ભેદ સિદ્ધ થાય છે. આથી યોગાચાર નામના બૌદ્ધ વિદ્વાન જ્ઞાનાદ્વૈતને જ સ્વીકારે છે. યોગાચાર મતે નીલ-પીત વગેરે બાહ્ય વસ્તુ નથી, પરંતુ જ્ઞાનાત્મક આકાર વિશેષ જ છે. જ્ઞાનના અંશ સ્વરૂપ નીલ-પીત વગેરે આકારયુક્ત તે જ્ઞાન ગ્રાહકરૂપે એક સ્વભાવવાળું હોવા છતાં ગ્રાહ્યરૂપે અનેક પોતાના અંશને ગ્રહણ કરતું અનેક સ્વરૂપ પણ છે. તેથી તે બૌદ્ધનો અનેકાંતવાદીના પાંજરામાં પ્રવેશ થઈ જશે. આ વાત મધ્યમ પરિમાણ <u>સ્યાદ્વાદરહસ્ય</u> ગ્રંથમાં સ્પષ્ટ છે. આ તત્ત્વ જે પ્રમાણે છે તે મુજબ તે ગ્રંથની જયલતા ટીકામાં અમે દર્શાવેલ છે. અહીં એ ખ્યાલમાં રાખવું કે બૌદ્ધમાન્ય જ્ઞાનાદ્વૈત અપ્રામાણિક છે. જ્ઞાનાદ્વૈતનું નિરાકરણ <u>ન્યાયાલોક</u> ગ્રંથની અમારી રચેલી <u>ભાનુમતી</u> ટીકામાંથી જાણી લેવું.

*तथा व्यवस्थापितमस्माभिः* **जयलतायाम्** *। ज्ञानाद्वैतनिराकरणन्तु अस्मत्कृत***भानुमत्य***भिधानाया* **न्याया-लोक**टीकाया अवसेयम् ।

इदञ्चात्रावधेयम् - नित्यत्वदृष्टिप्रयुक्तममत्वमोचनायैव बुद्धेन पर्यायदेशनाऽऽदृता । तस्याप्येकान्तक्षणिकत्व-वादो नाभिमतः किन्तु नित्यानित्यत्ववाद एव । अत एव वत्सगोत्रं परिव्राजकं प्रति तेन मौनमङ्गीकृतम्। तदुक्तं **संयुक्तनिकाये** —> अहं आनंद ! वच्छगोतस्स परिव्वाजकस्स 'अत्था'त्ति पुट्ठो समानो 'अत्था'त्ति व्याकरेय्यं ये ते आनंद ! समणा ब्राह्मणा सस्सदवादा तेसिं रातं सद्धिं अभविस्स । अहं चानंद ! वच्छगोतस्स परिव्वाजकस्स 'नत्था'त्ति पुट्ठो समानो 'नत्था'त्ति व्याकरेय्यं ये ते आनंद ! समणा ब्राह्मणा उच्छेदावादा तेसिं रातं सद्धिं अभविस्स <— (सं.नि. ४/पृ.४०० अव्याकतसंयुक्त-१०) इति शाश्वतैकान्त-वादोच्छेदैकान्तवादविमुखस्य बुद्धस्यापि स्याद्वादे मूकसम्मतिरेव । **माध्यमिककारिकायां** —> आत्मेत्यपि प्रज्ञापितमनात्मेत्यपि देशितम् । बुद्धैर्नात्मा न चानात्मा कश्चिदित्यपि देशितम् ।। <— इत्येवं वदता **नागा-र्जुने**नापि स्याद्वादः स्वीकृत एवेति ध्येयम् ।।१/४६।।

अथानेकान्तवादे नैयायिक-वैशेषिकौ सन्मानयति —> **'चित्रमि'**ति ।

## એકત્ર નિત્યાનિત્યત્વ ગૌતમબુદ્ધને માન્ય

इद० । અહીં એક વાત ખ્યાલમાં રાખવી કે શરીર, ધન, પત્ની, પરિવાર વગેરેમાં નિત્યત્વબુદ્ધિથી પ્રયુક્ત મમત્વ છોડાવવા માટે જ ગૌતમ બુદ્ધે પર્યાયનયની દેશના આદરેલી હતી. ગૌતમ બુદ્ધને પણ એકાંત ક્ષણિકવાદ અભિમત ન હતો પરંતુ નિત્યાનિત્યત્વવાદ જ ગૌતમ બુદ્ધ માન્ય હતો. માટે જ <u>વત્સ</u> ગોત્રવાળા પરિવ્રાજક પ્રત્યે મૌન સ્વીકાર્યું હતું. આ ઘટના <u>સંયુક્તનિકાય</u> નામના બૌદ્ધ ગ્રંથમાં આ પ્રમાણે મળે છે. ગૌતમ બુદ્ધ કહે છે કે —> હે આનંદ ! વત્સ ગોત્રના પરિવ્રાજકે 'શું (જગત્) છે ?' આ રીતે પ્રશ્ન પુછ્યો ત્યારે હું "છે" એમ કહું તો હે આનંદ ! જે શ્રમણ, બ્રાહ્મણ શાશ્વતવાદવાળા છે તેઓની સાથે મારી સંમતિ થઈ જાય. હે આનંદ ! વત્સ ગોત્રના પરિવ્રાજકે 'શું (જગત્) નથી ?' આ રીતે પ્રશ્ન પુછ્યો ત્યારે હું 'નથી' એમ કહું તો, હે આનંદ ! જે શ્રમણ, બ્રાહ્મણ ઉચ્છેદવાદવાળા છે તેઓની સાથે મારી અનુમતિ થઈ જાય <— આ પ્રમાણે શાશ્વતવાદ અને ઉચ્છેદવાદ બે એકાન્તવાદીઓ સાથે અસમ્મત થનારા સ્વયં ગૌતમ બુદ્ધની સ્યાદ્વાદમાં મૂક સંમતિ જ છે. <u>માધ્યમિકકારિકામાં</u> —> બુદ્ધે 'આત્મા છે' એમ પણ બતાવેલ છે અને 'આત્મા નથી' એમ પણ બતાવેલ છે. તેમ જ કોઈ પણ 'આત્મા નથી અને અનાત્મા નથી' - એવું પણ બતાવેલ છે. <— આવું પ્રતિપાદન કરતા બૌદ્ધ આચાર્ય પણ સ્યાદ્વાદનો સ્વીકાર કરે જ છે. એ વાત ધ્યાનમાં રાખવી. <u>(૧/૪૬)</u>

હવે અનેકાંતવાદમાં નૈયાયિક અને વૈશેષિકને ગ્રંથકારશ્રી આવકારે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- એકસ્વરૂપ હોવા છતાં અનેક સ્વરૂપ એવું ચિત્રરૂપ પ્રામાણિક છે - એવું બોલતા નૈયાયિક કે વૈશેષિક પણ અનેકાંતવાદનો અનાદર નહિ કરી શકે.<u>(૧/૪૭)</u>

## સાપેક્ષવાદમાં નૈયાયિક - વૈશેષિકની સંમતિ

<u>**ટીકાર્થ**</u> :- એક જ ધર્મીમાં વ્યાપ્યવૃત્તિ = સંપૂર્ણ અવયવીમાં ફેલાયેલું એક ચિત્ર રૂપ અને અવ્યાપ્યવૃત્તિ = અવયવીના અમૂક ભાગમાં રહેલ અનેક ચિત્ર રૂપ પોતાની સામગ્રીથી સંપ્રાપ્ત થયેલા હોય છે. એવું સિદ્ધ કરીને એક વસ્તુમાં એક અને અનેક ચિત્રરૂપને પ્રામાણિક કહેનાર નૈયાયિક કે વૈશેષિક પણ અનેકાંતવાદનો તિરસ્કાર કરી ન શકે. તેઓનો આશય એ છે કે નીલરૂપ, પીતરૂપ અને લાલરૂપ દ્વારા જ અનેક ચિત્રરૂપ ઉત્પન્ન થાય છે. નીલ-પીતરૂપજન્ય ચિત્રરૂપ = (A), રક્ત-નીલ વર્ણજન્ય ચિત્રરૂપ = (B), રક્ત-પીત વર્ણજન્ય

**चित्रमेकमनेकञ्च रूपं प्रामाणिकं वदन् ।**
**योगो वैशेषिको वाऽपि नानेकान्तं प्रतिक्षिपेत् ॥४७॥**

एकस्मिन्नेव धर्मिणि व्याप्यवृत्ति **एकं चित्रं रूपं** अव्याप्यवृत्तीनि अनेकानि चित्रान्तराणि च स्वसामग्रीसम्पादितानीति संस्थाप्य **एकमनेकञ्च चित्रं रूपं** एकत्र **प्रामाणिकं** = प्रमाणाऽबाधितमेव **इति वदन्** = जल्पन् **योगः** = नैयायिको **वैशेषिकः** = कणभक्षानुयायी **वाऽपि न** = नैव सार्वपार्षदं **अनेकान्तं** = स्याद्वादं **प्रतिक्षिपेत्** = निराकुर्यात् । अयं तेषामाशयो नील-पीत-रक्तादिकपालत्रितयारब्धे घटादौ नील-पीत-रक्तेभ्य एव नीलपीतोभयज-रक्तनीलोभयज-रक्तपीतोभयज-रक्तनीलपीतत्रितयजचित्राणामुत्पत्तिः; सर्वेषां सामग्रीसत्त्वात्, अनुभवसिद्धत्वाच्च । तत्र त्रितयजं चित्ररूपं व्याप्यवृत्ति, अन्यानि त्वव्याप्यवृत्तीनि । एतस्मिन् सिद्धान्ते स्याद्वादः प्रतिबिम्बित एव । अत एव तेषामनेकान्तवादानादरो न ज्यायानित्यधिकमस्मत्कृत**जयलतायाम्** ।

श्रीकलिकालसर्वज्ञोपज्ञ-**वीतरागस्तोत्रा**ष्टमप्रकाशगतं निरुक्तकारिकात्रितयं मनसिकृत्य **महावीरस्तवे** प्रकृतग्रन्थकृता —> साङ्ख्यः प्रधानमुपयंस्त्रिगुणं विचित्रां बौद्धो धियं विशदयन्नथ गौतमीयः । वैशेषिकश्च भुवि चित्रमनेकचित्रं वाञ्छन् मतं न तव निन्दति चेत् सलज्जः ॥४४॥ <— इत्युक्तम् ॥१/४७॥

मीमांसकमुख्यं गुर्वपराभिधानं प्रभाकरमिश्रमनेकान्तवादे सन्मानयति —> 'प्रत्यक्षमि'ति ।

**प्रत्यक्षं मितिमात्रंशे, मेयांशे तद्विलक्षणम् ।**
**गुरुर्ज्ञानं वदन्नेकं, नानेकान्तं प्रतिक्षिपेत् ॥४८॥**

**ચિત્રરૂપ = (C) અને નીલ-પીત-રક્ત વર્ણજન્ય ચિત્રરૂપ = (D) આમ ચાર ચિત્રરૂપ ઉત્પન્ન થાય છે. કારણ કે ત્યાં ચારેયની સામગ્રી વિદ્યમાન છે તેમજ ઘડાના અલગ અલગ ભાગમાં વિલક્ષણ વિલક્ષણ અનેક ચિત્રઅનુભવ સિદ્ધ જ છે. વિશેષતા એટલી છે કે ત્રણેય વર્ણથી ઉત્પન્ન થયેલ ચિત્રરૂપ (D) સંપૂર્ણ અવયવીમાં ફેલાઈને રહેલું છે અને બાકીના ચિત્રરૂપ (A, B અને C) અવયવીમાં અમુક ભાગમાં રહેલા છે. આવું સ્વીકારવામાં અનેકાન્તવાદનું પ્રતિબિંબ જણાય જ છે. માટે જ તેઓને અનેકાન્તવાદનો અનાદર પોસાય તેમ નથી. આ વાતનો અધિક વિસ્તાર અમારી રચેલી જયલતા ટીકામાં જાણવો. (૧-૪૭)**

શ્રી કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજાએ રચેલ વીતરાગસ્તોત્ર ગ્રંથના ૮મા પ્રકાશમાં ઉપરોક્ત ૪૫-૪૬-૪૭ આ ત્રણ ગાથા આવેલ છે. આ ત્રણ ગાથાને મનમાં રાખીને મહાવીરસ્તવ ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે - "હે વીતરાગ ! આ જગતમાં ત્રિગુણાત્મક પ્રધાન - પ્રકૃતિને સ્વીકારનાર સાંખ્ય, વિચિત્ર = વિવિધ આકારવાળી બુદ્ધિનું નિરૂપણ કરનાર બૌદ્ધ, તેમ જ અનેક પ્રકારના ચિત્રવર્ણવાળું ચિત્રરૂપ ઈચ્છનાર નૈયાયિક અને વૈશેષિક તમારા મતની નિંદા નહિ કરે, જો તેઓને લાજ-શરમ હશે તો, અર્થાત્ તેઓએ પોતાનો મત સલામત સાચવો હશે તો અનેકાન્તનો અપલાપ નહીં કરે."

મીમાંસકમુખ્ય પ્રભાકર મિશ્ર ગુરૂનું અનેકાંતવાદમાં સન્માન કરતા ગ્રંથકારશ્રી કહે છે કે

**શ્લોકાર્થ** :- જ્ઞાન અને જ્ઞાતા અંશમાં પ્રત્યક્ષાત્મક જ્ઞાન તે જ્ઞેય અંશમાં પરોક્ષ હોવા છતાં પણ એક જ છે. આવું બોલનાર ગુરૂ = પ્રભાકર મિશ્ર અનેકાન્તવાદને તરછોડી ન શકે. (૧/૪૮)

## ❋ પ્રભાકર મિશ્રની સ્યાદ્વાદમાં સ્વીકૃતિ ❋

**ટીકાર્થ** :- દરેક જ્ઞાન પોતાના અંશમાં કાયમ પ્રત્યક્ષ જ હોય છે. જ્ઞેય અંશમાં ક્યારેક તે જ્ઞાન પરોક્ષ પણ હોય છે. છતાં પણ તેવું જ્ઞાન એક જ છે. આવું બોલનાર ગુરૂ પ્રભાકર મિશ્ર અનેકાંતવાદને છૂપાવી ન શકે. કહેવાનો મતલબ એ છે કે પ્રભાકર મિશ્રના મતે વિષય અને ઈન્દ્રિયના સંનિકર્ષથી સૌ પ્રથમ 'હું ઘટને જાણું છું' ઈત્યાદિ

**मिति-मात्रंशे** = ज्ञान-ज्ञात्रंशे **प्रत्यक्षं** एव, **मेयांशे** = ज्ञेयांशे कदाचित् **तद्विलक्षणं** = प्रत्यक्षविलक्षणं परोक्षमपि **ज्ञानं** = ज्ञानत्वावच्छिन्नं एकं एव इति **वदन् गुरुः** = प्रभाकरमिश्रः **अनेकान्तं** = स्याद्वादं **न** = नैव **प्रतिक्षिपेत्** । अयं भावः इन्द्रियार्थसन्निकर्षात् प्रथममेव 'घटमहं जानामि' इत्येव प्रत्यक्षमुत्पद्यते । तच्च ज्ञानत्व-ज्ञातृत्व-विषयत्वांशे प्रत्यक्षमेव । किन्त्वनुमित्यादिस्थले तादृशत्रिपुटीप्रत्यक्षं न सम्भवति, 'घटमहमनुमिनोमी'त्यत्र अनुमित्यात्मकस्य ज्ञानस्य तत्कर्तुश्चात्मनः प्रत्यक्षत्वेऽपि घटस्य परोक्षत्वेनावभासनात् । ततश्च ज्ञप्ति-ज्ञात्रंशे प्रत्यक्षं सदपि तज्ज्ञानं विषयांशे परोक्षमपि स्वीकर्तव्यम्, तथैवानुभवात्। **न च** प्रत्यक्षत्व-परोक्षत्वयोर्विरोधात् तत्र ज्ञानद्वयं **कल्पनीयम्,** अवच्छेदकभेदेन विरोधपरिहारात् । न हि वयं ज्ञानत्व-ज्ञातृत्वावच्छेदेन प्रत्यक्षेऽनुमित्यात्मके ज्ञाने ज्ञानत्वाद्यवच्छेदेनैव परोक्षत्वं स्वीकुर्मः, किन्तु ज्ञेयत्वावच्छेदेनैवेति गुरुमतम् । यदि विमुक्ताग्रहाणां विदुषामयं गुरुः स्यात् तदा नैवानेकान्तं स प्रतिक्षिपेत्। अपलपेच्चेदनेकान्तं, तर्हि अयमनभिनिविष्टानां प्रेक्षावतां गुरुर्न स्यादिति भावः ॥१/४८॥

भट्ट-मुरार्योरप्यनेकान्तवादे स्वागतमित्याह —> **'जाती'**ति ।

**जातिव्यक्त्यात्मकं वस्तु, वदन्ननुभवोचितम् ।**
**भट्टो वाऽपि मुरारिर्वा, नानेकान्तं प्रतिक्षिपेत् ॥४९॥**

**जाति-व्यक्त्यात्मकं** = समान्य-विशेषात्मकं घटादिकं **वस्तु,** तथैव तदनुभवात्, 'घटोऽयं, घटोऽयं' इति सामान्यप्रत्ययवत्, 'नीलोऽयं, पीतोऽयं, मार्त्तोऽयं, राजतोऽयं' इति विशेषप्रत्ययस्याऽपि सार्वलौकिक-

---

આકારક જ પ્રત્યક્ષ ઉત્પન્ન થાય છે. તે જ્ઞાનત્વ, જ્ઞાતૃત્વ અને જ્ઞેયત્વ અંશમાં પ્રત્યક્ષાત્મક જ છે. પરંતુ અનુમિતિ વગેરે સ્થળે આવું ત્રિપુટી પ્રત્યક્ષ સંભવી શકતું નથી. 'હું ઘટની અનુમિતિ કરૂં છું' અહીં અનુમિતિ સ્વરૂપ જ્ઞાનનું પ્રત્યક્ષ થાય છે. તેમ જ તેના કર્તા આત્માનું પણ પ્રત્યક્ષ થાય છે. પરંતુ 'ઘટ' તેમાં પરોક્ષરૂપે ભાસે છે. માટે જ્ઞાન અને જ્ઞાતા અંશમાં પ્રત્યક્ષાત્મક હોવા છતાં પણ તે જ્ઞાન વિષય અંશમાં પરોક્ષ પણ સ્વીકારવું જોઈએ. કેમ કે અનુભવ પણ તે પ્રમાણે જ થાય છે. પ્રત્યક્ષત્વ અને પરોક્ષત્વનો વિરોધ હોવાથી ત્યાં બે જ્ઞાનની કલ્પના કરવી ઉચિત નથી. કારણ કે અવચ્છેદક ભેદથી વિરોધનો પરિહાર થઈ જાય છે. જ્ઞાનત્વ અને જ્ઞાતૃત્વ અંશમાં પરોક્ષત્વ પ્રભાકર મિશ્ર સ્વીકારતા નથી. પરંતુ જ્ઞેયત્વાવચ્છેદેન જ પરોક્ષત્વ સ્વીકારે છે. આ પ્રમાણે ગુરૂનો મત છે. જો તે કદાગ્રહરહિત ગુરૂ હશે તો તે અનેકાન્તવાદનો વિરોધ નહીં કરે. જો તે અનેકાંતવાદનો અપલાપ કરશે તો કદાગ્રહશૂન્ય એવા વિદ્વાનોનો ગુરૂ ન બની શકે - તેવો આશય છે. (૧/૪૮)

કુમારિલ ભટ્ટ અને મુરારિ મિશ્ર-આ બે મીમાંસક વિદ્વાનોને પણ આવકારતા ગ્રંથકારશ્રી જણાવે છે કે

**શ્લોકાર્થ** :- વસ્તુ તો જાતિ વ્યક્તિ - ઉભયાત્મક છે. - આ પ્રમાણે અનુભવયોગ્ય વાતને કહેતા કુમારિલ ભટ્ટ કે મુરારિ મિશ્ર પણ અનેકાન્તવાદનો અપલાપ ન કરી શકે. (૧/૪૯)

## ❀ સ્યાદ્વાદમાં કુમારિલ ભટ્ટ અને મુરારિ મિશ્રની સંમતિ ❀

**ટીકાર્થ** :- સામાન્ય = જાતિ, વિશેષ = વ્યક્તિ, ઘટ વગેરે વસ્તુ સામાન્યવિશેષ ઉભયાત્મક છે. અનુભવ પણ આ પ્રમાણે જ થાય છે. 'આ ઘડો છે, આ ઘડો છે.' આ પ્રમાણે સમાનાકારક બોધ = સામાન્યબુદ્ધિ = અનુગત પ્રતીતિ જેમ થાય છે. તેમ ઘટને ઉદ્દેશીને 'આ નીલ છે, આ પીત છે, આ માટીનો છે, આ ચાંદીનો છે' - આ પ્રમાણે વિશેષબુદ્ધિ પણ સાર્વલૌકિક છે. તેથી 'વસ્તુ જાતિ-વ્યક્તિ ઉભય સ્વરૂપ છે. - આમ સ્વરસવાહી સાર્વજનીન અબાધિત અનુભવને યોગ્ય વાતને જણાવતા મીમાંસક મૂર્ધન્ય કુમારિલ ભટ્ટ કે મીમાંસક એકદેશીય મુરારિ મિશ્ર અનેકાન્તવાદનો અપલાપ નહીં કરી શકે, કારણ કે તેમ કરવામાં તેમને માન્ય જાતિ-વ્યક્તિઆત્મક પદાર્થ અસિદ્ધ થઈ જશે.

त्वादिति **अनुभवोचितं** = स्वरसवाहि-सार्वजनीनाऽबाधितानुभवयोग्यं **वदन् भट्टः** = मीमांसकमुख्यः **कुमारिलभट्टः,** मुरारिर्वा = मीमांसकदेशीयो मुरारिमिश्रो वा **नानेकान्तं प्रतिक्षिपेत्,** अन्यथा स्वाभिप्रेताऽसिद्धेः।

**राजमार्तण्डे** —> यथा सुवर्णं रुचकधर्मपरित्यागेन स्वस्तिकरूपधर्मान्तरपरिग्रहे सुवर्णतयाऽनुवर्तमानं तेषु धर्मेषु कथञ्चिदभिन्नेषु धर्मिरूपतया सामान्यात्मना, धर्मरूपतया विशेषात्मना स्थितमन्वयित्वेनावभासते <— (पा.यो.सू. समाधिपाद-सू. १४) इति वदन् **भोजदेवो**ऽपि सामान्य-विशेषोभयात्मकं वस्तु साधयति स्याद्वादश्च सन्मानयति ॥१/४९॥

वेदान्तिनामनेकान्तवादेऽनुमतिमावेदयति —> **'अबद्धमि'**ति ।

**अबद्धं परमार्थेन, बद्धं च व्यवहारतः ।**
**ब्रुवाणो ब्रह्म वेदान्ती, नानेकान्तं प्रतिक्षिपेत् ॥५०॥**

**परमार्थेन अबद्धं** = अविद्यासंपर्कशून्यं, **व्यवहारतश्च** = व्यवहारमाश्रित्य पुनः **बद्धं** = अविद्याऽऽविष्टं ब्रह्म तत्त्वं इत्येवं 'यो बद्धः स एवाबद्धः, व्यवहार-परमार्थलक्षणापेक्षाभेदेने'ति **ब्रुवाणो वेदान्ती नानेकान्तं प्रतिक्षिपेत्,** स्वयं तस्य स्याद्वादावलम्बित्वात् । तदुक्तं —> यथा विशुद्धमाकाशं तिमिरोपप्लुतो जनः ।

---

પાતંજલ યોગસૂત્રની **રાજમાર્તણ્ડ** ટીકામાં **ભોજદેવે** એવું પ્રતિપાદન કરેલ છે કે —> જેમ રૂચક (એક પ્રકારના આભૂષણ) ને તોડીને સ્વસ્તિક (અન્ય પ્રકારના આભૂષણ વિશેષ)ને બનાવવામાં આવે ત્યારે સુવર્ણ રૂચક પરિણામનો ત્યાગ કરીને સ્વસ્તિક પરિણામને ગ્રહણ કરે છે તે વખતે સુવર્ણરૂપે પોતે તો અનુગત જ છે. પોતાનાથી કથંચિત્ અભિન્ન એવા રૂચક તથા સ્વસ્તિક વગેરે પરિણામોમાં, સામાન્યપણાથી ધર્મીરૂપે = વસ્તુસ્વરૂપે રહેલું અને વિશેષ પ્રકારે ગુણધર્મ સ્વરૂપે રહેલું સુવર્ણ અન્વયી રૂપે જણાય છે. <— તેથી ભોજરાજર્ષિ સામાન્ય-વિશેષ ઉભયાત્મક વસ્તુને સિદ્ધ કરે છે અને સ્યાદ્વાદનું સન્માન કરે છે. (૧/૪૯)

અનેકાન્તવાદમાં વેદાન્તીની અનુમતિ ગ્રંથકારશ્રી દર્શાવે છે.

**શ્લોકાર્થ** :- બ્રહ્મ તત્ત્વ પરમાર્થથી બંધનરહિત છે અને વ્યવહારથી બંધાયેલું છે - આ પ્રમાણે બોલનાર વેદાન્તી અનેકાન્તવાદનો અનાદર કરી ન શકે (૧/૫૦)

## ❀ સ્યાદ્વાદમાં વેદાન્તીની સંમતિ ❀

**ટીકાર્થ** :- પરમાર્થથી બ્રહ્મ તત્ત્વ અવિદ્યાના સંપર્કથી શૂન્ય છે, પરંતુ વ્યવહારને આશ્રયીને બ્રહ્મ તત્ત્વ અવિદ્યાગ્રસ્ત છે. આથી 'વ્યવહારથી જે બંધાયેલ છે તે જ પરમાર્થથી બંધાયેલ નથી' આ પ્રમાણે બોલનાર વેદાંતી સ્યાદ્વાદનું ખંડન ન કરી શકે. કારણ કે તેણે સ્વયં સ્યાદ્વાદનું અવલંબન કરીને બ્રહ્મ તત્ત્વમાં બદ્ધત્વ, અબદ્ધત્વરૂપ બે વિરોધી ધર્મોનો અપેક્ષા ભેદથી અંગીકાર કરલો છે. કહ્યું છે કે —> જેમ આકાશ વિશુદ્ધ હોવા છતાં પણ આંખના તિમિર રોગથી પીડિત વ્યક્તિ તેને અલગ અલગ માત્રાથી = કુંડાળા જેવા કોઈ પદાર્થથી જાણે કે સંકીર્ણ હોય તેવું માને છે, તેમ આ નિર્વિકલ્પક બ્રહ્મ નિર્મળ હોવા છતાં પણ અવિદ્યાના કારણે કલુષિત થઈ ગયું હોય તેમ ભેદ રૂપે = અલગ અલગ રૂપે ભાસે છે. <— અહીં બ્રહ્મને નિશ્ચયની અપેક્ષાએ નિર્મળ જણાવેલ છે અને વ્યવહારની અપેક્ષાએ 'ભેદરૂપે ભાસે છે.' એમ જણાવેલ છે.

## ❀ શ્રીનિવાસ આચાર્ય વગેરેની સ્યાદ્વાદમાં સંમતિ ❀

**નિમ્બાર્કભાષ્ય**ની ટીકામાં **શ્રીનિવાસ** આચાર્ય એમ કહે છે કે —> જગત્ અને બ્રહ્મ તત્ત્વનો પરસ્પર ભેદાભેદ સ્વાભાવિક છે. શ્રુતિ, વેદ, ઉપનિષદ્, સ્મૃતિ સ્વરૂપ શાસ્ત્રોથી સિદ્ધ થયેલ છે. તેથી તેમાં વિરોધ શું હોય? <— એથી શ્રીનિવાસ આચાર્ય પણ પ્રમાણથી સિદ્ધ થયેલ અનેકાન્તની અવહેલના કરી ન શકે. **વિજ્ઞાનામૃતભાષ્ય**માં —> એક વસ્તુમાં યથોક્ત ભાવ-અભાવ ઉભયાત્મકતા વગેરે પણ ન હોય, કારણ

सङ्कीर्णमिव मात्राभिर्भिन्नाभिरभिमन्यते ।। तथेदममलं ब्रह्म निर्विकल्पमविद्यया । कलुषत्वमिवापन्नं भेदरूपं प्रकाशते ।। <— ( ) इति । 'अमलं' इत्युक्तिः निश्चयतः, 'भेदरूपं प्रकाशते' इत्युक्तिश्च व्यवहारतः।

**निम्बार्कभाष्यटीकायां** --> जगद्-ब्रह्मणोर्भेदाभेदौ स्वाभिविकौ श्रुति-स्मृतिश्रुतसाधितौ भवतः, कः तत्र विरोधः ? <— इति वदन् **श्रीनिवासाचार्यो**ऽपि प्रमाणसाधितमनेकान्तं न प्रतिक्षिपेत् । यत्तु **विज्ञानामृतभाष्ये** —> नैकस्मिन् यथोक्तभावाभावादिरूपत्वमपि । कुतः ? असम्भवात्, प्रकारभेदं विना विरुद्धयोरेकदा सहावस्थानसंस्थानाभावात् । प्रकारभेदाभ्युपगमे वाऽस्मन्मतप्रवेशेन सर्वैव व्यवस्थाऽस्ति <— इत्युक्तं तदेतत्परिवर्त्य क्षौमपरिधानमुच्यते, अस्मन्मते प्रकारभेदद्योतक-स्यात्कारलाञ्छितप्रयोगेन सिद्धसाधनात्, सम्यगेकान्तानुविद्धानेकान्तवादादेव सम्यक् व्यवस्थोपपत्तेश्चेति दिक् ।।१/५०।।

वेदस्याऽपि स्याद्वादाऽप्रतिक्षेपित्वमाविष्करोति —> **'ब्रुवाणा'** इति ।

**ब्रुवाणा भिन्नभिन्नार्थान्, नयभेदव्यपेक्षया ।**
**प्रतिक्षिपेयुर्नो वेदाः, स्याद्वादं सार्वतान्त्रिकम् ।।५१।।**

**नयभेदव्यपेक्षया** = नानानयापेक्षया **भिन्नभिन्नार्थान् ब्रुवाणाः** = वदन्तो **वेदाः सार्वतान्त्रिकं** = सार्वपार्षदं **स्याद्वादं** = विभज्यवादं **नो** = नैव **प्रतिक्षिपेयुः** । तथाहि —> विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति, न प्रत्येसंज्ञाऽस्ति <— (४/६/१३) इति **बृहदारण्यकोपनिषद्**वचनात् पर-

કે તેવું અસંભવિત છે. પ્રકારભેદ = ઉપાધિભેદ વિના વિરૂદ્ધ બે ધર્મો એક સમયે એક અધિકરણમાં સાથે રહી શકતા નથી. જો પ્રકારભેદ = અવચ્છેદક ભેદ સ્વીકારવામાં આવે તો અમારા મતમાં (વેદાન્તી મતમાં) પ્રવેશ થવાથી બધી જ વ્યવસ્થા રહેલી છે. <— આવું જે કહેલ છે તે તેનું તે જ વસ્ત્ર (લુંગી) ઊલટાવીને પહેરવા જેવું કહેવાય છે. કારણ કે અમે સ્યાદ્વાદી પણ પ્રકારભેદને સ્વીકારીને જ એકત્ર બે વિરોધી ધર્મનો સ્વીકાર કરીએ છીએ. સ્યાદ્વાદીના વાક્ય પ્રયોગમાં સ્યાત્ શબ્દનો પ્રયોગ હોય છે, જે અપેક્ષિત અવચ્છેદકભેદનો દ્યોતક છે. માટે વિજ્ઞાનામૃતભાષ્યનું ઉપરોક્ત વક્તવ્ય અમારી અપેક્ષાએ સિદ્ધસાધનદોષવાળું બની જાય છે. વાસ્તવમાં તો સમ્યગ્એકાંતગર્ભિત અનેકાંતવાદથી જ સમ્યગ્ પદાર્થવ્યવસ્થા સંગત થઈ શકે છે. **(૧/૫૦)**

વેદ પણ સ્યાદ્વાદના વિરોધી નથી - આ વાતને ગ્રંથકારશ્રી પ્રગટ કરે છે.

**શ્લોકાર્થ** :- અલગ અલગ નયની અપેક્ષાએ ભિન્ન-ભિન્ન અર્થોનું પ્રતિપાદન કરનારા વેદો પણ સાર્વતાન્ત્રિક = સર્વદર્શનવ્યાપક એવા સ્યાદ્વાદનો વિરોધ કરી શકતા નથી. **(૧/૫૧)**

## ❀ ઉપનિષદ્ - વેદોમાં સ્યાદ્વાદનું પ્રતિબિંબ ❀

**ટીકાર્થ** :- અલગ અલગ નયની અપેક્ષાએ ભિન્ન ભિન્ન અર્થને જણાવતા વેદો પણ સર્વદર્શનમા વ્યાપ્ત એવા સ્યાદ્વાદનો વિરોધ નહીં કરી શકે. તે આ મુજબ —> વિજ્ઞાનઘન એવો આત્મા આ પૃથ્વી વગેરે ભૂતતત્ત્વમાંથી ઉત્પન્ન થઈને તેમાં જ વિલીન થાય છે. પ્રેત્ય સંજ્ઞા = પરલોક નામની ચીજ નથી. <— આ પ્રમાણે **બૃહદ્આરણ્યક** ઉપનિષદ્ના વચનથી પરલોકનો અભાવ જણાય છે. પરંતુ —> સ્વર્ગની કામનાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો. <—આ પ્રમાણે **મૈત્રાણિ** ઉપનિષદ્ના વચનથી પરલોકનું અસ્તિત્વ જણાય છે. આમ તે બન્ને વચ્ચે જણાતા વિરોધનો પરિહાર અપેક્ષાભેદ વિના દૂર કરી શકાય તેમ નથી. જો પ્રેત્ય સંજ્ઞાનો અર્થ 'પૂર્વકાલીન ઘટાદિવિષયક ઉપયોગસ્વરૂપ સંજ્ઞા = બુદ્ધિ' - એવો કરવામાં આવે તો વિરોધ રહેતો નથી બૃહદ્આરણ્યક ઉપનિષદ્ના વચનનું તાત્પર્ય એ છે કે બાહ્ય ઘટ-પટ વગેરે પંચભૂતનું આલંબન કરીને તત્ તત્ જ્ઞાન સ્વરૂપે આત્મા ઉત્પન્ન થાય છે અને ઘટ વગેરે વિષયો ખસી જતાં આત્માનો તે તે જ્ઞાનસ્વરૂપે નાશ થાય છે. આમ અપેક્ષા વિશેષનું આલંબન ઉપનિષદ્માં સ્પષ્ટ છે.

लोकाभावोऽवसीयते —> 'अग्निहोत्रं जुहुयात् स्वर्गकामः <— (६/३६) इति **मैत्राण्युपनिषद्**वचनात्तु परलोको विज्ञायत इत्यनयोर्विरोधोऽपेक्षाभेदमृतेऽपरिहार्य एव । यदि च 'प्रेत्यसंज्ञा' = 'प्राक्तनी घटाद्युपयोगरूपा संज्ञा' इत्यर्थोऽङ्गीक्रियते तर्हि नास्ति विरोधः ।

तथा —> पुरुष एवेदं ग्निं सर्वं यद्भूतं यच्च भाव्यम् <— (ऋ. १०/९०/२ श्वे. ३/५) इति **ऋग्वेदात् श्वेताश्वतरोपनिषेद्**वचनाच्च, —> एक एव हि भूतात्मा भूते भूते व्यवस्थितः । एकधा बहुधा चैव दृश्यते जलचन्द्रवत् । <— (त्रि. ५/१५ इ. ५) इति **त्रिपुरातापिन्यु**पनिषद्वचनात्, **ईशोपनिषद्व**चनात्, (१२) **ब्रह्मबिन्दूपनिषद्व**चनाच्चाऽऽत्माद्वैतमवसीयते । तथा —> पुण्यो वै पुण्येन कर्मणा भवति, पापः पापेन <— (३/२/१३) इति **बृहदारण्यकोपनिषद्**वचनात्, —> न कश्चित् कस्यचित् शक्तः कर्तुं दुःखं सुखानि च । करोति प्राक्तनं कर्म मोहाल्लोकस्य केवलम् ॥१११॥ <— इति **शिवोपनिषद्**वचनाच्च कर्मसत्ता प्रतीयत इति तद्विरोधः 'पुरुषो वै' इत्यादेः शत्रु-मित्रादौ द्वेष-रागादिविनाशोद्देशकत्वमवलम्ब्य परिहर्तव्यः। तदुक्तं **शास्त्रवार्तासमुच्चये** —> समभावप्रसिद्ध्येऽद्वैतदेशना शास्त्रे निर्दिष्टा न तु तत्त्वतः <— (८/८)। **एतेन** —> आत्मैवेदं सर्वं <— (७/५/२) इति **छान्दोग्योपनिषद्वचनं,** —> ब्रह्मैवेदं सर्वं <— (२/१७) इति **नृसिंहोपनिषद्**वचनं —> सर्वं खल्विदं ब्रह्म <— ( ) इति **निरालम्बोपनिषद्**वचनं च **व्याख्यातम्,** तस्यात्ममहिमावेदकत्वात् ।

## ❋ આત્મા અને કર્મ વાસ્તવિક છે. ❋

**તથા૦ । —> આ બધું જે કાંઈ છે અને હતું તે બધું પુરૂષ જ છે <— આ પ્રમાણે ઋગ્વેદમાં અને શ્વેતાશ્વતર ઉપનિષદ્માં જણાવેલ છે. તથા —> ભૂતાત્મા એક જ છે અને પૃથ્વી વગેરે પ્રત્યેક ભૂતમાં રહેલો છે. [1]જલચંદ્રની જેમ તે એક પ્રકારે અને અનેક પ્રકારે દેખાય છે. <— આ પ્રમાણે ત્રિપુરાતાપિની ઉપનિષદ્માં, ઈશોપનિષદ્માં અને બ્રહ્મબિંદુ ઉપનિષદ્માં જણાવેલ છે. આ પાંચેય ગ્રંથો દ્વારા આત્માદ્વૈત જણાય છે. તથા —> પવિત્ર કાર્યથી પુણ્ય ઉત્પન્ન થાય છે. અને ખરાબ કાર્યથી પાપ ઉત્પન્ન થાય છે. <— આ પ્રમાણે બૃહદ્આરણ્યક ઉપનિષદ્ના વચનથી અને —> કોઈ પણ સુખ-દુઃખ ઉત્પન્ન કરવાને માટે શકિતમાન નથી, મોહના કારણે પૂર્વકાલીન કર્મ જ કેવળ લોકને સુખ-દુઃખ આપે છે. <— આ પ્રમાણે શિવોપનિષદ્ના વચન દ્વારા આત્માથી ભિન્ન કર્મની સત્તા જણાય છે. તેથી ઉપરોક્ત પાંચ ગ્રંથો સાથે આ બે ગ્રંથોનો વિરોધ આવે છે. ઉપરોક્ત પાંચ ગ્રંથોનું તાત્પર્ય 'શત્રુમાં દ્વેષ ન કરવો કે મિત્રમાં રાગ ન કરવો, કારણ કે આત્મ સ્વરૂપે તો બધા એક જ છે.' આવું માનીને તે વિરોધનો પરિહાર કરી શકાય છે. શાસ્ત્રવાર્તાસમુચ્ચય ગ્રંથમાં જણાવ્યું છે કે —> બધા જીવો ઉપર સમભાવની પ્રાપ્તિ માટે શાસ્ત્રોમાં અદ્વૈતવાદ જણાવેલ છે, પરંતુ વાસ્તવમાં આત્માદ્વૈત નથી. આવું કહેવાથી —> આ બધું આત્મા જ છે <— આ પ્રમાણે છાંદોગ્યોપનિષદ્ વચન, —> બધું બ્રહ્મ તત્ત્વ જ છે. <— આ પ્રમાણે નૃસિંહ ઉપનિષદ્ વચન અને નિરાલંબ ઉપનિષદ્ વચન - આ બધાનું તાત્પર્ય જણાવાઈ ગયું કે તે બધા વચનો આત્મમહિમાને જણાવનાર છે.**

૧. જેમ આકાશમાં રહેલો ચંદ્ર એક જ છે. પણ દુનિયામાં જેટલા સરોવર હોય તે પ્રત્યેકમાં તેનું પ્રતિબિંબ પડતાં તે અનેકરૂપે ભાસે છે. બરાબર આ જ રીતે આકાશચંદ્ર જેવો જીવ એક છે. પરંતુ જેટલા જીવતા શરીર હોય તે બધામાં જળચંદ્રની જેમ અનેકસ્વરૂપે તે પ્રતિબિંબિત થાય છે.

एवं –> स्वप्नोपमं वै सकलं <– ( ) इत्यनेन भूताभावो ज्ञायते तथा –> आपो वै सर्वा देवताः <– (४) इति **जाबालोपनिषद्**वचनात्, –> सौमसूर्याग्निदेवताः <– (५४) इति **ध्यानबिन्दूपनिषद्**वचनात्, –> अहं द्यावापृथिवी आतत‍ानो बिभर्मि <– (१२) इति **बाष्कलोपनिषद्**वचनात्, –> एतस्य चाक्षरस्य प्रशासने गार्गी द्यावा-पृथिवी विधृते तिष्ठतः <– ( ) इति **बृहदारण्यकोपनिषद्**वचनाच्च भूतसत्ता प्रतीयत इति तद्विरोधः, स च 'स्वप्नोपमं' इत्यस्य काया-कनक-कामिन्यादिसंयोगेऽनित्यतापरत्वमाश्रित्य त्यजनीयः । ततश्च नानावेदोपनिषदादीनामपेक्षाभेदेनाऽविरोधोपपादकोऽनेकान्तवादः कथमपलपनीयः ?

–> सोऽहं नित्यानित्यो व्यक्ताव्यक्तो ब्रह्माऽहं <– (१) इति **अथर्वशिरउपनिषद्**वचनस्य –> तस्यैव **स्यात्पद**वित्तं विदित्वा न लिप्यते कर्मणा पापकेनेति <– (४/५/२३) इति **बृहदारण्यकोपनिषद्**वचनस्य, –> आकाशे रमते आकाशे न रमते <– (७/१२/१) **इति छान्दोग्योपनिषद्**वचनस्य, –> नाऽसदासीत् नो सदासीत् तदानीं <– (१०/१२९/१) इति **ऋक्सूत्रसङ्ग्रहवचनस्य,** –> न सन्नाऽसन्न सदसदिति <– (१/१) इति **सुबालोपनिषद्**वचनस्य –> 'सदसद्वरेण्यम्' <– (२/१) इति **मुण्डकोपनिषद्**वचनस्य, –> त्वमेव सदसदात्मकः त्वमेव सदसद्विलक्षणः <– (१/१) इति

## ❁ જગત મિથ્યા નથી ❁

एवं० । –> આખું જગત સ્વપ્ન જેવું છે. <– આ વેદ વચન દ્વારા પૃથ્વી વગેરે પંચભૂતનો અભાવ જણાય છે. પરંતુ –> સર્વ પાણી એ જળદેવતા છે. <– આ પ્રમાણે જાબાલ ઉપનિષદ્ના વચનથી; –> ચંદ્ર, સૂર્ય અને અગ્નિ દેવતા છે. <– આ પ્રમાણે ધ્યાનબિંદુ ઉપનિષદ્ના વચનથી; –> હું સ્વર્ગ અને પૃથ્વીને વ્યાપીને રહેનારો ધારણ કરૂ છું <– આ પ્રમાણે બાષ્કલ ઉપનિષદ્ના વચનથી, અને –> આ અવિનાશી બ્રહ્મના શાસનમાં હે ગાર્ગી ! સ્વર્ગ અને પૃથ્વી ધારણ કરાયેલા રહે છે. <– આ પ્રમાણે બૃહદ્આરણ્યક ઉપનિષદ્ના વચનથી પૃથ્વી વગેરે પંચભૂતનું અસ્તિત્વ જણાય છે. તેથી પૂર્વોક્ત વેદવચન સાથે આનો વિરોધ આવશે. આ વિરોધનો પરિહાર કરવા માટે પૂર્વોક્ત 'स्वप्नोपमम्' વચનનું તાત્પર્ય એવું સ્વીકારવું જરૂરી છે કે કાયા, કંચન, કામિનીના સંયોગો અનિત્ય છે, ક્ષણભંગુર છે. આ પ્રમાણે અનેક વેદ અને ઉપનિષદ્ વગેરે ગ્રંથોમાં પ્રસક્ત થનાર વિરોધનો પરિહાર અપેક્ષાભેદને આશ્રયીને જ કરવામાં આવે તો પછી સ્યાદ્વાદની વિડંબના કેવી રીતે કરી શકાય ? અર્થાત્ ન જ કરી શકાય. કેમ કે યોગ્ય અલગ અલગ અપેક્ષાનો આશ્રય કરવો તે તો સ્યાદ્વાદનું જ એક સ્વરૂપ છે. આ થઈ વેદ અને ઉપનિષદ્ના અલગ અલગ વચનની વચ્ચે આવતા વિરોધ અને તેના પરિહારની વાત. પરંતુ કેટલાક વેદ-ઉપનિષદ્ના તો એક એક વચનમાં પણ સ્યાદ્વાદનું સ્પષ્ટ પ્રતિબિંબ ઉપલબ્ધ થાય છે. તેને હવે નિહાળીએ.

## ❁ ઉપનિષદોમાં સાક્ષાત્ સ્યાદ્વાદનો સ્વીકાર ❁

सो० । અથર્વશિરઃ ઉપનિષદ્માં જણાવેલ છે કે –> તે હું નિત્યાનિત્ય છું, હું વ્યક્ત-અવ્યક્ત બ્રહ્મસ્વરૂપ છું <– બૃહદ્આરણ્યકમાં કહ્યું છે કે –> તે બ્રહ્મ તત્ત્વનું જ 'સ્યાદ્' પદ સ્વરૂપ ધન જાણીને જીવ પાપ કર્મથી લેપાતો નથી. <– છાન્દોગ્યોપનિષદ્માં જણાવેલ છે કે –> તે આકાશમાં રમે છે, તે આકાશમાં રમતો નથી. <– ઋક્સૂત્રસંગ્રહ ગ્રંથમાં કહ્યું છે કે –> ત્યારે તે અસત્ પણ ન હતું. અને સત્ પણ ન હતું. <– સુબાલ ઉપનિષદ્માં કહેલ છે કે –> તે સત્ નથી, તે અસત્ નથી, તે સદસત્ નથી.<–

**त्रिपाद्विभूतिमहानारायणोपनिषद्**वचनस्य, —> नैव चिन्त्यं न चाचिन्त्यं अचिन्त्यं चिन्त्यमेव च <— (६) इति **ब्रह्मबिन्दूपनिषद्**वचनस्य, —> न सर्वं, सर्वमेव च <— (५/४६) इति **महोपनिषद्**वचनस्य, —> नान्तः प्रज्ञं, न बहिःप्रज्ञं. नोभयतः प्रज्ञं, न प्रज्ञानघनं, न प्रज्ञं, नाप्रज्ञं <— (१/५६) इति **माण्डुक्योपनिषद्**वचनस्य, —> 'विमुक्तश्च विमुच्यते <— (२/२/१) इति **कठोपनिषद्**वचनस्य, —> अणोरणीयान्, महतो महीयान् <—(३-२०) इति **श्वेताश्वतरोपनिषद्**वचनस्य,—> 'भावाभावविहीनोऽस्मि, भासा हीनोऽस्मि भास्म्यहम् <— (३/५) इति **मैत्रेय्युपनिषद्**वचनस्य, —> विद्धः सन्नविद्धो भवति <— इति **छान्दोग्योपनिषद्**वचनस्य, —> स्तेनोऽस्तेनो भवति, भ्रूणहाऽभ्रूणहा, चाण्डालोऽचाण्डालः <— इति **बृहदारण्यकोपनिषद्**वचनस्य, —> अक्षरमहं क्षरमहं <— (१) इति **त्रिपुरातापिन्युपनिषद्**वचनस्य, —> द्वैताद्वैतस्वरूपात्मा, द्वैताद्वैतविवर्जितः <— (४/६६) इति **तेजोबिन्दूपनिषद्**वचनस्य, —> तदा मुक्तो न मुक्तश्च <— (३१) इति **पाशुपतब्रह्मोपनिषद्**वचनस्य, —> अचक्षुर्विश्वतश्चक्षुरकर्णो विश्वतः कर्णः अपादो विश्वतः पादोऽपाणिः विश्वतः पाणिः <— (२) इति **भस्मजाबालोपनिषद्**वचनस्य, —> 'अपाणिपादो जवनो ग्रहीता, पश्यत्यचक्षुः स श्रृणोत्यकर्णः <— (९/१४) इति **नारायणपरिव्राजकोपनिषद्**वचनस्य चोपप-

---

**મુણ્ડકોપનિષદ્**માં ફરમાવેલ છે કે —> શ્રેષ્ઠ તત્ત્વ સદસત્ છે. <— **ત્રિપાદ્વિભૂતિ મહાનારાયણ** ઉપનિષદ્માં બતાવેલ છે કે —> તમે જ સદસત્ સ્વરૂપ છો અને તમે જ સદસત્થી વિલક્ષણ છો. <— **બ્રહ્મબિંદુ**માં જણાવેલ છે કે —>તે ચિંત્ય નથી અને અચિંત્ય પણ નથી, તથા અચિંત્ય જ છે અને ચિંત્ય જ છે.<— **મહોપનિષદ્**માં દર્શાવેલ છે કે —> સર્વ નથી અને સર્વ જ છે. <— **માણ્ડુક્ય** ઉપનિષદ્માં સૂચવેલ છે કે —> બ્રહ્મ તત્ત્વ અંતઃપ્રજ્ઞાવાળું નથી, બાહ્યપ્રજ્ઞાવાળું નથી, ઉભયતઃ પ્રજ્ઞાવાળું નથી, પ્રજ્ઞાઘન નથી, પ્રજ્ઞાયુક્ત નથી અને પ્રજ્ઞાશૂન્ય નથી <— **કઠોપનિષદ્**માં એવું આવે છે કે —> વિમુક્ત એવો વિશેષ રીતે મુક્ત થાય છે. <— **શ્વેતાશ્વતર**માં કહેલ છે કે —> આત્મા અણુ કરતાં પણ નાનો છે અને મોટી ચીજ કરતાં પણ મોટો છે. <— **મૈત્રેયી** ઉપનિષદ્માં એવું નિરૂપેલ છે કે —> હું ભાવ અને અભાવથી રહિત છું. તેજથી -પ્રકાશથી રહિત હોવા છતાં હું પ્રકાશું છું. <— **છાન્દોગ્યોપનિષદ્**માં કહેલ છે કે —> વિંધાયેલો હોવા છતાં વિંધાયેલો રહેતો નથી. <— તેમ જ **બૃહદ્આરણ્યક**માં બતાવેલ છે કે —> ચોર ચોર ભિન્ન થાય છે. બાલહત્યારો એ બાલહત્યારો રહેતો નથી. ચાંડાલ ચાંડાલ રહેતો નથી. <— **ત્રિપુરાતાપિની**માં જણાવેલ છે કે —> હું અવિનાશી છું, હું વિનાશી છું <— **તેજોબિંદુ** ઉપનિષદ્માં કહ્યું છે કે —> આત્મા દ્વૈતાદ્વૈત સ્વરૂપ છે અને દ્વૈતાદ્વૈતરહિત છે. <— **પાશુપતબ્રહ્મ** ઉપનિષદ્માં જણાવેલ છે કે —> આત્મા ત્યારે મુક્ત છે અને મુક્ત નથી. <— **ભસ્મજાબાલ** ઉપનિષદ્માં કહેલું છે કે —> આત્મા ચક્ષુરહિત હોવા છતાં વિશ્વવ્યાપી ચક્ષુવાલો છે. કર્ણરહિત હોવા છતાં સર્વવ્યાપી કર્ણમય છે. પગરહિત હોવા છતાં લોકવ્યાપી પગસ્વરૂપ છે. હાથરહિત હોવા છતાં ચારે બાજુથી હાથસ્વરૂપ છે. <— **નારાયણપરિવ્રાજક** ઉપનિષદ્માં પણ બતાવેલ છે કે —> તે પરમાત્મા હાથ-પગ રહિત હોવા છતાં એકદમ ઝડપથી વસ્તુને ગ્રહણ કરે છે. આંખ ન હોવા છતાં તે જુએ છે. અને કાન ન હોવા છતાં તે સાંભળે છે. <— આ બધા ઉપનિષદોની સંગતિ અનેકાન્તવાદનો આશ્રય કર્યા વિના અસંભવિત જ છે. જો સ્યાદ્વાદનો સ્વીકાર કરવામાં આવે તો ઉપરોક્ત ઘણાં વચનો સંગત થઈ શકે છે. - આ વાત વાચક વર્ગે ધ્યાનમાં રાખવી અને ગીતાર્થ ગુરૂભગવંતના મુખેથી પ્રસ્તુત વચનોનું સ્યાદ્વાદને અનુરૂપ એવું યોગ્ય અર્થઘટન સમજી લેવું. **(૧/૫૧)**

त्तिरनेकान्तवादाश्रयणमृतेऽसम्भावनीयैवेति ध्येयम् ॥१/५१॥

अथ लोकायतिकानां व्यवहारदुर्नयावलम्बिनां सकलतान्त्रिकबाह्यानां किं सम्मत्याऽसम्मत्या वा ? इति तेषामवगणनामेवाऽऽविष्करोति –> '**विमति**'रिति ।

**विमतिः सम्मतिर्वापि, चार्वाकस्य न मृग्यते ।**
**परलोकात्ममोक्षेषु, यस्य मुह्यति शेमुषी ॥५२॥**

चार्वी = आपातरम्या विपाकदारुणा वाक् यस्य स चार्वाकः तस्य = **चार्वाकस्य** स्याद्वादे **सम्मतिः** = अनुमतिः, **विमतिः वा** = विप्रतिपत्तिर्वा **अपि न मृग्यते यस्य परलोकात्ममोक्षेषु** उपलक्षणात् पुण्याऽपुण्यादिषु **शेमुषी** = बुद्धिः **मुह्यति** = स्खलति । सर्वश्रेयोमूलाऽऽत्मादिष्वेव यस्य मोहः तैः सह पदार्थान्तरसम्मति-विमतिविचारः कुड्यं विना चित्रचित्रणप्रयासतुल्य इति भावः ॥१/५२॥

तापशुद्धिमुपसंहरति –> '**तेने**'ति ।

**तेनानेकान्तसूत्रं यद्, यद्वा सूत्रं नयात्मकम् ।**
**तदेव तापशुद्धं स्याद्, न तु दुर्नयसंज्ञितम् ॥५३॥**

---

હવે ગ્રંથકાર વ્યવહારદુર્નયનું અવલંબન કરનારા અને સર્વ આસ્તિક દર્શનકારોની પર્ષદાથી બાહ્ય એવા નાસ્તિક લોકોની સંમતિ કે અસંમતિથી સર્યું - એમ તેઓની અવગણનાને વ્યક્ત કરે છે.

**શ્લોકાર્થ** :- પરલોક, આત્મા અને મોક્ષના વિશે જેની બુદ્ધિ મૂઢ બનેલી છે તેવા નાસ્તિકની સંમતિ કે અસંમતિ તપાસાય નહિ. (૧/૫૨)

## ✿ નાસ્તિકની ઉપેક્ષા ✿

**ટીકાર્થ** :- નાસ્તિકને દાર્શનિક પરિભાષામાં ચાર્વાક કહેવાય છે. ચાર્વાક શબ્દનો વ્યુત્પત્તિપ્રધાન અર્થ એવો છે કે 'વિચાર ન કરીએ ત્યાં સુધી સુંદર લાગે, પરંતુ તેનો અમલ કરવામાં આવે તો પરિણામે ભયંકર બને તેવી જેની વાણી છે તે ચાર્વાક.' "ખાઓ, પીઓ, મોજ કરો - પરલોક, આત્મા જેવું કોઈ છે જ નહિ. મેળવેલ પત્ની, પૈસા, પરિવારને ભોગવો. મોક્ષના સુખની પ્રાપ્તિ માટે એ બધું છોડવું - તે નિરર્થક છે." આ વાણીનો જો અમલ કરવામાં આવે તો આત્માનો ડૂચો નીકળી જાય. પરલોક, આત્મા, મોક્ષ, પુણ્ય, પાપ વગેરે પદાર્થોમાં જેની બુદ્ધિમૂઢ બને છે, સ્ખલના પામે છે. - તેવા નાસ્તિકની સ્યાદ્વાદમાં સંમતિ છે કે વિપ્રતિપત્તિ છે - તેવી વિચારણા કરવાથી સર્યું ખરેખર, સર્વ કલ્યાણના કારણભૂત એવા આત્મા વગેરેમાં જ જેની બુદ્ધિ બહેર મારી ગઈ હોય તેની સાથે સ્યાદ્વાદમાન્ય બીજા બધા પદાર્થોની સંમતિ કે વિમતિનો વિચાર કરવો તે દિવાલ વિના ચિત્ર દોરવાના પ્રયાસ જેવું છે. (૧/૫૨)

તાપશુદ્ધિનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- તેથી જે અનેકાંતશાસ્ત્ર હોય અથવા જે શાસ્ત્ર નયસ્વરૂપ હોય તે જ તાપશુદ્ધ બને. દુર્નયાત્મક શાસ્ત્ર તો તાપશુદ્ધ ન કહેવાય. (૧/૫૩)

## ✡ ઉત્સર્ગથી સ્યાદ્વાદ પ્રમાણ; અપવાદથી નય પ્રમાણ ✡

**ટીકાર્થ** :- સ્યાદ્વાદ સર્વ દર્શનોમાં વ્યાપીને રહેલો છે. તેથી સ્યાદ્વાદાત્મક પ્રમાણભૂત જે શાસ્ત્ર હોય તે જ પરમાર્થથી = ઉત્સર્ગથી તાપશુદ્ધ કહેવાય. અહીં એવી શંકા થઈ શકે છે કે –> તો પછી સ્યાદ્વાદ પ્રમાણમાં પ્રવેશ

**तेन** = स्याद्वादस्य सार्वतान्त्रिकत्वेन **यत् अनेकान्तसूत्रं** = स्याद्वादात्मकं प्रमाणभूतशास्त्रं **तदेव** परमार्थतः **तापशुद्धं स्यात्** । 'तर्हि स्याद्वादप्रमाणप्रवेशनोद्देशेन शिष्यबुद्धिवैशद्याय प्रदर्शितस्य नयशास्त्रस्य किमप्रामाण्यमभिमतम् ?' इत्याशङ्कायां कल्पान्तरमाह- **यद्वा** यद् **नयात्मकं** = सुनयगुम्फितं **सूत्रं** शास्त्रं **तदेव तापशुद्धं स्यात्** । इदञ्चापवादत उक्तम् । तदुक्तं **सम्मतितर्के श्रीसिद्धसेनदिवाकरेण** —> सीसमईविप्फारणमेत्तत्थोऽयं कओ समुल्लावो । इहरा कहामुहं चेव णत्थि एवं ससमयम्मि ॥ <— (३/२५) इति । यथोक्तं **तत्त्वार्थटीकायां** प्रस्तुतग्रन्थकारैरपि —> उत्सर्गतो हि पारमेश्वरप्रवचनपरिणतबुद्धीनां स्याद्वादाभिधानमेवोचितं, परिपूर्णवस्तुप्रतिपादकत्वात् । तद्व्युत्पत्त्यर्थितया तु शिष्याणामंशग्राहिषु नयवादेष्वपवादतः प्रवृत्तिरुचितैव, 'अशुद्धे वर्त्मनि स्थित्वा ततः शुद्धं समीहत' इत्यादिन्यायादिति भावः <— (त.सू.१/३५-पृ.३९५-यशो.टीका) । नयमार्गेषु अशुद्धत्वोक्तिस्तु परिपूर्णप्रामाण्याभावापेक्षया, न त्वप्रामाण्यापेक्षयेति । नयान्तरसापेक्षस्य प्रमाणघटकीभूतस्य सुनयस्य तु परिशुद्धत्वमेव । अत एवोक्तं **सम्मतितर्के** —> परिसुद्धो नयवाओ आगममेत्तत्थसाहओ होइ <— (३/४६) इति तु ध्येयम् । यद्वा दुर्नयत्वापेक्षयाऽप्यशुद्धत्वोक्तिरस्तु

---

કરાવવાના ઉદ્દેશથી શિષ્યબુદ્ધિની નિર્મળતા માટે બતાવેલ નયશાસ્ત્ર શું અપ્રમાણ છે ? <— આ શંકાનું સમાધાન કરવા માટે ગ્રંથકારશ્રી બીજી વ્યવસ્થા બતાવે છે કે 'જે શાસ્ત્ર સુનયથી ગુંથાયેલું હોય તે જ તાપશુદ્ધ બને' આ વાત અપવાદને આશ્રયીને જણાવેલ છે. <u>સંમતિતર્ક</u> ગ્રંથમાં <u>શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિજી</u> મહારાજાએ જણાવેલ છે કે —> શિષ્યની બુદ્ધિના વિસ્ફારણ માટે આ નયપ્રબંધ જણાવેલ છે. બાકી તો જૈન દર્શનમાં નયની કથાને પ્રવેશ જ નથી. <— <u>તત્ત્વાર્થસૂત્ર</u>ની ટીકામાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ પણ જણાવેલ છે કે —> ભગવાનના શાસ્ત્રોથી જેની બુદ્ધિ પરિણત થયેલી છે તેવા પ્રાજ્ઞ પુરૂષોએ તો ઉત્સર્ગથી સ્યાદ્વાદાત્મક પ્રતિપાદન કરવું એ જ યોગ્ય છે. કારણ કે તેનાથી પરિપૂર્ણ વસ્તુનું પ્રતિપાદન થાય છે. સ્યાદ્વાદની સમજણ માટે શિષ્યોને વસ્તુઅંશગ્રાહક એવા નયવાદોમાં અપવાદથી પ્રવૃતિ કરાવવી ઉચિત જ છે. આ વાતનું સમર્થન કરતો એક ન્યાય છે કે 'રસ્તો ભૂલી ગયેલો માણસ અશુદ્ધ માર્ગમાં રહીને ત્યાંથી શુદ્ધ માર્ગને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે.' <— લોકોમાં પણ નાનો બાળક પહેલાં ખોટો એકડો ઘુંટે છે અને પછી સાચો એકડો શીખે છે. ઉપાધ્યાયજી મહારાજાએ તત્ત્વાર્થની ટીકામાં નયવાદને જે અશુદ્ધ માર્ગની ઉપમા આપી છે તે નયવાદમાં પરિપૂર્ણતયા પ્રામાણ્ય ન હોવાની અપેક્ષાએ જાણવી. પરંતુ અપ્રામાણ્ય હોવાની અપેક્ષાએ નયવાદને અશુદ્ધ માર્ગ કહ્યો છે - તેવું નથી. પ્રમાણનો ઘટક બનેલ અને અન્યનયને સાપેક્ષ એવો સુનય તો પરિશુદ્ધ જ છે. નયવાદને માટે <u>સંમતિતર્ક</u>માં જણાવેલ છે કે —> પરિશુદ્ધ એવો નયવાદ આગમમાત્રના = સર્વ આગમના અર્થનો સાધક બને છે. <— આ વાત ધ્યાનમાં રાખવી. અથવા દુર્નયની અપેક્ષાએ પણ ઉપાધ્યાયજી મહારાજાએ તત્ત્વાર્થની ટીકામાં નયવાદને અશુદ્ધ માર્ગ કહેલો હોઈ શકે છે. તો પણ શિષ્યબુદ્ધિને પરિકર્મિત કરવા માટે નયવાદનો આશ્રય કરવો સંગત જ છે. માટે તો <u>ન્યાયખંડખાદ્ય</u> ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જ જણાવેલ છે કે —> 'એકાંત યુક્તિઓ વાસ્તવમાં મિથ્યા હોવાથી તેનો આશ્રય કરવો અનુચિત છે' - એવું ન સમજવું. કારણ કે માર્ગ ભૂલેલો પથિક 'અસત્ય માર્ગમાં રહીને ત્યાંથી સત્ય માર્ગને ઈચ્છે છે' - આ ન્યાયથી શિષ્યની મતિને વ્યાપક - વિશાળ -વિશદ બનાવવા માટે એકાંત યુક્તિઓને પણ ભણાવવી યોગ્ય છે. <—આ વાત યુક્તિસંગત છે. આ રીતે માનવાથી જ 'સમ્યગ્દષ્ટિએ ગ્રહણ કરેલ મિથ્યાશ્રુત પણ સમ્યક્શ્રુત બને છે' એવી આગમપ્રસિદ્ધ વાત સંગત થઈ શકે છે. અહી જે કાંઈ કહેવાયેલું છે તે તો એક દિશાસૂચન માત્ર છે. આ દિક્દર્શનને અનુસારે હજી પણ આગળ ઘણું વિચારી શકાય તેમ છે. આ વાતને સૂચવવા અમે અધ્યાત્મવૈશારદી

तथापि शिष्यबुद्धिपरिकर्मार्थत्वात्तदुपादानस्योपपत्तेः । तदुक्तं **न्यायखण्डखाद्ये** —> एकान्तयुक्तीनां तत्त्वतो मिथ्यात्वादाश्रयणानौचित्यमिति चेत् ? न, 'असत्ये वर्त्मनि स्थित्वा ततः सत्यं समीहत' इति न्यायेन शिष्यमतिविस्फारणार्थं तदुपादानस्यापि न्याय्यत्वात् <— (पृ.४१९-भाग-२) । युक्तञ्चैतत् । इत्थमेव सम्यग्दृष्टिपरिगृहीतस्य मिथ्याश्रुतस्याऽपि सम्यक्त्वोपपत्तेरिति दिक् ।

स्वरूपतः तापाऽशुद्धं शास्त्रं निरूपयति - **न तु** = नैव **दुर्नयसंज्ञितं सूत्रं** = शास्त्रं **तापशुद्धं स्यात्**, परनयदूषणोद्भावनपरतया सर्वनयावलम्बिविचारप्रबलाग्निना तात्पर्यबाधादिति प्रमाणत्वेनानुपादेयं = त्याज्यमेव तत् ॥१/५३॥

दुर्नयसूत्रैदम्पर्यार्थाऽसङ्गतिमेव भावयति —> '**नित्ये**'ति ।

**नित्यैकान्ते न हिंसादि, तत्पर्यायापरिक्षयात् ।**
**मनःसंयोगनाशादौ, व्यापारानुपलम्भतः ॥५४॥**

**नित्यैकान्ते** = अनित्यत्वाऽसम्भिन्ननित्यत्वयुक्ते आत्मनि साङ्ख्यादिभिः स्वीक्रियमाणे सति **न** = नैव **हिंसादि** सम्भवेत्, **तत्पर्यायाऽपरिक्षयात्** = केनाऽपि रूपेण ध्वंसाऽप्रतियोगित्वात् । न हि बुद्धि-

---

ટીકામાં દિક્ શબ્દનો પ્રયોગ કરેલ છે.

## ❖ સ્વરૂપથી તાપ અશુધ્ધ શાસ્ત્ર ❖

स्व. । સ્વરૂપની અપેક્ષાએ તાપ પરીક્ષાથી અશુદ્ધ એવા શાસ્ત્રનું નિરૂપણ કરતા ગ્રંથકારશ્રી કહે છે કે દુર્નયાત્મક શાસ્ત્ર તાપશુદ્ધ ન જ હોઈ શકે. કારણ કે દુર્નય એ અન્ય નયના અભિપ્રાય દૂષણ બતાવવામાં તત્પર હોવાથી સર્વ નયનું આલંબન કરનાર તત્ત્વમીમાંસાસ્વરૂપ પ્રબલ અગ્નિ દ્વારા દુર્નયનું (અન્યનયદોષોદ્ભાવનસ્વરૂપ) તાત્પર્ય બાધિત થાય છે. માટે દુર્નયશાસ્ત્ર ત્યાજય જ છે.

અહીં અમે દુર્નયાત્મક શાસ્ત્રને છોડવાની જે વાત કરેલી છે તે 'દુર્નયને પ્રમાણરૂપે માન્ય ન કરવું આ અપેક્ષાએ જાણવી તથા ઉપાધ્યાયજી મહારાજાએ ન્યાયખંડખાદ્ય ગ્રંથમાં દુર્નયને ગ્રહણ કરવાની જે વાત બતાવેલી છે તે સાધનગ્રંથરૂપે જાણવી. તેથી આ બે વાતમાં કોઈ વિરોધ નથી. <u>(૧/૫૩)</u>

<u>**શ્લોકાર્થ**</u> :- એકાન્ત નિત્યપક્ષમાં હિંસા વગેરે સંભવિત નથી કારણ કે તેઓના મત મુજબ આત્માના પર્યાયનો નાશ થતો નથી. અને મન-સંયોગનાશ વગેરે વિશે કારણની પ્રવૃતિ દેખાતી નથી. <u>**(૧/૫૪)**</u>

## ❁ એકાંત નિત્યવાદમાં હિંસા વગેરે અસંભવિત ❁

<u>**ટીકાર્થ**</u> :- એકાંત નિત્યત્વનો અર્થ છે અનિત્યત્વથી આંશિક રીતે પણ મિશ્રિત ન થયેલું નિત્યત્વ. આવા એકાંત નિત્યત્વ ગુણધર્મવાળા આત્માને સાંખ્ય, નૈયાયિક વગેરે સ્વીકારે છે. પરંતુ જો આવી માન્યતા સ્વીકારાય તો આત્માની હિંસા વગેરે સંભવી નહીં શકે, કારણ કે કોઈ પણ પર્યાયરૂપે આત્માનો નાશ થતો જ નથી. વળી, આત્માને નિત્ય માનનાર સાંખ્ય વિદ્વાનોના મતે દુઃખોત્પત્તિ વગેરે બુદ્ધિમાં જ થાય છે. આત્મામાં તો કેવળ તેનું પ્રતિબિંબ જ પડે છે. અર્થાત્ દુઃખોત્પાદસ્વરૂપ હિંસાનું પણ આત્મામાં તો માત્ર પ્રતિબિંબ જ હોય છે. અને પ્રતિબિંબ તો કાલ્પનિક છે. આમ વાસ્તવિક રીતે આત્માની હિંસા થતી નથી. માટે આત્મામાં અનુપચરિતરૂપે = મુખ્યરૂપે હિંસા સંભવિત થતી. નૈયાયિકોએ પણ આત્માને કૂટસ્થ નિત્ય માનેલો છે. તેઓના મતે હિંસા એ દુઃખાત્મક ગુણસ્વરૂપ છે. તેઓ ગુણને ગુણીથી સર્વથા ભિન્ન માને છે. એટલે તેઓ દુઃખાત્મક

गतदुःखोत्पादरूपा हिंसा साङ्ख्यानामात्मनि प्रतिबिम्बोदयेनानुपचरिता सम्भवति, न वा नैयायिकानां स्वभिन्नदुःखगुणरूपा सा आत्मनि समवायेन, प्रतिबिम्बसमवाययोरेव काल्पनिकत्वात् । ततश्च यदुक्तं **विन्ध्यवासिना** साङ्ख्याचार्येण —> पुरुषोऽविकृतात्मैव, स्वनिर्भासमचेतनम् । मनः करोति सान्निध्यादुपाधिः स्फटिकं यथा ।। ततश्चेदृक्परिणतौ बुद्धौ भोगोऽस्य कथ्यते । प्रतिबिम्बोदयः स्वच्छे यथा चन्द्रमसोऽम्भसि ।। <— तद्विप्लवत एव । न हि कथमपि स्वपर्यायविनाशाभावे मुख्यो हिंसाव्यवहारः कल्पनाशतेनाऽप्युपपादयितुं शक्यते । तदुक्तं **अष्टकप्रकरणे** —> निष्क्रियोऽसौ ततो हन्ति हन्यते वा न जातुचित् । कश्चित्केनचिदित्येवं न हिंसाऽस्योपपद्यते ।। (१४/२) <— इति ।

**न** चात्ममनोयोगनाशस्यैवाऽऽत्ममरणरूपत्वाद्धिंसासम्भव इति **वाच्यम्,** मनसोऽतिचञ्चलत्वेन प्रतिक्षणं तत्प्रसङ्गात्तद्विरतेर्दुर्लभत्वापातात् । **न च** प्रतिक्षणं तन्नाशेऽप्यभिनवस्याऽऽत्ममनःसंयोगस्योत्पत्तेर्न हिंसाव्यवहारप्रसङ्गः, चरमस्याऽऽत्ममनोयोगस्य नाश एव हिंसात्वेनाभिमत इति **वाच्यम्,** एकान्तनित्यपक्षे आत्मनो विभुत्वेन नित्यत्वेन च सदा मूर्त्तनित्यमनसा संयुक्तत्वात्कदापि हिंसाऽनुपपत्तेः । न च ज्ञानजनकात्ममनःसंयोगनाशस्य हिंसात्वमिति नोक्तदोष इति वक्तव्यम्, एवं सति सुषुप्त्यादौ मरणव्यवहारापत्तेः । **न**

હિંસાને પણ આત્માથી સર્વથા ભિન્ન માને છે. તેમના મતે દુઃખાત્મક હિંસા પણ આત્માથી સર્વથા ભિન્ન છે. એટલે સમવાય સંબંધથી આત્મામાં અનુપચરિતરૂપે હિંસા સંભવિત નથી, કેમ કે સમવાય પોતે પણ કાલ્પનિક છે. આમ સાંખ્યસંમત પ્રતિબિંબ અને નૈયાયિકને સંમત સમવાય આ બન્ને કાલ્પનિક હોવાથી સાંખ્ય કે નૈયાયિકના મતે મુખ્યરૂપે હિંસા ઘટતી નથી. આવું હોવાથી વિંધ્યવાસી સાંખ્યાચાર્યએ જે કહ્યું છે કે —> પુરૂષ અવિકારી જ છે. જેમ લાલ ફૂલ વગેરે ઉપાધિ પોતાના સાન્નિધ્યથી નિર્મલ એવા સ્ફટિકને પણ લાલરંગમય બનાવે છે. તેમ જડ એવું મન પણ પોતાના સાંન્નિધ્યથી નિર્વિકારી એવા આત્માને પોતાના આકારવાળું કરે છે. તેથી આવા મનના આકારના પરિણામરૂપે આત્માનું બુદ્ધિમાં પ્રતિબિંબ પડવું તે આત્માનો ભોગ (= સુખદુઃખાનુભવ) કહેવાય છે. આનું દૃષ્ટાંત એ કહી શકાય કે નિર્મળ એવા પાણીમાં નિર્મળ એવા ચંદ્રનું પ્રતિબિંબ પડે છે. તેમ સ્વચ્છ બુદ્ધિમાં સ્વચ્છ આત્માનું પ્રતિબિંબ પડી શકે છે <— તેનું નિરાકરણ થઈ જાય છે. કારણ કે કોઈ પણ રીતે આત્માના પોતાના પર્યાયનો નાશ ન થાય તો સેંકડો કલ્પનાઓથી પણ હિંસાના વ્યવહારની મુખ્યરૂપે સંગતિ કરી શકાતી નથી. **અષ્ટપ્રકરણ**માં **શ્રીહરિભદ્રસૂરિ** મહારાજાએ જણાવેલ છે કે —> પરદર્શનમાન્ય આત્મા નિષ્ક્રિય છે. તેથી તે ક્યારેય પણ કોઈને હણતો નથી, ક્યારેય પણ કોઈના વડે હણાતો નથી. તેથી તેની હિંસા સંગત થઈ શકતી નથી.

## ❀ નૈયાયિકમાન્ય હિંસાની મીમાંસા ❀

न चात्म० । 'આત્મા અને મનના સંયોગના નાશને જ મૃત્યુ સ્વરૂપ માનીને હિંસા સંભવિત છે' - એવું કહી શકાય તેમ નથી. કારણ કે મન અત્યંત ચંચળ હોવાના કારણે પ્રતિક્ષણ આત્મમનસંયોગનો નાશ થતો હોવાથી પ્રતિક્ષણ હિંસાની આપત્તિ આવશે અને તેવું માનવામાં હિંસાની વિરતિ પણ દુર્લભ બની જશે. અહીં એવી શંકા થાય કે —> પ્રતિક્ષણ આત્મમનસંયોગનો નાશ થવા છતાં પણ આત્માની સાથે મનના *નવા નવા સંયોગો ઉત્પન્ન થયે રાખે છે. તેથી પ્રતિક્ષણ હિંસાના વ્યવહારની આપત્તિ નહિ આવે. આત્માની* સાથે મનનો જે ચરમ સંયોગ હોય તેનો જ નાશ હિંસારૂપે માન્ય છે. <— તો તે અનુચિત છે. કારણ કે એકાંત નિત્ય પક્ષમાં આત્મા સર્વવ્યાપી અને નિત્ય છે. તેમ જ મન મૂર્ત તથા નિત્ય છે. સર્વ મૂર્ત પદાર્થથી

**च** सुषुप्त्यादौ ज्ञानजनकस्यात्ममनोयोगस्य नाशेऽपि तस्य ज्ञानस्य स्मृतिजनकत्वात् मृत्युकालीनस्याऽऽत्ममनोयोगस्य च ज्ञानजनकत्वेऽपि तस्य ज्ञानस्य स्मृत्यजनकत्वात् स्मृत्यजनकज्ञानजनकमनःसंयोगस्य ध्वंस एवाऽऽत्मनो मरणमिति आत्मनोऽव्ययेऽपि तद्धिंसोपपत्स्यते इति **शङ्कनीयम्, मनःसंयोगनाशादौ** = स्मृत्यजनकज्ञानजनकमनःसंयोगनाशादिकं प्रति **व्यापारानुपलम्भतः** = कारणव्यापाराऽदर्शनात् । तथाहि स्मृतिहेत्वभावादेव तादृशज्ञानेन स्मृत्यजननात्, चरमसंयोगनाशस्यापि संयोगान्तरवदेव नाशात्, तादृशमनोयोगविशेषनाशत्वस्य नीलघटत्वस्येवाऽर्थसमाजसिद्धत्वात् । तथा च नेयं हिंसा केनचित् कृता स्यादिति सुस्थितमेव सकलं जगत् स्यात् । तदुक्तं **वादद्वात्रिंशिकायां** प्रकृतग्रन्थकृतैव —> मनोयोगविशेषस्य ध्वंसो मरणमात्मनः। हिंसा चेन्न तत्त्वस्य सिद्धेरर्थसमाजतः ॥ (द्वा. द्वा. ८/१५) शरीरेणाऽपि सम्बन्धो नित्यत्वेऽस्य न सम्भवी।

જે સંયુક્ત હોય તે વિભુ કહેવાય. તેથી આત્માનો મૂર્ત અને નિત્ય મનની સાથે સંયોગ રહેવાનો જ છે. માટે ક્યારેય પણ હિંસા સંભવી નહિ શકે. અહીં એવો બચાવ કરવામાં આવે કે —> જે આત્મમનસંયોગ જ્ઞાનનો જનક હોય તેના નાશને હિંસારૂપે માનવામાં આવે તો ઉપરોક્ત દોષને અવકાશ રહેતો નથી, કારણ કે મન સદા માટે આત્મસંયુક્ત હોવા છતાં પણ જ્ઞાનજનક આત્મમનસંયોગ સદા હોતો નથી. મૃત્યુની પૂર્વ ક્ષણે જ્ઞાનજનક આત્મમનસંયોગ હોય છે પરંતુ તેને નાશ થયા પછી જે આત્મમનસંયોગ હોય છે તે જ્ઞાનજનક હોતો નથી. તેથી તે સમયે મૃત્યુનો વ્યવહાર થઈ શકશે તથા જીવંત અવસ્થા દરમ્યાન પ્રતિક્ષણ નવા નવા જ્ઞાનજનક આત્મમનસંયોગ ઉત્પન્ન થવાથી પ્રતિક્ષણ હિંસાના (મૃત્યુના) વ્યવહારની આપત્તિ નહિ આવે <— તો આ બચાવ પણ પાંગળો જાણવો. કારણ કે આવું માનવામાં 'સુષુપ્તિના પ્રથમ સમયે પણ આત્માનું મૃત્યુ થયું' - તમે કહેવાની આપત્તિ આવશે. આનું કારણ એ છે કે સુષુપ્તિની અવ્યવહિત પૂર્વ ક્ષણે જે જ્ઞાનજનક આત્મમનસંયોગ રહેલો છે. તેનો સુષુપ્તિમાં નાશ થાય છે તથા સુષુપ્તિકાલીન જે આત્મમનસંયોગ છે તે જ્ઞાનજનક નથી. અહીં જો નૈયાયિક એમ કહે કે —> સુષુપ્તિના પ્રારંભમાં જ્ઞાનજનક આત્મમનસંયોગનો નાશ થવા છતાં પણ તે આત્મમનસંયોગ સ્મૃતિનો જનક છે. જ્યારે મૃત્યુકાલે જે આત્મમનસંયોગ છે તે જ્ઞાનજનક હોવા છતાં પણ તે સ્મૃતિજનક નથી. મૃત્યુસમયે જે જ્ઞાન થાય છે તેનાથી કાલાન્તરે સ્મૃતિ થતી નથી. માટે સ્મૃતિઅજનક એવું જે જ્ઞાન, તેના જનક એવા આત્મમનસંયોગનો નાશ તે મૃત્યુ છે. આવું માનવાથી આત્મા અવિનાશી હોવા છતાં પણ તેની હિંસા સંગત થઈ શકશે <— તો આ વાત પણ બરોબર નથી. કારણ કે સ્મૃતિઅજનક એવા જ્ઞાનના જનક મનસંયોગના નાશ પ્રત્યે કારણનો વ્યાપાર દેખાતો નથી. તે આ મુજબ - મૃત્યુ સમયે જ્ઞાનજનક જે આત્મમનસંયોગ હોય છે તેનાથી ઉત્પન્ન થનારૂં જ્ઞાન સ્મૃતિજનક ન હોવાનું કારણ એ છે કે તે સમયે સ્મૃતિની સામગ્રી હાજર હોતી નથી. વળી, જ્ઞાનજનક જે ચરમ મનસંયોગ છે તેનો પણ દ્વિચરમ વગેરે અન્યમનસંયોગની જેમ નાશ થાય છે. તેથી તાદશ મનસંયોગનાશત્વ નીલઘટત્વની જેમ અર્થસમાજસિદ્ધ છે. અનેક સામગ્રીથી સંપન્ન ધર્મ અર્થસમાજસિદ્ધ કહેવાય દા.ત.જે સ્થળે નીલ ઘટ બનતો હોય છે. ત્યાં ઘટની સામગ્રીથી ઘટ ઉત્પન્ન થાય છે અને નીલ રૂપની સામગ્રીથી નીલ રૂપ ઉત્પન્ન થાય છે. દંડ, ચક્ર વગેરે કારણકલાપનું કાર્યતાઅવચ્છેદક ઘટત્વ છે અને કપાલગત નીલ રૂપનું કાર્યતાઅવચ્છેદક નીલત્વ (=નીલરૂપત્વ) જાતિ છે. પરંતુ નીલઘટત્વ એ કોઈ પણ સામગ્રીનું કાર્યતાવચ્છેદક નથી. પરંતુ ઉપરોક્ત બે સામગ્રીથી સંપન્ન થનાર સખંડ ધર્મ છે. બરાબર આ જ રીતે જ્ઞાનજનક મનસંયોગનાશની સામગ્રીથી જ્ઞાનજનક મનસંયોગનો નાશ ઉત્પન્ન થાય છે. અને સ્મૃતિના કારણોની ગેરહાજરી હોવાથી તે જ્ઞાન સ્મૃતિઅજનક બને છે. તેથી એક સામગ્રીનું કાર્યતાઅવચ્છેદક જ્ઞાનજનક-મનસંયોગનાશત્વ છે અને બીજી સામગ્રીનું કાર્યતાઅવચ્છેદક સ્મૃતિઅજનકત્વ

विभुत्वेन च संसारः कल्पितः स्यादसंशयम् ॥ <— (द्वा.द्वा. ८/१६) इत्यादि । ततश्च निष्फलं पारिव्राज्यं स्यात् ॥१/५४॥

नन्वात्मनः कूटस्थनित्यत्वेऽपि तद्धिंसनपरिणामतो बुद्धिर्लिप्यते । स एव चात्मनो बन्ध उच्यते तदुच्छेदनात्पारिव्राज्यं सफलं स्यादित्याशङ्कायामाह —> 'बुद्धी'ति ।

**बुद्धिलेपोऽपि को नित्य-निर्लेपात्मव्यवस्थितौ ।**
**सामानाधिकरण्येन, बन्धमोक्षौ हि सङ्गतौ ॥५५॥**

'असङ्गो ह्ययं पुरुषः(४/३/१६) इति बृहदारण्यकोपनिषद्वचनात्, —>'असङ्गोऽयं पुरुषः <—

---

અથવા સ્મૃતિઅજનકજ્ઞાનત્વ છે. પરંતુ સ્મૃતિઅજનકજ્ઞાનજનક-મનસંયોગનાશત્વ એ કોઈ પણ સામગ્રીનું કાર્યતાઅવચ્છેદક બનતું નથી. ઉપરોક્ત બન્ને સામગ્રીથી તે ધર્મ સંપન્ન થાય છે. માટે તથાવિધ સંયોગનાશ પ્રત્યે કોઈ કારણનો વ્યાપાર=પ્રવૃતિ સંભવિત નથી. આમ સ્મૃતિઅજનકજ્ઞાનજનક - મનસંયોગનાશત્વ ધર્મ કોઈ પણ સામગ્રીનો કાર્યતાઅવચ્છેદક ન હોવાથી તથાવિધ સંયોગનાશત્વવિશિષ્ટ = તાદશસંયોગનાશસ્વરૂપ કારણ કોઈ પણ સામગ્રીનું કાર્ય નહિ બને. તેથી 'કોઈએ કોઈની હિંસા કરી' - તેવું કહી નહીં શકાય. આમ ઉપરોક્ત ધ્વંસ સ્વરૂપ હિંસા કોઈ કરી શકતું ન હોવાથી આખું જગત સુસ્થિત = ખૂન વગેરેના ભય વગરનું જ રહેવું જોઈએ. વાદદ્વાત્રિંશિકામાં મહોપાધ્યાયજી મહારાજાએ જણાવેલ છે કે —> મનસંયોગવિશેષનો નાશ એ આત્માનું મરણ = હિંસા છે - એવું કહી ન શકાય. કારણ કે મનસંયોગવિશેષનાશત્વ અર્થસમાજસિદ્ધ છે = સામગ્રીસમૂહથી પ્રાપ્ત છે. એકાંત નિત્ય એવા આત્માનો શરીરની સાથે સંયોગ પણ સંભવી નહીં શકે, કારણ કે શરીરઅસંયુક્તત્વ પર્યાયરૂપે આત્માનો નાશ માનો તો જ નૂતનશરીરસંયુક્તરૂપે આત્માને સ્વીકારી શકાય. અને આત્મા સર્વવ્યાપી હોવાથી એક ગતિમાંથી બીજી ગતિમાં જવા-આવવા સ્વરૂપ આત્માનો સંસાર પણ ચોક્કસ કાલ્પનિક થઈ જશે. સર્વવ્યાપી વસ્તુને આવવા-જવાનું કેવી રીતે સંભવે ? <— આમ હિંસા વગેરે સંભવિત ન હોવાથી હિંસાની વિરતિ સ્વરૂપ સંન્યાસનો સ્વીકાર નિષ્ફળ બની જશે. (૧/૫૪)

અહીં એકાંત નિત્યવાદી તરફથી એવી દલીલ કરવામાં આવે કે —> આત્મા કૂટસ્થ નિત્ય હોવા છતાં પણ આત્માની હિંસા કરવાના પરિણામથી બુદ્ધિ લેપાય છે. - મલીન થાય છે. તે જ આત્માનો બંધ કહેવાય છે. સંન્યાસગ્રહણ કરવાથી તેવો બંધ વિલીન થાય છે. આથી સંન્યાસનો સ્વીકાર સફળ છે. <— તો તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- નિત્ય નિર્લેપ આત્માની વ્યવસ્થા સ્વીકારવામાં આવે તો બુદ્ધિનો લેપ = માલિન્ય પણ શું હોય? કારણ કે બન્ધ અને મોક્ષ તો સામાનાધિકરણ્ય સંબંધથી સંગત થાય છે. (૧/૫૫)

## ✦ બંધ-મોક્ષ સમાનાધિકરણ હોય ✦

<u>**ટીકાર્થ**</u> :- ''આ પુરૂષ અંસગ છે.'' આ પ્રમાણે બૃહદ્આરણ્યક, સાંખ્યસૂત્ર અને અષ્ટાવક્રગીતાના વચનથી 'આત્મા સદા માટે નિર્લેપ છે. - આવી વ્યવસ્થા સ્વીકારવામાં આવે તો આત્મામાં માલિન્ય લાવવા માટે સમર્થ એવા હિંસાપરિણામથી થયેલો બુદ્ધિનો લેપ પણ કયો હોઈ શકે ? અર્થાત્ ન જ હોઈ શકે. આમ આત્માનો બંધ જ અસંભવિત હોવાથી મોક્ષ પણ કોનો થાય ? કારણ કે ''જે બંધાય છે. તે જ મુક્ત થાય છે.'' આ પ્રમાણે થતા વિચક્ષણ પુરૂષોના વ્યવહારથી બંધ અને મોક્ષ પરસ્પર સમાનાધિકરણ સિદ્ધ થાય છે. અર્થાત્ જે બંધાતો ન હોય તેને મુક્ત થવાપણું રહેતું નથી. તેજોબિંદુ ઉપનિષદ્માં તો

(१/१९) इति **साङ्ख्यसूत्रात्**, 'असङ्गः' ← (१-१२) इति **अष्टावक्रगीता**वचनाच्च **नित्यनिर्लेपात्मव्यवस्थितौ बुद्धिलेपोऽपि** = हिंसनपरिणामकृतबुद्धिलेपोऽपि **कः** आत्मनि मालिन्यमाधातुं समर्थः? नैवेत्यर्थः । इत्थञ्च बन्धस्यैवाऽसम्भवात् कस्य मुक्तिः स्यात् ? **हि** = यतः **बन्ध-मोक्षौ सामानाधिकरण्येन** = परस्परसमानाधिकरणवृत्तित्वेनैव **सङ्गतौ** = युक्तौ, 'य एव बध्यते स एव मुच्यत' इति प्रेक्षावतां व्यवहारात् । **तेजोबिन्दूपनिषदि** तु → 'बन्धमोक्षादिकं नास्ति' ← (५-३८) इति कण्ठत उक्तमिति निष्फलमेव परिव्राजकत्वं स्यात्कूटस्थनित्यात्मपक्ष इत्यवधेयम् ॥१/५५॥

एकान्तक्षणिकात्मपक्षे तदसम्भवमाह → '**अनित्ये**'ति ।

**अनित्यैकान्तपक्षेऽपि, हिंसादिकमसङ्गतम् ।**
**स्वतो विनाशशीलानां, क्षणानां नाशकोऽस्तु कः ? ॥५६॥**

**अनित्यैकान्तपक्षेऽपि** = नित्यत्वाऽसम्भिन्नाऽनित्यत्वदर्शनेऽपि आत्मनो **हिंसादिकं असङ्गतं** = मुख्यवृत्त्या अघटमानकं, नाशहेतोर्विरहात् । इयं हि बौद्धानां व्यवस्था-नाशहेतुभिर्घटादीनां नाशस्ततो भिन्नोऽभिन्नो वा विधीयते ? आद्ये घटादीनां तादवस्थ्यम् । अन्त्ये च घटादय एव कृतास्स्युरिति स्वभावत एवोदयानन्तरं विनाशिनः क्षणिकाः सर्वे भावाः । ततश्च स्वतः एव **विनाशशीलानां** = विनश्वराणां

---

→ બન્ધ, મોક્ષ વગેરે નથી. ← આવું સ્પષ્ટ રીતે કણ્ઠતઃ જણાવ્યું છે. આમ એકાંત નિત્ય પક્ષમાં આત્માના બંધ અને મોક્ષ અસંભવિત હોવાથી સંસારનો ત્યાગ નિષ્ફળ જ બની જશે. આ વાત ધ્યાનમાં રાખવી. <u>(૧/૫૫)</u>

એકાંતક્ષણિક એવા આત્માને સ્વીકારનાર વાદીઓના મતમાં હિંસા વગેરેનો અસંભવ બતાવવા ગ્રંથકારશ્રી કહે છે કે -

<u>**શ્લોકાર્થ**</u> :- એકાંત અનિત્યપક્ષમાં પણ હિંસા વગેરે અસંગત છે. સ્વતઃ વિનશ્વર એવી ક્ષણોનો નાશક કોણ હોય ? <u>(૧/૫૬)</u>

## ✧ એકાંત અનિત્યપક્ષમાં હિંસા અસંભવિત ✧

<u>**ટીકાર્થ**</u> :- નિત્યત્વથી લેશ પણ મિશ્રિત ન થયેલ એવા ક્ષણિકત્વને સર્વ પદાર્થોમાં સ્વીકારનાર બૌદ્ધદર્શનમાં પણ મુખ્યરૂપે આત્માની હિંસા વગેરે ઘટી નહીં શકે. કારણ કે તેઓના મત મુજબ નાશનો કોઈ હેતુ જ હોતો નથી. બૌદ્ધ વિદ્વાનોના મતે એવી વ્યવસ્થા સ્વીકારવામાં આવેલ છે કે નાશના હેતુ દ્વારા ઘટાદિનો જે નાશ થાય તે નાશ ઘટાદિથી ભિન્ન છે કે અભિન્ન ? જો ભિન્ન હોય તો ઘટાદિને એનાથી શું લાગે વળગે ? એટલે કે ઘટાદિ તો તદ્અવસ્થ જ રહેશે. જેમ પટાદિનો નાશ ઘટાદિથી સર્વથા ભિન્ન હોવાથી પટાદિ નાશ થાય ત્યારે ઘટાદિને નાશ પામવાનું હોતું નથી તેમ પ્રસ્તુતમાં પણ ઘટાદિ નાશ પામશે નહિ. "એ નાશ ઘટાદિથી અભિન્ન છે." એવો બીજો વિકલ્પ પણ માની શકાતો નથી. કારણ કે ઘટનાશક હેતુ દ્વારા ઘટથી અભિન્ન એવો નાશ ઉત્પન્ન થાય તો 'ઘટનો નાશ ઉત્પન્ન થયો' એવું કહેવાથી 'ઘટ જ ઉત્પન્ન થયો' એવું માનવાની આપત્તિ આવશે. પરંતુ આ સંભવિત નથી. કારણ કે ઘટાદિ તો પોતાના કારણોથી ઉત્પન્ન થયેલાં જ છે. આમ નાશક તરીકે મનાયેલ હેતુ ઘટાદિથી ભિન્ન કે અભિન્ન એવો કોઈ પણ પ્રકારનો નાશ કરે તેવું સંભવતું ન હોવાથી કોઈ પણ નાશક હેતુ જ માની શકાતો નથી. આવું હોવાથી એવું માનવું પડે છે કે

आत्मादिस्वरूपाणां **क्षणानां को नाशकोऽस्तु** ? इत्थञ्च हिंसा न केनचित्क्रियत इत्यापन्नम् । तदुक्तं **अष्टकप्रकरणे** —> नाशहेतोरयोगेन क्षणिकत्वस्य संस्थितिः । नाशस्य चान्यतोऽभावे भवेद्धिंसाऽप्यहेतुका।। <— (१५/२) इति । तदुक्तं **शास्त्रवार्तासमुच्चये**ऽपि —> किञ्च निर्हेतुके नाशे हिंसकत्वं न युज्यते। व्यापाद्यते सदा यस्मान्न कश्चित् केनचित् क्वचित् ।। <— (६/१२) इति । ततश्च हरिणादिहिंसकत्वं लुब्धकस्यापि न सम्भवेत् ।।१/५६।।

ननु शरादिव्यापारविरहे मृगादेः सजातीयक्षणसन्ततिः प्रवर्तते इति न तदानीं लुब्धकस्य मृगादिहिंसकत्वं, शरादिव्यापारे सति हिंस्यमानमृगक्षणसन्तानच्छेदेन मनुष्यादिक्षणसन्तानोत्पादात् लुब्धकस्य मृगहिंसकत्वमङ्गीक्रियत इति विजातीयक्षणानन्तर्यं हिंसादिनियामकत्वं सम्भवतीति सौगताशङ्कायामाह —> **'आनन्तर्यमि'**ति ।

## आनन्तर्यं क्षणानां तु न हिंसादिनियामकम् ।

દરેક પદાર્થો પોતાની ઉત્પત્તિની બીજી ક્ષણે જ સ્વાભાવિક રીતે નાશ પામે છે. આ રીતે ક્ષણિકતાની સિદ્ધિ કરનાર બૌદ્ધ વિદ્વાનોના મતે તો આત્મા વગેરે સર્વે પદાર્થોનો નાશ કરનાર કોઈ હેતુ જ ન હોવાથી વિનશ્વર વિજ્ઞાનના કારણસ્વરૂપ આત્મા વગેરે પદાર્થોનો સ્વયં બીજી ક્ષણે નાશ થઈ જશે. તેથી "કોઈએ કોઈની હિંસા કરી" - તેવું કઈ રીતે સંભવે ? આમ હિંસા કોઈના વડે પણ કરાતી નથી - આવું સ્વીકારવાની આપત્તિ આવશે. **અષ્ટકપ્રકરણ**માં પણ **શ્રીહરિભદ્રસૂરિ** મહારાજાએ જણાવ્યું છે કે —> નાશનો હેતુ સંભવિત ન હોવાથી ક્ષણિકત્વની બૌદ્ધ સિદ્ધિ કરે છે. અને અન્ય થકી નાશ સંભવિત ન હોય તો હિંસા પણ નિર્હેતુક બની જશે. <— **શાસ્ત્રવાર્તાસમુચ્ચય**માં પણ તેઓશ્રીએ જણાવેલ છે કે —> નિર્હેતુક નાશને સ્વીકારવામાં આવે તો હિંસકપણું સંગત થતું નથી. કારણ કે હંમેશા કોઈ પણ, કોઈના પણ વડે, ક્યારેય પણ હણાતો નથી. <— તેથી શિકારી વગેરે હરણ વગેરેના હિંસક છે તેવું સંભવી નહીં શકે. **(૧/૫૬)**

અહીં બૌદ્ધ વિદ્વાનો તરફથી એવો ખુલાસો કરવામાં આવે કે —> શિકારી દ્વારા બાણ વગેરે ફેંકવામાં ન આવે ત્યારે ક્ષણિક એવા હરણ વગેરેની સજાતીય ક્ષણોનો પ્રવાહ પ્રવર્તે છે. અર્થાત્ પ્રતિક્ષણ અભિનવ મૃગાદિક્ષણ જ ઉત્પન્ન થતી રહે છે. તેથી ત્યારે હરણ વગેરેનો હિંસક શિકારી ન બને પરંતુ શિકારી બાણ વગેરે ફેંકે ત્યારે હણાઈ રહેલ મૃગક્ષણની પરંપરાનો ઉચ્છેદ થવાથી મનુષ્ય આદિ વિજાતીય ક્ષણોનો પ્રવાહ ઉત્પન્ન થાય છે. તેથી તે સમયે શિકારીને હરણના હિંસક તરીકે માનીએ છીએ. આમ વિજાતીય ક્ષણનું આનંતર્ય હિંસાનું નિયામક સંભવે છે. <— આના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી જણાવે છે કે :

**શ્લોકાર્થ** :- ક્ષણોનું આનન્તર્ય હિંસાદિનું નિયામક નથી. કારણ કે ગૌતમ બુદ્ધ અને શિકારીમાં પરસ્પર તેની કોઈ વિશેષતા જણાતી નથી. **(૧/૫૭)**

## ❀ ગૌતમ બુદ્ધમાં હિંસકતાની આપતિ ❀

**ટીકાર્થ** :- વિજાતીય ક્ષણોનું અવ્યવહિત પૂર્વવર્તિત્વ તો હિંસાદિનું નિયામક સંભવતું નથી, કારણ કે પોતાની અવ્યવહિત ઉત્તર ક્ષણમાં વિજાતીય ક્ષણની ઉત્પત્તિને હિંસકપણાનું જ્ઞાપક માનવામાં આવે એટલે કે એ ઉત્પત્તિમાં કારણરૂપે જે કોઈ હોય તે બધાને હિંસક માનવામાં આવે તો વિસદૃશ ક્ષણનું અવ્યવહિત પૂર્વવર્તિપણું ગૌતમબુદ્ધ અને શિકારીમાં પરસ્પર સમાન જ જણાતું હોવાથી 'હરણ પર બાણ ફેંકનાર શિકારીમાં તે રહે છે અને સાધનામાં નિમગ્ન ગૌતમ બુદ્ધમાં નથી રહેતું' તેવું કહી શકાય તેમ નથી. તેથી બાણ ફેંકનાર

**विशेषादर्शनात्तस्य, बुद्धलुब्धकयोर्मिथः ॥५७॥**

**क्षणानां** = विसदृशक्षणानां **आनन्तर्यं** = अव्यवहितपूर्ववर्तित्वं तु **न हिंसादिनियामकं** सम्भवति, यतः स्वाऽव्यवहितोत्तरविजातीयक्षणोत्पादे हिंसकत्वज्ञापके स्वीक्रियमाणे **तस्य** = विसदृशक्षणाऽव्यवहित-पूर्ववर्तित्वस्य **मिथः बुद्ध-लुब्धकयोः विशेषादर्शनात्** = भेदानुपलम्भात् । न हि लुब्धकवृत्ति हिंस्यमान-मृगक्षणसन्तानच्छेदोत्तरकालीनमनुष्यादिक्षणाऽव्यवहितपूर्ववर्तित्वं गौतमबुद्धे न विद्यत इति वक्तुं पार्यते । ततश्च लुब्धकस्येव बुद्धस्याऽपि मृगादिहिंसकत्वमापद्यते । एवं हि हिंसाविरतिः क्वाऽपि न स्यादिति । —> अत्तानं उपमं कत्ता नेव हन्ने न घातये' <— ( ) इति सुगतोपदेशस्याऽसङ्गतिस्स्यात् । तदुक्तं **अध्यात्मसारे वादद्वात्रिंशिकायाश्च** प्रकृतग्रन्थकृतैव —> *अनन्तरक्षणोत्पादे बुद्ध-लुब्धकयोस्तुला । नैव तद्विरतिः क्वापि ततः शास्त्राद्यसङ्गतिः* ॥ <— (अ.सा. १२/३३ - द्वा.द्वा. ८/२३) इति ॥१/५७॥

शङ्कान्तरमपाकरोति —> **'सङ्क्लेशेने'**ति ।

**सङ्क्लेशेन विशेषश्चेदानन्तर्यमपार्थकम् ।**
**न हि तेनापि सङ्क्लिष्टमध्ये भेदो विधीयते ॥५८॥**

ननु विसदृशक्षणाऽव्यवहितपूर्ववर्तित्वं तु लुब्धक इव बुद्धेऽपि विद्यत एव किन्तु लुब्धकस्य 'हन्म्येनमि'ति मृगमारणसङ्क्लेशोऽस्ति, बुद्धस्य तु नेति बुद्ध-लुब्धकयोः **सङ्क्लेशेन** = सङ्क्लेशाऽसङ्क्लेशाभ्यां **विशेषः**

---

શિકારીની જેમ ગૌતમ બુદ્ધને પણ હરણ વગેરેના હિંસક માનવાની આપત્તિ આવશે. (બાણ ફેંકવું વગેરે વ્યાપાર = પ્રવૃત્તિ મુખ્યરૂપે નાશજનક તરીકે બૌદ્ધ વિદ્વાનોને માન્ય નથી.- આ વાત ધ્યાનમાં રાખવી.) અને જો આવું હોય તો હિંસાની વિરતિ ક્યારેય પણ થઈ નહિ શકે. તેથી "સર્વ જીવમાં આત્માની ઉપમા કરીને કોઈને હણવા નહીં કે હણાવવા નહીં" - આ પ્રમાણે ગૌતમ બુદ્ધનો ઉપદેશ અસંગત બની જશે. <u>અધ્યાત્મસાર</u> અને <u>વાદદ્વાત્રિંશિકા</u>માં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ જણાવેલ છે કે —> અનન્તરક્ષણઉત્પત્તિને હિંસકપણાનું પ્રયોજક માનવામાં ગૌતમ બુદ્ધ અને શિકારીમાં સમાનતા આવી જશે. તેથી હિંસાની વિરતિ ક્યાંય પણ થઈ ન શકે. માટે અહિંસા વગેરેના પ્રતિપાદક શાસ્ત્ર વગેરે અસંગત થઈ જશે. <— **(૧/૫૭)**

અન્ય શંકાનું નિરાકરણ ગ્રન્થકારશ્રી કરે છે.

**શ્લોકાર્થ** :- સંકલેશથી વિશેષતા રહેલી છે. - એવું જો માનો તો આનન્તર્ય નિરર્થક બનશે, કારણ કે આનન્તર્ય દ્વારા સંક્લિષ્ટ વ્યક્તિઓ વચ્ચે કોઈ ભેદ થતો નથી. **(૧/૫૮)**

## ❀ બૌદ્ધમતે સંક્લેશ ભેદક ન બને ❀

**ટીકાર્થ** :- અહીં બૌદ્ધ વિદ્વાનો તરફથી એવો બચાવ કરવામાં આવે છે કે —> વિસદશ ક્ષણની અવ્યવહિત પૂર્વવર્તિતા તો શિકારીની જેમ ગૌતમ બુદ્ધમાં પણ વિદ્યમાન જ છે, છતાં પણ "હું આને મારું" આ પ્રમાણે હરણને મારવાનો સંકલેશ શિકારીમાં છે, પરંતુ ગૌતમ બુદ્ધમાં નથી રહેલો. તેથી શિકારી અને ગૌતમ બુદ્ધમાં સંકલેશ અને અસંકલેશ દ્વારા વિશેષતા રહેલી છે. આમ સંકલેશ સહચરિત વિસદશક્ષણની અવ્યવહિતપૂર્વવર્તિતારૂપ હિંસકતા ગૌતમ બુદ્ધમાં નહિ આવે <— પરંતુ બૌદ્ધનો આ બચાવ પણ પાંગળો છે. કારણ કે સંકલેશ અને અસંકલેશ દ્વારા શિકારી અને ગૌતમ બુદ્ધ વચ્ચે ભેદ સ્વીકારવામાં આવે તો વિજાતીય ક્ષણની અવ્યવહિત પૂર્વવર્તિતા અન્યથાસિદ્ધ બની જશે. કારણ કે સંકલેશ દ્વારા જ વિજાતીય ક્ષણની અવ્યવહિતપૂર્વવર્તિતા ચરિતાર્થ

= भेदोऽस्तीति न बुद्धस्य सङ्क्लेशविशिष्टा विसदृशक्षणाऽव्यवहितपूर्ववर्तित्वरूपा हिंसकतेति चेत् ? तर्हि, **आनन्तर्यं** = विसभागक्षणाऽव्यवहितपूर्ववर्तित्वं **अपार्थकं** = अन्यथासिद्धं, सङ्क्लेशेनैव तदुपक्षयात् । **न** हि **तेन** = निरुक्ताऽऽनन्तर्येण **सङ्क्लिष्टमध्ये** = सङ्क्लिष्टानां मध्ये कश्चित् **अपि भेदः** = विशेषो **विधीयते** ॥१/५८॥

आनन्तर्यस्य भेदकत्वे दूषणान्तरमाह —> **'मन'** इति ।

**मनोवाक्काययोगानां भेदादेवं क्रियाभिदा ।**
**समग्रैव विशीर्येतेत्येतदन्यत्र चर्चितम् ॥५९॥**

**एवं** = सर्वत्राऽनन्तरक्षणवृत्तित्वस्यैव भेदकत्वाभ्युपगमे हि **मनोवाक्काययोगानां** मनोवचनदेहव्यापाराणां **भेदात् क्रियाभिदा समग्रा एव विशीर्येत,** आनन्तर्येण मनोवाक्काययोगभेदोपक्षयात् । ततश्च —> 'न हि महामते ! अकृतकमकारितमसङ्कल्पितं नाम मांसं कल्प्यमस्ति <— (लं.अ. ८/१०) इति **लङ्कावतार-सूत्र**मपि विशीर्येत, कायेन कृतं वचसा कारितं मनसा च सङ्कल्पितमित्येवं भेदोपगमे एव तदुपपत्तेः ।

---

**થઈ જાય છે. અર્થાત્ ગૌતમ બુદ્ધ અને શિકારીમાં ભેદ સિદ્ધ કરવાનું કોઈ પણ કામ આનન્તર્ય કરતું નથી, કેમ કે તે કાર્ય સંકલેશ દ્વારા સિદ્ધ થઈ જાય છે. અનેક સંક્લિષ્ટ અને અસંક્લિષ્ટ વ્યક્તિઓની વચ્ચે આનન્તર્ય કોઈ પણ વિશેષતાનું સંપાદન કરતું નથી. તેથી સંકલેશયુક્ત આનન્તર્યને હિંસકતાનું પ્રયોજક માનવું વ્યાજબી નથી. (૧/૫૮)**

**આનન્તર્યને ભેદક માનવામાં આવે તો અન્ય દોષને બતાવતા ગ્રંથકારશ્રી જણાવે છે કે —>**

**શ્લોકાર્થ :- મન, વચન, કાયાના વ્યાપારના ભેદથી બધી જ ક્રિયાઓમાં ભેદ થાય છે. આ હકીકત આનન્તર્યને ભેદક માનવા જતાં વેરવિખેર થઈ જશે. આ વાતની અન્યત્ર અમે ચર્ચા કરેલી છે. (૧/૫૯)**

## ❦ આનન્તર્ય ભેદક ન બને ❦

**ટીકાર્થ :- મન, વચન, કાયા સંબંધી વ્યાપારના = પ્રવૃત્તિના ભેદથી જ ક્રિયાઓમાં પરસ્પર ભિન્નતા સિદ્ધ થાય છે. પરંતુ સર્વત્ર અનન્તર ક્ષણવૃત્તિતાને જ ભેદક માનવામાં આવે તો આ વ્યવસ્થા ભાંગી પડશે. કારણ કે આનન્તર્ય દ્વારા જ મન, વચન, કાયાનો ભેદ ચરિતાર્થ = કૃતાર્થ = કૃતકૃત્ય = અન્યથાસિદ્ધ = નિષ્પ્રયોજન બની જશે. બૌદ્ધ સંપ્રદાયના લંકાવતારસૂત્રમાં જણાવેલ છે કે —> હે મહામતિ ! અકૃત, અકારિત, અસંકલ્પિત એવું પણ માંસ કલ્પ્ય નથી. <— આ સૂત્ર પણ હવે ભાંગી પડશે, કેમ કે કાયા દ્વારા કરેલ, વચનથી કરાવેલ અને મન દ્વારા સંકલ્પિત આમ ત્રણેય પ્રકારના પદાર્થમાં ભેદ સ્વીકારો તો જ તે સૂત્ર સંગત થઈ શકશે. કાયાથી કરેલ અને કાયાથી ન કરેલ - આ બે પ્રકારના માંસ વચ્ચે ભેદની સિદ્ધિ તો જ થઈ શકે જો કાયિક વ્યાપારના ભેદને તેનો ભેદક માનવામાં આવે. આ રીતે કારિત - અકારિત અને સંકલ્પિત-અસંકલ્પિત વચ્ચે પણ વચન અને મનના વ્યાપારના (=પ્રવૃત્તિના) ભેદથી ભેદ સ્વીકારવો પડશે. તો જ તે સૂત્રની સંગતિ થઈ શકે. આથી આનન્તર્યને ભેદક ન માની શકાય.**

**વળી, આત્માને એકાન્તક્ષણિક માનવામાં આવે તો વિહાર દરમ્યાન ગૌતમ બુદ્ધના પગમાં કાંટો વાગતા તેમના શિષ્યએ પ્રશ્ન કર્યો કે "હે ભગવાન! આપને કેમ પગમાં કાંટો વાગ્યો ?" આ પ્રશ્નના જવાબમાં - —> આજથી માંડીને પૂર્વના ૯૧ મા કલ્પમાં મારા વડે શક્તિથી પુરૂષ હણાયેલો, તે કર્મના વિપાકથી હે ભિક્ષુઓ ! હું પગમાં કાંટા દ્વારા વિંધાયેલો છું." <— આવું ગૌતમ બુદ્ધનું વચન પણ ભાંગી પડશે. કારણ**

किञ्चैकान्तक्षणिकत्वे —> इत एकनवतौ कल्पे शक्त्या मे पुरुषो हतः । तेन कर्मविपाकेन पादे विद्धोऽस्मि भिक्षवः ॥ <— इति सुगतवचनमपि विशीर्येत । —> 'मे = मये'त्यात्मनिर्देशस्तद्गतोक्ता वधक्रिया । स्वयमाप्तेन यत्तद् वः कोऽयं क्षणिकताग्रहः ? ॥ <— (४/१२५) इति **शास्त्रवार्तासमुच्चये**ऽपि व्यक्तम्। 'कप्पट्ठाइ पुहइ भिक्खवो !' ( ) इत्यत्रापि भगवता बुद्धेन स्वयमेव पृथिव्याः कल्पस्थायित्वमुक्तम् । ततश्च **एतत्** = आनन्तर्यं क्षणानां भेदकमित्यपार्थकमेवेति **चर्चितं अन्यत्र स्याद्वादकल्पलता-न्यायखण्डखाद्यादौ** विस्तरतः ॥१/५९॥

अहिंसादिर्नित्यानित्यात्मवाद एव व्यवतिष्ठत इति दर्शयति —> **'नित्ये'**ति ।

**नित्यानित्याद्यनेकान्तशास्त्रं तस्माद्विशिष्यते ।**
**तद्दृष्ट्यैव हि माध्यस्थ्यं गरिष्ठमुपपद्यते ॥६०॥**

**तस्मात्** = एकान्तनित्यात्मपक्षे एकान्तानित्यात्मपक्षे चाहिंसादेरघटमानत्वात् एकान्तशास्त्राऽपेक्षया **नित्यानित्याद्यनेकान्तशास्त्रं** = नित्यत्वसम्भिन्नानित्यत्वाद्यनन्तधर्मावच्छिन्नसर्ववस्तुप्रतिपादकस्याद्वादसूत्रं **विशिष्यते** = अतिशेते । **तद्दृष्ट्यैव** = सापेक्षसर्वसुनयसमूहात्मकस्याद्वादविचारविमर्शेनैव **गरिष्ठं** = परमं **माध्यस्थ्यं** = राग-द्वेषयोर्मध्यवर्तित्वं अपक्षपातित्वं साम्यमिति यावत्, **उपपद्यते** = उपधीयते, तस्य गुणग्राहितया

---

કે —> સ્વયં ગૌતમ બુદ્ધે જ "મારા વડે" આવો પોતાની જાતનો નિર્દેશ કરેલો છે, અને પોતાનામાં રહેલી પુરૂષવધાનુકૂલ ક્રિયા જણાવેલી છે. તેથી હે બૌદ્ધ વિદ્વાનો ! આત્માને એકાંતે ક્ષણિક માનવો એવો તમારો આ કેવો આગ્રહ છે ? અર્થાત્ દુરાગ્રહ છે. <— આ પ્રમાણે <u>શાસ્ત્રવાર્તાસમુચ્ચય</u>માં પણ સ્પષ્ટ જણાવેલ છે. તથા —> હે ભિક્ષુઓ ! પૃથ્વી કલ્પસ્થાયી છે. <— આ પ્રમાણે ભગવાન ગૌતમ બુદ્ધે જાતે જ પૃથ્વીને દીર્ઘ કાલ સુધી રહેનારી જણાવી છે. તેથી આત્મભિન્ન પદાર્થમાં પણ ક્ષણિકતાનો આગ્રહ એ દુરાગ્રહ છે તેથી પૂર્વોત્તર ક્ષણો વચ્ચેના આનન્તર્ય દ્વારા સર્વ પદાર્થોમાં ભેદની સિદ્ધિ કરવી નિરર્થક છે. આ વાતની વિસ્તારથી ચર્ચા મહોપાધ્યાયજી મહારાજાએ <u>સ્યાદ્વાદકલ્પલતા, ન્યાયખંડખાદ્ય</u> વગેરે ગ્રંથમાં કરેલી છે. **<u>(૧/૫૯)</u>**

નિત્યાનિત્ય આત્માને સ્વીકારનાર દર્શનમાં અહિંસા વગેરેની વ્યવસ્થા સંગત થાય છે. આ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>શ્લોકાર્થ</u> :- તેથી નિત્યાનિત્ય વગેરે અનેકાંતશાસ્ત્ર ચઢિયાતું બને છે. ખરેખર, અનેકાન્તદષ્ટિથી જ પરમ માધ્યસ્થ્ય પ્રાપ્ત થાય છે. **<u>(૧/૬૦)</u>**

## ❁ અનેકાન્તવાદથી માધ્યસ્થ્યની ઉપલબ્ધિ ❁

<u>ટીકાર્થ</u> :- આત્માને એકાન્તનિત્ય માનનાર સાંખ્ય વગેરે દર્શનમાં તથા એકાંતક્ષણિક માનનાર બૌદ્ધદર્શનમાં અહિંસા વગેરે મુખ્યવૃત્તિથી સંગત બનતી ન હોવાથી, એકાન્તશાસ્ત્રની અપેક્ષાએ અનેકાન્તશાસ્ત્ર ઉત્કૃષ્ટ બને છે. નિત્યત્વથી વ્યાપ્ત એવું અનિત્યત્વ, સાધારણ ધર્મથી મિશ્ર થયેલ વિશેષ ધર્મ વગેરે અનંત ધર્મોથી યુક્ત એવી સર્વ વસ્તુનું પ્રતિપાદન કરનાર અનેકાન્તશાસ્ત્ર છે. સાપેક્ષ એવા સર્વ સુનયોના સમૂહાત્મક સ્યાદ્વાદના વિચાર-વિમર્શથી જ ઉત્કૃષ્ટ માધ્યસ્થ્ય = રાગદ્વેષમધ્યવર્તિતા = અપક્ષપાત = સામ્ય પ્રાપ્ત થાય છે. કારણ કે તે અનેકાંત વિચાર ગુણગ્રાહી હોવાથી અન્યના વચનને સ્વીકારવાથી આવનારી અનુપપત્તિનો પરિહાર કરવામાં

परवचनानुपपत्तिपरिहारप्रवणस्वभावत्वात् । इत्थमेव यथावस्थितपरिपूर्णतत्त्वपरिच्छेदस्याऽपि सम्भवात् ॥१-६०॥

तदेव स्पष्टयति —> 'यस्ये'ति ।

**यस्य सर्वत्र समता, नयेषु तनयेष्विव ।**
**तस्यानेकान्तवादस्य, क्व न्यूनाधिकशेमुषी ॥६१॥**

**यस्य सर्वत्र** = सर्वेष्वेव **नयेषु तनयेषु** = स्वकीयबालकेषु **इव समता** = तुल्या दृष्टिः **तस्य** मातृस्थानीयस्य **अनेकान्तवादस्य** = सर्वनयसमूहात्मकस्याद्वादस्य **क्व** = कस्मिन् नये **न्यूनाधिकशेमुषी** = अपकर्षोत्कर्षावगाहिबुद्धिः ? इदमत्राऽवधातव्यम् । समता द्विविधा भवति, तत्र प्रथमा तावत् सर्वत्र ममत्वाभावलक्षणा समता यथा विप्रतिपन्नेषु जनेषु न्यायाधीशस्य । द्वितीया तु सर्वत्रैव तुल्यममतालक्षणा समता, यथा ज्येष्ठ-कनिष्ठादिषु सर्वेषु स्वपुत्रेषु मातुः । इदमेवाभिप्रेत्योक्तमन्यत्र —> त्यक्तव्यो ममकारः

---

પ્રવીણસ્વભાવવાળો છે. આવી અનેકાન્ત વિચારસરણીથી જ યથાવસ્થિત પરિપૂર્ણ તત્ત્વનો નિશ્ચય પણ સંભવી શકે છે. (૧/૬૦)

આ જ વાતની સ્પષ્ટતા કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે :

**શ્લોકાર્થ** :- જે અનેકાન્તવાદને બધા જ નયોમાં પુત્રોની જેમ સમાનતા રહેલી છે તે અનેકાન્તવાદને ક્યા નયમાં ન્યૂનતા કે અધિકતા હોય ? (૧/૬૧)

## ❀ સ્યાદ્વાદીને સર્વ નય સમાન ❀

**ટીકાર્થ** :- જે અનેકાન્તવાદને બધા જ નયોમાં પોતાના બાળકોની જેમ તુલ્યતાદષ્ટિ રહેલી છે તેવા માતાસમાન, સર્વનયસમૂહાત્મક સ્યાદ્વાદને કોઈ પણ નયમાં હીનતા કે અધિક્તાનું અવગાહન કરનારી બુદ્ધિ કઈ રીતે હોય ? અર્થાત્ ન જ હોય. અહીં આ વાત ખ્યાલમાં રાખવી કે સમતા બે પ્રકારની છે તેમાં પહેલી સમતા સર્વત્ર મમત્વઅભાવસ્વરૂપ સમજવી. જેમ કે પરસ્પર વિવાદ કરતા લોકો વિશે ન્યાયાધીશને જે સમતા હોય તે પ્રથમ પ્રકારની સમતા છે. પ્રામાણિક ન્યાયધીશને ફરિયાદી કે આરોપીમાંથી એક પણ ઉપર મમતા નથી હોતી. બીજી સમતા તો બધે જ સમાન ભાવ સ્વરૂપ જાણવી. જેમ કે મોટા,નાના વગેરે બધા જ પોતાના પુત્રો ઉપર માતાને તુલ્ય ભાવ સ્વરૂપ સમતા હોય છે. માતાને એક પુત્ર ઉપર વધુ મમતા અને બીજા પુત્ર ઉપર ઓછી - આવી વિષમતા નથી હોતી. આ બે પ્રકારની સમતાને ઉદ્દેશીને અન્યત્ર જણાવેલ છે કે —> (૧) મમત્વભાવ છોડી દેવો, (૨) જો મમત્વભાવ છોડી ન શકાય તો મમત્વભાવ કરવો,પરંતુ તે બધા જ જીવો ઉપર સમાન જ કરવો <— જો કે મમતા એ દોષ સ્વરૂપ છે. પરંતુ બધા જ જીવો ઉપર સમાન મમતા = વાત્સલ્ય રાખવામાં મમતાની દોષરૂપતા છુટી જાય છે અને તેની ગુણાત્મકતા પ્રગટ થાય છે. પ્રસ્તુતમાં અનેકાન્તવાદને પ્રથમ પ્રકારની સમતા નથી હોતી. કારણ કે પ્રસ્તુતમાં તેનો કોઈ ઉપયોગ નથી. જેમ માતાને પોતાના કોઈ પણ બાળકમાં ભેદભાવ હોતો નથી તેમ અનેકાન્તને કોઈ પણ નયમાં લેશમાત્ર પણ પક્ષપાત હોતો નથી. પરંતુ બધા જ નયોમાં તુલ્ય ભાવસ્વરૂપ સમતા જ હોય છે. કારણ કે બધા જ નયો પોતાની અપેક્ષાએ સમાન રીતે સત્ય છે. તથા બધા જ નયોમાં પ્રમાણાત્મક અનેકાન્તવાદના વિષયની અનુગ્રાહકતા પણ સમાન જ છે.

જો અનેકાન્તવાદ એકાદ નયનો પક્ષપાત કરે તો તેનું પ્રમાણત્વ ભાંગી પડે. પ્રસ્તુતમાં અમે અનેકાન્તવાદમાં

त्यक्तुं यदि शक्यते नासौ । कर्तव्यो ममकारः किन्तु स सर्वत्र कर्तव्यः ॥( ) 'कर्तव्यः' इत्यत्र 'तुल्य एवे'ति शेषः । अत एव तस्य दोषरूपता परिहीयते गुणात्मकता च प्रादुर्भवति । प्रकृतेऽनेकान्तवादस्य नाऽऽद्या समता, तस्यात्रानुपयोगात् । अनेकान्तवादस्य नैकस्मिन्नपि नये किञ्चिदपि पक्षपातित्वम्, किन्तु सर्वेष्वेव नयेषु तुल्यभावलक्षणा समतैव समस्ति । स्वीयापेक्षातः सर्वेषामेव नयानां सत्यत्वाऽविशेषात् प्रमाणात्मकानेकान्तवादविषयानुग्राहकत्वाऽविशेषाच्च । तस्यैकतरपक्षपातित्वे तु प्रमाणत्वव्याहतेः । अनेकान्तवादे द्वितीयसमताङ्गीकारे एव वक्ष्यमाणभावनाज्ञानोदयसम्भवात् । **न च** स्याद्वादस्य सर्वनयसमूहमयत्वे परदर्शनेषु कथं न स्याद्वादोपलब्धिरिति **शङ्कनीयम्,** समुद्रस्य सर्वसरिन्मयत्वेऽपि प्रविभक्तासु तासु अनुपलम्भात् । तदुक्तं **द्वात्रिंशिकाप्रकरणे श्रीसिद्धसेनदिवाकरैः —>** उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः । न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥ <— (४/१५) इति । **न चा**ऽप्रमाणात्मकदुर्नयसमूहमयस्य स्याद्वादस्य विरोधग्रस्तत्वेन कथं नाऽप्रामाण्यमिति **शङ्कनीयम्,** यथा मिथो विवदन्तो लोका मध्यस्थमुपलभ्य विवादादुपरमन्ते तथैव मिथो विवदन्तो दुर्नया अपि स्याद्वादमाश्रयन्तो विरोधादादुपरमन्ते इति भावनीयं तत्त्वमेतत् ॥१/६१॥

स्वतन्त्राणां नयानामनेकान्तवादांशत्वमपाकरोति —> **'स्वतन्त्रा'** इति ।

**स्वतन्त्रास्तु नयास्तस्य, नांशाः किन्तु प्रकल्पिताः ।**
**रागद्वेषौ कथं तस्य, दूषणेऽपि च भूषणे ? ॥६२॥**

---

સર્વત્ર તુલ્ય ભાવ સ્વરૂપ બીજા પ્રકારની સમતાની વાત કરેલી છે તેનું કારણ એ છે કે તેવું માનવામાં આવે તો જ આગળ ઉપર ૬૭-૬૯ માં શ્લોકમાં જે ભાવનાજ્ઞાનનું નિરૂપણ કરવામાં આવેલ છે તેની પ્રાપ્તિ સંભવી શકે. અહીં એવી શંકા થાય કે —> જો સ્યાદ્વાદ સર્વનયસમૂહાત્મક હોય તો પરદર્શનમાં સ્યાદ્વાદનું દર્શન કેમ થતું નથી? <— તો તેનું સમાધાન એ છે કે જેમ સમુદ્ર સર્વ-નદીમય હોવા છતાં પણ અલગ અલગ નદીઓમાં સમુદ્રનું દર્શન થતું નથી, તેમ આ વાત સમજવી. <u>દ્વાત્રિંશિકાપ્રકરણ</u>માં શ્રી <u>સિદ્ધસેનસૂરિજી</u> મહારાજાએ જણાવેલ છે કે —> હે નાથ ! સમુદ્રમાં જેમ સર્વ નદીઓ સમાય છે તેમ તમારામાં સર્વ દર્શનો સમાયેલા છે. પરંતુ છુટી છવાયી નદીઓમાં સમુદ્રનું દર્શન થતું નથી તેમ અલગ અલગ પરદર્શનોમાં તમારૂં દર્શન થતું નથી. <— અહીં એવી શંકા થઈ શકે છે કે —> અપ્રમાણભૂત દુર્નયોના સમૂહસ્વરૂપ હોવાથી સ્યાદ્વાદ પણ વિરોધગ્રસ્ત બની જશે. તેથી સ્યાદ્વાદને અપ્રમાણ કેમ ન કહેવાય ? <— પરંતુ આ શંકા વ્યાજબી નથી. કારણ કે પરસ્પર વિવાદ કરતા લોકો જેમ મધ્યસ્થ પુરૂષને પામીને વિવાદથી અટકે છે તે જ રીતે પરસ્પર વિવાદ કરતા દુર્નયો પણ સ્યાદ્વાદનો આશ્રય કરી વિરોધથી અટકે છે. તેથી સ્યાદ્વાદ પ્રમાણભૂત જ છે. આ તત્ત્વને દૃઢ વિચારથી ભાવિત કરવું. <u>(૧/૬૧)</u>

સ્વતન્ત્ર નયો સ્યાદ્વાદના ઘટક નથી. આ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે. :

<u>**શ્લોકાર્થ**</u> :- સ્વતંત્ર એવા નયો અનેકાન્તવાદના વાસ્તવિક અંશ નથી પરંતુ કલ્પિત અંશો છે. તેથી તેનું નિરાકરણ કરવામાં આવે કે તેનું સમર્થન કરવામાં આવે તો તેમાં અનેકાન્તવાદને રાગ, દ્વેષ કેમ થાય ?<u>(૧/૬૨)</u>

## ❈ દુર્નયો કાલ્પનિક ❈

<u>**ટીકાર્થ**</u> :- અનેકાન્તવાદથી પરાઙ્મુખ થયેલા એવા છુટાછવાયા સ્વતંત્ર દુર્નયો સર્વનયસમૂહાત્મક સ્યાદ્વાદના

**स्वतन्त्राः** = अनेकान्तवादपराङ्मुखतया विशकलिताः **नयाः** = दुर्नयाः **न तु** = नैव **तस्य** = सर्वनयसमूहात्मकस्य स्याद्वादस्य **अंशाः** = घटकीभूताः **किन्तु प्रकल्पिताः** = मात्सर्य-स्वाच्छन्द्यप्रकर्षेण केनचित् स्याद्वादतः स्वतन्त्रतया कल्पिताः । ततः **तस्य** = अनेकान्तवादिनः अनेकान्तवाद-तद्वतोरभेदोपचारात्, प्रकल्पितानां दुर्नयानां **दूषणेऽपि** = खण्डनेऽपि **भूषणे च** = मण्डनेऽपि च न लाभो न वा हानिरिति तत्र **राग-द्वेषौ कथं** स्याताम् ? दुर्नयानां स्याद्वादानङ्गत्वेन तान्प्रति स्याद्वादस्योदासीनत्वात् । वस्तुव्यवस्थाविप्लवे दुर्नयसम्पादिते सति तु सद्विषयस्थापनाभिप्रायेण स्याद्वादी हि नयान्तरेणाऽभिनिविष्टनयखण्डनमपि करोत्येव 'दुष्टांशच्छेदतो नांह्री दूषयेद् विषकण्टक' इति न्यायात् । तदुक्तं **न्यायखण्डखाद्ये** —> सर्वसाधारणमपि स्याद्वादमवलम्ब्य सर्वेणाऽपि नयेनाऽभिनिविष्टनयान्तरखण्डनस्य शास्त्रार्थत्वात् <— (पृ.४१८) । तथाप्यभिनिविष्टनये नैव द्वेषो न वा नयान्तररागः स्याद्वादिनः, मात्सर्य-पक्षपातयोरभावात् । तदुक्तं **श्रीहेमचन्द्रसूरिभिरपि अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायां** —> अन्योऽन्यपक्ष-प्रतिपक्षभावात् यथा परे मत्सरिणः प्रवादाः। नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते ॥३०॥ <— इति भावनीयम् ॥१/६२॥

उक्तमेवाऽर्थं निदर्शनद्वारेण स्पष्टयति —> **'अर्थे'** इति ।

---

ઘટક નથી જ. પરંતુ ઈર્ષ્યા, સ્વચ્છંદતા વગેરેના પ્રકર્ષથી કોઈએ સ્યાદ્વાદથી સ્વતંત્રરૂપે દુર્નયોથી કલ્પના કરેલી છે. વાસ્તવમાં તો તે કાલ્પનિક જ છે. તેથી કલ્પિત એવા દુર્નયોનું ખંડન કે મંડન કરવામાં આવે તો તેમાં કોઈ લાભ કે નુકશાન નથી. તેથી દુર્નયનું અવસરોચિત મંડન કે ખંડન કરવામાં આવે તો પણ અનેકાન્તવાદીને (અનેકાંતવાદ-અનેકાંતવાદી વચ્ચે અભેદોપચારથી) રાગ-દ્વેષ કેવી રીતે હોય ? દુર્નયો સ્યાદ્વાદનું ઘટક ન હોવાથી તેના પ્રત્યે સ્યાદ્વાદ ઉદાસીન છે. પરંતુ જ્યારે દુર્નય દ્વારા વસ્તુવ્યવસ્થાનો વિદ્રોહ કરવામાં આવે ત્યારે તો પારમાર્થિક વિષયની સ્થાપના કરવાના અભિપ્રાયથી સ્યાદ્વાદી ખરેખર અન્ય નય દ્વારા અભિનિવિષ્ટ નયનું ખંડન પણ કરે જ છે. જેમ પગનો કોઈક ભાગ દૂષિત થયેલો હોય ત્યારે તેને કાઢવા માટે ઝેરી કાંટાનો જંગલમાં ઉપયોગ કરવામાં આવે છે. તે ઝેરી કાંટો સડી ગયેલા ભાગને દૂર કરવા છતાં પણ બન્ને પગને દૂષિત કરતો નથી. 'કાંટો કાંટાને કાઢે' એવી લોકોક્તિ આ જ વાતનું સમર્થન કરે છે. ન્યાયખંડખાદ્ય ગ્રંથમાં મહોપાધ્યાયજી મહારાજાએ જણાવેલ છે કે —> સર્વ સાધારણ = સર્વ અનુગત એવા સ્યાદ્વાદનું અવલંબન કરીને સર્વ નયો દ્વારા પણ અભિનિવિષ્ટ નયનું = દુર્નયનું ખંડન કરવું એ પણ શાસ્ત્રાર્થ જ છે. <— છતાં પણ સ્યાદ્વાદીને અભિનિવિષ્ટ દુર્નયનું ખંડન કરવામાં દ્વેષ નથી રહેલો, કારણ કે તેને તેની ઈર્ષ્યા રહેલી નથી. તથા દુર્નયનું ખંડન કરવા માટે જે નયનું આલંબન લેવામાં આવે તેના પ્રત્યે સ્યાદ્વાદીને કોઈ રાગ નથી, કારણ કે તેનો તેણે પક્ષપાત કરેલો નથી. કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરિ** મહારાજાએ પણ **અન્યયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકામાં** જણાવેલ છે કે —> પરસ્પર પક્ષ-પ્રતિપક્ષ સ્વીકારવાના કારણે જેમ પરપ્રવાદીઓ મત્સરી છે તે પ્રમાણે હે વીતરાગ ! તમારો અનેકાંત પક્ષપાતી નથી. કારણ કે તે સર્વે નયોને સમાન રૂપે સ્વીકારે છે. <— આ વાતથી પોતાની જાતને વાચકવર્ગે બરાબર ભાવિત કરવી. (૧/૬૨)

ઉપરોક્ત અર્થને જ ઉદાહરણ દ્વારા ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે.

**શ્લોકાર્થ** :- જેમ મોટી ઈન્દ્રજાલની વસ્તુ દૂષિત કરવામાં આવે કે ભૂષિત કરવામાં આવે તો પણ સમજદાર માણસોને માધ્યસ્થ્ય ભાવ જ રહે છે તે જ રીતે દુર્નયના વિષયનું ખંડન કરવામાં આવે કે સમર્થન કરવામાં

**अर्थे महेन्द्रजालस्य, दूषितेऽपि च भूषिते ।**
**यथा जनानां माध्यस्थ्यं, दुर्नयार्थे तथा मुनेः ॥६३॥**

**यथा महेन्द्रजालस्य** = विद्या-मन्त्रप्रयोगादिसम्पादितस्य महामायाजालस्य **अर्थे** वितथविषये केनचित् **दूषितेऽपि** = तिरस्करणेऽपि केनचित् **च भूषितेऽपि** = समर्थनेऽपि **जनानां** = लोकानां **माध्यस्थ्यं** = दूषण-भूषणयोरपक्षपातित्वं दृष्टचरम्, तत्काल्पनिकत्वाऽवगमात् । **तथा** = तेनैव प्रकारेण दुर्नयार्थे काल्पनिके **दूषितेऽपि** = खण्डितेऽपि **भूषितेऽपि च** = मण्डितेऽपि च स्याद्वादवेदिनो **मुनेः** परमं **माध्यस्थ्यं** = अपक्षपातित्वं निराबाधम्, तदसत्त्वनिश्चयात् ।

इदञ्चात्रावधेयम् - माध्यस्थ्यं हेतु-स्वरूपा-ऽनुबन्धतः त्रिविधम् । हेत्वपेक्षया माध्यस्थ्यं रागद्वेषयोर्मध्यवर्तित्वं, राग-द्वेषराहित्यमिति यावत् । राग-द्वेषराहित्यरूपं हेतुमाध्यस्थ्यं स्वकीय-परकीय[1]-नामाऽऽकृति[2]-[3]शरीर-भोजनाच्छादन[4]-शिष्य[5]-गच्छ[6]-सम्प्रदाय[7]-[8]दर्शनादिसम्बन्धि प्रायः साधुष्ववसेयम् । अविरत-

---

આવે તો પણ મુનિને માધ્યસ્થ્ય ભાવ જ રહે છે. (૧/૬૩)

## ❋ દુર્નયના ખંડન-મંડનમાં મુનિને મધ્યસ્થતા ❋

**ટીકાર્થ** :- જેમ વિદ્યા, મંત્ર વગેરેના પ્રયોગથી નિષ્પન્ન થયેલ મોટી ઈન્દ્રજાલ-માયાજાળના વિતથ = કાલ્પનિક વિષયનો કોઈના દ્વારા તિરસ્કાર કરવામાં આવે કે સત્કાર કરવામાં તો પણ તે બન્નેમાં સમજદાર માણસોને મધ્યસ્થતા = અપક્ષપાત ભાવ રહે છે. (જેમ કે આકાશમાં સંધ્યાના સમયે રચાતા ગંધર્વનગરને ઉદ્દેશીને કોઈ પિતાપોતાના બાળકને કહે કે "જો બેટા, આકાશમાં ઈંદ્ર મહારાજાએ રમવા માટે પોતાનો મહેલ બનાવ્યો છે." તો તે સમયે પિતાને ગંધર્વનગર પર કોઈ રાગ હોતો નથી. તથા "ઈન્દ્ર મહારાજા કાંઈ આકાશમાં થોડું પોતાનું ઘર બનાવે ?" આ રીતે પિતા તેનું ખંડન કરે તો પણ પિતાને ઈન્દ્રજાલ ઉપર દ્વેષ નથી હોતો.) કારણ કે તેનું કાલ્પનિકપણું તેમણે જાણેલું હોય છે. બરાબર તે જ રીતે કાલ્પનિક કુનયના વિષયનું ખંડન કરવામાં આવે કે મંડન કરવામાં આવે તો પણ મુનિને મુખ્ય માધ્યસ્થ્ય = અપક્ષપાતભાવ નિરાબાધ રીતે ટકી રહે છે. કારણ કે 'કુનયનો વિષય વાસ્તવમાં વિદ્યમાન છે જ નહિ' તેવો તેમને નિશ્ચય હોય છે.

## ✧ હેતુ-સ્વરૂપ-અનુબંધથી મધ્યસ્થતા ✧

इद० । અહીં આ વાત ખ્યાલમાં રાખવી કે માધ્યસ્થ્ય ભાવ હેતુ-સ્વરૂપ-અનુબંધ એમ ત્રણ પ્રકારનો હોય છે. તે આ પ્રમાણે (A) રાગ-દ્વેષની મધ્યમાં રહેવું - અર્થાત્ રાગદ્વેષરહિતપણું એ હેતુની અપેક્ષાએ માધ્યસ્થ્ય જાણવું. તે સામાન્યથી ૮ પ્રકારે સંભવે. (૧) દહેરાસર, ઉપાશ્રય, પત્રિકા વગેરેમાં પોતાના નામ ઉપરનો રાગ ન હોવો, અને બીજાના નામ ઉપર દ્વેષ ન હોવો, (૨) સ્થાપના નિક્ષેપે પોતાના ઉપર અર્થાત્ પોતાના ફોટા ઉપર રાગ ન હોવો, અને પારકાના ફોટા ઉપર દ્વેષ ન હોવો, (૩) પોતાના શરીર ઉપર મમતા-મૂર્ચ્છા ન હોવી, પારકાના શરીર ઉપર દ્વેષબુદ્ધિ ન હોવી, (૪) સ્વદેહસંબંધી ભોજન, શરીરાચ્છાદન વગેરે કાર્યો ઉપર રાગ ન હોવો અને પરકીય દેહસંબંધી ભોજન, વસ્ત્રપરિધાન વગેરે કાર્યો પ્રત્યે દ્વેષ ન હોવો, (૫) પોતાના શિષ્ય ઉપર રાગ ન હોવો અને પારકાના શિષ્યો ઉપર દ્વેષ ન હોવો, અથવા 'પોતાના અમુક શિષ્યો ઉપર રાગ હોવો અને બીજા શિષ્યો ઉપર દ્વેષ હોવો' - આવું ન હોવું, (૬) પોતાના ગચ્છ ઉપર રાગ ન હોવો અને અન્ય ગચ્છ ઉપર દ્વેષ ન હોવો, (૭) પોતાના સંપ્રદાય ઉપર મમતા ન હોવી, અને પારકા સંપ્રદાય ઉપર ધિક્કાર = તિરસ્કાર ન હોવો, અને (૮) સ્વદર્શન પ્રત્યે મમત્વભાવ ન હોવો, અને પરદર્શન પ્રત્યે ઈર્ષ્યા,

सम्यग्दृष्ट्यादीनां तु स्वकीय-परकीय-कनक-कामिनी-पुत्र-गेहापणादिसम्बन्धि तत् बोध्यम् । तदुक्तं **महोपनिषदि** —> गन्धर्वनगरस्यार्थे भूषितेऽभूषिते तथा । अविद्यांशे सुतादौ वा कः क्रमः सुख-दुःखयोः ॥<— (५-१६७) इति । स्वरूपतो माध्यस्थ्यं अपक्षपातित्वस्वरूपं, ताटस्थ्यमिति यावत् । एतच्चैकेन्द्रियादिष्वपि सम्भवति, अनाभोगमिथ्यात्ववत् । अनुबन्धतस्तु माध्यस्थ्यं समताऽपराभिधानं साम्यात्मकम् । अभव्यादौ केवलं स्वरूपत एव माध्यस्थ्यं सम्भवति । अपुनर्बन्धकादौ गाढराग-द्वेष-दुराग्रहादिदूषितान्तःकरणराहित्यलक्षणं हेतुमाध्यस्थ्यं स्वरूपमाध्यस्थ्यञ्च बाहुल्येन सम्भवतः । प्रकृते स्याद्वादपरिणत-हृदये मुनौ प्रायो हेतु-स्वरूपानुबन्धतो माध्यस्थ्य-मवसेयम् ॥१/६३॥

माध्यस्थ्यबीजभूतं सुज्ञत्वमुपदर्शयति —> 'दूषयेदि'ति ।

**दूषयेदज्ञ एवोच्चैः, स्याद्वादं न तु पण्डितः ।**
**अज्ञप्रलापे सुज्ञानां, न द्वेषः करुणैव तु ॥६४॥**

---

અસુયા, દ્વેષ વગેરે ન હોવા. આ આઠ પ્રકારે હેતુ માધ્યસ્થ્ય સાધુજીવનમાં સંભવે છે. ગૃહસ્થની અપેક્ષાએ પોતાના અને પારકા પુત્ર, પત્ની, પરિવાર, ધન, દુકાન, ઘર, ખેતર, વાહન વગેરે વિશે રાગ-દ્વેષ ન હોવા રૂપ હેતુમાધ્યસ્થ્ય પણ સમજી લેવું. <u>**મહોપનિષદ્માં**</u> પણ જણાવેલ છે કે —> જેમ ગંધર્વનગરના વિષયનું મણ્ડન કરવામાં આવે તો સુજ્ઞ પુરૂષને સુખ થતું નથી કે તેનું ખંડન કરવામાં આવે તો દુઃખ થતું નથી. બરાબર તે જ રીતે આત્મામાં રહેલ અવિદ્યા અંશનું કે પુત્રપરિવાર વગેરેનું મંડન = સમર્થન કરવામાં આવે કે ખંડન કરવામાં આવે તો સાધકને આમાં ક્રમશઃ સુખ-દુઃખની બુદ્ધિ કેવી રીતે થાય? <— (B) અપક્ષપાત = તટસ્થતા એ સ્વરૂપની અપેક્ષાએ માધ્યસ્થ્ય છે. કયાંય પણ પક્ષપાત ન હોવા સ્વરૂપ આ માધ્યસ્થ્ય એકેન્દ્રિય વગેરેમાં પણ સંભવી શકે છે. જેમ એકેન્દ્રિયમાં અનાભોગ મિથ્યાત્વ હોય છે તેમ આ સમજવું. (C) સમતા = સામ્ય એ અનુબંધની અપેક્ષાએ માધ્યસ્થ્ય છે. અભવ્ય, દૂરભવ્ય, અચરમાવર્તી, ભવાભિનંદી વગેરે જીવોમાં માત્ર સ્વરૂપથી જ માધ્યસ્થ્ય ભાવ સંભવી શકે છે. અપુનર્બંધક, માર્ગાનુસારી, માર્ગાભિમુખ વગેરે જીવોમાં ગાઢ રાગદ્વેષ = કદાગ્રહ વગેરેથી દૂષિત અંતઃકરણ ન હોવા સ્વરૂપ હેતુમાધ્યસ્થ્ય અને સ્વરૂપમાધ્યસ્થ્ય મોટા ભાગે સંભવી શકે છે. તેઓને માધ્યસ્થ્યનો અનુબંધ હોય તો પણ પ્રાયઃ મંદ હોય છે. પરંતુ અપુનર્બંધક વગેરેની આત્મવિકાસની ભૂમિકા જેમ જેમ આગળ વધતી જાય તેમ તેમ તે અનુબંધ બળવાન બનતો જાય છે. પ્રસ્તુતમાં સ્યાદ્વાદથી પરિણત હૃદયવાળા મુનિ પાસે પ્રાયઃ હેતુ-સ્વરૂપ-અનુબંધથી માધ્યસ્થ્ય ભાવ હોય છે. આ વાત ખ્યાલમાં રાખવી. <u>**(૧/૬૩)**</u>

દુર્નયના ખંડન-મંડનમાં સ્યાદ્વાદી મુનિ ભગવંતને મધ્યસ્થ ભાવ હોય છે. તે માધ્યસ્થ્યનું કારણ સુજ્ઞત્વ છે. આ વાતને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- અજ્ઞ માણસ જ સ્યાદ્વાદને અત્યંત દૂષિત કરી શકે, નહિ કે પંડિત. અજ્ઞ માણસોના પ્રલાપમાં સુજ્ઞ માણસોને દ્વેષ ન હોય, પણ કરૂણા જ હોય. <u>**(૧/૬૪)**</u>

## ❀ કદાગ્રહી ઉપર સ્યાદ્વાદીને કરૂણા ❀

<u>**ટીકાર્થ**</u> :- સ્યાદ્વાદના માર્મિક બોધ વિનાનો અજ્ઞાની જીવ જ ઈર્ષ્યાથી દૂષિત અંતઃકરણવાળો હોવાના કારણે, સર્વદર્શનવ્યાપી અને સર્વલોકવ્યવહારમાં વણાયેલા એવા સ્યાદ્વાદને મોટા આડંબરપૂર્વક દોષોદ્ભાવનની ચેષ્ટા કરીને તેનું નિરાકરણ કરે છે. સ્યાદ્વાદનો મતલબ છે - અપેક્ષાભેદથી નિત્યત્વ-અનિત્યત્વ વગેરે ધર્મો વચ્ચે રહેલા અવિરોધનું

**अज्ञः** = स्याद्वादमर्मज्ञत्वरहित एव मात्सर्यदूषितान्तःकरणतया सार्वतान्त्रिकं सार्वलोकिकञ्च **स्याद्वादं** = अपेक्षाभेदेन नित्यत्वानित्यत्वाद्यविरोधद्योतकस्यात्पदसमभिव्याहृतवाक्यविशेषं **उच्चैः** = महताऽऽडम्बरेण **दूषयेत्** = दोषोद्भावनेन निराकुर्यात् । **न तु** = नैव **पण्डितः** = स्याद्वादपरिकर्मितपण्डासमन्वितः **स्याद्वादं दूषयेत्** । **अज्ञप्रलापे** = अज्ञमत्सरिकृत-स्याद्वादखण्डनात्मकोन्मादे **सुज्ञानां** = स्याद्वादास्वादपरायणहृदयानां **न तु** = नैव **द्वेषः** किन्तु = 'अज्ञान-मात्सर्यादिकृत-स्याद्वादप्रतिक्षेपनिमित्तकात्कर्मबन्धात् परप्रवादिनो मुक्ता भवन्तु' इत्याकारिका **करुणैव** परिस्फुरति **श्रीभुवनभानुसूरीश्वरवत्** ॥१/६४॥

नन्वज्ञप्रलापे सुज्ञानां करुणैव कस्माद् भवति ? इति चेत् ? भावनाज्ञानादित्यवेहि । तच्च ज्ञानं कीदृशं ? इति जिज्ञासायां ग्रन्थकारो ज्ञानं विभजते —> **'त्रिविधमि'**ति ।

**त्रिविधं ज्ञानमाख्यातं, श्रुतं चिन्ता च भावना ।**
**आद्यं कोष्ठगबीजाभं, वाक्यार्थविषयं मतम् ॥६५॥**

**ज्ञानं त्रिविधं** = त्रिप्रकारं **आख्यातं षोडशकादौ श्रीहरिभद्रसूरि**प्रभृतिभिः । तद्यथा आद्यं **श्रुतं** = श्रुतज्ञानं, द्वितीयं **चिन्ता** = चिन्ताज्ञानं तृतीयं **च भावना** = भावनाज्ञानम् । तन्निरूपयति —> **आद्यं** = श्रुतज्ञानं **कोष्ठगबीजाऽऽभं** = कोष्ठकादिगताविध्वस्तयोनिधान्यसन्निभं, अविनष्टत्वात् । **वाक्या-**

---

પ્રકાશન કરનાર એવા 'સ્યાદ્' પદથી ગર્ભિત વાક્યવિશેષ. આવા અનેકાન્તવાદથી પરિકર્મિત પણ્ડાથી = બુદ્ધિથી યુક્ત એવો પંડિત ક્યારેય સ્યાદ્વાદને દૂષિત ન કરે. અજ્ઞ ને ઈર્ષ્યાળુ જીવોએ કરેલ સ્યાદ્વાદખંડન સ્વરૂપ બકવાટને વિશે, સ્યાદ્વાદના આસ્વાદમાં નિમગ્ન હૃદયવાળા જીવોને તો દ્વેષ નથી જ હોતો. પરંતુ તેઓના હૃદયમાં તેમના પ્રત્યે એવી કરૂણા સ્ફુરાયમાન થાય છે કે ''અજ્ઞાન અને ઈર્ષ્યા વગેરેથી સ્યાદ્વાદનો વિરોધ કરવાના નિમિત્તે થયેલા કર્મબંધથી પરપ્રવાદીઓ મુક્ત થાઓ.'' કેવી છે જિનશાસનની બલિહારી ! ટુંક સમય પહેલા સ્વર્ગવાસ પામેલા આચાર્યશ્રી ભુવનભાનુસૂરિજી એનો આદર્શ દાખલો હતો. <u>(૧/૬૪)</u>

અહીં એવી શંકા થાય કે અજ્ઞાની જીવોના પ્રલાપને વિશે સ્યાદ્વાદીને કરૂણા જ કેમ થાય છે. ? એના જવાબમાં ''ભાવનાજ્ઞાનથી તેઓના વિશે કરૂણા થાય છે.'' એવું જાણવું. તે જ્ઞાન કેવું હોય છે ? એવી જિજ્ઞાસા ઉત્પન્ન થતાં ગ્રંથકારશ્રી જ્ઞાનનો વિભાગ દર્શાવે છે.

## ❊ શ્રુતજ્ઞાનને ઓળખીએ ❊

<u>**શ્લોકાર્થ**</u> :- જ્ઞાન ત્રણ પ્રકારનું જણાવેલ છે. (૧) શ્રુત (૨) ચિન્તા અને (૩) ભાવના. પ્રથમ શ્રુતજ્ઞાન કોઠીમાં રહેલ બીજ સમાન છે. તથા તે વાક્યાર્થમાત્રવિષયક છે - તેવું મનાયેલ છે.

<u>**ટીકાર્થ**</u> :- <u>ષોડશક</u> પ્રકરણ વગેરેમાં <u>શ્રીહરિભદ્રસૂરિ</u> મહારાજા વગેરેએ જ્ઞાનના ત્રણ પ્રકાર જણાવેલ છે. તે આ પ્રમાણે પ્રથમ શ્રુતજ્ઞાન, દ્વિતીય ચિન્તાજ્ઞાન અને તૃતીય ભાવનાજ્ઞાન. જેનું નિરૂપણ કરતા ગ્રંથકારશ્રી કહે છે કે - પ્રથમ શ્રુતજ્ઞાન કોઠીમાં રહેલ અનાજ જેવું છે. કારણ કે તે વિનષ્ટ થયેલ નથી. શ્રુતજ્ઞાન માત્ર વાક્યાર્થવિષયક મનાયેલું છે. કહેવાનો આશય એ છે કે પ્રસ્તુત વાક્ય સાથે એકવાક્યતા પામેલ એવા સર્વશાસ્ત્રોના વચનોનો જે અર્થ, તેના અવિરોધીરૂપે જેના અર્થનો નિર્ણય થયેલ હોય, તેવા વાક્યના અર્થનો બોધ તે શ્રુતજ્ઞાન કહેવાય છે. તે પ્રમાણ અને નયના બોધથી રહિત હોય છે. અહીં એ ખ્યાલમાં રાખવું કે જે વિષયનું પ્રતિપાદન જે (A) વાક્ય દ્વારા થઈ રહ્યું હોય, તે જ વિષયનું પ્રતિપાદન કરનાર બધા જ (B, C, D...) શાસ્ત્રવચનો

**र्थविषयं** = प्रकृतवाक्यैकवाक्यतापन्नस्य सकलशास्त्रवचनस्य योऽर्थः तदविरोधित्वेन निर्णीतार्थं यत् वाक्यं तद्विषयं, परं प्रमाणनयाधिगमरहितं **मतम्,** न तूत्सर्गापवाद-स्वदर्शनपरदर्शन-द्रव्यार्थिकपर्यायार्थिकप्रभृतिपरस्परविभिन्नविषयशास्त्रावयवभूतनिरपेक्षपदमात्रवाच्यार्थविषयं, तस्य संशयादिरूपत्वेनाऽज्ञानत्वात्, न वा प्रमाणनयाधिगमोपेतं, तयोः श्रुतसीमाऽतिक्रान्तत्वात्, न वा मिथ्याभिनिवेशसहकृतं, मिथ्याभिनिविष्टस्य श्रुतबोधस्य दग्धबीजकल्पतया चिन्ताज्ञानादिजनने वन्ध्यत्वात् । तदुक्तं **देशनाद्वात्रिंशिकायां** —> श्रुतं सर्वानुगाद्वाक्यात्प्रमाणनयवर्जितात् ॥ उत्पन्नमविनष्टं च बीजं कोष्ठगतं यथा । परस्परविभिन्नोक्तपदार्थविषयं तु न ॥<— (२/१०-११) इति । इदञ्च मिथ्याभिनिवेशरहितमवगन्तव्यम्, पदार्थज्ञानोत्थापितानुपपत्तिनिरासप्रधानत्वात् । तदुक्तं **षोडशकप्रकरणे** —> वाक्यार्थमात्रविषयं कोष्टकगतबीजसन्निभं ज्ञानम् । श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलम् ॥ <— (११/७) इति । मिथ्याभिनिवेशे त्वज्ञानमेव स्यात् । तदुक्तं **उपदेशपदे** —>

---

એકવાક્યતાઆપન્ન કહેવાય. દાખલા તરીકે : (A) 'सव्वे जीवा न हंतव्वा' આ વાક્ય સાથે એકવાક્યતાને પામેલા શાસ્ત્રવચનો છે. (B) 'सव्वे जीवा वि इच्छंति जीविउं' (C) 'पाणवहो न कायव्वो' (D) 'न हिंस्यात् सर्वभूतानि...' વગેરે . આવા સર્વ શાસ્ત્રવચનોના અર્થનું અવિરોધી એવું પ્રસ્તુત 'સવ્વે જીવા ન હંતવ્વા' વાક્ય છે. 'જીવહિંસા અનિષ્ટ ફલને આપનારી છે' આ પ્રમાણે તેના માત્ર યથાશ્રુત અર્થને જ વિષય બનાવે તે શ્રુતજ્ઞાન કહેવાય. પરંતુ પરસ્પર વિભિન્ન વિષયનું પ્રતિપાદન કરનારા એવા શાસ્ત્રવચનઘટક પદોના વાચ્યાર્થનું જ અવગાહન કરનાર બોધ શ્રુતજ્ઞાન ન કહેવાય. કારણ કે તે સંશય આદિ સ્વરૂપ બનવાને લીધે અજ્ઞાનાત્મક છે. અહીં તો જ્ઞાનના વિભાગની વાત ચાલે છે. તેથી તેમાં અજ્ઞાનનો અંતર્ભાવ થઈ ન શકે. દાખલા તરીકે કોઈ શાસ્ત્રવચન ઉત્સર્ગપ્રતિપાદક હોય, કોઈ અપવાદપ્રતિપાદક હોય, કોઈ દ્રવ્યાર્થિક નયનું વાક્ય હોય, કોઈ પર્યાયાર્થિક નયનું વાક્ય હોય તેવા અલગ અલગ વિષયવાળા શાસ્ત્રવચનોના કોઈક કોઈક અન્યનિરપેક્ષ પદમાત્રને પકડીને તેના પદાર્થનું ભાન થાય તે તો સંશય-વિપર્યય આદિ સ્વરૂપ બનવાના કારણે અજ્ઞાન જ બને છે. જેમ કે "દ્રવ્ય જ પારમાર્થિક સત્ છે" એવું દ્રવ્યાર્થિક નયનું વચન, અને "પર્યાય જ પારમાર્થિક સત્ છે." એવું પર્યાયાર્થિક નયનું વચન પકડીને અપેક્ષાવિશેષ વિના જે યથાશ્રુત બોધ થાય તે સંશય સ્વરૂપ જ બની જાય. જો પ્રમાણ અને નયથી ગર્ભિત એવો બોધ થઈ જાય તો તે પ્રમાણાત્મક હોવા છતાં શ્રુતજ્ઞાનની સીમાને ઓળંગી ગયો હોવાથી તેનો (પહેલાં પ્રકારના) શ્રુતજ્ઞાનમાં સમાવેશ થતો નથી. તે શ્રુતજ્ઞાન મિથ્યા કદાગ્રહથી ગ્રસ્ત હોતું નથી. કેમ કે મિથ્યા દુરાગ્રહવાળો શ્રુતબોધ બળેલા બીજ જેવો છે. તેથી તે ચિન્તાજ્ઞાન વગેરેને ઉત્પન્ન કરવા માટે અસમર્થ છે. દેશનાદ્વાત્રિંશિકામાં મહોપાધ્યાયજી મહારાજાએ જણાવેલ છે કે —> સર્વ શાસ્ત્ર અનુગત અને પ્રમાણનયથી રહિત એવા વાક્યથી ઉત્પન્ન થયેલ શ્રુતજ્ઞાન કોઠારમાં રહેલ બીજની જેમ અવિનાશી છે. તથા પરસ્પર વિભિન્નવિષયક એવા શાસ્ત્રોમાં જણાવેલ વિલક્ષણ પદાર્થોનું તે અવગાહન કરતું નથી <— શ્રુતજ્ઞાન મિથ્યાઅભિનિવેશરહિત જાણવું. કારણ કે તે પદાર્થના જ્ઞાનથી ઉત્પન્ન કરવામાં આવેલ અનુપપત્તિનું નિરાકરણ કરવામાં તત્પર છે ષોડશક પ્રકરણમાં જણાવેલ છે કે —> વાક્યાર્થમાત્રવિષયક તથા કોઠારમાં રહેલ બીજ જેવું જ્ઞાન પ્રસ્તુતમાં શ્રુતજ્ઞાન જાણવું, કે જે અત્યંત મિથ્યા અભિનિવેશથી રહિત હોય છે. <— જો મિથ્યા કદાગ્રહ હોય તો તે અજ્ઞાન જ બને. ઉપદેશપદમાં પણ આ વાતને જણાવતા કહ્યું છે કે 'અનભિનિવિષ્ટ વ્યક્તિને શ્રુતજ્ઞાન હોય, કદાગ્રહી વ્યક્તિનું જ્ઞાન મિથ્યા કહેવાય.' આ વાતને બરોબર ભાવિત કરવી. (૧/૭૫)

હવે ચિન્તાજ્ઞાનનું નિરૂપણ થાય છે.

अणभिनिविट्ठस्स सुयं इयरस्स उ मिच्छणाणं ति ॥८८२॥ <— इति भावनीयम् ॥१/६५॥

चिन्ताज्ञानं निरूपयति —> '**महे**'ति ।

**महावाक्यार्थजं यत्तु, सूक्ष्मयुक्तिशतान्वितम् ।**
**तद्द्वितीयं जले तैल-बिन्दुरीत्या प्रसृत्वरम् ॥६६॥**

**यत्तु** = यत्पुनः यथोक्तश्रुतज्ञानोत्तरजायमानं **महावाक्यार्थजं** = आक्षिप्तेतरसत्त्वासत्त्वाऽभिलाप्यत्वानभिलाप्यत्वादिसर्वधर्मात्मकवस्तुप्रतिपादकानेकान्तवादव्युत्पत्तिजनितं **सूक्ष्मयुक्तिशतान्वितं** = अतिशयितसूक्ष्मबुद्धिगम्याऽविसंवादिप्रमाणनयगर्भित-युक्तिशतसमन्वितं **जले** = उदके **तैलबिन्दुरीत्या** = प्रक्षिप्ततैललवप्रकारेण सर्वतः **प्रसृत्वरं** = प्रवर्धमानं **तत् द्वितीयं** = चिन्ताज्ञानमवसेयम् । तदुक्तं **षोडशके** —> यत्तु महावाक्यार्थजमतिसूक्ष्मसुयुक्तिचिन्तयोपेतम् । उदक इव तैलबिन्दुविसर्पि चिन्तामयं तत्स्यात् ॥ <— (११/८) इति । **देशनाद्वात्रिंशिकायामपि** —> महावाक्यार्थजं सूक्ष्मयुक्त्या स्याद्वादसङ्गतम् । चिन्तामयं विसर्पि स्यात्तैलबिन्दुरिवाम्भसि ॥ <— इति (२/१२) इत्येवं प्रकृतग्रन्थकृतोक्तम् । सर्वव्यापि भवत् चिन्ताज्ञानं हि भावनाज्ञानकारणं भवतीत्यवधेयम् ॥१/६६॥

**<u>શ્લોકાર્થ</u>** :- જે જ્ઞાન મહાવાક્યાર્થથી ઉત્પન્ન થયેલું હોય, તથા સેંકડો સૂક્ષ્મ યુક્તિઓથી ગર્ભિત હોય તેમ જ પાણીમાં તેલનું બિંદુ પ્રસરી જાય તે રીતે ચારેબાજુ વ્યાપ્ત હોય તે બીજું=ચિંતાજ્ઞાન જાણવું **<u>(૧/૬૬)</u>**

## ❄ ચિન્તાજ્ઞાનનું ચિંતન ❄

**<u>ટીકાર્થ</u>** :- નિરૂપણ કરાતા ધર્મ સિવાયના અન્ય સર્વ ધર્મોને લાવીને સર્વધર્માત્મક વસ્તુનું પ્રતિપાદન અનેકાન્તવાદ કરે છે. તેની વ્યુત્પત્તિ = વ્યુત્પાદન = વિશિષ્ટ સમજણ તે મહાવાક્યાર્થ કહેવાય. પૂર્વોક્ત શ્રુતજ્ઞાન પછી ઉત્પન્ન થતું ચિન્તામય જ્ઞાન પ્રસ્તુત મહાવાક્યાર્થથી ઉત્પન્ન થાય છે. અત્યંત સૂક્ષ્મ બુદ્ધિથી જાણી શકાય એવા અવિસંવાદી અને પ્રમાણ-નયથી ગર્ભિત એવી સેંકડો યુક્તિઓની વિચારણાથી ચિન્તાજ્ઞાન યુક્ત હોય છે. તેમ જ પાણીમાં નાંખેલ તેલનું બિંદુ વિસ્તાર પામે છે તેમ ચિન્તા = ચિન્તનજ્ઞાન ચારે બાજુએ વધતું હોય છે. <u>ષોડશક</u> તેમ જ <u>દેશનાદ્વાત્રિંશિકા</u>માં પણ આવા જ પ્રકારનું ચિન્તાજ્ઞાનનું નિરૂપણ કરવામાં આવેલ છે તે વાત ખ્યાલમાં રાખવી.

ઉપરોક્ત ચિન્તાજ્ઞાનને સમજવું હોય તો એમ કહી શકાય કે 'घटः सन्' આ વાક્યથી ઘડામાં સામાન્યથી સત્ત્વ ધર્મનું વિધાન થાય છે. પરંતુ ઉહાપોહ કરવામાં આવે તો ઘડો સ્વસ્વરૂપે સત્ છે નહિ કે પરસ્વરૂપે પણ. તેથી સ્વરૂપની અપેક્ષાએ સત્ત્વ અને પરરૂપે અસત્ત્વ ધર્મનું ઘડામાં ભાન થાય છે. આ જ રીતે સામાન્ય-વિશેષ, અભિલાપ્યત્વ-અનભિલાપ્યત્વ, નિત્યત્વ-અનિત્યત્વ વગેરે વિરોધીરૂપે ભાસતા ધર્મોનો પણ અપેક્ષાવિશેષથી ઘડામાં સમાવેશ કરી ઘડાને સર્વધર્માત્મક માનવો જરૂરી છે. તેમ જ પ્રત્યક્ષ, અનુમાન, આગમ વગેરે પ્રમાણ અને નૈગમ, સંગ્રહ વગેરે નયોથી ગર્ભિત એવી સચોટ અને સૂક્ષ્મ વિચારણાઓથી ચિન્તાજ્ઞાન અનુવિદ્ધ હોય છે. દા.ત. 'આત્મા નિત્ય છે.' આ વાત ક્યા નયની અપેક્ષાએ છે ? તેમ જ નિત્યત્વ માનવું કઈ રીતે યોગ્ય છે. ? શું આત્મા સર્વથા નિત્ય હોય છે ? કે કોઈ અન્ય અપેક્ષાએ અનિત્ય પણ છે ? જો અન્ય અપેક્ષાએ આત્મા અનિત્ય હોય તો આત્માને નિત્ય બતાવવાની પાછળ શાસ્ત્રકારોને ક્યો આશય છે ? આવી અનેક સૂક્ષ્મ યુક્તિઓની વિચારણાથી સૂક્ષ્મજ્ઞાન વ્યાપ્ત હોય છે. આ રીતે સર્વવ્યાપી બનતું ચિન્તાજ્ઞાન ભાવનાજ્ઞાનને લાવે છે. **<u>(૧/૬૬)</u>**

भावनाज्ञानं प्रतिपादयति —> **'ऐदम्पर्ये'**ति ।

**ऐदम्पर्यगतं यच्च, विध्यादौ यत्नवच्च यत् ।**
**तृतीयं तदशुद्धोच्च-जात्यरत्नविभानिभम् ।।६७।।**

**ऐदम्पर्यं** = तात्पर्यं 'सर्वज्ञेयविषये सर्वज्ञाज्ञैव प्रधानं कारणं' इत्येवं रूपं, तद्गतं = तद्विषयं यत् ज्ञानं, अयं भावः हेयोपादेय-ज्ञेयभेदेन त्रिविधाः विषया भवन्ति । तत्र हेयोपादेययोरविपर्यस्तबोधः निर्मलसम्यग्दर्शनवतां मिथ्यात्वक्षयोपशम-दृष्टिवादोपदेशिकीसंज्ञादिप्रभावेन स्वत एव भवति । परं ज्ञानावरणोदयादिना निगोदाऽभव्यादिज्ञेयपदार्थगोचरः संशय-भ्रमादिरपि सम्भवति । अतः तन्निरासाय सर्वज्ञोपदेशस्याऽऽवश्यकता । तत एव तद्गोचराऽभ्रान्तज्ञानसम्भवादिति 'सर्वज्ञेयविषयबोधे सर्वज्ञाज्ञैव प्रधानं कारणमिति स्वीक्रियते । ज्ञेयादिविषयोऽपि नयाभिप्रायभेदे पदार्थ-वाक्यार्थ-महावाक्यार्थैदम्पर्यार्थभेदेन चतुर्धा भिद्यते । पदार्थादिभावना चैवं बोध्या, यथा 'मा हिंस्यात् सर्वभूतानि' इत्यत्र 'सर्वजीवानां सर्वथा बाधां न कुर्यादि'ति पदार्थः । 'गृहस्थस्य चैत्यालयादौ यत्नः कथं स्यात् ?, इति चालनात्मकः वाक्यार्थः। 'अविधिकरणे आज्ञाविराधनात् चैत्यकरणस्य सदोषत्वेन विधि-यतनादिना यतितव्यमिति प्रत्यवस्थानात्मको महावाक्यार्थः । प्रमादाविध्ययतनानां हिंसादिहेतूनां विरहेण चैत्यकरणादौ स्वरूपहिंसाया निर्दोषतया तज्ज्ञापिका —> जिनाज्ञैव धर्मे सारः <— इति चैदम्पर्यार्थः । तदुक्तं **उपदेशपदे** —> हिंसिज्ज ण भूयाइं

**ભાવનાજ્ઞાનનું ગ્રંથકારશ્રી પ્રતિપાદન કરે છે.**

**<u>શ્લોકાર્થ</u> :- જે જ્ઞાન ઐદંપર્યવિષયક હોય તથા વિધિ વગેરેમાં જે જ્ઞાન પરમ આદરવાળું હોય તે ભાવનાજ્ઞાન અશુદ્ધ હોવા છતાં પણ ઉંચા પ્રકારના શ્રેષ્ઠ રત્નની કાન્તિ સમાન છે. (૧/૬૭)**

## ભાવનાજ્ઞાનને પરિણમાવીએ

**<u>ટીકાર્થ</u> :- સર્વ જ્ઞેયવિષયને સ્વીકારવામાં સર્વજ્ઞની આજ્ઞા એ જ પ્રધાન કારણ છે. આ પ્રમાણે જે તાત્પર્ય તે ઐદંપર્ય કહેવાય છે. તદ્વિષયકજ્ઞાન ભાવનાજ્ઞાન કહેવાય છે. કહેવાનો આશય એ છે કે હેય, ઉપાદેય અને જ્ઞેય આમ ત્રણ પ્રકારના વિષયો હોય છે. તેમાંથી હેય અને ઉપાદેય પદાર્થનો અવિપરીત બોધ નિર્મળ સમ્યગ્દર્શનવાળા સાધકોને મિથ્યાત્વના ક્ષયોપશમ અને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા વગેરેના પ્રભાવથી સ્વતઃ = પરોપદેશથી નિરપેક્ષપણે થાય છે. પરંતુ જ્ઞાનાવરણના ઉદય વગેરેના કારણે 'નિગોદમાં અનંતા જીવો છે, અનંતા અભવ્ય જીવો છે. નિગોદમાં અનંતા જાતિભવ્ય જીવો છે' આવા પ્રકારના જ્ઞેયપદાર્થમાં સંશય, ભ્રમ વગેરે પણ સંભવી શકે છે. આથી તેવા સંશય આદિને દૂર કરવા માટે સર્વજ્ઞના ઉપદેશની આવશ્યકતા છે. તેનાથી જ નિગોદ આદિ જ્ઞેયપદાર્થવિષયક અભ્રાન્ત બોધ સંભવી શકે છે. માટે "સર્વ જ્ઞેયપદાર્થના બોધમાં સર્વજ્ઞની આજ્ઞા = વચન જ પ્રધાન કારણ છે." આવું સ્વીકારવામાં આવે છે. જ્ઞેય વગેરે પદાર્થો પણ અલગ અલગ નયના અભિપ્રાયથી પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ આ પ્રકારે ચતુર્વિધ હોય છે. પદાર્થ આદિની ભાવના આ રીતે સમજવી. જેમ કે 'मा हिंस्यात् सर्वभूतानि' આ વાક્યમાં 'સર્વ જીવોને કોઈ પણ પ્રકારે પીડા ન કરવી.' આ પદાર્થ છે. "તો પછી ગૃહસ્થ દહેરાસર વગેરે બંધાવવામાં કઈ રીતે પ્રયત્ન કરી શકે ? તથા પ્રમત્ત સાધુઓ લોચ કરવા વગેરેમાં પ્રયત્ન કઈ રીતે કરી શકશે ?" - આવો આક્ષેપાત્મક = પ્રશ્નાત્મક = ચાલના સ્વરૂપ વાકયાર્થ જાણવો. "અવિધિથી કરવામાં આવે તો જિનાજ્ઞાની વિરાધના હોવાથી દહેરાસર વગેરે બનાવવામાં અવિધિકૃત દોષ રહેલો છે. માટે વિધિ, યતના વગેરે પૂર્વક તેમાં**

इत्थ पयत्थो पसिद्धगो चेव । मणमाइएहिं पीडं सव्वेसिं चेव ण करिज्जा ॥८६५॥ आरंभि-पमत्ताणं इत्तो चेइहरलोचकरणाई। तक्करणमेव अणुबंधओ तहा एस वक्कत्थो ॥८६६॥ अविहिकरणम्मि आणाविराहणा दुट्ठमेव एएसि । ता विहिणा जइयव्वं ति महावक्कत्थरूपं तु ॥८६७॥ एवं एसा अणुबंधभावओ तत्तओ कया होइ । अइदंपज्जं एयं आणा धम्मम्मि सारो त्ति ॥८६८॥ <— इति ।

**विध्यादौ** = विधि-द्रव्य-दातृ-पात्रादौ **यद्** ज्ञानं उच्चैः **यत्नवत्** = परमादरयुक्तं सुपात्रदानकारकश्रेयांस-शालिभद्रपूर्वभवजीव-रेवती-सुलसा-श्रीभुवनभानुसूर्यादिनिदर्शनमत्र भावनीयम् । ऐदम्पर्यवत्त्व-यत्नवत्त्वयोः समुच्चयार्थं चकारग्रहणम् । **तत्** ज्ञानं **तृतीयं** = भावनामयं, अशुद्धस्य क्षार-मृत्पुटपाकाद्यभावे, उपलक्षणात् शुद्धिमतोऽपि उच्चजात्यरत्नस्य = अतिशयितसद्रत्नस्य स्वभावतो या विभा = दीप्तिः तन्निभं = तत्समम् । यथा हि जात्यरत्नं स्वभावत एवान्यरत्नेभ्योऽधिककान्तिमत्तथेदमपि भावनाज्ञानमशुद्धसद्रत्नकल्पस्य भव्यजीवस्य कर्ममलिनस्यापि शेषज्ञानेभ्योऽधिकप्रकाशकृद् भवति । तदुक्तं **षोडशके** —> ऐदम्पर्यगतं यद्विध्यादौ यत्नवत्तथैवोच्चैः । एतत्तु भावनामयशुद्धसद्रत्नदीप्तिसमम् ॥ <— (११/९) इति । **देशनाद्वात्रिंशिकायामपि** —> सर्वत्राऽऽज्ञापुरस्कारि ज्ञानं स्याद् भावनामयम् । अशुद्धजात्यरत्नाऽऽभासमं तात्पर्यवृत्तितः ॥ <— (२/१३) इत्युक्तम् । अनेन हि ज्ञातं ज्ञातम् । क्रियाऽप्येतत्पूर्विकैवाऽक्षेपेण मोक्षदा । तदुक्तं **धर्मबिन्दौ** —> भावनानुगतस्य ज्ञानस्य तत्त्वतो ज्ञानत्वादिति । न हि श्रुतमय्या प्रज्ञया, भावनादृष्टं ज्ञातं नामेति <— (६/३०-३१) । **पञ्चवस्तुके**ऽपि —> सम्मं विआरिअव्वं अत्थपदं भावणापहाणेणं । विसए अ

**પ્રયત્ન કરવો.'' - આવો જવાબ મહાવાક્યાર્થ છે. આથી ફલિત થાય છે પ્રમાદ, અજયણા, અવિધિ, મનોમાલિન્ય વગેરે હિંસાના હેતુઓ દૂર થતાં જિનાલયના નિર્માણ વગેરેમાં થતી સ્વરૂપહિંસા કર્મબંધકારક નથી. આવું જિનાજ્ઞા દ્વારા જણાતું હોવાથી ''જિનાજ્ઞા એ જ ધર્મમાં સાર છે.'' આ ઐદંપર્યાર્થ = તાત્પર્યાર્થ = પરમાર્થ = રહસ્યાર્થ = ભાવાર્થ = ગૂઢાર્થ છે. આ પ્રમાણે ઉપદેશપદમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે.**

વિ૦ । તેમ જ ભાવનાજ્ઞાન વિધિ, દ્રવ્ય, દાતા, પાત્ર ( = દાન લેનાર) વગેરે વિશે અત્યંત આદરયુક્ત હોય છે. સુપાત્રદાન કરનાર શ્રેયાંસકુમાર, શાલીભદ્રનો પૂર્વભવનો જીવ, રેવતી શ્રાવિકા, સુલસા શ્રાવિકા, નજીકના વર્તમાનકાળમાં થયેલા આચાર્યશ્રી ભુવનભાનુસૂરિજી મ. વગેરે આના દષ્ટાંતરૂપે લઈ શકાય. મૂળ ગાથામાં રહેલ 'च' શબ્દ ઐદંપર્યવિષયકત્વ અને પરમઆદરયુક્તતાનો સંગ્રહ કરવા માટે છે. ક્ષાર, માટીના લેપ વગેરે કરીને ગરમ કરવું વગેરેના અભાવમાં જ જે રત્ન અશુદ્ધિવાળું હોય. તેમ જ ઉપલક્ષણથી શુદ્ધિવાળું, જે અત્યંત શ્રેષ્ઠ રત્ન હોય તેની સ્વાભાવિક રીતે જે કાન્તિ હોય તેના જેવું તે ત્રીજું ભાવનામય જ્ઞાન હોય છે. જેમ શ્રેષ્ઠ રત્ન સ્વભાવથી જ બીજા રત્નો કરતાં વધારે કાન્તિવાળું હોય છે. તેમ અશુદ્ધ એવા શ્રેષ્ઠ રત્ન સમાન, કર્મથી મલિન થયેલ એવા પણ ભવ્ય જીવનું આ ભાવનાજ્ઞાન બીજા જ્ઞાનો કરતાં અધિક પ્રકાશ કરનારૂં હોય છે. ષોડશક ગ્રંથમાં પણ ભાવનાજ્ઞાનનું આવું નિરૂપણ આવે છે. દેશનાદ્વાત્રિંશિકામાં મહોપાધ્યાયજી મહારાજાએ જણાવેલ છે કે 'તાત્પર્યવૃત્તિથી સર્વત્ર ભગવાનની આજ્ઞાને આગળ કરનારૂં તેમ જ અશુદ્ધ એવા શ્રેષ્ઠ રત્નની કાન્તિ સમાન ભાવનામય જ્ઞાન હોય છે.' આવા ભાવનાજ્ઞાનથી જાણેલી વસ્તુ જ વાસ્તવમાં જાણેલી સમજવી. તથા ધર્મક્રિયા પણ ભાવનાજ્ઞાનપૂર્વક જ જલ્દીથી મોક્ષને આપે છે. ધર્મબિંદુ ગ્રંથમાં જણાવેલ છે કે —> ભાવનાયુક્ત જ્ઞાન જ વાસ્તવમાં જ્ઞાન છે. શ્રુતમય પ્રજ્ઞા દ્વારા જાણેલ વસ્તુ જાણેલ જ નથી. ભાવનાજ્ઞાનથી જાણેલું જ જાણ્યું કહેવાય.

ठावियव्वं सुबहुस्सुअगुरुसयासाओ ॥८६५॥ <— इत्युक्तम् ॥१/६७॥

एतेषां त्रयाणां स्वरूपविशेषमाह —> 'आद्य' इति ।

**आद्ये ज्ञाने मनाक् पुंसस्तद्रागाद्दर्शनग्रहः ।**
**द्वितीये न भवत्येष चिन्तायोगात्कदाचन ॥६८॥**

**आद्ये** श्रुताभिधाने **ज्ञाने पुंसः** = तद्वतः पुरुषस्य **तद्रागात्** = श्रुतज्ञानानुरागात् **मनाक्** = ईषत् **दर्शनग्रहः** = असत्पक्षपातः **भवति,** यथा —> 'इदमत्रोक्तमेव प्रमाणं, नान्यत्', इति यद्वा 'मदीयं दर्शनमेव शोभनं नान्यदीयदर्शनम्' इति । **न च** षोडशके 'श्रुतमयमिह विज्ञेयं मिथ्याभिनिवेशरहितमलमि' (११/७) त्युक्तमत्र च 'मनाग्दर्शनग्रहः स्यादि'त्युक्तमिति कथं नानयोर्विरोधः ? इति **शङ्कनीयम्,** तत्रोदयापेक्षयाऽभिनिवेश इह च प्राधान्येन सत्ताऽपेक्षयाऽसत्पक्षपातस्य प्रदर्शितत्वात् । यद्वा तत्रानुबन्धापेक्षयाऽभिनिवेशराहित्यस्योक्तत्वात् । प्रकृते च हेत्वपेक्षया ईषत्पक्षपातस्याभिहितत्वात् । यद्वा तत्र 'क्षीयमाणं क्षीणमि'ति नयेनाभिनिवेशराहित्यस्यावेदितत्वात् इह च स्वरूपतोऽसत्पक्षपातसाहित्यस्योक्तत्वात्, विध्याद्युपेतजिनपूजायां

---

<— <u>પંચવસ્તુ</u> ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> ભાવનાપ્રધાન જ્ઞાનથી અર્થપદને સમ્યગ્ રીતે વિચારવું અને બહુશ્રુત ગુરૂ મહારાજ પાસેથી તેને યોગ્ય વિષયમાં સ્થાપિત કરવું <— <u>(૧/૬૭)</u>

આ ત્રણેય જ્ઞાનના સ્વરૂપવિશેષને ગ્રંથકારશ્રી કહે છે.

**<u>શ્લોકાર્થ</u>** :- પ્રથમ = શ્રુતજ્ઞાનમાં પુરુષને તેના ઉપર રાગ હોવાને કારણે પોતાના દર્શનનો થોડો પક્ષપાત હોય છે. બીજા=ચિન્તાજ્ઞાનમાં આવો પક્ષપાત, સતત ચિંતનના યોગથી ક્યારેય પણ હોતો નથી. <u>(૧/૬૮)</u>

**<u>ટીકાર્થ</u>** :- પ્રથમ શ્રુતજ્ઞાનમાં શ્રુતજ્ઞાનવાળા પુરૂષને શ્રુતજ્ઞાનના અનુરાગથી કાંઈક અસત્પક્ષપાત હોય છે. જેમ કે ''અહીં આ જણાવેલું જ સાચું છે, બીજું નહિ.'' અથવા ''અમારો ધર્મ જ સારો છે, બીજાઓનો નહિ.'' સૂક્ષ્મ સમજણ ન હોવાના કારણે આવો અસત્ પક્ષપાત હોય છે. પરંતુ તે આંશિક અર્થાત્ મંદ હોય છે.

## ❖ શ્રુતજ્ઞાનમાં આગ્રહ છે, છતાં નથી. ❖

न च० । અહીં એવી શંકા થાય કે —> પૂર્વે ૬૫ માં શ્લોકમાં <u>ષોડશક</u> ગ્રંથની સાક્ષી આપીને શ્રુતજ્ઞાનને મિથ્યાઅભિનિવેશથી રહિત જણાવેલ હતું, અને આ શ્લોકમાં ''શ્રુતજ્ઞાનમાં અસત્ પક્ષપાત હોય છે'' એવું જણાવ્યું છે. તેથી પૂર્વાપર વિરોધ આવે છે. <— તો આ શંકાનું સમાધાન બહુ સરળ છે. તે આ રીતે (૧) પૂર્વે જે અભિનિવેશરહિતપણું જણાવ્યું તે મુખ્યતયા ઉદયની અપેક્ષાએ સમજવું, તથા અહીં જે અસત્ પક્ષપાત જણાવ્યો છે તે સત્તાની અપેક્ષાએ સમજવો. અર્થાત્ ઉદીરણા કરીને વાતવાતની અંદર કદાગ્રહનો ઉછાળો પ્રથમ શ્રુતજ્ઞાનવાળા પુરૂષનો હોતો નથી. પરંતુ શાંત રીતે અસત્ પક્ષપાત રહેલો હોય છે. અથવા (૨) ૬૫ માં શ્લોકની ટીકામાં અનુબંધની અપેક્ષાએ કદાગ્રહ નથી તેમ જણાવ્યું છે અને આ શ્લોકમાં હેતુની અપેક્ષાએ કાંઈક અસત્ પક્ષપાત જણાવ્યો છે. અથવા (૩) પૂર્વે ''क्षीयमाणं क्षीणं'' એ નયથી અભિનિવેશશૂન્યતા બતાવેલ છે. અર્થાત્ તે કદાગ્રહ નાશ પામી રહેલ હોવાથી નષ્ટ થયેલ છે તેવી ત્યાં વિવક્ષા કરવામાં આવી છે. અને અહીં સ્વરૂપની અપેક્ષાએ અસત્ પક્ષપાત તે જીવમાં બતાવેલ છે. જેમ વિધિ, જયણા વગેરેથી યુક્ત જિનપૂજામાં સ્વરૂપહિંસા હોય છે, નહિ કે હેતુહિંસા કે અનુબંધહિંસા તેમ પ્રસ્તુત શ્રુતજ્ઞાનમાં સ્વરૂપમાત્રથી = બાહ્યદેખાવથી કદાગ્રહ હોય પરંતુ હેતુકદાગ્રહ કે અનુબંધકદાગ્રહ ન હોય. અથવા (૪) અલગ અલગ દર્શનોમાં જણાવેલ અહિંસાદિ પદાર્થને ઉદ્દેશીને પૂર્વે પદાર્થ

स्वरूपतो हिंसावत् । यद्वा तत्र तत्तत्तन्त्रोक्ताहिंसादिपदार्थे पदार्थगोचरत्वेनाऽसद्ग्रहाभावस्य विवक्षितत्वात् इह च तत्तत्तन्त्रोक्तत्वेनांऽशतोऽसद्ग्रहसद्भावस्य सम्भावितत्वात् । यद्वा तत्र प्रज्ञापनीयत्वा-दिगुणापेक्षयाऽभिनिवेशशून्यत्वस्य विवक्षितत्वात्, इह तु स्वीयशास्त्ररागापेक्षयांशतो दर्शनग्रहप्रतिपादनस्येष्टत्वादिति न विरोधलेशोऽपि । **एतेन** —> श्रुतज्ञानात् विवादः स्यात् <— (१/१०५०) इति **वैराग्यकल्पलता**वचनमपि **व्याख्यातम्**, विवादपदस्यांऽऽशिकपक्षपातपरत्वान्न तु वितण्डावादादिपरत्वादिति विभावनीयं पर्युपासितगुरुकुलैः ।

**द्वितीये** = चिन्ताज्ञाने **चिन्तायोगात्** = अतिसूक्ष्मसुयुक्तिचिन्तनसम्बन्धात् **एषः** = —> 'मदीयं दर्शनं मुख्यं, पाखण्डान्यपराणि तु । मदीय आगमः सारः परकीयास्त्वसारकाः ।। तात्त्विका वयमेवाऽन्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः <— (यो.सा. २/९-१०) इति **योगसारो**क्तोऽसत्पक्षपातः **कदाचन** = कदाचिदपि **न** = नैव भवति । दृष्टनय-प्रमाणरूपसिद्धान्तपरमार्थो हि विद्वान् स्वकीयपक्षे परिगृहीते सत्यपि स्वकीयमार्गस्थक्षयोपशमानुगुण्येन सर्वं स्व-परतन्त्रोक्तं स्वपरसम्प्रदायरूढश्चार्थं स्थानाऽविरोधेन प्रतिपद्यते, न त्वेकान्ततस्तत्र विप्रतिपद्यते । तदुक्तं **सम्मतितर्के** —> निययवयणिज्जसच्चा, सव्वणया परवियालणे मोहा । ते पुण अदिट्ठसमओ विंभयइ सच्चे व अलिए त्ति ।। <— (१/२८) इति । परतन्त्रोक्तसद्वचनाऽरुचिस्तु दृष्टिवादाऽरुचिपर्यवसायिनी । तदुक्तं **उपदेशपदे** —> जं अत्थओ अभिण्णं अण्णत्था सद्दओ वि तह चेव।

---

**અંશમાં અર્થાત્ 'જે વાત અમારા દર્શનમાં = ધર્મશાસ્ત્રમાં જણાવેલ છે, તે જ વાત અન્યદર્શનીના શાસ્ત્રમાં જણાવેલ છે' આ પ્રમાણે આંશિક આગ્રહ હોવાની સંભાવના જણાવી છે. અથવા (૫) પૂર્વે શ્રુતજ્ઞાનવાળા જીવ પાસે પ્રજ્ઞાપનીયત્વ વગેરે ગુણો હોવાની અપેક્ષાએ કદાગ્રહ નથી-એવું વિવક્ષિત છે અને પ્રસ્તુતમાં પોતાના દર્શનના ગ્રંથો ઉપર રાગ હોવાની અપેક્ષાએ આંશિક દર્શનગ્રહ ઈષ્ટ છે. તેથી પૂર્વાપર કોઈ વિરોધ રહેતો નથી. આવું કહેવાથી —> શ્રુતજ્ઞાનથી વિવાદ થાય. <— આ પ્રમાણે વૈરાગ્યકલ્પલતા ગ્રંથના વચનથી પણ સંગતિ થઈ ગઈ જાણવી. વિવાદનો મતલબ વિતંડાવાદ નહિ પણ પોતાની વાતનું સમર્થન કરવાનો આંશિક પક્ષપાત-એવો અર્થ કરવો. આ પ્રમાણે વિચાર-વિમર્શ ગુરુકુલની ઉપાસના કરનાર વ્યક્તિએ કરવો.**

## ❀ ચિન્તાજ્ઞાનમાં આગ્રહ છૂટી જાય છે ❀

द्वितीये० । **દ્વિતીય ચિન્તાજ્ઞાનમાં અત્યંત સુંદર એવી યુક્તિઓનું ચિંતન કરવાના લીધે —> 'અમારો જ ધર્મ મુખ્ય = શ્રેષ્ઠ છે, બીજા બધા ધર્મો તો પાખંડ છે','અમારૂં જ શાસ્ત્ર સુંદર છે, બીજાના શાસ્ત્રો તો સાર વિનાના છે', 'અમે જ તાત્ત્વિક છીએ, બીજા બધા ભ્રાન્ત છે, અતાત્ત્વિક છે.' <— આ પ્રમાણે યોગસાર ગ્રંથમાં જણાવેલ અસત્ પક્ષપાત ક્યારેય પણ હોતો નથી. નય અને પ્રમાણ સ્વરૂપ સિદ્ધાંત જેણે જોયેલ-જાણેલ હોય તેવા વિદ્વાન અમુક ધર્મ કે દર્શનશાસ્ત્રને પોતે સ્વીકારેલ હોવા છતાં પોતાના માર્ગસ્થ ક્ષયોપશમ મુજબ પોતે પોતાના ધર્મશાસ્ત્રમાં કે બીજાના ધર્મશાસ્ત્રમાં કહેલ તેમ જ પોતાના સંપ્રદાયમાં રૂઢ થયેલ કે બીજાના સંપ્રદાયમાં રૂઢ થયેલ બધા અર્થને સ્થાનવિરોધ દૂર કરીને સ્વીકારે છે. અર્થાત્ અયોગ્યઅપેક્ષાથી અર્થને અયોગ્યસ્થાને જોડવાથી જે વિરોધ વગેરે દોષ આવે તેનો પરિહાર કરવા પૂર્વક તે અર્થને યોગ્ય સ્થાને યોગ્ય અપેક્ષાથી જોડીને સ્વપરદર્શનપ્રદર્શિત સર્વ અર્થનો સ્વીકાર પ્રમાણ-નયના રહસ્યને જાણનાર વિદ્વાન કરે છે. તેવો વિદ્વાન પરદર્શનોક્ત પદાર્થને વિશે એકાંતથી = વિપરીત અભિગમ આગળ કરીને વિપ્રતિપત્તિ = વિવાદ કરે નહીં. સંમતિતર્ક ગ્રંથમાં જણાવેલ છે કે —> સર્વ નય પોતાના વાચ્યાર્થને વિશે સત્ય હોય છે, અને**

तम्मि पओसो मोहो विसेसओ जिणमयठियाणं ॥६९३॥ <— इति ।

''यद्वाक्यमर्थतो = वचनभेदेऽप्यर्थमपेक्ष्य अभिन्नं = एकाभिप्रायं, तथा अन्वर्थात् = अनुगतार्थात् शब्दतोऽपि = शब्दसन्दर्भमपेक्ष्य तथा चैव = अभिन्नमेव तस्मिन् अभिन्नार्थे परतीर्थिकागमवाक्ये प्रद्वेषः = 'परसमयप्रज्ञापनेयमि'तीर्ष्यारूपो मोहो मूढभावलक्षणो वर्तते बौद्धादिसामान्यधार्मिकजनस्यापि, विशेषतो जिनमतस्थितानां सर्वनयवादसङ्ग्रहान्मध्यस्थभावानीतहृदयाणां साधु-श्रावकाणामि''ति तद्व्याख्यालेशः ।

तदुक्तं **षोडशके**ऽपि —> आद्य इह मनाक् पुंसस्तद्रागाद्दर्शनग्रहो भवति । न भवत्यसौ द्वितीये चिन्तायोगात् कदाचिदपि ॥ <— (११/१०) इति । **देशनाद्वात्रिंशिकायां** प्रकृतग्रन्थकृताऽपि —> आद्येऽविरुद्धार्थतया मनाक् स्याद् दर्शनग्रहः । द्वितीये बुद्धिमाध्यस्थ्यचिन्तायोगात्कदापि न ॥ <— (२/१४) इत्युक्तमिति भावनीयम् ॥१/६८॥

भावनाज्ञानफलमावेदयति —> **'चारी'**ति ।

**चारिसञ्जीविनीचारकारकज्ञाततोऽन्तिमे ।**
**सर्वत्रैव हिता वृत्तिर्गाम्भीर्यात्तत्त्वदर्शिनः ॥६९॥**

**अन्तिमे** = भावनाज्ञाने **चारिसञ्जीविनीचारकारकज्ञाततः** = चारेस्सञ्जीविन्याख्या औषधेश्च चारः = अभ्यवहरणं तत्कारकस्य ज्ञाततः = दृष्टान्तात् **तत्त्वदर्शिनः** = सर्वतन्त्रसमूहरूपस्वदर्शनविज्ञानजनितस-

---

**પરનયના વિષયનો તિરસ્કાર કરવામાં આવે તો તે મૂઢ = મિથ્યા છે. જેણે સિદ્ધાંત = જૈન દર્શનના પ્રમાણ-નયના હાર્દને જાણેલ ન હોય તે વ્યક્તિ 'આ નય સાચો છે અને તે નય ખોટો છે.' આ રીતે નયોનું વિભાજન કરે છે. <— પરદર્શનોમાં કહેલ સત્ય વચનોની અરૂચિ તે હકીકતમાં દૃષ્ટિવાદની અરૂચિમાં ફલિત થાય છે.**

<u>**ઉપદેશપદ**</u>માં જણાવેલ છે કે —> પરદર્શનોમાં જણાવેલ જે વાક્ય (શબ્દથી ભિન્ન હોવા છતાં) સર્વજ્ઞસંમત અર્થથી અભિન્ન હોય (અર્થાત્ જે પરદર્શનવચન અને જિનવચનનો અભિપ્રાય એક સરખો હોય) અને અર્થને અનુસરીને શબ્દથી પણ સર્વજ્ઞવચનથી અભિન્ન હોય તે પરદર્શનીવચનને વિશે ઈર્ષ્યારૂપ દ્વેષ કરવો તે ખરેખર મોહ છે. જિનેશ્વર ભગવાનના મતમાં રહેલ સાધકોને માટે તો તે વિશેષપ્રકારે મૂઢતા જાણવી. કારણ કે જિનશાસનના સાધુ-શ્રાવકો તો સર્વનયવાદને પચાવનાર હોવાથી તેઓનું હૃદય તો પરિપૂર્ણ મધ્યસ્થ જ બનેલું હોય, સંકુચિત-ક્ષુદ્ર-તુચ્છ તો ન જ હોય. <—

<u>**ષોડશક**</u> ગ્રંથ અને <u>**દેશનાદ્વાત્રિંશિકા**</u>માં પણ પ્રસ્તુત ૬૮મા શ્લોકમાં જણાવેલી વાત જ બતાવી છે. આ વાત વાચકવર્ગે ખ્યાલમાં રાખવી. <u>**(૧/૬૮)**</u>

ગ્રંથકારશ્રી ભાવનાજ્ઞાનનું ફળ બતાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- ઘાસનો ચારો અને સંજીવની ઔષધિ આ બન્નેને ચરાવનાર સ્ત્રીના દૃષ્ટાન્તથી છેલ્લા ભાવના જ્ઞાનમાં ગંભીરતાના કારણે તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ બધા જ જીવો વિશે હિતકારી હોય છે. <u>**(૧/૬૯)**</u>

## ❧ ચારિસંજીવની ન્યાય ❧

<u>**ટીકાર્થ**</u> :- અન્તિમ ભાવનાજ્ઞાનમાં ઘાસનો ચારો અને સંજીવની ઔષધિને ચરાવવાના દૃષ્ટાંતથી સર્વદર્શનસમૂહસ્વરૂપ જૈનદર્શનના જ્ઞાનથી ઉત્પન્ન થયેલી સર્વ દર્શનના જીવો ઉપર અનુગ્રહની પરિણતિને અનુભવનાર ભાવનાજ્ઞાનીની પ્રવૃત્તિ ગંભીર = અતુચ્છ પરિણામના કારણે, બધા જ જીવો વિશે હિતકારી પ્રવૃત્તિ હોય છે. <u>**ષોડશક**</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> ઘાસનો ચારો ચરવા છતાં સંજીવની ઔષધિને ન ચરનારને

र्वतन्त्रस्थजीवानुग्रहपरिणतिदर्शिनः **गाम्भीर्यात्** = अतुच्छपरिणामात् **सर्वत्रैव** = सर्वजीवेष्वेव **हिता** = हितकारिणी **वृत्तिः** = प्रवृत्तिः । तदुक्तं **षोडशके** —> चारिचरक-सञ्जीवन्यचरकचारणविधानतश्चरमे । सर्वत्र हिता वृत्तिर्गाम्भीर्यात् समरसापत्त्या ॥<— (११/११) इति । सर्वजीवहितप्रवृत्तिः परैरहिंसात्वेनेष्यते। तदुक्तं **लिङ्गपुराणे** —> आत्मवत् सर्वभूतानां हितायैव प्रवर्तनम् । अहिंसैषा समाख्याता या चात्मज्ञान-सिद्धिदा ॥ (८/११) <— इति ।

चारिसञ्जीविनीदृष्टान्तभावना चैवं **योगदीपिका**भिधानायां षोडशकटीकायां —> काचित् स्त्री स्वपति-वशीकाराय काञ्चित्परिव्राजिकां तदुपायमपृच्छत् । तया च कुतश्चित् सामर्थ्यात् स वृषभः कृतः । तं चारयन्ती पाययन्ती चाऽऽस्ते । अन्यदा च वटवृक्षस्याऽधस्तान्निषण्णे तस्मिन् पुरुषगवे विद्याधरीयुग्मं विहायसस्तत्राऽऽज-गाम । तत्रैकयोक्तं 'अयं स्वाभाविको न गौः' द्वितीययोक्तं 'कथं तर्हि स्वाभाविकः स्यात् ?' आद्ययोक्तं 'अस्य वटस्याऽधस्तात् सञ्जीवनीनामौषधिरस्ति । यदि तामयं चरेत्तदा सहजपुंरूपतामासादयेदि'ति । तच्च विद्याधरीवचनं तया स्त्रिया श्रोत्रपत्राभ्यां पपे । ताञ्चौषधिं विशेषतोऽजानानया सर्वामेव तत्प्रदेशस्थां चारिं चारितः सामान्यतः पतिगवः । यावदसौ सञ्जीवनीमुपभुक्तवांस्तावदेव पुरुषः संवृत्तः । यथा तस्याः स्त्रियाः पश्चात् तस्मिन् पुंगवे हिता प्रवृत्तिरेवं भावनाज्ञानान्वितस्याऽपि सर्वदा सर्व-भव्यसार्थेऽनुग्रहप्रवृत्तस्य हितैव प्रवृत्तिरिति <— । पूर्वमनर्थे निपात्य पश्चात्तदुद्धारकरणमित्युपनयो नोन्नेयः किन्तु व्यसनपतितस्य

---

ઔષધિ ખવડાવવાની પ્રવૃત્તિથી ભાવનાજ્ઞાનમાં સમરસાપત્તિથી ગાંભીર્યના લીધે સર્વ જીવોના પ્રત્યે હિતકારી પ્રવૃત્તિ હોય છે. <— સર્વ જીવોમાં હિતની પ્રવૃત્તિ અન્યદર્શનકારો અહિંસારૂપે સ્વીકારે છે. <u>લિંગપુરાણ</u>માં જણાવેલ છે કે —> પોતાના આત્માની જેમ સર્વ જીવોના હિત માટે જ પ્રવૃત્તિ કરવી તે અહિંસા કહેવાયેલી છે, જે આત્મજ્ઞાનની સિદ્ધિને આપનાર છે. <—

ચારિસંજીવની દષ્ટાંતની ભાવના <u>ષોડશક</u>ની <u>યોગદીપિકા</u> નામની ટીકામાં ઉપાધ્યાયજી મહારાજાએ આ રીતે જણાવેલ છે કે કોઈક સ્ત્રીએ પોતાના પતિને વશ કરવા માટે કોઈક જોગણને તેનો ઉપાય પુછ્યો. તે જોગણે કોઈક મંત્ર-તંત્રના સામર્થ્યથી તે સ્ત્રીના પતિને બળદ બનાવી દીધો. અને પોતાના બળદ બનેલા પતિને ઘાસચારો ચરાવતી અને પાણી પાતી રહે છે. પછી તે સ્ત્રી અત્યંત ખિન્ન થઈ ગઈ. એક વખત વડલાના ઝાડની નીચે તે પતિરૂપી બળદ બેઠેલ હોય છે તે વખતે આકાશમાંથી બે વિદ્યાધરી સ્ત્રીઓ ત્યાં આવે છે. તે બળદને જોઈને એક વિદ્યાધરી સ્ત્રીએ કહ્યું કે "આ સ્વાભાવિક બળદ નથી." તે સાંભળીને બીજી વિદ્યાધરી સ્ત્રીએ પુછ્યું કે "તો પછી આ મૂળ રૂપમાં કેવી રીતે આવી શકે ?" આ પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રથમ વિદ્યાધરી સ્ત્રીએ કહ્યું કે "આ વડલાના ઝાડની નીચે સંજીવની નામની ઔષધિ છે. જો આ બળદ તેને ચરે તો સહજ-મૌલિક મનુષ્યરૂપતાને પ્રાપ્ત કરે." તે વિદ્યાધરીનુ વચન તે બળદ પતિની સ્ત્રીએ બે કાનરૂપી પડિયાથી પીધું. (અર્થાત્ સાંભળ્યું) તે સંજીવની ઔષધિને વિશેષરૂપે ન જાણતી એવી તે સ્ત્રી તે જગ્યામાં રહેલ બધો ચારો બળદને સમાન રીતે ચરાવે છે. જ્યાં બળદપતિએ સંજીવની ઔષધિ ખાધી ત્યાં તો તરત જ બળદ મનુષ્યપુરૂષ થઈ ગયો. જેમ તે પત્નીની પાછળથી તે બળદમાં હિતકારી પ્રવૃત્તિ હતી એ રીતે સર્વ ભવ્ય જીવોના સમૂહને વિશે અનુગ્રહથી પ્રવૃત્ત થયેલ ભાવનાજ્ઞાનવાળા જીવની પણ પ્રવૃત્તિ હિતકારી જ હોય છે. <— અહીં એક વાત ખાસ ધ્યાનમાં રાખવી કે પતિને પહેલાં સંકટમાં પાડવો અને પછી તેને આપત્તિમાંથી બહાર કાઢવો એવી પત્નીની પ્રવૃત્તિ જેવી ભાવનાજ્ઞાનીની પ્રવૃત્તિ છે- એવું અર્થઘટન ન કરવું. પરંતુ દુઃખ-દોષમાં ડૂબેલા જીવને તેમાંથી બહાર કાઢવા માટે કરુણાથી યથાયોગ્ય નિઃસ્વાર્થ પ્રયત્ન

यथोचितमुद्धारकरणप्रवणत्वं करुणया भावनाज्ञांनिनामित्युपनयः कार्य इत्यवधेयम् । तदुक्तं **उपेदशपदे** - —> ता ओहेणं इहयं उचियत्तेण-मविरोहओ जत्तो । कायव्वो जह भवगोणविगमओ जीवमणुयत्तं ॥९०६॥ तोसा सासणवण्णो पूजा भत्तीए बीजपक्खेवो। एवं नाणी बाहुल्लओ हियं चेव कुणइ त्ति ॥९०७॥ <— इति । तदुक्तं **वैराग्यकल्पलतायां** अपि —> भावनाज्ञानात् सर्वत्र च हितार्थिता <— (९/१०५०) इति । 'शाखायां चन्द्रः' इति न्यायः 'म्लेच्छो म्लेच्छभाषयैव वक्तव्यः' इति न्यायः, 'यादृशो यक्षः तादृशो बलिः' इति न्यायः 'अशुद्धे वर्त्मनि स्थित्वा ततः शुद्धं समीहते' इति न्यायश्चाऽप्येतदर्थानुसार्येव।

**ભાવનાજ્ઞાની કરે છે. - આ રીતે દૃષ્ટાન્તનો સમન્વય કરી 'ભાવનાજ્ઞાનીમાં સર્વ જીવોની નિતાંત કરુણાસભર હિતકારી પ્રવૃત્તિ જ હોય છે' - આમ અર્થઘટન કરવું. <u>ઉપદેશપદ</u>માં જણાવેલ છે કે —> તેથી ( ) સામાન્યથી અહીં વિરોધ ન આવે તે રીતે ઉચિત રીતે યત્ન કરવો. કે જેમ તે પતિએ બળદપણાનો ત્યાગ કરી મનુષ્યપણાને મેળવ્યું. આ રીતે ભાવનાજ્ઞાની પ્રાયઃ સર્વ જીવોનું હિત જ કરે છે. તે એવી પ્રવૃત્તિ કરે, જેથી સર્વ જીવો આનંદથી જિનશાસનની પ્રશંસા કરે, પૂજા-ભક્તિ કરે, આવું થવા દ્વારા તેઓમાં બીજાધાન થાય. <— <u>વૈરાગ્યકલ્પલતા</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> ભાવનાજ્ઞાનથી માધ્યસ્થ્યની પ્રાપ્તિ થાય છે તથા સર્વત્ર હિતાર્થીતા આવે છે. <— બાળકને, બીજનો ચંદ્ર દેખાતો ન હોય ત્યારે કોઈ વડીલ તે બાળકને ઝાડની ડાળી બતાવી કહે કે ''જો તે શાખા ઉપર ચંદ્ર છે.'' આવું કહેવાથી તે બાળકને ચંદ્રનો બોધ થાય છે. હકીકતમાં ચંદ્ર ઝાડની ડાળી ઉપર નહિ પરંતુ**

| શ્રુતજ્ઞાન | ચિંતાજ્ઞાન | ભાવનાજ્ઞાન |
|---|---|---|
| (૧) ઊહાપોહઆદિથી રહિત યથાશ્રુત બોધ<br>(૨) કોઠારમાં પડેલ બીજ જેવું<br>(૩) મિથ્યાગ્રહરહિત વાક્યાર્થમાત્ર-ગ્રાહી.<br>(૪) વાક્યાર્થ = પ્રસ્તુત વિષય સાથે એકવાક્યતાઆપન્ન સકલ શાસ્ત્રવચનને અબાધક એવો પ્રસ્તુત વચનનો નિર્ણીત અર્થ (નય-પ્રમાણબોધ શૂન્ય)<br>(૫) 'અહીં આ કહ્યું છે તે જ પ્રમાણ છે.' એવો કંઈક મતાગ્રહ શ્રુતજ્ઞાનના રાગથી રહે છે. તેથી વિવાદમાં ઘેરાય છે.<br>(૬) શ્રવણ<br>(૭) મુખ્યતયા કર્ણથી સાંભળવું.<br>(૮) કાગળમાં દોરેલો ફેક્ટરીનો પ્લાન. | (૧) નય-પ્રમાણ-યુક્તિ દ્વારા ઊહા-પોહઆદિથી યુક્ત બોધ<br>(૨) પાણી પર પ્રસરનાર તેલબિંદુ જેવું.<br>(૩) અતિસૂક્ષ્મ સચોટ યુક્તિના ચિંતનથી મહાવાક્યાર્થગ્રાહી<br>(૪) મહાવાક્યાર્થ = આક્ષિપ્તઅના-ક્ષિપ્ત (ગર્ભિત અને ઉક્ત) સર્વધર્મા-ત્મક વસ્તુપ્રતિપાદક અનેકાન્તને અવલંબીને પ્રાપ્ત થયેલ પ્રસ્તુત વચનનો નયપ્રમાણઆધીન અર્થ.<br>(૫) મતાગ્રહરહિત નય-પ્રમાણ-સૂક્ષ્મ સચોટ યુક્તિ ચિંતનવશ ન્યાયપ્રાપ્ત સ્વ-પરશાસ્ત્રોક્ત અર્થનો સ્થાનાનુકૂળ સ્વીકાર કરે, પરંતુ એકાંત પકડી વિવાદ-વિરોધ ન કરે.<br>(૬) મનન<br>(૭) મુખ્યતયા બુદ્ધિથી વિચારે<br>(૮) ફેક્ટરીનું મોડેલ (Model) | (૧) હેતુ-સ્વરૂપ-ફળ સંબંધી એવો આત્મહિતમાં પ્રવર્તક બોધ.<br>(૨) શ્રેષ્ઠ રત્નની કાન્તિ જેવું<br>(૩) વિધિ-દાતા-દ્રવ્ય-પાત્ર આદિના પ્રયત્નથી યુક્ત અને ઐદંપર્યગ્રાહી.<br>(૪) ઐદંપર્ય = સર્વ જ્ઞેય પદાર્થના સ્વીકારમાં સર્વજ્ઞની આજ્ઞા જ પ્રધાન કારણ છે - એવું પ્રસ્તુત વચનનું અંતિમ તાત્પર્ય.<br>(૫) સર્વદર્શનસમૂહસ્વરૂપ સ્વશાસ્ત્રના ગંભીર બોધથી જન્મેલ ભેદભાવ વગરની સર્વાનુગ્રહપરિણતિવશ ભવ્ય-સમુદાયના હિતમાં પ્રવૃતિ કરે છે.<br>(૬) નિદિધ્યાસન<br>(૭) મુખ્યતયા હૃદયથી સંવેદન-ગર્ભિત સ્વીકાર કરે.<br>(૮) માલનું ઉત્પાદન કરતી ફેક્ટરી. |

इदमेवाभिप्रेत्योक्तं **योगशतके**ऽपि —> एवं चिय अवयारो जायइ मग्गम्मि हंदि एयस्स । रण्णे पहपब्भट्ठोऽवट्टा वट्टमोयरइ ॥२६॥ <— इति । यथा चाऽपुनर्बन्धकादीनुद्दिश्य सर्वदेवनमस्काराद्युपदेशोऽपि चारिसञ्जीविनी-न्यायादुपपद्यत तथा व्युत्पादितमस्माभिः **कल्याणकन्दली**नाम्न्यां षोडशकटीकायाम् ।

इदञ्चात्रावधेयम्-श्रुतज्ञानं बीजात्मकगोधूमस्थानीयं, चिन्ताज्ञानमङ्कुरादिस्थानीयं, भावनाज्ञानञ्च फलात्मकगोधूमस्थानीयम् । तेन न 'आज्ञैव प्रमाणमि'ति शास्त्रवचनाज्जायमानस्य प्राथमिकश्रुतज्ञानस्य चिन्तोत्तरकालीनात् 'आज्ञैव प्रमाणमि'ति भावनाज्ञानादभेदप्रसङ्गः, उपधेयसाङ्कर्येऽप्युपाध्यसाङ्कर्यात् ।

---

**આકાશમાં છે. પરંતુ બાળકને સમજાવવા માટે "(૧) शाखायाम् चन्द्रः" આ ન્યાયનો ઉપયોગ થાય છે. (૨) "મ્લેચ્છને મ્લેચ્છની ભાષામાં જ સમજાવવું -" (૩) જેવો યક્ષ તેવો બલિ. - આવો ન્યાય = લોકોક્તિ. તેમ જ કોઈક મુસાફર જંગલમાં ભૂલો પડી ગયો હોય ત્યારે તેને મૂળ માર્ગ ઉપર પહોંચવાને માટે યોગ્ય કેડી બતાવવામાં આવે છે કે જેનાથી તે મૂળ માર્ગ સુધી પહોંચી શકે. જો કે તે કેડી કાંઈ શુદ્ધ માર્ગ ન કહેવાય, છતાં પણ તે અવસ્થામાં તેનું આલંબન કરીને જ શુદ્ધ-મૂળમાર્ગ સુધી પહોંચી શકાય છે. આ બધા ન્યાય પણ ઉપરોક્ત ચારીસંજીવની ન્યાયના = દૃષ્ટાંતના જ સમર્થક છે.**

**આ જ અભિપ્રાયથી યોગશતક ગ્રંથમાં પણ જણાવેલ છે કે —> આ રીતે જ (પોતાના ઈષ્ટદેવને નમસ્કાર કરવા રૂપે) અપુનર્બંધક જીવનો મોક્ષમાર્ગમાં પ્રવેશ થાય છે. જેમ જંગલમાં માર્ગથી ભ્રષ્ટ થયેલો મુસાફર અમાર્ગ સ્વરૂપ કેડીથી મૂળ માર્ગમાં આવે છે તેમ. <— અપુનર્બંધક વગેરેને ઉદ્દેશીને સર્વદેવ નમસ્કાર વગેરે ઉપદેશ પણ ચારીસંજીવની ન્યાયથી જે રીતે સંગત બને છે તે રીતે અમે ષોડશકની કલ્યાણકંદલી નામની ટીકામાં વ્યુત્પાદન કરેલ છે.** ટુંકમાં એમ કહી શકાય કે કોઈ જીવ વૈદિક કુળમાં જન્મેલો હોય અને નાસ્તિકની જેમ જીવન પસાર કરતો હોય તેને ભાવનાજ્ઞાનવાળો ગાયત્રીપાઠ કરવાનો ઉપદેશ આપે, નવકારમંત્ર જપનો નહિ. તેને અતિથિસત્કારનો ઉપદેશ આપે, જૈનોને જમાડવાનો નહિ. તેને માત્ર જૈનમુનિના પ્રવચન સાંભળવાનો નહિ પણ મોરારિ બાપુની રામાયણ કથા કે પાંડુરંગ શાસ્ત્રીના ભાગવત સપ્તાહમાં જવાની પ્રેરણા કરે, તેને જિનપૂજાની નહિ પણ તેના પોતાના ઈષ્ટદેવના દર્શન-વંદનાદિની પ્રેરણા કરે, કારણ કે તેવી જ રીતે તે વ્યક્તિ ધર્મપ્રવૃત્તિ કરી, ધાર્મિક બની, આર્યસંસ્કૃતિને ધબકતી રાખી હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, વ્યસનો વગેરેથી મુક્ત બની મોક્ષમાર્ગે આગળ વધે છે. તેને નવકારજાપ, જૈનોને ભોજન કરાવવા, જૈન પ્રવચન શ્રવણ, જિનપૂજા વગેરેની જ જો વાત કરવામાં આવે તો તે ભડકી જ જાય, અને વધુ નાસ્તિક બને. જૈનકુળના ધર્મપરાઙ્મુખ યુવાનને તો નવકારજાપ, જિનપ્રવચન શ્રવણ વગેરેની પ્રેરણા ભાવનાજ્ઞાનવાળો જરૂર કરે.

તાત્ત્વિકધર્મની જિજ્ઞાસાવાળા સિદ્ધરાજ જયસિંહને કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિવરે સર્વ દેવોની ઉપાસના કરવા જણાવ્યું તથા સમકિતી બનેલા પરમાર્હત કુમારપાળને કેવળ વીતરાગદેવ અને જૈન ધર્મની આરાધના કરવાનું જણાવ્યું. આ રીતે સર્વ ધર્મના જીવોને હિતકારી પ્રવૃત્તિ ગંભીરમનવાલા ભાવનાજ્ઞાની જ કરી શકે. જે જીવનું જે રીતે જ્યાં જ્યારે કલ્યાણ થવાની શકયતા હોય તે રીતે તેનું ઉચિત કલ્યાણ કરવાનો ભાવનાજ્ઞાનીનો ઈરાદો હોય. આ વિષય વાચકવર્ગે ક્ષુદ્રતા છોડી ગંભીર મનથી વિચારવો. જિનશાસનને આત્મામાં પરિણમાવવા માટે સાંપ્રદાયિક જડતા-કદાગ્રહ છોડવા જ રહ્યા.

**અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે શ્રુતજ્ઞાન બીજ સ્વરૂપ ઘઉંના સ્થાને છે. ચિંતાજ્ઞાન એ અંકુર વગેરેના સ્થાને છે. ભાવનાજ્ઞાન એ ફળસ્વરૂપ ઘઉંના સ્થાને છે.** જેમ કે ઘઉં ઉગાડવા માટે ઘઉં વાવવા પડે. વાવવાના પણ ઘઉં અને લણવાના પણ ઘઉં છતા તે બન્ને ઘઉં એક નથી. બીજ અને ફળમાં ભેદ છે. ખેડૂતે વાવવા માટે રાખેલ ઘઉં ખાવાના ઉપયોગમાં લેવામાં આવતા નથી. કોઈ ખાવાના ઉપયોગમાં લે તો ખેડૂત તે વ્યક્તિને ના

इदमप्यत्र स्मर्तव्यम् यद्यपि शब्दतः श्रुतादिज्ञानत्रितयोल्लेखो बोद्धदर्शन उपलभ्यते । यथोक्तं **मातृचेटेन अध्यर्धशतके** —> आगमस्यार्थचिन्ताया भावनोपासनस्य च । कालत्रयविभागोऽस्ति नान्यत्र तव शासनात् ॥ <—(८/९) तथापि परमार्थतः क्षणिकैकान्तवादान्निवर्तमानं श्रुतादिज्ञानत्रितयमर्थतः स्याद्वाद एव विश्राम्यति। अतः स्याद्वादमालम्ब्य जैनदर्शने बौद्धदर्शनसमवतारकृते **श्रीहरिभद्र**सूरिप्रभृतिभिः **षोडशकादौ** श्रुतादिज्ञानत्रय-व्यवस्थोपदर्शिता । इत्थञ्च स्वगत-परममाध्यस्थ्याधायक-भावनाज्ञानोपदर्शनमप्यकारि तैरिति दिक्॥१/६९॥

भावनाज्ञानिनमेवोपदर्शयति —> '**तेने**'ति ।

**तेन स्याद्वादमालम्ब्य, सर्वदर्शनतुल्यताम् ।**
**मोक्षोद्देशावि(द्वि)शेषेण, यः पश्यति स शास्त्रवित् ॥७०॥**

**तेन** = भावनाज्ञानस्य गाम्भीर्यद्वारा सर्वतन्त्रस्थजीवहितकारिप्रवृत्तिजनकत्वेन **स्याद्वादं** सर्वदृष्टिसमूहमयं **अवलम्ब्य** = आश्रित्य सर्वदर्शनेषु **मोक्षोद्देशाऽविशेषेण** = परममुक्तिलक्षणपरमप्रयोजनकत्वस्य समानत्वेन यः **सर्वदर्शनतुल्यतां** = सकलतन्त्रसाम्यं **पश्यति** = विजानाति **स** एव **शास्त्रविद्** = शास्त्रविशारदः इक्षु-गुड-शर्करा-मिष्टान्नादिषु पित्तशामकत्वेन तुल्यतां पश्यन् भिषग्वरवत् । **अध्यात्मतत्त्वालोके**ऽपि —> 'न शब्दभेदे कलहो विधेयो नानाविधानां खलु दर्शनानाम् । विचारणीयं परमार्थतत्त्वं समं हि पश्यन्ति

---

પાડે છે કે 'આ ઘઉં વાવવાના છે, ખાવાના નથી.' ઘઉં તરીકે સમાન હોવા છતાં ત્યાં તેવો ભેદ રહેલ છે. તેમ **'આજ્ઞા એ જ પ્રમાણ છે' આવા જિનવચનથી જે શ્રુતજ્ઞાન પ્રાથમિક કક્ષામાં થાય તેમાં અને શ્રુત-ચિંતા પછી** થનાર 'આજ્ઞા એ જ પ્રમાણ છે' એવા ભાવનાજ્ઞાનમાં બાહ્ય જ્ઞાનાકાર તરીકે સમાનતા દેખાવા છતાં ભેદ રહેલ છે. બન્ને જ્ઞાનના આકાર સંકીર્ણ હોવા છતાં ચિંતાજ્ઞાનજન્યત્વ એને ચિંતાજ્ઞાનથી અજન્યત્વ - આ બે ઉપાધિનો = વિશેષણનો ભેદ હોવાથી તે બન્ને જ્ઞાન ભિન્ન જ છે.

અહીં એ પણ યાદ રાખવું કે જો કે શાબ્દિક રીતે શ્રુતજ્ઞાન વગેરેનો ઉલ્લેખ બૌદ્ધદર્શનમાં મળે છે માતૃચેટ નામના બૌદ્ધ કવિએ અધ્યર્ધશતક કાવ્યમાં જણાવેલ છે કે " હે ગૌતમ બુદ્ધ ! આગમ = શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનની ઉપાસનાનો ત્રૈકાલિક વિભાગ તમારા દર્શન = ધર્મ સિવાય બીજે ક્યાંય નથી" તો પણ વાસ્તવમાં એકાન્તક્ષણિકવાદમાં શ્રુતજ્ઞાન વગેરે વિભાગ સંભવતો ન હોવાથી તે ત્રણેય જ્ઞાન અર્થતઃ સ્યાદ્વાદમાં જ વિશ્રાન્ત થાય છે. માટે સ્યાદ્વાદનો આશ્રય કરીને જૈનદર્શનમાં બૌદ્ધદર્શનનો સમવતાર કરવા માટે શ્રી હરિભદ્ર સૂરિજી મહારાજ વગેરેએ ષોડશક આદિ ગ્રંથોમાં શ્રુતજ્ઞાનાદિની વ્યવસ્થા બતાવેલ છે. -આવું કરવા દ્વારા તેમણે પોતાનામાં રહેલ, પરમ મધ્યસ્થ ભાવ લાવનાર એવા ભાવનાજ્ઞાનનું પણ સૂચન કરેલ છે. આ દિશામાં હજુ આગળ ઘણો વિચાર થઈ શકે તેમ છે. આ તો દિગ્દર્શન માત્ર છે. **(૧/૬૯)**

**શ્લોકાર્થ** :- તે કારણે સ્યાદ્વાદનો આશ્રય લઈને મોક્ષનો ઉદ્દેશ સમાન હોવાની અપેક્ષાએ બધા દર્શનોમાં જે સાધક સમાનતાને જુએ છે તે શાસ્ત્રનો જ્ઞાતા છે. **(૧/૭૦)**

## ✧ સર્વદર્શન તુલ્યતા ✧

**ટીકાર્થ** :- ભાવનાજ્ઞાન ગંભીરતા દ્વારા સર્વદર્શનમાં રહેલ જીવોને હિતકારી પ્રવૃત્તિનું કારણ હોવાથી સર્વદર્શન સમૂહાત્મક સ્યાદ્વાદનો (=યોગ્ય દૃષ્ટિકોણનો) આશ્રય કરીને સર્વદર્શનોમાં પરમમુક્તિસ્વરૂપ પરમપ્રયોજન સમાન હોવાની અપેક્ષાએ જે સાધક સર્વદર્શનોમાં સમાનતા જુએ છે તે જ શાસ્ત્રવિશારદ છે. શેરડી, ગોળ, સાકર, મિષ્ટાન્ન વગેરેમાં પિત્તશામકપણાની અપેક્ષાએ તુલ્યતાને જોનાર શ્રેષ્ઠ વૈદ્યની જેમ આ વાત જાણવી. અધ્યાત્મતત્ત્વાલોકમાં પણ જણાવેલ છે કે —> અનેક પ્રકારના દર્શનોના શબ્દભેદને વિશે કલહ ન કરવો. પરંતુ પરમાર્થતત્ત્વ વિચારવું.

समेक्षिणस्तु' ॥ <— (३/११६) इत्युक्तम् । तत्तन्नयापेक्षया तत्तज्जीव-कालादियोगेन परदर्शनिदेशनाभेदेऽपि सर्वज्ञदेशनामूलकत्वेन शुद्धात्मस्वरूपमोक्षोद्देश्यकत्वस्याऽबाधात् तत्प्रतिक्षेपो नैवमेव युज्यते । तदुक्तं **योगदृष्टिसमुच्चये** —> यद्वा तत्तन्नयापेक्षा तत्तत्कालादियोगतः । ऋषिभ्यो देशना चित्रा तन्मूलैषाऽपि तत्त्वतः ॥१३८॥ तदभिप्रायमज्ञात्वा न ततोऽर्वाग्दृशां सताम् । युज्यते तत्प्रतिक्षेपो महानर्थकरः परः ॥१३९॥ <— इति। उपलक्षणात् 'सर्वदर्शनिप्रवृत्तिषु मोक्षप्रयोजनकत्वाऽविशेषेण सर्वदर्शनिषु सर्वज्ञसेवकत्वतुल्यतां यः पश्यति स एव शास्त्रवित्' इत्यप्यवसेयम् । तदुक्तं **योगदृष्टिसमुच्चय** एव —> यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः। दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ॥१०७॥ सर्वज्ञतत्त्वाभेदेन तथा सर्वज्ञवादिनः । सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ॥१०८॥<— इति । ततश्च सम्प्रदायान्तरादिकमवलम्ब्यापि न द्वेषः कार्यः । तदुक्तं **अध्यात्मतत्त्वालोके** —> न सम्प्रदायान्तरकारणेन कुर्यान् मनः सङ्कुचितं परत्र। सर्वे हि भक्ताः परमेश्वरस्य परस्परं बान्धवतां भजेयुः ॥ (८/३१) धर्मस्य तत्त्वं परमार्थभूतं वदन्ति सर्वे समभाववृत्तिम्। यतेत यस्तत्र शिवं स गामी युक्तं न धर्मान्तरवैमनस्यम् ॥ (८/३४) <— इति।

एवं 'नामादिभेदेऽपि वीतदोषत्व-सर्वगुणमयत्वाद्युपास्यतावच्छेदकधर्माऽविशेषेण सर्वेषु संसारातीतेषु देवेषु तुल्यतां यः पश्यति स शास्त्रविदि'त्यपि बोध्यम् । तदुक्तं **योगदृष्टिसमुच्चये** —> सर्वज्ञो नाम यः

---

કારણ કે સમદૃષ્ટિવાળા જીવો તો સમાન જ જુએ છે <— અલગ અલગ નયની અપેક્ષાએ અલગ અલગ કાળથી, અલગ અલગ જીવોને ઉદ્દેશીને પરદર્શનીઓની દેશનામાં ભેદ હોવા છતાં પણ તે બધા જ દર્શનો સર્વજ્ઞદેશનામૂલક હોવાથી તેનું ઉદ્દેશ્ય શુદ્ધઆત્મસ્વરૂપ મોક્ષ છે તે વાતમાં કોઈ વિવાદ નથી. માટે પરદર્શનીઓના આગમોનો એમને એમ વગર વિચાર્યે વિરોધ કરવો યોગ્ય ન કહેવાય. શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ <u>યોગદષ્ટિસમુચ્ચય</u> ગ્રંથમાં જણાવેલ છે કે —> તે તે નયની અપેક્ષાએ, તે તે કાળ વગેરેની અપેક્ષાએ કપિલ વગેરે ઋષિઓની દેશના વિભિન્ન પ્રકારની બનેલી છે, છતાં પણ પરમાર્થથી તે દેશના સર્વજ્ઞદેશનામૂલક જ છે. તેથી તેનો અભિપ્રાય જાણ્યા વિના છદ્મસ્થ વ્યકિત તેનો અપલાપ કરે તે યાગ્ય નથી. કારણ કે તે અત્યંત મહાઅનર્થને કરનાર છે. <— ઉપલક્ષણથી "સર્વદર્શનીઓની પ્રવૃત્તિઓનું મોક્ષ જ મુખ્ય પ્રયોજન છે આમ મોક્ષપ્રયોજન સમાન હોવાના કરણે, સર્વદર્શનીઓમાં સમાન રીતે સર્વજ્ઞસેવકપણું જુએ છે તે જ શાસ્ત્રવેત્તા છે." - આ વાત પણ ખ્યાલમાં રાખવી. <u>યોગદષ્ટિસમુચ્ચય</u>માં જણાવ્યું છે કે —> એક જ રાજાને આશ્રયીને રહેલા સેવકોમાં નજીકપણું, દૂરપણું અર્થાત્ રાજાનો નજીકનો સેવક, રાજાનો દૂરનો સેવક - એવો ભેદ હોવા છતાં તે બધામાં સેવકપણું તો છે જ, તે જ રીતે સર્વજ્ઞતત્ત્વ એક હોવાના કારણે અલગ અલગ દર્શનમાં રહેલા, ભિન્ન ભિન્ન આચારવાળા બધા જ સર્વજ્ઞવાદીઓ સર્વજ્ઞતત્ત્વને અનુસરનારા જાણવા, અર્થાત્ તે બધા જ સર્વજ્ઞતત્ત્વને પામનારા છે. <— જો સર્વદર્શનીઓ સર્વજ્ઞના સેવક જ હોય તો એક જ દર્શનના અલગ અલગ સંપ્રદાયમાં રહેલા ભિન્ન ભિન્ન આચારવાળા ધર્મી જીવો પણ સર્વજ્ઞના ઉપાસક જ હોય ને ! માટે સંપ્રદાયભેદ વગેરેનું આલંબન કરીને પણ અન્ય સંપ્રદાયના સાધકો ઉપર દ્વેષ ન કરવો. <u>અધ્યાત્મતત્ત્વાલોક</u> ગ્રંથમાં ન્યાયવિજયજી મ.સા. જણાવે છે કે —> સંપ્રદાયભેદના કારણે અન્ય સંપ્રદાયના જીવો પ્રત્યે મનને સંકુચિત ન કરવું. કારણ કે તે બધા જીવો પરમેશ્વરના ભકત છે. તેથી પરસ્પર બાંધવપણાને સ્વીકારવું જોઈએ. સર્વદર્શનકારો - સંપ્રદાયકારો કહે છે કે "ધર્મનું પરમાર્થભૂત તત્ત્વ સમભાવવૃત્તિ છે." તેથી જે જીવ સમભાવ પરિણતિને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરે તે મોક્ષગામી થાય છે. માટે ધર્મભેદના નિમિત્તે વૈમનસ્ય કરવું તે યુક્ત નથી.<—

एवं ०। આ રીતે નામ વગેરેનો ભેદ હોવા છતાં પણ દોષશૂન્યતા, સર્વગુણમયત્વ વગેરે ઉપાસ્યતાઅવચ્છેદક ધર્મ સમાન હોવાથી સર્વ સંસારાતીત દેવોમાં જે વ્યક્તિ સમાનતા જુએ છે તે જ શાસ્ત્રવિશારદ છે. - આ

कश्चित्पारमार्थिक एव हि । स एक एव सर्वत्र व्यक्तिभेदेऽपि तत्त्वतः ॥१०३॥<— इति । तदुक्तं प्रकृतग्रन्थकृतापि **परमज्योतिःपञ्चविंशतिस्तोत्रे** —> बुद्धो जिनो हृषीकेशः, शम्भु-ब्रह्मादिपुरुषः । इत्यादिनामभेदेऽपि नार्थतः स विभिद्यते ॥७॥ <— इति । **श्रीहेमचन्द्रसूरि**भिरपि **महादेवस्तोत्रे** —> भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य । ब्रह्मा वा विष्णुर्वा महेश्वरो वा नमस्तस्मै ॥३३॥ <— इत्युक्तम् । **लोकतत्त्वनिर्णये श्रीहरिभद्रसूरि**भिरपि —> यस्य निखिलाश्च दोषा न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते । ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥४०॥ <— इत्युक्तम् । **परमात्मद्वात्रिंशिकायां श्रीसिद्धसेनदिवाकर**सूरिभिरपि —> विधि-ब्रह्म-लोकेश-बुद्ध-स्वयम्भू-चतुर्वक्त्रमुख्याभिधानां विधानम् । ध्रुवोऽथ य ऊचे जगत्सर्गहेतुः स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः ॥७॥ <— इत्युक्तम् । **योगसारे**ऽपि —> अदेहः कर्मनिर्मुक्तः परमात्मा न भिद्यते। संख्ययानेकरूपोऽपि गुणतस्त्वेक एव सः । अनन्तदर्शनज्ञानवीर्यानन्दगुणात्मकः ॥<— (१/१६-१७) इत्युक्तम् । युक्तश्चैतत् दृष्टदृष्टिवादानामभिधानमात्राभिनिवेशानौचित्यात्, गुणग्रहणरसिकस्वभावत्वात् । अत एवैदम्पर्यार्थान्वेषिणः समतामवलम्बमानाः तीर्थिका अपि सर्वज्ञवचनाभिधेयार्थविरुद्धवाक्यार्थाननुप्रवेशेन यावदुपपन्नमिच्छन्ति । तदुक्तं **अध्यात्मगीतायां** —> परस्परविरुद्धा या असङ्ख्या धर्मदृष्टयः । अविरुद्धा भवन्त्येव सम्प्राप्याध्यात्मवेदिनम् ॥<— (२२१) इति । एतदुदाहरणविधया —> यत्साङ्ख्यैः प्राप्यते स्थानं

---

વાત પણ ઉપલક્ષણથી જાણવી. **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રંથમાં જ જણાવેલ છે કે —> સર્વજ્ઞ નામની જે કોઈ વ્યક્તિ છે તે વ્યક્તિભેદ હોવા છતાં પણ પરમાર્થથી સર્વત્ર એક જ છે. <— પ્રસ્તુત ગ્રંથકારે પણ **પરમજયોતિપંચવિંશતિ** સ્તોત્રમાં જણાવેલ છે કે —> બુદ્ધ, જિન, હૃષીકેશ, શંભુ, બ્રહ્મા, આદિપુરૂષ આ પ્રમાણે અલગ અલગ નામ હોવા છતાં પણ અર્થથી તેનો કોઈ ભેદ નથી. <— **શ્રી હેમચંદ્રસૂરિજી** મહારાજાએ પણ **મહાદેવસ્તોત્ર**માં બતાવેલ છે કે —> સંસારના બીજને (કારણને) અંકુરિત કરનારા, (= સક્રિય બનાવનાર) રાગ વગેરે દોષો જેના નાશ પામ્યા છે, તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય કે મહેશ્વર હોય, તેને નમસ્કાર થાઓ. <— **શ્રીહરિભદ્રસૂરિજી**એ **લોકતત્ત્વનિર્ણય** ગ્રંથમાં કહ્યુ છે કે —> જેમાં સર્વે દોષો રહેતા નથી, તથા સર્વે ગુણો રહે છે તે બ્રહ્મા હોય, વિષ્ણુ હોય, મહાદેવ હોય કે જિનેશ્વર હોય તેને નમસ્કાર થાઓ <— **શ્રી સિદ્દસેનદિવાકરસૂરિજી** મહારાજાએ **પરમાત્મદ્વાત્રિંશિકા** ગ્રંથમાં જણાવેલ છે કે - —> વિધાતા, બ્રહ્મા, લોકેશ, બુદ્ધ, સ્વયંભૂ, ચતુર્વકત્ર વગેરે નામોથી તેમ જ ધ્રુવ, જગદ્ઉત્પત્તિકારણરૂપે જે કહેવાય છે તે પરમાત્મા જિનેન્દ્ર એક જ મારૂં શરણ થાઓ. **યોગસાર** ગ્રંથમાં પણ જણાવેલ છે કે- —> કર્મશૂન્ય વિદેહ પરમાત્મામાં કોઈ ભેદભાવ નથી. સંખ્યાથી તે અનેક સ્વરૂપવાળા હોવા છતાં પણ ગુણથી તો તે એક જ છે. અનંત દર્શન, જ્ઞાન, શક્તિ અને આનંદ સ્વરૂપ ગુણમય તે પરમાત્મા છે. <— આ વાત વ્યાજબી છે. આનું કારણ એ છે કે જેમણે દૃષ્ટિવાદ = સ્યાદ્વાદ જાણેલો છે, પચાવેલો છે તેવા સાધકો ગુણને ગ્રહણ કરવામાં રસિક સ્વભાવવાળા હોવાથી તેઓ નામ માત્રના ભેદથી કદાગ્રહ કરે તે ઉચિત નથી. સ્યાદ્વાદને આત્મસાત્ કરનાર મુમુક્ષુ ગુણગ્રાહી હોવાના લીધે જ જે અન્યદર્શનીઓ સમતા ધારણ કરીને શાસ્ત્રના તાત્પર્યાર્થને = રહસ્યાર્થને શોધે છે તેઓ પણ સર્વજ્ઞવચનના અર્થને વિરોધી હોય તેવા વાક્યોના અર્થમાં પ્રવેશ કર્યા વિના જેટલું તાત્ત્વિક રીતે સંગત હોય તેને સ્વીકારે છે. **અધ્યાત્મગીતા**માં જણાવેલ છે કે —> પરસ્પર વિરૂદ્ધ એવી અસંખ્ય ધર્મદૃષ્ટિઓ = ધર્મદર્શનો છે તે અધ્યાત્મવેદીને (= સ્યાદ્વાદી મુમુક્ષુને ) પામીને વિરોધમુક્ત બને છે. <—આના ઉદાહરણ તરીકે —> સાંખ્ય દર્શનીઓ વડે જે સ્થાન મેળવાય છે તે જ સ્થાન યોગદર્શનીઓ

तद्योगैरपि गम्यते । एकं साङ्ख्यञ्च योगञ्च यः पश्यति स पश्यति ॥<— (भ.गी.५/५ पं.द.९/१३४) इति **भगवद्गीता-पञ्चदशी**प्रभूतिवचनमवगन्तव्यम् । अत एवान्यागमेष्वपि नैकान्ततो विप्रतिपत्तव्यम्, मूलागमैकदेशभूतत्वादेवान्यागमानाम् । तदुक्तं **षोडशके** —> तत्रापि च न द्वेषः कार्यो विषयस्तु यत्नतो मृग्यः। तस्यापि न सद्वचनं सर्वं यत्प्रवचनादन्यत् ॥<— (१६/१३) इति ।

निरुपाधिकात्मस्वरूपमोक्षोद्देशता तु परकीयाऽऽगमेऽपि दृश्यत एवानाविला । तथाहि —> आत्मा वाऽरे दृष्टव्यः श्रोतव्यः मन्तव्यो निदिध्यासितव्यः <—(२/४/५) इति **बृहदारण्यकोपनिषद्**वचनं,—> 'ब्रह्माहमि'ति ज्ञात्वा सर्वबन्धैः प्रविमुच्यते <— (१७) इति **कैवल्योपनिषद्**वचनं, —> क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे <— (२/२/८) इति **मुण्डकोपनिषद्**वचनं, —> तरति शोकमात्मवित् <— (७/१/३) इति **छान्दोग्योपनिषद्**वचनं, —> ब्रह्मचर्यमहिंसां चापरिग्रहं च सत्यं च यत्नेन हे रक्षत हे रक्षत <— इति (४) **आरुण्युपनिषद्**वचनं, —> संसारमेव निःसारं दृष्ट्वा सारदिदृक्षया । प्रव्रजन्त्यकृतोद्वाहाः परं वैराग्यमाश्रिताः ॥ <—(३१५) इति **नारदपरिव्राजकोपनिषद्**वचनं, —> स्वाध्याययोगसम्पत्त्या परमात्मा प्रकाशते <— (६/६/२) इति **विष्णुपुराण**वचनं, —> मुक्तिर्योगात् तथा योगः सम्यग्ज्ञानात् महीयते <—(३९/२) इति **मार्कण्डेयपुराण**वचनं,—> राग-द्वेषादयो दोषाः सर्वे भ्रान्तिनिबन्धनाः <— (३/२०) इति **कूर्मपुराणवचनं,** —> अहिंसा सुनृता वाणी सत्यं शौचं दया क्षमा । वर्णिनां लिङ्गिनां चैव सामान्यो धर्म उच्यते ॥<— (२३९/१०) इति **अग्निपुराण**वचनं, —> घोरेऽस्मिन् हन्त ! संसारे नित्यं सततघातिनि । कदलीस्तम्भनिःसारे संसारे सारमार्गणम् । यः करोति स सम्मूढो जलबुद्बुदसन्निभे ॥

---

વડે પણ મેળવાય છે. આમ સાંખ્ય અને યોગદર્શની એક જ છે. આવું જે જુએ છે તે જ વાસ્તવમાં જુએ છે <— આવું ભગવદ્ગીતા, પંચદશી વગેરેનું વચન સમજી શકાય તેમ છે. માટે જ પરઆગમમાં પણ એકાંતે વિવાદ ન કરવો. કારણ કે અન્યઆગમો મૂળ આગમના = જૈન આગમના જ એક અશંભૂત છે. ષોડશક ગ્રંથમાં આ વાતને જણાવતા કહ્યું છે કે —> મૂળ આગમના = જૈન આગમના જ એક ભાગરૂપ તેવા અન્ય દર્શન શાસ્ત્રોમાં પણ દ્વેષ ન કરવો, પરંતુ તેનો વિષય આદરપૂર્વક શોધવો. કારણ કે અન્યદર્શન શાસ્ત્રોના પણ જે વચનો સારા છે તે બધા જ દ્વાદશાંગીથી અભિન્ન છે. <—

## ❁ અન્યદર્શનોમાં મોક્ષલક્ષિતાનું દર્શન ❁

निरु. । અહીં એવી શંકા થાય કે "અન્યદર્શનોમાં મોક્ષલક્ષિતા ક્યાં રહેલી છે ?" તો તેનું સમાધાન એ છે કે અન્યદર્શનકારોના શાસ્ત્રોમાં પણ નિરૂપાધિક આત્મસ્વરૂપ મોક્ષનો ઉદ્દેશ સ્પષ્ટ રીતે જણાય છે. તે આ મુજબ —> આત્માનું દર્શન, શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવું <— આવું બૃહદ્આરણ્યક ઉપનિષદ્નું વચન; —> "હું બ્રહ્મ છું" એવું જાણીને જીવ સર્વ બંધનોથી અત્યંત મુક્ત થાય છે. <— આવું કૈવલ્યઉપનિષદ્નું વચન; —> તે શ્રેષ્ઠ પરતત્ત્વ દેખાય ત્યારે જીવના કર્મો ક્ષય પામે છે. <— આવું મુણ્ડકોપનિષદ્નું વચન; —> આત્માને જાણનાર શોકનો પાર પામે છે. <— આવું છાન્દોગ્ય ઉપનિષદ્નું વચનઃ —> હે ભાઈ ! બ્રહ્મચર્ય, અહિંસા, અપરિગ્રહ અને સત્યની પ્રયત્નપૂર્વક રક્ષા કરો <— આવું આરૂણી ઉપનિષદ્નું વચનઃ —> સંસારને અસાર જોઈને શ્રેષ્ઠ વૈરાગ્ય પામેલા તથા નહિ પરણેલા એવા સાધકો સારને મેળવવાની ઈચ્છાથી સંસારનો ત્યાગ કરી મોક્ષમાર્ગે પ્રકર્ષથી આગળ વધે છે <— આવું નારદપરિવ્રાજક ઉપનિષદ્નું વચન તેમ જ —> સ્વાધ્યાય અને યોગની પ્રાપ્તિથી

<— (१/५०) **मनुस्मृतिवचनं,** —> निव्वाणसुखा परं नत्थि <— (१६/१/४७८) इति **थेरगाथा**वचनं, —> 'निब्बानं परमं सुखं' <— (१५/८) इति **धम्मपद**वचनं, —> अनुत्तरं, योगक्खेमं, निव्वानं, अज्झगमं <— (२६) इति **मज्झिमनिकाय**गतं **अरियपरियेसन**सूत्रमित्यादि ।

**न चैवं** परागमप्रशंसया सम्यग्दर्शनातिचारः, यद्वा सर्वदर्शनसाम्याङ्गीकारे मिश्रगुणस्थानकापत्तिरिति **शङ्कनीयम्,** अन्यागमगतासदंशप्रशंसानुद्देशात्, सम्यग्दर्शनस्य च परकीयागमसदंशस्वीकारानुगुणत्वान्न सम्यग्दर्शनातिचारापत्तिः, मोक्षोद्देश्यकत्वांशेन सर्वदर्शनसाम्याङ्गीकारेऽपि सर्वांशैः सर्वदर्शनप्रामाण्यानुपगमान्न विशिष्टविवेकिनां मिश्रगुणस्थानकापत्तिः । सम्यग्दर्शनातिचारसम्भवस्त्वसद्वचनप्रशंसायामेव, मुग्धतया विषयविभागं विमुच्य सर्वांशैः सर्वधर्मतुल्यतोपगमे एवच मिश्रगुणस्थानसम्भवः । धर्मार्ह-परदर्शनिसमीपं तदभ्युपगतागमगतसदंशप्रशंसायामपि तात्त्विकधर्मप्रवेशनोद्देशात् तथाविधधर्मप्रवर्तनादिना परदर्शनिहितवृत्तिरेव भावनाज्ञानवतां, न तु सर्वांशे यथाकथञ्चिद्वा तदागमप्रशंसाभिप्रायः ।

પરમાત્મા પ્રકાશે છે <— <u>માર્કણ્ડેયપુરાણ</u>નું વચન; —> રાગ; દ્વેષ વગેરે સર્વ દોષો ભવભ્રમણના કારણ છે <—આવું <u>કૂર્મપુરાણ</u>નું વચન; —> અહિંસા, સત્યવાણી, વચન-આચરણ વચ્ચે અવિસંવાદ (= સત્ય), શૌચ = પવિત્રતા, દયા, ક્ષમા,- આ સર્વ વર્ણાશ્રમીઓ અને સર્વ સંન્યાસી-સાધુઓનો સામાન્ય ધર્મ છે. <— આવું <u>અગ્નિપુરાણ</u>નું વચન તથા —> જીવનો સતત ઘાત કરનારા, અને કેળાના ઝાડના થડની જેમ અસાર અને પાણીના પરપોટાની જેમ ક્ષણિક એવા ઘોર સંસારની અંદર જે વ્યક્તિ સાર પદાર્થને શોધવાનો પ્રયત્ન કરે છે તે ખરેખર સંમૂઢ છે <—આવું <u>મનુસ્મૃતિ</u>નું વચન; તેમ જ —> નિર્વાણ સુખ કરતાં બીજી કોઈ વસ્તુ શ્રેષ્ઠ નથી. <—આવું <u>થેરગાથા</u> નામના બૌદ્ધગ્રંથનું વચન, —> નિર્વાણ પરમ સુખ છે <—આવું <u>ધમ્મપદ</u> નામના બૌદ્ધગ્રંથનું વચન; —> જેનાથી કોઈ ચઢિયાતું નથી તેવો મોક્ષ આત્માનું યોગક્ષેમ કરનાર છે અને અનુભવગમ્ય છે. <— આવું <u>મજ્ઝિમનિકાય</u> નામના બૌદ્ધગ્રંથનું <u>અરિયપરિયેસનસૂત્ર</u>. ઉપરોક્ત શાસ્ત્રસંદર્ભથી અન્યદર્શનના આગમોમાં પણ ઉદ્દેશ્યરૂપે મોક્ષ જ વણાયેલો જણાય છે.

## ❈ પરદર્શનના સત્ અંશને સ્વીકારવામાં સમ્યગ્દર્શન નિરતિચાર ❈

ન ચૈવં૦ । અહીં એવી શંકા થાય કે —> આ રીતે અન્યદર્શનોના આગમોની પ્રશંસા કરવાથી સમ્યગ્દર્શનને અતિચાર લાગશે, અથવા તો સર્વદર્શનને સમાન માનવામાં, મિશ્રગુણસ્થાનક પ્રાપ્ત થવાની આપત્તિ આવશે. કારણ કે સર્વધર્મસમાન આ પરિણામ તો મિશ્રગુણસ્થાનકવર્તી જીવનો હોય એમ કર્મગ્રંથ વગેરેમાં જણાવેલ છે. <—તો આવી શંકા નિરાધાર છે. કારણ કે અમારા ઉપરોક્ત વક્તવ્યનો ઉદ્દેશ અન્ય આગમમાં રહેલ મિથ્યાઅંશની પ્રશંસા નથી. તેમ જ સમ્યગ્દર્શન તો અન્ય આગમમાં રહેલ સત્ અંશને સ્વીકારવામાં અભિમુખ હોય છે. માટે ઉપરોક્ત વાતને સ્વીકારવાથી સમ્યગ્દર્શનનો અતિચાર લાગવાની આપત્તિ નહિ આવે. સર્વદર્શનોનું ઉદ્દેશ્ય મોક્ષ હોવાના કારણે એ અંશમાં સર્વદર્શનોની સમાનતા સ્વીકારવા છતાં પણ સર્વદર્શનોમાં સર્વ અંશોનું પ્રામાણ્ય ન સ્વીકારવાના કારણે, વિશિષ્ટ વિવેકસંપન્ન જીવોને મિશ્રગુણસ્થાનક આવવાની આપત્તિ રહેતી નથી. સમ્યગ્દર્શનનો અતિચાર તો અસત્ વચનની પ્રશંસામાં જ સંભવે છે. તથા મુગ્ધપણાના કારણે વિષયવિભાગને છોડીને સર્વાંશે સર્વ ધર્મોને તુલ્ય માનવામાં જ મિશ્રગુણસ્થાનક આવવાનો સંભવ છે. વળી, અહીં એ વાત ધ્યાનમાં રાખવી કે ધર્મયોગ્ય પરદર્શની પાસે તેણે સ્વીકારેલ આગમના સત્ અંશની પ્રશંસા કરવામાં પણ ભાવનાજ્ઞાનીનો આશય પરદર્શનીને તાત્ત્વિક ધર્મમાં કરાવવાના ઉદ્દેશથી તેવા પ્રકારના ધર્મમાં પ્રવર્તાવવા દ્વારા તેના હિતનો જ હોય છે, નહિ કે સર્વ અંશમાં તેના આગમની પ્રશંસાનો અભિપ્રાય. આવું કહેવા દ્વારા —> " આબાદીની કામનાવાળા જીવે વાયુ દેવતા સંબંધી સફેદ બોકડાનું બલિદાન દેવું." <— ઈત્યાદિ <u>શતપથબ્રાહ્મણ</u> વગેરે વેદવચનોના

**एतेन** —> 'श्वेतं वायव्यमजमालभेत भूतिकामः' इति **शतपथब्राह्मणा**दिवचनप्रामाण्यापत्तिरपि **निरस्ता,** भरतचक्रवर्तिकालीनानामतिप्राचीनमूलवेदानां सर्वज्ञागमैकवाक्यतापन्नवचनत्वांशापेक्षया प्रमाणत्वसम्भवेऽपि हिंसा-बहुलानां यज्ञादिगोचराणां वेदविधिवचनानां सगरसुलसादिप्रतारणार्थं मधुपिङ्गजीवमहाकालाख्यासुरादिना पश्चा-त्कृतत्वेनाऽप्रामाण्यादेव । **प्रकृतार्थे** —> मधुपिङ्गोऽप्यपमानात् कृत्वा बालतपो मृतः । महाकालाभिधः षष्टिसहस्रोऽसुरोऽभवत् ॥ <— (७/२/४७४) इत्यादितः —> सगरं सुलसायुक्तं स जुहावाऽध्वरानले। कृतकृत्यो जगामाथ महाकालः स्वमाश्रयम् ॥ <— (७/२/५००) इत्यन्तं **त्रिषष्टिशलाकापुरुषचरित्रम**वलो-कनीयम्। तत्रैव च प्रथमपर्वगतषष्ठसर्गे —> वेदाश्चार्हत्स्तुति-यतिश्राद्धधर्ममयास्तदा । पश्चादनार्याः सुलसा-याज्ञवल्क्यादिभिः कृता ॥ <— (त्रि.श.पु. १।६।२५६) इत्यप्युक्तमिति हिंसाप्रचुरयज्ञादिविधायकानि वेद-वचनानि मृषाभाषायामेवान्तर्भवन्ति । तदुक्तं **भाषारहस्यविवरणे** —> वेदादौ विध्यादिवचनानि तु परप्रतारणार्थं कालासुरादिकृतत्वेन मायानिःसृतायामन्तर्भवन्ति <— (गा.५०)।

इदञ्चात्रावधेयं-भावनाज्ञानवतां पर्यालोचितसार्वतान्त्रिकस्याद्वादरहस्यानामेव सदसद्विवेकसमर्थत्वात्सर्वदर्शन-तुल्यतादृष्टिरनेकान्तवादमबलम्ब्य युक्ता, न तु मुग्धानाम् । साम्प्रतन्तु केषाञ्चित् परकीयागममूलसिद्धान्तानामपि

---

**પ્રામાણ્યની આપત્તિનું પણ નિરાકરણ થઈ જાય છે. કારણ કે ભરત ચક્રવર્તીકાલીન અતિપ્રાચીન મૂળ વેદોમાં સર્વજ્ઞના વચનની = આગમની સાથે એકવાક્યતાને ધારણ કરનાર વચનાત્મક અંશની અપેક્ષાએ પ્રામાણ્યનો સંભવ હોવા છતાં પણ વર્તમાન કાળમાં વેદમાં ઉપલબ્ધ થનાર હિંસાપ્રચુર યજ્ઞાદિના વિધાયક વચનો તો સગર અને સુલસા વગેરેને ઠગવા માટે મધુપિંગના જીવ મહાકાલ નામના અસુર વગેરેએ પાછળથી રચેલ હોવાથી અપ્રમાણ જ છે. આ સંબંધમાં વિશિષ્ટ જાણકારી મેળવવા માટે વાચકવર્ગે ત્રિષષ્ટિશલાકાપુરૂષચરિત્રના ૭મા પર્વનું અવલોકન કરવું. —> મધુપિંગ પણ અપમાનથી બાલતપ કરીને મૃત્યુ પામ્યો અને ૬૦૦૦૦ વર્ષના આયુષ્યવાળો મહાકાલ નામનો અસુર થયો. <— આ શ્લોકથી માંડીને ...—> [1]સુલસા સહિત સગરને યજ્ઞના અગ્નિમાં હોમીને કૃતકૃત્ય બનેલો તે મહાકાલ પોતાના સ્થાનમાં ગયો. —> ત્યાં સુધીના ૨૬ શ્લોકો ત્યાંથી જાણી લેવા. ત્રિષષ્ટિ શલાકાપુરુષચરિત્ર ગ્રન્થના પ્રથમ પર્વમાં પણ શ્રીકલિકાલ સર્વજ્ઞ ભગવંતે જણાવેલ છે કે —> ઋષભદેવ ભગવાન, ભરત ચક્રવર્તી વગેરેના કાળમાં વેદો અરિહંત ભગવાનની સ્તુતિ, સાધુધર્મ અને શ્રાવકધર્મના પ્રતિપાદનથી ભરેલા હતા. પરંતુ પાછળથી સુલસા, યાજ્ઞવલ્કય વગેરે દ્વારા વેદો અનાર્ય = વિકૃત કરી મૂકાયા. <—પવિત્ર પ્રાચીન વેદોને ઉત્તરકાલીન મહાકાલ, યાજ્ઞવલ્કય વગેરેએ અભડાવી મૂકેલ હોવાથી હિંસાપ્રચુર એવા યજ્ઞાદિના વિધાયક વેદવચનો મૃષાભાષામાં જ સમાવિષ્ટ થાય છે. ભાષારહસ્ય ગ્રંથના સ્વોપજ્ઞ વિવરણમાં મહોપાધ્યાયજી મહારાજાએ પણ જણાવેલ છે કે —> વેદ વગેરેમાં આવતા વિધિ વગેરે વચનો તો બીજાને ઠગવા કાલાસુર વગેરેએ બનાવેલ હોવાથી માયાનિઃસૃત મૃષાભાષામાં જ અંતર્ભાવ પામે છે. <—**

इदं च ० । **અહીં આ વાત ધ્યાનમાં રાખવી કે જેઓએ સાર્વતાંત્રિક સ્યાદ્વાદના રહસ્યોને પચાવેલા છે એવા ભાવનાજ્ઞાનવાળા જીવો જ સત્-અસત્નો વિવેક કરવામાં સમર્થ છે. માટે અનેકાન્તને અવલંબીને સર્વદર્શનતુલ્યાની દૃષ્ટિ તેઓને માટે જ યુક્ત છે, નહિ કે મુગ્ધ જીવોને પણ. વર્તમાનકાલમાં તો પરકીય આગમોના કેટલાંક મૂળ સિદ્ધાંતોનું પણ પશ્ચાત્કાલીન પરદર્શની વિદ્વાનોએ અન્ય પ્રકારે સમર્થન કરેલ છે. આ વાત સ્યાદ્વાદરહસ્ય ગ્રન્થની અમે રચેલ જયલતા ટીકામાંથી સુજ્ઞ પુરૂષોએ જાણી લેવી. તેમજ પરકીય દેવોનું પણ પરદર્શનના વિદ્વાનોએ વિકૃત રૂપે પ્રતિપાદન કર્યું છે. માટે શાસ્ત્રમાં બતાવેલો, તેઓના સંગને છોડવાનો**

---

૧. ભગવાનમહાવીરકાલીન સુલસાથી આ સુલસા અલગ વ્યક્તિ છે.

पश्चात्कालीनैःविद्वद्भिरन्यथैवोपपादनात्, परकीयदेवानामपि विकृतरूपेण तैरेव प्ररूपणात्, तत्संसर्गत्यागोपदेशोऽपि सङ्गच्छत एव, अन्यथा उन्मार्गप्रवर्तनापत्तेरिति दिक् ॥१/७०॥

तर्हि किं केनाऽपि परदर्शनिना सह वादो न कर्तव्यः ? इत्याशङ्कायामाह —> '**माध्यस्थ्यमि**'ति।

**माध्यस्थ्यमेव शास्त्रार्थो, येन तच्चारु सिध्यति ।**
**स एव धर्मवादः स्यादन्यद् बालिशवल्गनम् ॥७१॥**

**माध्यस्थ्यं** = हेतु-स्वरूपानुबन्धतः मध्यस्थता **एव शास्त्रार्थः** = सकलशास्त्रैदम्पर्यार्थः सकलशास्त्रप्रयोजनं वा । **येन** वादेन **चारु** = सुन्दरं **तत्** = माध्यस्थ्यं **सिध्यति** = निष्पद्यते **स एव धर्मवादः** = तात्त्विकधर्मप्रतिपत्त्यनुकूलवादः **स्यात्**। अत एव तदधिकारिणि परलोकप्राधान्यादिकमपेक्ष्यते। तदुक्तं **अष्टकप्रकरणे** —> परलोकप्रधानेन मध्यस्थेन तु धीमता । स्वशास्त्रज्ञाततत्त्वेन धर्मवाद उदाहृतः ॥ <— (१२/६) 'सह' इति गम्यते । वादि-प्रतिवादिनोरुभयोरेवोपर्युक्तविशेषणकूटोऽपेक्ष्यते इत्यवधेयम् । **न चेह** धर्मवादफलरूपेण माध्यस्थ्यमुपदर्शितं, तत्र तु तदधिकारिविशेषणतया तदावेदितमिति कथं नान्योन्याश्रय उत्पत्तौ इति **शङ्कनीयम्**,यतो धर्मवादाधिकारिणि आत्यन्तिकस्वदर्शनानुराग-परदर्शनद्वेषराहित्यलक्षणं हेतुमाध्यस्थ्यंताटस्थ्यलक्षणं वा स्वरूपमाध्यस्थ्यमपेक्षितम्, इह तु समतालक्षणं साम्यापराभिधानमनुबन्धमाध्यस्थ्यं धर्मवादफलतयाऽभिहितमिति

---

ઉપદેશ, પણ સંગત જ છે. કારણ કે વિકૃત બનેલા પરદર્શન વગેરેનો સંગ કરવાથી ઉન્માર્ગમાં પ્રવર્તન કરવાની અને કરાવવાની આપત્તિ આવે. અહીં જે કાંઈ કહેવાયેલું છે તે માત્ર દિગ્દર્શન છે. આ દિશાસૂચનના આધારે વિજ્ઞ વાચકવર્ગ આગળ વધુ વિચારી શકે છે. <u>(૧/૭૦)</u>

અહીં એવી શંકા થાય કે —> મોક્ષોદ્દેશથી સર્વદર્શનોને સમાનરૂપે સ્વીકારવામાં આવે તો શું કોઈ પણ અન્યદર્શની પ્રતિવાદી સાથે વાદ ન કરવો ? <— તો તેનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી જણાવે છે કે

<u>**શ્લોકાર્થ**</u> :- માધ્યસ્થ્ય એ જ શાસ્ત્રાર્થ છે. સુંદર એવું માધ્યસ્થ્ય જેનાથી સિદ્ધ થાય તે જ ધર્મવાદ છે. તે સિવાયનો વાદ તે મૂર્ખના બકવાસ જેવું છે. <u>(૧/૭૧)</u>

### ☼ શુષ્કવાદ - વિવાદ છોડો; ધર્મવાદ અપનાવો ☼

<u>**ટીકાર્થ**</u> :- હેતુ, સ્વરૂપ અને અનુબંધથી મધ્યસ્થતા એ જ શાસ્ત્રાર્થ છે. અર્થાત્ સકળ શાસ્ત્રનો ઐદંપર્યાર્થ છે અથવા સકળ શાસ્ત્રનું પ્રયોજન છે. જે વાત દ્વારા સુંદર મધ્યસ્થ ભાવ નિષ્પન્ન થાય તે જ તાત્ત્વિક ધર્મના સ્વીકારને અનુકૂળ એવો ધર્મવાદ બને. માટે જ ધર્મવાદ કરવાના અધિકારીના વિશેષણરૂપે પરલોકનો સ્વીકાર વગેરે અપેક્ષિત બને છે. <u>અષ્ટકપ્રકરણ</u>માં શ્રી <u>હરિભદ્રસૂરિ</u> મહારાજાએ દર્શાવેલ છે કે —> પરલોકપ્રધાન, મધ્યસ્થ, બુદ્ધિશાલી તથા પોતાના શાસ્ત્રના જાણકાર એવા પ્રતિવાદી સાથે જે વાદ કરવો તે ધર્મવાદ કહેવાય છે. <— અહીં બતાવેલ ચારેય વિશેષણ વાદી અને પ્રતિવાદી બન્નેમાં અપેક્ષિત છે. આ વાત ખ્યાલમાં રાખવી અહીં એ શંકા થાય કે —> આ ગ્રંથમાં ધર્મવાદના ફળરૂપે માધ્યસ્થ્ય બતાવેલ છે. જ્યારે <u>અષ્ટકપ્રકરણ</u>માં તો ધર્મવાદના અધિકારીની યોગ્યતા રૂપે માધ્યસ્થ્ય બતાવેલ છે. તેથી ઉત્પત્તિમાં અન્યોન્યાશ્રય દોષ કેમ ન આવે ? ધર્મવાદથી મધ્યસ્થતા ઉત્પન્ન થાય, અને ધર્મવાદ માટે મધ્યસ્થતા અપેક્ષિત છે - આથી મધ્યસ્થતા ઉત્પન્ન કરવામાં અન્યોન્યાશ્રય દોષ સ્પષ્ટ થાય છે. <—તો આ શંકાનું સમાધાન એ છે કે ધર્મવાદના અધિકારીમાં પોતાના દર્શનનો અત્યંત અનુરાગ અને પરદર્શનનો અત્યંત દ્વેષ ન હોવા રૂપ મધ્યસ્થભાવ અર્થાત્ હેતુમાધ્યસ્થ્ય અથવા તટસ્થતા = નિષ્પક્ષપાતતારૂપ સ્વરૂપ માધ્યસ્થ્ય અપેક્ષિત છે જ્યારે પ્રસ્તુત ગ્રંથમાં તો જેનું બીજું નામ સામ્ય છે એવી સમતારૂપી અનુબંધ મધ્યસ્થતા ધર્મવાદના ફળ રૂપે જણાવી છે. માટે ઉપરોક્ત બે વક્તવ્ય

न विरोधः । एतादृशधर्मवादादेव जये पराजये वा नियमेन लाभः । तदुक्तं **अष्टकप्रकरणे** —> विजयेऽस्य फलं धर्मप्रतिपत्त्याद्यनिन्दितम् । आत्मनो मोहनाशश्च नियमात्तत्पराजयात् ॥ <— (१२/७) इति ।

**अन्यत्** = अमध्यस्थकृतं धर्मवादभिन्नं वादात्मकं वस्तु **बालिशवल्गनं** = मूर्खकृतविवदनं शुष्कवादविवादान्यतरलक्षणम् । तल्लक्षणं तु —> अत्यन्तमानिना सार्धं क्रूरचितेन च दृढम् । धर्मद्विष्टेन मूढेन शुष्कवादस्तपस्विनः ॥ लब्धिख्यात्यर्थिना तु स्याद् दुःस्थितेनाऽमहात्मना । छलजातिप्रधानो यः स विवाद इति स्मृतः ॥ <— (१२/२-४) इत्येवं **अष्टकप्रकरणे** दर्शितम् । ततश्च विपुलश्रेयोनिमित्तधर्मवादमूलतया मध्यस्थतैवाऽऽदरणीयेति निष्कर्षः ॥१/७१॥

साम्प्रतं माध्यस्थ्यगर्भाध्यात्मव्यतिरेकस्य तुच्छत्वमाह —> 'पुत्रे'ति ।

**पुत्रदारादि संसारो, धनिनां मूढचेतसाम् ।**
**पण्डितानां तु संसारः, शास्त्रमध्यात्मवर्जितम् ॥७२॥**

**धनिनां मूढचेतसां** = तत्त्वज्ञानरहितधियां **पुत्रदारादि संसारः**, भवभ्रमणहेतुत्वात् । **पण्डितानां** = पण्डितंमन्यानां **अध्यात्मवर्जितं** = माध्यस्थ्य-शुद्धयोगाभ्यासादिलभ्याध्यात्मशून्यहृदयाभ्यस्तं **शास्त्रं तु** = शास्त्रमेव **संसारः**, भवभ्रमणहेतुत्वात् । तदुक्तं **योगविन्दौ** —> पुत्रदारादिसंसारः पुंसां सम्मूढचेतसाम् ।

વચ્ચે વિરોધ નથી. ઉપર જણાવેલા ધર્મવાદથી પોતાનો જય થાય કે પરાજય થાય તો પણ નિયમા લાભ થાય છે. અષ્ટકપ્રકરણમાં જણાવેલ છે કે —> ધર્મવાદમાં વાદીનો જય થાય તો ધર્મવાદનું ફળ છે પ્રતિવાદીને અનિંદિત ધર્મનો સ્વીકાર વગેરે. તથા પ્રતિવાદીથી પોતાનો પરાજય થાય તો નિયમા પોતાના અજ્ઞાનનો નાશ થવો તે ધર્મવાદનું ફળ છે.<—

अन्यत् ० । અમધ્યસ્થ વ્યક્તિ દ્વારા ધર્મવાદ સિવાયનો વાદ થાય તો તે મૂર્ખાઓએ કરેલ પ્રલાપ જેવું શુષ્કવાદ કે વિવાદરૂપ છે. શુષ્કવાદ વગેરેનું લક્ષણ અષ્ટકપ્રકરણમાં આ મુજબ છે —> અત્યંત અભિમાની, અત્યંત ક્રૂર ચિત્તવાળા, ધર્મના દ્વેષી એવા મૂઢ પ્રતિવાદીની સાથે જો મહાત્મા વાદ કરે તો તે શુષ્કવાદ થાય. તથા લબ્ધિ, ખ્યાતિ વગેરેની ઈચ્છાવાળા, દુરાચારી, ક્ષુદ્રચિત્તવાળા પ્રતિવાદીની સાથે છળકપટ અને જાતિને = દૂષણાભાસને પ્રધાન કરીને જે વાદ થાય તે વિવાદ કહેવાય છે. <— માટે વિપુલ કલ્યાણનું નિમિત્ત બનનાર એવા ધર્મવાદનું મૂળ કારણ હોવાથી તેવી મધ્યસ્થતાનો જ આદર કરવો જોઈએ. આ નિષ્કર્ષ છે. (૧/૭૧)

હવે મધ્યસ્થતાથી ગર્ભિત અધ્યાત્મના અભાવનું ફળ જણાવતા ગ્રંથકારશ્રી કહે છે.

**શ્લોકાર્થ** :- મૂઢ ચિત્તવાળા ધનવાનોનો સંસાર પુત્ર-પત્ની વગેરે છે. અધ્યાત્મ વિના શાસ્ત્ર પંડિતોનો સંસાર છે. **(૧/૭૨)**

## ❀ શાસ્ત્ર પણ ક્યારેક સંસાર બને ❀

**ટીકાર્થ** :- તત્ત્વજ્ઞાનથી શૂન્ય ચિત્તવાળા મૂઢ ધનવાનોને પુત્ર, પત્ની વગેરે સંસાર સ્વરૂપ છે, કારણ કે પુત્ર વગેરે ભવભ્રમણનું કારણ છે. માધ્યસ્થ્ય, શુદ્ધ યોગાભ્યાસ વગેરેથી પ્રાપ્ત થનાર અધ્યાત્મથી શૂન્ય એવા હૃદયથી પોતાને પંડિત માનનારાઓને માટે તો અભ્યસ્ત થયેલ શાસ્ત્ર એ જ સંસાર છે, કારણ કે તે ભવભ્રમણનું કારણ છે. યોગબિંદુમાં શ્રીહરિભદ્રસૂરિ મહારાજાએ જણાવેલ છે કે —> મૂઢ ચિત્તવાળા પુરૂષોને માટે પુત્ર, પત્ની વગેરે સંસાર છે અને શુદ્ધ યોગાભ્યાસથી વર્જિત એવા વિદ્વાનોને તો શાસ્ત્રો એ જ સંસાર છે.

विदुषां शास्त्रसंसारः सद्योगरहितात्मनाम् ॥५०९॥ <— इति । एतदनुवादरूपेण **योगसारप्राभृते**ऽपि —> संसारः पुत्रदारादिः पुंसां सम्मूढचेतसाम् । संसारो विदुषां शास्त्रमध्यात्मरहितात्मनाम् ॥ <— (७/४४) इत्युक्तम्। **अध्यात्मसारे**ऽपि —> धनिनां पुत्रदारादि यथा संसारवृद्धये । तथा पाण्डित्यदृप्तानां, शास्त्र-मध्यात्मवर्जितम् ॥ <— (१/२३) इत्युक्तम् । ततश्च माध्यस्थ्यादिपरतया भाव्यमित्युपदेशः ॥१/७२॥

एकेनैव श्लोकेनान्वय-व्यतिरेकाभ्यां माध्यस्थ्यमहत्त्वमुपदर्शयति —> **'माध्यस्थ्ये'**ति ।

**माध्यस्थ्यसहितं ह्येकपदज्ञानमपि प्रमा ।**
**शास्त्रकोटिर्वृथैवान्या तथा चोक्तं महात्मना ॥७३॥**

**माध्यस्थ्यसहितं** = हेतु-स्वरूपानुबन्धतो मध्यस्थभावेन युक्तं मोक्षभावनागर्भितं **हि एकपदज्ञानमपि प्रमा** = परमपदप्रकाशकं फलौपयिकप्रवृत्त्युपधायकं वा । **अन्या** = माध्यस्थ्यसंपर्कशून्या कीर्त्याद्यभिप्राये-णाभ्यस्यमाना **शास्त्रकोटिः वृथैव** = मोघैव । यदुक्तं **हृदयप्रदीपषट्त्रिंशिकायां** —> श्लोको वरं परमतत्त्व-पथप्रकाशी, न ग्रन्थकोटिपठनं जनरञ्जनाय । सञ्जीवनीति वरमौषधमेकमेव, व्यर्थः श्रमप्रजननो न तु मूल-भारः ॥३२॥ <— इति । **ज्ञानसारे**ऽपि —> निर्वाणपदमप्येकं भाव्यते यन्मुहुर्मुहुः । तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥ <—(५/२) इत्युक्तम् । सर्वत्राध्यात्मयुक्तत्वमेव शास्त्रसदनुष्ठानादिसाफल्यसम्पा-दकम् । तदुक्तं **अध्यात्मतत्त्वालोके न्यायविजयेन** —> ध्यानञ्च मौनञ्च तपः क्रिया च नाध्यात्म-

---

<— આના અનુવાદરૂપે દિગમ્બરાચાર્ય <u>અમિતગતિ</u>એ પણ <u>યોગસારપ્રાભૃત</u> ગ્રન્થમાં જણાવેલ છે કે - —> સંમૂઢ ચિત્તવાળા પુરૂષોને માટે પુત્ર, પત્ની વગેરે સંસાર છે. અને અધ્યાત્મવર્જિત વિદ્વાનો માટે શાસ્ત્ર એ જ સંસાર છે. <— <u>અધ્યાત્મસાર</u> ગ્રંથમાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ કહેલું છે કે —> જેમ ધનવાનોને પુત્ર, પત્ની વગેરે સંસારની વૃદ્ધિ માટે થાય છે તેમ પાંડિત્યથી છકેલા જીવોને અધ્યાત્મશૂન્ય શાસ્ત્ર સંસારની વૃદ્ધિ માટે થાય છે. <— તેથી માધ્યસ્થ્ય વગેરેમાં તત્પર રહેવું એવો ઉપદેશ સૂચિત થાય છે. <u>**(૧/૭૨)**</u>

એક જ શ્લોક દ્વારા અન્વય-વ્યતિરેકથી ગ્રંથકારશ્રી માધ્યસ્થ્યનું મહત્ત્વ દર્શાવે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- માધ્યસ્થ્યથી યુક્ત એક પણ પદનું જ્ઞાન પ્રમા છે. બાકી બીજા કરોડો શાસ્ત્રો વૃથા છે. મહાત્માએ પણ આ રીતે જ કહ્યું છે કે - <u>**(૧/૭૩)**</u>

## ❀ મધ્યસ્થતા વિના કરોડો શાસ્ત્રો નકામા ❀

<u>**ટીકાર્થ**</u> :- હેતુ, સ્વરૂપ અને અનુબંધથી મધ્યસ્થતાયુક્ત તથા મોક્ષભાવનાથી ગર્ભિત એવું એક પણ પદનું જ્ઞાન પ્રમા છે. અર્થાત્ પરમ પદનું પ્રકાશક છે અથવા ફળમાં ઉપાયભૂત એવી પ્રવૃત્તિને અવશ્ય ઉત્પન્ન કરનાર છે. માધ્યસ્થ્ય ભાવનાના સંપર્કથી શૂન્ય તથા કીર્તિ વગેરેના અભિપ્રાયથી અભ્યાસ કરાઈ રહેલ કરોડો શાસ્ત્રો નકામા જ છે. <u>હૃદયપ્રદીપષટ્ત્રિંશિકા</u> ગ્રંથમાં <u>ચિરંતનાચાર્યએ</u> જણાવેલ છે કે —> પરમ તત્ત્વના માર્ગનો પ્રકાશ કરનાર એક શ્લોક શ્રેષ્ઠ છે, પરંતુ લોકોને ખુશ કરવા માટે કરોડો ગ્રંથ પણ ભણવા એ સારૂં નથી. સંજીવની નામનું એક જ ઔષધ શ્રેષ્ઠ છે. હજારો વનસ્પતિઓના મૂળિયાઓનો ભાર વ્યર્થ = નકામો છે. કેમ કે તે કેવળ શ્રમને ઉત્પન્ન કરનારો છે. <— <u>જ્ઞાનસાર</u> પ્રકરણમાં જણાવેલ છે કે —> જેનાથી એક પણ 'મોક્ષ' પદ (સામાયિકાદિ અનુષ્ઠાન) વારંવાર ભાવિત (ભાવનાજ્ઞાનનો વિષય) થાય તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. તેના સિવાયના ઘણા જ્ઞાનનો આગ્રહ નથી. —> સર્વત્ર અધ્યાત્મયુક્ત જ શાસ્ત્ર, સદનુષ્ઠાન વગેરે સફળતાને

मार्गाभिमुखीभवेच्चेत् । न तर्हि कल्याणनिबन्धनं स्यात् युक्ता हि लक्ष्याभिमुखी प्रवृत्तिः ॥४॥ <— इति। अत्रैव परदर्शनिसंवादं ग्रन्थकृद् दर्शयति - **तथा च** = तेनैव प्रकारेण **उक्तं महात्मना** = महर्षिणा **पतञ्जलिना** ॥१/७३॥

एतदेव दर्शयति —> **'वादानि'**ति ।

**वादांश्च प्रतिवादांश्च, वदन्तो निश्चितांस्तथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति, तिलपीलकवद्गतौ ॥७४॥**

—> **वादांश्च** = पूर्वपक्षान् **प्रतिवादांश्च** परोपन्यस्तपक्षप्रतिवचनरूपान् 'चौ' समुच्चये **वदन्तः** = ब्रुवाणाः **निश्चितान्** असिद्धानैकान्तिकादिहेतुदोषपरिहारेण **'तथा'** = तेन प्रकारेण तत्तच्छास्त्रप्रसिद्धेन सर्वेऽपि दर्शनिनो मुमुक्षवोऽपि । किमित्याह **तत्त्वान्तं** = आत्मादितत्त्वप्रसिद्धिरूपं **नैव गच्छन्ति** = नैव प्रतिपद्यन्ते, **तिलपीलकवत्** = निरुद्धाक्षसंचारतिलयन्त्रवाहननियुक्तैकगोमहिषादिवत् **गतौ** वहनरूपायां सत्यामिति । यथाऽसौ तिलपीलको गवादिर्निरुद्धाक्षतया नित्यं भ्राम्यन्नपि न तत्परिमाणमवबुध्यते । एवमेतेऽपि वादिनः स्वपक्षाभिनिवेशान्धा विचित्रं वदन्तोऽपि नोच्यमानतत्त्वं प्रतिपद्यन्ते <— इति **योगबिन्दुवृत्तिकारः**। **योगसारप्राभृते**ऽपि —> वादानां प्रतिवादानां भाषितारो विनिश्चितम् । नैव गच्छन्ति तत्त्वान्तं गतेरिव

---

પામે છે. અર્થાત્ તે દરેકને અધ્યાત્મ જ સફળ બનાવે છે. <u>અધ્યાત્મતત્ત્વાલોક</u> ગ્રંથમાં <u>ન્યાયવિજયજી</u>એ જણાવેલ છે કે —> ધ્યાન, મૌન, તપ અને ક્રિયા જો અધ્યાત્મમાર્ગને અભિમુખ ન બને તો તે કલ્યાણનું કારણ ન બને. ખરેખર, લક્ષ્યને અભિમુખ પ્રવૃત્તિ જ ઉચિત કહેવાય. <— પ્રસ્તુત વાતમાં પરદર્શનીના સંવાદને ગ્રંથકારશ્રી જણાવે છે કે - હમણાં અમે કહી ગયા તે જ પ્રકારે મહાત્મા <u>પતંજલિ</u>એ કહ્યું છે. <u>(૧/૭૩)</u>

મહર્ષિ પતંજલિના વચનને ગ્રંથકારશ્રી જણાવે છે.

<u>શ્લોકાર્થ</u> :- વાદ અને પ્રતિવાદને તે પ્રકારે નિશ્ચિત રૂપે બોલતા (સર્વદર્શનીઓ) તલને પીલી રહેલા ઘાંચીના બળદની જેમ તત્ત્વના અંતને પામતા નથી. <u>(૧/૭૪)</u>

### વાદ-પ્રતિવાદ બીનજરૂરી

<u>ટીકાર્થ</u> :- પૂર્વપક્ષ રૂપ વાદને અને વાદીએ ઉપન્યસ્ત કરેલ પક્ષનું નિરાકરણ કરનાર વચન સ્વરૂપ પ્રતિવાદને તે તે શાસ્ત્રમાં પ્રસિદ્ધ રીતે હેતુમાં રહેલ અસિદ્ધ, અનૈકાન્તિક વગેરે દોષોના પરિહારપૂર્વક બોલનારા સર્વે દર્શનીઓ મુમુક્ષુ હોવા છતાં પણ આત્મા વગેરે તત્ત્વોની પ્રસિદ્ધિને = નિર્ણયને પામતા નથી. મૂળ ગાથામાં રહેલ બન્ને 'ચ' શબ્દ સમુચ્ચય = સંગ્રહ માટે છે. આનું દૃષ્ટાન્ત એ છે કે ઘાંચીના બળદને, બન્ને આંખો બંધ કરીને, તલની ઘાણીમાં જોડવામાં આવે છે તથા સવારથી સાંજ સુધી તેને સતત ચાલતો રાખવામાં આવે છે. પરંતુ બળદની બન્ને આંખો બંધ કરવામાં આવેલ હોવાથી તે સતત ચાલતો હોવા છતાં પણ (ગોળ-ગોળ ફરવાના લીધે તે ત્યાંનો ત્યાં જ હોય છે. તે માને છે કે હું ઘણા કીલોમીટર-ગાઉ દૂર પહોંચી ગયો. પરંતુ વાસ્તવમાં) કેટલું ચાલ્યો તે હકીકતને બળદ જાણી શકતો નથી. બરાબર આ જ રીતે અધ્યાત્મયોગશૂન્ય વાદી-પ્રતિવાદીઓ પણ પોતાના પક્ષમાં અભિનિવેશ રાખવાના કારણે (અર્થાત્ અભિનિવેશ-કદાગ્રહને કેન્દ્રસ્થાનમાં રાખીને જ ગોળ-ગોળ બોલવાના લીધે) વિવિધ પ્રકારે બોલવા છતાં પણ પ્રતિપાદન કરવામાં આવતા તત્ત્વને પામતા નથી. આ પ્રમાણે <u>યોગબિંદુ</u>ની ટીકામાં જણાવેલ છે. <u>યોગસારપ્રાભૃત</u>માં પણ આ જ વાત જણાવી

---

૧. હસ્તલિખિત પ્રતમાં 'अनिश्चितान्' એવો પાઠ મળે છે પરંતુ અમે યોગબિંદુના આધારે પાઠ લીધો છે.

विलम्बिनः ॥ <— (७/३३) इत्युक्तम् । यथास्थितप्रज्ञाविरहे बहुशः तर्कणमपि निरर्थकम् । तथाहि एकदा यामिन्यामेकश्छात्र उत्थितो गगनं गरलश्यामजलदान्तर्द्योतितविद्युत्पुञ्जं दृष्ट्वा शेषौ द्वावपि सतीर्थ्यावाहूयाऽदीदृशत् यथा- 'भो ! पश्यतं स्वर्गे प्रदीपनं लग्नम् । तत एव ज्वालाधूमयोगः' । द्वितीयेनोक्तम् - 'सूर्योऽत्राऽऽस्ते । स च शीतभीतः श्यामवस्त्रकन्थाभिरन्तरितः वारं वारं पश्यति - अद्यापि विभातं किं वा न विभातम् ?' । तृतीयस्त्वाह - 'अहमेवं मन्ये दैत्योत्पातविधुरे देवलोके महेन्द्रोऽग्निकर्मप्रधानं शान्तिकं कारयन् वर्तते' । किमेभिः मुग्धविकल्पैः यथास्थितं तत्त्वमुपलभ्यते ? नैव । ततश्च मध्यस्थतया प्रधानशास्त्रसारः पर्यालोचनीयः प्रतिपत्तव्यो यथाशक्ति पालनीयश्च । तदुक्तं —> अनन्तशास्त्रं बहुला च विद्या स्वल्पश्च कालो बहुविघ्नता च । यत्सारभूतं तदुपादनीयं हंसो यथा क्षीरमिवाम्बुमध्यात् ॥ <— ( ) इति ॥१/७४॥

माध्यस्थ्याऽध्यात्मगर्भितस्वल्पसद्वचनबोधोऽपि पर्याप्त इत्याह —> **'इती'**ति ।

**इति यतिवदनात्पदानि बुद्ध्वा, प्रशमविवेचनसंवराभिधानि ।**
**प्रदलितदुरितः क्षणाच्चिलातितनय इह त्रिदशालयं जगाम ॥७५॥**

**इह** = जैनप्रवचने **यतिवदनात्** = वाचंयमवरेण्यमुखारविन्दात् **प्रशम-विवेचन-संवराभिधानि** =

---

છે. યથાવસ્થિત પ્રજ્ઞા ન હોય તો અનેક વાર તર્ક કરે તો પણ તે નિરર્થક છે. તે આ મુજબ. એક વખત રાત્રીમાં એક વિદ્યાર્થી જાગી ગયો. અને તે વખતે તેણે જોયું તો કાળા ભોરિંગ સાપ જેવા વાદળોની વચ્ચે વિજળીના ચમકારાઓ આકાશમાં થતા હતા. તેણે પોતાના બન્ને સહાધ્યાયીઓને બોલાવીને આકાશ બતાવતાં કહ્યું કે "અરે, જુઓ સ્વર્ગની અંદર આગ લાગી, તેથી જ આકાશમાં અગ્નિના ધૂમાડાઓ દેખાય છે." તે સાંભળીને બીજા વિદ્યાર્થીએ કહ્યું કે "અહીં આકાશમાં તો સૂર્ય રહેલો છે. અને અત્યારે તો તે શિયાળાની ઠંડીથી ભયભીત થયેલો, કાળા વસ્ત્રની ગોદડી ઓઢીને વારંવાર જુએ છે કે અજવાળું થયું કે નહિ?" તે સાંભળીને ત્રીજો વિદ્યાર્થી કહે છે કે "હું એવું માનું છું કે અત્યારે દૈત્યના ઉત્પાતથી આખું દેવલોક આકુળ-વ્યાકુળ થયેલ હોવાથી ઈંદ્ર અગ્નિપ્રધાન શાંતિકર્મ કરાવી રહેલ છે. તેના આ ચમકારા અને ધૂમાડા દેખાય છે." શું આવા મુગ્ધ વિકલ્પો દ્વારા યથાવસ્થિત તત્ત્વ પામી શકાય ? ન જ પામી શકાય. માટે મધ્યસ્થ રહીને પ્રધાન શાસ્ત્રનો નિચોડ વિચારવો જોઈએ, સ્વીકારવો જોઈએ અને આચરવો જોઈએ. કહ્યું છે કે —> શાસ્ત્રો અનંતા છે. અને વિદ્યાઓ પણ ઘણી છે. જીંદગીનો સમય ઘણો ટુંકો છે. અને તેમાંય વળી સારા કામમાં વિઘ્નો ઘણા આવે છે. તેથી તેમાં જે કાંઈ સારભૂત હોય તેને ગ્રહણ કરવું જોઈએ. જેમ કે મિશ્ર થયેલ દૂધ અને પાણીમાંથી પાણીની વચ્ચે રહેલ દૂધને હંસ ગ્રહણ કરે છે. <— (૧/૭૪)

માધ્યસ્થ્ય અને અધ્યાત્મથી ગર્ભિત અલ્પ પણ સદ્‌વચનનો બોધ પર્યાપ્ત છે. આ વાતને જણાવતા ગ્રંથકારશ્રી કહે છે.

**શ્લોકાર્થ** :- જૈનશાસનમાં મુનિના મુખેથી 'ઉપશમ, વિવેક અને સંવર' જાણીને પોતાના પાપને ખપાવી ક્ષણ વારમાં ચિલાતિપુત્ર સ્વર્ગમાં ગયા. (૧/૭૫)

## ❈ જિનશાસનનો સાર - 'ઉપશમ-વિવેક-સંવર' ❈

**ટીકાર્થ** :- જૈનશાસનમાં શ્રેષ્ઠ એવા મુનિના મુખારવિંદથી 'ઉપશમ, વિવેક અને સંવર' આ પ્રમાણે

उपशम-विवेक-संवराख्यानि **इति पदानि बुद्ध्वा** = श्रुत्वा स्वस्य क्रोधाद्यप्रशान्तदशापरिहारायाऽसिं परित्यज्य देहस्त्र्यादिविविक्तं स्वात्मानमुपलभ्याविवेकदशात्यागाय रुधिरव्याप्तं सुसुमामस्तकं भूमौ चिक्षेप देहादिममत्वं च परित्यक्तवान् **चिलातितनयः** । हिंसा-मृषा-चौर्य-परदारागमनाद्याश्रवेभ्यो विरम्याऽक्ष-मनःसंवरपरः स्व-कृतपापनिन्दानिमग्नः स महाव्रतादिधारणपूर्वकः कायोत्सर्गादिनिरतः पिपीलिकाद्युपसर्गं विषह्य **प्रदलितदुरितः** = प्रक्षीणप्रभूतपापः **क्षणात्** = अचिरात् **त्रिदशालयं** = नाकिलोकं **जगाम** । तदुक्तं **आवश्यकनिर्युक्तौ** —> जो तिहि पएहि सम्मं समभिगओ संजमं समारूढो । उवसम-विवेय-संवर चिलायपुत्तं णमंसामि ॥८७२॥ अहिसारिया पाएहिं सोणियगंधेण जस्स कीडीओ । खायंति उत्तमंगं तं दुक्करकारयं वंदे ॥८७३॥ धीरो चिलायपुत्तो मूयइंगलियाहिं चालणिव्व कओ । सो तहवि खज्जमाणो पडिवण्णो उत्तमं अट्ठं ॥८७४॥ अड्ढाइज्जेहिं राइंदिएहिं पत्तं चिलाइपुत्तेणं । देविंदामरभवणं अच्छरगणसंकुलं रम्मं ॥८७५॥ <— इति । **योगशास्त्रे**ऽपि —> तत्कालकृतदुष्कर्मकर्मठस्य दुरात्मनः । गोप्त्रे चिलातिपुत्रस्य योगाय स्पृहयेन्न कः ॥ <— (१/१३) इत्युक्तम् । कथानकश्चा**वश्यकनिर्युक्त्या**दौ स्वसमये सुप्रसिद्धमिति न विस्तरतः तन्यते ॥१/७५॥

ननु स्याद्वादानुविद्धशास्त्रबोधाभावे कथं चिलातिपुत्रदुरितापहार इति मुग्धशङ्कामपाकरोति —> **'न चे'**ति ।

**न चानेकान्तार्थावगमरहितस्यास्य फलितं,**

ત્રણ શબ્દ ચિલાતિપુત્ર નામના એક ડાકુએ સાંભળ્યા. તેના એક હાથમાં પોતાની પ્રેમિકા સુષમાનું કપાયેલું તથા લોહીથી નિતરતું મસ્તક હતું અને બીજા હાથમાં લોહી નિતરતી તલવાર હતી. મુનિના મોઢેથી સાંભળેલ ઉપશમ શબ્દનો વિચાર કરતાં ક્રોધાદિના કારણે અપ્રશાંત બનેલી પોતાની દશાને છોડવા માટે તેણે તેના પ્રતિકરૂપે તલવારને છોડી દીધી, તથા વિવેક પદને વિચારતાં દેહ, સ્ત્રી વગેરેથી ભિન્ન એવા પોતાના આત્માને જાણીને, અવિવેકદશાને છોડવા, લોહીથી ખરડાયેલ સુષમાના મસ્તકને ભૂમિ ઉપર છોડી દીધું અને શરીર વગેરે પરની મમતાને પણ છોડી દીધી, તથા હિંસા, જુઠ, ચોરી, પરસ્ત્રીગમન વગેરે આશ્રવથી અટકીને પોતે કરેલા પાપોની નિંદા કરવામાં તત્પર એવો તે મુનિ બની, મહાવ્રત ધારણ કરી, જંગલી કીડી વગેરેના ઉપસર્ગને સહન કરી ઘણા બધા પાપ ખપાવી અલ્પ સમયમાં દેવલોકમાં ગયો. <u>આવશ્યકનિર્યુક્તિ</u>માં પણ જણાવેલ છે કે —> ઉપશમ, વિવેક અને સંવર - આ ત્રણ પદ દ્વારા જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું અને સંયમમાં આરૂઢ થયા તે ચિલાતિપુત્રને હું નમસ્કાર કરૂં છું. લોહીની ગંધના લીધે પગથી માંડી માથા સુધીનો જેનો ભાગ કીડીઓએ વિંધી નાંખેલ છે તે દુષ્કરકારક ચિલાતિપુત્રને હું નમસ્કાર કરૂં છું. ધીર એવા ચિલાતિપુત્રને કીડીઓએ ચાળણી જેવો કરી નાંખ્યો. કીડીઓથી ખવાતો હોવા છતાં તેણે ઉત્તમ અર્થને = અનશનને સ્વીકાર્યું અઢી દિવસની અંદર તો ચિલાતિપુત્ર અપ્સરાઓથી વ્યાપ્ત અને રમ્ય એવા, ઈન્દ્ર અને દેવતાઓના ભવનમાં પહોંચી ગયા. <— <u>યોગશાસ્ત્ર</u>માં પણ જણાવેલ છે કે —> તે કાળે ખરાબ કર્મો કરવામાં કર્મઠ અને દુષ્ટ એવા ચિલાતિપુત્રની રક્ષા કરનાર યોગની સ્પૃહા કોને ન થાય ? <— ચિલાતિપુત્રનું દૃષ્ટાંત આવશ્યકનિર્યુક્તિ વગેરેમાં સુપ્રસિદ્ધ હોવાથી અહીં વિસ્તારથી જણાવવામાં આવેલ નથી. <u>(૧/૭૫)</u>

અરે ! સ્યાદ્વાદરંગે રંગાયેલ શાસ્ત્રબોધ વગર ચિલાતિપુત્રને પાપનાશ કઈ રીતે થયો ? - એવી મુગ્ધ વ્યક્તિની શંકાને ગ્રંથકારશ્રી ૭૬માં શ્લોકમાં દૂર કરે છે.

<u>**શ્લોકાર્થ**</u> :- "અનેકાન્તના અર્થથી અનભિજ્ઞ એવા ચિલાતિપુત્રને સ્પષ્ટ (=રોકડું) ફળ કેમ મળ્યું?"

**कथं माध्यस्थ्येन स्फुटमिति विधेयं भ्रमपदम् ।**
**समाधेरव्यक्ताद्यदभिदधति व्यक्तसदृशं,**
**फलं योगाचार्या ध्रुवमभिनिवेशे विगलिते ।।७६।।**

**न च अनेकान्तावगमरहितस्य** = स्याद्वादरहस्यानभिज्ञस्य **अस्य** = चिलातिपुत्रस्य **कथं** = केन प्रकारेण **माध्यस्थ्येन स्फुटं** = स्पष्टं **फलितं** = स्वर्गलक्षणं फलमर्पितं **इति भ्रमपदं** = विपर्ययस्थानं **विधेयम्**, यतः तीव्रकामराग-स्नेहराग-दृष्टिरागलक्षणे **अभिनिवेशे विगलिते** = नष्टे सति **अव्यक्तात्** = यथावस्थितश्रुतादिपरिकर्मितधियाऽनुपहितात् **समाधेः** = साम्यपरिणामात् सकाशात् **ध्रुवं** = निश्चितं **व्यक्तसदृशं** = सम्यक्श्रुतादिपरिकर्मितबुद्ध्युपहितसमाधिजन्यफलतुल्यं **फलं** = बलवदनिष्टाननुबन्धीष्टफलं भवतीति **योगाचार्या अभिदधति** । इत्थमेव पञ्चदशशततापसानां श्रीगौतमस्वामिदीक्षितानां कैवल्योत्पत्तिः सङ्गच्छते ।

**केचित्तु** अपरतत्त्वाभ्यासात्परतत्त्वाविर्भाववत् अव्यक्तसमाधेर्व्यक्तसमाधिराविर्भवति । ततश्च तत्फलमिति न

---

આવું તટસ્થપણે ઉદ્ભવતું શંકાસ્થાન વિચારવું નહિ. કારણ કે **યોગાચાર્યો** કહે છે કે અભિનિવેશ = કદાગ્રહ નષ્ટ થયા પછી ચોક્કસ અવ્યક્ત સમાધિથી વ્યક્ત સમાધિ જેવું ફળ પ્રાપ્ત થાય છે. **(૧/૭૬)**

## ❀ અવ્યક્ત સમાધિ પણ વ્યક્ત સમાધિ તુલ્ય ❀

**ટીકાર્થ** :- સ્યાદ્વાદના રહસ્યોથી અનભિજ્ઞ એવા ચિલાતિપુત્રને મધ્યસ્થતાએ કેમ સ્પષ્ટ સ્વર્ગ સ્વરૂપ ફળ આપ્યું? એવી શંકા કે ભ્રમને સ્થાન ન આપવું. કારણ કે તીવ્ર કામરાગ, સ્નેહરાગ, દૃષ્ટિરાગ રૂપી અભિનિવેશ નાશ પામે ત્યારે અવ્યક્ત સમાધિથી અર્થાત્ યથાવસ્થિત શ્રુતાદિથી પરિકર્મિત બુદ્ધિ વિના પ્રાપ્ત થયેલી સામ્ય પરિણતિ થકી નિશ્ચિત રીતે, સમ્યગ્ શ્રુતાદિથી પરિકર્મિત બુદ્ધિથી જન્ય વ્યક્ત સમાધિથી પ્રાપ્ત થનાર ફળના સમાન ઈષ્ટ ફળ પ્રાપ્ત થાય છે કે જે બળવાન અનિષ્ટને લાવતું નથી. આ પ્રમાણે યોગાચાર્યો જણાવે છે. (ચિલાતિપુત્રને જે સ્વર્ગની પ્રાપ્તિ થઈ તે મોક્ષે જવામાં વિલંબરૂપ થવાથી અનિષ્ટ જરૂર કહેવાય, પરંતુ તેને બળવાન અનિષ્ટ ન કહેવાય. કારણ કે સ્વર્ગમાંથી નીકળી, મનુષ્ય જન્મ પામી તે મોક્ષે જવાના છે, દીર્ઘ ભવભ્રમણ કરવાના નથી.) વ્યક્ત સમાધિથી જે ફળ મળે છે તેવું જ ફળ અવ્યક્ત સમાધિ દ્વારા મળે છે એવું હોવાથી જ ગૌતમસ્વામીએ દીક્ષા આપેલ ૧૫૦૦ તાપસોને પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાન સંગત બની શકે છે.

केचित्तु० । અહીં કેટલાક વિદ્વાનોનું મંતવ્ય એવું છે કે —> જો વ્યક્ત સમાધિની જેમ અવ્યક્ત સમાધિ દ્વારા ફળને સ્વીકારવામાં આવે અર્થાત્ વિવક્ષિત ફળ પ્રત્યે વ્યક્ત સમાધિ અને અવ્યક્ત સમાધિ બન્નેને કારણ માનવામાં આવે તો અવ્યક્ત સમાધિથી જે ફળ ઉત્પન્ન થશે તેના પ્રત્યે વ્યક્ત સમાધિની કારણતામાં વ્યતિરેક વ્યભિચાર દોષ આવશે, તથા વ્યક્તસમાધિજન્ય ફળ પ્રત્યે અવ્યક્તસમાધિગત કારણતા પણ વ્યતિરેક વ્યભિચારથી દૂષિત બનશે. વિવક્ષિત કારણ વિના તથાવિધ કાર્ય ઉત્પન્ન થાય તો દાર્શનિક પરિભાષા મુજબ તે વ્યતિરેક વ્યભિચાર દોષ કહેવાય છે. આ દોષના નિરાકરણ માટે વ્યક્તસમાધિજન્ય ફળ અને અવ્યક્તસમાધિજન્ય ફળને વિજાતીય માનવા પડશે અર્થાત્ વ્યક્તસમાધિજન્ય ફળમાં જાતિવિશેષ (A) ની કલ્પના કરવી પડશે, તથા તેનાથી ભિન્ન જાતિવિશેષ (B) નો સ્વીકાર તે ફળમાં કરવો પડશે કે જે અવ્યક્તસમાધિથી ઉત્પન્ન થાય. A વિશિષ્ટ પ્રત્યે વ્યક્તસમાધિ કારણ અને B વિશિષ્ટ પ્રત્યે અવ્યક્તસમાધિ કારણ. આવા બે કાર્યકારણભાવની કલ્પના કરવામાં આવે તો વ્યતિરેક વ્યભિચારને અવકાશ ન રહે. પરંતુ આવું માનવામાં બે જાતિવિશેષની કલ્પના અને

फलद्वयवैजात्यकल्पनं तृणारणिमणिन्यायेनेति वदन्ति । **तन्न** श्रुतादिपरिकर्मविरहेऽव्यक्तसमाधेर्व्यक्तसमाध्यनुत्पादात्, सहकारिसमवहितयोर्व्यक्ताव्यक्तसमाध्योरेकशक्तिमत्त्वेन कारणत्वादिति दिक् ।

सामान्यतोऽनेकान्तरुचेरव्यक्तसमाधिर्भवति, विशेषतोऽनेकान्तरुचेर्व्यक्तसमाधिराविर्भवतीत्यपि **कश्चित्** ।

यत्तु **योगशास्त्रा**ऽऽन्तरश्लोके —> पदार्थं भावयन्नेवं स (चिलातिपुत्रः) रुद्धसकलेन्द्रियः । समाधिमधिगम्याऽभून्मनोमात्रैकचेतनः ॥ <—(१/१३/६९) इति चिलातितनयाधिकारे उक्तं तत्र समाधिपदेनाऽव्यक्तसमाधिरेवाऽवगन्तव्यः ॥१/७६॥

प्रथमाधिकारमुपसंहरति —> 'विशेषादि'ति ।

**विशेषादोघाद्वा सपदि तदनेकान्तसमये,**
**समुन्मीलद्भक्तिर्भवति य इहाध्यात्मविशदः ।**
**भृशं धीरोदात्तप्रियतमगुणोज्जागररुचि-**
**र्यशःश्रीस्तस्याङ्कं त्यजति न कदापि प्रणयिनी ॥७७॥**

---

બે કાર્યકારણભાવની કલ્પનાનું ગૌરવ આવે છે. આનું નિરાકરણ કરવા માટે એવું માનવું ઉચિત છે કે જેમ અપર તત્ત્વના અભ્યાસથી પરતત્ત્વની પ્રાપ્તિ થાય છે, સાલંબન ધ્યાનથી નિરાલંબન ધ્યાનની પ્રાપ્તિ થાય છે તેમ અવ્યક્તસમાધિથી વ્યક્તસમાધિનો આવિર્ભાવ થાય છે, અને વ્યક્તસમાધિ દ્વારા જ વિશિષ્ટ ફળ પ્રાપ્ત થાય છે નહિ કે અવ્યક્ત સમાધિ દ્વારા.

તન્ન૦ । પરંતુ ઉપરોક્ત વાત બરાબર નથી, કારણ કે શ્રુત વગેરેથી બુદ્ધિ પરિકર્મિત ન થયેલી હોય તો અવ્યક્ત સમાધિથી વ્યક્ત સમાધિ ઉત્પન્ન ન થઈ શકે. સમાધિમાં રહેલ વ્યક્તપણું એ શ્રુતપરિકર્મિતપણાને આભારી છે. વળી, વ્યક્ત સમાધિના ફળ જેવું ફળ અવ્યક્ત સમાધિથી પ્રાપ્ત થાય છે તેવું માનવામાં ઉપરોક્ત વ્યતિરેક વ્યભિચારરૂપ દોષને અવકાશ નથી રહેતો. કારણ કે કાળપરિપાક, અનુકૂળ ભવિતવ્યતા વગેરે સહકારી કારણોથી યુક્ત એવી વ્યક્ત સમાધિ અને અવ્યક્તસમાધિ એકશક્તિમત્ત્વરૂપે વિશષ્ટિ ફળનું કારણ છે. તેથી બે વૈજાત્યની કલ્પના કે બે કાર્યકારણ ભાવની કલ્પનાના ગૌરવને અવકાશ નથી રહેતો. આ દિગ્દર્શનના આધારે હજી પણ આગળ વિચારવું. <—

કોઈક વિદ્વાન એવું પણ કહે છે કે "જે વ્યક્તિને અનેકાંતવાદ ઉપર સામાન્ય રીતે રુચિ છે તેને અવ્યક્ત સમાધિ પ્રાપ્ત થાય છે તથા જે વ્યક્તિને અનેકાન્ત ઉપર વિશેષપ્રકારે રુચિ છે તેને વ્યક્ત સમાધિ ઉત્પન્ન થાય છે." યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશના આંતર શ્લોકમાં ચિલાતિપુત્રના અધિકારમાં **હેમચંદ્રસૂરિ** મહારાજાએ જણાવેલ છે કે —> ઉપશમ, વિવેક અને સંવર આ પદાર્થને ઉપરોક્ત રીતે ભાવિત કરતાં કરતાં સર્વ ઈન્દ્રિયોનો નિરોધ કરી, સમાધિ પામીને ચિલાતિપુત્ર જ્ઞાનમાત્રમાં વિશ્રાંત મનવાળા થયા. <— અહીં 'સમાધિ' પદથી અવ્યક્ત સમાધિ જ જાણવી. **(૧/૭૬)**

પ્રથમ અધિકારનો ઉપસંહાર કરતા ગ્રંથકારશ્રી જણાવે છે.

**શ્લોકાર્થ** :- અહીં વિશેષ રૂપે કે સામાન્ય રૂપે અનેકાંત સિદ્ધાંતમાં જેને જલ્દીથી ભક્તિ ઉછળે છે અને જે અધ્યાત્મથી વિશદ (= નિર્મળ) થયેલ છે તેવા સાધકના ખોળાને, યશલક્ષ્મી રૂપી પ્રિયતમા ક્યારેય પણ છોડતી નથી, કારણ કે ધીર અને ઉદાત્ત એવા પોતાના પ્રિયતમના ગુણોમાં યશઃશ્રીને અત્યંત રુચિ જાગૃત થયેલી છે. **(૧/૭૭)**

**तत्** = तस्मात् व्यक्तसमाध्यव्यक्तसमाध्योरेकशक्तिमत्त्वेन फलजनकत्वात् **इह** = स्याद्वादसमये **विशेषात्** = सूक्ष्मस्वरूपमवलम्ब्य, **ओघात्** = सामान्यस्वरूपमाश्रित्य **वा सपदि** = झटिति **अनेकान्तसमये** = स्याद्वादसिद्धान्ते **समुन्मीलद्भक्तिः** व्यक्तसमाधिमान् अव्यक्तसमाधिमान् वा **अध्यात्मविशदः** = प्राग्व्यावर्णितेन नयप्रमाणगर्भितेनाध्यात्मपदार्थेन विशदः **यः** अनिर्दिष्टनामा, **तस्य अङ्कं** = सान्निध्यं **भृशं प्रणयिनी यशःश्री न कदापि** = नैव जातुचित् **त्यजति**; यतः सा **धीरोदात्तप्रियतमगुणोज्जागररुचिः** = धीरत्वोदात्ततोपेतस्य प्रियतमस्य गुणेषु उज्जागरा = उद्दीप्ता रुचिः यस्याः सा तथा । यशःश्रीपदेन स्वनामनिर्देशोऽकारि महोपाध्यायश्रीयशोविजयगणिवरेण ग्रन्थकृता ॥१/७७॥

अभव्याऽचरमावर्तिभव्यादीनां शास्त्रोपलब्धिसम्भवेऽपि शास्त्रयोगाऽसम्भव एव, मोक्षाऽयोजकत्वात् । अपुनर्बन्धक-मार्गानुसार्यादीनां शास्त्रयोगसम्भवेऽपि शास्त्रयोगशुद्धेरसम्भव एव, अभिन्नग्रन्थित्वात् । शास्त्रयोगशुद्धिस्तु निर्मलसम्यग्दर्शनवतामेव । अस्याधिकारस्य सम्यग्दर्शनशुद्धिकारणत्वात् 'शास्त्रयोगशुद्धिः' इत्यभिधानं गुणनिष्पन्नमेवेति ध्येयम् ।

**॥ इति जगद्गुरुबिरुदधारिश्रीहीरविजयसूरीश्वरशिष्य-षट्तर्कविद्याविशारद-**
**महोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्य-शास्त्रज्ञतिलक-**
**पण्डितश्रीलाभविजयगणिशिष्य-मुख्यपण्डितजीतविजयगणि-**
**सतीर्थ्यालङ्कार-पण्डितश्रीनयविजयगणिचरणकजचञ्चरीकेण**
**पण्डितपद्मविजयगणिसहोदरेण न्यायविशारदेन**
**महोपाध्यायश्रीयशोविजयगणिना विरचितेऽध्यात्मोपनिषत्प्रकरणे**
**शास्त्रयोगशुद्धिनामा प्रथमोऽधिकारः ॥१॥**

---

## ❀ અનેકાન્તની સામાન્ય કે વિશેષ રુચિ આવકાર્ય ❀

**ટીકાર્થ** :- સ્યાદ્વાદીના સિદ્ધાન્તમાં અવ્યક્ત સમાધિ અને વ્યક્ત સમાધિ એકશક્તિમત્ત્વરૂપે ફળજનક હોવાથી સૂક્ષ્મ સ્વરૂપને આશ્રયીને કે સામાન્ય સ્વરૂપને આશ્રયીને સ્યાદ્વાદના સિદ્ધાંત ઉપર જેને ભક્તિ ઉછળી રહેલ છે તેવો વ્યક્તસમાધિવાળો કે અવ્યક્તસમાધિવાળો જે કોઈ પણ સાધક પૂર્વે બતાવેલ નય-પ્રમાણગર્ભિત અધ્યાત્મથી નિર્મળ થયેલ છે તેના સાન્નિધ્યને યશલક્ષ્મીરૂપી પ્રિયતમા ક્યારેય પણ છોડતી નથી, કારણ કે ધીરતા અને ઉદારતાવાળા પોતાના પ્રિયતમના ગુણોમાં યશલક્ષ્મીને અત્યંત રૂચિ ઉદ્દીપ્ત થયેલી છે. 'યશઃશ્રી' શબ્દ દ્વારા ગ્રંથકાર મહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિવરે પોતાના નામનો આનુષંગિક રીતે નિર્દેશ પણ કરેલ છે. (૧/૭૭)

આ રીતે શાસ્ત્રયોગશુદ્ધિ નામનો પ્રથમ અધિકાર પૂર્ણ થયો.

અભવ્ય, અચરમાવર્તી ભવ્ય વગેરે જીવોની પાસે શાસ્ત્રની પ્રાપ્તિ સંભવિત હોવા છતાં શાસ્ત્રયોગ અસંભવિત જ છે. કારણ કે અભવ્ય વગેરેને મળેલ શાસ્ત્ર તેને મોક્ષમાં જોડી આપતા નથી. અપુનર્બંધક માર્ગાનુસારી જીવોને શાસ્ત્રયોગ સંભવિત હોવા છતાં પણ શાસ્ત્રયોગશુદ્ધિ અસંભવિત જ છે, કારણ કે હજી તેઓને ગ્રંથિભેદ

इति वर्धमानतपोनिधि-न्यायविशारद-श्रीभुवनभानुसूरीश्वरशिष्यरत्न-पद्ममणितीर्थोद्धारक-श्रीविश्वकल्याणविजयशिष्य-श्रीयशोविजयेन विरचितायां अध्यात्मवैशारद्यां अध्यात्मोपनिषट्टीकायां शास्त्रयोगशुद्धिनामा प्रथमोऽधिकारः ।

---

થયેલ નથી. શાસ્ત્રયોગશુદ્ધિ તો નિર્મળ સમ્યગ્દર્શનવાળાને હોય. સમ્યગ્દર્શનની શુદ્ધિનું કારણ હોવાથી આ અધિકારનું 'શાસ્ત્રયોગશુદ્ધિ' એવું નામ ગુણનિષ્પન્ન જ છે, યાદચ્છિક નથી - આ વાત ધ્યાનમાં રાખવી.

જગદ્‌ગુરૂ બિરૂદને ધારણ કરનાર શ્રીમદ્‌વિજય હીરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય ષડ્દર્શનવિદ્યા-વિશારદ મહોપાધ્યાય શ્રીકલ્યાણવિજયજી ગણિવર હતા. તેમના શિષ્ય, શાસ્ત્રજ્ઞ પુરૂષોમાં તિલકસમાન પંડિતશ્રી લાભવિજયજી ગણિવર હતા તેના શિષ્ય મુખ્ય પંડિત જિતવિજયજી ગણિવર હતા. તેના ગુરૂભાઈઓમાં શ્રેષ્ઠ એવા પંડિત શ્રીનયવિજયજી ગણિવરના ચરણકમલમાં ભ્રમરસમાન તથા પંડિત શ્રીપદ્મવિજયજી ગણિવરના સહોદર એવા ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીયશોવિજયજી ગણિવરે રચેલ અધ્યાત્મોપનિષદ્ પ્રકરણના 'શાસ્ત્રયોગશુદ્ધિ' નામના પ્રથમ અધિકારની ઉપર વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ શ્રીભુવન-ભાનુસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પદ્મમણિતીર્થોદ્ધારક મુનિ શ્રીવિશ્વ-કલ્યાણવિજયજી મહારાજના શિષ્ય મુનિ યશોવિજયે રચેલ અધ્યાત્મવૈશારદી ટીકા તેમ જ તેનો અધ્યાત્મપ્રકાશ નામનો ભાવાનુવાદ સાનંદ સમાપ્ત થયો.

## પ્રથમ અધિકારની વ્યાખ્યા પૂર્ણ થઈ

## ✧ પ્રથમ ખંડ પૂર્ણ ✧